પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી અંતર્ગત
પૂજ્ય કહાન ગુરૂ સ્મૃતી ગ્રંથ પ્રકાશન, પુષ્પ : ૯૪

# નય–રહસ્ય


લેખક

**અભયકુમાર જૈન, દેવલાલી**

એમ. કૉમ., જૈનદર્શનાચાર્ય

સંપાદક

**ડૉ. રાકેશ જૈન, નાગપુર**

અનુવાદક

**હિતેન્દ્ર કુંવરજી વોરા, મુંબઈ**

બી. કૉમ.



પ્રકાશક

**પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**

કહાનનગર, લામ રોડ, દેવલાલી–૪૨૨ ૪૦૧.

**પ્રથમ સંસ્કરણ** : હિન્દી : વર્ષ ૨૦૧૩ – ૩૦૦૦ પ્રત.
પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર.

**દ્વિતીય સંસ્કરણ** : ગુજરાતી : વર્ષ ૨૦૧૫ – ૧૦૦૦ પ્રત.
વિક્રમ સં. ૨૦૭૧ પૂ. કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી.
(દિવાળી, બુધવાર
તા.૧૧-૧૧-૨૦૧૫)

પડતર કિંમત : **રૂા. ૮૫/-**
વેચાણ કિંમત : **રૂા. ૪૦/-**

પ્રાપ્તિ સ્થાન

**પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
કહાનનગર, લામ રોડ, દેવલાલી.
જીલ્લો : નાસિક (મહારાષ્ટ્ર)
ફોન : ૦૨૫૩-૨૪૯૧૦૪૪

**ચૈતન્યધામ**
નેશનલ હાઈવે નં. ૮,
મુ.પો. ધણપ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૭૨૨૨૨

**શ્રી સીમંધર ભગવાન દિગંબર જિન મંદિર**
૧૭૩/૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૩૪૨૫૨૪૧-૨૩૪૪૬૦૯૯

ટાઈપ સેટીંગ :
**અષ્ટવિનાયક આર્ટ, મુંબઈ**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
પ્લોટ નં. ૧૩, કહાન વાડી,
અંકુર સ્કુલ રોડ, સોનગઢ-૩૬૪ ૨૫૦.

# મંગલ આશીર્વાદ

(હિંદી સંસ્કરણમાંથી સાભાર)

ચિંરજીવ અભયકુમાર ન કેવલ મારા પ્રિય વિદ્યાર્થી રહ્યા છે, પરંતુ તેઓ મારા સહયોગી પણ રહ્યા છે. શ્રી ટોડરમલ સ્મારક ભવનમાં ૧૭ વર્ષ સુધી મારી સાથે કાર્યરત રહ્યા. જ્યારે હું પરમભાવપ્રકાશક નયચક્ર લખી રહ્યો હતો, ત્યારે તેઓ સ્મારકમાં જ હતા. હું જેટલું દરરોજ લખતો, તેઓ તેને તે જ દિવસે વાંચી લેતા હતાં.

જ્યારે આ 'પરમભાવપ્રકાશક નયચક્ર' કૃતિનો વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠના પાઠ્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો, ત્યારથી તેઓ શ્રી ટોડરમલ દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને આ નયચક્ર ભણાવવા લાગ્યા. સમાજમાં જ્યાં જતા, લગભગ આના ઉપર જ ક્લાસ લેવા લાગ્યા, પ્રવચન કરવા લાગ્યા. આ રીતે તેઓ પરમભાવપ્રકાશક નયચક્રના વિશેષજ્ઞ વિદ્વાનના રૂપમાં વિશ્રુત થઈ ગયા.

નયચક્રનું અધ્યયન-અધ્યાપન કરતાં સમયે તેઓ જરૂરી મુદ્દાઓ તૈયાર કરતા ગયા.

પ્રસ્તુત નય-રહસ્ય તે જ મુદ્દાઓનું પરિમાર્જિત સુસંપાદિત રૂપ છે.

જે વાચક બંધુઓ ઉપરોક્ત બંને કૃતિઓને એક સાથે રાખીને અધ્યયન કરશે તો તેઓને સહજમાં જ બધું સ્પષ્ટ થઈ જશે.

નયોના સંબંધમાં ન માત્ર આત્માર્થી સમાજમાં, પરંતુ સંપૂર્ણ

જૈન તથા જૈનેત્તર જગતમાં આટલું ઉંડુ અને વ્યાપક અજ્ઞાન છે કે તેને દૂર કરવા માટે જેટલા વધારેમાં વધારે આ રીતના પ્રયત્ન કરવામાં આવે તેટલા ઓછા જ પડશે.

જ્યારથી પરમભાવપ્રકાશક નયચક્રનું વાંચવું-વંચાવવાનું પ્રારંભ થયું, ત્યારથી સમાજમાં જે જાગૃતિ આવી, તેમાં પંડિત અભયકુમારજી શાસ્ત્રીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. હું તેઓના ઉજ્જવળ ભવિષ્યની મંગળ ભાવના ભાવું છું.

હમણાં વર્તમાનમાં શ્રી ટોડરમલજી દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયમાં પરમભાવપ્રકાશક નયચક્ર શ્રી સંજીવકુમાર જૈન ગોધા ભણાવે છે. તેઓ પણ આ વિષયમાં પરિપક્વ થઈ ગયા છે. તેઓએ પણ આ વિષયને આત્મસાત્ કરી લીધો છે.

મારી ભાવના છે કે આવા અનેક વિદ્વાન તૈયાર થાય અને તેઓ પોતાની વાણીથી, લેખનકાર્યથી આ વિષયને જન-જન સુધી પહોંચાડવામાં પોતાનું જીવન સમર્પિત કરે, મહત્ત્વપૂર્ણ યોગદાન આપે.

જિનાગમ અગાધ છે, તેમાં પ્રવેશ (કરવો) સહેલો નથી. તેમાં પ્રવેશ કરવાવાળા આત્માર્થી જન ભટકે નહીં, પરંતુ તેનો સાચો મર્મ સમજે, ત્યારે તેમનું તથા સમાજનું કલ્યાણ શક્ય છે.

જિનાગમમાં પ્રવેશનું મહાન કાર્ય નયોના પ્રયોગથી શક્ય છે, તેથી નયોના વિશેષજ્ઞોની ઉંડી ઉપયોગિતા છે, અત્યંત જરૂરીયાત છે, કારણ કે જિનાગમ અને જૈનદર્શનની સાચી સમજ નયોના સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ પ્રયોગ ઉપર નિર્ભર છે.

- ડૉ. હુકમચંદ ભારિલ્લ, જયપુર.

# પ્રકાશકીય...

જિનાગમનો મર્મ સમજવા માટે અનિવાર્ય વિષય 'નય' ઉપર વ્યાપક અને ગહન વિવેચના કરનાર, પાંચ વર્ષ સુધી પંડિત ટોડરમલ મહાવિદ્યાલયમાં રહી અભ્યાસ કરનાર પંડિત શ્રી અભયકુમારજી શાસ્ત્રીએ શ્રી હુકમચંદજી ભારિલ્લના 'પરમભાવપ્રકાશક નયચક્ર' નો ઉંડો અભ્યાસ કરેલ છે. તેઓ શિક્ષણ-પ્રશિક્ષણ શિબિરોમાં આ જ વિષય ઉપર શ્રોતાઓને અભ્યાસ કરાવતા. આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ કૃતિ છે,જેમાં પ્રચુર આગમ-પ્રમાણ સાથે નયોનું સાંગોપાંગ વિવેચન કરવામાં આવ્યું છે.

નયચક્ર સરળતાથી સમજી શકાય એ જ હેતુથી ડૉ.ભારિલ્લજીના પરમભાવ પ્રકાશક નયચક્રની સરળ સમજ આપવાનો પં.શ્રી અભયકુમારજીનો આ પ્રયાસ પ્રશંસનીય છે.

ભાવી ગુજરાતી મુમુક્ષુ સમાજને શાસ્ત્રના ગૂઢ રહસ્યો સમજવામાં ઉપયોગી થાય અને અધિક્તમ લાભ લઈ શકે એ હેતુથી પૂજ્યશ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ આ ગુજરાતી અનુવાદિત કૃતિ પ્રકાશિત કરતાં આનંદ અનુભવે છે.

આ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ કરવા માટે અમો શ્રી હિતેન્દ્રભાઈ વોરા, મીરારોડ (થાણા) નો તેમજ મુદ્રણ કામ માટે સ્મૃતિ ઓફસેટ, સોનગઢ પ્રુફ સંશોધન માટે શ્રી ભરતભાઈ શાહ, ઘાટકોપર (મુંબઈ), ટાઈપસેટિંગ માટે શ્રી સંજયભાઈ ઠક્કર

(ડોંબિવલી) સર્વેનો આભાર માનીએ છીએ.

અત્રે પૂ. ગુરૂદેવશ્રીના સી.ડી. પ્રવચનોની સાથે સ્થાયી નિવાસી લેખકશ્રી અભયકુમારજી તેમ જ બ્ર. હેમચંદજી ''હેમ'' ના પ્રવચન-પ્રસાદનો લાભ હંમેશા મુમુક્ષુઓને મળતો જ રહ્યો છે. તે બદ્દલ સંસ્થા તેઓની ખૂબ આભારી છે. અત્રે દર વર્ષે એપ્રિલ માસમાં બાળ-શિક્ષણ શિબિરનું આયોજન થાય છે. તેમ જ દસ લક્ષણ, ત્રણે અષ્ટાનિકા, દિપાવલી આદિ મહાપર્વ તથા પૂ. ગુરૂદેવશ્રીની જન્મજયંતિ ઘણા ઉત્સાહપૂર્વક મનાવવામાં આવે છે. બહારગામથી પણ ઘણા વિદ્ધાનો પધારે છે, જેનો સેંકડો મુમુક્ષુઓ લાભ લે છે.

જૈનધર્મનું રહસ્ય સમજવા માટે અમારૂં ટ્રસ્ટ હંમેશા અગ્ર રહ્યું છે. ખાસ તો આવા ગહન વિષયને સામાન્યજન પણ સમજી શકે એ હેતુએ પ્રકાશન કરવામાં આવેલ છે. સૌ કોઈ જિનેન્દ્ર દેવની વાણી જે આવા શાસ્ત્રોમાં સમાયેલી છે, તેનો અભ્યાસ કરી પૂર્ણતા પ્રાપ્ત કરે એવી ભાવના સાથે...

**- પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,**

કહાન નગર, દેવલાલી

# અનુવાદક ઉદ્‌બોધન....✍

આદરણીય બ્ર. યશપાલજી તથા બ્ર. સુમતપ્રકાશજીની પ્રેરણાથી મારા દ્વારા થયેલ અનુક્રમે ''ગુણસ્થાન વિવિચેન'' તથા ''જ્ઞાનાનંદ શ્રાવકાચાર'' ના ગુજરાતી ભાષાંતરથી પ્રેરિત થઈ તત્વજ્ઞ પંડિતશ્રી અભયકુમારજીએ પોતાની રચના ''નય-રહસ્ય'' ના અનુવાદન માટે મારા ઉપર પસંદગીનો કળશ ઢોળ્યો છે, આ સમાચાર બ્ર. વાસંતીબેનના શ્રીમુખે સુણી મારા રોમેરોમ પુલકીત થઈ નાચી ઉઠ્યા...! ફરી એકવાર શાસન પ્રભાવનાના અણમોલ શ્રુતજ્ઞાન દાનના સત્કાર્યમાં સહયોગી થવા બદલ મારી જાતને સૌભાગ્યશાળી માનુ છું.

ગૂઢ-ગહન-ગંભીર લાગતા નય-રહસ્યના વિષયને ગુજરાતી સ્વાધ્યાયપ્રેમી મુમુક્ષુઓ પોતાની માતૃભાષામાં સહજ-સરળતાથી વાંચી-સમજી શકે એ ઉદ્દેશથી પંડિતશ્રી અભયકુમારજીને ભાષાંતરનો સહજ વિકલ્પ સ્ફૂર્યો અને તેના ફળશ્રુતિરૂપે પ્રસ્તુત છે આપના કરકમળમાં ''નય-રહસ્ય'' ની ગુજરાતી કૃતિ...!!!

પ્રથમ જ વખત આ ''નય-રહસ્ય'' પુસ્તક મારા હાથમાં આવ્યું અને વાંચ્યું ત્યારે ખાસ સમજ ન પડી, પરંતુ જેમ જેમ ભાષાંતરના કાર્ય થકી સ્વાધ્યાય થતો ગયો, તેમ તેમ ગ્રંથોના ગૂઢ રહસ્યો કેવી રીતે ઉકેલવા તે કંઈક અંશે સમજાવા લાગ્યું. જિનવાણીની ગંભીરતા, નિશ્ચય-વ્યવહાર તથા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયનો તફાવત, ૪૭ નયોની યથાર્થતા, સપ્તભંગી...આ બધાં જ વિષયો સૂર્યોદય સમયે ખીલતી પુષ્પ-પાંખડીઓની જેમ પ્રત્યક્ષ થવા લાગ્યા અને અજ્ઞાન-તિમિરને હરવા લાગ્યા.

પૂ. ગુરૂદેવશ્રીના સમયે ''નિશ્ચય-વ્યવહાર'' ની ચાલતી ગૂંચને ઉકેલવાના પ્રયાસરૂપે ડૉ. હુકમચંદ ભારિલ્લ દ્વારા લખાયેલ અદ્‌ભૂત કૃતિ ''પરમભાવ પ્રકાશક નયચક્ર'' ના આધારે રચાયેલ તેમ જ

તેના રહસ્યોને સરળ-સહજ-સુગમ રીતે સમજવાની માર્ગદર્શિકારૂપ આ ''નય-રહસ્ય'' રચના ખરેખર શાસ્ત્રોને યોગ્ય રીતે વાંચવા-સમજવા તથા અનુભવવાની મુમુક્ષુઓને પ્રેરણા પ્રદાન કરે છે. જ્ઞાનપિપાસુઓ આનો ભરપુર લાભ લેશે તો લેખકના મનોરથને સાચો ન્યાય આપ્યો ગણાશે.

સ્વાધ્યાય કર્તાઓને ખ્યાલ રહે કે પુસ્તકમાં લેખકે ધ્યાનાકર્ષક વાતોને ઈટાલીક ટાઈપના અક્ષરોમાં તથા ગ્રંથ અને જ્ઞાનીઓના મહત્ત્વના સંદર્ભિત કથનો મોટા અક્ષરોમાં (Bold) રાખી તે તરફ વિશેષ લક્ષ આપવા પ્રેરિત કરેલ છે.

વિશેષમાં...આ કૃતિના ભાષાંતરની ત્રુટિઓને સુધારવા માટે સુજ્ઞશ્રી ભરતભાઈ શાહ, ઘાટકોપર, ટાઈપ સેટિંગ માટે અષ્ટવિનાયક આર્ટસ, ડોંબિવલી, સુંદર પ્રિંટીંગ કાર્ય માટે સ્મૃતિ ઓફસેટ, સોનગઢ તેમ જ પ્રકાશીત કરવા માટે વિશેષરૂપથી પૂજ્યશ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટનો હું ખૂબ-ખૂબ ઋણી છું. આ સિવાય અનુવાદની શરૂઆતથી આપ સુધી આ પુષ્પને પહોંચાડવાની યાત્રામાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે માર્ગદર્શક અને સહભાગી થનાર સર્વે શુદ્ધાત્માઓનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

અનુવાદન, ટાઈપસેટીંગ, પ્રુફરીડીંગ, પ્રીંટીંગ આદિ અથથી ઈતિ સુધીના આ કાર્યમાં કોઈપણ ક્ષતિ શરતચૂકથી રહી ગઈ હોય તો ક્ષમ્ય કરી, ધ્યાન દોરવા નમ્ર નિવેદન. તેમ જ તે ક્ષતિ તરફ દુર્લક્ષ કરી ધ્યેયને સાધ્ય કરવા ધ્યાતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી આત્મ-કલ્યાણના માર્ગે પ્રમાદ ત્યજી પુરૂષાર્થ કરવા પ્રગતિ કરો એ જ પ્રમોદમયી પ્રાર્થના...!

**લિ. દાસ હિતેનના શુદ્ધાત્મ વંદન!!!**

વિક્રમ સં. ૨૦૭૧
દિપાવલી, આસો વદ ૩૦,
તા. ૧૧-૧૧-૨૦૧૫, બુધવાર
મહાવીર સ્વામી મોક્ષ કલ્યાણક દિન

# સંપાદકીય

(હિંદી સંસ્કરણમાંથી સાભાર)

જૈન જગતના દૈદીપ્યમાન ક્ષિતિજ ઉપર આજથી લગભગ ૧૨૩ વર્ષ પૂર્વે એક સૂર્ય ઉગ્યો, પરંતુ તેના પર જન્મથી જ જૈનાભાસનું ગ્રહણ લાગી ગયું. પોતાના જીવનનો લગભગ અર્ધો ભાગ અર્થાત્ ૪૫ વર્ષની ઉંમરમાં તેઓ પરથી તે ગ્રહણ દૂર થયું અને તેઓ દિગંબર જૈનધર્મની આકાશ-ગંગામાં એક ઉજ્જવળ નક્ષત્રની જેમ ચમકવા લાગ્યા. થોડા સમયમાં જ તેઓએ સંપૂર્ણ દિગંબર જૈન સમાજને પોતાના પ્રભાવ માં લઈ લીધો. ચારે બાજુ માત્ર તેમની જ ચર્ચા થવા લાગી. જ્યાં તેઓના સમર્થનની ચર્ચા ચાલી તો ત્યાં તેઓ સર્વોપરી થઈ ગયા અને જ્યાં તેઓના વિરોધમાં લહેરો ઉઠી તો ત્યાં પણ એકમાત્ર તેઓને જ પોતાનું કેન્દ્ર બનાવવામાં આવ્યું. એ મહા વ્યક્તિત્વનું નામ છે - **આધ્યાત્મિક સત્પુરૂષ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજી સ્વામી.** તેઓએ પોતાની તેજસ્વી વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક વ્યાખ્યાનો દ્વારા સંપૂર્ણ જૈન જગતને અધ્યાત્મમય કરી દીધું, અધ્યાત્મની જાણે ક્રાંતિનો સૂત્રપાત થયો.

સોનગઢ સૌરાષ્ટ્રમાં સંચાલિત આધ્યાત્મિક શિક્ષણ શિબિરોનો એક મુખ્ય વિષય મોક્ષમાર્ગ પ્રકાશકના ઉભયાભાસી પ્રકરણ પર આધારિત 'નિશ્ચય-વ્યવહારનય' રહેતો હતો, જેના માધ્યમથી નયોના સ્વરૂપના સંબંધમાં વિસ્તૃત મીમાંસા થતી હતી. સાથે જ સમયસાર આદિ આધ્યાત્મિક ગ્રંથો પર થવાવાળા પૂજ્ય ગુરૂદેવશ્રીના પ્રવચનોમાં પણ આ નયોની વિસ્તૃત ચર્ચા થતી હતી.

**પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજી સ્વામી** પછી તેમની શિષ્ય પરંપરામાં **ડૉ. હુકમચંદજી ભારિલ્લે પરમભાવપ્રકાશક નયચક્ર**ની રચના કરીને

આ વિષયને અત્યંત વ્યવસ્થિત કરી દીધો.

આની સાથે જ એક વિશેષ વાત તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવા ઈચ્છું છું કે જ્યારે ડૉ. ભારિલ્લ આ ગ્રંથની રચના કરી રહ્યા હતા, તે સમયમાં હું પણ જયપુરમાં જ રહીને, **શ્રી ટોડરમલ દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય**માં શાસ્ત્રી-આચાર્યની કક્ષાઓમાં અધ્યયન તથા **વીતરાગ વિજ્ઞાન** માસિક પત્રિકા તથા **શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ**ના જયપુરમાં સંચાલિત **સત્સાહિત્ય પ્રકાશન વિભાગ**નું કાર્ય પણ જોઈ રહ્યો હતો, ત્યારે ડૉ. સાહેબથી પણ મારો ઘણો ઘનિષ્ઠ સંપર્ક રહેતો હતો. હું રાત-દિવસ તેમના સંપર્કમાં જ રહેતો હતો. તેઓ પ્રતિદિન જે કાંઈ પણ લખતા હતાં તો મને વાંચવા માટે બોલાવતા હતાં. ઘણી વાર તો રાતના ૧૨-૧૨ વાગ્યા સુધી અમે તેમના દ્વારા લખાયેલ સામગ્રી ઉપર વિચાર કરતાં હતાં.

હું મારી બુદ્ધિ પ્રમાણે, તેમનાથી નયોના વિભિન્ન વિષયો ઉપર ચર્ચા પણ કરતો હતો તથા તેના સંબંધી જે પણ પ્રશ્ન મને થતાં હતાં, તેને તેઓની સામે રાખતો પણ હતો. તેઓ તેનું યથોચિત સમાધાન તત્કાલ પણ કરતાં અને યોગ્ય જણાય તો ગ્રંથમાં પ્રશ્નોત્તરીના રૂપમાં સ્થાન પણ આપતાં. પરંતુ ખેદ છે - મને આ સૌભાગ્ય વર્ષ ૧૯૮૪ સુધી જ પ્રાપ્ત થઈ શક્યું, ત્યારબાદ મને અપરિહાર્ય કારણોવશાત્ નાગપુર આવવું પડ્યું.

શરૂઆતમાં આ કૃતિનું નામ **જિનવરસ્ય નયચક્રમ્** રાખવામાં આવ્યું હતું, પરંતુ તે નામ, સંસ્કૃતનિષ્ઠ હોવાથી તથા આ કૃતિમાં પોતાના **નિજ જ્ઞાયક પરમભાવના પ્રકાશન**ની મુખ્યતા હોવાથી આ ગ્રંથનું નામ **પરમભાવપ્રકાશક નયચક્ર** રાખવામાં આવેલ છે. પૂર્વાચાર્યોએ નયચક્રોના નામ પણ **દ્રવ્યસ્વભાવ-પ્રકાશક નયચક્ર** અથવા **શ્રુતભવનદીપક નયચક્ર**-આ શૈલીમાં રાખવામાં આવેલ હતા, તેથી તે જ પરંપરાનો નિર્વાહ કરવા હેતુ પણ આ કૃતિને આ સાર્થક નામ આપવામાં આવ્યું છે.

જ્યારથી આ કૃતિનું નિર્માણ થયું છે, મને એવું લાગે છે કે આનાથી જૈન સમાજમાં એક અપૂર્વ સામંજસ્ય પણ દ્રષ્ટિગોચર થવા લાગ્યું છે. જે વિષયો ઉપર આપણે પહેલા એકબીજાથી ગુંચવાતા હતાં, તે જ વિષયોને આપણે સ્વીકૃતિની ભાષા પ્રદાન કરવા લાગ્યા છીએ – 'અચ્છા, આ વાત આ અપેક્ષા/નયથી કહેવામાં આવી રહી છે તો ઠીક છે – એવું માનવામાં અમને કોઈ વાંધો નથી.'

જ્યારે ડૉ. સાહેબ લખતા હતાં તો તેમના પ્રવચનોમાં પણ સહજ જ તે બધાં વિષયો આવતા હતાં અને બધાં વિદ્યાર્થીઓની વચ્ચે પણ ચર્ચિત થઈ જતા હતાં, તેથી અમે બધાં તે વિષયોથી તેમના ગુરૂ-મુખેથી જ પરિચિત થઈ જતા હતાં. **પંડિતશ્રી અભયકુમાર શાસ્ત્રી** પણ આ કૃતિથી આના લેખન-કાળથી જ જોડાયેલા છે, તેઓ શરૂઆતથી જ શ્રી ટોડરમલ મહાવિદ્યાલયના જુનીયર વિદ્યાર્થીઓમાં તથા જયપુર અથવા બહારગામ થવાવાળી શિક્ષણ શિબિરો અથવા પ્રશિક્ષણ શિબિરોમાં આ વિષયની કક્ષા પણ લઈ રહ્યા છે. આના કારણે આ વિષય તેમની પ્રજ્ઞામાં સારી રીતે વ્યવસ્થિત થઈ ગયો છે.

આ વિષયનું અધ્યયન/અધ્યાપન કરતાં થકા નયોના સંબંધમાં તેમનું જે પણ ચિંતન વિકસિત થયું, તેને તેઓએ આ કૃતિ-**નય-રહસ્ય**માં સારી રીતે પ્રસ્તુત કર્યું છે. જોકે આમાંનો અધિકાંશ વિષય તો આદરણીય ડૉ. ભારિલ્લે જે પરમ ભાવ પ્રકાશક નયચક્રમાં વિવેચિત કર્યો છે, તેનો જ વિસ્તાર છે. પરંતુ અનેક જગ્યાએ તેઓએ પોતાના મૌલિક ચિંતનની સાથે પણ વિષય પ્રસ્તુત કર્યો છે. તેના જ આધાર પર જો આને **નય-રહસ્ય** કહેવામાં આવી રહ્યું છે તો તે યોગ્ય જ છે.

સંપાદકના રૂપમાં મેં આ કૃતિમાં ખાસ કાંઈ નથી કર્યું, માત્ર મેં તો આ કૃતિનો સારી રીતે સ્વાધ્યાય કર્યો છે. હા, જે સ્થાનો પર મારૂં ધ્યાન આકર્ષિત થયું, તે સ્થાનોને હું મુદ્દા સહિત અહીંયા ઉલ્લેખ અવશ્ય કરવા ઈચ્છું છું. કેટલાક સ્થાનો પર મેં ભાઈસાહેબ શ્રી અભયજીથી ચર્ચા પણ કરી છે. સાથે જ જે કાંઈ વિશેષ ચર્ચા મારે

કરવી  છે, તેને મેં અલગથી પ્રસ્તાવનામાં પણ લખી છે.

તેનું વિસ્તારથી વિવેચન જાણવા માટે આ બંને કૃતિઓનું તુલનાત્મક અધ્યયન કરવું જરૂરી છે. હું **નય-રહસ્ય**માં સમાયેલ કેટલાંક વિશિષ્ટ વિષયોને મુદ્દાસર આપની સમક્ષ પ્રસ્તુત કરી રહ્યો છું -

૧. સ્વાનુભૂતિના સમયે જ્ઞાનમાં નિર્વિકલ્પ નયરૂપ તથા નિર્વિકલ્પ પ્રમાણરૂપ પરિણમન એકસાથે પ્રારંભ થઈ જાય છે.[1]

૨. વક્તા, કોને વિષય બનાવવા ઈચ્છશે, એ ઘણું કરીને શ્રોતાઓ ઉપર નિર્ભર કરે છે. જો શ્રોતાઓમાં પર્યાયપક્ષનું જોર હોય તો તે દ્રવ્યપક્ષને મુખ્ય કરશે. આ જ રીતે જો તેઓમાં ક્રિયાકાંડનો પક્ષ પ્રબળ હોય તો વક્તા ભાવપક્ષની મુખ્યતા કરે છે.[2]

૩. ઘણાંયે લોકો **પૂજ્ય ગુરૂદેવ**શ્રીના પ્રવચનોનું (અથ થી ઈતિ) સાંગોપાંગ ઉંડુ અધ્યયન કર્યા વિના જ તેઓને એકાંતી, સ્વચ્છંદી, નિશ્ચયાભાસી આદિ સમજી લે છે, પરંતુ જો તેમના પ્રવચનોનું નિષ્પક્ષ દ્રષ્ટિથી ઉંડુ અધ્યયન કરીયે તો ન માત્ર આપણો ભ્રમ નીકળી જશે, પરંતુ વસ્તુ-સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી, આપણે મોક્ષમાર્ગની પ્રાપ્તિનો સમ્યક્ પુરૂષાર્થ પણ કરી શકીશું.[3]

૪. જિનાગમના બધાં વ્યવહાર કથનોમાં કોઈને કોઈ પારમાર્થિક ઉદ્દેશ અવશ્ય છૂપાયેલો રહે છે, તેથી **વ્યવહારનય પ્રતિપાદક** છે અને તેનો યથાર્થ ઉદ્દેશ અર્થાત્ **નિશ્ચયનય પ્રતિપાદ્ય** છે.[4]

**૫. વ્યવહારના નિષેધમાં જ તેની સાર્થકતા અને સફળતા છે.** જે રીતે પેકિંગ (આવરણ) પોતાનામાં છૂપાવેલ/રાખેલ વસ્તુને બતાવે છે અને સુરક્ષિત પણ રાખે છે, પરંતુ તે વસ્તુને પામવા માટે પેકિંગને તોડવું જ પડે છે, તે જ રીતે વ્યવહારનયને પરમાર્થ ન માનીને જ પરમાર્થને પામી શકાય છે.[5]

---

૧. નય રહસ્ય, પાનું ૧૪   ૨. તે જ, પાનું ૧૮   ૩. તે જ, પાનું ૪૯
૪. તે જ, પાનું ૫૯   ૫. તે જ, પાનું ૬૩-૬૪

૬. વ્યવહારનયના વિષયની સત્તાનો સ્વીકાર કરવો અથવા તેના માધ્યમથી પરમાર્થભૂત વસ્તુને સમજવી - એ જ **વ્યવહારનયનું ગ્રહણ** છે અને તે જ સમયે વ્યવહારનય સ્વયં પરમાર્થભૂત વસ્તુ નથી - એમ જાણવું **વ્યવહારનયનો ત્યાગ છે.**[1]

૭. સમયસારાદિ નિશ્ચયનય-પ્રધાન અધ્યાત્મ ગ્રંથોના ભણવા-ભણાવવાને નિશ્ચયાભાસ અને ગોમ્મટસારાદિ વ્યવહાર-પ્રધાન ગ્રંથોના ભણવા-ભણાવવાને વ્યવહારાભાસ કહીને, તેમને ભણવા-ભણાવવાનો નિષેધ કરીને **જિનવાણીનો નિષેધ કરવાથી મહાપાપનો બંધ થાય છે.**[2]

૮. સ્વચ્છંદતાનું પોષણ, અભિપ્રાયનો દોષ છે, આચરણનો નહીં, કારણ કે જિનાગમના આધાર પર વિષય-કષાયોને પુષ્ટ કરવાની અર્થાત્ તેને દોષ-રૂપ ન માનીને, યોગ્ય માનવાની વૃત્તિ જ **નિશ્ચયાભાસ** છે.[3]

૯. અનુભૂતિમાં નિશ્ચયનયની મુખ્યતા હોવા છતાં પણ કથનમાં વ્યવહારનયની મુખ્યતા હોય છે, તેથી આપણે **લોક-વ્યવહારમાં નિશ્ચયનયની ભાષાનો પ્રયોગ કરવાથી બચવું જોઈએ.**[4]

૧૦. **પૂજ્ય ગુરૂદેવશ્રી**ની સત્ય-નિષ્ઠા તથા મોક્ષમાર્ગની નિશ્ચલ નિરૂપણાએ લાખો પાત્ર જીવોને મોક્ષમાર્ગ પર ચાલવાનો માર્ગ બતાવ્યો છે; એ જ કારણ છે કે તે યુગપુરૂષ, આપણા બધાંના આદર્શ બની ગયા છે.[5]

૧૧. સંસારી જીવની પર્યાયમાં રાગાદિ તથા મતિજ્ઞાન આદિ **નિશ્ચયનય**થી છે, પરંતુ આત્મા (ત્રિકાળી સ્વભાવ) માં તેને **વ્યવહારનય**થી કહેવામાં આવેલ છે.[6]

૧૨. અનાદિકાળથી આ જીવને ક્યારેય **શુદ્ધનયનો પક્ષ પણ નથી** આવ્યો, શુદ્ધ-નયરૂપ પરિણમનની તો વાત જ દૂર રહી.[7]

---

૧. નયરહસ્ય, પાનું ૬૫ ૨. તે જ, પાનું ૭૬ ૩. તે જ, પાનું ૭૭
૪. તે જ, પાનું ૭૯ ૫. તે જ, પાનું ૮૨ ૬. તે જ, પાનું ૮૯
૭. તે જ, પાનું ૧૧૨

૧૩. શુભરાગથી મોક્ષમાર્ગનો સર્વથા અભાવ છે, કારણ કે તે પરમાર્થથી બંધનું જ કારણ છે, તેથી **તત્ત્વદ્રષ્ટિથી તેને મોક્ષમાર્ગ કહેવો, ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયનું કથન** પણ કહેવામાં આવી શકે છે.[1]

૧૪. **અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય** આત્માને દેહપ્રમાણ બતાવી **તન-મંદિરમાં ચેતનરાજ** સંબોધિત કરે છે.[2]

૧૫. આ તથ્ય વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે **શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના વિષયભૂત શ્રદ્ધેય-જ્ઞેય-ચર્યાથી સંબંધને પણ અસદ્ભૂત-વ્યવહારનયનો વિષય** કહેવામાં આવે છે.[3]

૧૬. અહીંયા એ વિચારણીય છે કે મતિ-શ્રુતજ્ઞાન, પોતાના-વિષયને ઇંદ્રિય-મનની સહાયતાથી જાણે છે, તેથી તેમનો જ્ઞાન-જ્ઞેય સંબંધ, **ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય**નો વિષય કહેવામાં આવી શકે છે તથા અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન, મન-ઇંદ્રિય-પ્રકાશ આદિની સહાયતા વિના પદાર્થોને સીધા જાણે છે, તેથી જ્ઞાન-જ્ઞેય સંબંધ, **અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય**નો વિષય કહેવામાં આવી શકે છે.[4]

૧૭. **પંચાધ્યાયીકાર** પરવસ્તુઓથી આત્માનો સંબંધ સ્થાપિત કરવાને નય માનવાથી મનાઈ કરતા થકા તેને **નયાભાસ** નિરૂપિત કરે છે કારણ કે દેહ અને આત્માના સંયોગના આધારથી તેને એક કહેવાથી દેહમાં એકત્વ-બુદ્ધિરૂપ મિથ્યાત્વ જ પુષ્ટ થાય છે.[5]

૧૮. પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજી સ્વામીએ **કણ-કણની સ્વતંત્રતા** તથા અકર્તા જ્ઞાયક-સ્વભાવનો જયઘોષ કર્યો. જો કે **શુદ્ધનય-પ્રધાન પદ્ધતિ** (શૈલી) હોવા છતાં પણ તેમના પ્રવચનમાં **પ્રમાણની મર્યાદા**નું ક્યાંય પણ ઉલ્લંઘન નથી થયું. જો તેઓને શ્રોતાઓના **વ્યવહારિક જીવનમાં કોઈ શિથિલાચાર** નજર આવતો તો તેઓ તેના ઉપર પણ જોરદાર પ્રહાર કરતાં.[6]

---

૧. નય રહસ્ય, પાનું ૧૭૪   ૨. તે જ, પાનું ૧૭૫   ૩. તે જ, પાનું ૧૮૪
૪. તે જ, પાનું ૧૮૬   ૫. તે જ, પાનું ૧૯૭   ૬. તે જ, પાનું ૨૦૪

૧૯. વાસ્તવમાં જોવા જઈએ તો પર-વસ્તુઓથી આત્માનો સંબંધ બતાવવાવાળા કથન, પારમાર્થિક સત્ય ન હોવાથી નિષેધ્ય જ છે. **ભલે તેને અસદ્‌ભૂત-વ્યવહાર કહીને નિષેધ કરવામાં આવે અથવા નયાભાસ કહીને**, તેનાથી કાંઈ ફરક નથી પડતો. આ સંબંધને અસદ્‌ભૂત કહેવાનો અર્થ એ છે કે તેને વાસ્તવિક ન માનવામાં આવે.[1]

૨૦. **આગમની પ્રતિપાદ્ય સન્માત્ર વસ્તુ છે તો અધ્યાત્મની પ્રતિપાદ્ય ચિન્માત્ર વસ્તુ છે**..... ખરેખર તો કોઈપણ વિષય-વસ્તુને માત્ર જાણવાના સંદર્ભમાં કહેવું, **આગમશૈલી** છે અને તે જ વિષયનો આત્માનુભૂતિ-પોષક અર્થ કાઢવો, **અધ્યાત્મ શૈલી** છે. તેથી **અધ્યાત્મ ગ્રંથોમાં પણ આગમનો સુમેળ તથા આગમ ગ્રંથોમાં અધ્યાત્મની મનોરમ છટા સહજ મળી જાય છે.**[2]

૨૧. પ્રત્યેક પદાર્થના **સ્વચતુષ્ટય**-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં **ભાવનું વિશેષ મહત્ત્વ** છે... **આત્માનુભૂતિ**માં પણ ભાવનું મહત્ત્વ છે... આત્માને પ્રમત્ત-અપ્રમત્તથી રહિત એક જ્ઞાયકભાવરૂપ કહેવામાં આવેલ છે. એ વાત અલગ છે કે તે જ્ઞાયકભાવ, સ્વતઃસિદ્ધ, અનાદિ-અનંત અને અસંખ્ય-પ્રદેશી પણ છે, તેથી તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી સર્વથા ભિન્ન પણ નથી.[3]

૨૨. અલગ-અલગ પ્રસંગોમાં અલગ-અલગ અપેક્ષાઓથી **'દ્રવ્ય' શબ્દના અલગ-અલગ પ્રયોગ** કરવામાં આવે છે. (૧) **પ્રમાણના વિષયભૂત** દ્રવ્યમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાત્મક સંપૂર્ણ વસ્તુનો સમાવેશ થાય છે. (૨) **આગમ પદ્ધતિ**માં પ્રમાણના વિષયભૂત જીવદ્રવ્યમાં રાગાદિ વિકાર, ગુણસ્થાનાદિ ભેદ તથા નર-નારકાદિ બધી પર્યાયોનો સમાવેશ થાય છે. (૩) **અધ્યાત્મ પદ્ધતિ**માં પ્રમાણના વિષયમાં શુદ્ધ જીવદ્રવ્ય અને માત્ર તેની નિર્મળ પર્યાયોનો સમાવેશ થાય છે.[4]

૨૩. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવમયી, સામાન્ય-અભેદ-નિત્ય-એક-

---

૧. નય રહસ્ય, પાનું ૨૦૫ ૨. તે જ, પાનું ૨૧૪
૩. તે જ, પાનું ૨૨૦-૨૨૨ ૪. તે જ, પાનું ૨૨૫

એવું અખંડ દ્રવ્ય, **દ્રષ્ટિનો વિષય છે.**[1]

૨૪. પર્યાયને પૃથક્ કરીને લક્ષ્યમાં ન લેતાં થકાં, તેને અંતર્મુખ કરીને, દ્રવ્યની સાથે એકાકાર કરવી અર્થાત્ દ્રવ્ય-પર્યાયના ભેદનો પણ વિકલ્પ તોડીને, એકતારૂપ નિર્વિકલ્પ અનુભવ કરવો, **એ જ દ્રવ્ય-પર્યાયની સંધિ છે**, એ જ **બંને નયોની સફળતા છે.**[2]

૨૫. દ્રવ્ય અને પર્યાય, બંનેને યથાવત્ જાણીને, દ્રવ્ય-સ્વભાવનો આશ્રય લેવો એ જ પ્રમાણજ્ઞાનના ફળસ્વરૂપ પ્રગટ થવાવાળું, **સમ્યક્-એકાંત** છે અને એ જ શ્રેયસ્કર છે.[3]

૨૬. **કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય**માં કર્મોપાધિનો ઉદ્દેશ મુખ્યરૂપથી મોહ-રાગ-દ્વેષાદિ **ઔદયિક ભાવો**થી છે. આ અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો આ નયનો વિષય ઔદયિક ભાવોથી ભિન્ન અથવા ક્ષાયિક આદિ નિર્મળ ભાવોથી અભિન્ન કરે છે, પરંતુ **દ્રષ્ટિના વિષયની મુખ્યતાથી** વિચાર કરવામાં આવે તો **ઔપશમિક,**

**ક્ષાયોપશમિક, ઔદયિક, અને ક્ષાયિક**-આ ચારેય ભાવોને કર્મોપાધિ કહેવામાં આવ્યાં છે.[4]

૨૭. જે પરમભાવ છે, તે કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદ કલ્પનાથી ભિન્ન છે; પરંતુ તેઓ એમાં છે કે નહીં? આવા વિકલ્પોથી પણ અથવા દ્રવ્ય-સ્વભાવ ના અન્ય વિશેષણો સંબંધી વિકલ્પોથી આત્માનુભૂતિ થતી નથી, આ કારણે તેઓ 'છે' કે 'નથી' - આવા વિકલ્પોથી પાર શુદ્ધચૈતન્યઘનને પરમભાવ કહીને તેને **પરમ ભાવગ્રાહી દ્રવ્યાર્થિકનય** નો વિષય કહ્યો છે. નયનો ભેદ હોવા છતાં તેને **પક્ષાતિક્રાંત** પણ કહી શકાય છે.[5]

૨૮. ભલે નિશ્ચય-વ્યવહારનયોનું પ્રકરણ હો કે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયોનું પ્રકરણ, પ્રયોજન તો **દ્રવ્ય-પર્યાયાત્મક સ્વજ્ઞેય**ને જાણીને, પરમ ઉપાદેયભૂત શુદ્ધાત્મભૂતનું અવલંબન કરીને, સાદિ-અનંત શાશ્વત સિદ્ધદશા પ્રગટ કરવાનું જ છે.[6]

---

૧. નય રહસ્ય, પાનું ૨૨૬ ૨. તે જ, પાનું ૨૩૦ ૩. તે જ, પાનું ૨૩૧
૪. તે જ, પાનું ૨૪૦ ૫. તે જ, પાનું ૨૫૭ ૬. તે જ, પાનું ૨૫૮

૨૯. ખરેખર તો **પર્યાય એ વસ્તુના પ્રવાહ-ક્રમનો સૂક્ષ્મ અંશ છે**, તેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ વસ્તુમાં કાળના એક સમયવર્તી અંશ ને જ 'પર્યાય' શબ્દથી કહેવામાં આવે છે. સમુદ્રની લહેરોની જેમ કાળ-પ્રવાહમાં નવીન પર્યાયરૂપ અંશ ઉત્પન્ન થાય છે તથા તેનો પૂર્વવર્તી અંશ વિલીન થાય છે - એ જ **પર્યાયોનો ઉત્પાદ-વ્યય છે. કાલાંશ તો કાળરૂપ છે અને કર્મોપાધિયો ભાવવાચી છે**, તેથી કાળને ભાવથી નિરપેક્ષ જોવું **કર્મોપાધિ-નિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય** છે તથા કાળને ભાવોમાં ભેળવીને જોવું, **કર્મોપાધિ-સાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિક નય છે.**[1]

૩૦. **કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય** થી કર્મોપાધિયોને ગૌણ કરીને **માત્ર પર્યાયસ્વભાવને** જોવામાં આવે તો આપણને પણ આપણી પર્યાયો, અર્હંત ભગવાન જેવી ચિદ્‌વિવર્તનની ગ્રંથિઓ જોવામાં આવશે. **અર્હંત ભગવાન અને આપણી પર્યાયોમાં સમાનતા**, આ મુદ્દાઓના આધાર પર સમજી શકાય છે. (૧) ભગવાનના કેવળજ્ઞાન જેવું આપણું મતિ-શ્રુતજ્ઞાન પણ **રાગાદિ વિકારોથી રહિત સ્વભાવવાળું** છે. (૨) **કેવળજ્ઞાન જેવું આપણું વર્તમાન જ્ઞાન પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળું** છે. (૩) દ્રવ્ય-ગુણની શુદ્ધતાનો નિર્ણય કરવાવાળી આપણી **જ્ઞાનપર્યાયમાં પણ તે જ શુદ્ધતાનો પ્રવાહ પ્રારંભ** થઈ જાય છે, જે અર્હંત ભગવાનમાં પૂર્ણરૂપથી વિદ્યમાન (હાજર) છે.[2]

આ રીતે નય રહસ્યના માધ્યમથી આત્માનું રહસ્ય જાણીને, આપણે **નયપક્ષાતીત નયાતીત પક્ષાતીત વિકલ્પાતીત પક્ષાતિક્રાંત આત્માનુભૂતિ**નો પ્રયાસ કરીએ-આ પવિત્ર ભાવના સાથે વિરામ લઈએ છીએ.

**- ડૉ. રાકેશકુમાર જૈન શાસ્ત્રી**, નાગપુર

---

૧. નય રહસ્ય, પાનું ૨૭૨  ૨. તે જ, પાનું ૨૭૫

# પ્રસ્તાવના

(હિંદી સંસ્કરણમાંથી સાભાર)

**એવં વવહારણઓ, પડિસિદ્ધો જાણ ણિચ્છયણએણ,**
**ણિચ્છયણયાસિદા પુણ, મુણિણો પાવંતિ ણિવ્વાણં.**

*અર્થાત્ આ રીતે વ્યવહારનયને નિશ્ચયનય દ્વારા નિષેધ જાણો, કારણ કે નિશ્ચયનયના આશ્રિત મુનિવરો જ નિર્વાણને પામે છે.*[1]

વાસ્તવમાં સંપૂર્ણ જિનાગમ જ નયોની ભાષામાં નિબદ્ધ છે, માટે આ નયોને સમજવા અનિવાર્ય છે, એ જ **જિનાગમનો સ્યાદ્વાદ નામક મહાસિદ્ધાંત છે. નયવાદ, અપેક્ષાવાદ, સપ્તભંગીવાદ, અનેકાંતવાદ** આદિ આ જ મહાસિદ્ધાંતના પર્યાયવાચી નામ છે.

જો જિનશાસનની પરંપરાને વિતેલા હજારો વર્ષોના કાળખંડમાં જોવામાં આવે તો આજ સુધી જેટલાં પણ નયચક્ર લખવામાં આવ્યા છે, તે બધાં સમયસાર જેવા અધ્યાત્મ ગ્રંથોના અનુસંધાનમાં જ લખવામાં આવ્યા છે, પછી ભલે તે **દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર હો કે શ્રુતભવનદીપક નયચક્ર**, સર્વત્ર આ ભાવના સૂચક વક્તવ્ય મળી જશે કે આ બધાં નયચક્ર, સમયસારના અનુશીલનમાં જ લખવામાં આવ્યા હોય. આમાં **શ્રુતભવનદીપક નયચક્ર** તો પોતાની વિશેષ આધ્યાત્મિકતા ફેલાવી રહ્યું છે.

જો કે આ ગ્રંથના રચયિતા પણ સંભવતઃ તે જ આચાર્ય દેવસેન છે, જે વૃહન્નયચક્ર, આલાપપદ્ધતિ આદિના રચનાકાર છે. આ બધામાં નયોના સંબંધમાં જ વિષય-વસ્તુ છે, પરંતુ બધાંની શૈલીગત વિશેષતાઓ અલગ-અલગ છે. આનું શું કારણ છે? - એ ખ્યાલ નથી. હોઈ શકે છે, આનું કોઈ અન્ય કારણ હોય, એ પણ શક્ય છે, ઉપરોક્ત ત્રણેયના રચનાકાર અલગ-અલગ દેવસેન હોય,

૧. સમયસાર, ગાથા ૨૭૨

પરંતુ આ સંબંધમાં હું કાંઈપણ આધિકારીક રૂપે કહેવામાં અસમર્થ છું.

આવો! આધ્યાત્મિક ગ્રંથાધિરાજ સમયસાર પરમાગમથી આ નયચક્રોના સંબંધના વિષયમાં થોડું વિસ્તારથી જાણવાનો પ્રયાસ કરીએ છીએ –

**શ્રુતભવનદીપક નયચક્ર**ની શરૂઆતમાં તો આચાર્ય દેવસેને **મંગલાચરણ** કર્યા પછી તરત, **'અર્થપ્રરૂપણાય ગાથાત્રયમાંચષ્ટે'**[1] – એમ કહીને, સમયસારની ૧૧મી, ૧૨મી અને ૧૪૩મી ગાથાઓ પ્રસ્તુત કરી છે. આ એ વાતની પૂરક છે કે આચાર્યદેવના હૃદયમાં આ ગાથાઓનું તથા **સમયસાર**નું અને **આચાર્ય કુંદકુંદ**નું કેટલું વિશેષ સ્થાન હતું, જેનાથી પ્રભાવિત થઈને જ તેઓએ શરૂઆતમાં આ ગાથાઓને લખી છે. લાગે છે – જાણે આ ગાથાઓ તથા સમયસારના મર્મને જાણવા માટે જ આચાર્ય મહારાજે **'શ્રુતભવન-દીપક-નયચક્ર'**ની રચના કરી હોય.

એટલું જ નહીં, આ ગાથાઓના લખ્યા પછી તુરંત, ગ્રંથની શરૂઆત કરતાં થકા તેઓ લખે છે કે **'આસાં ભાવાર્થો વિચાર્યતે'**[2] અર્થાત્ હવે, આ ગાથાઓના ભાવાર્થનો વિચાર કરીએ છીએ. લાગે છે કે આના પછી આ ગાથાઓનો વિચાર કરતા થકાં જ આચાર્યદેવે સંપૂર્ણ ગ્રંથની રચના કરી છે.

આ જ રીતે **આચાર્ય દેવસેન**ના પરવર્તી આચાર્ય **શ્રીમદ્ માઈલ્લ ધવલે 'દ્રવ્ય-સ્વભાવપ્રકાશક નયચક્ર'**ની રચના કરી છે, તેઓ પણ સર્વપ્રથમ પોતાના ગ્રંથનો પ્રારંભ કરતાં લખે છે...

**'શ્રીકુંદકુંદાચાર્યકૃતશાસ્ત્રાત્ સારાર્થં પરિગૃહ્ય સ્વપરોપકારાય – દ્રવ્યસ્વભાવપ્રકાશકં નયચક્રં...**

*અર્થાત્ શ્રી કુંદકુંદાચાર્ય કૃત શાસ્ત્રમાંથી સારભૂત અર્થને ગ્રહણ કરીને, પોતાના અને બીજાના ઉપકાર હેતુ **દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર**ને બનાવું છું.'*[3]

---

૧. શ્રુતભવનદીપક નયચક્ર, નાગપુર, પ્રકાશન ૧૯૮૬, પાનું ૧૩

૨. તે જ, પાનું ૧૭.     ૩. દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૧ની ઉત્થાનિકા

વર્ષ ૧૯૮૬માં મેં મુમુક્ષુ સમાજના વરિષ્ઠ **આદરણીય વિદ્વાન શ્રી લાલચંદભાઈ મોદી, રાજકોટના કહેવાથી શ્રુતભવનદીપક નયચક્ર**નું અનુવાદન-સંપાદન-પ્રકાશન કર્યું હતું. તેમાં નયોના સંબંધમાં અતિવિશિષ્ટ વિષય પ્રસ્તુત કરવામાં આવ્યો છે. ત્યાં શરૂઆતમાં જ **નિશ્ચયશુદ્ધિકથન** નામક પ્રથમ અધ્યાયમાં **નયપક્ષાતીત આત્માની સિદ્ધિ** કરતા થકાં લખ્યું છે -

'બધાં જીવ, સ્વ-સ્વભાવથી નયપક્ષાતીત છે, કારણ કે બધાં જીવ, સિદ્ધસ્વભાવની જેમ (સમાન) સ્વપર્યવસિત સ્વભાવવાળા છે.'[1]

'શંકા-જીવનો સ્વપર્યવસિત સ્વભાવ કેવો છે?'

**સમાધાન** - સહજ પારિણામિક જ્ઞાયક સ્વભાવ, ક્ષાયોપશમિક જ્ઞાનની નિવૃત્તિ અને ક્ષાયિકજ્ઞાનની પ્રવૃત્તિ, આ બંનેમાં અસાધારણ છે, કારણ કે તે બંને સ્વભાવ, કારણાંતરો દ્વારા ઉત્પન્ન થઈ પ્રગટ થાય છે. ક્ષાયોપશમિકજ્ઞાન અનાદિ હોવા છતાં પણ સીમિત (મર્યાદિત) તથા સનિધનરૂપ હોવાથી નિવૃત્ત (નિવર્તમાન) થઈ જાય છે. પરંતુ સહજ પારિણામિક જ્ઞાયક સ્વભાવ સદા અનિવૃત્ત જ રહે છે. આ જ રીતે ક્ષાયિકજ્ઞાન, સાદિ હોવા છતાં પણ નિરવધિ તથા અનિધનરૂપ હોવાથી સદા પ્રવૃત્ત (પ્રવૃત્તમાન) રહે છે, પરંતુ સહજ પારિણામિક જ્ઞાયક સ્વભાવવાળો જીવ, સદા પૂર્વવત્ જ અપ્રવૃત્ત બની રહે છે.

આ જ રીતે બાકીના ઔપશમિક તથા ઔદાયિક ભાવોથી અસંબદ્ધ (જુદો) હોવાથી સહજ પારિણામિક જ્ઞાયકસ્વભાવ અનાદિ-અનિધન, સ્વ-સ્વભાવરૂપ, સંપૂર્ણ અકારણક, સ્વસંવેદ્ય તથા સ્વાનુભૂતિ દ્વારા પ્રકાશમાન રહે છે. એવો જ જીવનો સ્વપર્યવસિત (પોતાના ઉપર જ નિર્ભર) સ્વભાવ છે, આ જ કારણથી તે નયપક્ષાતીત છે.[2]

આ રીતે નયપક્ષાતિક્રાંત સ્વરૂપનું વિવેચન કરવા ઉપરાંત તે

---

૧. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૧૭ ૨. તે જ પાનું ૧૭-૧૮

નય-પક્ષાતિક્રાંત વસ્તુની પ્રાપ્તિના ઉપાયસ્વરૂપ નિશ્ચયવ્યવહાર-નયને કહેવામાં આવેલ છે, ત્યાં નયોની ઉપયોગિતા બતાવતા થકા તેઓ લખે છે –

'આ પદાર્થ અર્થાત્ આત્મા જ્યારે નિશ્ચયનયથી આલિંગિત (સંબદ્ધ) થાય છે, ત્યારે નિશ્ચયાત્મક વસ્તુ છે અને જ્યારે વ્યવહાર-નયથી આલિંગિત થાય છે, ત્યારે વ્યવહારાત્મક વસ્તુ છે, માટે નયપક્ષાતીત આત્મપદાર્થની પ્રાપ્તિના ઉપાય, મુખ્ય ગૌણરૂપથી નિશ્ચય-વ્યવહારનય જ છે-એવો ભાવાર્થ છે.'

**જો કે આત્મા, સ્વભાવથી નયપક્ષાતીત છે, છતાં પણ તે નયો વગર નયપક્ષાતીત નથી થઈ શકતો, કારણ કે અનાદિ કર્મના કારણે આ જીવ અસત્કલ્પનાવાળો છે.**

**'નયતીતિ નયઃ'** અર્થાત્ જે લઈ જાય છે, પહોંચાડે છે અથવા પ્રાપ્ત કરાવે છે, **તેને નય** કહે છે. તે વ્યવહાર-નિશ્ચયના ભેદથી બે પ્રકારના છે. ઉપનયથી ઉપજનિત વ્યવહારનય થાય છે. જે પ્રમાણ-નય-નિક્ષેપાત્મક ભેદ તથા ઉપચાર દ્વારા વસ્તુનો વ્યવહાર કરાવે છે, તે વ્યવહારનય છે.[1]

અહીંયા ધ્યાન આપવાની વાત એ છે કે નયની વ્યાખ્યા દર્શાવ્યા ઉપરાંત, નયના ભેદોનો ક્રમ નિશ્ચય અને વ્યવહાર-એવું ન લેતા થકા વ્યવહાર અને નિશ્ચયને દર્શાવવામાં આવ્યા છે તથા તેના લક્ષણ બતાવતા થકા **વ્યવહારને ઉપનયથી ઉપજનિત અને નિશ્ચયને ઉપનયથી રહિત** બતાવેલ છે. એક અન્ય વિશેષતા એ છે કે **વ્યવહારનયના અંતર્ગત જ પ્રમાણ-નય-નિક્ષેપ તથા તેના ભેદોનો અંતર્ભાવ** (સમાવેશ) કર્યો છે, તેથી વિચાર કરો કે **પ્રમાણના ભેદ, નય છે. નયોના ભેદ, નિશ્ચય અને વ્યવહાર છે અથવા વ્યવહારના ભેદ, પ્રમાણ-નય નિક્ષેપ છે.**

સ્વયં આચાર્યદેવના જ શબ્દોમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે –

---

૧. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૨૦

“શંકા-ઉપનય, વ્યવહારનો જનક કઈ રીતે છે?

**સમાધાન** – સદ્‌ભૂતવ્યવહારનય, ભેદનો ઉત્પાદક છે. અસદ્‌ભૂત વ્યવહારનય, ઉપચારનો ઉત્પાદક છે તથા ઉપચરિતઅસદ્‌ભૂત-વ્યવહારનય, ઉપચારમાં પણ ઉપચારનો ઉત્પાદક છે. તેથી ઉપનયથી ઉપજનિત વ્યવહારનય હોય છે. જો તે ભેદ તથા ઉપચાર લક્ષણવાળા અર્થ અથવા પ્રયોજન છે, તે જ અપરમાર્થ છે, કારણ કે અભેદ તથા અનુપચાર લક્ષણવાળા અર્થ અથવા પ્રયોજનનું જ પરમાર્થત્વ છે. તેથી વ્યવહારનય, અપરમાર્થનો પ્રતિપાદક હોવાથી અભૂતાર્થ છે.”

**નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે**. આ અભેદ તથા અનુપચારરૂપ લક્ષણવાળા અર્થને નિશ્ચિત કરે છે, તેથી આ **નિશ્ચયનય** કહેવાય છે. **‘સ્યાત્’ (સ્યાદ્) શબ્દથી રહિત** હોવા છતાં પણ આમાં **નિશ્ચયાભાસપણાનો પ્રસંગ નથી** આવતો, કારણ કે તે **ઉપનયથી રહિત** છે.[1]

અહીંયા એક વિશેષ વાત એ કહી છે કે **નિશ્ચયનય, ‘સ્યાત્’ પદથી રહિત** છે, પરંતુ તેમાં સ્યાત્ પદ વિના પણ **નિશ્ચયાભાસપણાં**ની આપત્તિ નથી આવતી, કારણ કે તે **ઉપનયથી રહિત** છે. તાત્પર્ય એ છે કે **નિશ્ચયનયમાં સ્યાત્ પદ નથી લાગતું, કારણ કે તે વસ્તુના યથાર્થ સ્વરૂપનું વર્ણન કરે છે, જ્યારે વ્યવહારનયમાં સ્યાત્ પદ લાગે છે, કારણ કે તે ભેદ અને ઉપચારથી કથન કરે છે.** તાત્પર્ય એ છે કે વ્યવહારનયમાં અપેક્ષા લાગે છે, માટે તેમાં સ્યાત્ પદ લાગે છે અને નિશ્ચયનય તો વસ્તુનું યથાર્થ સ્વરૂપ બતાવે છે, માટે તેમાં સ્યાત્ પદ શા માટે લગાવવામાં આવે? કારણ કે તેનાથી તો અનર્થ થવાનો પ્રસંગ ઉભો થાય છે.

જેમ, આપણે કહીએ કે ‘આત્મા કથંચિત્ ચેતન છે અને કથંચિત્ અચેતન છે?’ જો કે નયોની અપેક્ષાએ આ કથન સમ્યક્ છે, પરંતુ છતાં પણ, પ્રશ્ન એ છે કે ‘આત્મા કથંચિત્ ચેતન છે અથવા

૧. શ્રુતભવનદીપક, પાનું ૨૧

વાસ્તવિકરૂપથી ચેતન છે કે'તેથી અહીંયા 'આત્મા કથંચિત્ ચેતન છે' - આ પ્રયોગથી નવાઈ જેવું લાગી રહ્યું છે. હા, 'આત્મા કથંચિત્ અચેતન છે' - આ પ્રયોગ સમ્યક્ પ્રતીત થઈ રહ્યો છે, કારણ કે આપણે કોઈ અપેક્ષાથી અર્થાત્ જડ શરીરના સંયોગને કારણે આત્માને અચેતન કહી શકીએ છીએ. પરંતુ આત્માને કોઈ અપેક્ષાથી અચેતન કહેવાની જેમ આપણે કોઈ અપેક્ષાથી ચેતન કઈ રીતે કહી શકીએ? કારણ કે તે તો સ્વભાવથી જ ચેતન છે અર્થાત્ બંને વિવક્ષાઓને આપણે સમાનતા કેવી રીતે પ્રદાન કરી શકીએ?

આ સંબંધમાં આચાર્યદેવનું નીચેનું વક્તવ્ય ધ્યાન આપવા યોગ્ય છે -

''**શંકા**-ઉપનયના અભાવમાં 'સ્યાત્' શબ્દનો અભાવ શા માટે છે? **સમાધાન** - 'સ્યાત્' શબ્દની પ્રધાનતા હોવાથી ઉપનય જ વ્યવહારનો જનક થાય છે, તેથી ઉપનયના અભાવમાં 'સ્યાત્' શબ્દનો પણ અભાવ સિદ્ધ છે.'

**જ્યારે નિશ્ચયનયથી ઉપનય પ્રલયને પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે માત્ર નિશ્ચય જ પ્રકાશિત રહે છે. જો કે નિશ્ચયનયથી અખંડિત એક વસ્તુનો સદ્ભાવ છે, છતાં પણ ઉપનયથી ઉપજનિત અનેક વ્યવહારથી કવલિત (ગ્રસિત) વસ્તુ પણ શુદ્ધ જ છે.**

જે રીતે રાહુ-બિંબથી આચ્છાદિત હોવા છતાં પણ સૂર્ય, અંધકારનો નાશ કરવાવાળો તથા પ્રકાશ સ્વભાવવાળો જ છે.''[1]

'**શંકા**-જો વ્યવહારથી ગ્રસિત વસ્તુ પણ શુદ્ધ છે તો વ્યવહાર-નયની શું જરૂરિયાત છે?

**સમાધાન** - વ્યવહારનયની ઉપયોગિતા અસત્કલ્પનાની નિવૃત્તિ તથા સદ્રત્નત્રયની સિદ્ધિ માટે છે તથા સમ્યક્ રત્નત્રયની સિદ્ધિથી પરમાર્થની સિદ્ધિ થાય છે.'[2]

'**શંકા**-સ્વભાવસિદ્ધ પરમાર્થની સિદ્ધિ, વ્યવહારથી કેવી રીતે

૧. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૨૨ ૨. તે જ પાનું ૨૩

થઈ શકે છે – કૃપા કરી એનો જવાબ આપો?

**સમાધાન** – વ્યવહારનો સમ્યક્ રત્નત્રયથી સર્વથા ભેદ માનવાથી નિશ્ચયનો પણ અભાવ થઈ જશે, કારણ કે સર્વથા ભેદને જ માનવાથી અભેદનો વ્યવહાર પણ નહીં થઈ શકે, તેથી કથંચિત્ ભેદ માનવાથી જ વ્યવહાર દ્વારા પરમાર્થની સિદ્ધિ થાય છે – એવું આગમ-વચન છે.

આ રીતે **જ્યાં સુધી આ આત્મા, વ્યવહારનય અને નિશ્ચયનય – આ નયોના માધ્યમથી તત્ત્વોનો અનુભવ કરે છે, ત્યાં સુધી પરોક્ષાનુભૂતિ રહે છે, કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ તો નયપક્ષાતીત છે.**

**શંકા** – જો એવું છે તો બંનેય નય, સમાનરૂપથી જ પૂજ્યત્વને પ્રાપ્ત થઈ જશે?

**સમાધાન** – ના, એવું નથી કારણ કે **વ્યવહારનય તો પૂજ્યતર છે, પરંતુ નિશ્ચયનય પૂજ્યતમ છે.**[1]

**'શંકા – પ્રમાણ લક્ષણવાળો વ્યવહારનય, વ્યવહાર નિશ્ચય અને અનુભય-બધાંને ગ્રહણ કરવાવાળો હોવાથી તેનો વિષય વધારે હોવા છતાં પણ તે પૂજ્યતમ શા માટે નથી?**

**સમાધાન** – કારણ કે તે **પ્રમાણલક્ષણવાળો વ્યવહારનય પણ આત્માને નયપક્ષાતીત નથી કરી શકતો, તેથી તે પણ પૂજ્યતમ નથી.** તે આ પ્રમાણે છે-પ્રમાણમાં નિશ્ચયનો અંતર્ભાવ હોવા છતાં પણ તે અન્યયોગનો વ્યવચ્છેદ નથી કરતો તથા અન્યયોગના વ્યવચ્છેદના અભાવમાં વ્યવહારલક્ષણવાળી ભાવક્રિયા (વિકલ્પ-જાળ)નો નિરોધ કરવો અશક્ય છે, તેથી **તે આત્માને જ્ઞાનચૈતન્યમાં સ્થાપિત કરવામાં અસમર્થ છે.'**[2]

તે જ આગળ કહે છે – **'નિશ્ચયનય, આત્માને સમ્યક્ પ્રકારથી એકત્વ પ્રાપ્ત કરાવીને, જ્ઞાન-ચૈતન્યમાં ભલી (સારી) રીતે સ્થાપિત**

---

૧. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૨૪ ૨. તે જ, પાનું ૨૫

**કરીને, પરમાનંદને ઉત્પન્ન કરીને, વીતરાગ કરીને, સ્વયં નિવૃત્ત થતો થકો, આત્માને નયપક્ષાતિક્રાંત કરે છે, તેથી તે પૂજ્યતમ છે. આ રીતે નિશ્ચયનય, પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ છે, આનો જ નિરંતર આશ્રય લેવાથી આત્મા, અંતર્દ્રષ્ટિવાન થાય છે.'**[1]

દ્વિતીય **વ્યવહારશુદ્ધિકથન** નામક અધ્યાયની શરૂઆતમાં - **'ઈદાનીમુપનયોપજનિતો વ્યવહારપ્રપંચ ઉચ્યતે'** કહીને, ઉપનયથી ઉપજનિત-વ્યવહાર-પ્રપંચનું વર્ણન કરતાં થકાં તેની અંતર્ગત પ્રમાણના વિભિન્ન પ્રયોગ બતાવતા થકા **પ્રમાણને પણ ઉપનયથી ઉપજનિત તથા વ્યવહાર સિદ્ધ કર્યો છે.**

ત્યાર પછી વિસ્તારથી પ્રમાણ-નય-નિક્ષેપ, તેના લક્ષણ તથા ભેદ-પ્રભેદ, નય-પ્રમાણમાં કથંચિત્ ભેદાભેદ, દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ, પર્યાયાર્થિક-નયના ૬ ભેદ, નૈગમાદિ ૭ નય, તેના ભેદ-પ્રભેદ, પ્રત્યેક નયની વ્યુત્પત્તિ, ઉપનયનું સ્વરૂપ તથા તેના ત્રણ ભેદ-સદ્ભૂતવ્યવહાર, અસદ્ભૂતવ્યવહાર અને ઉપચરિતવ્યવહાર, વળી તેના ભેદ-પ્રભેદ તથા નિક્ષેપનું સ્વરૂપ તથા તેના ભેદ-પ્રભેદ આદિનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.

અહીંયા આ જ આશ્ચર્યકારક તથા વિચારણીય વિષય છે કે **ઉપનયથી ઉપજનિત વ્યવહારના અંતર્ગત પ્રમાણ-નય-નિક્ષેપનો સમાવેશ** કરવામાં આવ્યો છે. આ સંબંધમાં નીચેની શંકા-સમાધાન ઉપયોગી છે -

**'શંકા-પ્રમાણનો સંબંધ ઉપનયોથી કેવી રીતે થઈ શકે છે? કારણ કે પ્રમાણ તો સ્વતંત્ર છે?**[2]

**સમાધાન** - પ્રમાણનો જ્યારે વ્યવહાર માટે પ્રયોગ થાય છે, ત્યારે તે 'સ્યાત્' શબ્દની અપેક્ષા રાખે છે, ત્યારે પ્રમાણનો ઉપનયોથી સંબંધ થાય છે.'

૧. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૨૬ ૨. તે જ, પાનું ૩૧

વ્યવહારનયના સંબંધમાં અન્યત્ર પણ આ કહેવામાં આવ્યું છે - **'અબુધસ્ય-બોધનાર્થં, મુનીશ્વરાઃ દેશયન્ત્યભૂતાર્થમ્'**[1] અથવા **'વ્યવહૃતિરબોધજનબોધનાય'**[2] અર્થાત્ તે વ્યવહારનય અજ્ઞાની-જનો/મંદબુદ્ધિઓને સમજાવવા માટે કહેવામાં આવેલ છે.

આ જ કારણ છે કે વ્યવહારનયને વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરવાવાળો નથી માનવામાં આવતો, જ્યારે નિશ્ચયનયને યથાર્થ વસ્તુસ્વરૂપને સમજાવવાવાળો માનવામાં આવે છે.

આ જ રીતે દ્રવ્યાર્થિકનયના દસ ભેદોમાં **પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનય**ને પરિભાષિત કરતાં થકાં શ્રુતભવનદીપક નયચક્રમાં કહ્યું છે કે **આ નય, વસ્તુના ભાવને શુદ્ધ, અશુદ્ધ અને ઉપચારની વિવક્ષાઓથી રહિત ગ્રહણ કરે છે.**[3]

અહીંયા આ નયના વિષયને શુદ્ધદ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદોથી પણ રહિત કહ્યા છે. તાત્પર્ય એ છે કે શુદ્ધ કહેવામાં પણ અશુદ્ધતાથી રહિતપણાની અપેક્ષા આવે છે. જેમ, **કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધ-દ્રવ્યાર્થિકનય**માં કર્મોપાધિની નિરપેક્ષતામાં આત્માની શુદ્ધતાને ગ્રહણ કરવામાં આવેલ છે. **સત્તાગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય**માં ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને શુદ્ધ સત્તાને ગ્રહણ કરવાની અપેક્ષા આવે છે. આ જ રીતે ત્રીજા **ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિક નય**માં ભેદકલ્પનાઓથી નિરપેક્ષતાની અપેક્ષાએ આત્માની શુદ્ધતા જાણવામાં આવે છે, આ જ કારણે **પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય**ને શુદ્ધ પણ નથી કહ્યો. અંતમાં કહ્યું છે કે **આ પરમભાવગ્રાહી (પરમશુદ્ધ) દ્રવ્યાર્થિકનયને મોક્ષના અભિલાષીઓને શુદ્ધ ધ્યાન કરવાના પ્રયોજનથી અવશ્ય જાણવો જોઈએ.**[4]

આ નયના સંબંધમાં કેટલીક અન્ય વિવક્ષાઓને પણ **શ્રુતભવનદીપક નયચક્ર**માં આ નયના ઉદાહરણ બતાવતાં થકાં આ

---

૧. પુરૂષાર્થ સિદ્ધઉપાય, શ્લોક ૬ ૨. પદ્મનંદિ પંચવિંશતિકા, ૧૧/૮
૩. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૪૫ ૪. તે જ, પાનું ૪૫

રીતે અભિવ્યક્ત કરેલ છે -

**૧. પરમં પારિણામિકસ્વભાવં ગૃહ્ણાતીતિ પરમભાવગ્રાહકઃ** અર્થાત્ જે પરમ પારિણામિકસ્વભાવની મુખ્યતાથી વસ્તુને ગ્રહણ કરે છે, તે પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય છે.[1]

**૨. પારિણામિકસ્વભાવપ્રધાનત્વેન પરમસ્વભાવત્વમ્** અર્થાત્ પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયમાં પારિણામિક સ્વભાવની પ્રધાનતા હોવાને કારણે આત્મા, પરમ સ્વભાવવાળો છે.[2]

**૩. પરમભાવગ્રાહકેણ ભવ્યાભવ્યપારિણામિકસ્વભાવમ્** અર્થાત્ પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયથી ભવ્ય-અભવ્ય પારિણામિક સ્વભાવ છે.[3]

**૪. શુદ્ધાશુદ્ધપરમભાવગ્રાહકેણ ચેતનસ્વભાવમ્** અર્થાત્ શુધ્ધાશુધ્ધ-પરમભાવ-ગ્રાહકનયથી જીવનો ચેતનસ્વભાવ છે.[4]

**૫. પરમભાવગ્રાહકેણ કર્મનોકર્મણોરચેતનસ્વભાવત્વમ્** અર્થાત્ પરમભાવગ્રાહકનયની અપેક્ષાએ કર્મ-નોકર્મનો અચેતન સ્વભાવ છે.[5]

**૬. પરમભાવગ્રાહકેણ કર્મનોકર્મણોમૂર્તસ્વભાવત્વમ્** અર્થાત્ પરમભાવગ્રાહકનયની અપેક્ષાએ કર્મ-નોકર્મનો મૂર્ત સ્વભાવ છે.[6]

**૭. પરમભાવગ્રાહકેણ પુદગલં વિહાય ઈતરેષામમૂર્તસ્વભાવત્વમ્** અર્થાત્ પરમભાવગ્રાહકનયની અપેક્ષાએ પુદ્ગલને છોડીને બાકી દ્રવ્યોનો અમૂર્ત સ્વભાવ છે.[7]

**૮. પરમભાવગ્રાહકેણ કાલપુદ્ગલાણોરેકદેશસ્વભાવત્વમ્** અર્થાત્ પરમભાવગ્રાહકનયની અપેક્ષાએ કાળદ્રવ્ય અને પુદ્ગલાણુનો એકપ્રદેશસ્વભાવ છે.[8]

ઉપરોક્ત ઉદાહરણોમાં પરમભાવગ્રાહકનયમાં પણ શુદ્ધાશુદ્ધ

---

૧. તે જ, પાનું ૫૬ ૨. તે જ, પાનું ૯૩ ૩. તે જ, પાનું ૯૭ ૪. તે જ, પાનું ૯૭
૫. તે જ, પાનું ૯૮ ૬. તે જ, પાનું ૯૮ ૭. તે જ, પાનું ૯૮ ૮. તે જ, પાનું ૯૯

વિશેષણ લગાવવામાં આવ્યા છે. આ જ રીતે **પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય, ઉપનયથી ઉપજનિત કેવી રીતે છે?** - આ પ્રશ્નનું સમાધાન કરતા થકાં કહ્યું છે કે - **આ નય, ક્ષાયોપશમિક આદિ વિશેષ જ્ઞાનપર્યાયોનો પણ ગૌણરૂપથી ગ્રાહક છે -**

'**શંકા**-જો આ નય, પરમભાવનો ગ્રાહક છે તો આનું ઉપનયથી ઉત્પન્ન થવું શી રીતે શક્ય છે?

**સમાધાન** - કારણ કે આ નય, ક્ષાયોપશમિક આદિ વિશેષ-જ્ઞાનપર્યાયોનો પણ ગૌણરૂપથી ગ્રાહક છે.'[1]

આવા-આવા અનેક પ્રકરણોનો ભંડાર આ **શ્રુતભવનદીપક નયચક્ર** છે, તેથી પ્રત્યેક મુમુક્ષુએ અધ્યાત્મ-રૂચિને પુષ્ટ કરવા માટે આ ગ્રંથનું ઉંડાણપૂર્વક અધ્યયન કરવું જોઈએ.

એક અન્ય પ્રકરણની તરફ હું સમયસારના પાઠકવર્ગનું (વાચકવર્ગનું) ધ્યાન આકર્ષિત કરવા ઈચ્છું છું કે **સમયસારમાં ઠેક-ઠેકાણે વર્ણથી લઈને રાગાદિ-ગુણસ્થાન સુધીના ભાવોને નિશ્ચયનયથી પુદ્ગલના કહેવામાં આવ્યા છે અને વ્યવહારનયથી જીવના કહ્યા છે.**

આના સંબંધમાં **એ પ્રશ્ન છે કે જે દ્રવ્યના ભાવને તેના જ કહેવા, નિશ્ચયનયનું લક્ષણ છે અને તેને અન્ય દ્રવ્યના કહેવા, વ્યવહારનયનું લક્ષણ છે, વર્ણાદિને નિશ્ચયનયથી પુદ્ગલના કહેવા તો યોગ્ય છે, પરંતુ રાગાદિ અને ગુણસ્થાનને પણ નિશ્ચયનયથી પુદ્ગલના અને વ્યવહારનયથી જીવના કહેવા શું યોગ્ય છે?** - આ વિષયનું તાત્વિક વિશ્લેષણ કરવું જરૂરી છે.

અહીંયા **પ્રશ્ન** એ ઉભો થાય છે કે રાગાદિભાવોનું ઉપાદાન તો આત્મા છે અને પુદ્ગલકર્મ તો તેના નિમિત્ત છે, છતાં પણ રાગાદિભાવોને આત્માના કહેવા વ્યવહાર શા માટે છે અને તેને પુદ્ગલના કહેવા નિશ્ચય શા માટે છે? કારણ કે ઉપાદાનનું કથન

૧. શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૪૬

કરવાવાળો નય, યથાર્થનું કથન કરવાવાળો હોવાથી નિશ્ચય કહેવાય છે અને નિમિત્તનું કથન કરવાવાળો નય, અયથાર્થનું કથન કરવાવાળો હોવાથી વ્યવહાર કહેવાય છે.

આનું **સમાધાન** એ છે કે **રાગાદિ વિકારીભાવ આસ્રવભાવ છે અને આત્મા ચૈતન્યમયી જીવભાવ છે, તેમાં તત્ત્વભેદ છે, તેથી આસ્રવભાવ, જીવભાવ તો છે નહીં, માટે આસ્રવભાવને જીવભાવ વ્યવહારથી જ કહી શકીએ છીએ, નિશ્ચયથી નહીં.** જેના આદિ-મધ્ય-અંતમાં જે વ્યાપ્ત હોય છે, તે તેનું કહેવાય છે તથા રાગાદિના આદિ-મધ્ય-અંતમાં કર્મનો ઉદય જ વ્યાપ્ત છે, તેથી તેને નિશ્ચયથી કર્મના કહ્યા છે તથા કર્મ પૌદ્‌ગલિક હોય છે. તેથી રાગાદિભાવોને પણ પૌદગલિક કહ્યા છે.

જીવના ચૈતન્યમયી ભાવોથી તેનો કોઈ સંબંધ નથી અને ન તો આત્માના લક્ષ્યથી તે ભાવ થયા છે. તેથી તેને નિશ્ચયથી જીવના કેવી રીતે કહેવામાં આવી શકે? **માત્ર આત્માના પ્રદેશોમાં તે રાગાદિભાવનું અસ્તિત્વ હોવાથી તેને જીવના કહેવામાં આવે છે-આ વ્યવહાર છે. નિશ્ચયથી તો બંનેના પ્રદેશોને પણ ભિન્ન-ભિન્ન માનવામાં આવ્યા છે.**[1]

**નિશ્ચય-વ્યવહારની અહીંયા આ વ્યાખ્યા પણ ઘટિત થઈ જાય છે કે જે તત્ત્વનો અથવા પદાર્થનો જે ભાવ હોય, તેને તે જ તત્ત્વ અથવા પદાર્થનો કહેવો, નિશ્ચયનય છે. તેને અન્ય તત્ત્વ અથવા પદાર્થનો કહેવો, વ્યવહારનય છે. તેથી આસ્રવતત્ત્વના ભાવ (ભાવાસ્રવ)ને આસ્રવપદાર્થ (દ્રવ્યાસ્રવ)ના કહેવા, તે નિશ્ચયનય છે અને આસ્રવના ભાવને જીવના કહેવા, તે વ્યવહારનય છે.**

**આ જ રીતે અન્ય તત્ત્વોમાં પણ સમજી લેવું જોઈએ.**

રાગાદિ ભાવોને પુણ્ય અથવા પાપરૂપ વિકાર્ય કહેવામાં આવેલ છે અને કર્મના ઉદયને તેના નિમિત્ત હોવાથી વિકારક કહેવામાં

૧. આત્મખ્યાતિ, સમયસાર-૧૮૧

આવેલ છે, તેથી વિકાર્ય અને વિકારક બંનેને પુણ્ય અથવા પાપ કહેવામાં આવ્યા છે.[1], તેથી જીવતત્ત્વનો સંબંધ ન હોવાથી રાગાદિભાવોને આત્માના નથી એમ કહેવામાં આવ્યા છે. અહીંયા દ્રવ્ય-ભાવ રૂપ આસ્રવાદિને એક જેવા (સમાન) જીવથી ભિન્ન સિદ્ધ કર્યા છે. એવું નથી કે દ્રવ્યાસ્રવાદિ કાંઈક વધારે ભિન્ન છે અને ભાવાસ્રાદિ કાંઈક ઓછા ભિન્ન છે, કારણ કે તત્ત્વ-ભિન્નતાની દ્રષ્ટિથી બંને સમાનરૂપથી ભિન્ન છે. **વર્ણ આદિ હો કે રાગ આદિ હો, આ બધાં ભાવ આત્માથી ભિન્ન છે.**[2]

આ સંબંધમાં આ આગમ-વચન મનનીય છે -

**એદે સવ્વે ભાવા, પોગ્ગલદવ્વપરિણામણિપ્પણ્ણા,**

**કેવલિજિણેહિં ભણિયા, કહ તે જીવો ત્તિ વુગાંતિ.**[3]

અહીંયા સ્પષ્ટપણે આ કહેવામાં આવ્યું છે-**અરહંતદેવ સર્વજ્ઞ ભગવાને અધ્યવસાનાદિ (મિથ્યાત્વ-રાગ-દ્વેષાદિ) ભાવોને પુદ્‌ગલ-પરિણામમય કહ્યા છે, તે ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવામાં સમર્થ નથી.**

**જે અધ્યવસાનાદિ ભાવોને જીવ કહે છે, તેઓ પરમાર્થવાદી નથી, કારણ કે તેમનો પક્ષ આગમ, યુક્તિ અને સ્વાનુભવથી બાધિત છે. 'તે જીવ નથી' - આ સર્વજ્ઞનું વચન છે, તે તો આગમ છે. સ્વાભાવિકરૂપથી ઉત્પન્ન થયેલ રાગ-દ્વેષથી મલિન-અધ્યવસાન જીવ નથી**, કારણ કે જેમ-સોનું, કાળાશથી ભિન્ન હોય છે, તે જ રીતે અધ્યવસાનથી ભિન્ન ચિત્તસ્વભાવરૂપ જીવ, ભેદજ્ઞાનીઓ દ્વારા સ્વયં ઉપલભ્યમાન છે-સ્વાનુભવગર્ભિત યુક્તિ છે.

અધ્યવસનાદિ ભાવોને ઉત્પન્ન કરવાવાળા આઠ પ્રકારના કર્મ છે, તે બધાં જ પુદ્‌ગલમય છે-એવું સર્વજ્ઞનું વચન છે... અધ્યવસનાદિ ભાવ ચૈતન્યની સાથે સંબંધ હોવાનો ભ્રમ તો ઉત્પન્ન કરે છે, પરંતુ

---

૧. આત્મખ્યાતિ, સમયસાર-૧૩ ૨. તે જ કળશ ૩૭ ૩. સમયસાર, ગાથા ૪૪

ખરેખર તો તે આત્મસ્વભાવ કે જીવસ્વભાવ નથી, પુદ્‌ગલસ્વભાવ છે.[1]

બધાં અધ્યવસાનાદિભાવ જીવ છે - તે અભૂતાર્થ વ્યવહારનય દ્વારા ભગવાન સર્વજ્ઞદેવે બતાવ્યું છે, કારણ કે જે રીતે મલેચ્છોને મલેચ્છ ભાષા, વસ્તુ-સ્વરૂપ બતાવે છે, તે જ રીતે વ્યવહારીજનોને વ્યવહારનય, પરમાર્થનો પ્રતિપાદક છે, અપરમાર્થભૂત હોવા છતાં પણ ધર્મતીર્થની પ્રવૃત્તિનું નિમિત્ત હોવાથી તે વ્યવહારનયને બતાવવો ન્યાયસંગત છે.[2]

**ચિચ્છક્તિવ્યાપ્તસર્વસ્વસારો જીવ ઈયાનયમ્,**
**અતોડતિરિક્તાઃ સર્વેડપિ ભાવાઃ પૌદ્‌ગલિકા અમી.**

અર્થાત્ જેનો સર્વસ્વસાર ચૈતન્યશક્તિથી વ્યાપ્ત છે - આ જીવ એટલો માત્ર જ છે, આ ચિત્‌શક્તિથી શૂન્ય સર્વભાવ પૌદ્‌ગલિક છે.[3]

આચાર્ય જયસેને યુક્તિ દેતા કહ્યું છે કે તે જીવના શુદ્ધનિશ્ચય-નયથી આ બધાં (રાગાદિભાવ) નથી, કારણ કે આ બધાં પુદ્‌ગલ-પરિણામમય હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે.[4]

જીવના મુખ્યપણે જીવદ્રવ્ય અને જીવપદાર્થ - આ જ બે પ્રમુખ ભેદ છે. જો કે દ્રવ્યપ્રધાન દ્રષ્ટિથી તો જીવદ્રવ્યમાં બધાં ગુણ-પર્યાયોનો સમાવેશ થઈ જાય છે, તેમાં વિકારી-અવિકારી ભાવોનો પણ સમાવેશ થઈ જાય છે, પરંતુ તત્ત્વપ્રધાન દ્રષ્ટિથી જીવપદાર્થમાં જીવત્વપ્રધાન ગુણ-પર્યાયોનો જ સમાવેશ થાય છે. એટલું જ નહીં, વ્યવહાર-જીવત્વમાં કારણભૂત શરીર, ઈંદ્રિયાદિને પણ વ્યવહારથી જીવ-પદાર્થમાં સમાવેશ કરી લેવામાં આવ્યા છે. ત્યાં તેના પૌદ્‌ગલાદિકત્વને ગૌણ કરીને તેમાં જીવત્વપણાની કારણભૂત વિશેષતાને મુખ્ય કરવામાં આવી છે. આ અપેક્ષાથી જીવતત્ત્વ અથવા જીવપદાર્થના પણ બે ભેદ

---

૧. સમયસાર, ગાથા ૪૫ ટીકા  ૨. સમયસાર, ગાથા ૪૬
૩. આત્મખ્યાતિ, કળશ ૩૬  ૪. તાત્પર્યવૃત્તિ, સમયસાર - ૧૫૬-૧૬૦

કરવામાં આવ્યા છે - નિશ્ચયજીવ અને વ્યવહારજીવ.

આ વિષયને આસ્રવ આદિના વિવેચન દ્વારા હજી વધારે સારી રીતે સિદ્ધ કરી શકાય છે. આસ્રવતત્ત્વના બે ભેદ છે-દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવ. બીજી ભાષામાં કહીએ તો આને અજીવાસ્રવ અને જીવાસ્રવ પણ કહી શકીએ છીએ.

અહીંયા **પ્રશ્ન** એ છે કે **જીવાસ્રવ કે ભાવાસ્રવ તો જીવદ્રવ્યાત્મક છે અને અજીવાસ્રવ કે દ્રવ્યાસ્રવ પુદ્‌ગલદ્રવ્યાત્મક છે તો પછી આ બે દ્રવ્યોની ક્રિયાઓને સામાન્યથી એક તત્ત્વ શા માટે સ્વીકાર કરવામાં આવ્યા છે ?**

તેનો **જવાબ** એ છે કે **ભલે ને દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવ-એ બે ભિન્ન-ભિન્ન દ્રવ્યરૂપ હોય, પરંતુ તત્ત્વદ્રષ્ટિથી તે એક છે, તેથી એક જ તત્ત્વના ભેદ છે અને તે છે આસ્રવત્વ અથવા આસ્રવતત્ત્વ. આસ્રવતત્ત્વને કારણે જ આની એક પદાર્થરૂપ સંજ્ઞા આસ્રવપદાર્થની કરવામાં આવી છે.**

ભાવાસ્રવ અર્થાત્ રાગ-દ્વેષ-મોહભાવો અથવા શુભાશુભ યોગોનું જીવમાં નવેસરથી આવવું, તે ભાવાસ્રવ છે. આ જ રીતે દ્રવ્યાસ્રવ અર્થાત્ કાર્મણવર્ગણાનું આત્માની સાથે સંબંધિત થવા માટે આવવું (આગમન થવું, પ્રવેશ થવો), તે દ્રવ્યાસ્રવ છે, તેથી **દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવમાં આસ્રવપણું, સામાન્ય હોવાથી બંનેને એક આસ્રવતત્ત્વ અથવા આસ્રવપદાર્થ માન્યો છે.**

**આ જ રીતે બંધપણું સામાન્યને કારણે દ્રવ્યબંધ અને ભાવબંધ-બંનેને એક બંધતત્ત્વ અથવા બંધપદાર્થ માન્યા છે.**

**સંવરપણું સામાન્યને કારણે દ્રવ્યસંવર અને ભાવસંવર-બંનેને એક સંવરતત્ત્વ અથવા સંવરપદાર્થ માન્યા છે.**

**નિર્જરાપણું સામાન્યને કારણે દ્રવ્યનિર્જરા અને ભાવનિર્જરા-બંનેને એક નિર્જરાતત્ત્વ અથવા નિર્જરાપદાર્થ માન્યા છે.**

**મોક્ષપણું સામાન્ય હોવાને કારણે દ્રવ્યમોક્ષ અને ભાવમોક્ષ - બંનેને એક મોક્ષતત્ત્વ અથવા મોક્ષપદાર્થ માન્યો છે.**

**પુણ્યપણું સામાન્ય હોવાને કારણે દ્રવ્યપુણ્ય અને ભાવપુણ્ય-બંનેને એક પુણ્યતત્ત્વ અથવા પુણ્યપદાર્થ માન્યો છે.**

**પાપપણું સામાન્ય હોવાને કારણે દ્રવ્યપાપ અને ભાવપાપ-બંનેને (એક) પાપતત્ત્વ અથવા પાપપદાર્થ માન્યો છે.**

નિષ્કર્ષના રૂપમાં કહી શકીએ છીએ કે **એક પદાર્થ અથવા એક તત્ત્વ, દ્રવ્યદ્રષ્ટિથી બે દ્રવ્ય અથવા બે અસ્તિકાયરૂપ થઈ શકે છે તથા એક દ્રવ્ય અથવા એક અસ્તિકાય, તત્ત્વદ્રષ્ટિ અથવા પદાર્થદ્રષ્ટિથી નવ તત્ત્વ અથવા નવ પદાર્થરૂપ થઈ શકે છે.**

જે રીતે જાતિ અપેક્ષાએ દ્રવ્યોની સંખ્યા છ હોવા છતાં પણ સંખ્યા અપેક્ષાએ જીવ અનંત, પુદ્‌ગલદ્રવ્ય અનંતાનંત ધર્મ-અધર્મ-આકાશદ્રવ્ય એક-એક તથા કાળદ્રવ્ય અસંખ્યાત છે, તે જ રીતે તત્ત્વ અથવા પદાર્થ પણ જાતિ અપેક્ષાએ સાત અથવા નવ છે, **સંખ્યા અપેક્ષાએ ભેદ-પ્રભેદોની દ્રષ્ટિથી તેમની સંખ્યા પણ અનંત થઈ શકે છે.**

**અધ્યાત્મદ્રષ્ટિમાં આ પદાર્થદ્રષ્ટિ અથવા તત્ત્વદ્રષ્ટિની જ કમાલ છે કે જીવતત્ત્વને અન્ય અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - આ બધાં તત્ત્વો અથવા પદાર્થોથી અન્યસ્વરૂપ જોવામાં આવે છે. આ દ્રષ્ટિથી જોઈએ તો અજીવકર્મોનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જીવતત્ત્વની સાથે ન હોઈને જીવદ્રવ્યની એ પર્યાયોની સાથે ઘટિત થાય છે, જે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર આદિરૂપ કહેવામાં આવે છે, પરંતુ તેમને તો અલગ તત્ત્વ અથવા પદાર્થ માનવામાં આવ્યા છે. તેથી જીવતત્ત્વ એ બધાંથી અલગ પોતાના ચૈતન્યસ્વરૂપ જીવત્વ આદિ સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે. ઉપરોક્ત પુણ્ય, પાપ, આસ્રવ આદિના ભાવ મારા જીવતત્ત્વની ઉપર-ઉપર જ તરતાં રહે છે, મારા સ્વરૂપમાં પ્રવિષ્ટ થતાં નથી.**

આત્મખ્યાતિમાં કહ્યું પણ છે –

**ન હિ વિદધતિ બદ્ધસ્પૃષ્ટભાવાદયોऽમી**
**સ્ફુટમુપરિતરન્તોપ્યેત્ય યત્ર પ્રતિષ્ઠામ્,**
**અનુભવતુ તમેવ દ્યોતમાનં સમન્તાત્**
**જગદપગતમોહીભૂય સમ્યકસ્વભાવમ્.**[1]

અર્થાત્ **હે જગતના જીવો! તમે મોહરહિત થઈને આ સમ્યક્સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધ-સ્પષ્ટ આદિ ભાવ (પુણ્ય, પાપ, આસ્રવ, સંવર આદિ) સ્પષ્ટપણે તે સ્વભાવની ઉપર તરે છે, પરંતુ તેમાં પ્રતિષ્ઠા નથી પામતા.**

આ વિષયનું વિસ્તૃત વિવેચન, અમે અમારા શોધ-ગ્રંથ **'જૈનદર્શનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ'**માં કર્યું છે. જો કે તે હજી પ્રકાશનમાં નથી ગયું, છતાં પણ જો કોઈ ઈચ્છે તો અમે તેને તેના ઈ-મેઈલ પર અમારા શોધ-ગ્રંથની પ્રકાશ્ય પ્રત મોકલાવી શકીએ છીએ.

આશા છે, વાચકવર્ગ, આ વિવેચનના આધાર ઉપર તત્ત્વનિર્ણયને સમ્યક્-દિશા પ્રદાન કરશે.

– **ડૉ. રાકેશ જૈન શાસ્ત્રી**, નાગપુર

૧. આત્મખ્યાતિ, શ્લોક ૧૧

# અહો-ભાગ્ય !

(હિંદી સંસ્કરણમાંથી સાભાર)

**ઉપકાર જિનવર કા અહો, મુનિ કુંદ કા ધ્વનિ દિવ્ય કા,**
**જિન-કુંદ ધ્વનિ કે મર્મ ઉદ્‌ઘાટક શ્રી ગુરૂ કહાન કા.**

**શ્રી જિનેન્દ્ર દેવના પરમ પ્રસાદથી સંચિત પુણ્યના ફળસ્વરૂપે મને ૧૬ વર્ષની કિશોરાવસ્થામાં જ પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજી સ્વામીની સ્વાનુભવ રસ ઝરતી દિવ્યવાણી શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું અને નિશ્ચય-વ્યવહારનયોના નામ તથા તેઓની કથન-શૈલીથી પરિચિત થવાનું શરૂ થઈ ગયું. આનાથી પૂર્વે નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન વગેરે શબ્દ માત્ર સાંભળ્યા હતાં. તેથી આ વિષયમાં વિશેષ જિજ્ઞાસા સહજ ઉત્પન્ન થઈ ગઈ હતી, જેની પૂર્તિ હેતુ પૂજ્ય ગુરૂદેવશ્રીએ સમ્યક્ શ્રુતજ્ઞાનનો દીપક લઈને મારા જીવનમાં પદાર્પણ કર્યું.**

**પૂજ્ય ગુરૂદેવશ્રીના સમાગમના બે વર્ષ પછી ૧૯૭૦માં વિદિશામાં આયોજિત પ્રશિક્ષણ શિબિરમાં ડૉ. હુકમચંદજી ભારિલ્લનો પરિચય થયો, જેઓની તર્કપ્રધાન રોચક તથા સુબોધ શૈલીએ મને ઘણી ગહનતાથી (ઉંડાઈથી) પ્રભાવિત કર્યો. તેઓના પ્રથમ પ્રવચનમાં જ 'રામ-સીતા પતિ-પત્ની હતાં અને સીતા-રામ પત્ની-પતિ હતા, આ જ રીતે નિશ્ચય-વ્યવહારમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક અને વ્યવહાર-નિશ્ચયમાં નિષેધ્ય-નિષેધક સંબંધ છે.' આ વ્યાખ્યા સાંભળીને નયોનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા જોર પકડવા લાગી.**

**હવે લૌકિક અભ્યાસની સાથે-સાથે પૂજ્ય ગુરૂદેવશ્રીની છત્ર-છાયા, માનનીય રામજીભાઈ, ખીમચંદભાઈ, બાબુભાઈ, બાબૂ જુગલકિશોરજી, ડૉ. ભારિલ્લજી આદિના પ્રવચનોનો લાભ લઈને વ્યક્તિગત સ્વાધ્યાય મારા જીવનનો અભિન્ન (અવિભાજ્ય) અંગ બની ગયો.**

લૌકિક અભ્યાસ પૂરા થવાના ત્રણ વર્ષ પછી ૨૪ જુલાઈ, ૧૯૭૭ ના શ્રી ટોડરમલ દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયનો શુભારંભ થયો અને સ્વ.બાબુભાઈની પ્રબળ પ્રેરણા તથા ડૉ.સાહેબના વ્યક્તિત્વનું આકર્ષણ મને જયપુર ખેંચી ગયા. આ ક્રાંતિકારી પરિવર્તનમાં પરિવારનો પૂરેપૂરો સહયોગ પ્રાપ્ત થયો.

આ જ સુવર્ણકાળમાં ડૉ.સાહેબની લેખની (લેખનકાર્ય), ધર્મના દસ લક્ષણ તથા ક્રમબદ્ધપર્યાય બાદ પરમભાવપ્રકાશક નયચક્ર જેવી કાળજયી રચનાઓને જન્મ આપી રહી હતી. સૌભાગ્યથી વર્ષ ૧૯૮૧ માં મારૂં જૈનદર્શન શાસ્ત્રીનું અધ્યયન પુરૂં થયું અને એ જ સમયે નયચક્રનું પ્રથમ સંસ્કરણ પ્રકાશિત થયું. આ કૃતિઓના જન્મના પૂર્વે ગર્ભકાળમાં જ આમનો પરિચય પામીને હું ધન્ય થઈ ગયો.

સ્વ. શ્રી નેમીચંદજી પાટણી તથા ડૉ.સાહેબનો અવિસ્મરણીય ઉપકાર છે કે તેઓએ મને, મારી શાસ્ત્રી પદવી બાદ મહાવિદ્યાલયમાં અધ્યાપન કાર્યનો અવસર આપ્યો તથા આત્મખ્યાતિ, મોક્ષમાર્ગ પ્રકાશક આદિ ગ્રંથોની સાથે-સાથે નયચક્ર અને ક્રમબદ્ધપર્યાયનું અધ્યાપન મને સોંપ્યું. કાળાંતરે પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તથા અન્ય ધાર્મિક પ્રસંગોમાં બહાર જવાથી અધ્યાપનનો અવસર ક્ષીણ થવા છતાં પણ નયચક્ર અને ક્રમબદ્ધ પર્યાયનું અધ્યાપન અક્ષુણ્ણ રહ્યું. જયપુરમાં આયોજિત શિબિરમાં પણ નયચક્રના અધ્યાપનનું સૌભાગ્ય મને જ મળ્યું.

આ રીતે જયપુરમાં ૨૧ વર્ષના અધ્યયન-અધ્યાપન તથા ડૉ.સાહેબના સમાગમથી નયચક્ર આદિ બધાં ગહન વિષય મારા જ્ઞાનમાં પ્રતિષ્ઠિત થઈ ગયા અને છિંદવાડા તથા દેવલાલી પ્રવાસમાં પણ આ જ કાર્ય આ મનુષ્ય જીવનનો મુખ્ય વ્યવસાય બની ચૂક્યો છે.

જયપુર-વિયોગના સમયે તત્કાલીન છાત્રો તથા અનેક સાધર્મિયોનો પ્રબળ આગ્રહ હતો કે નયચક્ર તથા ક્રમબદ્ધપર્યાયના અધ્યાપનમાં સમાગત સ્પષ્ટીકરણને લિપિબદ્ધ કરૂં, જેથી આગામી

પેઢી તેનો લાભ લઈ શકે.

ક્રિયા, પરિણામ અને અભિપ્રાય તથા ક્રમબદ્ધ પર્યાય નિર્દેશિકાના લેખન-પ્રકાશન પછી નયચક્રના વિષયમાં કાંઈક લખવાની વિચારધારા પ્રબળ થઈ ઉઠી. કેટલાય વર્ષ આ ઉંહાપોહ (મંથન) માં જ વ્યતીત થઈ ગયા કે શું લખું? કેવી રીતે લખું? કારણ કે જે વિષય ઉપર ડૉ. ભારિલ્લજી જેવા સશક્ત લેખક એક ઉંડાણભરી અને ક્રાંતિકારી કૃતિ લખી ચૂક્યા હોય, તે વિષય ઉપર કાંઈ લખવાનું સાહસ નહોતું થતું, વિચારતા-વિચારતા નિર્ણય થયો કે કાર્ય પ્રારંભ કરીશું તો સ્વયં આગળ રસ્તો મળી રહેશે.

તેથી સાહસ કરીને અમેરિકા પ્રવાસ દરમ્યાન અતુલભાઈ ખારાના ઘરે પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરીને તા. ૨૦ જૂન, ૨૦૦૮ના આ કૃતિનો શુભારંભ થઈ ગયો. આની વચ્ચે અનેક ગ્રંથોના પદ્યાનુવાદ આદિ કાર્ય પણ થતા ગયા તથા આ કૃતિનું લેખન કાર્ય પણ ધીરે-ધીરે આગળ વધતું ગયું. અનેક વિદ્વાનોથી સંપર્ક કરીને તેમની સલાહ (સૂચન) લેવામાં પણ ઘણો સમય લાગ્યો. તેથી માર્ચ ૨૦૧૩, ફાગણની અષ્ટાન્હિકાના અવસરે આ કાર્ય પૂર્ણતાને પ્રાપ્ત થયું.

આ કૃતિ પરમભાવપ્રકાશક નયચક્રના અનુશીલનના રૂપમાં વિકસીત થતી ગઈ. આની મુખ્ય વિશેષતાઓ આ મુજબ છે -

1. આનો મૂળ આધાર પરમભાવપ્રકાશક નયચક્ર છે.

2. આમાં મૂળ ગ્રંથમાં આપવામાં આવેલ આગમના ઉદાહરણોને ઓછા કરીને માત્ર એનો સંદર્ભ આપવામાં આવ્યો છે.

3. ડૉ. સાહેબે જે પ્રકરણનો વધારે વિસ્તાર કર્યો છે, તેને સંક્ષિપ્તમાં બિંદુવાર (મુદ્દાપ્રમાણે) અથવા ચાર્ટના રૂપમાં પ્રસ્તુત કર્યો છે. જેમ કે-લૌકિક તથા લોકોત્તર વિશ્વ વ્યવસ્થાની સરખામણી.

4. જે મુદ્દાઓને ડૉ. સાહેબે ગ્રંથ વિસ્તારના ભયથી સ્પષ્ટ નથી કર્યા, તેને સ્પષ્ટ કરવામાં આવ્યા છે, જેમ-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક

નિશ્ચય-વ્યવહારના હેતુ છે.

5. નયાભાસ, પક્ષાતિક્રાંત તથા આગમ અને અધ્યાત્મને અલગ અધ્યાયોમાં વિશેષ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

6. વિષયને સ્પષ્ટ કરવા માટે પ્રશ્નોત્તર પદ્ધતિનો પ્રયોગ વધારે કરવામાં આવ્યો છે.

7. સ્યાદ્વાદ અને અનેકાંત તથા સપ્તભંગ પ્રકરણને પ્રશ્નોત્તર શૈલીમાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત મુદ્દાઓના આધાર પર આ કૃતિને સર્વજનોપયોગી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમ-જેમ લેખનકાર્ય આગળ વધતું ગયું, આને અનેક વિદ્વાનો/મિત્રોને બતાવીને તેઓના સલાહ-સૂચનો જાણવાના પ્રયત્ન પણ કરવામાં આવ્યા. માનનીય બ્ર.રવીન્દ્રજીની સામે પણ કેટલાક અંશોનું વાંચન પણ કરવામાં આવ્યું, જેમાં તેઓનું મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત થયું. શ્રી અશ્વિનભાઇ શાહે (મલાડ) પણ અનેક મહત્ત્વપૂર્ણ સૂચનો આપ્યા. ધ્રુવધામ માસિક પત્રિકામાં એનું નિયમિત પ્રકાશન શરૂ થયું, જેનાથી અનેક મિત્રો દ્વારા પ્રોત્સાહન પણ પ્રાપ્ત થયું.

આદરણીય ડૉ. હુકમચંદજી ભારિલ્લે અત્યંત વ્યસ્તતા હોવા છતાં પણ આ કૃતિના વિષયમાં જરૂરી માર્ગદર્શન કર્યું તથા મંગલ આશીર્વાદ પ્રદાન કર્યા, તેથી તેઓનો ચિર ઋણી છું.

મારા ઘનિષ્ઠ મિત્ર પ્રિય બંધુ ડૉ.રાકેશ જૈન (નાગપુર), જેમણે એન્જીયોપ્લાસ્ટી કરાવ્યા બાદ પણ સ્વાસ્થ્ય લાભની ચિંતા કર્યા વિના પણ આ પૂરી રચનાને અત્યંત ઉંડાણપૂર્વક (ગહનતાથી) વાંચીને આનું સંપાદન કરીને એટલું પરિષ્કૃતરૂપ પ્રદાન કર્યું છે, તે બદલ તેમનો અનુગ્રહીત છું.

બાલ બ્રહ્મચારી સુમતપ્રકાશજીના સૂચનો પણ ઉપયોગી સિદ્ધ થયા છે, તેથી તેઓનો પણ આભારી છું.

મારા છાત્ર શ્રી સંજયજી શાસ્ત્રીએ (જયપુર) જેમણે આ કૃતિના મુદ્રણનો કાર્યભાર સંભાળીને મને નિશ્ચિંત કરી દીધો, તેથી તેમના પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કર્યા વિના નથી રહી શકતો. સાથે જ ટાઈપીંગ હેતુ શ્રી પંકજ જૈન, શિવની તથા શ્રીમતી પ્રીતિ જૈન (જયપુર)નો આભારી છું.

આ રીતે આ કૃતિને નિર્દોષ રૂપ પ્રદાન કરવામાં અનેક વિશેષજ્ઞ વિદ્વાનોનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો છે, જેમનો ઉપકાર ભૂલી શકીએ નહીં. આ કૃતિ, પ્રતિપાદ્ય વિષયને બધી બાજુઓ (પાસાઓ)થી સ્પષ્ટ કરવામાં સમર્થ અને નિર્દોષ બની રહે તે બદલ બુદ્ધિપૂર્વક સંપૂર્ણ સાવધાની રાખવા છતાં પણ અજાણ્યે અનેક ક્ષતિઓ રહી જવી શક્ય છે, તેથી વિદ્વાનો તથા પ્રબુદ્ધ વાંચકોને વિનમ્ર અનુરોધ છે કે ક્ષતિઓ તરફ ધ્યાનાકર્ષિત જરૂર કરે, જેથી તેના ઉપર પુનર્વિચાર કરીને આગામી સંસ્કરણને પરિશુદ્ધ કરવામાં આવી શકે.

શ્રી અતુલભાઈ ખારા તથા જૈન અધ્યાત્મ-એકેડમી ઓફ નોર્થ અમેરીકા પરિવારનો વિશેષ આભારી છું, જેઓએ આ કૃતિના પ્રકાશનનું ગુરૂતર (મુખ્ય) દાયિત્વ સહર્ષ સ્વીકાર કર્યું. પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ તો મારા જીવનનું અભિન્ન અંગ છે, તેથી તેનો આભાર માનવો તે વિચિત્ર લાગે છે, છતાં પણ તે આના સંયુક્ત પ્રકાશક છે, તેથી કૃતજ્ઞતા વ્યક્ત કર્યા વગર નથી રહી શકતો.

બધાં જીવ નય-રહસ્યને જાણીને નયાતીત દશા પ્રાપ્ત કરવાનો સમ્યક્ પુરૂષાર્થ પ્રગટ કરે-એ જ ભાવના ભાવતો થકો સ્વયં નયાતીત થવાના પુરૂષાર્થ હેતુ, ઉદ્યમી થવાની કામના કરૂં છું.

ભાદરવા સુદ પાંચમ — અભયકુમાર જૈન

9 સપ્ટે., 2013 — એમ.કોમ., જૈનદર્શનાચાર્ય

# મંગલાચરણ

જો એક શુદ્ધ વિકાર વર્જિત, અચલ પરમ પદાર્થ હૈ,
જો એક સાધક ભાવ નિર્મલ, નિત્ય નિજ પરમાર્થ હૈ;
જીસકે દરશ વ જાનને કા, નામ દર્શન જ્ઞાન હૈ,
હો નમન ઉસ પરમાર્થ કો, જિસમેં ચરણ હી ધ્યાન હૈ. ।। ૧ ।।

નિજ આત્મા કો જાનકર, પહચાન કર જમકર અભી,
જો બન ગયે પરમાત્મા, પર્યાય મેં ભી વે સભી;
વે સાધ્ય હૈ, આરાધ્ય હૈ, આરાધના કે સાર હૈ,
હો નમન ઉન જિનદેવ કો, જો ભવજલધિ કે પાર હૈ. ।। ૨ ।।

નયચક્ર સે જો ભવ્યજન કો, સદા પાર ઉતારતી,
જગજાલમય એકાંત હો, જો રહી સદા નકારતી;
નિજતત્વ કો પાકર ભવિક, જિસકી ઉતારે આરતી,
નયચક્રમય ઉપલબ્ધ નિત, યહ નિત્યબોધક ભારતી. ।। ૩ ।।

નયચક્ર કે સંસાર મેં, જો ચતુર હૈ પ્રતિબુદ્ધ હૈ,
ભવચક્ર કે સંહાર મેં, જો પ્રતિસમય સન્નદ્ધ હૈ;
નિજ આત્મા કી સાધના મેં, નિરત તન મન લગન હૈ,
ભવ્યજન કે શરણ જિનકે, ચરણ ઉનકો નમન હૈ ।। ૪ ।।

કર કર નમન નિજ ભાવ કો,જિન જિનગુરૂ જિનવચન કો,
નિજભાવ નિર્મલ કરન કો, જિનવર કથિત નયચક્ર કો;
નિજબુદ્ધિ બલ અનુસાર, પ્રસ્તુત કર રહા હૂઁ વિજ્ઞજન,
ધ્યાન રખના ચાહિએ, યદિ હો કહીં કુછ સ્ખલન. ।। ૫ ।।

– ડૉ. હુકમચંદજી ભારિલ્લ.

# અનુક્રમણિકા

★ પ્રકાશકીય ..............પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
★ અનુવાદક ઉદ્‌બોધન ................ હિતેન્દ્ર કુંવરજી વોરા
★ મંગલ આશીર્વાદ ................. ડૉ. હુકમચંદજી ભારિલ્લ
★ સંપાદકીય/પ્રસ્તાવના ..............ડૉ. રાકેશકુમાર જૈન
★ અહો ભાગ્ય!.................. લેખકશ્રી અભયકુમાર જૈન

| ક્ર. | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| ● | વિષય પ્રવેશ | 1 |
| ૧. | નયજ્ઞાનની જરૂરિયાત | 4 |
| ૨. | નયોનું સામાન્ય સ્વરૂપ | 9 |
| ૩. | નયોની પ્રમાણથી ભિન્નતા અને અભિન્નતા | 23 |
| ૪. | નયોના મૂળ ભેદ | 28 |
| ૫. | નિશ્ચયનય અને વ્યવહારનય | 36 |
| ૬. | જૈનાભાસ | 72 |
| ૭. | પક્ષાતિક્રાંત | 99 |
| ૮. | નિશ્ચયનયના ભેદ-પ્રભેદ | 120 |
| ૯. | વ્યવહારનયના ભેદ-પ્રભેદ | 154 |
| ૧૦. | પંચાધ્યાયીમાં આવેલા વ્યવહારનયના ભેદ-પ્રભેદ તથા નયાભાસ | 191 |
| ૧૧. | નયોના સંદર્ભમાં : આગમ અને અધ્યાત્મ | 208 |
| ૧૨. | દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય | 216 |
| ૧૩. | દ્રવ્યાર્થિકનયના ભેદ-પ્રભેદ | 237 |
| ૧૪. | પર્યાયાર્થિકનયના ભેદ-પ્રભેદ | 266 |
| ૧૫. | નયના ત્રણ રૂપ - શબ્દનય, અર્થનય, જ્ઞાનનય | 279 |
| ૧૬. | નૈગમાદિ સપ્તનય | 287 |
| ૧૭. | સુડતાલીસ નય | 315 |
| ૧૮. | અનેકાંત - સ્યાદ્વાદ | 356 |
| ૧૯. | સપ્તભંગ | 370 |

# મંગલાચરણ

(દોહો)

મંગલમય જિનરાજ કો, વંદુ વારંવાર,
જિનવાણી-ગુરૂ કો નમું, નય-રહસ્ય દાતાર.

ધન્ય ધન્ય જિનદેવ કા, સ્યાદ્વાદ નયચક્ર,
જિસે સાધને સે મિટે, ભવિજન કા ભવચક્ર.

(વીરછંદ)

જિનવર કા નયચક્ર અહો! યહ મોહ તિમિર કરે વિનાશ,
ભેદજ્ઞાનકી દિવ્ય-જ્યોતિમેં, શુદ્ધાત્મા કા કરે પ્રકાશ,
એક અખંડ અભેદ ત્રિકાળી, જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય સ્વભાવ,
પરમ શુદ્ધનય કરે પ્રકાશિત, પરમ પારિણામિક નિજભાવ.

ઉભય નયાશ્રિતિ શિવપુર પથ પર, સમ્યક્જ્ઞાન સુરથ ચાલક,
હૈ પ્રવીણ નયચક્ર ચલાને મેં ગુરૂ શરણાગત પાલક,
પ્રતિપાદક પરમાર્થ તત્વ કા, અતઃ કહે સમ્યક્ વ્યવહાર,
કિંતુ નિષિધ્ધ સુનિશ્ચય સે હૈ, ભેદજ્ઞાન કા યહી પ્રકાર.

દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનય, કહે યથાર્થ પદાર્થ સ્વભાવ,
નિત્યાનિત્ય અભેદ-ભેદમય, એકાનેક ચિદાનંદ ભાવ,
સ્યાદ્વાદમયજિનવાણી લે, નય-વિરોધ કા કરે શમન,
જો અનાદિ અક્ષુણ્ણ ચિદાતમ, લખેં, મોહ કા કરે વમન.

નયપક્ષો સે મુક્ત હુએ જો, નિજ સ્વરૂપમેં ગુપ્ત રહેં,
નિર્વિકલ્પ હો શાંતચિત્ત, વે હી અમૃત-સાક્ષાત પિયેં,
જિનપ્રવચન કા મર્મ અહો! યહ, જાનો નય-રહસ્ય કા સાર,
અંતર્મુખ પરિણતિ મેં બહતી, ચિદાનંદ રસ અમૃત ધાર.

ॐ

# નય-રહસ્ય

## વિષય-પ્રવેશ

**(દોહો)**

**શ્રી જિનવર ની વંદના, કરૂં સહજ નિષ્કામ,**
**પક્ષાતિક્રાન્ત પરમાત્મા, પામું મંગલધામ;**
**નય-પ્રમાણ થી જાણીને, સપ્ત તત્ત્વનો મર્મ,**
**રત્નત્રયનિધિ પ્રાપ્તકરી, નાશે ત્રિવિધ દુષ્કર્મ.**

આ વિશ્વને જગત, લોક, દુનિયા આદિ અનેક નામોથી સંબોધિત કરવામાં આવે છે. કોઈ બુદ્ધિમાન વ્યક્તિ એ જ ક્યારેક આને દુનિયા (બે 'નય' વાળી) કહેવું પ્રારંભ કર્યુ હશે, કારણ કે આ જગતની ગાડી મુખ્યત્વે બે નયોના પાટા ઉપર જ ચાલે છે. સંપૂર્ણ જિનાગમ તો બે નયોની શૈલીમાં વસ્તુ સ્વરૂપનું તથા મોક્ષમાર્ગનું નિરૂપણ કરે જ છે, જન-સામાન્ય પણ લૌકિક પ્રસંગોમાં ભિન્ન-ભિન્ન અપેક્ષાઓનો પ્રયોગ કર્યા વગર નથી રહેતા.

શું એક બાળક પોતાની માતામાં વિદ્યમાન માતૃધર્મને મુખ્ય કર્યા વિના તેને માઁ કહી શકે છે? ના ! શું આપણે કોઈ ચાયવાળાને 'એ ચાય' ! અથવા ટૅક્સીવાળા ને 'એ ટૅક્સી' ! કહીને નથી બોલાવતા?

કોઈ અપેક્ષા વગર આ વ્યવહાર કેવી રીતે શક્ય છે? આ રીતે લોકમાં પણ વસ્તુનું કથન, અપેક્ષાથી કરવાની પદ્ધતિ જોવામાં આવે છે.

હવે આ પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે કે દુનિયામાં જૈનો સિવાય 'નય'શબ્દનો પ્રયોગ તો કોઈ નથી કરતા અને જૈનોમાં પણ માત્ર કેટલાંક વિદ્વાનોને છોડીને કોઈ પણ 'નય' શબ્દનો પ્રયોગ કરતા જોવામાં આવતા નથી. શું કોઈ બાળક પોતાની માતાને એમ કહે છે કે 'તું આ નયથી મારી માતા છે?' જો નહીં, તો પછી તમે આ કેવી રીતે કહી શકો છો કે નય વિના દુનિયાનું કામ પણ નથી ચાલતું?

ભાઈ! નયોની મહત્તા બતાવવા માટે જ પૂજ્ય માઈલ્લ ધવલ, શ્રી આચાર્ય દેવસેન, શ્રી જિનેન્દ્ર વર્ણી, ડૉ. હુકમચંદજી ભારિલ્લ આદિ ગહન ચિંતકો દ્વારા નય સંબંધી અનેક ગ્રંથો રચવામાં આવ્યા છે અને તેમના વિશેષ સ્પષ્ટીકરણ માટે આ પુસ્તક લખાઈ રહ્યું છે; જેથી આપણે નયોનું સ્વરૂપ, તેમની ઉપયોગિતા તથા ભેદ-પ્રભેદ આદિ ના વિષયમાં આવશ્યક વિસ્તાર તથા ઉંડાઈથી જાણી શકીએ. હવે રહી વાત જન-સાધારણ દ્વારા 'નય 'શબ્દનો પ્રયોગ ન કરવાની, તો માત્ર શબ્દ પ્રયોગમાં જ 'નય' નથી હોતા, નય તો ભાવ અર્થાત્ જ્ઞાનમાં હોય છે. એક બાળક 'માતા ' શબ્દની પરિભાષા નથી જાણતો; પરંતુ માતાના વાત્સલ્યનો અનુભવ અવશ્ય કરે છે. આ જ પ્રકારે તે ભૂખ-તરસ, ક્રોધ-પ્રેમ આદિ શબ્દોને નથી જાણતો, પરંતુ આ ભાવોનું વેદન તો કરે જ છે.

આનાથી આ સ્પષ્ટ થાય છે કે ભાવાનુભૂતિ ભાષાને આધારે નથી થતી. કેવી વિડંબના છે કે ભાષા-જ્ઞાનથી રહિત બાળક, માતાના વાત્સલ્યનો જેટલો ઉંડો અનુભવ કરે છે, ભાષા-જ્ઞાનથી સમૃદ્ધ યુવક થયા પછી તેની અનુભૂતિમાં માતા પ્રત્યે એટલી આસક્તિ નથી થતી, જેટલી બાળપણમાં હતી. પહેલા તે એક પળ માટે પણ માતાને જોયા

વિના રહી શકતો ન હતો અને હવે માતાને છોડીને સાત સમુદ્ર પાર (દૂર દેશાવર) જવા માટે પણ તૈયાર છે.

આ તો થઈ લોકની વાત; અહીં તો આત્મ-કલ્યાણમાં રૂચિવંત જીવોને સ્વ-પર, આત્મા-પરમાત્મા, સાત તત્ત્વ આદિ પ્રયોજનભૂત વાતોનો યથાર્થ નિર્ણય થઈ શકે - આ પ્રયોજનથી નયોનું વિશુદ્ધ અનુશીલન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, કારણ કે સંપૂર્ણ જિનાગમમાં પ્રમાણ અને નયથી જ વસ્તુ-સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. મહાશાસ્ત્ર **તત્ત્વાર્થસૂત્ર**માં તો સાત તત્ત્વોને જાણવાનો ઉપાય પ્રમાણ-નયોને બતાવતા '**પ્રમાણનયૈરધિગમઃ**'[1]- આ સૂત્રની રચના કરવામાં આવી છે.

ખરેખર પ્રમાણ અને નય એવા ત્રાજવા સમાન છે, જેના પર અનેક વસ્તુઓનું તોલ-માપ કરવામાં આવે છે. વજન કરવાવાળી વ્યક્તિ ત્રાજવાનો પ્રયોગ કરવાનું તો જાણે જ છે; અન્યથા તે પદાર્થોનું સાચું વજન કેવી રીતે જાણી શકશે? માટે જો આપણે પ્રયોજનભૂત સાત તત્ત્વોનું સાચું સ્વરૂપ જાણવા ઈચ્છીએ છીએ તો આપણે પ્રમાણ-નયના ત્રાજવાનો પ્રયોગ કરવાનું શીખવું જ પડશે, અન્યથા તત્ત્વોના વિષયમાં વિપરીત શ્રદ્ધા પૂર્વવત્ જ રહેશે, જેનાથી સંસાર ભ્રમણનો અંત ક્યારેય નહીં આવી શકે.

## અભ્યાસ-પ્રશ્ન

૧. ભાષા અને પરિભાષા જાણ્યા વિના લૌકિક જગતમાં પણ નયોનો પ્રયોગ કેવી રીતે થાય છે?

૨. આ પુસ્તક લખવાનું પ્રયોજન શું છે?

---

૧. તત્ત્વાર્થસૂત્ર, પ્રથમ અધ્યાય, સૂત્ર ૬

# 1

## નયજ્ઞાનની આવશ્યકતા

નયોનું સ્વરૂપ તથા ભેદ-પ્રભેદની વિસ્તૃત ચર્ચા કરવાથી પહેલા નયોને જાણવાની જરૂરીયાતના વિષયમાં વિચાર કરવો જરૂરી છે. આ બાબતમાં દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્રની ગાથા ૧૮૧ અત્યંત પ્રેરણાદાયક છે: -

**જે ણયદિટ્ઠિ વિહીણા તાણ ણ વત્થૂસહાવઉવલદ્ધિ ।**
**વત્થુસહાવવિહૂણા સમ્માદિટ્ઠી કહં હુંતિ ।।**

**જે નય-દૃષ્ટિ (નય-જ્ઞાન) થી રહિત છે, તેમને વસ્તુ-સ્વભાવની ઉપલબ્ધિ નથી થઈ શકતી અને જે વસ્તુ સ્વભાવથી રહિત છે, તેઓ સમ્યક્દૃષ્ટિ કેવી રીતે હોઈ શકે ?**

અહીં આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે કે સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે નય-જ્ઞાનને અનિવાર્ય બતાવવામાં આવ્યું છે.

કેટલાંક લોકો કહે છે કે પ્રમાણ-નય તો પંડિતાઈ કરવા માટે છે, પંડિતો માટે છે, આપણે તો આત્માનો અનુભવ કરવો છે, માટે અમો એમાં શા માટે ગૂંચવાઈએ? કારણ કે અનુભવમાં તો નય-વિકલ્પ હોતા નથી? આવું કહેવાવાળા લોકોને મારો એ જ અનુરોધ છે કે તેઓ આ પ્રકરણને ગંભીરતાથી સમજે.

અનુભવમાં નય-વિકલ્પ નથી, પરંતુ શુદ્ધનયનો વિષય તો છે જ; માટે નયોનો પ્રયોગ કર્યા વિના આત્મ-સ્વરૂપનો નિર્ણય કેવી રીતે થશે? રહી વાત પંડિતાઈની, તો ભલે કોઈ વક્તા હો કે ન હો,

વસ્તુ-સ્વરૂપનો નિર્ણય કરવો તો પ્રત્યેક આત્માર્થીને માટે આવશ્યક છે અને હું પૂછું છું કે સાચી પંડિતાઈ શું ખરાબ ચીજ છે?

આત્માનુભવી વિદ્વાનોની પ્રશંસા કરતા થકાં તો પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજીસ્વામી પણ વારંવાર કહે છે – **'દિગંબરોના પંડિતોએ પણ ગજબ કામ કર્યું છે.'**

પંડિત રાજમલજી પાંડે, પંડિત બનારસીદાસજી, પંડિત ટોડરમલજી, પંડિત જયચંદજી છાબડા, પંડિત દીપચંદજી કાસલીવાલ આદિ વિદ્વાનોના પ્રતિ તેમના ઉદ્ગારો, આજ પણ તેમના પ્રવચનોની સી.ડી. આદિ માં ઉપલબ્ધ છે. અરે! પ્રાચીન વિદ્વાનોની વાત તો દૂર, પંડિતાઈના અભિમાન પર પ્રહાર કરવા છતાં તેઓશ્રી પણ, ક્યારેક ક્યારેક પોતાના શિષ્ય-વિદ્વાનોની પ્રશંસા કરીને તેઓને પ્રોત્સાહિત કરતા થકા સાંભળી શકીએ છીએ.

માત્ર શાસ્ત્ર-જ્ઞાનની નિરર્થકતા બતાવતા પણ શાસ્ત્રાભ્યાસની પ્રેરણા આપવી તથા પંડિતાઈના અહમ્ પર પ્રહાર કરતાં થકા પણ પંડિતોના કાર્યની ઉન્મુક્ત પ્રશંસા કરવી- એવો સન્તુલિત દૃષ્ટિકોણ, તે જ પૂજ્ય ગુરૂદેવશ્રીના ચિંતનની જ પ્રમુખ વિશેષતા છે.

જિનવાણીમાં પણ અનેક પ્રકારના પરસ્પર વિરોધી લાગતા એવા કથન જોવા મળે છે. ક્યાંક આત્માને સિદ્ધ સમાન જ્ઞાનાનંદ સ્વભાવી કહેવામાં આવે છે તો ક્યાંક તેને અજ્ઞાની, મૂઢ અને દુઃખી કહેવામાં આવે છે. ક્યાંક તેને અભેદ, અખંડ, ત્રિકાળી, ચિદ્ઘનમાત્ર આદિ બતાવીને એકરૂપ કહેવામાં આવે છે તો ક્યાંક તેને મનુષ્ય, તિર્યંચ, રાગી-દ્વેષી અથવા ગુણસ્થાન, માર્ગણાસ્થાનના ભેદોથી અનેકરૂપ કહેવામાં આવે છે.

જો આ કથનોની અપેક્ષા અને પ્રયોજન નહીં સમજીએ તો તેનો વાસ્તવિક મર્મ કેવી રીતે જાણી શકીશું? અને તેનો મર્મ જાણ્યા વિના આત્મ-સ્વરૂપનો યથાર્થ નિર્ણય અને અનુભવ કેવી રીતે થઈ શકશે? તેથી યથાર્થ તત્ત્વનિર્ણય કરવા માટે નયોનું સ્વરૂપ જાણવું

આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય છે.

નયજ્ઞાનની જરૂરીયાતનું પ્રતિપાદન કરતાં થકા તે જ નયચક્રકાર ગાથા ૪૧૭ માં લખે છે :-

**લવણં વ ઈણં ભણિયં, ણયચક્કં સયલ સત્થસુદ્ધિયરં ।**
**સમ્મા વિ ય સુઅ મિચ્છા, જીવાણં સુણય મગ્ગરહિયાણં ।।**

**જેવી રીતે મીઠું (નમક) ભોજનને શુદ્ધ (સ્વાદિષ્ટ) બનાવી દે છે, તેવી જ રીતે નયચક્ર બધાં શાસ્ત્રોને શુદ્ધ કરી દે છે. સુનયના જ્ઞાનથી રહિત જીવો માટે સમ્યક્શ્રુત પણ મિથ્યા થઈ જાય છે.**

**પ્રશ્ન :** એક તરફ સમ્યક્શ્રુત કહેવામાં આવે છે અને બીજી તરફ તેને મિથ્યા પણ કહી રહ્યા છો, ભલા સમ્યક્શ્રુત મિથ્યા કઈ રીતે હોઈ શકે છે?

**ઉત્તર :** ભાઈ ! તે શ્રુત/શાસ્ત્ર, કેવળીના વચનાનુસાર વીતરાગી સંતો અને જ્ઞાનીઓ દ્વારા લખાયેલ છે- એ અપેક્ષાથી તો સમ્યક્શ્રુત જ છે, પરંતુ જો આપણે તેને યથાર્થ અપેક્ષાથી ગ્રહણ નહીં કરીયે તો તત્સંબંધી આપણું જ્ઞાન મિથ્યા જ થયું.

**પ્રશ્ન :** સમ્યક્શ્રુત પણ મિથ્યા થઈ ગયું-આ ઉદ્દેશનું સ્પષ્ટીકરણ અન્ય ક્યાંય પણ છે શું?

**ઉત્તર :** આચાર્યકલ્પ પંડિતશ્રી ટોડરમલજી સાહેબે મોક્ષમાર્ગ-પ્રકાશકના સાતમા અધ્યાયમાં જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવાવાળાઓને પણ જે મિથ્યાત્વ હોય છે, તેને નિશ્ચયાભાસ-વ્યવહારાભાસ-ઉભયાભાસના રૂપમાં સ્પષ્ટ કરેલ છે. આ નિશ્ચયાભાસ આદિ માન્યતાઓ, જિનવાણીનો વિપરીત અર્થ ગ્રહણ કરવાથી જ થઈ છે.

આ રીતે એ સિદ્ધ થાય છે કે નયોના યથાર્થ જ્ઞાન વિના સમ્યક્શ્રુત પણ મિથ્યા થઈ જાય છે.

**પ્રશ્ન :** આત્મા તો સ્વભાવથી નયપક્ષાતીત છે તથા અનુભૂતિમાં પણ નય વિકલ્પ નથી રહેતા, તો પછી આત્માનુભૂતિ માટે નયોને

જાણવાની શું જરૂરીયાત છે?

**ઉત્તર** : શ્રુતભવનદીપક નયચક્રમાં આચાર્યશ્રી દેવસેનજીએ આ જ સંદર્ભમાં લખ્યું છે કે જો કે આત્મા સ્વભાવથી નયપક્ષાતીત છે; છતાં પણ તે નયજ્ઞાન વિના પર્યાયમાં નયપક્ષાતીત નથી થઈ શકતો, કારણ કે તે આત્મા, અનાદિકાળથી કર્મવશ અસત્-કલ્પનાઓમાં ગૂંચવાઈ રહ્યો છે, તેથી સત્‌કલ્પનારૂપ અર્થાત્ સમ્યક્ વિકલ્પાત્મક નયોનું સ્વરૂપ કહીએ છીએ.

**પ્રશ્ન** : અસત્‌કલ્પના અને સત્‌કલ્પનાથી શું ઉદ્દેશ છે?

**ઉત્તર** : અનાદિકાલીન મિથ્યાત્વના ઉદયથી થવાવાળી મિથ્યા માન્યતાઓ જ અસત્‌કલ્પનાઓ છે અથવા પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને વિષે વિપરીત માન્યતાઓ અસત્‌કલ્પનાઓ છે. સમયસાર, મોક્ષમાર્ગ પ્રકાશક, યોગસાર, છ ઢાળા આદિ અનેક ગ્રંથોમાં આ મિથ્યા માન્યતાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

જિનાગમનાં અભ્યાસથી જે વિકલ્પાત્મક યથાર્થ તત્ત્વનિર્ણય થાય છે, તે જ સત્‌કલ્પના છે. આ નિર્ણય, વસ્તુ સ્વરૂપને અનુરૂપ હોવાથી સત્ કહેવામાં આવે છે અને નિર્વિકલ્પ અનુભૂતિથી રહિત માત્ર વિકલ્પાત્મક જ્ઞાનમાં હોવાથી તેને કલ્પના કહેવામાં આવે છે.

**પ્રશ્ન**: સત્કલ્પના અને નિર્વિકલ્પ અનુભૂતિમાં શું તફાવત છે ?

**ઉત્તર** : જિનાગમના અભ્યાસના નિમિત્તથી વિકલ્પાત્મક ભૂમિકામાં થવાવાળો યથાર્થ તત્ત્વનિર્ણય, સત્‌કલ્પના છે. તેમાં મનના અવલંબનથી પ્રમાણ – નય દ્વારા વસ્તુ સ્વરૂપનો અથવા સાત તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવાના બળથી સ્વરૂપની રૂચિ વધતાં-વધતાં ઉપયોગ અંતર્મુખ થઈ જાય છે અને બુદ્ધિપૂર્વકનાં વિકલ્પ પણ ઉપશમ થઈ જાય છે, આ જ નિર્વિકલ્પ અનુભૂતિ અર્થાત્ પક્ષાતિક્રાંત દશા છે.

**પ્રશ્ન** : શું પક્ષાતિક્રાંત અવસ્થા હંમેશા બની રહે છે?

**ઉત્તર** : નીચલી ભૂમિકામાં ઉપયોગમાં નિર્વિકલ્પ દશા તો અતિ અલ્પકાળ સુધી રહે છે, ત્યાર પછી ફરીથી શુભાશુભ વિકલ્પ થવા

લાગે છે, પરંતુ અભિપ્રાય અર્થાત્ પ્રતીતિમાં શુદ્ધાત્મતત્ત્વમાં 'અહં' ની ધારા નિરંતર ચાલતી રહે છે. આ ધારા પણ પ્રમાણ-નયના વિકલ્પોથી રહિત હોવાથી પક્ષાતિક્રાન્ત જ કહેવાય છે. આ પક્ષાતિક્રાન્ત દશાનું વિસ્તૃત વિવેચન આ જ પુસ્તકના અધ્યાય ૭ માં કિંચિત્ વિસ્તારથી કરવામાં આવ્યું છે.

આ રીતે પક્ષાતિક્રાન્ત દશા અર્થાત્ આત્માનુભૂતિપૂર્વક સમ્યક્દર્શન પ્રગટ કરવા માટે નયો દ્વારા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને સર્વપ્રથમ અસત્કલ્પનાઓનો અભાવ કરવો જરૂરી છે, જે નયજ્ઞાન દ્વારા જ સંભવ છે. ષટ્ખંડાગમની ધવલા ટીકા[1] માં તો 'નયવાદમાં નિપુણ મુનિઓને જ સિદ્ધાંતના સાચા જ્ઞાતા' કહીને લખ્યું છે કે **'જિનેન્દ્ર ભગવાનના મતમાં નયવાદ વિના સૂત્ર અને અર્થ કાંઈપણ નથી.'** તેથી વસ્તુ-સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવા માટે નયોનું સ્વરૂપ સમજવું, પ્રત્યેક આત્માર્થીને માટે શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. સમ્યક્શ્રુત પણ મિથ્યા કેવી રીતે થઈ જાય છે?
2. 'નયજ્ઞાનની જરૂરીયાત'-આ વિષયને આગમ-પ્રમાણોથી સ્પષ્ટ કરો?
3. 'આત્માનુભૂતિ' માટે નયજ્ઞાનની આવશ્યકતા શા માટે છે? સિદ્ધ કરો.
4. અસત્કલ્પના અને સત્કલ્પના ના તફાવતને ચાર્ટના માધ્યમથી સ્પષ્ટ કરો.

૧. જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ, ભાગ-૨, પાના નં-૧૩

## 2

# નયોનું સામાન્ય સ્વરૂપ

જિનાગમનો મર્મ સમજીને, આત્માનુભૂતિ પ્રગટ કરવા માટે નયજ્ઞાનની ઉપયોગિતા સ્થાપિત થઈ ગયા પછી આ પ્રશ્ન ઉભો થવો સ્વાભાવિક છે કે નય શું છે? અર્થાત્ તે કોઈ દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે? તેથી અહીંયા નયોની કાંઈક વિશેષતાઓના માધ્યમથી નયોનો સામાન્ય પરિચય પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે.

**(૧) નય સમ્યક્ શ્રુતજ્ઞાનનો અંશ છે -**

નયના વિષયમાં સર્વપ્રથમ જાણવા યોગ્ય તથ્ય એ છે કે તે જીવના જ્ઞાનગુણની શ્રુતજ્ઞાનરૂપ પર્યાય છે. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યક્જ્ઞાનના પાંચ ભેદોનું વર્ણન કરતા થકાં **મતિશ્રુતાવધિમનઃ પર્યયકેવલાનિ જ્ઞાનમ્** - સૂત્ર કહેવામાં આવ્યું છે. તેમાં પાંચ જ્ઞાનોને પ્રમાણરૂપ કહ્યાં છે; પરંતુ નય, શ્રુતજ્ઞાનમાં જ હોય છે, તેથી નય શ્રુતજ્ઞાનરૂપ સમ્યક્જ્ઞાનનો ભેદ છે અર્થાત્ જ્ઞાનનું પ્રમાણ-નયરૂપ પરિણમન શ્રુતજ્ઞાનમાં ગર્ભિત હોય છે. શેષ ચાર જ્ઞાનોમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત હોવાથી પ્રામાણિકતા હોવા છતાં પણ તેમાં નયરૂપ પરિણમન થતું નથી.

**પ્રશ્ન** : નય શ્રુતજ્ઞાનમાં જ કેમ હોય છે, અન્ય જ્ઞાનોમાં શા માટે નહીં?

**ઉત્તર** : અનંતધર્માત્મક વસ્તુમાંથી કોઈ એક ધર્મને મુખ્ય કરીને જાણવાની પ્રક્રિયા શ્રુતજ્ઞાનમાં જ થાય છે અથવા જે જ્ઞાન વસ્તુના એક ધર્મને મુખ્ય કરીને જાણે છે, તે શ્રુતજ્ઞાનરૂપ જ હોય છે, અન્ય

મતિજ્ઞાન આદિ રૂપ નહીં, માટે નય શ્રુતજ્ઞાનમાં જ હોય છે.

શ્રુતજ્ઞાન, સમ્યક્જ્ઞાનનો જ ભેદ છે, તેથી નય પણ સમ્યક્જ્ઞાનીને જ હોય છે, અજ્ઞાનીને નહીં.

આલાપપદ્ધતિમાં નયનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં થકા તેની આ મુજબ વ્યાખ્યાઓ આપવામાં આવી છે -

**અ. પ્રમાણ દ્વારા ગ્રહણ કરેલી વસ્તુના એક અંશને ગ્રહણ કરવો, તે નય છે.**

**બ. શ્રુતજ્ઞાનનો વિકલ્પ (ભેદ) તે નય છે.**

**ક. જે વસ્તુને અનેક સ્વભાવોથી પૃથક્ કરીને એક સ્વભાવમાં સ્થાપિત કરે છે, તે નય છે.**

**(૨) જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે -**

પ્રમેયકમલમાર્તણ્ડમાં નયોનું સ્વરૂપ, વિષય અને પ્રક્રિયા સ્પષ્ટ કરવાવાળી વ્યાખ્યા આપવામાં આવી છે, જે આ પ્રકારે છે : -

**અનિરાકૃતપ્રતિપક્ષો વસ્ત્વંશગ્રાહી જ્ઞાતુરભિપ્રાયો નયઃ ।**

આ પરિભાષાને નીચેના પ્રશ્નોતરોથી સમજવામાં સરળતા રહેશે -

**પ્રશ્ન** : નય કોને કહે છે?

**ઉત્તર** : જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે.

**પ્રશ્ન** : નય કોને જાણે છે?

**ઉત્તર** : નય વસ્તુના અંશને જાણે છે.

**પ્રશ્ન** : નય કેવી રીતે જાણે છે?

**ઉત્તર** : નય વસ્તુના વિવક્ષિત અંશને મુખ્ય કરીને, શેષ અંશોનો નિષેધ ન કરતો થકો અર્થાત્ તેને ગૌણ કરીને જાણે છે.

**પ્રશ્ન** : ગૌણ કરીને એટલે શું?

**ઉત્તર** : કોઈ ધર્મની સત્તાનો સ્વીકાર કરતાં થકાં પણ તેના વિષયમાં તે સમયે વિચાર ન કરવો તે જ તેને ગૌણ કરવું છે. ગૌણ કરવામાં તેની સત્તાનો નિષેધ પણ નથી તથા તેના વિષયમાં વિધિ-

નિષેધનો કોઈ વિકલ્પ પણ નથી.

આ પ્રકારે ઉપર આપેલી વ્યાખ્યામાં નય શું છે? કોને જાણે છે અને કેવી રીતે જાણે છે?-આ પ્રશ્નોનું સમાધાન કરતાં થકાં નયોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

અહીં **અભિપ્રાય**ના વિષયમાં કેટલાંક પ્રશ્નોતરોના માધ્યમથી વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવી રહ્યું છે.

**પ્રશ્ન** : અભિપ્રાય કોને કહે છે?

**ઉત્તર** : ધવલાકારે અભિપ્રાય શબ્દનો આશય સ્પષ્ટ કરતા થકાં લખ્યું છે કે પ્રમાણથી ગૃહિત વસ્તુના એકદેશમાં વસ્તુનો નિશ્ચય કરવો તે જ અભિપ્રાય છે. અર્થાત્ પ્રમાણથી જાણેલી વસ્તુના દ્રવ્ય અથવા પર્યાય અંશમાં તથા સામાન્ય અથવા વિશેષ અંશમાં વસ્તુનો નિશ્ચય કરવો તેને જ અભિપ્રાય કહે છે અને આ જ નય છે.

**પ્રશ્ન** : અહીંયા અભિપ્રાય શબ્દનો અર્થ નયાત્મક શ્રુતજ્ઞાન કરવામાં આવી રહ્યો છે, જ્યારે અન્યત્ર તેને શ્રદ્ધા ગુણની પ્રતીતિરૂપ પર્યાયના અર્થમાં પ્રયોગ કર્યો છે?

**ઉત્તર** : એક જ શબ્દ વિભિન્ન પ્રસંગોમાં અલગ-અલગ અર્થોમાં પણ પ્રયુક્ત થાય છે. પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં અનેક સ્થળોએ અભિપ્રાય[1] શબ્દનો પ્રયોગ શ્રદ્ધા અથવા પ્રતીતિના અર્થમાં કરેલ છે, પરંતુ અહીં નયોના સંદર્ભમાં અભિપ્રાય શબ્દનો અર્થ અપેક્ષા, નય અથવા શ્રુતજ્ઞાન જ સમજવું જોઈએ.

આ પ્રકારે એ સ્પષ્ટ થાય છે કે જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે.

**પ્રશ્ન** : વસ્તુના એક અંશમાં વસ્તુનો નિશ્ચય કોણ કરે છે? ક્યારે કરે છે? શું આપણાં વ્યાવહારિક જીવનમાં પણ ક્યારેક આવું થાય છે?

**ઉત્તર** : અરે ભાઈ! અમે અને તમે બધાં દિવસ-રાત પોતાના

૧. જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ, ભાગ-૨, પૃષ્ઠ ૫૧૩

જ્ઞાનમાં એવું જ કરીએ છીએ અને એવું જ કહીએ છીએ. એના વિના લોકવ્યવહાર પણ સંભવ નથી. માટે તો હું કહું છું કે મુખ્યત્વે બે નયોનો પ્રયોગ થવાથી આ જગતને દુનિયા કહેવામાં આવે છે. સ્વાદને મુખ્ય કરીને લીંબુને ખાટું કહેવામાં આવે છે. જરા વિચારો કે પૂર્ણ લીંબુ ખાટું છે કે માત્ર તેનો સ્વાદ ખાટો છે? શું લીંબુનો રંગ, આકાર, વજન, ગંધ તથા અન્ય ગુણ પણ ખાટા છે? નહીં, તો પછી આખું લીબું ખાટું કેવીરીતે થયું? માત્ર તેનો સ્વાદ જ તો ખાટો છે ને? તેથી સ્વાદની અપેક્ષાએ આખા લીંબુને ખાટું કહેવું - એ જ તો વસ્તુના એક અંશમાં સંપૂર્ણ વસ્તુનો નિશ્ચય કરવો છે. આનું જ નામ અભિપ્રાય છે અને આનું જ નામ નય છે.

ખરેખર તો નયોની ભાષા અને પરિભાષા જાણ્યા વિના પણ નય પ્રયોગ કરવો, આપણા શ્રુતજ્ઞાનનો સ્વભાવ હોવાથી તે આપણા જીવનમાં ઉંડાઈથી વ્યાપ્ત છે. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ તથા આબાલ-વૃદ્ધ કોઈપણ આ પ્રક્રિયાથી અસ્પૃશ્ય નથી. ક્રિકેટના અગ્યાર રમતવીરોની ટીમમાં આખા ભારતની સ્થાપના કરીને બધાં કહે છે કે ભારત જીતી ગયું. પ્રધાનમંત્રી દ્વારા લેવામાં આવેલ નિર્ણયને આખા દેશનો નિર્ણય માનવામાં આવે છે. આપણે ભારતના ખુબ જ નાના હિસ્સામાં રહેવા છતાં પણ એમ જ કહીએ છીએ તથા અનુભવ કરીએ છીએ કે અમે ભારતવાસી છીએ. આ બધાં નય -પ્રયોગો જ તો છે.

**પ્રશ્ન** : જો આ બધાં નય-પ્રયોગ છે તો અમે પણ નય વિશેષજ્ઞ થયા, તો અમોને નયચક્ર શા માટે ભણાવવામાં આવે છે?

**ઉત્તર** : ભાઈ ! આ જીવ, વિષય-કષાય પોષક લૌકિક વાતોમાં તો અનાદિકાળથી ચતુર છે. કામ-ભોગ-બંધની કથા આ જીવે અનાદિકાળથી સાંભળી છે, તેનો પરિચય અને અનુભવ પણ કર્યો છે; પરંતુ પોતાના એકત્વ-વિભક્ત સ્વરૂપની વાત ક્યારેય (રૂચિપૂર્વક) સાંભળી જ નથી, તેનો પરિચય અને અનુભવ તો ક્યાંથી કરશે?

તેથી લૌકિક વાતોમાં ચતુર હોવા છતાં પણ  આપણને પ્રયોજનભૂત તત્ત્વોનો યથાર્થ નિર્ણય આજ સુધી નથી થયો, અન્યથા સંસારમાં શા માટે ભટકતા હોત? અહીંયા પ્રયોજનભૂત તત્ત્વોનો નિર્ણય કરવાના ઉદ્દેશ્યથી જ પ્રમાણ અને નયોનું સ્વરૂપ જાણવાની વાત છે. તત્ત્વાર્થસૂત્રમાં જીવાદિ તત્ત્વોના જાણવાના ઉપાયના રૂપમાં જ પ્રમાણ-નયોની ચર્ચા કરવામાં આવી છે.

**પ્રશ્ન** : અહીંયા તો લૌકિક જીવનમાં બધાં જ જીવોને નય-પ્રયોગ કરવાવાળા બતાવવામાં આવ્યા છે; જો કે પહેલા એમ કહેવામાં આવ્યું હતું કે નય, જ્ઞાનીઓને જ હોય છે, અજ્ઞાનીઓને નહીં ?

**ઉત્તર** : નય, સમ્યક્ શ્રુતજ્ઞાનમાં થાય છે, તેથી જ્ઞાનીઓને જ હોય છે. ખરેખર તો નય-પ્રમાણમાં પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને યથાર્થ શ્રદ્ધાનપૂર્વક જાણવા અથવા ન જાણવાથી જ તેઓમાં સમ્યક્ અથવા મિથ્યાનો ભેદ પડે છે. માટે નય, જ્ઞાનીઓને જ હોય છે, કારણ કે તેઓ જ પ્રયોજનભૂત તત્ત્વોને યથાર્થ જાણે છે. જ્ઞાનીજનો પણ લૌકિક જીવનમાં જે નય-પ્રયોગ કરે છે, તેને લૌકિક દૃષ્ટિથી સમ્યક્ અથવા મિથ્યા કહી શકીએ છીએ, મોક્ષમાર્ગની અપેક્ષાએ તો તે મિથ્યા જ છે. તેને લૌકિક નય અવશ્ય કહી શકીએ છીએ. કોઈ વ્યક્તિને જ્ઞાની અથવા અજ્ઞાની પણ પ્રયોજનભૂત તત્ત્વોને જાણવા અથવા ન જાણવાની અપેક્ષાથી કહેવામાં આવે છે. લૌકિક જ્ઞાન યથાર્થ હોવા છતાં પણ તે મોક્ષમાર્ગનું સાધક નથી, પરંતુ મિથ્યાત્વ અને કષાયનું પોષક હોવાથી મિથ્યાજ્ઞાન જ છે.

**(3) નયોની પ્રવૃત્તિ, પ્રમાણ દ્વારા જાણવામાં આવેલા પદાર્થના એક અંશમાં હોય છે -**

**પ્રશ્ન** : નયોની પ્રવૃત્તિ, પ્રમાણ દ્વારા જાણવામાં આવેલા પદાર્થો ના એક અંશમાં હોય છે, તો શું પદાર્થોને પહેલા પ્રમાણ દ્વારા જાણીએ, પછી નયોનો પ્રયોગ કરીએ? જો હાં, તો પ્રમાણ દ્વારા સંપૂર્ણ પદાર્થનું જ્ઞાન કર્યા પછી નયો દ્વારા જાણવાની શું આવશ્યકતા છે?

**ઉત્તર :** જો કે સમ્યક્દર્શન-જ્ઞાન પ્રગટતાં જ યથાર્થ (નિર્વિકલ્પ) નય રૂપ તથા પ્રમાણરૂપ પરિણમન એક સાથે પ્રારંભ થઈ જાય છે, છતાં પણ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવા માટે મિથ્યાત્વની મંદતામાં આત્માર્થી જીવ, જિનાગમના આધારથી પ્રમાણ અને નયોનું સ્વરૂપ જાણીને, વસ્તુસ્વરૂપનો નિર્ણય કરે છે.

પ્રમાણ દ્વારા વસ્તુના સામાન્ય-વિશેષ, દ્રવ્ય-પર્યાય, નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મ-યુગલોને જાણ્યા વિના કોઈ એક ધર્મને મુખ્ય અને હવે અન્ય ધર્મને ગૌણ કેવી રીતે કરી શકાય? અર્થાત્ પરસ્પર વિરૂદ્ધ ધર્મ-યુગલોમાંથી કોઈ એક ધર્મને મુખ્ય અને શેષ ધર્મોને ગૌણ કરવા માટે વસ્તુના બંને ધર્મોને જાણવા આવશ્યક છે.

જો બંને ધર્મોને જાણ્યા વિના કોઈ એક નયના વિષયને જાણીશું તો તેને જ સર્વથા માની લઈશું, જેમાં નયાભાસ અથવા મિથ્યા-એકાંત થઈ જશે.

જો સોનાની વીંટી, જ્ઞાનનો વિષય નહીં બને તો માત્ર સોનુ અથવા વીંટીને મુખ્ય કેવી રીતે કરી શકીશું? અને સોનાને મુખ્ય કર્યા વિના તેને દૃષ્ટીનો વિષય બનાવવાનો નિર્ણય કેવી રીતે કરી શકાય? માટે એમ કહેવામાં આવ્યું છે કે પ્રમાણ દ્વારા જાણવામાં આવેલા પદાર્થોના કોઈ એક અંશમાં નયોની પ્રવૃત્તિ હોય છે.

ધવલાકારના નીચેના કથનોથી પણ આ જ ઉદ્દેશ પુષ્ટ થાય છે -

**પ્રમાણથી નયોની ઉત્પત્તિ થાય છે, કારણ કે વસ્તુના અજ્ઞાત થવાથી ગૌણતા અને મુખ્યતાનો અભિપ્રાય નથી થતો.**[1]

પ્રમાણ દ્વારા પદાર્થના પરસ્પર વિરૂદ્ધ ધર્મ એક સાથે જાણવામાં આવે છે, તેથી તેમાં કોઈ ધર્મનો ગહન પરિચય પ્રાપ્ત કરવાનો અવકાશ નથી, જેનાથી હેય-ઉપાદેયનો નિર્ણય નથી થઈ શકતો. કોઈ એક ધર્મને મુખ્ય કરીને જાણવાથી જ તે ધર્મરૂપ વસ્તુનો પ્રગાઢ

૧. પરમભાવપ્રકાશક નયચક્ર, પાનું-૨૫

પરિચય થઈ શકે છે.

**પ્રશ્ન** : કેવળજ્ઞાન વિના આપણે સંપૂર્ણ વસ્તુને કેવી રીતે જાણી શકીએ? અને સંપૂર્ણ વસ્તુને જાણ્યા વિના મુખ્ય-ગૌણ કરવું કેવી રીતે સંભવ થશે?

**ઉત્તર** : અહીં કેવળજ્ઞાન દ્વારા પ્રત્યેક ધર્મને પ્રત્યક્ષ જાણવા વિવક્ષિત નથી, પરંતુ વસ્તુ અનંતધર્માત્મક છે-એવું શ્રુતજ્ઞાન પ્રમાણથી જાણવું તથા તેના સામાન્ય-વિશેષ આદિ ધર્મયુગલોને એક સાથે જાણવા એ જ સંપૂર્ણ વસ્તુનું જાણવું છે. માટે શ્રુતજ્ઞાન-પ્રમાણ દ્વારા વસ્તુનો નિર્ણય કર્યા પછી નયો દ્વારા વસ્તુને જાણવી આવશ્યક છે.

**(૪) એકાંતવાદનો નાશ કરવા હેતુ નયોની પ્રવૃત્તિ થાય છે -**

નયચક્રકાર માઈલ્લ ધવલ લખે છે - **અનેક સ્વભાવોથી પરિપૂર્ણ વસ્તુને પ્રમાણ દ્વારા ગ્રહણ કર્યા પછી એકાંતવાદનો નાશ કરવા માટે નયોની યોજના કરવી જોઈએ.**[1]

અહીંયા આ પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે કે જો નય, સ્વયં સમ્યક્-એકાંત સ્વરૂપ છે તો નય-પ્રયોગથી એકાંતનો નાશ શી રીતે થશે?

ઉપરોક્ત પ્રશ્નના સમાધાન હેતુ આચાર્ય સમંતભદ્ર રચિત સ્વયંભૂ સ્તોત્રનો શ્લોક ૧૦૩ દૃષ્ટવ્ય છે-

**અનેકાન્તોડપ્યનેકાન્તઃ પ્રમાણ-નય-સાધનઃ।**
**અનેકાન્તઃ પ્રમાણાત્તે તદેકાન્તોડર્પિતાન્નયાત્ ।।**

**પ્રમાણ અને નય છે સાધન જેના-એવો અનેકાંત પણ અનેકાંતસ્વરૂપ છે; કારણ કે સર્વાંશગ્રાહી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાંતસ્વરૂપ તથા અંશગ્રાહી નયની અપેક્ષાએ વસ્તુ એકાંતસ્વરૂપ છે.**

ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે અનેકાંતવાદી જૈનદર્શનમાં 'અનેકાંતમાં પણ અનેકાંત' સ્વીકાર કરવામાં આવ્યો છે. સર્વથા

---

૧. દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા-૧૭૨

અનેકાંત માનવું પણ એકાંત છે, જેના નાશને માટે નય યોજના કરવી જોઈએ અર્થાત્ કથંચિત્ અનેકાંત અને કથંચિત્ એકાંત સ્વીકાર કરવાથી જ સમ્યક્-અનેકાંત થાય છે.

**અનેકાંતમાં પણ અનેકાંતનું સ્પષ્ટીકરણ -**

જે રીતે વસ્તુ કથંચિત્ ભેદરૂપ અને કથંચિત્ અભેદરૂપ છે, સર્વથા ભેદરૂપ અથવા સર્વથા અભેદરૂપ નથી; તેથી તેને સર્વથા અભેદરૂપ કે ભેદરૂપ માનવું મિથ્યા-એકાંત છે. તેવી જ રીતે વસ્તુને સર્વથા અનેકાંતરૂપ માનવી પણ મિથ્યા-એકાંત છે. વસ્તુમાં વિદ્યમાન પરસ્પર વિરોધી ધર્મ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે, તેથી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાંતરૂપ છે. જો તેને સર્વથા અનેકાંતરૂપ માનવામાં આવે તો નયોના વિષયભૂત એક-એક ધર્મનો સર્વથા નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે અને જ્યારે એક ધર્મ જ નહીં રહે તો પરસ્પર વિરોધી ધર્મ પણ કેવી રીતે રહેશે? આ રીતે સમ્યક્-એકાંતરૂપ નયોનો નિષેધ કરવાથી અનેકાંતરૂપ વસ્તુનો પણ નાશ થઈ જશે, તેથી વસ્તુને સર્વથા અનેકાંતરૂપ ન માનીને (પ્રમાણની અપેક્ષાએ) કથંચિત્ અનેકાંત-રૂપ અને (નયની અપેક્ષાએ) કથંચિત્ એકાંતરૂપ માનવા માં આવે છે. આ રીતે કથંચિત્ અનેકાંત + કથંચિત્ એકાંત = અનેકાંત સમજવું જોઈએ. જો અનેકાંતમાંથી કથંચિત્ એકાંત અર્થાત્ સમ્યક્-એકાંત કાઢી નાખવામાં આવે તો માત્ર સર્વથા અનેકાંત અર્થાત્ મિથ્યા અનેકાંત જ શેષ રહે છે.

જો કોઈ વ્યક્તિ, મૂળ-થડ-ડાળી-પાન-ફૂલ-ફળરૂપ વૃક્ષનું ચિત્ર તો બનાવવા ઈચ્છે, પરંતુ મૂળ-ડાળી આદિ અંગોનું ચિત્ર ન બનાવે તો વૃક્ષનું ચિત્ર કેવી રીતે બનશે? કારણ કે વૃક્ષ પોતાના સંપૂર્ણ અંગોમાં વ્યાપ્ત અંગીરૂપ પણ છે તથા એક-એક અંગ રૂપ પણ છે. અંગી અને અંગરૂપ વૃક્ષ મળીને અનેકાંતરૂપ પણ છે તથા એક-એક અંગરૂપ હોવાથી તે સમ્યક્-એકાંતરૂપ પણ છે. આ રીતે અનેકાંત પણ (અંગ + અંગી) અનેકાંતરૂપ છે, અર્થાત્ તેમાં સમ્યક્-એકાંત

પણ સમાયેલ છે. તેથી પ્રમાણ દ્વારા જાણેલી વસ્તુમાં નય-પ્રયોગ કરવાથી સર્વથા અનેકાંતરૂપ એકાંતનો નાશ થાય છે તથા કથંચિત્ એકાંત + કથંચિત્ અનેકાંતરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે.

અનેકાંતના બે ભેદ છે-સમ્યક્ અનેકાંત અને મિથ્યા અનેકાંત. આ જ પ્રકારે એકાંતના પણ બે ભેદ છે-સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંત. સમ્યક્ અને કથંચિત્ એકાર્થવાચી છે તથા મિથ્યા અને સર્વથા એકાર્થવાચી છે.

આ પ્રકરણના સંબંધમાં અનેકાંત અને સ્યાદ્વાદ વિષય પર વિવેચન કરતા સમયે વિસ્તારથી સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

**(૫) નયોના કથનમાં વિવક્ષિત ધર્મ મુખ્ય અને અવિવક્ષિત ધર્મ ગૌણ રહે છે -**

**'વક્તુરિચ્છા વિવક્ષા'** અર્થાત્ વક્તાની ઈચ્છાને વિવક્ષા કહે છે. વસ્તુના કોઈ એક ધર્મને મુખ્ય કરીને વસ્તુનું કથન કરવું તેને જ વિવક્ષા કહેવામાં આવે છે. વક્તા, જે ધર્મને મુખ્ય કરવા ઈચ્છે, તેને મુખ્ય કરીને તે વસ્તુનું કથન કરે છે - આ વાત સાંભળીને એવું લાગે છે કે વક્તાને પોતાની મન-મરજી કરવાની છૂટ આપવામાં આવી રહી છે; પરંતુ અહીં મન-મરજીની વાત નથી. વક્તા, કોને વિષય બનાવવા ઈચ્છે છે, તે ઘણું કરીને શ્રોતાઓ ઉપર નિર્ભર હોય છે; કારણ કે તેના દ્વારા કોઈ ધર્મને મુખ્ય કરવાનું પ્રયોજન, શ્રોતાઓના તત્સંબંધી અજ્ઞાનનો નાશ કરવાનું છે. શ્રોતાઓમાં પર્યાયપક્ષનું જોર હોય તો તે દ્રવ્યપક્ષને મુખ્ય કરશે. આ જ પ્રકારે જો શ્રોતાઓમાં ક્રિયાકાંડનો પક્ષ પ્રબળ હોય તો વક્તા ભાવપક્ષની મુખ્યતા કરે છે. તેના સિવાય તત્ત્વ-અભ્યાસી અને અધ્યાત્મ-રસિક શ્રોતાઓના નિમિત્તથી પોતાના રસ-પોષણના હેતુવશ, વક્તાઓ દ્વારા વિશેષ પ્રકરણો ઉપર પણ પ્રવચન કરવામાં આવે છે.

આ રીતે વક્તા જે ધર્મને મુખ્ય કરે છે, તેને વિવક્ષિત અને બાકીના ધર્મોને અવિવક્ષિત કહે છે.

**(૬) જ્ઞાનાત્મકનય અને વચનાત્મકનય -**

નય, શ્રુતજ્ઞાનનો ભેદ છે. શ્રુત પણ દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત ના ભેદ થી બે પ્રકારે માનવામાં આવે છે; તેથી જ્યારે જ્ઞાનમાં વસ્તુના કોઈ અંશને મુખ્ય કરીને જાણીએ છીએ તો તે જ્ઞાનાત્મક નય હોય છે અને જ્યારે વચનદ્વારા વસ્તુના કોઈ એક ધર્મને મુખ્ય કરીને કહેવામાં આવે તો વચનાત્મક નય હોય છે. પંચાધ્યાયીકાર પૌદ્ગલિક શબ્દોને દ્રવ્યનય અને જીવના ચૈતન્યગુણને ભાવનય કહે છે.[1]

અહીંયા આ વાત પણ ધ્યાન આપવા જેવી છે કે નય, સમ્યક્ શ્રુતજ્ઞાનનો ભેદ છે; તેથી તેના વક્તા પણ જ્ઞાની હોય છે. તેથી જ્ઞાતાના અભિપ્રાયને નય કહે અથવા વક્તાના અભિપ્રાયને - એક જ વાત છે.

**(૭) નય સાપેક્ષ જ હોય છે, નિરપેક્ષ નહીં -**

નયોના વિષયમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ તથ્ય એ છે કે તે સાપેક્ષ જ હોય છે. જો નય સાપેક્ષ ન હોય તો તે નય નથી, નયાભાસ હશે અર્થાત્ મિથ્યાનય હશે.

આચાર્ય સમંતભદ્ર આપ્તમીમાંસા, કારિકા ૧૦૮ માં કહે છે -

**નિરપેક્ષા નયા મિથ્યા, સાપેક્ષા વસ્તુતેડર્થકૃત્ ।**

અર્થાત્ નિરપેક્ષનય મિથ્યા હોય છે અને સાપેક્ષનય સમ્યક્ તથા સાર્થક હોય છે. આ જ રીતે સાપેક્ષનયને સુનય અને નિરપેક્ષનય ને દુર્નય કહેવામાં આવે છે.[2]

**પ્રશ્ન** : વસ્તુસ્વભાવ તો નિરપેક્ષ છે, તો પછી તેને જાણવાવાળા નય સાપેક્ષ કેવી રીતે હશે?

**ઉત્તર** : સ્વભાવ નિરપેક્ષ છે-તેનો અર્થ એ છે કે વસ્તુની સત્તા, સ્વતંત્રતા અને પ્રભુતા પર-પદાર્થોને આધીન નથી. વસ્તુ પોતાના સ્વરૂપથી જ સત્ છે - એ જ તેની નિરપેક્ષતા છે; પરંતુ તેમાં વિદ્યમાન

---

૧. પંચાધ્યાયી, પૂર્વાર્ધ, શ્લોક નં. ૫૦૫

૨. કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા નં. ૨૬૬

અનંત ધર્મોને મુખ્ય – ગૌણ કરીને જ જાણવામાં આવે છે તથા કહેવામાં આવે છે. **કોઈ એક ધર્મને મુખ્ય કરવો તે જ સાપેક્ષતા છે.**

'અપેક્ષા' શબ્દના અનેક અર્થ થાય છે. જ્યાં વસ્તુને પર અને પર્યાયોથી નિરપેક્ષ કહેવામાં આવે છે, ત્યાં પરાધીનતાના અર્થમાં અપેક્ષા શબ્દનો પ્રયોગ કરીને વસ્તુના સ્વભાવને નિરપેક્ષ અર્થાત્ સ્વાધીન કહેવામાં આવે છે.

'અપેક્ષા' શબ્દનો લૌકિક અર્થ કોઈક પાસેથી કાંઈક ઈચ્છવું અર્થાત્ આશા કરવી છે. પ્રાયઃ એમ કહેવામાં આવે છે કે અમને તો તેઓ પાસેથી એવી અપેક્ષા ન હતી અથવા આવી અપેક્ષા હતી. નયોની સાપેક્ષતાના પ્રસંગમાં આ અર્થ પણ યોગ્ય નથી.

ન્યાયશાસ્ત્રમાં 'અપેક્ષા' શબ્દનો પ્રયોગ 'અવિનાભાવિત્વ' ના અર્થમાં પણ કરવામાં આવે છે. જેમ, દ્રવ્ય અને પર્યાય પરસ્પર સાપેક્ષ છે અર્થાત્ બંને એક-બીજા વિના હોતા નથી, પર્યાયરહિત દ્રવ્ય નથી હોતું અને દ્રવ્ય વિના પર્યાય નથી હોતી; તેથી નય પરસ્પર સાપેક્ષ હોય છે-આ કથનનો આશય એ પણ છે કે વસ્તુમાં નિશ્ચય-વ્યવહાર અથવા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયોના વિષયભૂત ધર્મ સાથે-સાથે હોય છે, પરંતુ નયોની સાપેક્ષતાનો અર્થ માત્ર સાથે રહેવા સુધી જ સીમિત નથી.

વિવક્ષિત ધર્મને મુખ્ય કરવો અર્થાત્ તે ધર્મના દૃષ્ટિકોણથી વસ્તુને જોવી તે જ 'અપેક્ષા' છે અને એનું જ નામ 'નય' છે. મુખ્ય કરવાનો આશય તે ધર્મની દૃષ્ટિથી વસ્તુને જોવી. જેમ, આત્મા એક, અભેદ, નિત્ય, ધ્રુવ છે. જો આ વિશેષણ દ્રવ્યદૃષ્ટિથી અર્થાત્ દ્રવ્યની અપેક્ષાથી અથવા દ્રવ્યાર્થિક-નયની અપેક્ષાથી કહેવામાં આવે તો સમ્યક્-એકાંત થશે તથા દ્રવ્યાર્થિકનયની અપેક્ષા ન લગાવવામાં આવે તો વસ્તુને સર્વથા એક, અભેદ, નિત્ય માનવાનો પ્રસંગ આવશે અને અનિત્યાદિ ધર્મોનો નિષેધ થવાનો પ્રસંગ આવી જવાથી તે

કથન મિથ્યા-એકાંત અથવા નયાભાસ કહેવાશે.

આ જ રીતે આત્માને અનેક, અનિત્ય તથા ભેદરૂપ કહેવો, પર્યાયની અપેક્ષાએ અર્થાત્ પર્યાયને મુખ્ય કરીને જ સંભવ છે; અન્યથા દ્રવ્યસ્વભાવનો નાશ થઈ જવાથી આત્માને સર્વથા અનિત્ય માનવામાં આવશે, જેનાથી મિથ્યા-એકાંત અથવા નયાભાસનો પ્રસંગ ઉભો થશે.

આ રીતે કોઈ અપેક્ષાથી કહો કે કોઈ ધર્મને મુખ્ય કરીને કહો-એક જ વાત છે. એમાં બીજી અપેક્ષાની સ્વીકૃતિપૂર્વક ગૌણતા પણ સમાયેલ છે. માટે સાપેક્ષનય જ સમ્યક્ કહેવામાં આવે છે અને નિરપેક્ષનય અર્થાત્ વિના અપેક્ષા વસ્તુને સર્વથા એક ધર્મરૂપ કહેવાવાળા નય, મિથ્યા અને નિરર્થક કહેવામાં આવ્યા છે. મિથ્યા નયોથી વસ્તુનો યથાર્થ નિર્ણય નથી થતો, માટે તેને દુર્નય અને નિરર્થક પણ કહી શકાય છે.

**પ્રશ્ન** : કેટલાંક લોકો કહે છે કે અપેક્ષા લગાવીને વસ્તુ-સ્વભાવને ઢીલો (નબળો) ન કરવો જોઈએ?

**ઉત્તર** : આ કથનની પણ અપેક્ષા સમજવી જોઈએ. જે લોકો આત્માના ત્રિકાળી શુદ્ધસ્વભાવને નથી માનતા તથા તેને સર્વથા અશુદ્ધ માને છે, તે કહે છે કે, ''હા -હા, આત્મા શુદ્ધ તો છે, પરંતુ તે નિશ્ચયનયનું કથન છે. નિશ્ચયનયથી તો આત્મા શુદ્ધ છે, પરંતુ વ્યવહારનયથી તો અશુદ્ધ છે ને! અત્યારે અમે તેને શુદ્ધ કેવી રીતે માની શકીએ...'' ઈત્યાદિ અનેક પ્રકારથી તેઓ નિશ્ચયથી આત્માને શુદ્ધ કહેતાં થકા પણ અભિપ્રાયમાં તેના શુદ્ધ સ્વભાવનો નિષેધ જ કરે છે.

અપેક્ષા લગાવવાનું સમ્યક્ફળ એ છે કે વસ્તુના એ પડખાને જાણીને, હેય-ઉપાદેયનો યથાર્થ નિર્ણય કરવામાં આવે, પરંતુ ઘણાં લોકો એવું ન કરતાં માત્ર વાતોમાં જ અપેક્ષા લગાવીને, પોતાના

વિપરીત અભિપ્રાયની પુષ્ટિ કરે છે, માટે એ કહેવું પણ યોગ્ય જ છે કે અપેક્ષા લગાવીને વસ્તુને ઢીલી (નબળી) ન કરવી જોઈએ.

અપેક્ષાનો સમ્યક્ પ્રયોગ કરવાથી વસ્તુ-સ્વભાવ નબળો નથી થતો. જો આપણે કહીશું કે આત્મા નિરપેક્ષરૂપથી શુદ્ધ છે, તેને નિશ્ચયનયથી શુદ્ધ ન કહો તો એવા આત્માની અશુદ્ધતાના સંબંધમાં પણ કહી શકાય છે કે આત્મા નિરપેક્ષરૂપથી અશુદ્ધ છે, તે વ્યવહાર-નય અથવા પર્યાયાર્થિકનયથી અશુદ્ધ નથી, તેથી અપેક્ષા લગાવવાથી નબળાપણું નહીં, પરંતુ વસ્તુ-વ્યવસ્થાનું સમ્યક્ પ્રતિપાદન છે, સમ્યક્જ્ઞાનની સુરક્ષા છે.

**પ્રશ્ન** : એમ પણ કહેવામાં આવે છે કે આત્મા નિશ્ચયનયથી શુદ્ધ નથી, તે તો સ્વભાવથી શુદ્ધ છે - આ કથનનો શું અર્થ છે?

**ઉત્તર** : નિશ્ચયનય અર્થાત્ શુદ્ધ સ્વભાવને જાણવાવાળી જ્ઞાનની પર્યાય. નિશ્ચયનય આત્માને શુદ્ધ જાણે છે, શુદ્ધ કરતો નથી. માટે કહેવામાં આવે છે કે આત્મા, કોઈ નય અર્થાત્ જાણવાથી શુદ્ધ નથી, શુદ્ધ તો તે પોતાના સ્વભાવથી જ છે. અજ્ઞાની, શુદ્ધસ્વભાવને નથી જાણતા તો પણ તેમનો ત્રિકાળી સ્વભાવ તો શુદ્ધ છે જ. શુદ્ધસ્વભાવ ને ન જાણવાને લીધે જ તેઓ સંસારમાં ભ્રમણ કરી રહ્યા છે.

જુઓ! સ્વભાવને શુદ્ધ કહેવાનો આશય એ છે કે સ્વભાવની અપેક્ષાએ શુદ્ધ છે, તેથી તેમાં પણ અપેક્ષાનો મૂક પ્રયોગ છે. જો પોતાના આત્માને સ્વભાવની અપેક્ષાએ શુદ્ધ ન માનવામાં આવે તો સર્વથા શુદ્ધ માનવાનો પ્રસંગ આવવાથી મિથ્યા-એકાંત અથવા નયાભાસ થઈ જશે.

આ રીતે નય અને અપેક્ષા પર્યાયવાચી સિદ્ધ થવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સાપેક્ષનય જ સમ્યક્ હોય છે, નિરપેક્ષનય નહીં.

આ રીતે સાત મુદ્દાઓના માધ્યમથી નયોનું સામાન્ય સ્વરૂપ

જાણીને જિનવાણીનો અભ્યાસ કરવો પ્રત્યેક આત્માર્થીને માટે શ્રેયસ્કર છે.

## અભ્યાસ - પ્રશ્ન

1. નયોની પ્રમુખ વિશેષતાઓ લખતાં થકાં તેનું સંક્ષિપ્ત વિવેચન કરો.
2. નિરપેક્ષ નય મિથ્યા હોય છે અને સાપેક્ષ નય જ સમ્યક્ હોય છે - આ કથનનો આશય સ્પષ્ટ કરો.
3. નય-પ્રયોગથી એકાંતવાદનો નાશ કઈ રીતે થાય છે - સ્પષ્ટીકરણ કરો.

## 3

# નયોની પ્રમાણથી ભિન્નતા અને અભિન્નતા

આગળના અધ્યાયમાં નયોના સ્વરૂપની ચર્ચા કરતાં થકાં સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે નય, પ્રમાણ દ્વારા જાણવામાં આવેલી વસ્તુના કોઈ એક અંશને મુખ્ય કરીને, તે અપેક્ષાથી વસ્તુને તેવી અર્થાત્ તે ધર્મમય જાણે છે.

અહીં એ પ્રશ્ન થાય છે કે નય અને પ્રમાણ એક જ છે કે અલગ-અલગ? જો કે પ્રમાણ સકલાદેશી અને નય વિકલાદેશી કહેવામાં આવ્યા છે; તેથી બંનેના લક્ષણ અલગ-અલગ હોવાને લીધે નય, પ્રમાણથી અલગ થઈ જાય છે, પરંતુ પ્રમાણથી અલગ હોવાથી તે અપ્રમાણ સિદ્ધ થાય છે; તેથી તેના દ્વારા વસ્તુનું જાણવું પણ અપ્રમાણ થાય છે? અને જો નય અપ્રમાણ રૂપ નથી તો તે પ્રમાણરૂપ જ થઈ જાય છે તો તેમના અલગ કથનની શું જરૂરિયાત છે? પ્રમાણથી જ વસ્તુનો નિર્ણય કેમ નથી થઈ શકતો? અન્ય દર્શનોમાં પણ માત્ર પ્રમાણની જ ચર્ચા છે. નયોની ચર્ચા તો માત્ર જૈનદર્શનમાં જ છે, જેને પ્રમાણરૂપ માનવાથી તે અનાવશ્યક પ્રતીત થાય છે ?

શ્લોકવાર્તિકમાં આચાર્ય વિદ્યાનંદિએ આ પ્રકરણને સ્પષ્ટ કરતાં થકા કહ્યું છે કે નય ન તો પ્રમાણ છે અને ન અપ્રમાણ, પરંતુ તે જ્ઞાનાત્મક હોવાથી પ્રમાણનો એકદેશ છે.

પ્રમાણનો એકદેશ, પ્રમાણથી સર્વથા અભિન્ન નથી, માટે નય સર્વથા પ્રમાણરૂપ નથી તથા સર્વથા ભિન્ન પણ નથી, માટે નય સર્વથા

અપ્રમાણરૂપ નથી. દેશ અને દેશી અર્થાત્ અંશ અને અંશીમાં કથંચિત્ ભેદ માનવામાં આવે છે, તેથી નય પ્રમાણૈકદેશ હોવાથી કથંચિત્ પ્રમાણરૂપ છે અને કથંચિત્ પ્રમાણથી ભિન્ન છે.

**પ્રશ્નઃ નય પણ સ્વ-પર પદાર્થોનો નિશ્ચય કરે છે, તેથી સ્વાપૂર્વાર્થવ્યવસાયાત્મકં જ્ઞાનં પ્રમાણમ્** - પરીક્ષામુખમાં પ્રાપ્ત આ પરિભાષાને અનુસરી તેને પ્રમાણરૂપ જ કેમ ન માનવામાં આવે?

**ઉત્તર** : સ્વ-પર પદાર્થોના પણ એકદેશને જાણવું નયનું લક્ષણ છે તથા તેમના સર્વદેશને જાણવું, પ્રમાણનું લક્ષણ છે, તેથી નયોને સર્વથા પ્રમાણરૂપ માનવા યોગ્ય નથી.

શ્લોકવાર્તિકમાં આ પ્રકરણને હજી વધારે સ્પષ્ટ કરતાં થકા કહ્યું છે કે વસ્તુનો એકદેશ, ન તો વસ્તુ છે અને ન અવસ્તુ. સમુદ્રના એક ટીપાને સર્વથા સમુદ્ર પણ નથી કહી શકતા અને સર્વથા અસમુદ્ર પણ નથી કહી શકતા. જો એક ટીપાને જ સમુદ્ર માનીએ તો ઘણાં બધાં સમુદ્ર થઈ જશે-આવી સ્થિતિમાં એક અખંડ સમુદ્રનું શું સ્વરૂપ રહેશે? તથા એક ટીપાને અસમુદ્ર માનવાથી સમુદ્રના બધાં ટીપાઓં અસમુદ્ર થઈ જશે તો સમુદ્રનું અસ્તિત્વ જ નહી રહે.

**પ્રશ્ન** : જો અંશીને જાણવાવાળું જ્ઞાન પ્રમાણ છે તો અંશને જાણવાવાળું જ્ઞાન પ્રમાણ શા માટે માનવામાં ન આવે?

**ઉત્તર** : અંશી અથવા ધર્મી પ્રમાણનો વિષય નથી, પરંતુ દ્રવ્યાર્થિકનયનો વિષય છે તથા વસ્તુનો એક અંશ અથવા ધર્મ પર્યાયાર્થિકનયનો વિષય છે. આ રીતે અંશી અને અંશ બંને જ અલગ-અલગ નયના વિષય છે, જ્યારે બંનેને એક સાથે જાણવાવાળું જ્ઞાન પ્રમાણ છે.

**પ્રશ્ન** : શું અભેદ વસ્તુ પ્રમાણનો વિષય છે અને વસ્તુના ગુણ-પર્યાયરૂપ ભેદ, નયનો વિષય છે?

**ઉત્તર** : જેમાં બધાં ભેદ ગૌણ છે-એ અભેદ, દ્રવ્યાર્થિકનયનો વિષય છે, પ્રમાણનો નહીં. ભેદ અને અભેદને એક સાથે જાણવાવાળું

જ્ઞાન પ્રમાણ છે. અભેદ અને ભેદને અલગ-અલગ જાણવા તે નય છે.[1]

ખરેખર તો એક અખંડ દ્રવ્ય, વ્યાપક હોવાથી તે પોતાના અનંત ગુણ, ધર્મ, સ્વભાવ તથા ત્રિકાળવર્તી પર્યાયોમાં વ્યાપ્ત થઈને રહે છે. ગુણ, ધર્મ આદિ દ્રવ્યના અંશ તો છે, પરંતુ એક ગુણ, ધર્મ આદિ જ સંપૂર્ણ દ્રવ્ય નથી થઈ શકતા.

કાશ્મીર થી કન્યાકુમારી સુધી ભારત એક અખંડ રાષ્ટ્ર છે. એક-એક ઇંચ ભૂમિમાં ભારત વ્યાપ્ત છે, પરંતુ એક નગરને જ ભારત નથી કહી શકાતું. જો એક નગરને ભારત માનવામાં આવે તો અન્ય બધાં નગર, ભારતથી ભિન્ન હોવાથી પરદેશ થઈ જશે અથવા પ્રત્યેક નગર ભારત કહેવાશે અને એક અખંડ ભારત ખંડ-ખંડરૂપ થઈ જશે, પરંતુ જો એક નગરને ભારતનો અંશ પણ સ્વીકાર ન કરવામાં આવે તો બીજા નગરને પણ ભારત ન કહી શકાય, તેથી આ રીતે ભારતનો સર્વથા નાશ થવાનો પ્રસંગ આવી  જશે.

આ રીતે ભારત દેશના એક નગરની જેમ, નય અને પ્રમાણના વિષયભૂત વસ્તુ પણ પરસ્પર કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન સમજવી જોઈએ અર્થાત્ વસ્તુના ગુણ-પર્યાયરૂપ અંશોને અખંડ વસ્તુથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન સમજવા જોઈએ.

**પ્રશ્ન** : અખંડ દ્રવ્યને તેના ગુણ-પર્યાયોથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન માનવાથી શું લાભ છે?

**ઉત્તર : અનેકાંત પણ સમ્યક્ એકાંત-એવા નિજપદની પ્રાપ્તિના સિવાય અન્ય કોઈ પ્રકારથી કાર્યકારી નથી.** અખંડ વસ્તુને તેના ગુણ-પર્યાયોથી કથંચિત્ અભિન્ન સ્વીકાર કરવાથી શુદ્ધનયના વિષયભૂત અભેદ દ્રવ્યની સિદ્ધિ થાય છે તથા કથંચિત્ ભિન્ન માનવાથી ગુણ-પર્યાયરૂપ પ્રત્યેક અંશનું પણ સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ થાય છે. આ રીતે અભેદ અને ભેદ, બંનેને પરસ્પર મુખ્ય-ગૌણભાવથી

૧. તત્ત્વાર્થશ્લોકવાર્તિક, નય-વિવરણ, શ્લોક ૪ થી ૯

જાણવાથી સમ્યક્-એકાંતની તથા બંનેને પ્રધાનરૂપથી જાણવાથી સમ્યક્-અનેકાંતની સિદ્ધિ થાય છે.

ભેદ અને અભેદના સમ્યક્-એકાંતનો સ્વીકાર ન કરવામાં આવે તો સમ્યક્-એકાંત વિના અનેકાંત અર્થાત્ પ્રમાણની વિષયભૂત વસ્તુ પણ સમ્યક્ અનેકાંતરૂપ ન થઈને સર્વથા અનેકાંતરૂપ થઈ જશે, જેનાથી મિથ્યા એકાંતનો જ પ્રસંગ આવશે.

સોનાની વીંટીને સર્વથા સોનુ માનવાથી વીંટીનો નાશ થવાનો તથા સર્વથા વીંટી માનવાથી સોનાનો જ નાશ થવાનો પ્રસંગ આવશે. તેથી તેને કથંચિત્ સુવર્ણ રૂપ અને કથંચિત્ વીંટી રૂપ તથા પ્રમાણ-વિવક્ષામાં સોનાની વીંટી એમ બંને રૂપનો સ્વીકાર કરવો જોઈએ.

પ્રમાણ અને નયની ભિન્નતા સ્પષ્ટ કરતાં થકા ધવલાકાર[1] લખે છે -

**પ્રમાણ, નય ન થઈ શકે; કારણ કે તેનો વિષય અનેકાંત અર્થાત્ અનંતધર્માત્મક વસ્તુ છે અને ન તો નય, પ્રમાણ થઈ શકે છે; કારણ કે તેનો વિષય એકાંત અર્થાત્ અનંતધર્માત્મક વસ્તુનો એક અંશ છે.**

આચાર્યશ્રી અકલંકદેવ પણ નયને સમ્યક્-એકાંત અને પ્રમાણને સમ્યક્-અનેકાંત જાહેર કરતાં થકા લખે છે-**નય-વિવક્ષા, વસ્તુના એક ધર્મનો નિશ્ચય કરાવવાવાળી હોવાથી એકાંત છે અને પ્રમાણ - વિવક્ષા વસ્તુના અનેક ધર્મોની નિશ્ચયસ્વરૂપ હોવાથી અનેકાંત છે.**[2]

નય વાક્યોમાં સ્યાત્ શબ્દ લગાવીને બોલવાને પ્રમાણ કહે છે. અસ્તિત્વાદી જેટલા પણ વસ્તુના નિજ સ્વભાવ છે, તે બધાંને અથવા વિરોધી ધર્મોને યુગપત્ ગ્રહણ કરવાળું પ્રમાણ છે અને તેને ગૌણ-મુખ્ય ભાવથી ગ્રહણ કરવાવાળો નય છે.

વસ્તુના અવ્યક્તપણાં અને વ્યક્તપણાને નય-પ્રમાણની

૧. જૈનેન્દ્ર સિદ્ધાંત કોશ, ભાગ-૨, પૃષ્ઠ-૫૧૬
૨. તત્ત્વાર્થ રાજવાર્તિક, અધ્યાય-૧, સૂત્ર-૬

ભાષામાં પ્રસ્તુત કરતા થકાં પંચાધ્યાયી, પૂર્વાર્દ્ધ, ગાથા ૭૪૭-૭૪૮ માં લખ્યું છે કે -

**તત્ત્વ, અનિર્વચનીય છે-આ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે. દ્રવ્ય, ગુણ-પર્યાયવાન છે-આ પર્યાયાર્થિકનયનો પક્ષ છે અને જો આ અનિર્વચનીય છે, તે જ ગુણ-પર્યાયવાન છે, કોઈ અન્ય નથી અને જો તે ગુણ-પર્યાયવાન છે, તે જ તત્ત્વ છે-એવો પ્રમાણનો પક્ષ છે.**

આવા જ પ્રયોગ શુદ્ધ-અશુદ્ધ, એક-અનેક, નિત્ય-અનિત્ય આદિ ધર્મ-યુગલો પર પણ કરવાં જોઈએ. જેમ, જીવ સિદ્ધ સમાન શુદ્ધસ્વભાવી છે-આ દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે. જીવ સંસારી છે-આ પર્યાયાર્થિકનયનો પક્ષ છે. જે આ સંસારી જીવ છે, તે જ સિદ્ધ સમાન શુદ્ધસ્વભાવવાળો છે અને જે આ સિદ્ધ સમાન શુદ્ધસ્વભાવવાળો જીવ છે, તે જ સંસારી છે-એવો પ્રમાણનો પક્ષ છે.

આ રીતે બંને ધર્મોને જાણીને જ વર્તમાન પર્યાયથી દ્રષ્ટિ હટાવી શુદ્ધ સ્વભાવનું અવલંબન કરી શકાય છે; તેથી આત્મહિત માટે નયોને અપ્રમાણિક ન માનીને પ્રમાણનો અંશ સ્વીકાર કરતાં થકા જિનાગમના અભ્યાસ દ્વારા પ્રમાણ અને નયથી વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવો જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. નય, પ્રમાણથી ભિન્ન છે કે અભિન્ન ? બંને અપેક્ષાઓ સ્પષ્ટ કરો.
2. અભેદ વસ્તુ અથવા ધર્મી, પ્રમાણનો વિષય છે કે નયનો? સ્પષ્ટ કરો.

# 4

## નયો ના મૂળ ભેદ

નયોની ઉપયોગિતા, સ્વરૂપ અને પ્રામાણિકતા પર વિચાર કર્યા પછી એ પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે કે નય કેટલા પ્રકારના છે અર્થાત્ તેના કેટલા ભેદ છે?

જિનાગમમાં નયોના ભેદની ચર્ચા અલગ-અલગ રીતે કરવામાં આવી છે. મુખ્યત્વે નયોના ભેદ આ રીતે ઉપલબ્ધ છે -

(અ) નિશ્ચયનય - વ્યવહારનય

(બ) દ્રવ્યાર્થિકનય - પર્યાયાર્થિકનય

(ક) નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય

(ડ) શબ્દનય, અર્થનય અને જ્ઞાનનય

(ચ) દ્રવ્યનય અને ભાવનય

(છ) પ્રવચનસારમાં વર્ણવેલ ૪૭ નય.

આના સિવાય શ્લોકવાર્તિકના નય-વિવરણમાં શ્લોક ૧૭ થી ૧૯ સુધી આચાર્યશ્રી વિદ્યાનંદિજી લખે છે કે નય, સામાન્યથી એક, વિશેષમાં-સંક્ષેપથી ૨, વિસ્તાર થી ૭ અને અતિવિસ્તાર થી સંખ્યાત ભેદવાળા છે. આ જ રીતે ધવલામાં અસંખ્યાત ભેદ અને સર્વાર્થસિદ્ધિ તથા પ્રવચનસારમાં નયોના અનંતભેદ પણ કહેવામાં આવ્યા છે. પ્રત્યેક વસ્તુમાં અનંત શક્તિઓ હોય છે. તેથી પ્રત્યેક શક્તિને જાણવાવાળા જ્ઞાનની અપેક્ષાએ નયના અનંત ભેદ પણ માનવામાં

આવી શકે છે. આ જ રીતે ઉપરના ભેદોના અનેક પ્રભેદ પણ કરવામાં આવ્યા છે.

આ રીતે નયોના ભેદ-પ્રભેદોની ચર્ચા ઘણાં વિસ્તારથી ઉપલબ્ધ થાય છે; પરંતુ હવે પ્રશ્ન થાય છે કે નયોના મૂળભેદ કેટલા અને ક્યા છે? આના સંબંધમાં દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્રમાં નિશ્ચય-વ્યવહાર અને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બંનેને નયોના મૂળભેદના રૂપમાં દર્શાવતા કહેવામાં આવ્યું છે -

**ણિચ્છયવવહારણયા, મૂલિમભેયા ણયાણ સવ્વાણં,**
**ણિચ્છયસાહણહેઊ, પજ્જયદવ્વત્થિયં મુણહ. (૧૮૨)**

**બધાં નયોના મૂળ નિશ્ચય અને વ્યવહાર-આ બે નયો છે તથા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક આ બંને નય, નિશ્ચય-વ્યવહારના હેતુ છે.**

ઉપરોક્ત ગાથાનો બીજો અર્થ આ પ્રમાણે પણ કરવામાં આવ્યો છે -

**નયોના મૂળભૂત નિશ્ચય અને વ્યવહાર- આ બે ભેદ માનવામાં આવ્યા છે. તેમાં નિશ્ચયનય તો દ્રવ્યાશ્રિત છે અને વ્યવહારનય પર્યાયાશ્રિત છે-એમ સમજવું જોઈએ.** ઉપરોક્ત ગાથામાં નિશ્ચય-વ્યવહારને મૂળનય બતાવતા થકાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકને તેના હેતુ કહેવામાં આવ્યા છે, જ્યારે તેના તત્કાલ બાદ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકને જ મૂળનય કહેવાવાળી તે ગાથા આ પ્રમાણે છે-

**દો ચેવ ય મૂલણયા, ભણિયા દવ્વત્થપજ્જયત્થગયા,**
**અણ્ણે અસંખસંખા, તે તબ્ભેયા મુણેયવ્વા. (૧૮૩)**

**દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બે જ મૂળનય કહેવામાં આવ્યા છે. અન્ય અસંખ્યાત-સંખ્યાત આદિને લઈને તેના ભેદ જાણવા જોઈએ.**

આ રીતે બંને ક્રમિક ગાથાઓમાં નિશ્ચય-વ્યવહાર અને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક - આ બંને જોડલાને મૂળ નય કહેવામાં આવ્યા છે. આ સંદર્ભમાં નીચેના પ્રશ્નો સહજ જ ઉપસ્થિત થાય છે -

પ્ર.૧ શું દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક અને નિશ્ચય-વ્યવહાર પર્યાયવાચી છે?

પ્ર.૨ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક અને નિશ્ચય-વ્યવહારમાં શું ફરક છે?

પ્ર.૩ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ને નિશ્ચય-વ્યવહારનો હેતુ કહેવાનો શું ઉદ્દેશ છે?

**અહીં આ પ્રશ્નો પર અનુક્રમે વિચાર કરવામાં આવે છે -**

**પ્ર-૧ શું દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક અને નિશ્ચય-વ્યવહાર પર્યાયવાચી છે?**

પંચાધ્યાયીકાર પાંડે રાજમલજી તો સ્પષ્ટ લખે છે - "પર્યાયાર્થિક કહો કે વ્યવહાર નય-આ બંનેનો એક જ અર્થ છે, કારણ કે આ નયના વિષયમાં જેટલો પણ વ્યવહાર હોય છે, તે ઉપચાર માત્ર છે".[1] જ્યારે દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૧૮૨ નો બીજો અર્થ કરતાં થકા નિશ્ચયનયને દ્રવ્યાશ્રિત અને વ્યવહારનયને પર્યાયાશ્રિત કહેવામાં આવ્યો છે.

ખરેખર તો દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત દ્રવ્યાંશ, નિશ્ચયનયનો વિષય પણ બને છે તથા પર્યાયાર્થિકનયનો વિષયભૂત પર્યાયાંશ, વ્યવહારનયનો વિષય પણ બને છે, માટે નિશ્ચયનય અને દ્રવ્યાર્થિક-નય તથા વ્યવહારનય અને પર્યાયાર્થિકનયમાં અતિનિકટતા ભાસતી હોવાથી તેને પર્યાયવાચી સમજી લેવામાં આવે છે, પરંતુ જો આ બંને જોડકાં સર્વથા પર્યાયવાચી હોત તો જિનાગમમાં તેને અલગ-અલગ શા માટે દર્શાવત? તેમજ તેના ભેદ-પ્રભેદ તો એકદમ અલગ શૈલીમાં જ કરવામાં આવ્યા છે, તેથી આમાં અતિસમાનતા લાગતી હોવા છતાંપણ તેને પર્યાયવાચી ન માની શકાય.

સમયસારની ગાથા ૮ થી ૧૨ માં વ્યવહારનયને નિશ્ચય-નયનો પ્રતિપાદક કહીને પણ વ્યવહારને અભૂતાર્થ તેમજ નિશ્ચયને ભૂતાર્થ કહેવામાં આવ્યો છે તથા સમ્યક્દર્શન પ્રકટ કરવા માટે ભૂતાર્થનો આશ્રય કરવાની પ્રેરણા આપતા થકા વ્યવહારને માત્ર

---

૧. પંચાધ્યાયી, અધ્યાય-૧, શ્લોક-૫૨૧

જાણેલો પ્રયોજનભૂત કહેવામાં આવેલ છે, જ્યારે સમયસારની જ ૧૩મી ગાથાની ટીકામાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બંને નયોને ભેદની અપેક્ષાથી ભૂતાર્થ અને અભેદ નિર્વિકલ્પ અનુભૂતિની અપેક્ષાએ અભૂતાર્થ કહેવામાં આવ્યા છે.

આ તથ્ય પણ વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે સમયસારમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયોની ચર્ચા ઘણી ઓછી આવી છે, જ્યારે નિશ્ચય-વ્યવહારની ચર્ચા મૂળ ગ્રંથોમાં, ટીકામાં તથા ભાવાર્થમાં ઘણી કરવામાં આવી છે.

તેથી આ તથ્ય કાઢી શકીએ કે આ બંને જોડકા જિનાગમની બે પ્રકારની કથન શૈલીઓના ભેદ છે. અધ્યાત્મ-પદ્ધતિમાં મુખ્યત્વે નિશ્ચય-વ્યવહારની શૈલીનું અને આગમ પદ્ધતિમાં મુખ્યત્વે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકની શૈલીનો પ્રયોગ જોવા મળે છે; તેથી આ બંને શૈલીઓને એક-બીજામાં ભેળવીને જોવાને બદલે તેને પૃથક-પૃથક સંદર્ભમાં જોવી જોઈએ.

**પ્ર-૨. નિશ્ચય-વ્યવહારનય અને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયમાં શું ફરક છે?**

ઉપરોક્ત બંને શૈલીઓમાં સમાનતા હોવા છતાં પણ જિનાગમમાં ઉપલબ્ધ તેના પ્રયોગોના આધાર પર નિમ્નલિખિત તફાવત જોવામાં આવે છે:-

| નિશ્ચયનય-વ્યવહારનય | દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય |
|---|---|
| ૧. નિશ્ચય-વ્યવહાર પ્રયોજન - પરક નય છે. | ૧. દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક વસ્તુ - પરક નય છે. |
| ૨. નિશ્ચય-વ્યવહારમાં પ્રતિપાદ્ય -પ્રતિપાદક તથા વ્યવહાર-નિશ્ચયમાં નિષેધ્ય-નિષેધક સંબંધ કહેવામાં આવેલ છે. | ૨. આમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક તથા નિષેધ્ય-નિષેધક આ પ્રકારનો કોઈ સંબંધ કહેવામાં આવ્યો નથી. |

| | |
|---|---|
| ૩. નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ કહેવામાં આવેલ છે. | ૩. બંનેને પણ ભેદ અપેક્ષાએ ભૂતાર્થ અને અભેદ અનુભૂતિની અપેક્ષાએ અભૂતાર્થ કહેવામાં આવેલ છે. |
| ૪. નિશ્ચયને ઉપાદેય અને વ્યવહારને હેય કહેવામાં આવેલ છે. | ૪. બંને નયોના વિષય-વસ્તુને મુખ્યત્વે જ્ઞેય કહેવામાં આવેલ છે, કારણ કે આગમ શૈલીમાં મુખ્યત્વે જ્ઞેયતત્ત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે. |
| ૫. આના ભેદ-પ્રભેદ , શુદ્ધ - અશુદ્ધ કે સદ્ભૂત - અસદ્ભૂત તથા ઉપચરિત-અનુપચરિતના રૂપમાં કરવામાં આવ્યા છે. | ૫. દ્રવ્યાર્થિક નયના દસ અને પર્યાયાર્થિક નયના છ ભેદ અલગ પ્રકારથી કરવામાં આવ્યા છે. |
| ૬. નિશ્ચય-વ્યવહારનય મુખ્યત્વે આત્મા પર લાગુ થાય છે. | ૬. દ્રવ્યાર્થિકનય - પર્યાયાર્થિકનય છયે દ્રવ્યો ઉપર લાગુ થાય છે. |
| ૭. આનો પ્રયોગ મુખ્યત્વે અધ્યાત્મ શૈલીમાં કરવામાં આવે છે. | ૭. આનો પ્રયોગ મુખ્યત્વે આગમ શૈલીમાં કરવામાં આવે છે. |
| ૮. નિશ્ચય - વ્યવહારનો મુખ્યત્વે સંબંધ વસ્તુના અંશો / ધર્મો સાથે ન હોતાં, તેની નિરૂપણ પદ્ધતિથી છે. | ૮. દ્રવ્યાર્થિક તથા - પર્યાયાર્થિકનો સંબંધ વસ્તુના બે મૂળ અંશ દ્રવ્ય - પર્યાયથી છે. |
| ૯. નિશ્ચય-વ્યવહાર શૈલીમાં સંયોગ સંબંધોની ચર્ચા પણ થાય છે. | ૯. દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકમાં મુખ્યત્વે એક જ વસ્તુની ચર્ચા થાય છે. |

**પ્ર-૩ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય, નિશ્ચય-વ્યવહારનયોના હેતુ કઈરીતે છે ?**

દ્રવ્યાર્થિકનયની વિષય-વસ્તુમાં નિશ્ચય અને વ્યવહાર, બંને

નય ઘટિત થાય છે તથા આ જ રીતે પર્યાયાર્થિકનયની વિષય-વસ્તુમાં પણ નિશ્ચય-વ્યવહાર, બંને નય ઘટિત થાય છે; આથી નિશ્ચય-વ્યવહાર બંને નયોનો હેતુ દ્રવ્યાર્થિકનય પણ છે અને પર્યાયાર્થિકનય પણ છે. નિશ્ચયનો હેતુ માત્ર દ્રવ્યાર્થિકનય અને વ્યવહારનયનો હેતુ માત્ર પર્યાયાર્થિકનય હોય-એવું સર્વથા નથી.

યથાર્થ નિરૂપણને નિશ્ચય અને ઉપચરિત નિરૂપણને વ્યવહાર કહેવામાં આવેલ છે. અહીં પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયોના વિષયનું નિરૂપણ, યથાર્થ અને ઉપચરિત બંને રૂપોમાં હોય છે અર્થાત્ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય - આ બંને પર નિશ્ચય અને વ્યવહારનયોનો પ્રયોગ કરવામાં આવે છે, આથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, બંને નયોને નિશ્ચય-વ્યવહાર બંને નયોનો હેતુ અથવા આધાર કહેવામાં આવેલ છે.

**દ્રવ્યાર્થિકનયના વિષયમાં નિશ્ચયનયનો પ્રયોગ-**

૧. પરમભાવગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત અખંડ નિર્વિકલ્પ આત્મ-સ્વભાવને જ પરમશુદ્ધનિશ્ચયનયનો વિષય કહેવામાં આવ્યો છે.

૨. શુદ્ધદ્રવ્યાર્થિકનયના ત્રણે ભેદોનો વિષય પણ પરમશુદ્ધ-નિશ્ચયનયનો વિષય છે.

૩. કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત જીવની વિકારી પર્યાયો, અશુદ્ધનિશ્ચયનયનો વિષય છે.

**દ્રવ્યાર્થિકનયના વિષયમાં વ્યવહારનયનો પ્રયોગ-**

૧. દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ સામાન્ય, અભેદ, નિત્ય અને એક-એવા વિશેષણોથી ભેદ કરવો, અનુપચરિત-સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

૨. અખંડ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય/દ્રવ્ય-પર્યાયનો ભેદ કરવો, પર્યાયાર્થિક તથા અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનયનો

વિષય છે.

૩. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત ભેદ-કલ્પના, ઉત્પાદ - વ્યય તથા કર્મોપાધિમાંથી દ્રષ્ટિ હટાવવા માટે તેને ગૌણ કરીને વ્યવહારનયનો વિષય કહેવામાં આવે છે.

**પર્યાયાર્થિકનય ના વિષયમાં નિશ્ચયનયનો પ્રયોગ**

કોઈપણ પર્યાયના સ્વ-સ્વામી, કર્તા-કર્મ આદિનું યથાર્થ અથવા સ્વાશ્રિત નિરૂપણ, નિશ્ચયનયનો વિષય કહેવામાં આવે છે. જેમ કે...

અ. નિશ્ચયથી રાગાદિ ભાવોનો કર્તા આત્મા સ્વયં છે.

બ. નિશ્ચયથી શુભભાવ બંધનું કારણ છે.

ક. નિશ્ચયથી શરીરાદિ પર-પદાર્થોની ક્રિયાનો કર્તા પુદ્‌ગલ દ્રવ્ય જ છે.

**પર્યાયાર્થિકનયના વિષયમાં વ્યવહારનયનો પ્રયોગ -**

અ. વ્યવહારથી રાગાદિભાવોનો કર્તા દ્રવ્યકર્મ કે નોકર્મ છે.

બ. વ્યવહારથી શુભરાગ, મુક્તિનો માર્ગ છે

ક. વ્યવહારથી શરીરાદિ પર-પદાર્થોની ક્રિયાનો કર્તા આત્મા છે.

ડ. અખંડ વસ્તુમાં કોઈપણ પ્રકારનો ભેદ કરવો, સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય પણ છે અને પર્યાયાર્થિકનયનો વિષય પણ છે.

આ રીતે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયોની વિષયભૂત વસ્તુનું કથન, નિશ્ચય-વ્યવહારનયોની શૈલીમાં પણ ઉપલબ્ધ થાય છે; તેથી નિશ્ચય-વ્યવહારનયોની આધારભૂમિ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય હોવાથી, તેઓ તેમના હેતુ કહેવામાં આવે છે.

ઉપરોક્ત કથનમાં આ આશય પણ ગર્ભિત છે કે **''આગમ-અધ્યાત્મ નો હેતુ છે, કારણ કે આત્માનો સાક્ષાત્ હિતકારી તો અધ્યાત્મ જ છે તથા આગમ, અધ્યાત્મનો આધાર છે, કારણ છે અથવા સાધન છે; તેથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક અને નિશ્ચય-વ્યવહાર,**

**આ બંને યુગલોને નયોના મૂળ ભેદ માનીને પણ અંતે આ જ નિષ્કર્ષ નીકળે છે કે નયોના મૂળ ભેદ નિશ્ચય-વ્યવહાર જ છે, દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક તો તેમના હેતુ હોવાથી તેને પણ મૂળ નય કહેવામાં આવેલ છે.''**

### અભ્યાસ-પ્રશ્ન

1. નયોના ભેદ કેટ-કેટલા પ્રકારોથી કરવામાં આવ્યા છે?
2. મૂળનય કેટલા છે? બંને વિવક્ષાઓને સ્પષ્ટ કરો.
3. નિશ્ચય-વ્યવહારનય અને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયોના તફાવતને ચાર્ટ દ્વારા સમજાવો.
4. ''અધ્યાત્મનો હેતુ આગમ છે'' - આ વચનને સિદ્ધ કરો.
5. નિશ્ચય અને વ્યવહાર - બંને નયોના પૃથક-પૃથક હેતુ દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક -બંને નય કઈરીતે છે?

**દોનોં નય મેં જો વિરોધ હૈ, ઉસે નષ્ટ કરને વાલે।**
**સ્યાત્કાર પદ સે ચિર અંકિત, જિન-વચ મેં રમનેવાલે।।**
**સ્વયં મોહ કા વમન કરેં જો કુનય પક્ષ કર સકે ન ખંડ।**
**પરમ જ્યોતિમય સમયસાર કો, શીઘ્ર લખેં વે પુરુષ પ્રચંડ।।**

**- સમયસાર કલશ, ૪**

## 5

# નિશ્ચયનય અને વ્યવહારનય

નયોના મૂળભેદ નિશ્ચય-વ્યવહાર છે-એવો નિષ્કર્ષ પ્રતિફલિત થયા પછી આ વિષયમાં વિસ્તારથી ચર્ચા કરવાનો સમય આવી ગયો છે.

આધ્યાત્મિક સત્પુરૂષ પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજી સ્વામી દ્વારા ઉદ્ઘાટિત તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારને કારણે દિગંબર જૈન સમાજમાં નિશ્ચય - વ્યવહારની ચર્ચા પણ ઘણી થવા લાગી છે; પરંતુ હજુ પણ તેના સ્વરૂપ, પ્રયોગ અને પ્રયોજનના વિષયમાં ગહન અને વ્યવસ્થિત ચિંતનના અભાવમાં અનેક ભ્રાંતિઓ વિધમાન છે, જેનાથી સંઘર્ષ અને વૈમનસ્ય પણ રહે છે. ત્યાં સુધી કે શ્રાવક, વિદ્વાન અને અનેક સાધુ-સંત પણ નિશ્ચયવાળા અને વ્યવહારવાળા કહેવામાં આવે છે.

ડૉ. હુકમચંદ ભારિલ્લ દ્વારા **આત્મધર્મ** તથા **વીતરાગ-વિજ્ઞાન** માસિક પત્રિકામાં લખાયેલ સંપાદકીય લેખોમાં તથા તેના સંકલન સ્વરૂપ **પરમભાવ પ્રકાશક નયચક્ર** જેવી કૃતિઓમાં કરવામાં આવેલ સંતુલિત વિવેચનથી જો કે, વર્તમાનમાં અનેક ભ્રાંતિયો દૂર થવા લાગી છે, છતાં પણ નિશ્ચય-વ્યવહારના સંબંધમાં હજી વધારે સ્પષ્ટ, વ્યવસ્થિત અને ગહન વિવેચનની આવશ્યકતા જણાય છે, જેથી સામાજિક શાંતિની સાથે-સાથે આત્મકલ્યાણની દિશામાં પણ પ્રયાસ

વૃદ્ધિગત થઈ શકે. તેથી નિમ્નલિખિત છ બિંદુઓના આધારથી નિશ્ચય-વ્યવહારનું વિવેચન પ્રસ્તુત કરીએ છીએ -

**1. વ્યાખ્યા તથા વિષય-વસ્તુ.**
**2. નિશ્ચય-વ્યવહારની ભૂતાર્થતા અને અભૂતાર્થતા.**
**3. નિશ્ચય-વ્યવહારમાં પરસ્પર વિરોધ અને અવિરોધ.**
**4. નિશ્ચય-વ્યવહારમાં પ્રતિપાધ-પ્રતિપાદક સંબંધ.**
**5. વ્યવહાર-નિશ્ચયમાં નિષેધ્ય-નિષેધક સંબંધ.**
**6. વ્યવહાર-નિશ્ચયમાં હેય-ઉપાદેયપણું.**

## 1. વ્યાખ્યા તથા વિષય-વસ્તુ

નિશ્ચય-વ્યવહારની વ્યાખ્યા અથવા વિષય-વસ્તુને શ્રી સમયસાર, ગાથા ૨૭ તેમજ ૭ ના આધાર પર ઘણી જ સરળતાથી સમજી શકાય છે.

(ક) બે દ્રવ્યોની એકતા અને અનેકતાને આધાર બનાવી અનુક્રમે વ્યવહારનયની અને નિશ્ચયનયની આ રીતે વ્યાખ્યા કરવામાં આવી છે-

**વવહારણઓ ભાસદિ, જીવો દેહો ય હવદિ ખલુ એક્કો,**
**ણ દુ ણિચ્છયસ્સ જીવો, દેહો ય કદા વિ એક્કટ્ઠો. (૨૭)**

**વ્યવહારનય કહે છે કે જીવ અને શરીર એક જ છે અને નિશ્ચયનય કહે છે કે જીવ અને શરીર ક્યારેય એક ન થઈ શકે.**

આ ગાથા પ્રમાણે જીવ અને શરીરના સંયોગની મુખ્યતાથી તેમને એક કહેવા, વ્યવહારનયનું કાર્ય છે તથા સ્વભાવની મુખ્યતાથી તેમને ભિન્ન-ભિન્ન કહેવા, તે નિશ્ચયનયનું કાર્ય છે.

આ રીતે બે ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં એકતા સ્થાપિત કરવી, વ્યવહારનયનું કાર્ય છે. આ જ એકતાના આધાર પર વ્યવહારનય તેમનામાં કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય આદિ સંબંધ પણ બતાવે છે.

આનાથી વિપરીત નિશ્ચયનય, બે ભિન્ન વસ્તુઓમાં કોઈપણ પ્રકારના સંબંધનો નિષેધ કરીને તેમને અત્યંત ભિન્ન બતાવે છે. તેથી બે ભિન્ન વસ્તુઓમાં સંબંધ જોવો વ્યવહારનયનું કાર્ય છે અને તેમને ભિન્ન-ભિન્ન જોવા, તે નિશ્ચયનયનું કાર્ય છે.

(ખ) એક દ્રવ્યમાં ગુણોના ભેદ અને ગુણોના અભેદ ને આધાર બનાવી વ્યવહાર-નિશ્ચયનયની વ્યાખ્યા નીચે મુજબ છે.

સમયસારની જ સાતમી ગાથામાં એક અખંડ વસ્તુમાં જ કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય આદિનો ભેદ કરવો, વ્યવહારનયનું કાર્ય કહેવામાં આવ્યું છે તેમજ આ ભેદનો નિષેધ કરીને વસ્તુને અભેદ, અખંડ, નિર્વિકલ્પરૂપે જોવી, નિશ્ચયનયનું કાર્ય કહેવામાં આવ્યું છે. મૂળ ગાથા આ પ્રકારે છે-

**વવહારેણુવદિસ્સદિ, ણાણિસ્સ ચરિત્તં દંસણં ણાણં,**
**ણ વિ ણાણં ણ ચરિત્તં, ણ દંસણં જાણગો સુદ્ધો.** (૭)

**જ્ઞાની (આત્મા) ના ચારિત્ર, દર્શન અને જ્ઞાન-એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે, નિશ્ચયથી તેઓને જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી, જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.**

અહીં વ્યવહારનયે એક અખંડ આત્માને જ્ઞાન-દર્શન-ચરિત્રના ભેદ કરીને સમજાવ્યો છે; પરંતુ નિશ્ચયનયે બધાં ભેદોનો નિષેધ કરીને આત્માને અભેદ, જ્ઞાયકરૂપ કહ્યો છે.

અભેદ વસ્તુમાં ભેદ કરીને કહેવું, વ્યવહારનય છે તથા ભેદનો નિષેધ કરીને અભેદ વસ્તુને બતાવવી, નિશ્ચયનય છે-આવા અર્થના કથન માઈલ્લ ધવલ કૃત દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, આલાપ-પદ્ધતિ, અણગાર ધર્મામૃત, પંચાધ્યાયી, તત્ત્વાનુશાસન, મોક્ષમાર્ગ પ્રકાશક આદિ અનેક ગ્રંથોમાં ઉપલબ્ધ છે.[1]

૧. પરમભાવપ્રકાશક નયચક્ર, પાનું-૩૯

(ગ) આચાર્ય અમૃતચંદ્રદેવ સમયસાર, ગાથા ૨૭૨ ની આત્મખ્યાતિ ટીકામાં **આત્માશ્રિત કથનને નિશ્ચયનય અને પરાશ્રિત કથનને વ્યવહારનય** કહે છે.

(ઘ) સમયસાર, ગાથા ૧૧ માં **ભૂતાર્થને નિશ્ચય અને અભૂતાર્થને વ્યવહાર** પણ કહેવામાં આવ્યો છે.

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથના સાતમા અધિકારમાં બે વસ્તુઓમાં સંબંધને આધાર બનાવીને, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં થકા નીચે પ્રમાણે નિષ્કર્ષ કાઢ્યો છે :-

(૧) સત્ય નિરૂપણને નિશ્ચયનય અને ઉપચરિત નિરૂપણને વ્યવહારનય કહે છે.

(૨) એક જ દ્રવ્યના ભાવને તે રૂપ જ કહેવો, નિશ્ચયનય છે અને તે જ ભાવને ઉપચારથી અન્ય દ્રવ્યોના ભાવસ્વરૂપ કહેવો, વ્યવહારનય છે.

(૩) જે દ્રવ્યની જે પરિણતિ હોય, તેને તેની જ કહેવી, નિશ્ચયનય છે અને તેને જ અન્ય દ્રવ્યની કહેવી, વ્યવહારનય છે.

(૪) વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, તેના ભાવોને તથા કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં ભેળવી નિરૂપણ કરે છે, માટે તેનો ત્યાગ કરવો તથા નિશ્ચયનય, તેને જ યથાવત્ (જેમ છે તેમ) નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં ભેળવતો નથી, તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન કરવું.

ઉપરોક્ત ચાર મુદ્દાઓને અલગ પ્રયોગોના માધ્યમથી આ પ્રકારે સમજી શકાય છે:-

(૧) આત્માને જ્ઞાન સ્વભાવી કહેવો તે નિશ્ચયનય અને મનુષ્ય-દેવ આદિરૂપ કહેવો તે વ્યવહારનય છે.

(૨) માટીના ઘડાને માટીનો કહેવો, તે નિશ્ચયનય અને ઘી ના સંયોગની અપેક્ષાથી તેને ઘી નો ઘડો કહેવો તે વ્યવહારનય છે.

(૩) બોલવું, ચાલવું, ખાવું-પીવું આદિ પૌદ્ગલિક ક્રિયાઓને પુદ્ગલની ક્રિયા કહેવી, તે નિશ્ચયનય છે અને જીવના ભાવોના નિમિત્તની અપેક્ષાએ તેમને જીવની ક્રિયા કહેવી, તે વ્યવહારનય છે.

(૪) (અ) આત્માને મનુષ્ય, દેવાદિરૂપ અથવા મનુષ્ય, દેવાદિના શરીરને પંચેન્દ્રિય જીવ કહેવો-એ સ્વદ્રવ્ય-પરદ્રવ્યના સંબંધમાં કોઈને કોઈકમાં ભેળવી કહેવામાં આવેલું કથન હોવાથી વ્યવહાર-નયનું કથન છે.

(બ) આત્માને ગોરો-કાળો, પાતળો-જાડો, સુંદર-કદરૂપો આદિ કહેવો તથા આંખને જોવાવાળી, કાનને સાંભળવાવાળો, જીભને ચાખવાવાળી, નાક ને સૂંઘવાવાળું આદિ કહેવું, તે સ્વ-પરના ભાવોના સંબંધમાં કોઈને કોઈમાં ભેળવી કરવામાં આવેલા કથન હોવાથી વ્યવહારનયના કથન છે.

(ક) પુસ્તક, ચશ્મા, પ્રકાશ અને નેત્રાદિથી જ્ઞાનની ઉત્પત્તિ કહેવી તથા ખાવું-પીવું, બોલવું-ચાલવું આદિ શરીરની ક્રિયાઓનો કર્તા આત્માને કહેવો-તે સ્વ-પરના કારણે-કાર્યાદિના સંબંધમાં કોઈને કોઈમાં ભેળવી કરવામાં આવેલા કથન હોવાથી, વ્યવહારનયના કથન છે.

ઉપરોક્ત ત્રણે કથનોનો નિષેધ કરીને આત્મા અને શરીરને ભિન્ન-ભિન્ન કહેવા તથા તેમને પોતપોતાના ભાવોના કર્તા કહેવા નિશ્ચયનયનાં કથન છે.

વિશેષ ધ્યાન આપવા જેવી વાત એ છે કે પંડિત ટોડરમલજીએ વ્યવહારનયના વિષયમાં લખ્યું છે -**આવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ**

**છે, માટે તેનો ત્યાગ કરવો** તથા નિશ્ચયનયના વિષયમાં લખ્યું છે - **આવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ છે, માટે તેનું શ્રદ્ધાન કરવું.**[1]

તેથી એ સ્પષ્ટ છે કે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, તેમના ભાવોને તથા કારણ-કાર્યાદિકને ભેળવીને નિરૂપણ કરવું વ્યવહારનય છે, પરંતુ તેમને એક માની લેવાં, તે તો મિથ્યાત્વ છે. તાત્પર્ય એ છે કે વ્યવહારનયની પદ્ધતિથી કથન કરવામાં મિથ્યાત્વ નથી, વિપરીત માન્યતામાં મિથ્યાત્વ છે તથા અહીં વિપરીત માન્યતાઓને વ્યવહારનય નથી કહેવામાં આવ્યો, માત્ર સંયોગાદિની અપેક્ષાએ નિરૂપણ કરવાને વ્યવહારનય કહેવામાં આવે છે.

**પ્રશ્ન** : સ્વદ્રવ્ય-પરદ્રવ્યાદિકને ભેળવીને કહેવામાં મિથ્યાત્વ નથી તો તેવું માનવામાં મિથ્યાત્વ શા માટે છે? અને જો સ્વ-પરને એક માનવામાં મિથ્યાત્વ છે તો તેવું કહેવું અસત્ય શા માટે નથી?

**ઉત્તર** : માન્યતા અર્થાત્ શ્રદ્ધાનનો વિષય તો વસ્તુ-સ્વરૂપ છે, તેથી સ્વદ્રવ્ય-પરદ્રવ્ય ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ તેમને એક માનવા, વસ્તુ સ્વરૂપનું વિપરીત શ્રદ્ધાન હોવાથી મિથ્યાત્વ થાય છે. વિચાર કરો કે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને ભેળવીને કહેવાં છતાં પણ તેવું માનવામાં નથી આવતું, છતાં પણ સંયોગ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ આદિનું જ્ઞાન કરવાના પ્રયોજનથી તેમને ભેળવીને કહેવામાં આવે છે, તેથી એવું કહેવામાં વ્યવહારનય ઘટિત થાય છે.

**પ્રશ્ન** : જ્યારે બે દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે તો ભેળવીને કહેવાનું શું પ્રયોજન છે તથા ભળેલા નથી તેવું માનવાનું શું પ્રયોજન છે?

**ઉત્તર** : અનેક વસ્તુઓને ભેળવીને કથન કરવાનું પ્રયોજન લોકવ્યવહાર ચલાવવા માટે છે, આત્માનુભૂતિ કરવા માટે નથી. લોકવ્યવહાર એમ જ ચાલે છે, માટે તેવું કથન કરવું, વ્યવહારનયથી

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું-૨૫૭

માન્ય કરવામાં આવ્યું છે, પરંતુ માન્યતાથી લોક-વ્યવહાર સીધો પ્રભાવિત થતો નથી, છતાં આપણી અનુભૂતિ પ્રભાવિત થાય છે. તેથી બે દ્રવ્યને એક માનવું મિથ્યા છે, જે અનંત સંસારનું કારણ છે અને તેને ભિન્ન-ભિન્ન જાણવું સમ્યક્ છે, તે મુક્તિનું કારણ છે.

**પ્રશ્ન** : જો વ્યવહારનય કથનમાં જ છે, માન્યતામાં નથી તો નિશ્ચયનયના પણ કથન હોય છે કે નહીં અને વ્યવહારનયના વિષયમાં માન્યતા હોય છે કે નહીં?

**ઉત્તર** : પાંડે રાજમલજી, સમયસારના પાંચમા કળશની ટીકામાં કહે છે કે જે કાંઈ કથન માત્ર છે તે વ્યવહાર છે; પરંતુ આ વાત અભેદ નિર્વિકલ્પ વસ્તુ અને તેની નિર્વિકલ્પ અનુભૂતિને ધ્યાનમાં રાખીને કહેવામાં આવી છે, પરંતુ અભેદમાં ભેદ કર્યા વિના તેનું કથન નથી થઈ શકતું, તેથી અભેદ વસ્તુમાં ભેદ કરીને જાણવું અને કહેવું, વ્યવહારનય કહેવામાં આવ્યો છે. તેનો અર્થ એ નથી કે નિશ્ચયનયના કથન હોતાં જ નથી. **યથાર્થ નિરૂપણ સો નિશ્ચય** અને **સ્વાશ્રિતો નિશ્ચયઃ**-આ વ્યાખ્યાઓમાં તો નિરૂપણમાં જ નિશ્ચયનયને ઘટિત કરવામાં આવેલ છે.

આ પ્રકારે માન્યતામાં માત્ર નિશ્ચય હોય છે-એવું પણ નથી. પંડિત ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૫૦ માં ઉભયાભાસી પ્રકરણમાં લખે છે કે **નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવા યોગ્ય છે; કારણ કે એક જ નયનું શ્રદ્ધાન કરવાથી મિથ્યાત્વ થાય છે.**

ખરેખર માન્યતા તો મિથ્યા અથવા સમ્યક્ હોય છે; નિશ્ચય-વ્યવહારરૂપ નહીં, કારણ કે માન્યતા, પ્રતીતિ કે શ્રદ્ધાનરૂપ હોય છે, માટે તે નિર્વિકલ્પ હોય છે. નિશ્ચય-વ્યવહારનય શ્રુતજ્ઞાનના ભેદ છે, તેથી તે વસ્તુને જાણવામાં કે વાણી દ્વારા કહેવામાં ઘટિત થાય છે. છતાં પણ અનેક જગ્યાએ માનવા અને જાણવામાં ભેદ ન

કરીને જાણવાના અર્થમાં માનવું કે શ્રદ્ધાન શબ્દનો પ્રયોગ પણ કરી દેવામાં આવે છે.

વસ્તુતઃ વ્યવહારનયના કથનને વસ્તુનું સાચું સ્વરૂપ ન જાણીને, સંયોગાદિની અપેક્ષાએ કરવામાં આવેલું કથન જાણવું યથાર્થ છે, અર્થાત્ સંયોગને સંયોગ જાણવો, વિકારને વિકાર જાણવો, ભેદને ભેદ જાણવો તથા વસ્તુને અભેદ, અખંડ, નિર્વિકલ્પરૂપ જાણવી તે યથાર્થ નિરૂપણ હોવાથી નિશ્ચયનય છે અને અસંયોગી/અવિકારી, અભેદ વસ્તુને સંયોગી, વિકારી અને ભેદરૂપ જાણવી/કહેવી તે વ્યવહારનય છે.

**આ રીતે યથાર્થ નિરૂપણ સો નિશ્ચય ઔર ઉપચાર નિરૂપણ સો વ્યવહાર –** આ વ્યાખ્યાને વિસ્તાર અને ગંભીરતાથી સમજવી જોઈએ.

ઉપરોક્ત વ્યાખ્યામાં સર્વાધિક માર્મિક સંદેશ એ છે કે **કોઈ દ્રવ્ય-ભાવનું નામ નિશ્ચય અને કોઈ દ્રવ્ય-ભાવનું નામ વ્યવહાર - એવું નથી.**

નિશ્ચય-વ્યવહારનયોના પ્રતિપાદનનું મૂળ સૂત્ર છે – **વસ્તુ એક, નિરૂપણ બે.** બે દ્રવ્યોને અથવા તેના ગુણોને અથવા પર્યાયોને, કોઈને નિશ્ચય અને કોઈને વ્યવહાર કહેવામાં નથી આવતા.

એનું જ સ્પષ્ટીકરણ કરતાં થકા પંડિતજી, મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૪૯ માં લખે છે – **એક જ દ્રવ્યના ભાવનું તે સ્વરૂપે નિરૂપણ કરવું તે નિશ્ચયનય છે અને તે જ દ્રવ્યના ભાવનું અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપે નિરૂપણ કરવું તે વ્યવહારનય છે. આ રીતે નિરૂપણની અપેક્ષાએ નય ઘટિત થાય છે.**

ઉપરોક્ત કથનથી એ સ્પષ્ટ થાય છે કે નિશ્ચય-વ્યવહારનય, કોઈ દ્રવ્ય,ગુણ કે પર્યાયનું નામ કે સ્વરૂપ નથી, પરંતુ તેમના યથાર્થ કે ઉપચરિત નિરૂપણની પદ્ધતિ છે. અહીંયા વિભિન્ન નય-પ્રયોગોથી આ જ વાત સ્પષ્ટ કરવામાં આવી રહી છે –

| ઉદાહરણ | ખોટી માન્યતા | સાચી માન્યતા |
| --- | --- | --- |
| ઘી નો ઘડો | ઘી ને નિશ્ચય અને ઘડા ને વ્યવહાર માનવો અથવા ઘડાને નિશ્ચય અને ઘી ને વ્યવહાર માનવો. | ઘડો<br>માટીનો કહેવો (યથાર્થ નિરૂપણ)<br>ઘી નો કહેવો (ઉપચરિત નિરૂપણ) |
| મનુષ્ય જીવ | જીવને નિશ્ચય અને શરીરને વ્યવહાર અથવા શરીરને નિશ્ચય અને જીવને વ્યવહાર સમજવો. | જીવ<br>શરીરથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ છે (યથાર્થ નિરૂપણ)<br>મનુષ્ય, દેવાદિ રૂપ કહેવામાં આવ્યો છે. (ઉપચરિત નિરૂપણ) |
| પંચેન્દ્રિય જીવ | પાંચ ઇંદ્રિયો ને નિશ્ચય અથવા વ્યવહાર સમજવો. | શરીર/ઇંદ્રિયો<br>પુદ્ગલ કહેવું (યથાર્થ નિરૂપણ)<br>જીવ કહેવો (ઉપચરિત નિરૂપણ) |
| વીતરાગતા જ મુક્તિ નો માર્ગ છે. | વીતરાગ પર્યાય ને નિશ્ચય અને વ્રત-શીલ-સંયમ ને વ્યવહાર માનવો. | મોક્ષમાર્ગ<br>વીતરાગભાવ (યથાર્થ નિરૂપણ)<br>વ્રત-શીલ-સંયમ (ઉપચરિત નિરૂપણ) |
| મને ઘણો ક્રોધ આવે છે. | મને (આત્માને) નિશ્ચય અને ક્રોધ ને વ્યવહાર સમજવો. | ક્રોધ<br>આત્માના વિકારી પરિણામ છે. (યથાર્થ નિરૂપણ)<br>ગાળ સાંભળવાથી ક્રોધ આવ્યો. (ઉપચરિત નિરૂપણ) |

આ રીતે વિભિન્ન કથનોમાં યથાર્થ તથા ઉપચરિત નિરૂપણમાં નિશ્ચય-વ્યવહાર ઘટિત કરવો જોઈએ. ઉપરોક્ત કોષ્ટકમાં આપવામાં આવેલા પ્રયોગો સિવાય '**વસ્તુ એક, નિરૂપણ બે**'- આ સૂત્રને સમજવા માટે નીચેના પ્રયોગ પણ ધ્યાન આપવા યોગ્ય છે :

**આત્મા**

| (યથાર્થ નિરૂપણ) | (ઉપચરિત નિરૂપણ) |
| --- | --- |
| ચૈતન્ય સ્વરૂપ છે | મનુષ્ય છે |

સમ્યક્દર્શન

| (યથાર્થ નિરૂપણ) | (ઉપચરિત નિરૂપણ) |
|---|---|
| (અ) પરથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપનું શ્રદ્ધાન સમ્યક્દર્શન છે | (અ) સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ અને સાત તત્ત્વનું શ્રદ્ધાન સમ્યક્દર્શન છે |
| (બ) જીવની નિર્મળ પર્યાય હોવાથી આત્મા તેનો કર્તા છે. | (બ) કર્મના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયથી સમ્યક્દર્શન થાય છે. |
| (ક) મુક્તિનો માર્ગ છે | (ક) દેવાયુના બંધનું કારણ છે. |

રાગ-દ્વેષાદિ શુભાશુભ વિકારી ભાવ

| (યથાર્થ નિરૂપણ) | (ઉપચરિત નિરૂપણ) |
|---|---|
| (અ) આત્મા સ્વયં રાગાદિનો કર્તા છે | (અ) મોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થયા છે |
| (બ) બંધનું કારણ છે | (બ) જ્ઞાનીના શુભભાવ પર મોક્ષમાર્ગનો ઉપચાર કરીને તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે |

**પ્રશ્ન** : ઉપરોક્ત ચાર્ટમાં રાગાદિભાવોનો કર્તા જીવને કહેવો યથાર્થ નિરૂપણ અર્થાત્ નિશ્ચયનયનું કથન કહેવામાં આવ્યું છે, જ્યારે સમયસાર, ગાથા ૭૨ થી ૭૯ માં રાગને આત્માથી ભિન્ન તથા નિશ્ચયનયથી પુદ્ગલનું કાર્ય કહેવામાં આવ્યું છે તો નિશ્ચયથી રાગાદિનો કર્તા જીવને માનવો કે પુદ્ગલને?

**ઉત્તર** : અધ્યાત્મ ગ્રંથોમાં સ્વભાવ અને વિભાવમાં ભેદ-જ્ઞાનની મુખ્યતાથી, રાગાદિભાવોમાં અચેતનપણું હોવાથી તથા પુદ્ગલકર્મના ઉદયનું નિમિત્તપણું હોવાથી, બાહ્યપદાર્થોનું લક્ષ થવાને લીધે તથા રાગાદિ અને જીવમાં તાત્ત્વિક ભેદ હોવાથી અર્થાત્ રાગાદિભાવ આશ્રવ હોવાથી તેને નિશ્ચયનયથી પુદ્ગલ કહેવામાં આવ્યા છે;

પરંતુ જ્યાં બે દ્રવ્યની સ્વતંત્રતા બતાવવાનું પ્રયોજન હોય, ત્યાં તે જ ગ્રંથોમાં આગમ પદ્ધતિને મુખ્ય કરીને તેને વ્યવહારથી પુદ્‌ગલકૃત કહેવામાં આવ્યા છે તથા ઉપાદાનની અપેક્ષાએ અશુદ્ધનિશ્ચયનય થી જીવના કહેવામાં આવ્યા છે.

આ રીતે રાગાદિભાવોમાં વિભિન્ન અપેક્ષાઓથી નીચે મુજબ નય પ્રયોગો દ્વારા વીતરાગતાનું જ પોષણ કરવામાં આવ્યું છે -

1. શુદ્ધનિશ્ચયનયથી પુદ્‌ગલકૃત છે.

2. ઉપચરિત-સદ્‌ભૂતવ્યવહારનયથી જીવકૃત છે.

3. અશુદ્ધનિશ્ચયનયથી જીવકૃત છે.

4. અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી કર્મકૃત છે.

**વિશેષ -** પ્રવચનસાર, ગાથા ૧૮૯ ની ટીકામાં રાગાદિ ભાવોનો કર્તા જીવને કહેવો-શુદ્ધ દ્રવ્યના નિરૂપણાત્મક નિશ્ચયનય કહેવામાં આવ્યો છે, કારણ કે રાગાદિના કર્તૃત્વમાં માત્ર (શુદ્ધરૂપથી) આત્મા જ કારણ છે, અન્ય નહીં. તેથી તેને શુદ્ધનયથી જીવનો કહ્યો છે.

**પ્રશ્ન** : અભેદ વસ્તુમાં ભેદ કરવો વ્યવહાર કહેવામાં આવેલ છે તો શું ભેદને પણ ઘી ના ઘડાની જેમ ઉપચરિત માનવો જોઈએ?

**ઉત્તર** : આધ્યાત્મિક દૃષ્ટિથી પંચાધ્યાયીની શૈલીમાં અથવા દૃષ્ટિના વિષયની અપેક્ષાએ ભેદને પણ ઉપચરિત માની શકાય છે; પરંતુ અભેદ અને ભેદની ચર્ચા સદ્‌ભૂતવ્યવહારનયના પ્રકરણમાં આવે છે. અધ્યાત્મપદ્ધતિમાં અભેદ-અખંડ વસ્તુની દૃષ્ટિથી ભેદ પણ ઉપચરિત કે કથન માત્ર કહેવામાં આવે છે. પાંડે રાજમલજીએ ૨૫૨ માં કળશની ટીકામાં અભેદ નિર્વિકલ્પ વસ્તુને સ્વદ્રવ્ય તથા ભેદને પરદ્રવ્ય કહ્યા છે. આગમ પદ્ધતિથી વિચાર કરવામાં આવે તો વસ્તુમાં વિદ્યમાન એક-અનેક, ભેદ-અભેદ આદિ બધાં ધર્મ નિશ્ચયથી જ છે; તેથી અભેદ વસ્તુમાં ગુણ-ગુણી આદિનો ભેદ કરવો અનુપચરિત-

સદ્ભૂતવ્યવહારનય છે અને રાગાદિ કૃત ભેદ કરવો ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય છે.

**પ્રશ્ન** : સ્વાશ્રિતો નિશ્ચયઃ પરાશ્રિતો વ્યવહારઃ - આ વ્યાખ્યા ક્યારે અને કેવી રીતે ઘટિત થાય છે?

**ઉત્તર** : ખરેખર તો કોઈપણ દ્રવ્ય, ગુણ કે પર્યાયનું તેના સ્વરૂપથી જ કથન કરવું, સ્વાશ્રિત નિરૂપણ છે અને તે જ યથાર્થ નિરૂપણ અર્થાત્ નિશ્ચયનય છે તથા તેનું અન્ય દ્રવ્ય, તેના ગુણ કે પર્યાયથી નિરૂપણ કરવું પરાશ્રિત નિરૂપણ અર્થાત્ વ્યવહારનય છે.

આ પણ વિચિત્ર તથ્ય છે કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ દ્રવ્ય પૂર્ણતઃ શુદ્ધ, સ્વતંત્ર અને અખંડ છે, છતાં પણ તેમનું નિરૂપણ પરાશ્રિત અર્થાત્ જીવ અને પુદ્ગલોની સાપેક્ષતાથી જ કરવામાં આવે છે. જ્યારે જીવ અને પુદ્ગલોની પર્યાયો શુદ્ધ-અશુદ્ધ, સ્વાશ્રિત-પરાશ્રિત અને સંયોગી-અસંયોગી પણ છે; માટે તેનું નિરૂપણ સ્વાશ્રિત અને પરાશ્રિત બંને પ્રકારથી કરવામાં આવે છે. જીવને ચૈતન્યગુણથી તથા પુદ્ગલને સ્પર્શાદિ ગુણોથી બતાવવા, તેઓનું સ્વાશ્રિત નિરૂપણ છે તથા જીવ-પુદ્ગલનું પરસ્પર સંયોગી કથન કરવું, પરાશ્રિત નિરૂપણ છે.

અધ્યાત્મ પદ્ધતિમાં અભેદ નિર્વિકલ્પ દ્રવ્યને **સ્વ** તથા સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની દૃષ્ટિથી તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ભેદ કલ્પનાને **પર** કહેવામાં આવે છે; માટે નિર્વિકલ્પ વસ્તુ, સ્વાશ્રિત અનુભૂતિનો વિષય બને છે તથા ભેદથી તેનો વિચાર કરવો / કથન કરવું પરાશ્રિત કે ઉપચરિત કહેવામાં આવે છે.

## 2. નિશ્ચય-વ્યવહારનયની ભૂતાર્થતા અને અભૂતાર્થતા

**પ્રશ્ન** : જ્યારે વસ્તુ-સ્વરૂપને સમજવામાં બંને નયોની સમાન

ઉપયોગિતા છે તો સમયસાર આદિ અધ્યાત્મ ગ્રંથોમાં નિશ્ચયનયને ભૂતાર્થ અને વ્યવહારનયને અભૂતાર્થ શા માટે કહેવામાં આવેલ છે?

**ઉત્તર** : નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્મતત્ત્વના આશ્રયથી અર્થાત્ શ્રદ્ધા-જ્ઞાન-આચરણથી મોક્ષમાર્ગના પ્રયોજનની સિદ્ધિ થાય છે, માટે નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે તથા વ્યવહારનયના વિષયભૂત આત્માના અવલંબનથી મોક્ષમાર્ગના પ્રયોજનની સિદ્ધિ થતી નથી, માટે વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.

ભૂતાર્થનો અર્થ વિદ્યમાન અને અભૂતાર્થનો અર્થ અવિદ્યમાન પણ થાય છે. નિશ્ચયનયના વિષયભૂત આત્મામાં અથવા ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિમાં રંગ-રાગ-ભેદ અવિદ્યમાન છે, માટે તેને વિષય બનાવવાવાળો વ્યવહારનય અભૂતાર્થ કહેવામાં આવે છે.

**પ્રશ્ન** : શું વ્યવહારનય સર્વથા અભૂતાર્થ છે?

**ઉત્તર** : ના, શુદ્ધનય અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ તથા મોક્ષમાર્ગની અપેક્ષાએ વ્યવહારનયને અભૂતાર્થ /અસત્યાર્થ કહેવામાં આવે છે. તેથી તે કથંચિત્ અભૂતાર્થ છે, સર્વથા અભૂતાર્થ નથી. વ્યવહારનયની વિષયભૂત પર્યાયો, શરીરાદિ સંયોગ પણ વિદ્યમાન છે, તેનો સર્વથા અભાવ નથી; તેથી વ્યવહારનય પણ કથંચિત્ સત્યાર્થ છે. જો દ્રષ્ટિની અપેક્ષાએ તેને ક્યાંક સર્વથા અસત્યાર્થ પણ કહ્યો હોય તો એ કથન પણ દ્રષ્ટિની અપેક્ષા સહિત હોવાથી કથંચિત્ અસત્યાર્થ જ સમજવું જોઈએ, સર્વથા નહીં.

સમયસાર, ગાથા ૧૪ ની ટીકામાં પાંચ બોલ દ્વારા આત્માના સ્વરૂપને સમજાવતા થકા, વ્યવહારનયને પાંચ ઉદાહરણોથી કથંચિત્ સત્યાર્થ બતાવ્યો છે તથા તેને પરમાર્થ દ્રષ્ટિથી અભૂતાર્થ પણ કહ્યો છે.

આચાર્ય જયસેન પણ, સમયસારની ૧૧ મી ગાથાનો અર્થ

કરતાં થકા દ્વિતીય વ્યાખ્યાનમાં વ્યવહારને અભૂતાર્થ અને ભૂતાર્થ પણ કહે છે.

આ સંબંધમાં પૂજ્ય ગુરૂદેવશ્રીએ સમયસારની ૧૧ મી ગાથાના પ્રવચનોમાં વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે, જે પ્રવચન રત્નાકર, ભાગ ૧, પાના નં. ૧૪૭-૧૪૮ પર વાંચવા યોગ્ય છે.

આ અત્યંત ખેદની વાત છે કે ઘણાં લોકો પૂજ્ય ગુરૂદેવશ્રીના પ્રવચનોનું સાંગોપાંગ તથા ગહન અધ્યયન કર્યા વિના જ તેમને એકાંતી, સ્વચ્છંદી, નિશ્ચયાભાસી વગેરે સમજી લે છે, પરંતુ તેઓશ્રીનાં પ્રવચનોનું નિષ્પક્ષ દ્રષ્ટિથી ગહન અધ્યયન કરે તો ન માત્ર ભ્રમ નીકળી જશે, પરંતુ વસ્તુ સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરીને મોક્ષમાર્ગની પ્રાપ્તિનો સમ્યક્ પુરૂષાર્થ પણ કરી શકશે.

**પ્રશ્ન** : વ્યવહારનયને સર્વથા સત્યાર્થ માનવામાં શું નુકશાન છે?

**ઉત્તર** : વ્યવહારનય, જીવ અને શરીરને એક કહે છે, આત્માને રાગાદિ રૂપ અથવા ગુણસ્થાન-માર્ગણાસ્થાન આદિના ભેદ રૂપ કહે છે. જો વ્યવહારનયને સર્વથા સત્યાર્થ માનવામાં આવે તો જીવ અને શરીરને એક કહેવાવાળા કથન પણ સત્યાર્થ થઈ જશે, જેનાથી મિથ્યાત્વનું પોષણ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

**પ્રશ્ન** : વ્યવહારનયને સર્વથા અસત્યાર્થ માનવામાં શું નુકશાન છે?

**ઉત્તર** : નિયમસાર, ગાથા ૧૫૯ માં કેવળી ભગવાન દ્વારા લોકાલોકને જાણવું, વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. જો વ્યવહારનયને સર્વથા અસત્યાર્થ માનવામાં આવે તો તેમના દ્વારા લોકાલોકનું જ્ઞાન અર્થાત્ સર્વજ્ઞતા પણ અસત્યાર્થ થશે, અર્થાત્ સર્વજ્ઞતાના અભાવનો પ્રસંગ આવશે તથા સંસાર અને મોક્ષ પણ સિદ્ધ નહીં થાય.

આ જ રીતે જીવ અને શરીરને એક કહેવું પણ સર્વથા અસત્યાર્થ માનવામાં આવે અર્થાત્ તેમને સંયોગની અપેક્ષાએ પણ એક ન માનવામાં આવે તો ભસ્મને ચોળવામાં હિંસાના અભાવની જેમ, સંસારી જીવોને કચડવામાં પણ હિંસાનો અભાવ થઈ જશે; તેથી વ્યવહારને સર્વથા અસત્યાર્થ માનવાથી હિંસાના પોષણનો પ્રસંગ પણ આવશે.

**પ્રશ્ન** : કેવળી ભગવાન દ્વારા લોકાલોકને જાણવું વ્યવહાર-નયથી છે-એમ કહેવાનો શું ઉદ્દેશ છે?

**ઉત્તર** : ખરેખર તો કેવળી ભગવાન, જેમ પોતાના આત્માને તન્મય થઈને જાણે છે; તેમ લોકાલોકને તન્મયતાપૂર્વક નથી જાણતા, માટે લોકાલોકને જાણે છે, તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. તેનો અર્થ એ નથી કે ભગવાનના જ્ઞાનમાં લોકાલોક સંબંધી જ્ઞેયાકાર પરિણમન જ નથી થતું.

ખરેખર તો જ્ઞેયાકાર પરિણમન પણ જ્ઞાનનું જ પરિણમન છે, જ્ઞેયોનું નહીં; માટે જ્ઞેયાકાર પરિણમન વાસ્તવમાં આત્મા જ હોવાથી તે આત્માને જ પ્રકાશિત કરે છે. આ અપેક્ષાથી જ્ઞાનમાં સ્વયં જ્ઞાન અર્થાત્ આત્મા જ પ્રકાશિત થતો હોવાથી કેવળજ્ઞાન પોતાને જ પ્રકાશિત કરે છે-આ કથન, જ્ઞાનનું સ્વાશ્રિત નિરૂપણ હોવાથી નિશ્ચયનયનું છે/ કહ્યું પણ છે -

**જ્ઞેયાકાર જ્ઞાન મેં ભી કલાકાર જ્ઞાન હૈ** [1]

અથવા

**તુમ્હારા ચિત્ પ્રકાશ કૈવલ્ય, કહેં તુમ જ્ઞાયક લોકાલોક** [2]

જ્ઞાનમાં બનતા જ્ઞેયાકાર પ્રતિબિંબને જ્ઞેય કહેવું, (તે તો) જ્ઞાનમાં જ્ઞેયનો ઉપચાર જ છે; આ કારણે આ જ્ઞાનનું પરાશ્રિત નિરૂપણ

૧. મુમુક્ષુ સમાજમાં પ્રચલિત આધ્યાત્મિક ગીત
૨. બાબૂ જુગલકિશોરજી 'યુગલ' કૃત સિદ્ધ-પૂજન

હોવાથી ઉપચરિત કથન થયું કે – 'જ્ઞાન લોકાલોકને જાણે છે.'

જો જ્ઞાનમાં જ્ઞેય ઝલકે જ નહીં અર્થાત્ જ્ઞેયાકાર પરિણમન જ ન થાય તો લોકાલોકનો આરોપ કોના પર કરવામાં આવશે ? તેથી જ્ઞાનનું વિશેષ પરિણમન તો યથાર્થ જ છે, પરંતુ તેને જ્ઞેય કહીને જ્ઞાનમાં લોકાલોક ઝલકે છે–એમ કહેવું ઉપચાર છે.

**કેવળી ભગવાન નિશ્ચયનયથી આત્માને જાણે છે અને વ્યવહારનયથી લોકાલોકને જાણે છે**–આ કથનનાં સંદર્ભમાં આ વાત ગંભીરતાથી વિચારણીય છે કે કેવળજ્ઞાનમાં તો નય જ હોતા નથી તો પછી નિશ્ચયનય કે વ્યવહારનયથી જાણે છે–એમ કહેવાનું શું પ્રયોજન છે? વાસ્તવમાં આપણે પોતાના શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ એવી રીતે જાણીએ કે તે કેવળજ્ઞાન, પોતાના સ્વરૂપને જ પ્રકાશિત કરે છે તો આપણે કેવળજ્ઞાનનું સ્વાશ્રિત સ્વરૂપ જાણ્યું; એ જ આપણા શ્રુતજ્ઞાનમાં નિશ્ચયનયરૂપ પરિણમન છે. આ જ રીતે જો આપણે કેવળજ્ઞાનનું સ્વરૂપ, લોકાલોકને જાણવાવાળું જાણીએ તો આ કેવળજ્ઞાનનું પરાશ્રિત નિરૂપણ હોવાથી આપણા જ્ઞાનમાં વ્યવહારનય રૂપ પરિણમન છે. આ રીતે કેવળજ્ઞાનના સંબંધમાં નિશ્ચય-વ્યવહારનય આપણા જ્ઞાનમાં થાય છે, કેવળજ્ઞાનમાં નહીં.

### ૩. નિશ્ચય-વ્યવહારનયમાં પરસ્પર વિરોધ અને અવિરોધ

**પ્રશ્ન** : નિશ્ચયનય અને વ્યવહારનય બંને સમ્યક્શ્રુત જ્ઞાનનાં અંશ છે તો પછી તેઓ પરસ્પર વિરોધી કથન શા માટે કરે છે?

**ઉત્તર** : નિશ્ચયનય અને વ્યવહારનયના કથન પરસ્પર વિરોધી જ હોય છે. જો બંને એક જ પ્રકારના કથન કરે તો બે નય કહેવાની શું જરૂર છે? બંને નય, એક જ વસ્તુની ભિન્ન-ભિન્ન બાજુઓને બતાવે છે, માટે તેમનામાં ભિન્નતા અને વિરોધ હોવો સ્વાભાવિક છે, પરંતુ તેમનામાં વિરોધ હોવા છતાં પણ તે બંને મળીને તે જ વસ્તુનું સ્વરૂપ બતાવે છે – તે જ તેમનું અવિરોધપણું છે. માટે

તેમનામાં ૩૬ ના આંકડા જેવો વિરોધ ન હોઈને ૬૩ ના આંકડા જેવો અવિરોધ સમજવો જોઈએ અર્થાત્ બંને નય, વસ્તુ-સ્વરૂપનો નિર્ણય કરવાની પ્રક્રિયાના જ અંગ છે.

પ્રત્યેક નાટકમાં હિરો અને વિલનનું ચરિત્ર પરસ્પર વિરોધી બતાવવામાં આવે છે. રામલીલામાં રાવણ અને રામનું ચરિત્ર પરસ્પર વિરોધી હોવા છતાં પણ રાવણનું ચરિત્ર રામના વ્યક્તિત્વને ઉજાગર કરે છે. જો રાવણનું ચરિત્ર રાખવામાં જ ન આવે અથવા રાવણ પણ રામ જેવી ભાષા બોલવા લાગે તો રામલીલાનું શું સ્વરૂપ થશે? તેથી રાવણ અને રામ, બંનેનું ચરિત્ર મળીને રામલીલાનું સમગ્ર સ્વરૂપ પ્રસ્તુત કરે છે.

આપણાં ગૃહસ્થ જીવનમાં પણ પતિ-પત્નીનો સ્વભાવ, તેમનું ઉત્તરદાયિત્વ તથા કાર્ય ભિન્ન-ભિન્ન દેખાય છે. પતિ ધન કમાવવાની તથા ઘરની બહારની જવાબદારી સંભાળે છે, તો પત્ની ઘરની વ્યવસ્થાની જવાબદારી સંભાળે છે. બંનેના કાર્ય, પરસ્પર વિરૂધ્ધ દેખાવા છતાં પણ એકબીજાના પ્રતિદ્વન્દ્વી નહીં, પરંતુ પૂરક છે, માટે તેઓનો સંબંધ ૩૬ ના આંકડાની જેમ વિરોધી નથી, બલ્કે ૬૩ ના આંકડાની જેમ અવિરોધી સમજવો જોઈએ.

વ્યાપાર, રમત, રાજનીતિ આદિ જીવનના સમસ્ત અંગોમાં આ વિરોધ અને અવિરોધ અનિવાર્ય છે, અન્યથા જીવનના આ મહત્ત્વપૂર્ણ કાર્ય વ્યવસ્થિતરૂપથી સંપન્ન ન થઈ શકે.

આપણી શારીરિક જરૂરીયાતો પણ પરસ્પર વિરોધી હોવા છતાં પણ જીવન માટે અનિવાર્ય છે. પેટ ખાલી થવું અને ભરવું, ઉંઘવું અને ઉંઘનો ત્યાગ કરવો અર્થાત્ જાગવું, શ્વાસ લેવો અને મૂકવો આદિ અનેક વિરોધી ક્રિયાઓ આપણા જીવનને વ્યવસ્થિત રૂપથી સંચાલિત કરે છે.

આ રીતે નિશ્ચય-વ્યવહારના કથનોમાં પરસ્પર વિરોધ હોવાં

છતાં પણ, તેમને એકબીજાના પૂરક સમજવા જોઈએ.

### 4. નિશ્ચય-વ્યવહારનયમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક સંબંધ

આત્માનુભૂતિના પ્રયોજનથી નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ કહેવાથી એ **પ્રશ્ન** સહજ ઉત્પન્ન થાય છે કે જો વ્યવહાર અભૂતાર્થ/અસત્યાર્થ છે તો જિનાગમમાં તેના કથન શા માટે કરવામાં આવ્યા છે? બે અત્યંત ભિન્ન વસ્તુઓને એક કહીને, તેમાં અનેક પ્રકારના સંબંધ સ્થાપિત કરવા, એક અખંડ વસ્તુમાં ભેદ-કલ્પના કરવી તથા વ્રતાદિરૂપ બાહ્યક્રિયા તથા શુભભાવને મોક્ષમાર્ગ કહેવો તો યોગ્ય નથી લાગતો, તો પછી જિનાગમમાં આવા કથનો શા માટે કરવામાં આવ્યા અને તેમને વ્યવહારનય કહીને જિનાગમમાં સ્થાન શા માટે આપવામાં આવ્યું?

પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૫૧ ઉપર આ જ પ્રશ્નો કરીને તેના **સમાધાન** માટે આચાર્ય કુંદકુંદકૃત સમયસારની આઠમી ગાથા પ્રસ્તુત કરતા થકાં કહે છે કે જે રીતે અનાર્યને, અનાર્ય ભાષા સિવાય ન સમજાવી શકાય, તેવી જ રીતે વ્યવહાર વિના પરમાર્થનું કથન ન થઈ શકે, માટે જિનવાણીમાં વ્યવહારનય ને સ્થાન આપ્યું છે તથા સમ્યક્ શ્રુતજ્ઞાનનો અંશ માનવા માં આવ્યો છે.

**પ્રશ્ન** : પરસ્પર વિરોધી કથન કરવાવાળા નિશ્ચય-વ્યવહારનયમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક સંબંધ કેવી રીતે હોઈ શકે છે? અભેદ વસ્તુમાં ગુણ-પર્યાયનો ભેદ કરવાવાળો વ્યવહારનય, ભેદનો નિષેધ કરવાવાળા પરમાર્થ (નિશ્ચયનય) નું પ્રતિપાદન કેવી રીતે કરી શકે ? આ જ રીતે શરીર અને જીવને એક કહેવાવાળો વ્યવહારનય, તેમને અત્યંત ભિન્ન કહેવાવાળા પરમાર્થનું પ્રતિપાદન કેવી રીતે કરી શકે ? તથા શુભભાવને મુક્તિનું કારણ કહેવાવાળો વ્યવહારનય, તેને જ બંધનું કારણ કહેવાવાળા પરમાર્થનો પ્રતિપાદક કેમ હોઈ શકે?

**ઉત્તર** : ઉપરોક્ત પ્રશ્નમાં વ્યવહારનય અને નિશ્ચયનયના ત્રણ વિરોધી કથન પ્રસ્તુત કરવામાં આવ્યા છે, જેમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદકપણું નીચે પ્રમાણે સમજી શકાય છે -

(અ) વ્યવહારનય અભેદ વસ્તુમાં ગુણ-પર્યાયોના ભેદ કરીને પણ તે જ વસ્તુને બતાવે છે, કે જેમાં તે ગુણ-પર્યાયો છે અર્થાત્ તે ભેદ કરીને અભેદનું પ્રતિપાદન કરે છે.

(બ) વ્યવહારનય, શરીર અને જીવને એક કહીને પણ મનુષ્ય શરીરમાં રહેવાવાળા જીવને તથા જીવની સંયોગી પર્યાયને બતાવીને પણ જીવનું જ પ્રતિપાદન કરે છે.

(ક) આ જ રીતે વ્યવહારનય, શુભભાવને મુક્તિનો માર્ગ કહીને પણ તે શુભરાગની સાથે રહેવાવાળા વીતરાગભાવનું જ્ઞાન કરાવે છે, કારણ કે વીતરાગભાવ વિના માત્ર શુભભાવ અને બાહ્યક્રિયાઓને મોક્ષમાર્ગ ન કહી શકાય. વીતરાગતાની સાથે થવાવાળા શુભભાવ અને બાહ્યક્રિયાને જ ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે, કારણ કે સાધક દશામાં થવાવાળા વીતરાગ-ભાવોને શુભ ક્રિયાઓના માધ્યમથી જ સમજી શકાય છે, માટે શુભભાવના માધ્યમથી વીતરાગી પરિણતિનું જ્ઞાન કરાવવામાં આવે છે. આ પ્રકારે શુભભાવને મોક્ષમાર્ગ કહીને વીતરાગભાવનું પ્રતિપાદન કરવામાં આવે છે.

જ્યાં વ્યવહારનયથી કથન કરવામાં આવ્યું હોય, ત્યાં 'એમ છે નહીં, પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી કથન કરવામાં આવ્યું છે'-આ રીતે વ્યવહારનયને ગ્રહણ કરવો જોઈએ-એવો નિર્દેશ પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય ૭, પાના નં. ૨૫૧ પર આપ્યો છે. આ પદ્ધતિથી અર્થ કરવા છતાં પણ વ્યવહાર, પરમાર્થનું જ પ્રતિપાદન કરે છે.

નિશ્ચય-વ્યવહારનયના પ્રયોગોનો મર્મ સમજવા માટે નીચેના

ચાર મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપવું જોઈએ –

અ. પ્રતિપાદક વાક્ય

બ. પ્રતિપાદ્ય વિષય

ક. પ્રતિપાદનનો સંદર્ભ (અપેક્ષા)

ડ. પ્રતિપાદનનું પ્રયોજન

**(અ) પ્રતિપાદક વાક્ય :** આનું પ્રયોજન જિનાગમમાં ઉપલબ્ધ કથનોથી છે. સંપૂર્ણ જિનાગમમાં વસ્તુ-સ્વરૂપ અથવા મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે; તેથી સંપૂર્ણ જિનાગમમાં પ્રતિપાદક વાક્ય જ છે. જેમ કે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા સંસારી છે, આત્મા દેહથી ભિન્ન છે, તેથી દેહાદિની ક્રિયાઓનો કર્તા નથી અથવા આત્મા મનુષ્ય છે, તે શરીરાદિની ક્રિયાઓનો કર્તા છે.... વગેરે બધાં કથન પ્રતિપાદક વાક્ય કહેવામાં આવે છે; કારણ કે તે કોઈ અપેક્ષાથી વસ્તુસ્વરૂપનું જ કથન કરે છે.

**(બ) પ્રતિપાદ્ય વિષય :** વિભિન્ન પ્રકારના વચનોની વાચ્યભૂત વસ્તુ જ પ્રતિપાદ્ય વિષય છે. એ જાણવું જરૂરી છે કે આ વાત કોના વિષયમાં કહેવામાં આવી રહી છે, અન્યથા સ્પષ્ટ નિર્ણય થવાને બદલે સંશય અને વિભ્રમ ઉપસ્થિત થઈ જશે.

**જેમ કે, ઘી નો ઘડો અને ઘડા નું ઘી** – આ બંને કથન વ્યવહારનયના છે, પરંતુ તેના પ્રતિપાદ્ય વિષયોમાં ફરક છે. **ઘી નો ઘડો** કહેવાનું પ્રયોજન તે ઘડા થી છે, જેમાં ઘી રાખેલું છે અર્થાત્ વાત ઘડાની જ છે, ઘી ની નથી, તેથી આ કથનનો પ્રતિપાદ્ય વિષય ઘડો છે, ઘી નથી. આ પ્રકારે **ઘડા નું ઘી** કહેવાનું પ્રયોજન એ ઘી થી છે, જે ઘડામાં રાખેલું છે અર્થાત્ વાત તેમાં રાખેલા ઘી ની છે, ઘડાની નહીં; આ રીતે આ કથનનો પ્રતિપાદ્ય વિષય ઘી છે, ઘડો નહીં.

આ ઉદાહરણમાં બંને વાક્ય અલગ-અલગ છે; પરંતુ 'પંચેન્દ્રિય જીવ' કહેવામાં શરીર અને જીવ બંનેય પ્રતિપાદ્ય બિંદુ થઈ શકે છે.

જીવને પણ પાંચ ઇંદ્રિયોવાળા શરીરના સંયોગની અપેક્ષાએ પંચેન્દ્રિય જીવ કહે છે તથા પાંચ ઇંદ્રિયમય આ શરીર પૌદ્‌ગલિક હોવા છતાં પણ, જીવના સંયોગની અપેક્ષાએ તેને જીવ કહેવામાં આવે છે; તેથી એ ધ્યાન રાખવું જરૂરી છે કે ક્યારે શરીરના સંયોગવાળા જીવનું કથન છે અને ક્યારે જીવનો સંયોગ થવાથી શરીરને જીવ કહેવામાં આવ્યું છે. સમયસાર ગાથા ૨૭ તથા ૪૬ ની ટીકામાં જીવ અને શરીર બંનેને અર્થાત્ તેમની સંયોગી પર્યાયને વ્યવહારનયથી એક કહેવામાં આવી છે.

**(ક) પ્રતિપાદનનો સંદર્ભ** : નિશ્ચય-વ્યવહારનયના પ્રયોગો માં એ જાણવું પણ જરૂરી છે કે આ કથન દ્વારા સ્વ-પરની એકતા અથવા સ્વ-સ્વામી સંબંધની વાત કહેવામાં આવી છે કે તેમાં કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય કે જ્ઞાતા-જ્ઞેય સંબંધની વાત કહેવામાં આવી છે. **મેં ક્રોધ કર્યો**-આ વાક્યમાં આત્માને ક્રોધનો કર્તા કહેવામાં આવ્યો છે. **હું ક્રોધથી દુઃખી થયો**-આ વાક્યમાં આત્માને ક્રોધનો ભોક્તા કહેવામાં આવ્યો છે.

ક્રોધ પરિણામ, સ્વયંમાં નિશ્ચય-વ્યવહારનય કાંઈજ નથી; પરંતુ જ્યારે તેનું જીવ કે પુદ્‌ગલની સાથે એકત્વ, કર્તૃત્વ કે ભોક્તૃત્વ બતાવવામાં આવે, ત્યારે તેમાં યથાર્થ કે ઉપચરિત નિરૂપણની અપેક્ષાએ નિશ્ચય-વ્યવહારનય ઘટિત થશે. પંડિત ટોડરમલજીએ વ્રત-શીલ-સંયમને વ્યવહાર કહેવાનો નિષેધ કર્યો છે, કારણ કે કોઈ દ્રવ્ય-ભાવને નિશ્ચય અને કોઈને વ્યવહાર કહેવો યોગ્ય નથી, પરંતુ મોક્ષમાર્ગના પ્રસંગમાં વ્રત-શીલ-સંયમને વ્યવહારનયથી મોક્ષમાર્ગ પ્રરૂપિત કર્યો અર્થાત્ વ્રત-શીલ-સંયમને મોક્ષમાર્ગ કહેવો, વ્યવહારનય છે - એમ કહ્યું છે.

**(ડ) પ્રતિપાદનનું પ્રયોજન** : કોઈપણ અપેક્ષાએ વસ્તુનું નિરૂપણ કરવામાં આવે, તેમાં ભેદજ્ઞાન અને વીતરાગતાના પ્રયોજનની સિદ્ધિ

કઈ રીતે થઈ રહી છે-તે જાણવું પણ અત્યંત જરૂરી છે, અન્યથા યથાર્થ તત્ત્વ નિર્ણય અને સમ્યક્દર્શનનો પુરૂષાર્થ નહીં થઈ શકે.

**ઘી નો ઘડો** કહેવાનું પ્રયોજન ઘડામાં રાખેલા ઘી નું જ્ઞાન કરાવવાનું છે. એ જ રીતે વ્રત-શીલ-સંયમને મોક્ષમાર્ગ કહેવાનું પ્રયોજન, **તે મોક્ષમાર્ગના નિમિત્ત તથા સહચારી છે**-એવું જ્ઞાન કરાવવું છે, નહીં કે તેને મોક્ષમાર્ગ માનવો. વ્રત-શીલ-સંયમને બંધના કારણ કહેવાનું પ્રયોજન તેને વાસ્તવિક મોક્ષમાર્ગ ન માનીને, વીતરાગતાને વાસ્તવિક મોક્ષમાર્ગ બતાવવાનું છે, નહીં કે તેને છોડીને સ્વચ્છંદ પ્રવર્તન કરાવવાનું.

આ રીતે વ્યવહારનય કે નિશ્ચયનય, કોઈપણ અપેક્ષાથી કરવામાં આવેલા કથનોથી આત્મહિતની પુષ્ટિ કરવી અભિષ્ટ (ઉદ્દેશ) છે.

નિશ્ચય-વ્યવહારનયના પ્રયોગોને ગંભીરતાથી સમજવાથી નિશ્ચય-વ્યવહારનયમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક સંબંધ સમજવો સરળ થઈ જાય છે. નિશ્ચયનયને પ્રતિપાદ્ય અને વ્યવહારનયને પ્રતિપાદક કહેવાનું પ્રયોજન એ છે કે વ્યવહારનયના કથનથી નિશ્ચયનયનો વિષય જ કહેવામાં આવે છે, તેથી વ્યવહારનયને જ પારમાર્થિક સત્ય ન માનીને, તેના દ્વારા કહેવામાં આવેલ પરમાર્થ ને જ સમજવો જોઈએ, અન્યથા વ્યવહારાભાસનો પ્રસંગ આવે છે.

**પ્રશ્ન** : કહેવું કાંઈક અને સમજવું કાંઈક-એવું કેમ શક્ય છે? જેવું કહીશું, તેવું જ તો સમજવું પડશે?

**ઉત્તર** : ભાઈ ! આપણા દૈનિક જીવનમાં પણ એવા અનેક પ્રસંગ બને છે, જ્યારે આપણે માત્ર શબ્દાનુસાર અર્થ ન સમજીને, તેનો ભાવ ગ્રહણ કરીએ છીએ, અન્યથા આપણે લોકવ્યહારમાં પણ મૂઢ (મૂર્ખ) કહેવાશું - આ ઉદ્દેશના થોડા પ્રયોગ નીચે મુજબ છે :

| વ્યવહાર કથન | સમજવામાં આવેલો અર્થ |
|---|---|
| અ. માણસ જોઈને કચરો ફેંકજો | જ્યારે માણસ ન હોય, ત્યારે કચરો ફેંકજો. |
| બ. માથાની પીડાની દવા લાવજો. | માથાની પીડા મટાડવાની દવા લાવજો. |
| ક. તમારૂં જ ઘર છે, કોઈ સંકોચ ન કરશો. | તમારૂં ઘર નથી, પરંતુ તમે અહીં અમારા ઘરમાં પોતાના ઘરની જેમ નિઃસંકોચ રહેશો. |
| ડ. માતાને આ દવા હલાવીને પીવડાવી દેશો. | માતાને હલાવવાની નથી, દવાની બાટલીને હલાવી દવાને હલાવવાની છે. |
| ઇ. બેટા! મમ્મી ને બોલાવ. | બેટા! તું તારી મમ્મીને બોલાવ. |
| ઈ. આ પેટી ઘણી કિંમતી છે, તેને સંભાળીને લઈ જજો. | આ પેટીમાં રાખેલો માલ ઘણો કિંમતી છે, તેને સંભાળજો. |

આ રીતે આપણા લોકજીવનમાં આવા અનેક પ્રસંગો થાય છે, જ્યારે આપણે સામેવાળાના વાક્યોને શબ્દાનુસાર ગ્રહણ ન કરીને, તેનો ભાવ ગ્રહણ કરીએ છીએ. તેનાથી સ્પષ્ટ થાય છે કે પોતાના ભાવોને વ્યક્ત કરવા માટે કરવામાં આવેલા કથન વ્યવહારનયના છે અને તેના દ્વારા સમજવામાં આવેલો ભાવ, પરમાર્થ કે નિશ્ચય-નય છે.

આ જ પદ્ધતિ જિનવાણીનો ઉપદેશ સમજવામાં પણ અપનાવવામાં આવે છે, અન્યથા આપણે જિનવાણીનો યથાર્થ મર્મ ન સમજી શક્યા હોત અને આ મનુષ્ય ભવ વ્યર્થ ચાલ્યો જાત.

મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં.૨૫૨ ઉપર વ્યવહારનય દ્વારા પરમાર્થ ને સમજવા માટે નિમ્નલિખિત ત્રણ વાક્યો બતાવવામાં આવ્યા છે -

| વ્યવહાર કથન | પારમાર્થિક અર્થ |
|---|---|
| અ. મનુષ્ય, દેવ, નારકી કે તિર્યંચ આદિ જીવ છે. | મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ આદિ શરીરોના સંયોગોમાં રહેવાવાળી ચૈતન્ય સત્તા જ જીવ છે. |
| બ. આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. | આત્મા, જ્ઞાનાદિ અનંત ગુણોનો અખંડ પિંડ છે. |
| ક. વ્રત-શીલ-સંયમાદિ મોક્ષમાર્ગ છે. | વ્રતાદિની સાથે રહેવાવાળો વીતરાગ ભાવ મોક્ષમાર્ગ છે. |

આ રીતે જિનાગમના હજારો વ્યવહાર કથનોનો પારમાર્થિક અર્થ ગ્રહણ કરવો જોઈએ - થોડા પ્રયોગ (વાક્યો) નીચે મુજબ છે -

| વ્યવહાર કથન | પારમાર્થિક કથન |
|---|---|
| ૧. હું ધંધો કરૂં છું. | હું ધંધો કરવાનો રાગ કરૂં છું, બાહ્ય ક્રિયા નહીં. |
| ૨. મેં રાત્રિ ભોજનનો ત્યાગ કરી દીધો. | મને રાત્રિભોજન સંબંધી રાગ ઉત્પન્ન થતો નથી. |
| ૩. ભરત ચક્રવર્તી એ છ ખંડનું રાજ્ય છોડી દીક્ષા લીધી હતી. | ભરત ચક્રવર્તીએ ષટ્ખંડની વિભૂતિ નો રાગ છોડીને દીક્ષા લીધી હતી. |
| ૪. ઋષભદેવ મુનિરાજે ચાર ઘાતિ કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. | ઋષભદેવ મુનિરાજે આત્મામાં વિશેષ લીનતા દ્વારા કેવળ-જ્ઞાન પ્રગટ કર્યું. તે સમયે ઘાતિકર્મોનો ક્ષય પણ સ્વયં થઈ ગયો. |

આ રીતે જિનાગમના બધાં વ્યવહાર કથનોમાં કોઈને કોઈ પારમાર્થિક ઉદ્દેશ અવશ્ય છૂપાયેલો હોય છે, તેથી વ્યવહારનય પ્રતિપાદક છે અને તેનો યથાર્થ અર્થ અર્થાત્ નિશ્ચયનય પ્રતિપાદ્ય છે.

**5. વ્યવહાર અને નિશ્ચયનયમાં નિષેધ્ય-નિષેધક સંબંધઃ**

નિશ્ચયનય નિષેધક છે અને વ્યવહારનય નિષેધ્ય છે-આ વાત સમયસાર કળશ ૧૭૩ અને ગાથા ૨૭૨ આદિ અનેક જગ્યાએ સ્પષ્ટ કહેવામાં આવી છે, પરંતુ બંને નયોનો અર્થ કરવાની યથાર્થ પદ્ધતિ ન જાણવાથી સમાજમાં એ ભ્રમ વ્યાપ્ત થઈ ગયો છે કે વ્યવહાર નિષેધ્ય છે અર્થાત્ પૂજન-પાઠ, વ્રત-શીલ-સંયમાદિરૂપ શુભભાવ અથવા આ ક્રિયાઓ છોડી દેવી જોઈએ. અધ્યાત્મથી અરૂચિ રાખવાવાળા લોકો દ્વારા પણ જાણી-બૂઝીને સમાજને ગુમરાહ કરવામાં આવે છે કે આ શુદ્ધાત્માના ગીત ગાવાવાળા લોકો, પૂજન-પાઠ, વ્રત-શીલ-સંયમાદિ છોડાવીને, **ખાવો-પીવો, મોજ કરો**-વાળો સ્વચ્છંદતાપોષક ધર્મ બતાવી રહ્યા છે.

**વ્યવહારનય અર્થાત્ તેની વિષય-વસ્તુ સ્વયં પરમાર્થ નથી-એમ જાણવું જ વ્યવહારનયનો નિષેધ છે.** આ વાત સમજવા માટે વ્યવહારનયની નીચે લખેલ ત્રણ વિશેષતાઓ ધ્યાન આપવા યોગ્ય છે -

**અ. વ્યવહારનય સ્વયં પરમાર્થ નથી.**

**બ. વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે.**

**ક. વ્યવહારનય અન્યત્ર (ગૃહીત મિથ્યાત્વ તથા પાપોમાં) ભટકતા બચાવે છે.**

જો આપણે મુંબઈ જવાવાળા માર્ગ પર યાત્રા કરી રહ્યા છીએ અને રસ્તામાં એક ચોકડી પર બોર્ડ લખેલ છે - ''મુંબઈ ૧૦૦ કિ.મી.'' તો ઉપરની ત્રણ વાતો, તેના પર નીચે મુજબ ઘટિત થશે -

**અ.** જે બોર્ડ ઉપર મુંબઈ લખ્યું છે, તે બોર્ડ સ્વંય મુંબઈ નથી.

**બ.** તે મુંબઈની દિશા અને અંતરનું જ્ઞાન કરાવે છે.

**ક.** તે દિશામાં જવાથી અન્ય ત્રણ દિશાઓમાં ભટકવાથી બચી જવાય છે.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂની શ્રદ્ધાને વ્યવહારનયથી સમ્યક્દર્શન કહેવામાં આવે છે, તેમાં પણ ઉપરના ત્રણ બિન્દુઓ નીચે મુજબ લાગુ થશે -

અ. દેવ-શાસ્ત્ર-ગુરૂની શ્રદ્ધા સ્વયં સમ્યક્ત્વ નથી.

બ. ઉપરોક્ત વિકલ્પાત્મક શ્રદ્ધારૂપ વ્યવહાર, શુદ્ધાત્માની શ્રદ્ધારૂપ નિશ્ચય સમ્યક્ત્વનો સહચારી હોવાથી નિશ્ચય સમ્યક્ત્વનું જ્ઞાન કરાવે છે.

ક. અન્ય કુગુરૂ-કુદેવની શ્રદ્ધા, મિથ્યાત્વપોષક છે, તેથી આપણે સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂની શ્રદ્ધા તે કુગુરૂ આદિની શ્રદ્ધાથી બચાવે છે.

**6. વ્યવહારનયને ગ્રહણ તથા ત્યાગ કરવાની પ્રક્રિયા -**

આ સંબંધમાં પંડિત ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૫૧ ઉપર લખે છે કે -

**અહીં પ્રશ્ન છે કે જો એવું છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવાનું કહ્યું છે, તો એ કેવી રીતે ?**

**સમાધાન : જિનમાર્ગમાં ક્યાંક તો નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન (કથન) છે, તેને તો 'સત્યાર્થ આમ જ છે '-એમ જાણવું. તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને 'એમ છે નહીં, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે'-એમ જાણવું. આ રીતે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે તથા બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને, 'આમ પણ છે, આમ પણ છે'- આવા ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ કરવું નથી કહ્યું.**

વ્યવહારનો નિષેધ કરવાની આડમાં વ્રત-શીલાદિ છોડી દેવાના વિષયમાં પંડિત ટોડરમલજી લખે છે -

**અહીંયા કોઈ નિર્વિચારી પુરૂષ એમ કહે કે તમે વ્યવહારને, અસત્યાર્થ-હેય કહો છો તો અમે વ્રત-શીલ-સંયમાદિક વ્યવહારકાર્ય**

**શા માટે કરીએ ?- બધું છોડી દેશું.**

**તેને કહીએ છીએ કે કાંઈ વ્રત-શીલ-સંયમાદિના નામ વ્યવહાર નથી, તેને મોક્ષમાર્ગ માનવો વ્યવહાર છે, તેને છોડી દો અને એવું શ્રદ્ધાન કરો કે એને તો બાહ્ય સહકારી જાણીને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, આ તો પરદ્રવ્યાશ્રિત છે તથા સાચો મોક્ષમાર્ગ વીતરાગભાવ છે, તે સ્વદ્રવ્યાશ્રિત છે. આ રીતે વ્યવહારને અસત્યાર્થ-હેય જાણવો. વ્રતાદિકને છોડવાથી તો વ્યવહારનું હેયપણું થતું નથી.**

**વળી અમે પૂછીએ છીએ કે વ્રતાદિકને છોડીને શું કરશો ? જો હિંસાદિરૂપ પ્રવર્તશો તો ત્યાં તો મોક્ષમાર્ગનો ઉપચાર પણ સંભવ નથી; ત્યાં પ્રવર્તવાથી શું લાભ થશે ? નરકાદિ પ્રાપ્ત કરશો. માટે એવું કરવું તો નિર્વિચારીપણું છે. તથા વ્રતાદિકરૂપ પરિણતિને નષ્ટ કરીને, માત્ર વીતરાગ ઉદાસીન ભાવરૂપ થવાનું બને તો સારૂં જ છે, પરંતુ તે નીચલી દશા માં થઈ શકતું નથી, માટે વ્રતાદિ સાધન છોડીને સ્વચ્છંદી થવું યોગ્ય નથી. આ રીતે શ્રદ્ધાનમાં નિશ્ચયને, પ્રવૃત્તિમાં વ્યવહારને ઉપાદેય માનવું પણ મિથ્યાભાવ જ છે.**

*આ કથનથી એ સ્પષ્ટ છે કે વ્યવહારનયનો ગ્રહણ-ત્યાગ, જ્ઞાનમાં જ થાય છે. ક્રિયા ન તો સ્વયં વ્યવહારનય છે અને ન તો તેનો વ્યવહારનયના ગ્રહણ-ત્યાગથી કાંઈ સંબંધ છે.*

**વ્યવહારનય દ્વારા પરમાર્થને જાણવો-એ જ વ્યવહારનયનું ગ્રહણ છે અને વ્યવહારનયને પરમાર્થ (નિશ્ચયનય) ન માનવો-એ જ વ્યવહારનયનો નિષેધ છે.**

*અદ્‌ભુત વાત તો એ છે કે આ બંને પ્રક્રિયાઓ એક જ જ્ઞાન-પર્યાયમાં એક સાથે સંપન્ન થાય છે. ઘી ના ઘડાના ઉદાહરણમાં આ વાત આ રીતે સમજી શકાય છે -*

ઘી નો ઘડો કહીને, ઘી ના સંયોગવાળા ઘડાને જાણવો - વ્યવહારનયનું ગ્રહણ કરવાનું થઈ ગયું, પરંતુ તે જ સમયે આપણે

એ પણ જાણીએ છીએ કે ઘડો ઘી નો નથી, માટીનો છે – એમ જાણવું જ વ્યવહારનયનો નિષેધ કે ત્યાગ કરવો છે.

જરા વિચારો ! અહીં ઘડો, ઘી નો નથી, માત્ર તેને એમ જાણવામાં આવે છે કે જે ઘડામાં ઘી રાખેલું છે અથવા જેમાં આપણે ઘી રાખીએ છીએ, આપણે તે ઘડાની વાત કરી રહ્યા છીએ. એને માટે આપણે ક્રિયામાં શું કરીએ છીએ? શું આપણે ઘડાને ઘી થી જ બનેલો માની લઈએ છીએ? ના! અથવા ઘડો, ઘી થી નથી બનતો – એવું જાણીને શું આપણે ઘડામાં ઘી રાખવાનું બંધ કરી દઈએ છીએ કે ઘડાને ફોડી નાખીએ છીએ ? ના! ક્રિયા તો જેવી આવશ્યક હોય છે, તેવી જ થાય છે. માત્ર જ્ઞાનમાં સમજી લીધું કે આ ઘડો ઘી નો નથી–બસ એ જ, વ્યવહારનયનો ત્યાગ થઈ ગયો.

આ જ રીતે વ્રત–શીલ–સંયમાદિના માધ્યમથી વીતરાગભાવરૂપ નિશ્ચય મોક્ષમાર્ગને સમજવો અથવા વ્રતાદિને મોક્ષમાર્ગ કહેવો – વ્યવહારનું ગ્રહણ થયું, પરંતુ આ શુભભાવ મોક્ષમાર્ગ નથી, વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે–એવું જાણવું જ વ્યવહારનો ત્યાગ અથવા નિષેધ સમજવો જોઈએ.

આ જ રીતે મનુષ્ય–જીવ કહીને, મનુષ્ય–શરીરના સંયોગમાં રહેવાવાળા જીવને જાણવો તે જ વ્યવહારનયનું ગ્રહણ છે તથા જીવ, મનુષ્ય–શરીરરૂપ નથી, તે તો શરીરથી ભિન્ન છે–એમ જાણવું જ વ્યવહારનયનો નિષેધ છે.

ઉપરોક્ત વિવેચનથી વ્યવહારનય અને નિશ્ચયનયમાં નિષેધ્ય–નિષેધક સંબંધનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

**પ્રશ્ન** : જ્યારે વ્યવહારનય, નિશ્ચયનયનું પ્રતિપાદન કરે છે તો તેનો નિષેધ કરવાની જરૂરત જ શું છે? જો આપણે તેનો નિષેધ ન કરીએ તો તેનાથી શું હાનિ છે?

**ઉત્તર** : ભાઈ! વ્યવહારનયના નિષેધમાં જ તેની સાર્થકતા

અને સફળતા છે. જે રીતે પૅકિંગ (આવરણ) પોતાનામાં છૂપાવી રાખેલી વસ્તુને બતાવે છે અને સુરક્ષિત રાખે છે, પરંતુ તે વસ્તુને મેળવવા માટે પૅકિંગને કાઢવું જ પડે છે; એ જ રીતે વ્યવહારનયને પરમાર્થ ન માનીને જ પરમાર્થને પામી શકાય છે.

જો આપણે પૅકિંગને જ મૂળ વસ્તુ સમજી લેશું અથવા તેની ચમક-દમકમાં જ સંતુષ્ટ થઈ જશું તો મૂળ વસ્તુને મેળવવાનો પ્રયત્ન જ શા માટે કરીશું? આ જ રીતે જે શરીરને જ જીવ માનશે, તે શરીરથી ભિન્ન આત્માનો અનુભવ કરવાનો પ્રયત્ન જ શા માટે અને કેવી રીતે કરશે?

*જરા વિચારો! આત્માને ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ માનતા-માનતા શું ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમાં પોતાપણું કરી શકાય છે અર્થાત્ શુદ્ધાત્માની અનુભૂતિ કરી શકાય છે? - નહીં, એ જ રીતે શું વ્રત-શીલ-સંયમાદિને મોક્ષમાર્ગ માનવાથી રાગરહિત જ્ઞાનાનંદ-સ્વભાવી આત્માનો અનુભવ કરી શકાય છે?-નહીં, તેથી શુદ્ધાત્માનો અનુભવ કરવા માટે દેહાદિમાં એકત્વબુદ્ધિ તોડવી જ પડશે. આ જ મિથ્યાત્વનો નિષેધ છે અને આ જ વ્યવહારનયનો નિષેધ પણ છે, કારણ કે વ્યવહારનય જેવું કહે છે, વસ્તુ-સ્વરૂપ તેવું જ માનવાથી મિથ્યાત્વ થાય છે અને વ્યવહારનયના કથનોને માત્ર પ્રયોજનવશ કરવામાં આવેલા ઉપચરિત કથન સમજીને, પરમાર્થ ન માનીને જ શુદ્ધાત્માની પ્રાપ્તિ અર્થાત્ આત્માનુભૂતિ અથવા નિશ્ચય-મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.*

*ખરેખર તો આપણે બાહ્ય ક્રિયાકાંડને જ વ્યવહારનય સમજીએ છીએ, માટે વ્યવહારનયનો નિષેધ સાંભળીને, આપણે વ્રતાદિ છોડીને, સ્વચ્છંદ પ્રવૃત્તિના સમર્થનની શંકા થવા લાગે છે, પરંતુ જ્યારે આપણે એ સમજી લેશું કે વ્યવહારનયનું ગ્રહણ-ત્યાગ જ્ઞાનમાંજ થાય છે, ક્રિયામાં નહીં, ત્યારે આપણે નિઃશંક થઈને યથાર્થ તત્ત્વ-નિર્ણય કરી શકીશું.*

**પ્રશ્ન** : નીચલી ભૂમિકામાં વ્યવહારનયને ગ્રહણ કરવો જોઈએ, ત્યાર બાદ તેનો ત્યાગ કરવો જોઈએ - એમ માનીએ તો શું નુકશાન છે?

**ઉત્તર** : ભાઈ! ગ્રહણ કરવો અને ત્યાગ કરવો તો કથનની વિધિ-નિષેધરૂપ પદ્ધતિઓ છે. વ્યવહારનયના વિષયની સત્તાને સ્વીકાર કરવી અથવા તેના માધ્યમથી પરમાર્થભૂત વસ્તુને સમજવી - એ જ વ્યવહારનયનું ગ્રહણ છે અને એ જ સમયે, વ્યવહારનય સ્વયં પરમાર્થભૂત વસ્તુ નથી-એમ જાણવું જ વ્યવહારનયનો ત્યાગ છે. જ્ઞાનીના જ્ઞાનમાં વ્યવહારનયનો ગ્રહણ-ત્યાગ એક સાથે વર્તે છે, કારણ કે જ્ઞાની ન તો વ્યવહારનયનો સર્વથા નિષેધ કરે છે અને ન તેને પરમાર્થભૂત નિશ્ચયનય સમાન માને છે.

**પ્રશ્ન** : સમયસારની ૧૨ મી ગાથામાં વ્યવહારનયને નીચલી ભૂમિકામાં જાણેલો પ્રયોજનવાન કહ્યો છે, આ કથનનો શું અર્થ છે?

**ઉત્તર** : જાણેલો પ્રયોજનવાનનો ઉદ્દેશ પણ એ જ છે કે સંયોગ અને સંયોગી ભાવોની યથાર્થ સ્થિતિ સમજવામાં આવે, પરંતુ તેને જ આત્માનું વાસ્તવિક સ્વરૂપ ન માની લેવામાં આવે. જો વ્યવહાર-નયના વિષયને સમજશું જ નહીં તો તેનો યથાયોગ્ય ગ્રહણ-ત્યાગ કેવી રીતે કરીશું ? તેથી વ્યવહારનયને જાણેલો પ્રયોજનવાન કહ્યો છે.

**પ્રશ્ન** : એવું પણ જોવામાં આવે છે કે જે કથન વ્યવહારનયનું છે, તે જ કથન નિશ્ચયનયનું પણ કહેવામાં આવે છે, તો ત્યારે પ્રતિપાદ્ય-પ્રતિપાદક અથવા નિષેધ્ય-નિષેધકનો નિર્ણય કેવી રીતે કરીએ ? જેમ કે, આત્મા પોતાના રાગાદિભાવોનો કર્તા-ભોક્તા છે - આ કથનમાં આને ઘટિત કરી સમજાવો.

**ઉત્તર** : આ ઘણો સારો પ્રશ્ન છે. તેના ફરકને સમજવા માટે આપણે આપણી પ્રજ્ઞાને સૂક્ષ્મ કરવાની આવશ્યકતા છે. જ્યારે

સંયોગ, સંયોગીભાવ અથવા ભેદના કથન દ્વારા અસંયોગી તત્ત્વને સમજવાનો અભિપ્રાય હોય, ત્યારે તે કથન પરમાર્થનું પ્રતિપાદક હોવાથી વ્યવહારનયનું કથન સમજવું જોઈએ, કારણ કે વ્યવહારનયનું કાર્ય પરમાર્થનું પ્રતિપાદન કરવાનું છે (પ્રતિપાદ્ય-પ્રતિપાદક સંબંધ). જ્યારે કોઈ કથન દ્વારા સંયોગ, સંયોગીભાવ અથવા ભેદનો નિષેધ કરવાનો અભિપ્રાય હોય તો તે કથન નિશ્ચયનયનું સમજવું જોઈએ, કારણ કે નિશ્ચયનયનું કાર્ય વ્યવહારનયનો નિષેધ કરવાનું છે (નિષેધ્ય-નિષેધક સંબંધ).

જેમ કે-આત્મા, પોતાના રાગાદિ ભાવોનો કર્તા-ભોક્તા છે - એમ કહીને, શરીરાદિ પર-પદાર્થોના કર્તાપણાનો નિષેધ કરવો હોય અથવા રાગાદિને આત્મા સ્વતંત્રપણે કરે છે, કોઈ અન્યનું તેમાં કિંચિત્ માત્ર પણ કર્તૃત્વ નથી અથવા રાગાદિને આત્માની અશુદ્ધ પર્યાય બતાવવી હોય તો આ કથન નિશ્ચયનયનું માનવામાં આવશે અને જ્યારે આ જ કથન દ્વારા આત્મામાં કર્તા-કર્મના ભેદના માધ્યમથી આત્માનું સ્વરૂપ બતાવવું હોય અથવા આત્મા, રાગાદિ સંબંધી પોતાના જ્ઞાનનો કર્તા છે-આ બતાવવું અયોગ્ય હોય, ત્યારે આ કથન વ્યવહારનયનું સમજવું જોઈએ. માટે તો કહ્યું છે - "**વક્તુરભિપ્રાયો નયઃ**" અર્થાત્ વક્તાના અભિપ્રાયને નય કહે છે.

વ્યવહારનય અને નિશ્ચયનયમાં એક વિવક્ષા એ પણ છે કે વ્યવહારનય જેટલો-જેટલો સૂક્ષ્મ થતો જાય છે, તેટલો-તેટલો તે નિશ્ચયનયની પાસે આવતો જાય છે, બલ્કે નિશ્ચયનય જ બનતો જાય છે તથા નિશ્ચયનય જેટલો-જેટલો સ્થૂળ થતો જાય છે, તે તેટલો-તેટલો વ્યવહારનયની સમીપ આવતો જાય છે, બલ્કે વ્યવહારનય જ થતો જાય છે. આ વાતને આપણે આપેલા ઉદાહરણોથી પણ સમજી શકીએ છીએ. જેમ કે, 'આત્મા, રાગાદિનો કર્તા-ભોક્તા છે'- આ કથન જ્યારે આપણે પરદ્રવ્યોના કર્તૃત્વ-ભોક્તૃત્વનો નિષેધ કરી રહ્યા હોઈએ તો નિશ્ચયનયનું છે અને જ્યારે આ કથનનું આપણે

જ્ઞાનાદિના કર્તૃત્વની તુલનામાં જોઈએ તો રાગાદિનું કર્તૃત્વ વ્યવહાર-નયથી કહેવાશે. તાત્પર્ય એ છે કે શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ અશુદ્ધનિશ્ચયનય પણ વ્યવહારનય થઈ જાય છે તથા પરમશુદ્ધ-નિશ્ચયનયની અપેક્ષાએ શુદ્ધનિશ્ચયનય પણ વ્યવહારનય થઈ જાય છે. આ જ રીતે અન્યત્ર પણ આપણે સમજી શકીએ છીએ.

*ઉક્ત વિવેચનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જે પ્રતિપાદન કરે - તે વ્યવહારનય છે અને જેનું પ્રતિપાદન કરવામાં આવે-તે નિશ્ચયનય છે અથવા જે નિષેધ કરે, તે નિશ્ચયનય છે અને જેનો નિષેધ કરવામાં આવે-તે વ્યવહારનય છે.*

હવે અહીં નિમ્નલિખિત વાક્યો દ્વારા ઉપરોક્ત કથનનો અર્થ સ્પષ્ટ કરવામાં આવી રહ્યો છે :-

| પ્રતિપાદક (વ્યવહારનય) | પ્રતિપાદ્ય (નિશ્ચયનય) |
|---|---|
| ૧. જીવ ઘટ-પટાદિ બાહ્ય-પદાર્થોનો કર્તા છે. | ૧. જીવ ઘટ-પટાદિના લક્ષ્ય થી થવાવાળા રાગાદિ ભાવોનો કર્તા છે. |
| ૨. પ્રત્યેક જીવને પોતાના પૂર્વકૃત કર્મોનું ફળ ભોગવવું પડે છે. | ૨. જીવ કર્મોદયના નિમિત્તથી થવાવાળા રાગાદિ (ભાવો) પ્રમાણે સુખી-દુઃખી થાય છે. |
| ૩. જીવ પોતાના રાગાદિ વિભાવ ભાવોનો કર્તા છે. | ૩. સ્વભાવ દ્રષ્ટિથી આત્મા રાગાદિનો કર્તા નથી. તે રાગાદિને જાણવા-વાળા પોતાના જ્ઞાનનો કર્તા છે. |
| ૪. આત્મા પોતાની નિર્મળ પર્યાયો નો કર્તા છે. | ૪. આત્મામાં કર્તા-કર્મ આદિ ભેદ વ્યવહારથી કરવામાં આવે છે. આત્મા અખંડ, અભેદ, એક ચૈતન્ય માત્ર વસ્તુ છે. તેની દ્રષ્ટિ કરવાથી સ્વાભાવિકરૂપ થી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. |

આ જ વાક્ય પ્રયોગોને નિષેધ્ય-નિષેધકની દ્રષ્ટિથી નીચે મુજબ સમજવા જોઈએ -

| નિષેધ્ય (વ્યવહારનય) | નિષેધક (નિશ્ચયનય) |
|---|---|
| ૧. આપણા વિકલ્પો કે વર્તમાન પુરૂષાર્થથી બાહ્ય સંયોગોમાં પરિવર્તન થતું નથી. | ૧. બધાં જીવોના જીવન-મરણ, સુખ-દુઃખ તેમના કર્મોદય પ્રમાણે થાય છે. |
| ૨. આત્મા જડ કર્મોનો કર્તા-ભોક્તા છે. | ૨. આત્મા પોતાના ભાવોનો જ કર્તા-ભોક્તા છે. |
| ૩. આત્મા પોતાના સ્વભાવથી રાગાદિનો કર્તા-ભોક્તા છે. | ૩. આત્મા જ્ઞાન-દર્શનાદિ નિર્મળ પર્યાયોનો કર્તા-ભોક્તા છે. |
| ૪. આત્મા કર્તા છે અને તેની પર્યાયો કર્મ છે-આ રીતે કર્તા-કર્મનો ભેદ કરવો. | ૪. આત્મા કર્તા-કર્મના ભેદ થી રહિત અભેદ વસ્તુ છે. |

આ રીતે પ્રતિપાદ્ય-પ્રતિપાદક અને નિષેધ્ય-નિષેધક પણ જ્ઞાનમાં હોય છે, ક્રિયામાં નહીં, કારણ કે નયોનું પ્રયોજન વસ્તુ-સ્વરૂપને સમજીને યથાર્થનો નિર્ણય કરવાનો છે અને નિર્ણય જ્ઞાનમાં જ થાય છે, તેથી તે જ્ઞાનની જ ક્રિયા છે, બાહ્ય-ક્રિયા નથી.

**૭. વ્યવહારનય અને નિશ્ચયનયની હેયોપાદેયતા**

સમયસારની ૧૧ મી ગાથામાં વ્યવહારને અભૂતાર્થ કહીને, હેય કહ્યો છે તથા નિશ્ચયને ભૂતાર્થ કહીને, તેને આશ્રય કરવા યોગ્ય બતાવ્યો છે. અહીં નિશ્ચય અર્થાત્ નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી શુદ્ધાત્મા સમજવો જોઈએ તથા વ્યવહારનો અર્થ સંયોગ, વિકાર અને ભેદ સમજવો જોઈએ કારણ કે આ ગ્રંથ, આચાર્યદેવે શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવા માટે જ લખ્યો છે.

અન્યત્ર પણ વ્યવહારને પરમાર્થ ન માનવો-આ જ તેનું હેયપણું છે તથા નિશ્ચયનયના કથનને સત્યાર્થ જાણવું જ તેનું ઉપાદેયપણું

છે. નિષેધ્ય અર્થાત્ હેય તથા પ્રતિપાદ્ય અર્થાત્ ઉપાદેય. નિષ્કર્ષના રૂપમાં પ્રતિપાદક-વ્યવહારનય દ્વારા નિશ્ચયનય, પ્રતિપાદન કરવા યોગ્ય છે, પ્રતિપાદ્ય છે, ઉપાદેય છે તથા નિષેધક-નિશ્ચયનય દ્વારા વ્યવહારનય, નિષેધ કરવા યોગ્ય છે, નિષેધ્ય છે, હેય છે.

આ રીતે પ્રતિપાદ્ય-પ્રતિપાદક અને નિષેધ્ય-નિષેધક પ્રમાણે જ હેય-ઉપાદેયનું સ્વરૂપ જાણવું જોઈએ.

**પ્રશ્ન** : વ્યવહારને કથંચિત્ હેય અને કથંચિત્ ઉપાદેય કહેવાનો ઉદ્દેશ સ્પષ્ટ કરો?

**ઉત્તર** : વ્યવહારનયના વિષયનો સર્વથા નિષેધ ન કરવો જોઈએ. તેની સત્તાનો તો સ્વીકાર કરવો જ જોઈએ-આ અપેક્ષાએ વ્યવહારનયને કથંચિત્ ઉપાદેય કહેવામાં આવ્યો છે તથા વ્યવહાર-નયના કથનોને ઉપચાર માત્ર સમજવા, પરમાર્થ ન માનવા-આ અપેક્ષાએ તેને પરમાર્થથી હેય કહેવામાં આવે છે.

**પ્રશ્ન** : શુભભાવોને પણ કથંચિત્ હેય અને કથંચિત્ ઉપાદેય કહેવામાં આવે છે. શું આ પણ વ્યવહારનયની જેમ હેયોપદેયપણું છે?

**ઉત્તર** : જુઓ! શુભભાવ, મોક્ષમાર્ગમાં નિમિત્ત છે, તેથી પાપોથી બચવા માટે અને વીતરાગતાનું પોષણ કરવા માટે તેમને કથંચિત્ ઉપાદેય પણ કહેવામાં આવ્યા છે, પરંતુ તે પુણ્ય બંધનું જ કારણ છે, તેથી તેને મોક્ષમાર્ગમાં હેય પણ કહેવામાં આવ્યા છે.

આ રીતે જ્ઞાનમાં શુભભાવના હેય-ઉપાદેયપણાનો નિર્ણય, એક સાથે વર્તે છે, પરંતુ તેને હેય કહેવું વચનાત્મક નિશ્ચયનય છે તથા ઉપાદેય કહેવું વચનાત્મક વ્યવહારનય છે. આ જ રીતે તેને યથાર્થતઃ હેયોપાદેય જાણવા, જ્ઞાનાત્મક નિશ્ચય-વ્યવહારનય છે. આ રીતે શુભભાવોના સંદર્ભમાં પણ નિશ્ચય-વ્યવહારનયનો ગ્રહણ-

ત્યાગ એક સાથે થાય છે.

આ જ વિષયને આચરણની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો પહેલાં-બીજા-ત્રીજા ગુણસ્થાનમાં, મુખ્યતાની અપેક્ષાએ તારતમ્યરૂપથી અશુભભાવોની હીનતા, ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણ-સ્થાનમાં તારતમ્યરૂપથી શુભભાવની અધિકતા હોય છે તથા સાતમા ગુણસ્થાનથી આગળ શુદ્ધતાની અધિકતા હોય છે, માટે એ પણ કહેવામાં આવે છે કે પહેલા અશુભભાવોને છોડીને શુભભાવરૂપી વ્યવહારની નાવમાં બેસો અને પેલે પાર **(સામે-કિનારે)** (શુદ્ધો-પયોગમાં) ગયા પછી શુભભાવ સ્વયં છૂટી જશે, જો તેને પહેલા છોડી દેશું તો અધવચ્ચે જ ડૂબી જશો અર્થાત્ શુદ્ધભાવને તો પ્રાપ્ત નહીં થાઓ, શુભભાવને છોડીને ફરી અશુભમાં ચાલ્યા જશો.

*ઉક્ત કથનથી  એમ ન સમજવું જોઈએ કે શુભભાવ કરતાં-કરતાં વીતરાગતા પ્રગટ થઈ જશે. આ તો શુભભાવોના ગ્રહણ-ત્યાગની ભૂમિકાને સ્પષ્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે. અહીં તેના ઉપર ઘટિત થવાવાળા વ્યવહારનયના ગ્રહણ-ત્યાગની વાત નથી, કારણ કે વ્યવહારનયનો ગ્રહણ-ત્યાગ જ્ઞાનમાં એક સાથે થાય છે, ક્રિયામાં નહીં.*

સમ્યક્દર્શનની પહેલા પણ શુભભાવ હોય છે તથા તેને કરવાનો ઉપદેશ પણ આપવામાં આવે છે, પરંતુ ત્યાં સાચો વ્યવહાર મોક્ષમાર્ગ પણ નથી, તેથી તે શુભભાવો પર મોક્ષમાર્ગનો પૂર્વચર વ્યવહાર (ઉપચાર) ઘટિત થાય છે. જિનાગમમાં વ્રતાદિકરૂપ વ્યવહાર ક્રિયા સમ્યક્દર્શનના ઉત્તરચર વ્યવહારના રૂપમાં કહેવામાં આવી છે. આ રીતે નિશ્ચય-વ્યવહારનયોનું યથાર્થ સ્વરૂપ સમજવું શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. નિશ્ચય અને વ્યવહારનયોની વ્યાખ્યા લખીને તેમનાં લૌકિક પ્રયોજન તથા આગમમાં નિર્દિષ્ટ પ્રયોજન બતાવીને તેમનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
2. નિશ્ચય અને વ્યવહારનયોની ભૂતાર્થતા અને અભૂતાર્થતાની સમીક્ષા કરો.
3. નિશ્ચય અને વ્યવહારનયમાં પરસ્પર સંબંધોને પ્રયોગ પદ્ધતિ થી સમજાવો.
4. વ્યવહારનયના ગ્રહણ અને ત્યાગની પ્રક્રિયા સ્પષ્ટ કરો.
5. વ્યવહારનયની હેયોપાદેયતાની સમીક્ષા કરો.

**કેવળજ્ઞાનમૂર્તિ યહ આતમ નય-વ્યવહાર કલા દ્વારા,**
**વાસ્તવ મેં સંપૂર્ણ વિશ્વ કા, નિતપ્રતિ હૈ જાનનહારા.**

**મુક્તિલક્ષ્મી રૂપી કામિની કે કોમલ વદનામ્બુજ પર,**
**કામ-ક્લેશ, સૌભાગ્ય ચિહ્નયુત, શોભા કો ફૈલાતા હૈ.**

**શ્રી જિનેશને ક્લેશ ઔર રાગાદિક મલ કા કિયા વિનાશ,**
**નિશ્ચય સે દેવાધિદેવ વે, નિજ સ્વરૂપ કા કરે વિકાસ.**

**- નિયમસાર કલશ, ૨૭૨**

## 6

# જૈનાભાસ

મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં જૈનાભાસી મિથ્યાદ્રષ્ટિઓનું વર્ણન કરતાં થકાં નિશ્ચયાભાસ, વ્યવહારાભાસ, ઉભયાભાસ અને સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદ્રષ્ટિની ચર્ચા કરવામાં આવી છે. અહીંયા આમાંથી આભાસોનો ઉલ્લેખ કરવો, પ્રાસંગિક હોવાથી નયાભાસ પ્રકરણ લખવામાં આવી રહ્યું છે, કારણ કે આ આભાસ નિશ્ચય-વ્યવહારનય સંબંધી એકાંત પક્ષને ગ્રહણ કરવાથી થાય છે. *સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદ્રષ્ટિને કોઈ આભાસ નથી, તે તો દેશનાલબ્ધિ પામીને તત્ત્વનિર્ણયની પ્રક્રિયામાં છે.*

વસ્તુના એક ધર્મને મુખ્ય તથા અન્ય ધર્મોને ગૌણ કરીને જાણવું, નય છે. પરંતુ જો અન્ય ધર્મોને ગૌણ કરવાને બદલે તેમનો નિષેધ કરવામાં આવે તો **મિથ્યાનય અથવા નયાભાસ** થઈ જાય છે, જેને મિથ્યા-એકાંત પણ કહે છે.

સાકરની સફેદી-આકાર આદિ ધર્મોનો નિષેધ કરીને તેને સર્વથા મીઠી જ માનવી / કહેવી, **નયાભાસ** છે. સાકર મીઠી જ છે - આવું કહેવાનો તો એ જ અર્થ થયો કે તેમાં મીઠાસ સિવાય સફેદી, ચમક, આકાર આદિ તથા અસ્તિત્વ, વસ્તુત્વ આદિ કોઈ ધર્મ છે જ નહીં. આ જ પ્રકારે આત્માને સર્વથા નિત્ય કહેવાનો એ જ અર્થ થશે કે તેમાં અનિત્યાદી વિરોધી ધર્મ, જ્ઞાન-દર્શન આદિ વિશેષ ગુણ તથા અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણ છે જ નહીં, તેથી અન્ય

ધર્મોનો નિષેધ કરતાં થકાં આત્માને સર્વથા જ્ઞાન રૂપ જ જાણવો/ કહેવો, તે તો **નયાભાસ** છે.

**પ્રશ્ન** : જો આત્માને જ્ઞાનમાત્ર કહેવો, મિથ્યા-એકાંત છે તો સમયસાર ટીકાના પરિશિષ્ટમાં આત્માને જ્ઞાનમાત્ર શા માટે કહેવામાં આવ્યો છે?

**ઉત્તર** : આ જ વાતનું સ્પષ્ટીકરણ કરતા થકાં ત્યાં કહેવામાં આવ્યું છે કે જ્ઞાનમાત્ર કહેવાથી આત્માના સ્વભાવથી વિરૂદ્ધ રાગાદિ વિકારોનો તો નિષેધ સમજવો જોઈએ, પરંતુ જ્ઞાનથી અવિરૂદ્ધ અન્ય અનંત ગુણો કે ધર્મોનો નિષેધ ન સમજવો જોઈએ, પરંતુ 'જ્ઞાન' લક્ષણથી આત્મા પ્રસિદ્ધ થાય છે, માટે જ્ઞાનને મુખ્ય કરીને આત્માને જ્ઞાનમાત્ર કહેવો, સમ્યક્-એકાંત છે, મિથ્યા-એકાંત નથી.

જો કે જિનાગમમાં ૩૬૩ મિથ્યા એકાંતો (નયાભાસો) નો ઉલ્લેખ મળે છે તથા પંચાધ્યાયીમાં પણ નયાભાસોની ચર્ચા છે, પરંતુ અહીં સંક્ષિપ્તમાં ત્રણેય પ્રકારના જૈનાભાસો તથા સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદ્રષ્ટિના સ્વરૂપનું પણ વર્ણન કરવામાં આવી રહ્યું છે -

### ૧. જૈનાભાસ, માન્યતાનો દોષ છે, આચરણનો નહીં

પંડિત ટોડરમલજીએ જૈનાભાસી મિથ્યાદ્રષ્ટિઓના પ્રકરણમાં તેનો ઉલ્લેખ કર્યો છે. આનાથી સ્પષ્ટ છે કે આ ત્રણેય આભાસ માન્યતા કે અભિપ્રાયના દોષ છે, આચરણના નહીં.

સામાન્યપણે આપણે વિષય-ભોગાદિ અશુભાચરણને નિશ્ચયાભાસ તથા ભક્તિ, પૂજા, વ્રત, શીલાદિ શુભાચરણને વ્યવહારાભાસ સમજી લઈએ છીએ, પરંતુ અશુભાચરણ તો પાંચમા ગુણસ્થાન સુધી અને શુભાચરણ છઠ્ઠા ગુણસ્થાન સુધી પણ હોય છે, તેથી આ શુભાશુભભાવ આચરણના જ દોષ છે, શ્રદ્ધાનના નહીં. **જિનવાણીના આધારથી વિષય-ભોગાદિની પુષ્ટિ કરવી અર્થાત્ તેને યોગ્ય ગણવા, નિશ્ચયાભાસ છે તથા વ્રત-શીલાદિમાં ધર્મ માનીને, સંતુષ્ટ થઈ જવું, વ્યવહારાભાસ છે, તેથી આ ભૂલ, શ્રદ્ધા અર્થાત્ માન્યતા મૂલક છે.**

કેવી વિડંબના છે કે જે જિનવાણીનો સ્વાધ્યાય (અભ્યાસ) મિથ્યાત્વના નાશ માટે કરવામાં આવે છે, આપણે તે જિનવાણીનો મર્મ ન સમજવાથી સાચા જૈન બનવાને બદલે જૈનાભાસી થઈ જઈએ છીએ.

સંસ્કૃતના એક દોહામાં કહેવામાં આવ્યું છે કે -

**ઉપદેશો હિ મૂર્ખાણાં, પ્રકોપાય ન શાન્તયે ।**
**પયઃ - પાનં ભુજંગાનાં, કેવલં વિષવર્ધનમ્ ।।**

**જેમ સાપને દૂધ પીવડાવવાથી તેનું ઝેર જ વધે છે, તેવી જ રીતે મૂર્ખાઓને ઉપદેશ આપવાથી તેમનો પ્રકોપ શાંત થતો નથી.**

આપણી પણ એવી જ સ્થિતિ થઈ રહી છે. આપણા મિથ્યાત્વરૂપી ઝેરની તીવ્રતાને લીધે જિનવાણી માતાનું દૂધ પીવા છતાં પણ તે આપણા અભિપ્રાયમાં નિશ્ચયાભાસ, વ્યવહારાભાસ કે ઉભયાભાસ રૂપી મિથ્યાત્વના રૂપમાં પરિણમિત થઈ જાય છે. તેથી અહીંયા આ ત્રણ પ્રકારના જૈનાભાસનું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવી રહ્યું છે.

## ૨. જૈનાભાસી માન્યતાનું મૂળ કારણ

લોકમાં સામાન્યપણે પ્રત્યેક વસ્તુ પૅકિંગ સાથે હોય છે. પ્રકૃતિથી ઉત્પન્ન થવાવાળું અનાજ, ફળ આદિ પણ છાલની અંદર પોતાના મૂળ તત્ત્વની સાથે ઉત્પન્ન થાય છે. આ જ રીતે અનાદિકાળથી આ ચૈતન્ય સ્વભાવી આત્મા પણ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મની પૅકિંગ સહિત છે. વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ પણ પ્રારંભિક ભૂમિકામાં શુભભાવ અને બાહ્ય શુભાચરણના પૅકિંગ સહિત હોય છે.

પૅકિંગના માધ્યમથી મૂળ પદાર્થની ઓળખ કરાવવામાં આવે છે, કારણ કે પ્રત્યેક પદાર્થનું પોતાનું વિશિષ્ટ પૅકિંગ હોય છે. ઓળખ કરાવવાની સાથે-સાથે પૅકિંગમાં તે મૂળ વસ્તુ સુરક્ષિત પણ રહે છે. જ્યારે આપણને વસ્તુનો ઉપભોગ કરવાનો હોય છે, ત્યારે તેને હટાવી દેવામાં આવે છે. જો યોગ્ય સમય પહેલાં પૅકિંગ હટાવવામાં

આવે તો તે વસ્તુ ખરાબ થયા વિના રહેશે નહીં.

પૅકિંગનું આટલું મહત્વ હોવા છતાં પણ તે સ્વયં મૂળ વસ્તુ નથી હોતી, તેથી તેના માધ્યમથી વસ્તુની ઓળખ કરીને અને તેને સુરક્ષિત રાખીને, ઉપભોગના સમયે પૅકિંગને હટાવી દેવામાં આવે છે. લોકમાં પ્રત્યેક વસ્તુના ઉપભોગની આ જ પદ્ધતિ છે. જેમ કે, કેળું ખાવાની પહેલાં આપણે તેની છાલ કાઢી નાખીએ છીએ. ઘઉંની ઉપરનું ભૂસું હટાવી, આપણે તેના દાણાનો ઉપયોગ કરીએ છીએ. આ જ રીતે અન્યત્ર સમજી લેવું જોઈએ.

લોકમાં આપણે સામાન્યપણે પદાર્થ અને પૅકિંગનો ફરક સમજીએ છીએ અને બંનેનો યથાયોગ્ય ઉપયોગ કરીએ છીએ, પરંતુ ક્યારેક-ક્યારેક કોઈક લોકો કાં તો પૅકિંગને અનુપયોગી જાણી, તેનો સર્વથા નિષેધ કરવા લાગે છે (નિશ્ચયાભાસીની જેમ) અથવા મૂળપદાર્થને ભૂલીને, પૅકિંગમાં જ સંતુષ્ટ થઈ જાય છે (વ્યવહારાભાસીની જેમ) અથવા બંનેને એક જેવું માનીને તેનાથી એક જેવો વ્યવહાર કરવા ઈચ્છે છે (ઉભયાભાસીની જેમ). ધર્મક્ષેત્રમાં થવાવાળી આ ભૂલોને અનુક્રમે નિશ્ચયાભાસ, વ્યવહારાભાસ અથવા ઉભયાભાસ કહે છે.

લોકમાં તો કોઈ અતિ મંદબુદ્ધિ જ આવી ભૂલો કરે છે, પરંતુ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત તત્ત્વોના વિષયમાં જિનાગમનો અભ્યાસ કરવા છતાં પણ આવી ભૂલો કેમ થઈ રહી છે-એ વિચારણીય છે.

## નિશ્ચયાભાસી મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ

જો કોઈ પૅકિંગને બીનજરૂરી સમજીને, તેનો સર્વથા નિષેધ કરે તો એ માન્યતા નિશ્ચયાભાસ જેવી થશે. **આ જ રીતે નિશ્ચયનયના કથનને જ સર્વથા સત્ય માની, વ્યવહારનયની વિષય-વસ્તુનો અને તેના કથનનો સર્વથા નિષેધ કરવો, નિશ્ચયાભાસ છે.** આ જ વૃત્તીને આધાર બનાવી પંડિત ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં નિશ્ચયાભાસીની માન્યતાઓનો ઉલ્લેખ કર્યો છે, જે આ પ્રકારે છે -

1. આત્મા, વર્તમાન પર્યાયમાં પણ સિદ્ધોની સમાન શુદ્ધ છે અર્થાત્ રાગાદિ રહિત છે.
2. આત્માની વર્તમાન પર્યાયમાં પણ કેવળજ્ઞાન પ્રગટ છે, પરંતુ તે કર્મોથી ઢંકાએલું છે.
3. આત્મા, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી સર્વથા રહિત છે.
4. વ્રત-શીલ-સંયમાદિ, બંધના કારણ છે, તેથી સર્વથા ત્યાજ્ય છે.
5. શાસ્ત્રાભ્યાસ પણ પર-દ્રવ્યાશ્રિત હોવાથી હેય છે.
6. સાત તત્ત્વના ચિંતનથી બંધ થાય છે, તેથી માત્ર આત્માનું ચિંતન કરવું જોઈએ.
7. તપશ્ચરણાદિમાં વૃથા ક્લેશ થાય છે.
8. પરિણામ શુદ્ધ હોય તો બાહ્યત્યાગ કરવો જરૂરી નથી.
9. પ્રતિજ્ઞા કરવામાં બંધન થાય છે, તેથી પ્રતિજ્ઞારૂપ વ્રતાદિ અંગીકાર ન કરવા જોઈએ.
10. શુભોપયોગ પણ બંધનું કારણ છે, તેથી શુભરૂપ પ્રવર્તન ન કરવું જોઈએ.

ઉપરોક્ત બધી માન્યતાઓનું આગમ-પ્રમાણ સહિત અને તર્ક-સંગત નિરાકરણ, પંડિત ટોડરમલજીએ કર્યું છે, જેનું મૂળતઃ ઉંડાઈથી અધ્યયન કરવું ખૂબ જ જરૂરી છે. વિસ્તારથી બચવા માટે અહીં તેનું નિરાકરણ કરવામાં આવ્યું નથી.

ઘણાંય ભોળા લોકો તો સમયસારાદિ અધ્યાત્મ ગ્રંથોના પઠન-પાઠન (સ્વાધ્યાય) ને નિશ્ચયાભાસ અને શ્રાવકાચાર તથા ગોમ્મટસારાદિ વ્યવહાર-પ્રધાન ગ્રંથોના સ્વાધ્યાયને વ્યવહારાભાસ કહીને, તેના સ્વાધ્યાયનો જ નિષેધ કરીને જિનવાણીનો નિષેધ કરવાના મહાપાપનો બંધ કરે છે, પરંતુ તેઓએ આ વિચાર કરવો જોઈએ કે ચારે અનુયોગ, વીતરાગી સંતો દ્વારા રચાયેલા છે તથા જિનાગમના અભ્યાસને વ્યવહારથી સમ્યક્જ્ઞાન કહ્યું છે, તેથી કોઈ

પણ શાસ્ત્રના અભ્યાસને કોઈ પ્રકારનો આભાસ કેવી રીતે કહી શકાય?

**પ્રશ્ન** : નિશ્ચયાભાસી,અધ્યાત્મના માધ્યમથી સ્વચ્છંદ થઈને અશુભાચરણમાં પ્રવૃત્તિ કરે છે, તેથી આપ અશુભાચરણને નિશ્ચયાભાસ શા માટે નથી કહેતા?

**ઉત્તર** : સ્વચ્છંદતાનું પોષણ પણ અભિપ્રાયનો દોષ છે, આચરણનો નહીં, કારણ કે જિનાગમના આધાર પર વિષય-કષાયો ને પુષ્ટ કરવાની અર્થાત્ દોષરૂપ ન માનીને યોગ્ય બતાવવાની વૃત્તિ જ નિશ્ચયાભાસ છે.

જો કે પ્રાયઃ સ્વચ્છંદતાનું પોષણ અધ્યાત્મની આડમાં જોવામાં આવે છે, પરંતુ વિપરીત અભિપ્રાય ગ્રહણ કરીને, આ જીવ ચારે અનુયોગના માધ્યમથી સ્વચ્છંદતાનું પોષણ કરી શકે છે - આ વાત નીચેના સ્પષ્ટીકરણથી સ્પષ્ટ સમજી શકાય છે -

| અનુયોગ | સ્વચ્છંદતાનો અભિપ્રાય |
|---|---|
| ૧. પ્રથમાનુયોગના નિમિત્તથી થવાવાળા વિપરીત અભિપ્રાય | ● ભરત-બાહુબલી, સમ્યક્દ્રષ્ટિ હોવા છતાં પણ યુદ્ધ કરી શકે છે તો અમે જો આપસમાં લડીએ તો અમારો શું દોષ છે?<br>● જ્યારે ભરત ચક્રવર્તી છ ખંડ પર રાજ્ય કરતા થકાં અને ૯૬૦૦૦ રાણીઓની સાથે ભોગ-ભોગવતાં થકાં પણ સમ્યક્દ્રષ્ટિ રહી શકે છે તો અમે પણ ભોગ-ભોગવતાં થકાં સમ્યક્દ્રષ્ટિ શા માટે ન રહી શકીએ? |
| ૨. કરણાનુયોગના નિમિત્તથી થવાવાળા વિપરીત અભિપ્રાય | ● બધાં જીવ આયુ કર્મના ક્ષયથી મરે છે તો અમને તેઓને મારવામાં હિંસાનો દોષ શા માટે લાગશે?<br>● સ્ત્રી/પુરૂષ વેદકર્મના ઉદયથી વિષય-વાસના થાય છે, તેથી એમાં અમારો શું દોષ છે? |

| અનુયોગ | સ્વચ્છંદતાનો અભિપ્રાય |
| --- | --- |
| ૩. ચરણાનુયોગના નિમિત્તથી થવાવાળા વિપરીત અભિપ્રાય | ● રાત્રિભોજનત્યાગ અને બ્રહ્મચર્ય તો છઠ્ઠી અને સાતમી પ્રતિમામાં કહ્યાં છે, માટે અમે તેનું પાલન શા માટે કરીએ?<br>● સમ્યક્દર્શન વિના વ્રતાદિ હોતા જ નથી તો હમણાં વ્રતાચરણનો અભ્યાસ શા માટે કરીએ? |
| ૪. દ્રવ્યાનુયોગના નિમિત્ત થી થવાવાળા વિપરીત અભિપ્રાય | ● દેવ-શાસ્ત્ર-ગુરૂ તો પરદ્રવ્ય છે, તેથી તેમનું અવલંબન શા માટે લઈએ?<br>● જે સમયે જે પર્યાય થવાવાળી હોય છે, તે જ થાય છે, તેથી વિષય-કષાયના પરિણામ પણ પોતાની ક્રમબદ્ધ યોગ્યતાથી થઈ રહ્યા છે, તેમાં અમે શું કરીએ? |

ઉપરોક્ત પ્રયોગોના આધાર પર વિપરીત અભિપ્રાયરૂપ સ્વચ્છંદતાની બીજી પણ અનેક માન્યતાઓને સમજી શકાય છે.

**પ્રશ્ન** : શું નિશ્ચયાભાસીને સદૈવ અશુભભાવ જ હોય છે?

**ઉત્તર** : સદૈવ અશુભભાવ કે શુભભાવ તો કોઈપણ જીવને નથી હોતા. તે તો અંતમુહૂર્તમાં બદલી જાય છે. તેનાથી પણ એ જ સિદ્ધ થાય છે કે નિશ્ચયાભાસ કે સ્વચ્છંદતા, અભિપ્રાયમાં હોય છે, શુભાશુભભાવો કે બાહ્ય-આચરણમાં નહીં.

**પ્રશ્ન** : ઉપરોક્ત કોષ્ટકમાં આપવામાં આવેલા તર્ક તો સાચા લાગે છે, તો પછી તમે તેને સ્વચ્છંદતા શા માટે કહી રહ્યા છો?

**ઉત્તર** : જૈનાભાસીઓના તર્ક પણ શાસ્ત્રાધારથી જ થાય છે, કારણ કે જિનવાણી વાંચીને તેનો વિપરીત અભિપ્રાય ગ્રહણ કરવાથી તેઓની આ માન્યતા થઈ છે, તેથી તેમની વાત સત્ય પ્રતીત થાય છે, પરંતુ તેમનો અભિપ્રાય, મોક્ષમાર્ગથી વિપરીત છે, માટે તેમના તર્ક સમ્યક્ ન હોઈ મિથ્યા અર્થાત્ તર્કાભાસ કહેવામાં આવે છે.

**પ્રશ્ન :** નિશ્ચયાભાસથી બચવાનો શું ઉપાય છે?

**ઉત્તર :** વ્યવહારનયના કથનોનો સર્વથા નિષેધ ન કરીને તેનો સાચો અભિપ્રાય (અર્થ) સમજવો જોઈએ. અનુભૂતિમાં નિશ્ચયનયની મુખ્યતા હોવા છતાં પણ કથનમાં વ્યવહારનયની મુખ્યતા હોય છે. તેથી આપણે લોક-વ્યવહારમાં નિશ્ચયનયની ભાષાનો પ્રયોગ કરવાથી બચવું જોઈએ. ઘણી વખત જે લોકો, આપસી બોલચાલમાં પણ હસી-મજાક કરતાં થકાં નિશ્ચયની ભાષા બોલે છે, તેનાથી ન કેવળ તત્ત્વની અપ્રભાવના થાય છે, પરંતુ જિનવાણીની વિરાધનાનું મહાપાપ લાગે છે. સામાન્ય જનસમૂદાય તો વ્યવહારની ભાષાનો જ પ્રયોગ જાણે છે અને કરે છે, તેથી નિશ્ચયપ્રધાન ભાષાનો પ્રયોગ તત્ત્વને સમજાવવા માટે જ કરવો જોઈએ.

વ્યવહાર મોક્ષમાર્ગ અર્થાત્ બાહ્ય-ધર્માચરણ પણ આપણને પાપોથી બચાવીને, વીતરાગતાના પોષણમાં નિમિત્ત થાય છે, તેથી જીવનમાં પણ યથાશક્તિ નીતિમય ધર્માચરણ હોવું જોઈએ. જો કષાયની તીવ્રતાથી કોઈ વિશેષ ધર્માચરણ ન થઈ શકે તો તેને પોતાની કમજોરી (અશક્તિ/કચાશ) માનીને, તેના પ્રતિ ખેદ હોવો જોઈએ, પરંતુ શાસ્ત્રોના આધારથી તેનું પોષણ ન કરવું જોઈએ અર્થાત્ તેને યોગ્ય ન માનવું જોઈએ.

## વ્યવહારાભાસી મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ

નિશ્ચયાભાસીથી વિપરીત વ્યવહારાભાસી જીવ પૅકિંગને જ મૂળ પદાર્થ માનીને તેમાં સંતુષ્ટ થઈ જાય છે અને વસ્તુના મૂળ સ્વરૂપની પ્રાપ્તિ અર્થાત્ સાચા મોક્ષમાર્ગથી વંચિત રહે છે. **વ્યવહારનયના કથનને ઉપચરિત ન માનીને સર્વથા સત્યાર્થ માનવા, વ્યવહારાભાસ છે.**

વ્યવહારાભાસી જીવ, આત્માને રંગ-રાગ અને ભેદથી ભિન્ન ચૈતન્યસ્વભાવી ન માનીને મનુષ્ય, દેવ, સ્ત્રી, પુરૂષ આદિ પર્યાયરૂપ તથા રાગાદિભાવોથી તન્મય માનીને, તેમનો કર્તા-ભોક્તા માને છે. આ જ રીતે તે શુભભાવોને મોક્ષમાર્ગમાં નિમિત્ત કે સહચારી ન માનીને, તેને જ સાચો મોક્ષમાર્ગ માની લે છે.

પંડિતપ્રવર ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં નીચે મુજબ ચાર પ્રકારના વ્યવહારાભાસીઓનું વર્ણન કર્યું છે -

**૧. કુળ અપેક્ષાએ ધર્મધારક વ્યવહારાભાસી**

કુળમાં ચાલી આવતી પરંપરાઓનું પાલન કરવામાં ધર્મ માનવો, વ્યવહારાભાસ છે. આ પરંપરાઓ ધર્મ વિરૂદ્ધ પણ હોઈ શકે છે અને ધર્માનુકૂળ પણ હોઈ શકે છે. કોઈ કુળદેવી કે કુળદેવતાની પૂજા કરવી આદિ ધર્મ વિરૂદ્ધ પરંપરા છે, વીતરાગી દેવ-ગુરૂ-ધર્મની શ્રદ્ધા, ભક્તિ, રાત્રિભોજન તથા અન્ય અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ, ધર્માનુકૂળ પરંપરા છે. આ ધર્માનુકૂળ પરંપરાઓને વીતરાગતાના પોષણના ઉદ્દેશ્યથી પાળવાને બદલે કુળ-પરંપરાના પોષણ હેતુ પાળવું પણ કુળ અપેક્ષાએ ધર્મધારક વ્યવહારાભાસ છે.

આ પ્રકરણમાં પંડિતજી દ્વારા આપવામાં આવેલ નિષ્કર્ષ અનુકરણીય છે -

**જો કુળક્રમથી જ ધર્મ હોય તો મુસલમાન આદિ બધાં ધર્માત્મા થઈ જાય. જૈન ધર્મની શું વિશેષતા રહી ?**

**તથા જો કુળમાં જેવી જિનદેવની આજ્ઞા છે, તે જ રીતે ધર્મની પ્રવૃત્તી છે તો આપણે પણ એવું જ પ્રવર્તન કરવું યોગ્ય છે, પરંતુ તેને કુળાચાર ન જાણી ધર્મ જાણીને, તેનું સ્વરૂપ, ફળાદિનો નિશ્ચય કરીને અંગીકાર કરવો. જો સાચા ધર્મને પણ કુળાચાર જાણીને પ્રવર્તે છે તો તેને ધર્માત્મા નથી કહેતા, કારણ કે જો બધાં કુળના એ આચરણને**

**છોડી દે તો તમે પણ છોડી દેશો. તથા તે જે આચરણ કરે છે તે કુળના ભયથી કરે છે, કોઈ ધર્મબુદ્ધિથી નથી કરતા, માટે તે ધર્માત્મા નથી.**

**માટે વિવાહાદિ કુળસંબંધી કાર્યોમાં તો કુળ ક્રમનો વિચાર કરવો, પરંતુ ધર્મ સંબંધી કાર્યમાં કુળનો વિચાર ન કરવો. ધર્મમાર્ગ સાચો છે, તે જ રીતે પ્રવર્તન કરવું યોગ્ય છે.**[1]

આધ્યાત્મિક સત્પુરૂષ પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજીસ્વામીએ કુળપરંપરાનો ત્યાગ કરી, દિગંબર સંતો દ્વારા પ્રરૂપિત વીતરાગ ધર્મને તર્ક અને અનુભૂતિની કસોટી પર પારખી-અંગીકાર કરીને, વિગત ૨૦ મીં સદીમાં એક અનુપમ કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા કરવામાં આવેલ આ આધ્યાત્મિક ક્રાંતિનું ચિત્રણ બાબૂ જુગલકિશોરજી 'યુગલ', કોટા દ્વારા 'લો રોકો તૂફ઼ાન ચલા રે!'-આ શીર્ષકથી લખેલી કવિતામાં નીચે દર્શાવેલ શબ્દો દ્વારા કરવામાં આવ્યું છે-

**બોલી દુનિયા :-** અરે-અરે રે! માત-પિતા કા ધર્મ ન છોડો,
જિસ કુલ મેં યહ જન્મ લિયા હૈ, ઉસ પથ સે અબ મુઁહ મત મોડો,
હરી-ભરી-સી કીર્તિલતા હૈ, દિગ્-દિગન્ત મેં વ્યાપ્ત તુમ્હારી,
'યહ લો-યહ લો સિંહાસન લો' લેકિન રક્ખો લાજ હમારી,
અરે! તુમ્હારે ઈસ નિશ્ચય સે, ભૂતલ પર ભૂચાલ મચા રે,
પાખંડોં કે મહલ ઢહાતા, લો રોકો તૂફ઼ાન ચલા રે.

**ઉત્તર મિલા :-** ધર્મ શિશુ-જનની કે અંચલ મેં નહિં પલતા હૈ,
ઔર પિતા કી પરમ્પરા સે બંધ કર ધર્મ નહીં ચલતા હૈ,
અરે! લોક કી સીમાઓં કો, તોડ ધર્મ કા સ્યન્દન[2] ચલતા,
જ્ઞાન-ચેતના કે અંચલ મેં, પ્યારા ધર્મ નિરંતર પલતા,

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૧૬ ૨. સ્યન્દન = રથ

જિસકી કરવટ સે સંશય કા, ચિર-સિંહાસન ડોલ ચલા રે,
પાખંડો કે મહલ ઢહાતા, લો રોકો તૂફાન ચલા રે.

પૂજ્ય ગુરૂદેવશ્રીની સત્ય-નિષ્ઠા તથા મોક્ષમાર્ગની નિશ્છલ નિરૂપણાએ લાખો પાત્ર જીવોને મોક્ષમાર્ગ પર ચાલવાનો માર્ગ બતાવ્યો છે, આ જ કારણ છે કે તે યુગપુરૂષ આપણા બધાંના આદર્શ બની ગયા છે.

## ૨. પરીક્ષા રહિત આજ્ઞાનુસારી ધર્મધારક વ્યવહારાભાસી

ઘણાંય લોકો શાસ્ત્રોમાં લખેલી વાતોને પરીક્ષા કર્યા વગર માને છે. પરીક્ષા કર્યા વિના સત્ય-અસત્યનો નિર્ણય નથી થતો અને નિર્ણય કર્યા વિના આજ્ઞા માનવી, અન્ય મતિઓ દ્વારા પોત-પોતાનાં શાસ્ત્રોની આજ્ઞા માનવા જેવું જ થયું. આ તો પક્ષથી આજ્ઞા માનવાનું છે. આજ્ઞાનો સાચો ઉદ્દેશ અને પ્રયોજન સમજવું તે જ આજ્ઞા માનવું છે.

મોક્ષમાર્ગમાં દેવ-ગુરૂ-ધર્મ તથા જીવાદિ સાત તત્ત્વોનો નિર્ણય પ્રયોજનભૂત છે, તેથી તેની પરીક્ષા અવશ્ય કરવી જોઈએ તથા જે ગ્રંથોમાં એના સાચા સ્વરૂપનું વર્ણન કર્યું હોય, તેમાં કહેલા દ્વીપ-સમુદ્ર, સ્વર્ગ-નરક આદિનું સ્વરૂપ ગ્રંથાનુસાર માનવું જોઈએ, કારણ કે તેની પરીક્ષા કરવી સંભવ નથી. જે પ્રયોજનભૂત વાતોને યથાર્થ કહે છે, તે અપ્રયોજનભૂત વાતોને અન્યથા શા માટે કહેશે? જિનમતના પ્રવક્તા વીતરાગ અને સર્વજ્ઞ છે, તેથી તેમના વચન અસત્ય ન હોઈ શકે-એવું માનીને તેઓના સંબંધમાં વિકલ્પ ન કરવો જોઈએ.

**પ્રશ્ન :** જો જિનદેવના વચન અન્યથા ન હોઈ શકે તો જીવાદિ તત્ત્વોની પરીક્ષા કરવાની શું જરૂરીયાત છે?

**ઉત્તર :** સ્વયં વિચાર કરીને નિર્ણય કર્યા વિના તેની પ્રતીતિ નથી થઈ શકતી, તેથી તેના સ્વરૂપનો વિચાર કરીને નિર્ણય કરવો જરૂરી છે. જો માત્ર આજ્ઞા માનવાથી પ્રતીતિ થઈ જતી હોત તો

ગ્રૈવેયક સુધી જવાવાળા મુનિ પણ મિથ્યાદ્રષ્ટિ શા માટે રહે છે? માટે પરીક્ષા કરીને આજ્ઞા માનવાથી જ સમ્યક્ત્વ તથા ધર્મધ્યાન થાય છે.

કેટલાંક લોકો પરીક્ષા તો કરે છે, પરંતુ માત્ર બાહ્ય ચિન્હોથી અર્થાત્ તપ-શીલ-સંયમ, પૂજા-પ્રભાવના, ચમત્કારાદિ તથા ઈષ્ટ પ્રાપ્તિથી પ્રભાવિત થઈને જ જૈનધર્મને સાચો માની લે છે. જૈનધર્મમાં કહેવામાં આવેલ વસ્તુસ્વરૂપ અને વીતરાગભાવરૂપ ધર્મનો સાચો નિર્ણય નથી કરતા, તેથી તેઓને પણ સાચી તત્ત્વ-પ્રતીતિ નથી હોતી.

● આ સંપૂર્ણ પ્રકરણ, મૂળ ગ્રંથથી જરૂર વાંચવા તથા વિચારવા યોગ્ય છે. ઉપરોક્ત બંને પ્રકારના મિથ્યાદ્રષ્ટિઓને **ભોળા મિથ્યાદ્રષ્ટિ** કહી શકાય છે, કારણ કે ભોળપણને કારણે તેઓ કુળ અથવા શાસ્ત્રની આજ્ઞા માનીને ધર્માચરણ કરે છે. તેઓને અન્યથી સારા બતાવતા થકાં પંડિત ટોડરમલજી લખે છે –

**એટલું તો છે કે જિનમતમાં પાપની પ્રવૃત્તિ વિશેષ નથી થઈ શકતી અને પુણ્યના નિમિત્ત ઘણાં છે તથા સાચા મોક્ષમાર્ગના કારણ પણ ત્યાં મળી રહે છે, માટે જે કુળાદિથી પણ જૈની છે, તે અન્યોથી તો સારા જ છે.**

### ૩. સાંસારિક પ્રયોજનાર્થ ધર્મધારક વ્યવહારાભાસી

જે લોકો, આજીવિકા તથા યશના લોભથી તથા થોડા વિષય-કષાય સંબંધી પ્રયોજનની પૂર્તી માટે કપટથી જૈની થાય છે, તે પાપી જ છે. જૈનધર્મનું સેવન તો વિષય-કષાયનો નાશ કરવાને માટે કરાય છે, પરંતુ તેના દ્વારા વિષય-કષાયની પૂર્તીની ઈચ્છા રાખવી અતિ તીવ્ર કષાય વિના સંભવ નથી – આવા મિથ્યાદ્રષ્ટિઓને **બેઈમાન મિથ્યાદ્રષ્ટિ** કહેવું યોગ્ય છે, કારણ કે તેઓને ધર્મ નથી કરવો, પરંતુ સુવિધાઓ માટે ધર્માત્મા દેખાવું છે અર્થાત્ તેઓ ધર્મને વેચવા ઈચ્છે છે.

*અહીંયા આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે જિનશાસન ની અંતર-બાહ્ય પ્રભાવનાના પરિણામોથી બંધાયેલા પુણ્યોદયથી સહજ જ અનુકૂળ સંયોગ બને છે અને ગૃહસ્થ ભૂમિકામાં રાગ હોવાથી લોકો તેનો સ્વીકાર પણ કરે છે. આ તો પ્રકૃતિની સહજ વ્યવસ્થા છે. પંડિતજીએ સુવિધાઓ લેવા-દેવાનો નિષેધ નથી કર્યો, પરંતુ સુવિધાઓના ઉદ્દેશ્યથી ધર્માચરણ કરવાનો નિષેધ કર્યો છે. મુનિરાજોના આહાર આદિની વ્યવસ્થાના સંદર્ભમાં તેઓએ આ વાત સારી રીતે સ્પષ્ટ કરી છે.*

## ૪. ધર્મબુદ્ધિથી ધર્મધારક વ્યવહારાભાસી

અહીં **ધર્મબુદ્ધિ**થી કહેવાનો અર્થ માત્ર આત્મકલ્યાણનું મુખ્ય પ્રયોજન રાખવાથી છે. ત્રીજા પ્રકારના વ્યવહારાભાસીઓથી ભિન્ન આ લોકો માત્ર મુક્તિની ઈચ્છાથી ધર્મસાધન કરે છે. **ધર્મધારક**નો અર્થ તો ભક્તિ, પૂજા,દયા, દાન, વ્રત, સંયમ આદિ બાહ્યાચરણ કરવાથી છે.

લૌકિક સુખ-સુવિધા આદિની કામના ન રાખીને, માત્ર મુક્તિની કામનાથી બાહ્ય-ધર્માચરણ કરતા થકાં પણ જે લોકો, બાહ્યક્રિયામાં જ ધર્મ માનીને સંતુષ્ટ થાય છે અને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ ધર્મને માટે પ્રયત્ન નથી કરતાં, તે પણ ધર્મબુદ્ધિથી ધર્મધારક વ્યવહારાભાસી છે- આવા જીવોને **ઈમાનદાર મિથ્યાદ્રષ્ટિ** કહેવાં યોગ્ય છે, કારણ કે તે ધર્મનું પ્રદર્શન કરવા નથી ઈચ્છતા, તેને વેચવા નથી માંગતા, છતાંપણ મુક્તિ-પ્રાપ્તિ માટે સાચા હૃદયથી ધર્મ કરવા ઈચ્છે છે, પરંતુ **સાચા ધર્મનું સ્વરૂપ નથી જાણતા, માટે મિથ્યાદ્રષ્ટિ છે.**

આવા જીવ, ધર્મ કરવાને માટે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ આત્માનુભૂતિ સ્વરૂપ નિશ્ચય રત્નત્રય ધર્મને ન જાણીને, માત્ર પોતાના દ્વારા માન્ય તથાકથિત વ્યવહાર

રત્નત્રયાત્મક શુભ વિકલ્પોમાં જ સંતુષ્ટ થઈ જાય છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે -

૧. પંડિત પ્રવર દૌલતરામજી કૃત છ ઢાળાની ત્રીજી ઢાળમાં સમાગત **'પરદ્રવ્યનિ તૈં ભિન્ન આપ મેં, રૂચિ સમ્યક્ત્વ ભલા હૈ'** - આ પંક્તિનુસાર જે શુદ્ધાત્મતત્ત્વની રૂચિ-પ્રતીતિરૂપ નિશ્ચય સમ્યક્ત્વને નથી જાણતા અને માત્ર દેવ-શાસ્ત્ર-ગુરૂ તથા જીવાદિ સાત તત્ત્વોના વિકલ્પાત્મક શ્રદ્ધાનમાં જ સંતુષ્ટ રહે છે.

૨. **'આપરૂપ કો જાનપનો સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ'** - આ પંક્તિમાં કહ્યા અનુસાર, જે દેહાદિ તથા રાગાદિથી ભિન્ન આત્માને નથી જાણતા અને માત્ર જૈન શાસ્ત્રોના પઠન-પાઠનમાં જ સંતુષ્ટ રહે છે.

૩. **'આપરૂપ મેં લીન રહે થિર, સમ્યક્ ચારિત સોઈ'** - આ પંક્તિનુસાર, જેને આત્મલીનતારૂપ વીતરાગદશાનો અંશ પણ પ્રગટ નથી થયો અને માત્ર વ્રત-શીલ-સંયમાદિ બાહ્યાચરણમાં જ સંતુષ્ટ રહે છે.

આ રીતે માત્ર વ્યવહારમાં જ સંતુષ્ટ રહેવાને કારણે આ જીવ ધર્મબુદ્ધિથી ધર્મધારક વ્યવહારાભાસી કહેવાય છે. એમના વ્યવહાર શ્રદ્ધાન-જ્ઞાન-આચરણમાં પણ અનેક વિપરીતતાઓ તથા વિકૃતિઓ જોવા મળે છે, જેનું વિસ્તૃત વર્ણન મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધ્યાયથી જાણવા યોગ્ય છે.

## ઉભયાભાસી મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ

જૈનાભાસના પ્રકરણમાં ઉભયાભાસનું વર્ણન કરવું, પંડિત ટોડરમલજીના મૌલિક ચિંતનનો પરિચય આપે છે. એવું લાગે છે કે આવા ચિંતનની અવ્યક્ત પ્રેરણા, તેમને આચાર્ય સમંતભદ્રની આપ્તમીમાંસામાં વર્ણિત ઉભયૈકાંત થી મળી છે. જો કે પંચાસ્તિકાયની

ટીકાના અંતમાં આચાર્ય અમૃતચંદ્ર તથા આચાર્ય જયસેન, બંનેએ નિશ્ચયાભાસી તથા વ્યવહારાભાસીનું સંક્ષિપ્ત વિવેચન તો કર્યું છે, જેનો વિસ્તાર પંડિત ટોડરમલજીએ કર્યો છે, પરંતુ ઉભયાભાસી પ્રકરણ તો તેમના ચિંતનની મૌલિક વિશેષતા જ છે.

ઉભયાભાસીઓની માનસિક દુવિધાનું વર્ણન કરતાં થકા તેઓ લખે છે- **જે જીવ એવું માને છે કે જિનમતમાં નિશ્ચય-વ્યવહાર, બંને નય કહ્યા છે, માટે આપણે તે બંનેનો સ્વીકાર કરવો જોઈએ-એવો વિચાર કરીને, જેમ માત્ર નિશ્ચયાભાસના અવલંબીઓનું કથન કર્યું હતું, એવો તો નિશ્ચયનો સ્વીકાર કરે છે અને જેમ, માત્ર વ્યવહારાભાસના અવલંબીઓનું કથન કર્યું હતું, તેમ વ્યવહારનો સ્વીકાર કરે છે.**

**જો કે આ રીતે સ્વીકાર કરવામાં બંને નયોનો પરસ્પર વિરોધ છે, છતાં પણ કરીએ શું? સાચું તો બંને નયોનું સ્વરૂપ ભાસિત થયું નહીં અને જિનમતમાં બે નય કહ્યા છે, તેમાંથી કોઈને છોડી પણ શકતા નથી, માટે ભ્રમ સહિત બંને નયોનું સાધન સાધે છે, તે જીવ પણ મિથ્યાદ્રષ્ટિ જાણવા.**

ઉપરોક્ત માનસિક દુવિધાના ફળસ્વરૂપ ઉભયાભાસી દ્વારા કરવામાં આવેલા તત્ત્વ-અભ્યાસમાં અનેક ભૂલો ઉત્પન્ન થઈ જાય છે. અહીંયા તેમની કેટલીક પ્રમુખ વિપરીત માન્યતાઓનું, તેમના સંક્ષિપ્ત નિરાકરણ સહિત વર્ણન કરવામાં આવી રહ્યું છે -

**૧. વિપરીત માન્યતા : મોક્ષમાર્ગ બે પ્રકારના છે - નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ?**

**નિરાકરણ -** મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. વીતરાગ ભાવરૂપ મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કહેવો, **નિશ્ચય મોક્ષમાર્ગ** છે અને જે મોક્ષમાર્ગ તો છે નહીં, મોક્ષમાર્ગનું નિમિત્ત તથા સહચારી છે, તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવો **વ્યવહાર મોક્ષમાર્ગ** છે.

**૨. વિપરીત માન્યતા : નિશ્ચય-વ્યવહાર, બંને સમાનરૂપથી ઉપાદેય છે ?**

**નિરાકરણ -** નિશ્ચયનય ભૂતાર્થ છે અને વ્યવહારનય અભૂતાર્થ છે, તેથી બંનેના સ્વરૂપમાં પરસ્પર વિરોધ છે, આ રીતે બંનેને એક જેવું ઉપાદેય માનવું મિથ્યા છે.

**૩. વિપરીત માન્યતા : સિદ્ધ સમાન શુદ્ધ આત્માનો અનુભવ નિશ્ચય અને વ્રત-શીલ-સંયમ આદિ રૂપ પ્રવૃત્તિ વ્યવહાર છે ?**

**નિરાકરણ -** આ માન્યતા પણ ખોટી છે, કારણ કે કોઈ દ્રવ્યભાવનું નામ નિશ્ચય અને કોઈનું નામ વ્યવહાર-એવું નથી. એક જ દ્રવ્યના ભાવને તે સ્વરૂપ જ નિરૂપણ કરવું, **નિશ્ચય** છે અને ઉપચારથી તે દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપ નિરૂપણ કરવું, **વ્યવહાર** છે, તેથી કોઈને નિશ્ચય માનવો અને કોઈને વ્યવહાર માનવો ભ્રમ છે.

ઉપરોક્ત માન્યતામાં પરસ્પર વિરોધ પણ છે, કારણ કે પોતાને શુદ્ધ માનવામાં વ્રતાદિ કરવાની જરૂરત જ નથી અને જો વ્રતાદિ સાધન દ્વારા શુદ્ધ થવા ઈચ્છીએ છીએ તો વર્તમાનમાં પોતાને શુદ્ધ માનવું મિથ્યા છે.

શુદ્ધાત્માનો અનુભવ, સાચો મોક્ષમાર્ગ છે, માટે તેને **નિશ્ચય મોક્ષમાર્ગ** કહે છે. અહીં શુદ્ધ શબ્દનો અર્થ પર-ભાવોથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન અર્થાત્ એકત્વ-વિભક્ત્વ સ્વભાવથી છે. સંસાર અવસ્થામાં સિદ્ધ અવસ્થા માનવી ભ્રમ છે. વ્રત-તપ આદિને નિમિત્ત આદિની અપેક્ષાએ ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, એ વાસ્તવમાં મોક્ષમાર્ગ નથી.

**૪. વિપરીત માન્યતા : શ્રદ્ધાન નિશ્ચયનું રાખવું જોઈએ અને પ્રવૃત્તિ વ્યવહારરૂપ કરવી જોઈએ ? - આ પ્રકારે બંને નયોનો સ્વીકાર કરવો ?**

**નિરાકરણ -** એક જ નયનું શ્રદ્ધાન કરવાથી એકાંત મિથ્યાત્વ થાય છે, તેથી નિશ્ચયનું નિશ્ચયરૂપ અને વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

પ્રવૃત્તિમાં નય લાગુ નથી થતા, કારણ કે પ્રવૃત્તિ તો દ્રવ્યની પરિણતિ છે. જે દ્રવ્યની પરિણતિ હોય, તેને તેની કહેવી **નિશ્ચયનય** છે અને તેને અન્ય દ્રવ્યની કહેવી **વ્યવહારનય** છે. આ રીતે કથન કરવામાં અભિપ્રાય પ્રમાણે બંને નય બને છે, પ્રવૃત્તિ સ્વયંમાં કોઈ નયરૂપ નથી હોતી.

તેથી **નિશ્ચયનય**થી જે નિરૂપણ કરેલું હોય, તેને **સત્યાર્થ** માનવું જોઈએ અને **વ્યવહારનય**થી જે કહેલું હોય, તેને **અસત્યાર્થ** માની તેનું શ્રદ્ધાન છોડવું જોઈએ.

**૫.વિપરીત માન્યતા : આ નયથી આત્મા આવો છે અને આ નયથી આવો છે અર્થાત્ આત્મા નિશ્ચયનયથી શુદ્ધ છે, વ્યવહારનયથી અશુદ્ધ છે ?**

**નિરાકરણ -** આત્મા તો જેવો છે, તેવો જ છે, તેમાં નય દ્વારા નિરૂપણ કરવાનો અભિપ્રાય ઓળખવો જોઈએ. સિદ્ધ અને સંસારીને જીવત્વપણાની અપેક્ષાએ સમાન માનવાં તથા સંસારી અને સિદ્ધ પર્યાયની અપેક્ષાએ બંનેમાં ફરક માનવો જોઈએ.

સંસારી જીવની પર્યાયમાં રાગાદિ તથા મતિજ્ઞાન આદિ નિશ્ચયનયથી છે, પરંતુ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ વ્યવહારથી કહેવામાં આવ્યું છે - એવું માનવું જોઈએ.

**૬.વિપરીત માન્યતા : યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા તો કરવી જોઈએ, પરંતુ તેમાં મમત્વ ન કરવું જોઈએ ?**

**નિરાકરણ -** આપણે સ્વયં જેના કર્તા છીએ, તેમાં મમત્વ કેમ ન કરવામાં આવે ? અને જો આપણે કર્તા નથી તો **વ્રતાદિ કરવા**

**જોઈએ** - આ ભાવ કેવી રીતે સંભવ છે? જો આપણે કર્તા છીએ તો વ્રતાદિના ભાવ પોતાના કર્મ થયા. આ રીતે કર્તા-કર્મ સંબંધ સ્વયં થઈ જ ગયો, તેથી ઉપરોક્ત માન્યતા ભ્રમ છે.

બાહ્ય વ્રતાદિ ક્રિયાઓ શરીરની ક્રિયા છે. આત્મા, તેનો કર્તા નથી, તેથી તેમાં કર્તૃત્વબુદ્ધિ અને મમત્વબુદ્ધિ ન કરવી જોઈએ. વ્રતાદિમાં જે શુભોપયોગ છે, તે આત્માના પરિણામ છે, તેથી પોતાને પર્યાયદ્રષ્ટિથી તેમાં કર્તૃત્વ-મમત્વ પણ કરવા જોઈએ, પરંતુ **આ શુભોપયોગને બંધનું જ કારણ જાણવું જોઈએ,** મોક્ષનું કારણ નહીં. જ્યાં વ્રત અને અવ્રત અર્થાત્ પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો કોઈપણ વિકલ્પ નથી - એવાં ઉદાસીન **શુદ્ધોપયોગને જ મુક્તિનો માર્ગ માનવો જોઈએ.**

શુભાશુભભાવોના ગ્રહણ-ત્યાગના સંદર્ભમાં મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં. ૨૫૫-૨૫૬ ઉપર નીચે લખેલ કથન વિચારણીય છે -

**આ રીતે શુદ્ધોપયોગને જ ઉપાદેય માનીને, તેનો ઉપાય કરવો અને શુભોપયોગ-અશુભોપયોગને હેય જાણીને, તેના ત્યાગનો ઉપાય કરવો. જ્યાં શુદ્ધોપયોગ ન થઈ શકે, ત્યાં અશુભોપયોગને છોડીને, શુભમાં જ પ્રવર્તન કરવું, કારણ કે શુભોપયોગની અપેક્ષાએ અશુભોપયોગમાં અશુદ્ધતાની અધિકતા છે તથા શુદ્ધોપયોગ હોય, ત્યારે તો પરદ્રવ્યનો સાક્ષીભૂત જ રહે છે, ત્યાં તો કાંઈ પરદ્રવ્યનું પ્રયોજન જ નથી. શુભોપયોગ હોય, ત્યાં બાહ્ય-વ્રતાદિક પ્રવૃત્તિ હોય છે અને અશુભોપયોગ હોય, ત્યાં બાહ્ય-અવ્રતાદિકની પ્રવૃત્તિ હોય છે, કારણ કે અશુદ્ધોપયોગનો અને પરદ્રવ્યની પ્રવૃત્તિનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોવામાં આવે છે તથા પહેલાં અશુભોપયોગ છૂટીને, શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટીને, શુદ્ધોપયોગ થાય - એવી ક્રમ-પરિપાટી છે.**

**૭. વિપરીત માન્યતા : શુભોપયોગ શુદ્ધોપયોગનું કારણ છે?**

**નિરાકરણ -** જેમ અશુભોપયોગ છૂટીને શુભોપયોગ થાય છે, તેમ શુભોપયોગ છૂટીને શુદ્ધોપયોગ થાય છે, માટે જો તેમાં કારણ-કાર્યપણું માનવામાં આવે તો માત્ર શુભોપયોગ જ શુદ્ધોપયોગનું કારણ નહીં રહે, અશુભોપયોગને પણ શુભોપયોગનું કારણ માનવું પડશે, પરંતુ એમ માનવું તો વિપરીત છે, કારણ કે દ્રવ્યલિંગીને ઉત્કૃષ્ટ શુભોપયોગ હોવા છતાં પણ શુદ્ધોપયોગ નથી હોતો, માટે તેમાં પરમાર્થથી કારણ-કાર્યપણું માનવું યોગ્ય નથી.

માત્ર મંદકષાયરૂપ શુભોપયોગ, નિઃકષાયરૂપ શુદ્ધોપયોગનું કારણ નથી થઈ શકતું. હાં, જો શુભોપયોગ થવાથી શુદ્ધોપયોગનો પુરૂષાર્થ કરે તો તે થઈ શકે છે, પરંતુ જો શુભોપયોગને જ ભલું જાણીને, તેને જ સાધન કરે તો શુદ્ધોપયોગ કેવી રીતે થશે? માટે મિથ્યાદ્રષ્ટિનો શુભોપયોગ તો શુદ્ધોપયોગનું કારણ થઈ જ ન શકે, પરંતુ સમ્યક્દ્રષ્ટિને પણ શુભોપયોગ હોવાથી શુદ્ધોપયોગનો પુરૂષાર્થ કરવાનો અવસર વધારે છે, આ અપેક્ષાએ વ્યવહારથી શુભોપયોગને શુદ્ધોપયોગનું કારણ કહે છે.

**ઉભયાભાસી જીવની પરિણતિ**

ઉભયાભાસી જીવની અનેક માન્યતાઓ, નિશ્ચયાભાસી જેવી હોવા છતાં પણ તે વ્યવહાર-સાધનને ભલું જાણે છે, માટે સ્વચ્છંદ પ્રવૃત્તિ નથી કરતાં, વ્રતાદિ શુભોપયોગરૂપ પ્રવૃત્તિ કરવાથી અંતિમ ગ્રૈવેયેક સુધી પણ ચાલ્યા જાય છે. નિશ્ચયાભાસની પ્રબળતાથી અશુભ પ્રવૃત્તિ કરીને કુગતિમાં પણ જઈ શકે છે. પરિણામો પ્રમાણે ફળ પ્રાપ્ત કરે છે, પરંતુ સંસારમાં જ ભ્રમણ કરતાં રહે છે, સાચો મોક્ષમાર્ગ પ્રાપ્ત નથી કરતાં.

## સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ

નિશ્ચયાભાસી, વ્યવહારાભાસી અને ઉભયાભાસીની મીમાંસા કર્યા પછી પંડિતજીએ સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદ્રષ્ટિનું વર્ણન કર્યું

છે. જો કે તેઓએ જૈનાભાસી મિથ્યાદ્રષ્ટિઓના અંતર્ગત જ સમ્યક્ત્વ-સન્મુખતાનું પણ વર્ણન કર્યું છે, છતાં પણ સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદ્રષ્ટિ અને નિશ્ચયાભાસી આદિ ત્રણેય જૈનાભાસીઓમાં ઘણો જ ફરક છે.

*ઉક્ત ત્રણે જૈનાભાસી નય-વિવક્ષાને ન જાણીને, શાસ્ત્રોનો વિપરીત અભિપ્રાય ગ્રહણ કરીને મિથ્યાત્વને દ્દઢ કરે છે અર્થાત્ તેઓ વિપરીત શાસ્ત્રાભ્યાસી છે, જ્યારે સમ્યક્ત્વ-સન્મુખ જીવ તો દેશના સાંભળીને, આત્મહિતની ભાવના જાગૃત કરીને તત્ત્વ-નિર્ણય માટે પ્રયત્નશીલ થાય છે. તેનો યથાર્થ તત્ત્વનિર્ણય, તેને ઉપરોક્ત ત્રણેય જૈનાભાસોથી બચાવતા થકાં પ્રાયોગ્યલબ્ધિમાં પહોંચાડી દે છે અર્થાત્ તેના દર્શનમોહની સાથે જ સમસ્ત કર્મોની સ્થિતિ-અનુભાગ ઘટવા લાગે છે, પરંતુ જો તે જિનવાણીનો યથાર્થ અભિપ્રાય ગ્રહણ ન કરીને વિપરીત અભિપ્રાય ગ્રહણ કરી લે તો ઉપરોક્ત ત્રણેય જૈનાભાસોમાંથી કોઈ એક જૈનાભાસમાં ભટકીને, સમ્યક્ત્વ-સન્મુખતાની બદલે પૂર્વવત્ વિપરીત માન્યતા પુષ્ટ કરીને મિથ્યાત્વ દ્દઢ કરવા લાગશે.*

**પ્રશ્ન** : શું જ્યાં સુધી સમ્યક્ત્વ ન થાય, ત્યાં સુધી કોઈને કોઈ આભાસનું રહેવું અનિવાર્ય છે?

**ઉત્તર** : ઉપરોક્ત ત્રણ પ્રકારના જૈનાભાસ તો તે જીવોની મુખ્યતાથી કહેવામાં આવ્યા છે, જે જીવ જૈનકુળમાં જન્મ્યા છે અને જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, પરંતુ જિનાગમનો સાચો અભિપ્રાય નથી સમજી શક્યા, માટે જૈનાભાસી જ કહેવામાં આવે છે, તેથી વિપરીત દ્રષ્ટિપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરવાવાળાને પણ ઉપરોક્ત આભાસ હોય છે.

જૈનેતર મતમાં જન્મેલા જીવોની વિપરીત માન્યતાનો ઉલ્લેખ મોક્ષમાર્ગ પ્રકાશકના પાંચમા અને છઠ્ઠા અધિકારમાં કરેલો છે અને

એકેંદ્રિય આદિ બધાં મિથ્યાદ્રષ્ટિઓમાં જોવામાં આવતા અગૃહિત મિથ્યાત્વનું વર્ણન, ત્યાં જ ચોથા અધિકારમાં કરવામાં આવેલું છે. જો કે અગૃહિત મિથ્યાત્વરૂપ પરિણતિ, એકેંદ્રિય થી પંચેંદ્રિય સુધી ચારેય ગતિના જીવોને કરણલબ્ધિના અંતિમ સમય સુધી જોવામાં આવે છે, છતાં પણ સમ્યક્ત્વ-સન્મુખ જીવનું મિથ્યાત્વ ઓગળવા (નાશ થવા) લાગે છે અર્થાત્ તેના મિથ્યાત્વની અનુભાગ શક્તિ ક્ષીણ થવા લાગે છે.

**પ્રશ્ન** : શું જૈન કુળમાં જન્મેલા વ્યક્તિને જ સમ્યક્ત્વ થઇ શકે છે?

**ઉત્તર** : જો એવો નિયમ હોત તો શેષ ત્રણ ગતિઓમાં સમ્યક્ત્વની ઉત્પત્તિ સંભવ જ ન થાત, કારણ કે જૈન-અજૈનનો ભેદ તો મુખ્યપણે મનુષ્ય ગતિ તથા પંચમ કાળમાં જ છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે કોઈપણ સંજ્ઞી પંચેંદ્રિય જીવ, જ્ઞાની ગુરૂના ઉપદેશના નિમિત્તથી તત્ત્વ-નિર્ણય કરીને, યથાર્થ તત્ત્વ-પ્રતીતિરૂપ સમ્યક્ત્વ-રત્નને મેળવી શકે છે. યમપાલ ચાંડાલ જેવા નિમ્ન કુળોત્પન્ન (હલ્કા કુળના)વ્યક્તિને પણ સમ્યક્ત્વ પ્રાપ્તિનો તથા ઈંદ્રભૂતિ ગૌતમ જેવા ઉચ્ચકુળોત્પન્ન, તીવ્ર ગૃહિત-મિથ્યાદ્રષ્ટિ જીવને પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ તથા ગણધરપદ તેમ જ કૈવલ્ય પ્રાપ્તિનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે. ભગવાન મહાવીર તથા પાર્શ્વનાથના જીવે સિંહ તથા હાથીના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હતું. નરકમાં પણ અનેક જીવો દ્વારા સમ્યક્ત્વ પ્રાપ્તિ કરવાનો ઉલ્લેખ જિનાગમમાં જોવા મળે છે.

ઉપરોક્ત ઉદાહરણોથી એ સ્પષ્ટ છે કે સમ્યક્ત્વોત્પત્તિની પાત્રતા ચારેય ગતિઓમાં ઉત્પન્ન સંજ્ઞી-પંચેંદ્રિય જીવોમાં હોય છે, પરંતુ સમ્યક્ત્વોત્પત્તિના પૂર્વે વીતરાગી દેવ-ગુરૂ-શાસ્ત્રના શ્રદ્ધાન અને જિનેન્દ્રકથિત તત્ત્વાર્થશ્રદ્ધાનની સાથે સામાન્ય સદાચાર હોય જ છે. સમ્યક્ત્વોત્પત્તિની પછી પણ યથાસંભવ જૈનાચારનું પાલન સહજ

જ હોય છે ભલે તે કોઈપણ કુળમાં ઉત્પન્ન કેમ ન હોય?

**પ્રશ્ન** : ઉપરોક્ત વિવેચનથી તો એવું લાગે છે કે આપ અન્ય મતાનુયાયીઓને પણ સમ્યક્દર્શન થવાનું માનો છો?

**ઉત્તર** : અરે ભાઈ! જ્યારે પ્રત્યેક સંજ્ઞી-પંચેન્દ્રિય જીવ, સમ્યક્ત્વ પ્રગટ કરી શકે છે, તો અન્ય મતાનુયાયી શા માટે ન કરી શકે? તે પણ તો આત્મા છે અને તેઓમાં પણ શ્રદ્ધાગુણ છે તથા સંજ્ઞી-પંચેન્દ્રિય હોવાથી તેઓમાં સમ્યક્દર્શન પ્રગટ કરવાની સામાન્ય યોગ્યતા પણ પ્રગટ થઈ ગઈ છે.

*ધ્યાન રહે, આ કથનથી એમ ન સમજવું જોઈએ કે તેઓ પોતાની વર્તમાન માન્યતાને સુરક્ષિત રાખીને સમ્યક્દ્રષ્ટિ થઈ જશે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ અને સાત તત્ત્વોના શ્રદ્ધાનનો નિયમ તો બધાંને માટે એક જ છે.*

*લોકવ્યવહારમાં પણ શિક્ષણ, સ્વાસ્થ્ય, આજીવિકા આદિની જરૂરીયાતો અને વ્યવસ્થાઓ બધાંને માટે એક જેવી હોય છે, તેમાં જાતિ, કુળ, લિંગ, ધર્માદિનો કોઈ ભેદ નથી હોતો. કેન્સર આદિ બિમારીઓ પણ શરીરની યોગ્યતાનુસાર જાતિ,ધર્મ આદિનો ભેદ કર્યા વિના બધાંની એક જેવી જ હોય છે તથા પ્રત્યેકને તેનો ઈલાજ કરાવવાનો અધિકાર હોય છે, પરંતુ કેન્સરનો ઈલાજ તો કેન્સરની હૉસ્પિટલમાં કેન્સરના વિશેષજ્ઞો દ્વારા જ થશે. કોઈપણ હૉસ્પિટલમાં કોઈપણ ડૉક્ટરથી ઈલાજ કરાવવો કઈ રીતે શક્ય છે? આ જ વ્યવસ્થા શિક્ષણ, આજીવિકા, આવાગમન, જીવનમાં પ્રગતી-પ્રતિષ્ઠા આદિ બધાં પ્રસંગોમાં યથાસંભવ સમજી લેવી જોઈએ. આ અપેક્ષાથી વિચાર કરીએ તો સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે જૈન ધર્મોમાં બાહ્ય જાતિભેદ, લિંગભેદ ને જરાપણ મહત્વ આપવામાં આવ્યું નથી.*

**પ્રશ્ન** : સમ્યક્ત્વ-સન્મુખતાનો પ્રારંભ ક્યારથી થાય છે?

**ઉત્તર** : કોઈપણ સંજ્ઞી-પંચેંદ્રિય જીવને સાચા દેવ-ગુરૂ-

શાસ્ત્રાદિના નિમિત્તથી સાચા ઉપદેશનો લાભ મળે, તેને સાંભળીને તથા ગંભીરતાથી વિચાર કરવાથી તેનો મોહ મંદ થાય તો તેને આત્મહિત કરવાની ઉંડી ભાવના ઉત્પન્ન થાય છે. ત્યારે તેના મનમાં થવાવાળા વિચારોનું ચિત્રણ પંડિત ટોડરમલજીએ આ પ્રમાણે કર્યું છે -

**"અહો! મને તો આ વાતોની ખબર જ નહોતી, હું ભ્રમથી ભૂલીને પ્રાપ્ત પર્યાયમાં તન્મય થયો, પરંતુ આ પર્યાયની તો થોડા જ સમયની સ્થિતિ છે તથા અહીં મને સર્વ નિમિત્ત મળ્યા છે, માટે મારે આ વાતોને બરાબર સમજવી જોઈએ, કારણ કે આમાં તો મારૂં જ પ્રયોજન ભાસિત થાય છે-આવો વિચાર કરી જે ઉપદેશ સાંભળ્યો, તેનો નિર્ધાર કરવાનો ઉદ્યમ કર્યો."**[1]

*આ રીતે આત્મહિતના પ્રયોજનથી ઉપદેશમાં સાંભળેલી પ્રયોજનભૂત વાતોનો નિર્ણય કરવા માટે પ્રયત્નશીલ થવું - એ જ સમ્યક્ત્વ-સન્મુખતાનું પ્રથમ પગલું છે.*

તત્ત્વનિર્ણયની પ્રક્રિયામાં તે જીવ, પ્રયોજનભૂત તત્ત્વોની પરીક્ષામાં ત્યાં સુધી પ્રયત્નશીલ રહે છે, જ્યાં સુધી કે જેવો ઉપદેશ સાંભળ્યો છે, તેવો જ નિર્ણય થઈને અંતરંગમાં ભાવ-ભાસન ન થઈ જાય.

તત્ત્વ-નિર્ણયની પ્રક્રિયામાં અંતરંગ પરિણતિનો ઉલ્લેખ કરતાં થકાં પંડિત ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૬૦ ઉપર લખે છે -

**આ રીતે એને જાણવાને માટે ક્યારેક પોતે જ વિચાર કરે છે, ક્યારેક શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે, ક્યારેક સાંભળે છે, ક્યારેક અભ્યાસ કરે છે, ક્યારેક પ્રશ્નોત્તર કરે છે - ઈત્યાદિ રૂપ પ્રવર્તે છે. પોતાનું કાર્ય**

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું-૨૫૭

**કરવાનો તેને ખૂબ હર્ષ હોય છે, માટે અંતરંગ પ્રીતિથી તેનું સાધન કરે છે. આ રીતે સાધન કરતાં થકાં જ્યાં સુધી (૧) સાચું તત્ત્વશ્રદ્ધાન ન થાય, (૨) 'આ આ જ રીતે છે' - એવી પ્રતીતિ સહિત જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ પોતાને ભાસિત ન થાય, (૩) જેવી પર્યાયમાં અહમ્‌બુદ્ધિ છે, તેવી કેવળ આત્મામાં અહમ્‌બુદ્ધિ ન આવે, (૪) હિત-અહિતરૂપ પોતાના ભાવોને ન ઓળખે, ત્યાં સુધી સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદ્રષ્ટિ છે. આ જીવ, થોડા જ સમયમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે, આ જ ભવમાં અથવા અન્ય પર્યાયમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે.**

ઉપરોક્ત વિવેચનમાં, ઉપદેશમાં સાંભળવામાં આવેલી **વસ્તુ-સ્વરૂપની અપૂર્વતા અને આત્મહિતની ભાવનામાં અત્યંત હર્ષ થવો -** આ બે બિન્દુ સમ્યક્ત્વ-સન્મુખતાના વિશેષ લક્ષણ કહી શકાય છે.

સમ્યક્ત્વના પુરૂષાર્થમાં તત્ત્વ-વિચારની અનિવાર્યતાનું પ્રતિપાદન કરતાં થકાં પંડિતજી પૂર્વોક્ત સ્થળ પર લખે છે -

**જુઓ, તત્ત્વવિચારની મહિમા! તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચર્યાદિ કરે, તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વવિચારવાળા આના સિવાય પણ સમ્યક્ત્વના અધિકારી થાય છે.**

તત્ત્વનિર્ણય પછી આ જીવ કરણલબ્ધિને યોગ્ય પરિણામ કરતો થકો, સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લે છે તથા કરણલબ્ધિવાળો જીવ, નિયમથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે જ છે. તેથી કરણલબ્ધિની દશા જ સાચી સમ્યક્ત્વ-સન્મુખતા છે. માટે પંડિત ટોડરમલજીએ તત્ત્વ-નિર્ણયની પ્રક્રિયા પછી પાંચ લબ્ધિઓનું વર્ણન કર્યું છે, જે મૂળ ગ્રંથથી વાંચવા યોગ્ય છે.

**પ્રશ્ન :** સમ્યક્દર્શન સહજસાધ્ય છે કે યત્નસાધ્ય ?

**ઉત્તર :** જન્મજાત જ્ઞાનાવર્ણાદિકનો ક્ષયોપશમ તો આપણા પ્રયત્નો વિના જ થાય છે, તેથી તે સહજ છે. ક્યારેક-ક્યારેક

વિશુદ્ધિ, એકાગ્રતા, રૂચિ આદિ બાહ્ય પ્રયત્નો દ્વારા પણ ક્ષયોપશમ વધતો જણાય છે, તેથી કથંચિત્ પ્રયત્નસાધ્ય પણ કહી શકાય છે. સાચા ગુરૂની દેશનાનો યોગ સહજ જ થઈ જાય છે અને આત્મ-હિતની રૂચિ થવાથી બુદ્ધિપૂર્વક પણ બનાવવામાં આવે છે. દેશનાનું નિમિત્ત મળવાથી બુદ્ધિપૂર્વક વિચાર કરીને આત્મહિતની રૂચિ જાગૃત કરવી, ઘણું કરીને પ્રયત્નપૂર્વક જ થાય છે. ક્યારેક-ક્યારેક કોઈ બાહ્ય-વૈરાગ્ય આદિનો પ્રસંગ થવાથી સહજ જ આત્મ-કલ્યાણના ભાવ જાગૃત થાય છે, તો જીવ સત્સમાગમ અને તત્ત્વાભ્યાસમાં પ્રયત્નશીલ થાય છે.

આ રીતે ક્ષયોપશમ, વિશુદ્ધિ અને દેશનાલબ્ધિ પ્રયત્નપૂર્વક પણ થાય છે અને સહજ પણ થાય છે.

દેશના પ્રાપ્ત થવાથી તત્ત્વનિર્ણયની પ્રક્રિયા તો વિશેષ પ્રયત્ન-પૂર્વક સંપન્ન થાય છે, પરંતુ તે પ્રયત્ન પણ આત્મ-કલ્યાણની પ્રેરણાથી સહજ થાય છે. તત્ત્વ-નિર્ણયમાં જ્ઞાની ગુરૂ અથવા સાધર્મી માર્ગદર્શક તો હોય છે, પરંતુ સત્ય સમજવાનો પુરૂષાર્થ, જીવ સ્વયં જ કરે છે.

*પોતાના જ્ઞાનમાં તત્ત્વનું સ્વરૂપ ક્યારે અને કઈ રીતે ભાસિત થશે-તેમાં કોઈ બાહ્ય-નિમિત્ત હસ્તક્ષેપ નથી કરી શકતા. તત્ત્વ-નિર્ણયમાં જીવની તત્સમયની યોગ્યતા જ સમર્થ ઉપાદાન કારણ છે અને તે યોગ્યતા, પોતાના સ્વકાળમાં સહજ પ્રગટ થાય છે.*

*તત્ત્વ-નિર્ણયની પ્રક્રિયામાં, ક્ષયોપશમ જ્ઞાનમાં વસ્તુ-સ્વરૂપનો નિર્ણય થવાની સાથે-સાથે સ્વરૂપની મહિમા અર્થાત્ રૂચિ પણ વૃદ્ધિગત થાય છે. આ રૂચિ અર્થાત્ સ્વભાવનો રસ જ દર્શનમોહના અનુભાગમાં મંદતાનું નિમિત્ત બને છે, જેનાથી જીવ પ્રાયોગ્યલબ્ધિમાં આવે છે. માત્ર બહિર્લક્ષી (બહિર્મુખ) શાસ્ત્રજ્ઞાન, મોહની મંદતામાં નિમિત્ત નથી થતું.*

*પ્રાયોગ્યલબ્ધિ અર્થાત્ મિથ્યાત્વની વિશેષ મંદતા હોવાથી સ્વાનુભૂતિ માટે તત્ત્વ-વિચાર આદિ માનસિક પ્રયત્ન પણ સહજ થાય છે અને જીવ કરણલબ્ધિમાં આવી સમ્યક્ત્વ પ્રગટ કરી લે છે. કરણલબ્ધિમાં સ્વરૂપ-સન્મુખતાનો અબુદ્ધિ પૂર્વક પ્રયત્ન, સહજ થાય છે.*

*સામાન્યપણે કોઈ પણ કાર્ય માટે આપણી મન-વચન-કાયા સંબંધી ચેષ્ટાઓને પ્રયત્ન/ઉદ્યમ/પુરૂષાર્થ કહેવામાં આવે છે, પરંતુ આ વિકલ્પોથી તો કાર્યની ઉત્પત્તિ નથી થતી. વિકલ્પાનુસાર કાર્ય થાય પણ અને ન પણ થાય. કાર્ય તો તત્સમયની યોગ્યતાથી જ થાય છે, તેથી વ્યવહારથી યત્નસાધ્ય કહેવા છતાં પણ પરમાર્થથી પ્રત્યેક કાર્ય પોતના સ્વકાળમાં તે દ્રવ્યની તત્સમયની યોગ્યતાનુસાર સહજ જ થાય છે. આ યોગ્યતાના નિર્ણયથી અકર્તા સ્વભાવની રૂચિ થવી એ જ સમ્યક્ત્વ-સન્મુખતાનો પુરૂષાર્થ છે.*

આ રીતે સ્વરૂપના અવલંબનથી સહજતા (અકર્તા સ્વભાવ) ની અનુભૂતિ થવાનો સહજ પુરૂષાર્થ કરવો જ શ્રેયસ્કર છે.

**અભ્યાસ-પ્રશ્ન**

1. નયાભાસ કોને કહે છે? તે ક્રિયામાં હોય છે કે અભિપ્રાયમાં?
2. ત્રણે પ્રકારના જૈનાભાસોની વ્યાખ્યા અને તેમાં જોવામાં આવતી મિથ્યા માન્યતાઓને સ્પષ્ટ કરો.
3. મોક્ષમાર્ગ પ્રકાશકના આધાર પર ત્રણે જૈનાભાસોમાં જોવામાં આવતી માન્યતાઓનું ખંડન કરો.

4. સમ્યક્ત્વ-સન્મુખતામાં જૈનાભાસ છે કે નહીં? સ્પષ્ટ કરો.

5. સમ્યક્દર્શન પુરૂષાર્થથી થાય છે કે સહજ? બંને અપેક્ષાઓ સ્પષ્ટ કરો.

6. અન્ય મતાનુયાયીઓને સમ્યક્દર્શન કેવી રીતે થઇ શકે છે?

**કોઈ નર નિશ્ચય સે આત્મા કો શુદ્ધ માન,**
**ભયે હૈં સ્વચ્છંદ ન પિછાનેં નિજ શુદ્ધતા।**

**કોઈ વ્યવહાર દાન શીલ તપ ભાવ હી કૌ,**
**આતમ કૌ હિત જાનિ છોડૈ નહીં મૂઢતા ।।**

**કોઈ વ્યવહારનય નિશ્ચય કે મારગ કૌ,**
**ભિન્ન - ભિન્ન જાની, પહેચાની કરૈ ઉદ્ધતા।।**

**જબ જાને, નિશ્ચય કે ભેદ વ્યવહાર સબ,**
**કારણ કો ઉપચાર માને તબ બુદ્ધતા।।**

**- પંડિત ટોડરમલજી કૃત**
**(પુરૂષાર્થસિદ્ધિયુપાય ની ટીકાનું મંગલાચરણ)**

# 7

## પક્ષાતિક્રાન્ત

**નિશ્ચય-વ્યવહારનયોનું સ્વરૂપ અને વિષય-વસ્તુની ચર્ચા કર્યા પછી પક્ષાતિક્રાન્તની ચર્ચા ક્રમ પ્રાપ્ત છે, કારણ કે નયો દ્વારા વસ્તુ-સ્વરૂપનો સમ્યક્ નિર્ણય કર્યા પછી નય-વિકલ્પોથી પણ પાર નિર્વિકલ્પ આત્માનુભૂતિ પ્રગટ થાય છે. આ જ નિર્વિકલ્પ અનુભૂતિને પક્ષાતિક્રાંત અથવા સમયસાર કહેવામાં આવે છે.**

**નયપક્ષ તથા પક્ષાતિક્રાન્તની ચર્ચા જિનાગમમાં વિભિન્ન સ્થળોમાં અત્યંત ગંભીરતા અને સુક્ષ્મતાથી કરવામાં આવી છે. જો કે આ સંદર્ભમાં આ વિષયની ચર્ચા કરવી ઈષ્ટ (યોગ્ય) છે, છતાં પણ આપણા લૌકિક જીવનમાં પણ પક્ષ અને નિષ્પક્ષ (પક્ષાતિક્રાન્ત) દશાના અનેક પ્રસંગ બને છે, જેના પર વિચાર કરવાથી જિનાગમમાં ઉપલબ્ધ વિષયને સરળતાથી સમજી શકાશે, તેથી અહીં પહેલા કેટલાંક લૌકિક પ્રસંગોના માધ્યમથી આપણા જીવનમાં ઘટિત થવાવાળા પક્ષપાત તથા નિષ્પક્ષતાને સ્પષ્ટ કરવામાં આવી રહ્યા છે. ત્યાર પછી પ્રશ્નોત્તરોના માધ્યમથી આપણે આત્માનુભૂતિના સંદર્ભમાં ઉત્પન્ન થવાવાળા નયપક્ષ અને પક્ષાતિક્રાન્તની ચર્ચા કરીશું.**

***વાસ્તવમાં વસ્તુ-સ્વભાવ અર્થાત્ સત્યનો સ્વીકાર કરવો, પક્ષપાત નથી, પરંતુ વ્યક્તિઓ/સમૂહોના પ્રતિ રાગ-દ્વેષના આધાર પર તેમનું સમર્થન કે નિષેધ કરવો પક્ષપાત છે. અહીં થોડા વર્તમાન પ્રસંગોના સંદર્ભમાં આ વિષયને સ્પષ્ટ કરવામાં આવી રહ્યો છે.***

૧. આધ્યાત્મિક સત્પુરૂષ પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજી સ્વામીએ દિગંબર ધર્મની સત્યતાને જાણીને, ઓળખીને, તેને અંગીકાર કરતા થકાં સ્થાનકવાસી સંપ્રદાય અને તેમાં સ્વીકૃત સાધુવેશનો ત્યાગ કરી દીધો-તો શું એ કહેવું યોગ્ય છે કે તેઓ દિગંબર સંપ્રદાયના પક્ષમાં આવી ગયા કે કુંદકુંદાચાર્યનો પક્ષ કરવા લાગ્યા? નહીં, કારણ કે તેઓને સત્યની ઉપલબ્ધિ જ દિગંબર શાસ્ત્રોના માધ્યમથી થઈ, માટે તેઓએ દ્રઢપણે એ સિંહગર્જના કરી કે દિગંબર ધર્મ જ સત્ય છે.

તેઓ પોતાના શ્રોતાઓથી પણ એ જ અપેક્ષા રાખતા હતા કે તેઓ તેમને સંપ્રદાય પરિવર્તન કરવાવાળાના રૂપમાં ન જુએ, પરંતુ સાચા મુક્તિમાર્ગના પથિકના રૂપમાં જુએ. માટે તેઓ પોતાના પ્રવચનોમાં વારંવાર કહેતા હતા કે **દિગંબર ધર્મ કોઈ વાડો કે સંપ્રદાય નથી, આ તો વીતરાગ-સર્વજ્ઞ-પરમાત્મા દ્વારા સો ઈંદ્રો અને ગણધરોની ઉપસ્થિતિમાં કહેવામાં આવેલું વસ્તુનું સ્વરૂપ છે,** *તેથી તેઓ દિગંબર ધર્મના પ્રબળ પ્રચારક હોવા છતાં પણ પક્ષાતિક્રાન્ત જ છે અને આપણે જો દિગંબર ધર્મનો મર્મ ન સમજીને, માત્ર કુળ-પરંપરાથી દિગંબર ધર્મને સાચો માનીએ છીએ, તો આપણે જરૂર પક્ષપાતી જ છીએ.*

દિગંબર સમાજના સેંકડો વિદ્વાનો અને લાખો સાધર્મીઓ પૂ. ગુરૂદેવશ્રી દ્વારા દિગંબર ધર્મનો મર્મ સમજ્યા અને તેની શ્રદ્ધા કરવા લાગ્યા, પરંતુ આ સત્યને ન સમજવાવાળા લોકો કહેવા લાગ્યા કે આ લોકો કાનજી મત/સોનગઢ પંથના સમર્થક થઈ ગયા, પરંતુ આ તેઓની દ્વેષપૂર્ણ ભ્રાંતિ જ છે, કારણ કે પૂજ્ય ગુરૂદેવશ્રી કહે છે કે આ અમારા ઘરની વાત નથી, આ તો તીર્થંકર પરમાત્મા દ્વારા કહેલું તથા દિગંબર સંતો દ્વારા શાસ્ત્રોમાં ગૂંથાયેલું પરમ સત્ય છે. તેથી પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા કરવામાં આવેલ દિગંબર ધર્મના રહસ્યોદ્‌ઘાટનને કાનજી મત/સોનગઢ પંથની સંજ્ઞા આપવી ઈતિહાસને

વિકૃત કરવાનો વિફળ પ્રયાસ અને દ્વેષપૂર્ણ પક્ષપાત છે.

૨. એક અદાલતમાં હત્યાના આરોપીને જજ ની સામે પ્રસ્તુત કરવામાં આવ્યો. તેનો વકીલ તેને નિરપરાધી સિદ્ધ કરવા માટે અને સરકારી વકીલ તેને અપરાધી સિદ્ધ કરવા માટે રકઝક (વકીલાત) કરે છે. અહીંયા પક્ષપાત અને પક્ષાતિક્રાંતના સંદર્ભમાં નીચે મુજબની પરિસ્થિતિઓ બને છે -

અ. તે આરોપી, અપરાધી છે કે નિરપરાધી, તેનાથી કોઈ વકીલને કાંઈ પ્રયોજન નથી. તેઓ તો માત્ર પૈસા માટે તેના પક્ષ અથવા વિપક્ષમાં રકઝક કરી રહ્યા છે તો તેઓ પૈસાના પક્ષપાતી છે અને સત્યથી નિરપેક્ષ છે.

બ.પરંતુ જો આરોપીનો વકીલ, તેને સારી રીતે જાણતો હોય કે વાસ્તવમાં તેણે હત્યા નથી કરી અને તે તેને ન્યાય અપાવવા માટે તેના પક્ષમાં લડે છે તો તે ફી લેવા છતાં પણ પક્ષપાતી ન થઈને નિષ્પક્ષ જ છે.

ક. જો તે આરોપી વાસ્તવમાં હત્યારો (ખૂની) છે અને સરકારી વકીલ તે જાણે છે, માટે તે કાનૂનની રક્ષા માટે તેને સજા અપાવવા માટે લડે છે તો તે પણ પોતાનો પગાર લેતો હોવા છતાં પણ નિષ્પક્ષ જ છે, પક્ષપાતી નથી.

ડ. જો જજ સાહેબ સામ-દામ-દંડ-ભેદથી પ્રભાવિત થઈને સાક્ષીઓ અને દસ્તાવેજોની ઉપેક્ષા કરીને નિર્ણય આપે છે તો ભલે તે નિર્ણય સાચો હોય, પરંતુ તે પક્ષપાતી થશે, નિષ્પક્ષ નહીં, પરંતુ જો તેઓ સાક્ષીઓ અને દસ્તાવેજોના આધાર પર પોતાના વિવેક તથા નિયમાનુસાર તેને અપરાધી/નિરપરાધી ઘોષિત કરે છે તો તેઓ નિષ્પક્ષ જ છે.

આ જ રીતે સાક્ષીઓની નિષ્પક્ષતા કે પક્ષપાતના સંદર્ભમાં પણ નિર્ણય કરી લેવો જોઈએ.

૩. પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા પ્રતિપાદિત તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થવાથી પણ કેટલાંક લોકો, પોતાને નિષ્પક્ષ ઘોષિત કરવાના ચક્કરમાં, પોતાને બંને પક્ષોના સમર્થક કહે છે. જરા વિચાર કરો કે સત્ય અને અસત્ય અથવા સોનું અને પિત્તળ બંનેને એક જેવું જાણવું, નિષ્પક્ષતા કેવી રીતે હોઈ શકે? જે જેવું છે, એને એવું જાણીને રાગ-દ્વેષ ન કરવો એ જ સાચી નિષ્પક્ષતા છે. ખરેખર તો રાગ-દ્વેષ જ પક્ષપાત છે અને વીતરાગતા જ નિષ્પક્ષતા છે. જ્ઞાનમાં સ્વ-પર, હિતકારી-અહિતકારી, દ્રવ્ય-પર્યાય આદિને યથાર્થ જાણવા-એ જ્ઞાનની વીતરાગતા છે/નિષ્પક્ષતા છે.

ઘણાં લોકોના તથાકથિત નિષ્પક્ષતાનું આ જ ચિંતન આજે વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરૂ અને સરાગી દેવ-શાસ્ત્ર-ગુરૂના વિષયમાં છે. તેઓ કહે છે કે કોઈને સારો-ખરાબ માનવામાં પક્ષપાત છે. અમે તો નિષ્પક્ષ છીએ, માટે અમે બધાં દેવો/ધર્મોને સમાન માનીએ છીએ, પરંતુ તેમની આ નિષ્પક્ષતા ભ્રાંતિ જ છે. તેઓ નથી જાણતા કે બધાંને વોટ આપવાના ચક્કરમાં તેમનો વોટ જ વ્યર્થ થઈ જશે. *વીતરાગીને મોક્ષમાર્ગમાં નિમિત્ત જાણવું અને સરાગીને મોક્ષમાર્ગમાં નિમિત્ત ન માનવું-પક્ષપાત નહીં, પરંતુ સત્યનો પક્ષ હોવાથી નિષ્પક્ષતા છે. આમાં જ પ્રયોજનની સિદ્ધિ છે.*

જ્ઞાનીજન, વીતરાગી દેવ-ગુરૂને પણ પોતાના હિતમાં નિમિત્ત-માત્ર જાણે છે, તેઓને હિતના કર્તા નથી માનતા, તેથી તેમને નીચલી ભૂમિકામાં તેમનાં પ્રતિ ભક્તિનો રાગ આવે છે, પરંતુ સરાગી દેવાદિ પ્રતિ તેમને દ્વેષ નથી થતો, મધ્યસ્થ ભાવ રહે છે. માટે સાચા દેવ-ગુરૂ પ્રતિ ભક્તિ તથા સરાગી દેવાદિકના સમાગમથી દૂર રહેવા છતાં પણ તેઓ નિષ્પક્ષ છે, પરંતુ જેઓ કુળાદિકના આગ્રહથી જો સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ પ્રતિ પણ ભક્તિ-ભાવ રાખે છે, તો તેઓ પણ પક્ષપાતી જ છે.

વીતરાગી મુનિરાજ, શત્રુ-મિત્ર, મહેલ-સ્મશાન, કંચન-કાંચ, નિંદક-પ્રશંસક આદિ બધાંના પ્રતિ સમભાવ રાખે છે. એનો અર્થ એ નથી કે તેઓ બધાંને એક જેવા માને છે. સમભાવનો અર્થ બધાંને એક જેવા માનવાનો નથી, પરંતુ જે જેવા છે, તેઓને તેવા જાણીને, રાગ-દ્વેષ ન કરવો, સ્વરૂપમાં સમાઈ જવું-એ જ સમભાવ છે.

૪. ભારતીય રાજનૈતિક જગતમાં આજે **ધર્મનિરપેક્ષતા અને સાંપ્રદાયિકતા**-આ બે શબ્દોનો પ્રયોગ ઘણો જ થાય છે. જો કોઈ હિંદુ નેતા મુસલમાનોના પક્ષની વાત કરે છે તો તેને ધર્મનિરપેક્ષ કહેવામાં આવે છે અને હિંદુ હિતોની વાત કરે છે તો તેને સાંપ્રદાયિક કહેવામાં આવે છે.

વસ્તુ-સ્થિતિ એ છે કે ભારતમાં વૈધાનિકરૂપથી રહેવાવાળા બધી જાતિઓ તથા વર્ગોના લોકો, ભારતના નાગરિક છે, તેથી બધાંને શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર આદિની સુવિધાઓ સમાનરૂપ થી મળવી જ જોઈએ. ભાષા કે જાતિ આદિના આધાર પર વિકાસની નીતિઓ બનાવવી પક્ષપાત થશે અને આવશ્યકતાનુસાર જાતિ આદિથી નિરપેક્ષ રહીને વિકાસનો પ્રયાસ કરવો, નિષ્પક્ષતા કહેવામાં આવશે.

જો કોઈ રાષ્ટ્રદ્રોહી અથવા આતંકવાદી છે તો તેને ન્યાય-વ્યવસ્થા અનુસાર ન્યાયાલયથી સજા અપાવવી શાસનનું કર્તવ્ય છે. જો નિયમાનુસાર, માનવીયતાના આધાર પર શાસક તેને ક્ષમા કરીને, ફાંસીની સજા માફ કરી દે તો પણ નિષ્પક્ષતા થશે, પરંતુ જો રાજનૈતિક સ્વાર્થવશ તેને ક્ષમા કરવામાં આવશે અથવા તેને માટે ઘોષિત સજાને ટાળવામાં આવશે તો તે પક્ષપાત થશે.

૫. રાજનૈતિક જીવનમાં નેતા, ભલે પક્ષપાતથી ગ્રસ્ત હોય, પરંતુ વ્યક્તિગત વ્યવસાયમાં બધાં નિષ્પક્ષ વર્તન કરે છે. કોઈપણ

દુકાનદાર માલ વેચતા સમયે અથવા ડૉક્ટર ઈલાજ કરતા સમયે, ઘરાક કે દરદીની જાતિ, આર્થિક સ્થિતિથી પ્રભાવિત થયા વિના તેને માલ વેચે છે અથવા ઈલાજ કરે છે. ઈમાનદાર કર્મચારી અને અધિકારી પણ લોકોની ગરીબી-અમીરી અથવા જાતિ આદિને જોયા વિના યોગ્યતા/પાત્રતાના આધાર પર તેમનાથી વ્યવહાર કરે છે તો આ તેમનું નિષ્પક્ષ વર્તન કહેવાય છે.

૬. આ જ રીતે વસ્તુને તેના સ્વભાવથી જ જોવાથી અર્થાત્ તેમાં પર્યાયગત સંયોગ આદિ છે કે નહીં, કર્મોપાધિ છે કે નહીં, રાગ છે કે નહીં-ઈત્યાદિ વિધિ-નિષેધના વિકલ્પ ન કરવાથી જ વસ્તુની નિર્વિકલ્પ અનુભૂતિ સંભવ છે. એક કાલ્પનિક ઘટનાના આધાર પર વિધિ-નિષેધના વિકલ્પોથી ઉત્પન્ન આપત્તિને સમજી શકાય છે -

એક વાર એક સજ્જન પોતાના મિત્રો સાથે કોઈ પાર્ટીમાં ગયા. સંજોગવસાત્ તેમનો સૂટ લોન્ડ્રિથી ધોવાઈને આવ્યો નહીં તો તેઓને તેના મિત્રે ઘણાં આગ્રહપૂર્વક પોતાનો સૂટ પહેરાવ્યો. પાર્ટીમાં તે મિત્ર, પોતાના કોઈ અન્ય મિત્રથી તે સજ્જનનો પરિચય કરાવતા થકાં અન્ય વાતોની સાથે સાથે એ પણ બોલી પડ્યા કે બસ! **તેઓએ જે સૂટ પહેર્યો છે, તે મારો છે.** આ સાંભળી તે સજ્જનને ઘણું ખરાબ લાગ્યું. તેઓએ પોતાના મિત્રને ટોકીને કહ્યું કે આ કહેવાની શું જરૂર હતી? મિત્રએ ક્ષમા માંગતા થકા વાયદો કર્યો કે હવે આવી ભૂલ બીજી વાર નહીં થાય.

બીજી વાર ફરી કોઈને પરિચય આપતા તેઓએ કહ્યું કે **આમણે જે સૂટ પહેર્યો છે, તે તેમનો છે.** આ વખતે તે સજ્જનને ઘણું વધારે ખરાબ લાગ્યું અને તે નારાજ થઈને બોલ્યા - શા માટે મારી ઈજ્જત ઉતારવા ઈચ્છો છો, શું આ કહેવું પણ જરૂરી હતું? આ વખતે પણ

ફરી તે મિત્રએ ક્ષમા માગી અને કહ્યું કે હવે આવી ભૂલ નહીં થાય.

ત્રીજી વાર ફરી પરિચય દેવાનો પ્રસંગ થયો અને તેઓ આ કહ્યા વિના ન રહી શક્યા કે, **આ સૂટ કોનો છે-એના વિષે હું કાંઈ જ નહીં કહું.** પેલા સજ્જન ફરી ઘણા નારાજ થયા અને કહ્યું કે તમે સૂટના વિષયમાં વિચારો જ નહીં – એવું ન થઈ શકે શું? આ પ્રસંગમાં સૂટના વિષયમાં કોઈ વિકલ્પ ન હોવો, એ જ પક્ષાતિક્રાંતની સ્થિતિ છે.

*આ જ રીતે આત્મામાં કર્મ નથી, રાગ નથી કે આ સંબંધમાં કોઈ વિકલ્પ ન કરવો-આવા વિકલ્પ પણ નિર્વિકલ્પ અનુભૂતિમાં બાધક જ છે, તેથી ચૈતન્ય રસનું વેદન જ પક્ષાતિક્રાંત દશા છે અને એ જ મોક્ષમાર્ગ છે.*

૭. વસ્તુની વિકલ્પાત્મક મહિમા પણ નયપક્ષ જ છે, કારણ કે તેમાં પણ રાગાત્મક વિકલ્પ છે, વસ્તુનો રસાસ્વાદ નથી.

એક ગૃહિણી સાડી ખરીદતી વખતે ૨૦-૨૫ સાડીઓમાંથી એક સાડી પસંદ કરે છે અર્થાત્ જે સાડી નથી લેવી, તેની ઓછપ જોઈને તેને ન લેવાનો નિર્ણય કરીને સામેથી હટાવી દે છે. જાણે તેણીએ વ્યવહારનો પક્ષ છોડી દીધો અને જેને ખરીદવી છે, તેની ખૂબીઓનો સારી રીતે વિચાર કરીને તેને ખરીદી લે છે. જાણે તે શુદ્ધનયના પક્ષમાં આવી ગઈ, પરંતુ જ્યારે તે સાડી પહેરે છે, ત્યારે તે ખૂબીઓનો અર્થાત્ તેની કિંમત, રંગ, ડિઝાઈન આદિનો વિકલ્પ ન કરીને માત્ર પહેરવાનો આનંદ લે છે, બસ તે જ તેની પક્ષાતિક્રાંત અનુભૂતિ છે.

આ રીતે ઉપરોક્ત લૌકિક પ્રસંગોના માધ્યમથી પક્ષ તથા પક્ષાતિક્રાંતની દશાનું સ્વરૂપ સારી રીતે સમજી શકાય છે.

● ઉપરોક્ત વિવેચન દ્વારા પક્ષાતિક્રાંતનું સ્વરૂપ વિભિન્ન ઉદાહરણો

દ્વારા સમજવા છતાં પણ આત્માનુભૂતિના સંબંધમાં જિનાગમમાં ઉપલબ્ધ પ્રમાણોના સંદર્ભમાં આ વિષયની મીમાંસા જરૂરી છે, તેથી આ ગંભીર તથા ગહન વિષયને થોડા પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્પષ્ટ કરવામાં આવી રહ્યો છે -

**પ્રશ્ન ૧ :** નયપક્ષ તથા પક્ષાતિક્રાંતનો શું ઉદ્દેશ છે?

**ઉત્તર :** નયપક્ષનો ઉદ્દેશ કોઈ નયના વિષય-સંબંધી વિકલ્પોથી છે. આત્મા કર્મોથી બંધાયેલો છે, અશુદ્ધ છે, અનેકરૂપ છે-ઈત્યાદિ પર્યાયગત ભેદોનો વિચાર કરવો, વ્યવહારનયનો પક્ષ છે તથા આત્મા કર્મોથી અબદ્ધ છે, શુદ્ધ છે, એકરૂપ છે - ઈત્યાદિ શુદ્ધનયના વિષય સંબંધી વિકલ્પ, શુદ્ધનય અથવા નિશ્ચયનયનો પક્ષ છે. આત્મા કર્મોથી બંધાયેલો છે કે નથી બંધાયેલો, આ રીતે કર્મોની અપેક્ષાએ વિચાર ન કરીને તેને માત્ર ચૈતન્યસ્વરૂપ જ અનુભવ કરવો, પક્ષાતિક્રાંત દશા છે.

આ સંદર્ભમાં સમયસાર ગાથા ૧૪૨ ની આત્મખ્યાતિ ટીકાનો પંડિત જયચંદજી છાબડા કૃત ભાવાર્થ અવશ્ય ધ્યાન આપવા યોગ્ય છે, જે આ રીતે છે-

**જીવ કર્મોથી બંધાયલો છે તથા નથી બંધાયેલો-આ બંને નય પક્ષ છે. તેમાંથી કોઈએ બંધ પક્ષ ગ્રહણ કર્યો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો, કોઈએ અબંધ પક્ષ લીધો તો તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો અને કોઈએ બંને પક્ષ લીધા તો તેઓએ પણ પક્ષરૂપ વિકલ્પને જ ગ્રહણ કર્યો, પરંતુ આવા વિકલ્પોને છોડીને જે કોઈ પણ પક્ષને ગ્રહણ નથી કરતા, તેઓ જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણીને, તે રૂપ સમયસારને - શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. નયપક્ષને ગ્રહણ કરવો, રાગ છે, માટે સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થઈ જાય છે.**

*સંક્ષેપમાં એમ કહી શકાય કે વસ્તુ-સ્વભાવનો અનુભવ,*

*પક્ષાતિક્રાંત દશા છે તથા સ્વભાવ-સંબંધી વિકલ્પ, શુદ્ધનયનો પક્ષ છે અને સંયોગ, વિકાર કે ભેદ-સંબંધી વિકલ્પ, વ્યવહારનયનો પક્ષ છે.*

**પ્રશ્ન ૨ :** જ્યારે પ્રમાણ તથા નયો વિના વસ્તુનો નિર્ણય નથી થઈ શકતો તો નયપક્ષ છોડવાથી આત્માનુભૂતિ કેવી રીતે થઈ જશે?

**ઉત્તર :** આ પ્રશ્નનો ઉત્તર આચાર્ય અમૃતચંદ્રદેવે સમયસાર કળશ ૬૯ માં આપ્યો છે, તે કળશ આ પ્રકારે છે -

**ય એવ મુક્ત્વા નયપક્ષપાતં, સ્વરૂપગુપ્તા નિવસન્તિ નિત્યમ્,**
**વિકલ્પજાલચ્યુતશાન્તચિત્તાઃ, ત એવ સાક્ષાદમૃતં પિબન્તિ.**

**જે નય-પક્ષપાતને છોડીને, સદાય સ્વરૂપમાં ગુપ્ત થઈને નિવાસ કરે છે અને જેનું ચિત્ત વિકલ્પ-જાળથી રહિત શાંત થઈ ગયું છે, તે જ સાક્ષાત્ અમૃતનું પાન કરે છે.**

આના ભાવાર્થથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે **જ્યાં સુધી કોઈપણ પક્ષપાત (વિકલ્પ) રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ નથી મટતો. જ્યારે નયોના બધાં પક્ષપાત દૂર થઈ જાય છે, ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતિન્દ્રિય સુખનો અનુભવ થાય છે.**

**પ્રશ્ન ૩ :** જ્યારે અનુભૂતિ, પક્ષાતિક્રાંત હોય છે તો નય-વિકલ્પોની શું જરૂર છે?

**ઉત્તર :** નયોનો પ્રયોગ, વિકલ્પાત્મક ભૂમિકામાં તત્ત્વોનો નિર્ણય કરવાને માટે જ થાય છે, આત્મારાધનાના સમયે નહીં. અનુભવના કાળમાં તો નય સંબંધી સર્વ વિકલ્પ વિલયને પ્રાપ્ત થાય છે. દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૨૬૮ માં આ જ આશય નિમ્નલિખિત શબ્દમાં વ્યક્ત કરવામાં આવ્યો છે -

**તચ્ચાણેસણકાલે, સમયં બુજ્ઝેહિ જુત્તિમગ્ગેણ,**
**ણો આરાહણસમયે, પચ્ચક્ખો અણુહવો જહ્મા.**

**તત્ત્વાન્વેષણ-કાળમાં જ આત્મા, યુક્તિમાર્ગથી અર્થાત્ નિશ્ચય-વ્યવહારનયો દ્વારા જાણવામાં આવે છે, પરંતુ આત્માની આરાધનાના સમયે તે વિકલ્પ નથી હોતા, કારણ કે તે સમયે તો આત્મા સ્વયં પ્રત્યક્ષ જ છે.**

જ્યાં સુધી આત્માનો પ્રત્યક્ષ અનુભવ નથી થઈ જતો, ત્યાં સુધી તેના વિભિન્ન પક્ષો (બાજુઓ) ને જાણવાના વિકલ્પ ઉઠવા સ્વાભાવિક જ છે. તે વિકલ્પોનું સમાધાન, પ્રત્યક્ષાનુભૂતિ થવા પર જ થાય છે. શ્રુતભવનદીપક નયચક્ર, પાના નં. ૨૪માં કહ્યું પણ છે -

**એવમાત્મા યાવદ્વ્યવહારનિશ્ચયાભ્યાં તત્ત્વમનુભવતિ તાવત્ પરોક્ષાનુભૂતિઃ। પ્રત્યક્ષાનુભૂતિર્નયપક્ષાતીતા ।।**

**આ રીતે આત્મા જ્યાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે, ત્યાં સુધી પરોક્ષાનુભૂતિ હોય છે, કારણ કે પ્રત્યક્ષાનુભૂતિ નયપક્ષાતીત હોય છે.**

આ સંદર્ભમાં આ જ ગ્રંથમાં પાના નં. ૩૫ ઉપર દેવદત્ત દ્વારા રાજાથી અપૂર્વ અને પરોક્ષ ઘોડાઓની ચર્ચા કરવાનું ઉદાહરણ આપીને સ્પષ્ટ કર્યું છે કે રાજા તે ઘોડાઓના કદ,રંગ આદિ અનેક ધર્મોના વિષયમાં વિકલ્પ ઉપજાવીને પૂછે છે અને જ્યારે તે ઘોડા, રાજાની સામે પ્રત્યક્ષ ઉપસ્થિત થઈ જાય છે, ત્યારે બધું જ પ્રત્યક્ષ સ્પષ્ટ થઈ જવાથી વિકલ્પોનું શમન સહજ થઈ જાય છે.

પરોક્ષ પદાર્થની ચર્ચા થવાથી તેમાં રહેવાવાળા અનંત ધર્મોના વિષયમાં વિકલ્પનું ઉઠવું સ્વાભાવિક છે, તેથી શુદ્ધાત્મતત્ત્વના નિર્ણયના કાળમાં અનેક વિકલ્પ સહજ ઉપજે છે તથા પ્રત્યક્ષ અનુભવ

થતાં તે વિકલ્પોનું શમન થઈ જવું સ્વાભાવિક છે, સહજ સિદ્ધ છે. તેથી પ્રત્યક્ષાનુભૂતિ, નયપક્ષાતીત-વિકલ્પાતીત છે.

**પ્રશ્ન ૪** : જો આત્માનુભૂતિમાં બધાં નયોનો પક્ષ છૂટી જાય છે તો નયોને જાણવાની શું આવશ્યકતા છે?

**ઉત્તર** : નયોની ઉપયોગિતાના પ્રકરણમાં આ વાતની ચર્ચા વિસ્તારથી કરવામાં આવી છે, તેથી જિજ્ઞાસુ પાઠકોને વિનંતી છે કે એક વાર ફરી તે પ્રકરણને વાંચી લે. આચાર્ય કુંદકુંદદેવે સમયસારની ૬ઠ્ઠી-૭મી ગાથામાં શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવ્યા પછી તરત જ ૮મી થી ૧૨ મી ગાથા સુધી નિશ્ચય-વ્યવહારમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદકપણું તથા વ્યવહારનયની અભૂતાર્થતા અને શુદ્ધનયની ભૂતાર્થતાનું વર્ણન કર્યું છે. આચાર્ય ઉમાસ્વામીએ પણ **પ્રમાણનયૈરધિગમઃ** સૂત્ર દ્વારા પ્રમાણ-નયોની ઉપયોગિતા બતાવી છે.

*સંક્ષેપમાં આપણે કહી શકીએ કે આત્માનુભૂતિ માટે નયોને જાણવું પણ જરૂરી છે, પરંતુ જો નય-વિકલ્પોમાં ગૂંચવાયેલા રહીને, આત્માનો સાક્ષાત્કાર કરીને નિર્વિકલ્પ અનુભૂતિનો સહજ પુરૂષાર્થ ન કરવામાં આવે તો પણ આત્માનુભૂતિ નહીં થાય, તેથી વિષય-કષાય, ધંધા-વ્યાપાર તથા અન્ય અનર્થદંડરૂપ વિકલ્પ-જાળને ઓછી કરીને જિનાગમનો અભ્યાસ કરવો જોઈએ, જે પ્રમાણ-નયનું સ્વરૂપ જાણ્યા વિના સંભવ નથી. તેને જાણવાનો નિષેધ કરવો જિનાગમની તીવ્ર વિરાધના છે, જેનાથી બચવું પ્રત્યેક આત્માર્થીનું કર્તવ્ય છે.*

**પ્રશ્ન ૫** : સમયસારમાં ભૂતાર્થના આશ્રયથી સમ્યક્દર્શન થવાનું કહ્યું છે. ત્યાં સુધી કે '**નિશ્ચય નયાશ્રિત શ્રમણ હી, પ્રાપ્તિ કરે નિર્વાણ કી તથા તજે શુદ્ધનય બંધ હૈ, ગહે શુદ્ધનય મોખ**' - આવા અનેક કથન ઉપલબ્ધ છે, જે શુદ્ધનયનું અવલંબન કરવાથી આત્માનુભૂતિ થવાના વિધાનનું પ્રતિપાદન કરે છે, તેથી અહીં શુદ્ધનયનો પક્ષ

છોડવાની વાત શા માટે કહેવામાં આવી રહી છે?

**ઉત્તર :** પક્ષાતિક્રાંત થવાની વાત પણ સમયસારમાં જ કહેવામાં આવી છે. આચાર્ય અમૃતચંદ્રદેવ, કર્તા-કર્મ અધિકારમાં **નયપક્ષના સંન્યાસ (ત્યાગ) ની ભાવનાને કોણ નહીં નચાવે?** - એવું કહીને ૬૯ નંબર ના કળશમાં કહે છે કે **વિકલ્પજાળથી રહિત શાંત ચિત્તવાળા સ્વરૂપ ગુપ્ત પુરૂષ સાક્ષાત્ અમૃતનું પાન કરે છે.** ત્યાર પછી તેઓએ કળશ નં. ૭૦ થી ૮૯ સુધી ૨૦ કળશોની રચના કરી છે, જેમાં બંને નયોના પક્ષપાત રહિત, તત્ત્વવેદી પુરૂષો માટે ચૈતન્ય તો બસ ચૈતન્ય જ છે-એમ કહીને નયપક્ષ છોડવાની પ્રેરણા આપી છે. નમુનારૂપે અહીં કળશ નં. ૭૦ આપવામાં આવી રહ્યો છે -

**એકસ્ય બદ્ધો ન તથા પરસ્ય, ચિતિ દ્વયોર્દ્વાવિતિ પક્ષપાતૌ,**

**યસ્તત્ત્વવેદી-ચ્યુતપક્ષપાતસ્તસ્યાસ્તિ નિત્યં ખલુ ચિચ્ચિદેવ.**

**જીવ કર્મોથી બંધાયેલો છે-એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મોથી બંધાયેલો નથી - એવો બીજા નયનો પક્ષ છે. આ રીતે ચિત્તસ્વરૂપ જીવના વિષયમાં બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે, તેને નિરંતર ચિત્તસ્વરૂપ જીવ, ચિત્તસ્વરૂપ જ છે (અર્થાત્ ચિત્તસ્વરૂપ જીવ જેવો છે તેવો, નિરંતર તેના અનુભવમાં આવે છે).**

આના પછી બદ્ધોના સ્થાન પર મૂઢો, રક્તો, દુષ્ટો, કર્તા આદિ અન્ય ધર્મોનો ઉલ્લેખ કરતા થકાં હૂબહૂ તેવાં જ અન્ય ૧૯ કળશ બીજા રચ્યા છે.

વાસ્તવમાં શુદ્ધનયનો પક્ષ છોડવો તથા શુદ્ધનયનો આશ્રય કરવો - આ બંને કથનોમાં કોઈ વિરોધ નથી, કારણ કે બંને જગ્યાએ શુદ્ધનય શબ્દનો અર્થ અલગ-અલગ છે. જ્યારે શુદ્ધનયનો પક્ષ છોડવાની વાત કહેવામાં આવે તો શુદ્ધનય સંબંધી વિકલ્પ છોડવાની

વાત સમજવી જોઈએ, શુદ્ધનયના વિષયની વાત ન સમજવી જોઈએ તથા જ્યારે શુદ્ધનયના આલંબનની વાત કહેવામાં આવે, ત્યારે શુદ્ધનયના વિષયભૂત આત્માની વાત સમજવી જોઈએ, શુદ્ધનયરૂપ પર્યાય અથવા શુદ્ધનય સંબંધી વિકલ્પોની નહીં.

*એ પણ વિશેષ ધ્યાન આપવા યોગ્ય વાત છે કે શુદ્ધનયના વિકલ્પમાત્ર છોડવાની વાત છે, તેનો વિષય નથી છોડાવ્યો. જ્યારે વ્યવહારનયનો વિકલ્પ તો છોડાવ્યો જ છે, તેના વિષયભૂત સંયોગ, વિકાર અને ભેદનું લક્ષ પણ છોડાવ્યું છે. આ જ કારણ છે કે વ્યવહારનયને માત્ર જાણેલો પ્રયોજનવાન કહ્યો છે.*

**પ્રશ્ન ૬ :** તત્ત્વાભ્યાસની પ્રક્રિયામાં જ નય-પક્ષ (વિકલ્પ) હોય છે કે તેના સિવાય પણ નય-પક્ષ હોય છે?

**ઉત્તર :** અનાદિથી આપણે શરીરાદિ પર-પદાર્થોને જ આત્મા માન્યા છે. આ અનાદિ અગૃહિત માન્યતાને વ્યવહારનયનો પક્ષ બતાવતા થકાં પંડિત જયચંદજી છાબડા, સમયસારની ૧૧ મી ગાથાના ભાવાર્થમાં લખે છે -

**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને તેનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણી પરસ્પર કરે છે તથા જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ પણ શુદ્ધનયના હસ્તાવલબંન (સહાયક) જાણીને ઘણો કરેલો છે, પરંતુ તેનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો ક્યારેય આવ્યો નથી અને તેનો ઉપદેશ પણ વિરલ છે, તે ક્યાંક-ક્યાંક જોવામાં આવે છે, માટે ઉપકારી શ્રીગુરૂએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને, તેનો ઉપદેશ પ્રધાનતાથી આપ્યો છે કે શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે, તેનો આશ્રય લેવાથી સમ્યક્દ્રષ્ટિ થઈ શકે છે. આને જાણ્યા વિના જ્યાંસુધી વ્યવહારમાં મગ્ન છે, ત્યાંસુધી આત્માનું જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય-સમ્યક્ત્વ નથી**

**થઈ શકતું-એવો આશય સમજવો જોઈએ.**

*ઉપરોક્ત ગદ્યાંશમાં પંડિતજીએ ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિથી છે-આ વાત સ્વીકાર કરતાં થકાં તેનું ફળ સંસાર જ બતાવ્યું છે. ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે વ્યવહારના પક્ષનું ફળ સંસાર કહ્યું છે, વ્યવહારનયનું ફળ નહીં. વ્યવહારનય તો જ્ઞાનીને જ હોય છે, જ્યારે તેનો પક્ષ અનાદિથી અજ્ઞાનીને છે. અહીં દેહાદિમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વને જ વ્યવહારનો પક્ષ કહ્યો છે.*

અનાદિકાળથી આ જીવને ક્યારેય શુદ્ધનયનો પક્ષ પણ નથી આવ્યો, શુદ્ધનયરૂપ પરિણમન કે તેના આશ્રયની તો વાત જ દૂર રહી. શુદ્ધનયના પક્ષનો આશય શુદ્ધાત્મતત્ત્વની વાત સાંભળી, અપૂર્વતા ભાસિત થવી, પ્રસન્નતા થવી, તેના અનુભવની તરસ (ઝંખના) લાગવી આદિ સમ્યક્ત્વ-પૂર્વે થવાવાળા ભાવોથી છે.

*અહીં એ સ્પષ્ટ સમજવું જોઈએ કે અજ્ઞાની જીવને તત્ત્વનિર્ણયની પ્રક્રિયામાં વ્યવહારનયનો વિષયભૂત આત્મા, આત્માનુભૂતિ માટે પ્રયોજનભૂત નથી, તેથી તે માત્ર જાણવા યોગ્ય છે અને શુદ્ધનયનો વિષયભૂત શાશ્વત-ધ્રુવ-ચૈતન્ય પિંડ શુદ્ધાત્મા જ વાસ્તવિક આત્મા છે, તેથી તેનું જ અવલંબન કરવા યોગ્ય છે, આ શુદ્ધનયનો પક્ષ છે - એવો યથાર્થ નિર્ણય થવાથી જ જીવને આત્માનુભૂતિની પાત્રતા પ્રગટ થાય છે.*

પંડિત જયચંદજી છાબડાએ શુદ્ધનયનું ફળ મોક્ષ બતાવ્યું છે, શુદ્ધનયના પક્ષનું ફળ નહીં. પહેલા વ્યવહારનો પક્ષ છૂટીને, શુદ્ધનયનો પક્ષ પ્રગટ થાય છે, પછી શુદ્ધનયનો પક્ષ પણ છૂટીને, પક્ષાતિક્રાંત અર્થાત્ નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટ થાય છે. આ જ ઉદ્દેશ શ્રુતભવનદીપક નયચક્ર, પાના નં. ૧૩૧-૧૩૨માં નિમ્નલિખિત શબ્દમાં વ્યક્ત કરવામાં આવ્યો છે -

**યથા સમ્યગ્વ્યવહારેણ મિથ્યાવ્યવહારો નિવર્તતે તથા નિશ્ચયનયેન વ્યવહારવિકલ્પોऽપિ નિવર્તતે। યથા નિશ્ચયનયેન વ્યવહારવિકલ્પોऽપિ નિવર્તતે તથા સ્વપર્યવસિતભાવેનૈકત્વ-વિકલ્પોऽપિ નિવર્તતે। એવં હિ જીવસ્ય યોऽસૌ સ્વપર્યવસિતસ્વભાવ, સ એવ નયપક્ષાતીતઃ।**

**જે રીતે સમ્યક્ વ્યવહારથી મિથ્યા વ્યવહારની નિવૃત્તિ થાય છે, તે જ રીતે નિશ્ચયનયથી વ્યવહારના વિકલ્પોની પણ નિવૃત્તિ થઈ જાય છે. જે રીતે નિશ્ચયનયથી વ્યવહારના વિકલ્પોની નિવૃત્તિ થાય છે, તે જ રીતે સ્વપર્યવસિતભાવ (પરનિરપેક્ષ સ્વાશ્રિત સ્વભાવ) થી એકત્વના વિકલ્પ પણ નિવૃત્ત થઈ જાય છે. આ રીતે જીવનો સ્વપર્યવસિતસ્વભાવ જ નયપક્ષાતીત છે.**

અજ્ઞાની અને જ્ઞાની, બંનેને થવાવાળા નયપક્ષ તથા પક્ષાતિક્રાંત દશાનો ઉલ્લેખ કરતાં થકાં પંડિત જયચંદજી છાબડા સમયસાર, ગાથા ૧૪૩ ની ટીકાના ભાવાર્થમાં લખે છે-

**જેમ, કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતા-દ્રષ્ટા) છે, તે જ રીતે શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈને શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનો અનુભવ કરે છે, ત્યારે તે નયપક્ષના સ્વરૂપના જ્ઞાતા જ છે, જો એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરવામાં આવે તો મિથ્યાત્વની સાથે ભળેલો રાગ થાય છે, પ્રયોજનવશ એક નયને પ્રધાન (મુખ્ય) કરીને તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે છે અને જ્યારે નયપક્ષને છોડીને વસ્તુસ્વરૂપને માત્ર જાણે જ છે, ત્યારે તે સમયે શ્રુતજ્ઞાની પણ કેવળીની જેમ વીતરાગ જેવા જ હોય છે-એમ જાણવું.**

**પ્રશ્ન** ૭ઃ સમ્યક્દર્શન થયા પછી નયપક્ષ હોય છે કે નહીં?

**ઉત્તર** : સમ્યક્દર્શનરૂપ શ્રદ્ધામાં સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ બની રહે છે તથા જ્ઞાન પણ વસ્તુના બંને પક્ષોને યથાવત્ જાણે છે, છતાં પણ સ્વરૂપમાં ફરી-ફરી સ્થિરતા માટે વસ્તુના બંને પક્ષોનો રાગાત્મક વિચાર સહજ હોય છે, જેને નયપક્ષ કહી શકીએ છીએ.

પંડિત ટોડરમલજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં જ્ઞાનીને આત્માનુભૂતિની પૂર્વે થવાવાળા પ્રયત્નોની ચર્ચા નિમ્નલિખિત શબ્દોમાં કરી છે -

**તે જ સમ્યક્ત્વી, કદાચિત્ સ્વરૂપ ધ્યાન કરવા માટે ઉદ્યમી થાય છે, ત્યાં પ્રથમ ભેદવિજ્ઞાન સ્વ-પરનું કરે, નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મરહિત માત્ર ચૈતન્ય-ચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો પણ વિચાર છૂટી જાય, માત્ર સ્વાત્મવિચાર જ રહે છે, ત્યાં અનેક પ્રકારે નિજસ્વરૂપમાં અહંબુદ્ધિ ધારે છે-ચિદાનંદ છું, સિદ્ધ છું, ઈત્યાદિક વિચાર થવાથી સહજ જ આનંદ-તરંગ ઉઠે છે, રોમાંચ થઈ જાય છે. ત્યારબાદ એવા વિચાર તો છૂટી જાય, માત્ર ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે, ત્યાં સર્વ પરિણામ તે રૂપમાં એકાગ્ર થઈને પ્રર્વતે છે, દર્શન-જ્ઞાનાદિકના તથા નય-પ્રમાણાદિકના પણ વિચાર વિલય (નાશ) થઈ જાય છે.**

*તેથી એમ કહી શકાય કે શ્રદ્ધા-જ્ઞાનની અપેક્ષાએ તો જ્ઞાની પક્ષાતિક્રાંત જ હોય છે, પરંતુ ચારિત્રમોહનીયના ઉદયના નિમિત્તથી થવાવાળા વિકલ્પોની અપેક્ષાએ તેને પણ નય-સંબંધી વિકલ્પ હોય છે, જેને નયપક્ષ કહી શકાય છે.*

**પ્રશ્ન ૮** : અજ્ઞાનીને માત્ર વ્યવહારનો પક્ષ હોય છે કે ક્યારેક શુદ્ધનયનો પક્ષ પણ હોય છે?

**ઉત્તર** : અજ્ઞાનીને અનાદિથી અગૃહિત મિથ્યાત્વમાં થવાવાળા

વ્યવહારનો પક્ષ તો છે જ, પરંતુ નયોનો સમ્યક્ પ્રયોગ ન હોવાથી તેને નિશ્ચયાભાસ, વ્યવહારાભાસ, ઉભયાભાસના રૂપમાં એકાંત નયપક્ષ પણ ઉત્પન્ન થઈ જાય છે. આત્માને એકાંત શુદ્ધ માનીને, પર્યાયમાં પણ રાગાદિકનો સર્વથા નિષેધ માનવાનો મિથ્યા અભિપ્રાય, એકાંત શુદ્ધનયનો પક્ષ છે.

**પ્રશ્ન ૯ :** શુદ્ધનયના પક્ષના સંદર્ભમાં અત્યાર સુધી ત્રણ વાત કહેવાઈ ગઈ છે –

1. અનાદિથી આજ સુધી આ જીવને શુદ્ધનયનો પક્ષ ક્યારેય આવ્યો જ નથી.

2. આત્માને સર્વથા શુદ્ધ માનવો, શુદ્ધનયનો પક્ષ છે.

3. આત્માનુભૂતિની પૂર્વે થવાવાળા શુદ્ધસ્વરૂપ-સંબંધી વિકલ્પને પણ શુદ્ધનયનો પક્ષ કહ્યો છે.

ઉપરોક્ત ત્રણેય વાતોમાં અમે સત્ય કોને માનીએ?

**ઉત્તર :** ભાઈ! પ્રત્યેક કથનનું યથાર્થ પ્રયોજન (અર્થ) સમજીને, તે અપેક્ષાથી તેને સત્ય સમજવું જોઈએ.

1. જ્યારે એમ કહેવામાં આવે કે અનાદિથી જીવને શુદ્ધનયનો પક્ષ નથી થયો તો તેનો અર્થ એ છે કે જીવને શુદ્ધાત્માની વાત સાંભળવાની રૂચિ પણ નથી થઈ અર્થાત્ આત્મહિતની સાચી જિજ્ઞાસા નથી થઈ.

2. આત્માને સર્વથા શુદ્ધ માનવો, શુદ્ધનયના એકાંતરૂપ નયાભાસ છે, તેથી તે મિથ્યા નયપક્ષ છે.

3. આત્માનુભૂતિની પૂર્વે શુદ્ધાત્મા-સંબંધી વિકલ્પ પણ નયપક્ષ છે, કારણ કે તેમાં શુદ્ધ ચૈતન્યનો સ્વાદ તો છે નહીં, માત્ર આત્મા

આવો છે અને આવો નથી-એવા વિકલ્પ જ છે, તેથી એ પણ વિકલ્પાત્મક પક્ષ છે. આત્માનુભૂતિની વાત તો અલૌકિક છે, જ્યારે ઈન્દ્રિય-ભોગોની પૂર્વે પણ તેના વિષય-સંબંધી વિકલ્પ થાય છે અને તે વિષયના સ્વાદમાં તન્મયતા થવાથી તે પ્રકારના બધાં વિકલ્પ ઉપશાંત થઈ જાય છે, તેથી આ વિકલ્પોને પણ નયપક્ષ કહેવામાં આવ્યા છે.

સમયસાર, ગાથા ૧૪૩ની ટીકામાં ક્ષયોપશમ જ્ઞાનમાં થવાવાળા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પોને પણ નયપક્ષ કહેવામાં આવ્યા છે.

આ રીતે જ્યાં જે વિવક્ષાથી કથન કરવામાં આવ્યું હોય, ત્યાં તે વિવક્ષા ગ્રહણ કરવી જોઈએ.

**પ્રશ્ન ૧૦ :** વિવક્ષા ગ્રહણ કરવી અર્થાત્ નયોના વિષયને જાણવામાં નયપક્ષ છે કે નથી?

**ઉત્તર :** ભાઈ! વસ્તુમાં વિદ્યમાન ધર્મોને માત્ર જાણવું, નયપક્ષ નથી, તત્સંબંધી વિકલ્પ અર્થાત્ તે ધર્મો પ્રતિ રાગાત્મક ઝૂકાવને નયપક્ષ કહ્યો છે. સમયસાર, ગાથા ૧૪૩ ની ટીકામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જે રીતે કેવળી ભગવાન શ્રુતજ્ઞાનની ભૂમિકાથી પાર થવાથી સમસ્ત નયપક્ષને ગ્રહણ નથી કરતાં, તે જ રીતે શ્રુતજ્ઞાની પણ પરને ગ્રહણ કરવાનો ઉત્સાહ નિવૃત્ત હોવાથી વ્યવહાર-નિશ્ચય નયપક્ષોના સ્વરૂપને માત્ર જાણે છે, પરંતુ શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અન્તર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાથી પાર હોવાથી કોઈપણ નયપક્ષને ગ્રહણ કરતા નથી. અહીં ગાથા ૧૪૩ની ટીકાનું વર્ણન પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે -

**જેમ કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચય નયપક્ષોના સ્વરૂપને જ માત્ર જાણે છે, પરંતુ નિરંતર પ્રકાશમાન સહજ, વિમલ, સકલ કેવળજ્ઞાન દ્વારા**

**સદા સ્વયં જ વિજ્ઞાનઘન થયા હોવાથી, શ્રુતજ્ઞાનની ભૂમિકાની અતિક્રાંતતા દ્વારા (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને પાર કરી ચૂકવાને કારણે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહણ કરતા નથી, આ જ રીતે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જે ઉત્પન્ન થાય છે-એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ ઉત્પન્ન થવા છતાં પણ પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાથી, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચય નયપક્ષોના સ્વરૂપને માત્ર જાણે જ છે, પરંતુ અતિતીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી ગ્રહણ કરેલા નિર્મળ, નિત્ય ઉદિત, ચિન્મય સમય (શુદ્ધાત્મા) થી પ્રતિબદ્ધતા (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન) દ્વારા અનુભવના સમયે સ્વયં જ વિજ્ઞાનઘન થયો હોવાથી, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અન્તર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાની અતિક્રાન્તતા દ્વારા સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહણ ન કરતાં, તે (આત્મા) વાસ્તવમાં સમસ્ત વિકલ્પોથી અત્યંત પારને પ્રાપ્ત પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિ-માત્ર સમયસાર છે.**

**પ્રશ્ન ૧૧ :** જે રીતે નયપક્ષ છોડીને પક્ષાતિક્રાંત દશામાં આત્માનુભૂતિ થાય છે, તે જ રીતે શું પ્રમાણનો પક્ષ છોડીને પણ આત્માનુભૂતિ થાય છે?

**ઉત્તર :** હાં હાં! કેમ નહીં ? સમયસાર, ગાથા ૧૩ ની ટીકામાં સમાગત કળશ પછી લખાયેલી ટીકામાં આચાર્ય અમૃતચંદ્રદેવે નવ-તત્ત્વ, પ્રમાણ, પ્રમાણના પ્રત્યક્ષ - પરોક્ષ આદિ ભેદ, નય, નયના દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક આદિ ભેદ, નિક્ષેપ, નિક્ષેપના નામ, સ્થાપના આદિ ભેદ, ઈત્યાદિ સમસ્ત વિકલ્પોને શુદ્ધ વસ્તુમાત્ર જીવના સ્વભાવનો અનુભવ કરવા પર અભૂતાર્થ કહ્યા છે. ત્યાં તે શુદ્ધ

ચૈતન્ય-માત્ર વસ્તુને દ્રવ્ય અને પર્યાય બંનેથી અનાલિંગિત કહે છે.

ટીકાનો તે અંશ આ પ્રકારે છે -

**હવે, જેમ નવ તત્ત્વમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો છે, તે જ રીતે એકરૂપથી પ્રકાશમાન આત્માના અધિગમના ઉપાય જે પ્રમાણ-નય-નિક્ષેપ છે, તે પણ નિશ્ચયથી અભૂતાર્થ છે, તેમાં પણ આ આત્મા એક જ ભૂતાર્થ છે .....!**

આ ટીકા પછી આચાર્યદેવ, કળશ ૯ માં કહે છે કે **આત્માનુભૂતિ થવાથી નયોની લક્ષ્મી ઉદિત થતી નથી, પ્રમાણનો સૂર્ય અસ્ત થઈ જાય છે અને નિક્ષેપોનો સમૂહ ક્યાં ચાલ્યો જાય છે, અમે નથી જાણતાં, આમાં વિશેષ શું કહીએ કે દ્વૈત જ પ્રતિભાસિત નથી થતું.**

આ કળશના ભાવ કવિવર્ય બનારસીદાસજીએ અત્યંત સફળતાપૂર્વક નિમ્નલિખિત છંદમાં સ્પષ્ટ કર્યા છે -

**જૈસે રવિ-મંડલ કે ઉદૈ મહિ-મંડલ મૈં,**
**આતપ અટલ તમ પટલ વિલાતુ હૈ।**
**તૈસેં પરમાતમા કૌ અનુભૌ રહત જૌલૌં,**
**તૌલૌં કહું દુવિધા ન કહું પચ્છપાતુ હૈ।**
**નય કૌ ન લેસ પરવાન કૌ ન પરવેસ,**
**નિચ્છેપ કે વંસ કૌ વિધુંસ હોત જાતુ હૈ।**
**જે જે વસ્તુ સાધક હૈ તેઉ તહાં બાધક હૈ।**
**બાકી રાગ દોષ કી દસા કી કૌન બાતુ હૈ।**

**આ સંપૂર્ણ વિવેચનનો સાર એ છે કે આત્માનુભૂતિની પૂર્વે તત્ત્વવિચારની પ્રક્રિયામાં થવાવાળા બધાં વિકલ્પ, રાગાત્મક હોવાથી પક્ષરૂપ છે તથા અનુભૂતિમાં તેમનું સહજ શમન થઈ જવાથી તે પક્ષાતિક્રાંત દશા છે.**

આત્માનુભૂતિના સંદર્ભમાં નયપક્ષ અને પક્ષાતિક્રાંતનું આ વિવેચન અત્યંત ગંભીર અને સૂક્ષ્મ છે, તેથી જિનાગમના આલોકમાં આ વિષયનું ગંભીર ચિંતન કરીને નિર્વિકલ્પ અનુભૂતિ હેતુ પ્રયાસ કરવો જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. પક્ષ અને પક્ષાતિક્રાંતનો ઉદ્દેશ લૌકિક સંદર્ભમાં સ્પષ્ટ કરો.
2. અજ્ઞાની અને જ્ઞાનીને અલગ-અલગ નયપક્ષ કઈ રીતે લાગુ થાય છે?
3. કેવળી તથા જ્ઞાનીની પક્ષાતિક્રાંત દશામાં તફાવત તથા સમાનતા સ્પષ્ટ કરો.
4. પક્ષાતિક્રાંત દશા નિરંતર રહે છે? સ્પષ્ટ કરો.

**નય-લક્ષ્મી કા ઉદય ન હોતા, અરૂ પ્રમાણ ભી લય હોતા,**
**હમ ન જાનતે કહાં હો ગયા, યહ નિક્ષેપ સમૂહ વિલય,**
**તેજપૂંજ ચૈતન્ય માત્ર કા, ભેદ રહિત જબ અનુભવ હો,**
**ઔર અધિક ક્યા કહેં, દ્વૈત ભી ભાસિત નહિં હોતા હમકો.**

**- સમયસાર કળશ ૯**

## 8

# નિશ્ચયનયના ભેદ-પ્રભેદ

જો કે જિનાગમના બધાં કથન નયો પર આધારિત છે, પરંતુ સર્વત્ર એ ઉલ્લેખ નથી થતો કે આ ક્યા નયનું કથન છે. સમયસારમાં આત્માને પ્રમત્ત-અપ્રમત્ત ભાવોથી રહિત પણ કહ્યો છે અને અજ્ઞાની પણ કહ્યો છે, રાગાદિનો કર્તા પણ કહ્યો છે અને અકર્તા પણ કહ્યો છે, પરંતુ એ ક્યા નયના કથન છે-એ વાત દરેક જગ્યાએ નથી કહેવામાં આવી. જો કદાચિત્ આ કથન નિશ્ચયનય કે વ્યવહારનયથી છે-એવું કહ્યું પણ હોય તો નિશ્ચયનય/વ્યવહારનયના ક્યા ભેદ-પ્રભેદનું કથન છે-એ સ્પષ્ટ નથી થઈ શકતું. નિશ્ચયનયથી જ આત્માને રાગાદિનો કર્તા પણ કહ્યો છે અને નિશ્ચયનયથી જ આત્માને રાગાદિથી રહિત પણ કહ્યો છે.

આત્માને રાગાદિનો કર્તા કહેવાવાળો નિશ્ચયનય, કયો છે અને આત્માને રાગાદિ રહિત ત્રિકાળ શુદ્ધ કહેવાવાળો નિશ્ચયનય કયો છે?-એ સ્પષ્ટ સમજ્યા વિના આત્માના સ્વરૂપનો નિર્ણય કેવી રીતે થઈ શકે ? માટે આવશ્યક છે કે આપણે નયોના ભેદ-પ્રભેદ, તેની વિષય-વસ્તુ, પ્રયોજન, ઉપયોગિતા આદિ પર ગંભીરતાથી વિચાર કરીએ.

નયોના ભેદ-પ્રભેદની શ્રૃંખલામાં સર્વપ્રથમ નિશ્ચયનયના ભેદ-પ્રભેદની ચર્ચા પ્રારંભ કરવામાં આવી રહી છે -

**નિશ્ચયનયના ભેદ થઈ શકે છે કે નહીં**

નિશ્ચયના ભેદોની ચર્ચા કરતા સમયે સર્વપ્રથમ એ તથ્ય

વિચારણીય છે કે સામાન્ય-વિશેષાત્મક વસ્તુનો સામાન્યાંશ, નિશ્ચયનયનો વિષય છે તથા જ્યારે સામાન્ય એક છે, અભેદ છે તો તેને વિષય બનાવવાવાળો નિશ્ચયનય પણ એક જ હોઈ શકે છે અને તેના ભેદ હોવા પણ અસંભવ છે.

જો કે સામાન્ય સ્વરૂપમાં પણ અનેક વિશેષતાઓ છે, જેના આધાર પર તેને અભેદ, નિરૂપાધિ, દ્રવ્ય, શક્તિ, સ્વભાવ, શુદ્ધભાવ,પરમભાવ, એક, પરમાર્થ, નિશ્ચય, ધ્રુવ, ત્રિકાળી આદિ અનેક નામોથી કહેવામાં આવ્યો છે, છતાં પણ તે છે તો એક અખંડરૂપ જ, તેથી તેને જાણવાવાળો નિશ્ચયનય પણ એક અખંડ અભેદ હોવો જોઈએ.

સામાન્ય, શુદ્ધભાવરૂપ કે પરમભાવરૂપ અથવા પરમાર્થરૂપ છે, તેથી તેને વિષય બનાવવાવાળા નિશ્ચયનયને પણ શુદ્ધનય કે પરમશુદ્ધનય અથવા પરમાર્થનય પણ કહેવામાં આવે છે.

જો કે વિશેષ અનેક પ્રકારના હોય છે, તેને ભેદ, વિકાર, ઉપાધિ, પર્યાય આદિ અનેક નામોથી કહેવામાં આવે છે, તેથી વિશેષને વિષય બનાવવાવાળો વ્યવહારનય પણ અનેક પ્રકારનો હોવો સ્વાભાવિક છે, પરંતુ અનેક નામોવાળો હોવા છતાં પણ નિશ્ચયનય તો સામાન્યગ્રાહી હોવાથી એક જ હોવો જોઈએ.

આ સંબંધમાં પંચાધ્યાયીકાર લખે છે -

**નિશ્ચયનયનું લક્ષણ 'ન તથા' છે, માટે તે એક જ છે, અનેક નથી. તામ્રરૂપ ઉપાધિની નિવૃત્તિને કારણે સ્વર્ણપણું જે રીતે અન્ય છે, ચાંદીરૂપ ઉપાધિની નિવૃત્તિને કારણે તે તેવું જ અન્ય છે. આ કથનથી તેનું નિરાકરણ થઈ ગયું, જે પોતાની પ્રજ્ઞાના અપરાધથી નિશ્ચયનયને અનેક પ્રકારનો માને છે.**

નિશ્ચય-વ્યવહારના સ્વરૂપનું વિવેચન કરતા સમયે એ સ્પષ્ટ કરવામાં આવેલું કે નિશ્ચયનયનું લક્ષણ, 'ન તથા' કહીને વ્યવહારનયનો નિષેધ કરવો. તેથી સર્વત્ર નિષેધક લક્ષણ હોવાથી

પંચાધ્યાયીકાર નિશ્ચયનયને એક જ પ્રકારનો માને છે. તે પોતાની માન્યતા પર એટલા દૃઢ છે કે જ્ઞાનમાં નિશ્ચયનયના અનેક ભેદને તેઓ **જ્ઞાનનો અપરાધ** ઘોષિત કરે છે.

**નિશ્ચયનયના ભેદ-પ્રભેદોને જાણવાની આવશ્યકતા**

ઉપરોક્ત વિવેચન અનુસાર જો કે નિશ્ચયનય એક જ પ્રકારનો હોય છે, છતાં પણ જિનાગમમાં તેના ભેદ-પ્રભેદોનો અને તેની વિષય-વસ્તુનો ઉલ્લેખ જોવામાં આવે છે.

આલાપપદ્ધતિમાં નિશ્ચયનય બે પ્રકારના કહ્યા છે - શુદ્ધ-નિશ્ચયનય અને અશુદ્ધનિશ્ચયનય.

શુદ્ધનિશ્ચયનયની વિષય-વસ્તુના આધાર પર એનું કથન પણ ત્રણ રૂપોમાં જોવામાં આવે છે. તેથી નિશ્ચયનયના કુલ ચાર ભેદ થઈ જાય છે, જેને નીચેના ચાર્ટ દ્વારા સમજી શકાય છે -

- નિશ્ચયનય
  - શુદ્ધનિશ્ચયનય
    - એકદેશશુદ્ધનિશ્ચયનય
    - શુદ્ધનિશ્ચયનય
    - પરમશુદ્ધનિશ્ચયનય
  - અશુદ્ધનિશ્ચયનય

અહીં એ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે **શુદ્ધનિશ્ચયનય,** નિશ્ચયનયના મૂળ ભેદના રૂપમાં પણ કહેવામાં આવ્યો છે તથા તેના ત્રણ ભેદોમાંથી બીજા ભેદના રૂપમાં અર્થાત્ દ્વિતીય પ્રભેદના રૂપમાં પણ બતાવવામાં આવ્યો છે. ક્યાંક-ક્યાંક આ પ્રભેદને **સાક્ષાત્-શુદ્ધનિશ્ચયનય** પણ કહ્યો છે.

રાગાદિ ભાવ જીવજનિત છે કે કર્મજનિત-આ સંદર્ભમાં નિશ્ચયનયના વિભિન્ન પ્રયોગ, વિભિન્ન ગ્રંથોમાં અલગ-અલગ રીતે કરવામાં આવ્યા છે. અહીં પરમાત્મપ્રકાશ અને બૃહદદ્રવ્યસંગ્રહમાં ઉપલબ્ધ પ્રયોગોની મીમાંસા કરવામાં આવી રહી છે -

પરમાત્મપ્રકાશ, અધ્યાય ૧, દોહા નં. ૬૪ ની ટીકામાં

અનાકુલત્વ લક્ષણ પારમાર્થિક વીતરાગસુખથી પ્રતિકૂળ સાંસારિક સુખ-દુઃખોને અશુદ્ધનિશ્ચયનયથી જીવજનિત તથા શુદ્ધનિશ્ચયનયથી કર્મજનિત કહ્યા છે. જ્યારે બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૪૮ ની ટીકામાં રાગાદિની ઉત્પત્તિના સંબંધમાં નિમ્નલિખિત ચાર અપેક્ષાઓથી કથન કરવામાં આવ્યા છે -

**1. સ્ત્રી અને પુરૂષના સંયોગથી ઉત્પન્ન પુત્ર સમાન અથવા ચૂનો અને હળદરના મિશ્રણથી ઉત્પન્ન વર્ણ-વિશેષ સમાન, રાગ-દ્વેષ આદિ જીવ અને કર્મ-આ બંનેના સંયોગજનિત છે. (આ વાક્ય અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી કરવામાં આવ્યું છે)**

**2. રાગાદિભાવ, અશુદ્ધનિશ્ચયનયથી જીવજનિત છે.**

**3. રાગાદિભાવ, વિવક્ષિત એકદેશશુદ્ધનિશ્ચયનયથી કર્મ-જનિત છે.**

**4. સાક્ષાતશુદ્ધનિશ્ચયનયથી સ્ત્રી અને પુરૂષના સંયોગરહિત પુત્રની જેમ તથા ચૂના અને હળદરના સંયોગરહિત વર્ણ-વિશેષની જેમ તેમની ઉત્પત્તિ જ નથી.**

ઉપરોક્ત બંને ગ્રંથોમાં રાગાદિ ભાવોને અશુદ્ધનિશ્ચયનયથી તો જીવના જ કહેવામાં આવ્યા છે, પરંતુ કર્મજનિત કહેવા માટે પરમાત્મપ્રકાશમાં શુદ્ધનિશ્ચયનયના તથા બૃહદદ્રવ્યસંગ્રહમાં એક-દેશશુદ્ધનિશ્ચયનયના કથન બતાવવામાં આવ્યા છે.

આ બંને વાક્યોમાં કોઈ વિરોધ નથી. પરમાત્મપ્રકાશમાં પ્રયુક્ત શુદ્ધનિશ્ચયનય, નિશ્ચયનયના મૂળ ભેદના અર્થમાં કરવામાં આવ્યો છે, જેમાં તેના ત્રણ પ્રભેદ ગર્ભિત છે અર્થાત્ તેના પ્રભેદોમાંથી યથાયોગ્ય કોઈ એક પ્રભેદ લાગુ થશે, જો કે બૃહદદ્રવ્યસંગ્રહમાં **એકદેશશુદ્ધનિશ્ચયનય** શબ્દનો પ્રયોગ કરીને સ્પષ્ટ કર્યું છે કે રાગાદિને કર્મજન્ય કહેવામાં શુદ્ધનયના ક્યા ભેદનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે.

**આ જ રીતે સાક્ષાતશુદ્ધનિશ્ચયનયથી રાગાદિની ઉત્પત્તિ છે જ**

**નહીં**-આ કથનમાં **શુદ્ધનિશ્ચયનય** શબ્દનો પ્રયોગ, શુદ્ધનિશ્ચયનયના વિષયભૂત ક્ષાયિકભાવ આદિ પૂર્ણ શુદ્ધ ભાવોની અપેક્ષાએ સમજવો જોઈએ, કારણ કે ત્યાં રાગાદિની ઉત્પત્તિ જ નથી, તેથી આ પ્રશ્ન જ સંભવિત નથી કે તેના રાગાદિ ક્યા નયથી છે? આ જ રીતે આ પ્રયોગને **પરમશુદ્ધનિશ્ચયનયના** અર્થમાં પણ સમજવું જોઈએ, કારણ કે પરમશુદ્ધ નિશ્ચયનયનો વિષયભૂત આત્મા ત્રિકાળ શુદ્ધ છે, તેમાં અર્થાત્ ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં પણ રાગાદિ ઉત્પન્ન જ નથી થતાં.

*ઉપરોક્ત વિવેચનથી સ્પષ્ટ છે કે જિનાગમમાં કરવામાં આવેલા આવા વિભિન્ન નય-પ્રયોગોને સમજવા માટે નયોના ભેદ-પ્રભેદોનું સ્વરૂપ તથા વ્યાખ્યા આદિને સારી રીતે સમજી લેવા જોઈએ, ત્યારે જ જિનાગમના મર્મનું ભાવભાસન ગંભીરતા(ઉંડાણ)થી થઈ શકશે.*

રાગાદિને અશુદ્ધનિશ્ચયનયથી જીવજન્ય કહેતાં થકા બૃહદ્દ્રવ્ય-સંગ્રહમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અશુદ્ધ-નિશ્ચયનય પણ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર જ છે, તેથી તેને ઉપચરિત - સદ્ભૂતવ્યવહારનયથી જીવકૃત કહેવામાં આવ્યો છે. ન કેવળ અશુદ્ધનિશ્ચયનય, પરંતુ પરમશુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ સાક્ષાત્શુદ્ધનિશ્ચયનય અને એકદેશશુદ્ધનિશ્ચયનય પણ વ્યવહાર જ કહેવામાં આવ્યા છે.

આ રીતે એ સ્પષ્ટ થઈ જાય છે કે પંચાધ્યાયીકારનું આ કથન કે **નિશ્ચયનય એક જ છે, તેના ભેદ હોઈ જ ન શકે**-આ પરમશુદ્ધ-નિશ્ચયનયની અપેક્ષાથી કરવામાં આવ્યું છે, તેથી નિશ્ચયનય એક જ છે તથા તેના ચાર ભેદ છે-આ બંને વિવક્ષાઓને પોત-પોતાની અપેક્ષાથી સત્ય સમજવી જોઈએ.

**પ્રશ્ન** : રાગાદિને અશુદ્ધનયથી જીવના કહેવા તો ઠીક છે, પરંતુ શુદ્ધનયથી કર્મજન્ય શા માટે કહ્યા છે? શું રાગાદિભાવ શુદ્ધનયના વિષય પણ બને છે?

**ઉત્તર** : રાગાદિને કર્મજન્ય કહીને જીવના સ્વભાવને રાગાદિથી ભિન્ન કહેવામાં આવ્યા છે. ખરેખર તો તે જીવના સ્વરૂપનું નાસ્તિથી કરવામાં આવેલું કથન છે. અસ્તિથી કથન કરવાથી જીવ એક અખંડ શુદ્ધ ચૈતન્ય ઘનપિંડ છે, તેમાં રાગ છે કે નથી? આ બંને અસ્તિ-નાસ્તિના વિકલ્પ છે. જીવ તો ચૈતન્ય માત્ર છે.

**પ્રશ્ન** : અહીં નિશ્ચયનયના ચારેય ભેદોને આત્મા પર ઘટિત કરવામાં આવ્યા છે. શું પુદ્‌ગલાદિ અજીવદ્રવ્ય પણ નયોના વિષય બને છે?

**ઉત્તર** : પ્રત્યેક વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે, તેથી તે પ્રમાણ અને નયનો વિષય બને છે, પરંતુ અહીં અધ્યાત્મનું પ્રકરણ છે, તેથી તેને મુખ્યપણે આત્મા પર ઘટિત કરવામાં આવ્યું છે, કારણ કે મોક્ષમાર્ગમાં **આત્મજ્ઞાન** જ જ્ઞાન છે. જો કે ધર્માદિ ચાર અરૂપી દ્રવ્યોમાં અશુદ્ધ પરિણમન નથી થતું, છતાં પણ તેનાથી જીવનું કોઈ સીધું પ્રયોજન નથી અર્થાત્ તે જીવના સુખ-દુઃખમાં નિમિત્ત નથી બનતા, તેથી તેમાં નય ઘટિત કરવાનો પ્રયોગ, જિનાગમમાં નથી કરવામાં આવ્યો, પરંતુ પુદ્‌ગલોની સાથે સંબંધોની ચર્ચા કરવામાં આવી છે, જેનું વિસ્તૃત વિવેચન 'વ્યવહારનયના ભેદ-પ્રભેદ' પ્રકરણમાં કરવામાં આવશે.

**પ્રશ્ન** : કેવળી ભગવાનની વાણીને આગમ કહેવામાં આવે છે. તો પછી અહીં **અધ્યાત્મનું પ્રકરણ** છે-એમ શા માટે કહેવામાં આવ્યું? અધ્યાત્મથી આપનો શું ઉદ્દેશ છે?

**ઉત્તર** : જેમ, ભારતવર્ષ એક રાષ્ટ્ર છે, છતાં પણ તેના એક રાજ્યનું નામ મહારાષ્ટ્ર છે, તે જ રીતે સંપૂર્ણ જિનાગમનો સાર, અધ્યાત્મ અર્થાત્ (અધિ = જાણવું, આત્મ = સ્વયંનું ) આત્માને જાણવો તે છે.

સિદ્ધચક્ર વિધાનના સાતમા પૂજન, છંદ ૩૦૧માં કહેવામાં આવ્યું છે -

**સમ્પૂરણ શ્રુતસાર નિજાતમ બોધ લહાનો :**

આત્માને જાણવાનો અર્થ, માત્ર શબ્દોથી જાણવું નહીં, પરંતુ આત્માનુભૂતિરૂપ પરિણમનથી છે. બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા ૫૭ની ટીકામાં કહ્યું છે કે **મિથ્યાત્વ, રાગાદિ સમસ્ત વિકલ્પ-જાળના ત્યાગથી સ્વશુદ્ધાત્મામાં જે અનુષ્ઠાન થાય છે, તેને અધ્યાત્મ કહે છે.**

## નિશ્ચયનયના ભેદ-પ્રભેદોનો આધાર

નિશ્ચયનયના ચારેય પ્રભેદોની વ્યાખ્યા, પ્રયોગ તથા ઉપયોગિતા પર ચર્ચા કરતા પહેલા એ જાણવું જરૂરી છે કે આ ચારેય ભેદ કઈ દ્રષ્ટિથી અથવા ક્યા આધાર પર કરવામાં આવ્યા છે?

પરમશુદ્ધનિશ્ચયનય, રંગ-રાગ અને ભેદથી રહિત ત્રિકાળી-અખંડ-અભેદ-એક-જ્ઞાયકભાવ અર્થાત્ શુદ્ધપારિણામિકભાવરૂપ, દ્રષ્ટિના વિષયને પોતાનો વિષય બનાવે છે.

બાકીના ત્રણ નય, પરદ્રવ્યોથી ભિન્ન અને પોતાના ગુણ-પર્યાયોથી અભિન્ન વસ્તુ-સ્વરૂપ પર આધારિત છે. પ્રત્યેક દ્રવ્ય, પર-પદાર્થોથી ભિન્ન અને પોતાના ગુણ-પર્યાયોથી અભિન્ન હોવાથી પોતાની પ્રત્યેક પર્યાયના કર્તા-ભોક્તા સ્વયં છે, તેમાં પરદ્રવ્યનો જરા પણ હસ્તક્ષેપ નથી. સમયસારની ત્રીજી ગાથાની ટીકામાં કહ્યું છે કે **પ્રત્યેક દ્રવ્ય પોતાના અનંત ગુણ-પર્યાયોના સમૂહને ચુંબન કરે છે, પરંતુ અન્ય દ્રવ્યનો સ્પર્શ પણ કરતા નથી.**

પૂર્વે નિશ્ચયનયનું સ્વરૂપ બતાવતા થકાં સ્પષ્ટ કરવામાં આવેલ છે કે નિશ્ચયનય, (૧) એક જ દ્રવ્યના ભાવને તે રૂપ કહે છે, (૨) જે દ્રવ્યની જે પરિણતિ હોય, તેને તે જ દ્રવ્યની કહે છે અને (૩) સ્વદ્રવ્ય-પરદ્રવ્ય, તેના ભાવો અને કારણ-કાર્ય આદિને યથાવત્ નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં ભેળવતો નથી.

આ રીતે એ સ્પષ્ટ છે કે પરથી ભિન્ન અને પોતાની પર્યાયોથી અભિન્નતાના આધાર પર, પ્રત્યેક પર્યાયને પોતાના દ્રવ્યની કહેવી તથા દ્રવ્યને તેનો કર્તા-ભોક્તા કહેવો, વસ્તુનું સ્વાશ્રિત અથવા યથાર્થ

નિરૂપણ હોવાથી નિશ્ચયનય છે. આ નિરૂપણમાં નિશ્ચયનયની **'સ્વાશ્રિતો નિશ્ચયઃ' અને 'યથાર્થ નિરૂપણ સો નિશ્ચય' - બંને વ્યાખ્યાઓ ઘટિત થાય છે.**

જીવની પર્યાયો, મુખ્યપણે ત્રણ પ્રકારની છે-અશુદ્ધ, આંશિક શુદ્ધ અને પૂર્ણ શુદ્ધ. પર્યાયના આ ત્રણ ભેદોના આધાર પર નિશ્ચયનયના ત્રણ ભેદ કહેવામાં આવ્યા છે. પરમશુદ્ધનિશ્ચયનય, પર્યાયોથી ભિન્ન ત્રિકાળી દ્રવ્યને વિષય બનાવે છે, તેથી તેને આપણે બધાંથી અલગ કહી શકીએ છીએ.

## નિશ્ચયનયના ભેદ-પ્રભેદોની વ્યાખ્યા અને પ્રયોગ

નિશ્ચયનયના ચાર ભેદ, કયા આધાર પર કરવામાં આવે છે - આનું સ્પષ્ટીકરણ કર્યા પછી હવે તેમની વ્યાખ્યા તથા જિનાગમમાં સમાગત કેટલાક પ્રયોગોનો ઉલ્લેખ કરી રહ્યા છીએ. અધ્યાત્મનું પ્રકરણ હોવાથી સર્વપ્રથમ નયાધિપતિ પરમશુદ્ધનિશ્ચયનયના સ્વરૂપની અને પ્રયોગોની ચર્ચા કરીએ છીએ -

### (અ) પરમશુદ્ધનિશ્ચયનય તથા તેના પ્રયોગ

શુદ્ધ પારિણામિક-ભાવરૂપ સામાન્ય અંશની મુખ્યતાથી આત્માને જાણવાવાળા જ્ઞાનને પરમશુદ્ધનિશ્ચયનય કહે છે. આ જ શુદ્ધાત્મા, સ્વ-સન્મુખજ્ઞાનનું જ્ઞેય, શ્રદ્ધાનું શ્રદ્ધેય તથા ધ્યાનનું ધ્યેય છે.

**પ્રશ્ન** : શું સમ્યક્દર્શન અને પરમશુદ્ધનિશ્ચયનયનો વિષય એક જ છે?

**ઉત્તર** : બંનેનો વિષય એક જ છે, પરંતુ શ્રદ્ધા અને જ્ઞાનની પ્રકૃતિમાં અંતર છે, તેથી પરમશુદ્ધનિશ્ચયનય અન્ય ધર્મોને ગૌણ કરતો થકો પોતાના વિષયને ગ્રહણ કરે છે અને શ્રદ્ધા, તેમાં મુખ્ય-ગૌણ કર્યા વિના નિર્વિકલ્પ પ્રતીતિભાવરૂપથી અહમ્પણું સ્થાપિત કરે છે.

**પ્રશ્ન** : પક્ષાતિક્રાંત અનુભૂતિ અને શ્રદ્ધાની નિર્વિકલ્પતામાં શું અંતર છે?

**ઉત્તર :** પક્ષાતિક્રાંત અનુભૂતિ નયપક્ષોના વિકલ્પના શમનપૂર્વક ઉદિત થાય છે, તેથી તે સ્વ-સન્મુખ ભાવશ્રુતજ્ઞાનરૂપ અવસ્થા છે, પરંતુ તે સમ્યક્જ્ઞાનરૂપ હોવાથી તેમાં અન્ય ધર્મોનો નિષેધ નથી વર્તતો, અન્યથા નયાભાસ થાત, અનુભૂતિ નહીં. જ્ઞાનનો સ્વભાવ જ પોતાના વિષયને અન્ય વિષયોથી ભિન્નતાપૂર્વક ગ્રહણ કરવાનો છે-આ અપેક્ષાથી નિર્વિકલ્પ અનુભૂતિ પણ સવિકલ્પ અર્થાત્ સાકારરૂપ છે, નિરાકાર નથી. શ્રદ્ધાનું લક્ષણ પ્રતીતિ માત્ર છે, તેથી તેમાં ન તો મુખ્ય-ગૌણનો વિકલ્પ છે અને ન અન્ય વિષયોથી ભિન્ન જાણવારૂપ સાકાર ઉપયોગપણું છે, તેમાં અહમ્પણાની પ્રતીતિ માત્ર છે.

પરમશુદ્ધનિશ્ચયનય, ત્રિકાળી શુદ્ધ પરમપારિણામિકભાવને વિષય બનાવે છે. જિનાગમમાં ઉપલબ્ધ આ નયના થોડા પ્રયોગ આ પ્રકારે છે -

1. **શુદ્ધનિશ્ચયનયથી સહજ જ્ઞાનાદિ પરમસ્વભાવભૂત ગુણોના આધારભૂત હોવાથી કારણશુદ્ધજીવ છે.**

- નિયમસાર, ગાથા ૯ ની ટીકા

2. **નિશ્ચયનયથી જીવ સત્તા, ચૈતન્ય તથા જ્ઞાનાદિ શુદ્ધ પ્રાણોથી જીવે છે.**

- પંચાસ્તિકાય, ગાથા ૨૭ ની જયસેનાચાર્યકૃત ટીકા

3. ધ્યાતા પુરૂષ એ જ ભાવના કરે છે કે **હું તો સકલ નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક, પરમભાવલક્ષણવાળો નિજપરમાત્મદ્રવ્ય જ છું, ખંડજ્ઞાનરૂપ નથી.**

-સમયસારની જયસેનાચાર્યકૃતની મોક્ષાધિકારની ચૂલિકા

4. **સવ્વે શુદ્ધા હુ શુદ્ધણયા** - બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૧૩

5. **જો એક શુદ્ધ વિકારવર્જિત, અચલ પરમ પદાર્થ હૈ,**
**જો એક જ્ઞાયકભાવ નિર્મલ, નિત્ય નિજ પરમાર્થ હૈ,**
**જિસકે દરશ વ જાનને કા, નામ દર્શન-જ્ઞાન હૈ,**
**હો નમન ઉસ પરમાર્થ કો, જિસમેં ચરણ હી ધ્યાન હૈ.**

-મંગલાચરણ, પરમભાવપ્રકાશક નયચક્ર

આ રીતે આધ્યાત્મિક ગ્રંથોમાં તથા વર્તમાનમાં રચિત આધ્યાત્મિક સાહિત્યમાં પરમશુદ્ધનિશ્ચયનયને બતાવવાવાળા સેંકડો પ્રયોગ ઉપલબ્ધ છે. ધ્યાન રહે-આ પ્રયોગોમાં પરમશુદ્ધનિશ્ચયનયને જ ક્યાંક શુદ્ધનિશ્ચયનય, ક્યાંક નિશ્ચયનય, ક્યાંક શુદ્ધનય કહેવામાં આવ્યો છે,પરંતુ તે બધાંને એકાર્થવાચક જ સમજવા જોઈએ. જિનાગમમાં આ જ રીતે સંક્ષિપ્ત નામ લેવાની પદ્ધતિ છે. ડૉ. હુકમચંદ ભારીલ્લ દ્વારા રચિત પ્રસિદ્ધ ગીત **'મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હું'** માં પરમશુદ્ધનિશ્ચનયના વિષયનો જ અસ્તિ અને નાસ્તિથી પરિચય કરાવવામાં આવ્યો છે.

**(બ) શુદ્ધનિશ્ચયનય અથવા સાક્ષાત્ શુદ્ધનિશ્ચયનય તથા તેના પ્રયોગ**

આલાપપદ્ધતિમાં કહ્યું છે કે જો નિરૂપાધિક ગુણ-ગુણીને અભેદરૂપથી વિષય કરે છે, તે શુદ્ધનિશ્ચયનય છે. જેમ, જીવને શુદ્ધ કેવળજ્ઞાનાદિરૂપ કહેવું. આ નય આત્માને ક્ષાયિકભાવ અર્થાત્ પૂર્ણ નિર્મળ પર્યાયોથી અભેદ કહીને તેના કર્તા-ભોક્તા પણ કહે છે. આ નયના કેટલાંક પ્રયોગ આ પ્રમાણે છે -

**1. શુદ્ધનિશ્ચયનયથી નિરૂપાધિ સ્ફટિક મણિ સમાન આત્મા, સમસ્ત રાગાદિ-વિકલ્પની ઉપાધિથી રહિત છે.**

- પ્રવચનસાર, તાત્પર્યવૃત્તિ ટીકાનું પરિશિષ્ટ

આ ઉદાહરણમાં પણ શુદ્ધનયના નાસ્તિપરક કથન કરવામાં આવ્યા છે.

**2. શુદ્ધનિશ્ચયનયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવ જીવના સ્વભાવ કહેવામાં આવે છે.** - પંચાસ્તિકાય, ગાથા ૬૧, જયસેનાચાર્યકૃત ટીકા

**3.. શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ અખંડ, કેવળજ્ઞાન અને કેવળદર્શન - આ બંને જીવના લક્ષણ છે.** - બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૬ ની ટીકા

**૪. અહો નિખરા કાંચન ચૈતન્ય, ખિલે સબ આઠો કમલ પુનીત,**
**અતીન્દ્રિય સૌખ્ય ચિરન્તન ભોગ, કરો તુમ ધવલ મહલ કે બીચ.**

- બાબૂ જુગલકિશોરજી 'યુગલ' કૃત સિદ્ધ-પૂજનની જયમાલા

**૫. અનુપમ સુખ તબ વિલસિત હોતા, કેવલ-રવિ જગમગ કરતા હૈ,**
**દર્શન-બલ પૂર્ણ પ્રગટ હોતા, યહ હી અરહંત અવસ્થા હૈ.**
– બાબૂ જુગલકિશોરજી 'યુગલ' કૃત દેવ-શાસ્ત્ર-ગુરૂ પૂજન

**(ક) એકદેશશુદ્ધનિશ્ચયનય તથા તેના પ્રયોગ**

આંશિક શુદ્ધપર્યાયરૂપ પરિણમિત દ્રવ્યને પૂર્ણ શુદ્ધરૂપ જોવાવાળો નય, એકદેશશુદ્ધનિશ્ચયનય છે.

બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૫૬ ની ટીકામાં પરમધ્યાનમાં સ્થિત જીવને નિશ્ચય મોક્ષમાર્ગસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, પરમજિનસ્વરૂપ આદિ વિશેષણોથી સંબોધિત કરવામાં આવ્યો છે. અહીં ટીકાનો તે અંશ આપવામાં આવી રહ્યો છે–

**તે પરમધ્યાનમાં સ્થિત જીવને જે વીતરાગ પરમાનંદરૂપ સુખનો પ્રતિભાસ થાય છે, તે જ નિશ્ચય મોક્ષમાર્ગસ્વરૂપ છે.... તે જ શુદ્ધાત્મસ્વરૂપ છે, તે જ પરમાત્મસ્વરૂપ છે, તે જ એકદેશ પ્રકટતારૂપ વિવક્ષિત એકદેશશુદ્ધનિશ્ચયનયથી સ્વશુદ્ધાત્મના સંવેદનથી ઉત્પન્ન સુખામૃતરૂપી જલના સરોવરમાં રાગાદિ મળરહિત હોવાને લીધે પરમહંસસ્વરૂપ છે. આ એકદેશવ્યક્તિરૂપ શુદ્ધનયના વ્યાખ્યાનને પરમાત્મ ધ્યાનભાવનાની નામમાળામાં જ્યાં આ કથન છે, ત્યાં પરમાત્મ ધ્યાનભાવનાથી પરમબ્રહ્મસ્વરૂપ, પરમવિષ્ણુસ્વરૂપ, પરમશિવસ્વરૂપ, પરમજિનસ્વરૂપ આદિ અનેક નામ ગણાવવામાં આવ્યા છે, તેને પરમાત્મતત્ત્વના જ્ઞાનીઓ દ્વારા જાણવા જોઈએ.**

આંશિક શુદ્ધપર્યાયરૂપ પરિણમિત આત્મા અથવા આંશિક શુદ્ધ પર્યાય પણ એકદેશ શુદ્ધનયનો વિષય બને છે. સ્વભાવ-દ્રષ્ટિથી અનંતજ્ઞાન, સુખ આદિ શક્તિઓનો અખંડ પિંડ હોવા છતાં પણ તેને એકદેશશુદ્ધ પર્યાયની મુખ્યતાથી જ્ઞાની, સમ્યક્દ્રષ્ટિ, શ્રાવક, સાધુ આદિ ભૂમિકાઓની અપેક્ષાએ આ નામોથી સંબોધિત કરવામાં આવે છે. તે સંબંધી કેટલાંક ઉદાહરણો આ પ્રકારે છે –

**૧. કમ્મસ્સ ય પરિણામં, ણોકમ્મસ્સ ય તહેવ પરિણામં,**
**ણ કરેઈ એયમાદા, જો જાણદિ સો હવદિ ણાણી.**
–આચાર્ય કુંદકુંદદેવ, સમયસાર, ગાથા ૭૫

**૨. ક્ષણભર નિજ રસ કો પી ચેતન, મિથ્યામલ કો ધો દેતા હૈ,**
**કાષાયિક ભાવ વિનષ્ટ કિયે, નિજ આનંદ અમૃત પીતા હૈ.**
– બાબૂ જુગલકિશોરજી 'યુગલ' કૃત દેવ-શાસ્ત્ર-ગુરૂ પૂજન

**૩. ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમિ ચંદન,**
**કેલિ કરૈં શિવમારગ મેં, જગ માહિં જિનેસુર કે લઘુનંદન.**
**સત્યસ્વરૂપ સદા જિનકે, પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,**
**શાન્તદશા તિનકી પહચાન, કરૈં કર-જોરિ બનારસી વંદન.**
–કવિવર બનારસીદાસજી, નાટક સમયસાર

**પ્રશ્ન :** આંશિક શુદ્ધપર્યાયથી તન્મય આત્માને એકદેશ-શુદ્ધનિશ્ચયનયનો વિષય કહેવો તો ઠીક છે, પરંતુ આંશિક શુદ્ધ-અવસ્થાને પૂર્ણ શુદ્ધ કહેવું, સત્ય કઈ રીતે હોઈ શકે?

**ઉત્તર :** પ્રત્યેક નય પોતાની અપેક્ષાથી જે પણ કથન કરે છે, સંપૂર્ણ દ્રવ્યના વિષયમાં જ કરે છે. નયોની વ્યાખ્યાના પ્રકરણમાં પણ એ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે વસ્તુના એકદેશમાં વસ્તુનો નિશ્ચય કરવો જ અભિપ્રાય (નય) છે અને જ્ઞાતાનો અભિપ્રાય જ નય છે.

જે રીતે પરમશુદ્ધનિશ્ચયનય, પર્યાયગત અશુદ્ધતાને ગૌણ કરીને દ્રવ્યની મુખ્યતાથી દ્રવ્યને શુદ્ધ કહે છે અને અશુદ્ધનિશ્ચયનય દ્રવ્યગત શુદ્ધતાને ગૌણ કરીને પર્યાયની મુખ્યતાથી દ્રવ્યને અશુદ્ધ કહે છે, આ જ રીતે એકદેશશુદ્ધનિશ્ચયનય પણ આંશિક શુદ્ધ પર્યાયમાં વિદ્યમાન અશુદ્ધતાના અંશને ગૌણ કરીને તેને પૂર્ણ શુદ્ધ કહે છે.

**પ્રશ્ન :** પર્યાયગત શુદ્ધતા-અશુદ્ધતાને ગૌણ કરવી અલગ વાત છે અને આંશિક શુદ્ધ પર્યાયને પૂર્ણ શુદ્ધ કહેવી અલગ વાત છે. શું લોકમાં અથવા જિનાગમમાં આવા પ્રયોગ ઉપલબ્ધ થાય છે?

**ઉત્તર :** હાં, (૧) શહેરના કોઈ એક મકાનમાં આગ લાગવાથી તે શહેરમાં આગ લાગી ગઈ-એવું પ્રચલિત છે જ. આ જ રીતે (૨) એલ.એલ.બી. ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લેવાથી તે વિદ્યાર્થીને લોકો વકીલ સાહેબ કહેવા લાગે છે. (૩) આપણે નગરના એક નાનકડા ભાગમાં રહેવા છતાં પણ પોતાને તે નગર/રાજ્ય/દેશમાં રહેવાવાળા કહીએ છીએ. ન માત્ર કહીએ છીએ, પરંતુ તેવો અનુભવ પણ કરીએ છીએ. (૪) કોઈ સમાજમાં કેટલાંક વ્યક્તિ સજ્જન, હોંશિયાર અથવા વિદ્વાન હોય તો આખા સમાજને તેવો કહેવામાં આવે છે.

આ તો થયા લોકમાં પ્રચલિત કેટલાંક પ્રયોગ. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૮ ની ટીકામાં છદ્મસ્થ જીવને એકદેશશુદ્ધનિશ્ચયનયથી ભાવનારૂપથી વિવક્ષિત અનંત જ્ઞાન-સુખ આદિનો કર્તા અને મુક્ત-અવસ્થામાં શુદ્ધનય (સાક્ષાત્શુદ્ધનિશ્ચયનયથી) અનંત સુખ આદિનો કર્તા કહ્યો છે. ટીકાનો તે અંશ આ પ્રકારે છે -

**જ્યારે જીવ, શુભ-અશુભરૂપ ત્રણ યોગના વ્યાપારથી રહિત, શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવરૂપથી પરિણમન કરે છે, ત્યારે છદ્મસ્થ અવસ્થામાં ભાવનારૂપથી વિવક્ષિત અનંત જ્ઞાન-સુખાદિ શુદ્ધભાવોનો એકદેશશુદ્ધનિશ્ચયનયથી કર્તા છે અને મુક્ત-અવસ્થામાં અનંત જ્ઞાન-સુખાદિભાવોનો શુદ્ધનયથી કર્તા છે.**

*આ સંદર્ભમાં આ વાત ગંભીરતાથી વિચારણીય છે કે જ્યારે છદ્મસ્થ જીવને નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટ થાય છે, ત્યારે તે, તેમાં આવવાવાળા અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મગ્ન રહે છે, નહીં કે તે કેટલો છે, અધૂરો છે કે પૂરો છે-એવા વિકલ્પ કરે છે. જરા વિચારો!*

*ચતુર્થ ગુણસ્થાનવર્તી જ્ઞાની જીવ જ્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં મગ્ન થાય છે, ત્યારે શું તેને હું ચતુર્થ ગુણસ્થાનમાં છું, હજુ આ આનંદ અધૂરો છે, હજી તો ત્રણ કષાય ચોકડીનો સદ્ભાવ છે..... ઈત્યાદિ વિકલ્પ થતા હશે? નહીં! તેઓ તો પૂર્ણ-અપૂર્ણના વિકલ્પ રહિત તે આનંદના સ્વાદમાં જ મગ્ન રહે છે. તેથી તેઓને ભાવનાની અપેક્ષાએ એકદેશશુદ્ધનિશ્ચયનયથી અનંતજ્ઞાન-સુખ આદિનો કર્તા-ભોક્તા કહેવાની વિવક્ષા સમજવામાં આવે તો આ કથન અયોગ્ય નહીં લાગે.*

**(ડ) અશુદ્ધનિશ્ચયનય તથા તેના પ્રયોગ**

આત્માની પર્યાયમાં થવાવાળા મતિજ્ઞાનાદિ ક્ષયોપશમભાવ અથવા મિત્યાત્વ તથા રાગાદિ વિકારીભાવોને આત્માના કહેવા, આત્માને આ ભાવોરૂપ પરિણમિત થતાં જાણવા, અશુદ્ધનિશ્ચયનય છે. આ નય ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવોને જીવની સાથે અભેદ બતાવે છે તથા તેમની સાથે કર્તા-કર્મ આદિ સંબંધ પણ બતાવે છે. જિનાગમમાં આ નયનો પ્રયોગ પણ સર્વત્ર ઉપલબ્ધ છે, જેમાંથી કેટલાંક પ્રયોગ અહીં આપવામાં આવી રહ્યા છે -

1. **સોપાધિક ગુણ-ગુણીમાં અભેદ દર્શાવવાવાળો અશુદ્ધ-નિશ્ચયનય છે. જેમ, મતિજ્ઞાનાદિને જીવ કહેવો.**

- આચાર્ય દેવસેન, આલાપપદ્ધતિ

2. અશુદ્ધનિશ્ચયનયનો અર્થ કહેવામાં આવે છે - **કર્મોપાધિથી ઉત્પન્ન થયો હોવાથી અશુદ્ધ કહેવાય છે અને આત્મા, તે સમયે તપેલા લોખંડના ગોળા સમાન તન્મય હોવાથી નિશ્ચય કહેવાય છે. આ રીતે અશુદ્ધ અને નિશ્ચય-આ બંનેનો મિલાપ કરીને (ભેળવીને) અશુદ્ધ નિશ્ચયનય કહેવામાં આવે છે.**

-બ્રહ્મદેવ સૂરિ, બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૮ ની ટીકા

**3. જીવના કર્મોના ક્ષયોપશમથી થવાવાળા જેટલા ભાવ છે, તે જીવના ભાવપ્રાણ હોય છે-એવું અશુદ્ધનિશ્ચયનયથી જાણવું જોઈએ.**

- પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર, ગાથા ૮ ની ટીકા

**4. કમ્મે ણોકમ્મમ્હિ ય અહમિદિ અહકં ચ કમ્મ ણોકમ્મં,**
**જા એસા ખલુ બુદ્ધિ અપ્પડિબુદ્ધો હવદિ તાવ.**

-આચાર્ય કુંદકુંદ, સમયસાર, ગાથા ૧૯

**5. મૈં રાગી-દ્વેષી હો લેતા, જબ પરિણતિ હોતી હૈ જડ કી।**

- બાબૂ જુગલકિશોરજી 'યુગલ' કૃત દેવ-શાસ્ત્ર-ગુરૂ પૂજન

આ પ્રકારે નિશ્ચયનયના ચાર ભેદોનું સ્વરૂપ તથા જિનાગમમાં ઉપલબ્ધ તેના પ્રયોગોની ચર્ચા કરવામાં આવી. જો કે અહીં અધિકાંશ પ્રયોગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ કેટલાક અલગ પ્રકારના પ્રયોગ પણ ઉપલબ્ધ થઈ શકે છે.

પ્રવચનસાર, ગાથા ૧૮૮-૧૮૯ માં શુદ્ધનયનો પ્રયોગ અલગ જ દ્રષ્ટિથી કરવામાં આવ્યો છે. ત્યાં **આત્માને નિશ્ચયનયથી રાગાદિના ગ્રહણ-ત્યાગનો કર્તા કહેવામાં આવ્યો છે.** પ્રવચનસાર, ગાથા ૧૮૮ ની અમૃતચંદ્રાચાર્યકૃત ટીકામાં કહ્યું છે કે **આત્મા, એકલો જ બંધ છે - એવું જોવું જોઈએ, કારણ કે નિશ્ચયનયનો વિષય શુદ્ધદ્રવ્ય છે.** અહીં બંધભાવરૂપ પરિણમિત આત્માને શુદ્ધનયનો વિષય કહેવામાં આવ્યો છે.

આત્મા કોનો કર્તા છે અને તેનું કર્મ શું છે-આ સંદર્ભમાં ગાથા ૧૮૯ ની ટીકામાં કહેવામાં આવ્યું છે-**રાગ-પરિણામ જ આત્માનું કર્મ છે, તે જ પુણ્ય-પાપરૂપ દ્વૈત છે, આત્મા રાગ-પરિણામનો જ કર્તા છે, તેનો જ ગ્રહણ કરવાવાળો છે અને તેનો જ ત્યાગ કરવાવાળો છે-આ શુદ્ધદ્રવ્યનાં નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય છે અને**

**જે પુદ્ગલ-પરિણામ, આત્માનું કર્મ છે, તે જ પુણ્ય-પાપરૂપ દ્વૈત છે, આત્મા પુદ્ગલ-પરિણામનો કર્તા છે, તેનું ગ્રહણ કરવાવાળો છે અને છોડવાવાળો છે-એવો અશુદ્ધદ્રવ્યના નિરૂપણ સ્વરૂપ વ્યવહારનય છે.**

**પ્રશ્ન** : આનાથી પહેલા રાગાદિરૂપ પરિણમિત આત્માને અશુદ્ધનયનો વિષય કહ્યો હતો, હવે તેને શુદ્ધદ્રવ્યનું નિરૂપણ કહેવામાં આવી રહ્યું છે? જિનાગમમાં આ વિરોધ કેવી રીતે સંભવ છે?

**ઉત્તર** : અપેક્ષા સમજવાથી બધાં વિરોધ દૂર થઈ જાય છે. અહીં પરદ્રવ્યોથી ભિન્નતાને જ શુદ્ધતા કહેવામાં આવી છે. આત્માનુભૂતિના પ્રયોજનથી રાગાદિ રહિત સ્વભાવને શુદ્ધતા કહેવામાં આવે છે. તેથી બંને કથનોની અપેક્ષા સમજવી જોઈએ. ૧૮૯ મી ગાથાની ફૂટનોટમાં આ પ્રકરણનું નિમ્નાનુસાર સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે -

**નિશ્ચયનય માત્ર સ્વદ્રવ્યના પરિણામને બતાવે છે, માટે તેને શુદ્ધદ્રવ્યનું કથન કરવાવાળો કહ્યો છે અને વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ બતાવે છે, માટે તેને અશુદ્ધદ્રવ્યનું કથન કરવાવાળો કહ્યો છે.**

**પ્રશ્ન** : વ્યવહારનયને હેય અને નિશ્ચયનયને ઉપાદેય માનવામાં આવે છે તો ઉપરોક્ત વ્યાખ્યાનુસાર રાગને ગ્રહણ-ત્યાગ કરવાવાળો આત્મા ઉપાદેય કેવી રીતે હોઈ શકે છે?

**ઉત્તર** : નિશ્ચયનય, વ્યવહારનયનો નિષેધક હોય છે, તેથી આત્મા, નિશ્ચયથી પોતાના પરિણામોના ગ્રહણ-ત્યાગનો કર્તા છે. આ કથનથી એ નિશ્ચય કરવો જોઈએ કે આત્મા, પરદ્રવ્યોના ગ્રહણ-ત્યાગનો કર્તા નથી-એવો નિર્ણય થવાથી દ્રષ્ટિ, પરદ્રવ્યોથી ખસીને (હટીને) સ્વદ્રવ્ય-સામાન્યના સન્મુખ થવાથી રાગની ઉત્પત્તિ પણ

નથી થતી. આ સંદર્ભમાં પ્રવચનસાર, ગાથા ૧૮૯ ની ફૂટનોટમાં પ્રશ્નોત્તરના રૂપમાં આપવામાં આવેલ નિમ્નલિખિત સ્પષ્ટીકરણ ગંભીરતાથી વિચાર કરવા યોગ્ય છે -

**પ્રશ્ન : દ્રવ્ય-સામાન્યનું આલંબન જ ઉપાદેય છે, છતાં પણ અહીં રાગ-પરિણામની ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયોને સ્વીકાર કરવાવાળા નિશ્ચયનયને ઉપાદેય શા માટે કહ્યો છે ?**

**ઉત્તર : રાગ-પરિણામનો કર્તા પણ આત્મા જ છે અને વીતરાગ-પરિણામનો પણ. અજ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે અને જ્ઞાનદશા પણ-આવા યથાર્થ જ્ઞાનની અંદર દ્રવ્ય-સામાન્યનું જ્ઞાન ગર્ભિત રૂપથી સમાઈ જ જાય છે. જો વિશેષનું સારી રીતે યથાર્થ જ્ઞાન હોય તો આ વિશેષોને (ઉત્પન્ન) કરવાવાળાં સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના પર્યાયોનું યથાર્થ જ્ઞાન થઈ જ ન શકે, માટે ઉપરોક્ત નિશ્ચયનયમાં દ્રવ્ય-સામાન્યનું જ્ઞાન ગર્ભિતરૂપથી સમાઈ જ જાય છે. જે જીવ, 'બંધમાર્ગરૂપ પર્યાયમાં તથા મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં આત્મા, એકલો જ છે' આ રીતે યથાર્થપણે (દ્રવ્ય-સામાન્યની અપેક્ષા સહિત) જાણે છે, તે જીવ પરદ્રવ્યથી સંપૃક્ત નથી થતો અને દ્રવ્ય-સામાન્યની અંદર પર્યાયોને ડૂબાવીને, એકરૂપ કરીને સુવિશુદ્ધ થાય છે. આ રીતે અવલંબનનો અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.**

આ રીતે પ્રવચનસારમાં વર્ણિત શુદ્ધનયની વિવક્ષાનું વર્ણન કરવામાં આવ્યું.

નિશ્ચયનયના ઉપરોક્ત ચાર ભેદોના વિષયમાં અને વધારે વિચાર-વિર્મશ કરવા માટે અહિંયા કેટલાંક પ્રશ્નોત્તર વિશેષરૂપથી આપવામાં આવી રહ્યા છે-

**પ્રશ્ન ૧ :** જો આંશિક શુદ્ધપર્યાયરૂપ પરિણમિત આત્માને વિષય

બનાવવાવાળો નય, એકદેશશુદ્ધનિશ્ચયનય કહેવાય છે તો શું આંશિક અશુદ્ધરૂપ પરિણમિત આત્માને વિષય બનાવવાવાળો એકદેશઅશુદ્ધનિશ્ચયનય પણ હોઈ શકે છે?

**ઉત્તર** : એકદેશઅશુદ્ધનિશ્ચયનય કહી તો શકાય છે, પરંતુ એકદેશશુદ્ધ કહેવામાં આ વાત ગર્ભિત જ છે કે એકદેશ-અશુદ્ધતા બાકી છે. માટે આગમમાં તેનો અલગથી ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. આ સંદર્ભમાં ક્ષુલ્લક જિનેન્દ્ર વર્ણીએ નયદર્પણ, પાના નં. ૬૨૪ ઉપર નીચે મુજબ સ્પષ્ટીકરણ કર્યું છે -

**આગમમાં કારણ કે જીવોને ઉપર લાવવાની ભાવના પ્રમુખ છે, તેથી અહીં એકદેશશુદ્ધનિશ્ચયનયનું કથન તો આવી જાય છે, પરંતુ એકદેશઅશુદ્ધનિશ્ચયનયનું કથન નથી કરવામાં આવતું. પોતાની બુદ્ધિથી આપણે એકદેશઅશુદ્ધનિશ્ચયનયનો પણ સ્વીકાર કરી શકીએ છીએ. જેટલાં પણ નય, આગમમાં લખ્યા છે, તેટલાં જ હોય-એવો નિયમ નથી. ત્યાં તો એક સામાન્ય નિયમ બતાવી દીધો છે. તેના આધાર પર અન્ય નય પણ યથાયોગ્યરૂપથી સ્થાપિત કરી શકાય છે.**

**જે રીતે સાધકના ક્ષાયોપશમિકભાવને એકદેશશુદ્ધનિશ્ચયનય થી ક્ષાયિકવત્ પૂર્ણ શુદ્ધ કહેવામાં આવે છે, તેવી જ રીતે તેને એકદેશઅશુદ્ધ-નિશ્ચયનયથી ઔદયિકવત્ પૂર્ણ અશુદ્ધ પણ કહી શકાય છે. તેમાં કોઈ વિરોધ નથી.**

**પ્રશ્ન ૨** : નિશ્ચયના ઉપરોક્ત ચાર ભેદોની વિષય-વસ્તુ, પાંચ ભાવ, સાત તત્ત્વ તથા ચૌદ ગુણસ્થાનોમાં કેવી રીતે ઘટિત થાય છે?

**ઉત્તર** : અહીં આપવામાં આવેલ કોષ્ટકથી નિશ્ચયનયના ભેદોની વિષય-વસ્તુને વિભિન્ન સંદર્ભોમાં સમજી શકાય છે.

| નિશ્ચયનય ના ભેદ | પાંચ ભાવ | સાત તત્ત્વ | ચૌદ ગુણસ્થાન |
|---|---|---|---|
| 1. પરમશુદ્ધ નિશ્ચયનય | પરમ પારિણામિક ભાવ | શુદ્ધ જીવતત્ત્વ | ગુણસ્થાનાતીત (બધાં જીવોમાં જોવામાં આવે છે) |
| 2. સાક્ષાત્‌શુદ્ધ નિશ્ચયનય | ક્ષાયિક ભાવ | મોક્ષ તત્ત્વ | ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી રહેવાવાળો ક્ષાયિકભાવ |
| 3. એકદેશશુદ્ધ નિશ્ચયનય | ક્ષાયોપશમિક ભાવ અને ઉપશમ ભાવ | સંવર-નિર્જરા તત્ત્વ | ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી થવાવાળી આંશિક શુદ્ધ પર્યાય |
| 4. અશુદ્ધ નિશ્ચયનય | ઔદયિક ભાવ અને ક્ષાયોપશમિક ભાવ | આસ્રવ-બંધ તત્ત્વ | પ્રથમ ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન કે ચૌદમા ગુણસ્થાન સુધી થવાવાળા ઔદયિકભાવ |

**પ્રશ્ન 3** - ક્ષાયોપશમિક ભાવને એકદેશ શુદ્ધનિશ્ચયનયનો વિષય પણ કહેવામાં આવે છે અને અશુદ્ધનિશ્ચયનયનો વિષય પણ કહેવામાં આવે છે? આ સંબંધમાં વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરો?

**ઉત્તર** : ક્ષયોપશમભાવોમાં શુદ્ધતા અને અશુદ્ધતા બંનેનું મિશ્રણ હોય છે, તેથી તેમાં વિદ્યમાન શુદ્ધતાના અંશથી આત્માને અભેદ જોવો, એકદેશશુદ્ધનિશ્ચયનય કહેવાય છે અને તેમાં વિદ્યમાન અશુદ્ધતાના અંશની સાથે આત્માને અભિન્ન જોવો, અશુદ્ધનિશ્ચયનય કહેવાય છે.

એકદેશશુદ્ધનિશ્ચયનય આંશિક શુદ્ધપર્યાયોને જ આત્માથી અભિન્ન જુએ છે. અપૂર્ણતાની અપેક્ષાથી આને **એકદેશ** અને શુદ્ધતાની

અપેક્ષાથી **શુદ્ધ** અને આત્માની પર્યાય હોવાથી તેને **નિશ્ચય** કહેવામાં આવે છે. આત્માને જ્ઞાની, ધર્માત્મા, શ્રાવક, મુનિ આદિ આત્મીક પર્યાયોથી અભિન્ન જાણવો, પર્યાયગત યથાર્થ તો છે જ, તેથી તેમાં **યથાર્થ નિરૂપણ સો નિશ્ચય** એ વ્યાખ્યા પણ ઘટિત થાય છે.

**પ્રશ્ન ૪ :** કર્તા-કર્મ વ્યવસ્થામાં નિશ્ચયનયના ચાર ભેદ કઈ રીતે ઘટિત થાય છે?

**ઉત્તર :** આત્માની કર્તા-કર્મ વ્યવસ્થાના મુખ્ય મુદ્દાઓ આ પ્રકારે છે -

1. આત્મા, ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયથી ધંધા-વ્યાપાર, મકાન આદિ પર-પદાર્થોનો કર્તા છે.

2. આત્મા, અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયથી પુદ્ગલની પર્યાયરૂપ દ્રવ્ય-આશ્રવ-બંધ-પુણ્ય-પાપ પદાર્થોનો કર્તા છે. આત્માને દ્રવ્ય-સંવર-નિર્જરા-મોક્ષનો કર્તા પણ આ જ નયના કથન જાણવા જોઈએ.

3. આત્મા, અશુદ્ધનિશ્ચયનયથી પોતાના આશ્રવ-બંધ-પુણ્ય-પાપ આદિ ભાવોનો કર્તા છે.

4. આત્મા, વિવક્ષિત એકદેશશુદ્ધનિશ્ચયનયથી સંવર-નિર્જરારૂપ શુદ્ધભાવોનો કર્તા છે.

5. આત્મા, સાક્ષાત્શુદ્ધનિશ્ચયનયથી પૂર્ણ નિર્મળ પર્યાયોનો કર્તા છે.

6. આત્મા, પરમશુદ્ધનિશ્ચયનયથી અકર્તૃત્વશક્તિસ્વરૂપ નિષ્ક્રિય ધ્રુવ તત્ત્વરૂપ પરમપારિણામિકભાવસ્વરૂપ છે.

*વિશેષ : આત્માને રાગાદિનો કર્તા કહેવામાં ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય તથા શુદ્ધપર્યાયનો કર્તા કહેવામાં અનુપચરિત સદ્ભૂતવ્યવહારનય પણ ઘટિત થઈ શકે છે. આ પ્રકરણનું*

*સ્પષ્ટીકરણ વ્યવહારનયના ભેદ-પ્રભેદ વાળા અધ્યાયમાં કરવામાં આવશે.*

**પ્રશ્ન ૫** : એકદેશ-શુદ્ધનિશ્ચયનયના વિષયભૂત શુદ્ધભાવના નામાંતર પણ ઉપલબ્ધ હોય છે શું?

**ઉત્તર** : સમયસાર, ગાથા ૩૨૦ની જયસેનાચાર્ય કૃત ટીકામાં એકદેશ-શુદ્ધનિશ્ચયનયના વિષયને અધ્યાત્મભાષામાં દ્રવ્યશક્તિરૂપ શુદ્ધ પારિણામિક ભાવની ભાવના, નિર્વિકલ્પ-સમાધિ, શુદ્ધોપયોગ, શુદ્ધાત્માભિમુખ પરિણામ આદિ અનેક નામોથી કહેવામાં આવેલ છે. આ જ પરિણામને આગમ ભાષામાં ભવ્યત્વનામક પારિણામિક-ભાવની પ્રગટતા તથા ઔપશમિક અથવા ક્ષાયોપશમિક ભાવ પણ કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૬** : સાધકદશાનો શુદ્ધોપયોગ, એકદેશશુદ્ધનિશ્ચયનય નો વિષય છે તો ૧૨મા ગુણસ્થાન સુધી અશુદ્ધનિશ્ચયનય કેવી રીતે ઘટિત થશે?

**ઉત્તર** : સાધકનો શુદ્ધોપયોગ, ક્ષયોપશમભાવરૂપ હોવાથી તેમાં અશુદ્ધતાનો અંશ પણ છે, તેથી તે અશુદ્ધનિશ્ચયનયનો વિષય બનશે. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૩૪ ની ટીકામાં આનું સ્પષ્ટીકરણ આ પ્રકારે કરવામાં આવ્યું છે -

**શંકા : અશુદ્ધનિશ્ચયનયમાં મિથ્યાદ્રષ્ટિ આદિ ગુણસ્થાનોમાં (અશુભ, શુભ અને શુદ્ધ) ત્રણ ઉપયોગોની વ્યાખ્યા કરી, ત્યાં અશુદ્ધનિશ્ચયનયમાં શુદ્ધોપયોગ કઈ રીતે ઘટિત થાય છે?**

**સમાધાન : શુદ્ધોપયોગમાં શુદ્ધ, બુદ્ધ, એકસ્વભાવી નિજાત્મા ધ્યેય હોય છે. આ કારણે શુદ્ધ ધ્યેયવાળો હોવાથી, શુદ્ધ અવલંબનવાળો હોવાથી અને શુદ્ધાત્મસ્વરૂપનો સાધક હોવાથી અશુદ્ધનિશ્ચયનયમાં શુદ્ધોપયોગ ઘટિત થાય છે.**

**'સંવર' શબ્દથી વાચ્ય તે શુદ્ધોપયોગ, સંસારના કારણભૂત**

**મિથ્યાત્વ-રાગાદિ અશુદ્ધપર્યાયની જેમ અશુદ્ધ નથી હોતો, તે જ રીતે તેના ફળભૂત કેવળજ્ઞાનરૂપ શુદ્ધપર્યાયની જેમ શુદ્ધ પણ નથી હોતો, પરંતુ તે શુદ્ધ અને અશુદ્ધ બંને પર્યાયોથી વિલક્ષણ, શુદ્ધાત્માના અનુભવરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક, મોક્ષનું કારણભૂત, એકદેશ પ્રગટ, એકદેશ નિરાવરણ-એવી તૃતીય અવસ્થારૂપ કહેવાય છે.**

**વિશેષ :** *૧૨મા ગુણસ્થાનમાં જો કે ક્ષાયિકચારિત્ર પ્રગટ થઈ જાય છે, જે સાક્ષાત્‌શુદ્ધનિશ્ચયનયનો વિષય બને છે, પરંતુ ત્યાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયનો ઉદય હોવાથી કેવળજ્ઞાન-રૂપ શુદ્ધ પર્યાય ન હોવાથી એકદેશશુદ્ધનિશ્ચયનય ઘટિત કરવામાં આવ્યો છે.*

**પ્રશ્ન ૭ :** નિશ્ચયનયને એક સામાન્યનો જ ગ્રાહી હોવાથી અભેદ તથા એક જ પ્રકારનો બતાવવામાં આવ્યો હતો, તો પછી તેના ચાર ભેદ કરવાનું શું પ્રયોજન છે?

**ઉત્તર :** પરદ્રવ્યો તથા પોતાની શુદ્ધાશુદ્ધ પર્યાયોથી પણ ભિન્ન નિજ શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન કરાવવું તે જ આ ચાર ભેદોનું પ્રયોજન છે. અહીં એ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ પ્રયોજનની સિદ્ધિમાં કયો ભેદ, કઈ રીતે સહાયક થાય છે.

1. **અશુદ્ધનિશ્ચયનયનું પ્રયોજન :** પ્રત્યેક દ્રવ્ય, પોતાનું કાર્ય કરવામાં પૂર્ણ સ્વતંત્ર છે અને પ્રત્યેક જીવ પણ પોતાનું સારું-ખરાબ કરવામાં પૂર્ણ સમર્થ છે અને સ્વતંત્ર છે, માટે તેને પરદ્રવ્યના સહયોગની જરાપણ જરૂર નથી-આ સિદ્ધ કરવું જ અશુદ્ધ-નિશ્ચયનયનું પ્રયોજન છે, કારણ કે તે રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ અપ્રિય અવસ્થાઓનો પણ પોતાની જેમ સ્વીકાર કરે છે, તેના કર્તૃત્વ અને ભોકતૃત્વનો પણ સ્વીકાર કરે છે. જીવ, સ્વયં પોતાની ભૂલથી દુઃખી છે, તેમાં કોઈ કર્મ કે નોકર્મનો દોષ નથી-આ સત્યની સિદ્ધિ, અશુદ્ધનિશ્ચયનયથી થાય છે.

**2. એકદેશશુદ્ધનિશ્ચયનયનું પ્રયોજન** : જો કે જીવ, સ્વયં પોતાના સ્વરૂપને ભૂલીને રાગાદિ ભાવ કરે છે, પરંતુ તે દુઃખરૂપ છે, અશુચિ છે તથા જીવના સ્વભાવથી વિપરીત છે, માટે જીવથી ભિન્ન છે. તેથી આ ભાવોરૂપ પરિણમિત આત્માના લક્ષથી દુઃખોથી મુક્તિ નથી થઈ શકતી. પોતાના સ્વરૂપને તેમના કર્તા-ભોક્તા માનવું તે અજ્ઞાન છે. જે રાગની રચના કરે, તે આત્માનું વીર્ય ન હોઈ શકે, આત્મા તો જ્ઞાનાનંદ સ્વભાવી છે, તેથી અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ જ તેનું કાર્ય છે. આ રીતે રાગથી દ્રષ્ટિ હટાવીને, મોક્ષમાર્ગ પ્રગટ કરવો, એકદેશશુદ્ધનિશ્ચયનયનું પ્રયોજન છે, કારણ કે તે રાગાદિ વિકારી ભાવોનો નિષેધ કરીને, આત્માને સમ્યક્દર્શન આદિ નિર્મળ પર્યાયોનો કર્તા કહીને, તેને પ્રગટ કરવાની પ્રેરણા આપે છે. આ રીતે એકદેશશુદ્ધનિશ્ચયનય, અશુદ્ધનિશ્ચયનયનો નિષેધ કરીને, તેને વ્યવહારના પક્ષમાં નાખી દે છે.

**3. સાક્ષાત્શુદ્ધનિશ્ચનયનું પ્રયોજન** : આંશિક શુદ્ધ પર્યાયો પણ અપૂર્ણ હોવાથી આત્માના પૂર્ણ સ્વભાવનું પ્રતિનિધિત્વ નથી કરતી તથા તેના પર દ્રષ્ટિ કરવાથી નિર્મળ પર્યાય નથી થતી, માટે તે પણ હેય છે. તે પર્યાયો સાદિ-સાંત છે, જ્યારે આત્મા, અનાદિ અનંત છે. એકદેશશુદ્ધતા સાધન છે, સાધ્ય નહીં, જ્યારે મોક્ષ, પૂર્ણ શુદ્ધ પર્યાય છે, તે જ સાધ્ય છે અને આત્માના પરિપૂર્ણ સ્વભાવનું પ્રતિનિધિત્વ પણ કરે છે, માટે મોક્ષ, પૂર્ણ ઉપાદેય છે.

આ રીતે સાક્ષાત્શુદ્ધનિશ્ચયનય, અપૂર્ણ શુદ્ધપર્યાયોથી દ્રષ્ટિ હટાવીને, સાધકને સાધનમાં ન અટકાવી, સાધ્યની દિશા તરફ આગળ વધવાની પ્રેરણા આપતો થકો, એકદેશશુદ્ધનિશ્ચયનયનો નિષેધ કરતો થકો, તેને વ્યવહારના પક્ષમાં નાખી દે છે.

**4. પરમશુદ્ધનિશ્ચયનયનું પ્રયોજન** : જો કે ક્ષાયિક ભાવ, પૂર્ણ શુદ્ધ પર્યાય છે, સાદિ-અનંત છે, સાધ્ય છે, છતાંય તે પણ ક્ષણવર્તી

પર્યાય હોવાથી આલંબન યોગ્ય નથી, દ્રષ્ટિનો વિષય નથી. હું તો અનાદિ-અનંત શાશ્વત ત્રિકાળી ધ્રુવ તત્ત્વ છું, **માત્ર પિંડ છું, વૃત્તિ નહીં**. આ રીતે પરમભાવગ્રાહી પરમશુદ્ધનિશ્ચયનય પ્રગટ થઈને સાક્ષાત્ શુદ્ધનિશ્ચયનયનો પણ નિષેધ કરતો થકો, તેને વ્યવહારના પક્ષમાં નાખી દે છે.

પરમશુદ્ધનિશ્ચયનય, સ્વયં પોતાનાથી સંબંધિત વિકલ્પોનો નિષેધ કરતો થકો ઉદિત થાય છે, પરંતુ તેનો વિષય જ શ્રદ્ધેય-જ્ઞેય અને ધ્યેય હોવાથી તેનો નિષેધ કરવાવાળો કોઈ નય નથી. તેનો નિષેધ કરવાની આવશ્યકતા પણ નથી. તેનો નિષેધ તો આપણી મિથ્યા માન્યતામાં અનાદિથી થઈ જ રહ્યો છે, તેથી તેનો નિષેધ શા માટે કરવામાં આવે? તેમાં સર્વસ્વ સમર્પણ કરવાનું છે, તેનો નિષેધ નહીં.

આ રીતે નિશ્ચયનયના ચાર ભેદ, દ્રષ્ટિને અનુક્રમે પરપદાર્થો, વિકારીભાવ, આંશિક અને પૂર્ણ શુદ્ધપર્યાયોથી ભિન્ન અનાદિ-અનંત કારણ પરમાત્મા ઉપર દ્રષ્ટિ સ્થાપિત કરાવે છે અને એ જ પ્રત્યેક આત્માર્થીનું મૂળ પ્રયોજન છે.

**પ્રશ્ન 8 :** નિશ્ચયનયના આ ચાર ભેદોનો સ્વીકાર ન કરવામાં આવે તો શું નુકસાન છે?

**ઉત્તર :** પ્રારંભના ત્રણ ભેદોનો કથંચિત્ નિષેધ કરીને જ પરમશુદ્ધનિશ્ચનય સુધી પહોંચી શકાશે, પરંતુ જો તેનો સર્વથા નિષેધ કરવામાં આવે અર્થાત્ તેના વિષયવસ્તુનો સ્વીકાર જ ન કરવામાં આવે તો પ્રયોજનભૂત તત્ત્વોનો યથાર્થ નિર્ણય નહીં થઈ શકે અને મોક્ષમાર્ગની પ્રક્રિયા જ નષ્ટ થઈ જશે. અહીં આ જ વાતનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

1. **અશુદ્ધનિશ્ચયનય** તથા તેના વિષયનો સર્વથા નિષેધ

કરવાથી **અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા**-આ રહસ્ય સમજમાં નહીં આવે અને આપણે પરપદાર્થોને જ પોતાનું સારૂં-ખરાબ કરવાવાળા માનતા રહીશું. પુણ્ય-પાપ, આશ્રવ-બંધ આદિ સંસારતત્ત્વનો નિષેધ થઈ જશે અને સંસારનો અભાવ માનવાથી મોક્ષમાર્ગ અને મોક્ષની સિદ્ધિ પણ નહીં થઈ શકે. **'જે ત્રિભુવનમેં જીવ અનંત, સુખ ચાહેં દુઃખતૈં ભયવંત'**-આ તથ્યનો નાશ થવાથી તત્ત્વાભ્યાસ, તત્ત્વનિર્ણય તથા આત્માનુભૂતિરૂપ ધર્મ કરવાની આવશ્યક્તા જ નહીં રહે, તેથી આત્મા, સ્વયં પોતાની ભૂલથી દુઃખી છે-એવું સ્વીકાર કરીને દુઃખ દુર કરવાનો સાચો ઉપાય કરવો જોઈએ.

2. **એકદેશશુદ્ધનિશ્ચયનય** તથા તેના વિષયોનો સર્વથા નિષેધ કરવાથી આત્માનુભૂતિ, રત્નત્રય અર્થાત્ સંવર-નિર્જરા તત્ત્વનો નાશ થઈ જશે, જેનાથી રત્નત્રય માટે પુરૂષાર્થ કરવાની પ્રેરણા આપવાવાળી જિનવાણી તથા તેના પ્રવક્તા આપ્ત અર્થાત્ તીર્થંકર પરમાત્માનો પણ અભાવનો પ્રસંગ આવશે, તેથી તેના વિષયનો સ્વીકાર કરીને રત્નત્રય પ્રાપ્તિનો પુરૂષાર્થ કરવો જોઈએ.

3.**સાક્ષાત્શુદ્ધનિશ્ચયનય** તથા તેના વિષયનો નિષેધ કરવાથી ક્ષાયિકભાવ અર્થાત્ મોક્ષતત્ત્વનો નિષેધ થઈ જશે, જેનાથી અરહંત અને સિદ્ધદશાના નિષેધનો પ્રસંગ પણ આવશે, તેથી સાક્ષાત-શુદ્ધનિશ્ચયનયના વિષયનો સ્વીકાર કરીને પૂર્ણતાના લક્ષથી સાચી શરૂઆત કરવી જોઈએ.

ઉપરોક્ત ત્રણ નય આત્માની અશુદ્ધ તથા શુદ્ધ પર્યાયોને પોતાનો વિષય બનાવે છે, તેથી તેનો સર્વથા નિષેધ કરવાથી -

(અ) પર્યાયનો જ સર્વથા નિષેધ થઈ જશે, ત્યારે છ દ્રવ્યોને જાણવાવાળાનો જ નિષેધ થવાથી વિશ્વના નિષેધનો પ્રસંગ આવશે.

(બ) ઉપરોક્ત ત્રણેય નયોનો નિષેધ કરવાથી એક પરમશુદ્ધનિશ્ચયનય જ બચશે, જેના વિષયમાં બંધ અને મોક્ષપર્યાયો છે જ નહીં, તેથી આત્માને સર્વથા નિત્ય માનવાનો પ્રસંગ આવશે.

(ક) પરમશુદ્ધનિશ્ચયનયનો વિષય પણ એકદેશશુદ્ધ-નિશ્ચયનય અને સાક્ષાત્‌શુદ્ધનિશ્ચયનય દ્વારા અનુભવમાં આવે છે, તેથી આ બંનેનો નિષેધ કરવાથી પરમશુદ્ધનિશ્ચયનય અને તેના વિષયનો પણ લોપ થઈ જશે.

તેથી સર્વનાશની આ આપત્તિથી બચવા માટે ઉપરોક્ત ત્રણેય ભેદોનો યથાયોગ્ય સ્વીકાર કરવો જોઈએ.

પરમશુદ્ધનિશ્ચયનયનો નિષેધ કરવાનો પ્રશ્ન જ નથી ઉભો થતો, કારણ કે તેના અવલંબનથી જ અશુદ્ધતાનો નાશ થઈને શુદ્ધતાની ઉત્પત્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન 9 :** જો ઉપરોક્ત ત્રણે ભેદોનો નિષેધ કરવાથી સર્વનાશનો પ્રસંગ આવે છે તો તેનો કથંચિત્ નિષેધ કરવાની પણ શું જરૂર છે?

**ઉત્તર :** કથંચિત્ નિષેધ કરવાનો અર્થ, તેના વિષયની સત્તાનો નિષેધ કરવાથી નહીં, પરંતુ પોતાના સ્વભાવને તેનાથી ભિન્ન જાણીને, તેનાથી દ્રષ્ટિ હટાવવાનો છે. જો તે નયના વિષયનો કથંચિત્ નિષેધ પણ નહીં થાય તો તેના પર જ દ્રષ્ટિ (પોતાપણું ) રહેશે, જેનાથી પરમશુદ્ધનિશ્ચયનયનો વિષયભૂત આત્મા, જ્ઞેય-શ્રદ્ધેય-ધ્યેય નહીં સાધી શકાય અર્થાત્ નયોને જાણવાનું પ્રયોજન જ સિદ્ધ નહીં થઈ શકે, કારણ કે આત્માનુભૂતિ થવાની પ્રક્રિયા ઉત્તરોત્તર નિષેધની પ્રક્રિયા છે. દરેક નય, પોતાના વિષયનું જ્ઞાન કરાવવા માટે અનિષેધ્ય (સ્વીકાર્ય ) છે, પરંતુ ત્યાંથી દ્રષ્ટિ હટાવીને ત્રિકાળી જ્ઞાયક સુધી લઈ જવા માટે નિષેધ્ય છે, કારણ કે પોતાના વિષયનું જ્ઞાન કરાવ્યા પછી, તે નયની ઉપયોગિતા સમાપ્ત થઈ જાય છે, તેથી તેનો નિષેધ

ન કરીએ તો ત્યાં જ ઉભા રહી જશું અને ઉત્તરોત્તર વિકાસની પ્રક્રિયા અવરોધાઈ જશે.

તેથી નિશ્ચયનયના ભેદ-પ્રભેદ કથંચિત્ નિષેધ્ય છે અને કથંચિત્ સ્વીકાર્ય છે-આ સ્યાદ્વાદ જ શરણભૂત છે. જો તેનો કથંચિત્ નિષેધ પણ ન કરવામાં આવે તો તે જ મુશ્કેલી ઉભી થઈ જશે, જે સર્વથા નિષેધ કરવાથી થાય છે. કથંચિત્ નિષેધ પણ ન કરવામાં આવે તો પર તથા પર્યાયોથી દ્રષ્ટિ હટાવીને સ્વભાવ-સન્મુખ થવાનો અવકાશ નહીં રહે, પરંતુ સર્વથા નિષેધ કરવાથી પણ શુદ્ધાશુદ્ધપર્યાયો તથા તેનાથી તન્મય દ્રવ્યનો નિષેધ થવાની આપત્તિ આવે છે, જેનાથી અનાદિકાળનું મિથ્યાત્વ જીવંત રહેશે તથા સાત તત્ત્વોની સિધ્ધિ પણ નહીં થઈ શકે.

**પ્રશ્ન 10 :** નિશ્ચયનયના ભેદોનો સર્વથા નિષેધ કરવાથી સાત તત્ત્વોની સિદ્ધિ નહીં થાય-આ તથ્યને જરા વિસ્તારથી સમજાવો.

**ઉત્તર :** સમયસાર, ગાથા ૩ ની ટીકામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એકદ્રવ્ય, બીજાનો સ્પર્શ પણ નથી કરતું અને ક્યારેય પોતાના સ્વરૂપથી ચ્યુત નથી થતું, માટે પ્રત્યેક દ્રવ્ય, પરદ્રવ્યો તથા તેના ગુણ-પર્યાયોથી અત્યંત ભિન્ન તથા પોતાના ગુણ-પર્યાયોથી અભિન્ન છે. તે જ વસ્તુનું પારમાર્થિક સ્વરૂપ છે, તે જ ભૂતાર્થ છે. પરદ્રવ્યોની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ કહેવો વ્યવહાર છે, જે અભૂતાર્થ છે.

આગમકથિત ઉપરોક્ત મહાસત્યના પાયા પર પરમાગમ અર્થાત્ અધ્યાત્મનો મહેલ ઉભો થાય છે અને તેમાં નિશ્ચયનયના વિષયભૂત અભેદ દ્રવ્યની સીમાથી પર્યાયો અને ગુણ-ભેદોને બાજુ પર કરીને, અભેદ, અખંડ, ત્રિકાળી, ધ્રુવ, ભગવાન-આત્માને પ્રતિષ્ઠિત કરે છે.

આ રીતે **પરમશુદ્ધનિશ્ચયનયથી શુદ્ધજીવતત્ત્વની** સિદ્ધિ

થાય છે.

અશુદ્ધનિશ્ચયનય રાગાદિ વિકારી પર્યાયોને 'આત્માની છે' તેમ સ્વીકાર કરે છે, પરંતુ એકદેશશુદ્ધનિશ્ચયનય, તેને જીવની છે તેમ સ્વીકાર ન કરીને, કર્મોદયના નિમિત્તની અપેક્ષાએ, પુદ્ગલની કહી દે છે, તેથી રાગાદિ ભાવ **શુદ્ધજીવતત્ત્વમાં** તો છે જ નહીં, પરંતુ તે પુદ્ગલદ્રવ્યમાં પણ ઉત્પન્ન નથી થતા, તેથી તેને જીવ અને અજીવ બંને તત્ત્વોથી પૃથક, પુણ્ય-પાપ તથા આશ્રવ-બંધ તત્ત્વના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યા છે.

આ રીતે **અશુદ્ધનિશ્ચયનયથી આશ્રવ-બંધ તથા પુણ્ય-પાપ તત્ત્વ**ની સિદ્ધિ થાય છે, જેને અશુદ્ધનિશ્ચયનયથી જીવના અને એકદેશશુદ્ધનિશ્ચયનયથી પુદ્ગલના કહેવામાં આવે છે.

**અપૂર્ણ અને પૂર્ણ શુદ્ધપર્યાયો પણ શુદ્ધજીવતત્ત્વમાં સમાયેલ નથી, તેથી તેને સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વના રૂપમાં સ્વીકાર કરવામાં આવેલ છે.**

દ્રવ્યાશ્રવ-બંધ-પુણ્ય-પાપ-સંવર-નિર્જરા-મોક્ષતત્ત્વ, જો કે પુદ્ગલની પયાર્યો છે, તેમાં ભાવાશ્રવ-બંધ-પુણ્ય-પાપ-સંવર-નિર્જરા-મોક્ષરૂપ  જીવની અશુદ્ધ-શુદ્ધ પર્યાયો નિમિત્ત છે. આ જ રીતે ભાવાશ્રવ-બંધ-પુણ્ય-પાપ-સંવર-નિર્જરાતત્ત્વ જીવની પર્યાયો છે, તેમાં દ્રવ્યાશ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષરૂપ પુદ્ગલની પર્યાયો નિમિત્ત છે, માટે જીવની ભાવાશ્રવ-સંવરાદિ પર્યાયો તથા પુદ્ગલકર્મની દ્રવ્યાશ્રવ-સંવર આદિ પર્યાયોનો એક સમૂહ બનાવીને, પર્યાયરૂપ આશ્રવાદિ તથા સંવરાદિ તત્ત્વોને જીવ-અજીવ તત્ત્વથી ભિન્ન કહેવામાં આવ્યા છે.

આ રીતે નવ તત્ત્વોનું સ્વરૂપ સમજવાથી, નવ તત્ત્વમાં છૂપાયેલી, પરંતુ નવ તત્ત્વોથી ભિન્ન આત્મજ્યોતિના અનુભવરૂપ મોક્ષમાર્ગની

સિદ્ધિ માટે અધ્યાત્મરૂપ પરમાગમમાં પણ નિશ્ચયનયના ભેદ-પ્રભેદ કરવામાં આવ્યા છે. આગમમાં છ દ્રવ્યોની મુખ્યતા તથા અધ્યાત્મરૂપ પરમાગમમાં સાત તત્ત્વોની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. પ્રવચનસાર, ગાથા ૨૩૨ ની ટીકામાં આચાર્ય જયસેન લખે છે - **સમસ્ત આગમના સારભૂત ચિદાનંદ એક પરમાત્મતત્ત્વના પ્રકાશક 'અધ્યાત્મ' નામક પરમાગમથી પણ પદાર્થોનું જ્ઞાન થાય છે.**

**પ્રશ્ન 11** : જે રીતે ભાવાશ્રવ આદિને નિમિત્તની અપેક્ષાએ પુદ્ગલ કહ્યા છે, તે જ રીતે શું દ્રવ્યાશ્રવ આદિને જીવ પણ કહ્યા છે?

**ઉત્તર** : જો કે એવું કહેવામાં કોઈ આપત્તિ નથી, કારણ કે કર્મોદય, રાગાદિ તથા કર્મબંધમાં-આ ત્રણેયમાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો કહ્યો જ છે, પરંતુ આગમમાં ક્યાંય પણ દ્રવ્યા-શ્રવાદિને સીધી રીતે જીવ કહેવાનો ઉલ્લેખ નથી મળતો, પરંતુ જીવને કર્મોના કર્તા-ભોક્તા આદિ, અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયથી કહ્યો જ છે, તેથી પુદ્ગલ કર્મ, વ્યવહારનયથી જીવના કર્મ હોવાથી તેને પરોક્ષપણે જીવના જ કહ્યા છે-એ સિદ્ધ થઈ જાય છે.

ખરેખર તો આત્મહિત માટે રાગાદિભાવોથી કથંચિત્ ભિન્ન આત્માને જાણવો પ્રયોજનભૂત છે, નહીં કે આત્માથી ભિન્ન દ્રવ્યકર્મોને. માટે કર્મોની ચર્ચા માત્ર જીવભાવોનું જ્ઞાન કરાવવાના પ્રયોજનથી જ કરવામાં આવી છે. આગમનો એક ભેદ, જેમ , અધિ + આત્મ = અધ્યાત્મ કહેવામાં આવ્યો છે, તેમ અધિ- પુદ્ગલ નામનો કોઈ ભેદ કહેવામાં નથી આવ્યો.

**પ્રશ્ન 12** : જ્યારે કર્મોદયના નિમિત્તથી થવાવાળા રાગાદિ ભાવોને પૌદ્ગલિક કહ્યા છે તો કર્મના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય ના નિમિત્તથી થવાવાળા સમ્યક્દર્શન, કેવળજ્ઞાન આદિને પણ પૌદ્ગલિક શા માટે નથી કહ્યા?

**ઉત્તર** : 1. - રાગાદિભાવ, ચેતનારહિત છે અને પુદ્ગલના

લક્ષથી થાય છે, તેથી તેને પૌદ્ગલિક કહીને તેનાથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું અવલંબન કરાવવાનું પ્રયોજન છે, જો કે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર, રાગાદિની જેમ અચેતન નથી, તે આત્માના અવલંબનરૂપ અવસ્થાઓ છે, તેથી તેમાં આત્મા જ ઉછળી રહ્યો છે. ''પુરૂષાર્થસિદ્ધિઉપાય''માં તેને **આત્મરૂપં તત્** અર્થાત્ આત્માનું સ્વરૂપ કહ્યું છે. તેથી **'દ્રષ્ટિ-પ્રધાન જ્ઞાન'** ની કથન શૈલીમાં રાગાદિને આત્માની સીમાથી બહાર રાખ્યો છે અને નિર્મળ પર્યાયોને આત્માના જ પરિણામ કહ્યા છે.

2. જો કે વર્તમાનમાં કેવળજ્ઞાનાદિ પૂર્ણ શુદ્ધ પર્યાયો પ્રગટ નથી, છતાં જ્યાં સુધી તેની મહિમા ભાસિત થશે, ત્યાં સુધી દ્રષ્ટિ પોતાના અનાદિ-અનંત શાશ્વત ધ્રુવ સ્વભાવનું અવલંબન નહીં કરી શકે, તેથી નિર્મળ પર્યાયો પ્રગટ કરવા માટે તેનાથી પણ દ્રષ્ટિ હટાવીને, **પરિણામ પરિણમ ગયા ઔર મૈં યૂં કા યૂં રહ ગયા**-આ રીતે અપરિણામી જ્ઞાયક સ્વભાવને મુખ્ય કરીને, આત્માને ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક તથા ક્ષાયિકભાવથી ભિન્ન એક પારિણામિકભાવ સ્વરૂપ કહેવામાં આવ્યો છે. નિયમસારની ૫૦મી ગાથામાં આ ચાર ભાવોને પરદ્રવ્ય અને પરસ્વભાવ કહીને હેય કહેવામાં આવ્યા છે. આ રીતે તેને સીધા પુદ્ગલ ન કહેતાં થકા પણ પરદ્રવ્ય કહીને આત્માને તેનાથી ભિન્ન કહ્યો છે. આ અધ્યાત્મની પરાકાષ્ઠાને પ્રાપ્ત વચન છે.

3. પરમશુદ્ધનિશ્ચયનયના વિષયભૂત પરમપારિણામિક ભાવનું વિશેષ સ્પષ્ટીકરણ, શ્રીમદ્ જયસેનાચાર્યદેવે સમયસારની મોક્ષ અધિકારની ચૂલિકામાં (ગાથા ૩૨૦ની ટીકા પછી) કર્યું છે. પૂજ્ય ગુરૂદેવશ્રીને આ ટીકા અત્યંત પ્રિય હતી, જેના પર તેઓએ સ્વતંત્ર પ્રવચન પણ કર્યા છે. આ ટીકામાં સમાગત નિમ્નલિખિત મુદ્દાઓ વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે -

(અ) શુદ્ધપારિણામિકભાવ, બંધના કારણભૂત રાગાદિ

ક્રિયાથી તથા મોક્ષના કારણભૂત શુદ્ધભાવના-પરિણતિરૂપ ક્રિયાથી તન્મય નથી થતો, તેથી તે નિષ્ક્રિય છે. કહ્યું પણ છે- **'નિષ્ક્રિયઃ શુદ્ધપારિણામિકઃ '**

(બ) સહજ શુદ્ધપારિણામિકભાવ સ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્યની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન તથા આચરણને આગમ ભાષામાં ઔપશમિક, ક્ષાયોપશમિક અથવા ક્ષાયિકભાવ તથા અધ્યાત્મ ભાષામાં શુદ્ધા-ત્માભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ આદિ કહેવામાં આવે છે.

(ક) ઉપરોક્ત શુદ્ધોપયોગરૂપ પર્યાય ભાવનારૂપ છે અને મોક્ષ અવસ્થામાં તેનો વિનાશ થઈ જાય છે, તેથી તે શુદ્ધાત્મ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.

(ડ) શુદ્ધપારિણામિક ભાવ, (જે) શક્તિરૂપ મોક્ષ છે, (તે) આ વ્યક્ત પર્યાયરૂપ મોક્ષનું કારણ નથી, જ્યારે શુદ્ધ પારિણામિક-ભાવ વિષયક ભાવના (શુદ્ધોપયોગ) રાગાદિરહિત શુદ્ધ ઉપાદાનરૂપ હોવાથી મોક્ષનું કારણ છે.

(ઈ) ઉપરોક્ત ભાવના, એકદેશશુદ્ધનિશ્ચયનયનો વિષય છે તથા ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ છે, છતાં ધ્યાતાપુરૂષ અર્થાત્ તે ભાવના રૂપ પરિણમિત આત્મા, પોતાને **હું સકલ નિરાવરણ પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર, શુદ્ધપારિણામિક-પરમભાવલક્ષણવાળો નિજપરમાત્મદ્રવ્ય જ છું, ખંડજ્ઞાનરૂપ નથી**-એવો અનુભવ કરે છે અર્થાત્ ક્ષાયોપશમિકભાવરૂપ ખંડજ્ઞાનરૂપ પર્યાય, અંતર્મુખ થઈને પોતાને દ્રવ્યરૂપ અનુભવ કરે છે.

**પ્રશ્ન** 13 : પર્યાય સ્વયં ક્ષણિક છે, ખંડજ્ઞાનરૂપ છે, એકદેશશુદ્ધ છે અને તે સ્વયં ને ત્રિકાળી, અખંડ , પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્યરૂપ અનુભવ કરે-તે તો અસત્ય હોવાથી મિથ્યાત્વ થયું, તેને સમ્યક્દર્શન કેમ કહી શકાય? અપૂર્ણ પર્યાયમાં પોતાને પૂર્ણશુદ્ધ માનવું શું નિશ્ચયાભાસ નથી ?

**ઉત્તર** : જેમાં અહમ્પણું હોય છે, પોતાને તેવો જ અનુભવ

કરવામાં આવે છે. અહમ્પણું અને લીનતા (શ્રદ્ધા અને ચારિત્ર) નું આ જ સ્વરૂપ છે. શ્રદ્ધાની પર્યાય દ્વારા સ્વયંને અખંડ દ્રવ્યરૂપ અનુભવ કરવા છતાં પણ નિશ્ચયાભાસ નથી થતો, કારણ કે અનુભૂતિના કાળમાં પણ જ્ઞાન, દ્રવ્ય અને પર્યાય બંનેને યથાર્થ જાણે છે.

કોઈ દરિદ્ર વ્યક્તિની સુંદર કન્યા ઉપર એક સમ્રાટ મોહિત થઈ ગયો અને સમ્રાટ પર ભરોસો રાખીને તે કન્યાના સમ્રાટ સાથે લગ્ન કરાવી દીધા. હવે તે કન્યા જો સ્વયંને દરિદ્ર અને તેની દાસી માને તો લગ્ન ક્યાં થયા? તેમાં સર્વસ્વ સમર્પણ ક્યાં થયું? સમર્પણ તો ત્યારે કહેવાશે, જ્યારે તે સ્વયંને તેમાં એકાકારરૂપ અનુભવ કરશે, સ્વયંને સમ્રાજ્ઞી અનુભવ કરશે-એવું કહેવું પણ અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનયનું કથન છે, કારણ કે આ કથનમાં પણ ધ્યાન-ધ્યેયનો ભેદ પડે છે. ખરેખર તો પોતાનામાં અને દ્રવ્યમાં ભેદ ન જોવો, દ્રવ્યમાં અહમ્ કરતાં થકાં પોતાને દ્રવ્યરૂપ જ જોવું, અનુભવ કરવો-એ જ શ્રદ્ધા અથવા અનુભૂતિનું સ્વરૂપ છે .

પર્યાય, પર્યાયનું લક્ષ કરતી થકી, પોતાને ધ્રુવ કે પૂર્ણ માને તો નિશ્ચયાભાસ થશે, પરંતુ જ્ઞાન-પર્યાયને પર્યાયનું યથાર્થ જ્ઞાન હોવા છતાં પણ શ્રદ્ધાએ પોતાનો અહમ્, દ્રવ્યમાં વિસર્જિત કર્યો છે, સમર્પિત કર્યો છે. હવે દ્રવ્ય જ તેનું સ્વ છે, તેની અનુભૂતિમાં દ્રવ્ય જ વસે છે, તે પોતે નહીં. તે જ દ્રવ્યદ્રષ્ટિ છે, સ્વભાવ દ્રષ્ટિ છે, ભૂતાર્થનો આશ્રય છે.

વસ્તુ, દ્રવ્ય-પર્યાયાત્મક છે. દ્રવ્ય, પરમાં કાંઈ કરી શકતું નથી અને તેમાં કાંઈ કરવાની ગુંજાઈશ નથી, તે તો સ્વયં પરિપૂર્ણ નિષ્ક્રિય ધ્રુવ તત્ત્વ છે, તેથી કરવાનું કામ પર્યાયનું પર્યાયમાં જ રહ્યું. પર્યાય પણ પરમાં કાંઈ કરી શકતી નથી અને તે દ્રવ્યનો જ અંશ હોવાથી દ્રવ્ય જ તેનું પારમાર્થિક સ્વરૂપ છે, તેથી જેવું તેનું વાસ્તવિક સ્વરૂપ છે, તેને જાણીને તેવી પ્રતીતિ કરવી અને તેમાં એકાગ્ર થવું, તે જ તેનું કર્મ છે, તે જ તેનો ધર્મ છે, તેમાં જ સાચું

સુખ છે.

પર્યાય, દ્રવ્યથી સર્વથા ભિન્ન કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. દ્રવ્યનો જ અંશ છે, અંગ છે. પરિણમન કરવું પણ દ્રવ્યનો જ સ્વભાવ છે, તેથી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર દ્વારા આ જીવ, પર કે સ્વનું અવલંબન કરતો થકો દુઃખી કે સુખી થાય છે. પર્યાય, દ્રવ્યનું અવલંબન કરે છે-આ ભેદનું કથન છે, અભેદ વિવક્ષામાં તો આત્મા જ જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય અથવા ધ્યાન-ધ્યાતા-ધ્યેય તે સ્વયં જ છે.

આપણે એ પણ કહી શકીએ છીએ કે આંખ જુએ છે અને એ પણ કહી શકીએ છીએ કે વ્યક્તિ આંખોથી જુએ છે, તેથી દ્રવ્ય - પર્યાયના ભેદ-અભેદની યથાર્થ વિવક્ષા સમજીને, પરથી લક્ષ હટાવીને, નિજપરમાત્મદ્રવ્યનું અવલંબન કરવું તે જ સુખી થવાનો ઉપાય છે.

**પ્રશ્ન** 14 : બધું જ કામ પર્યાયે જ કરવાનું છે, પર્યાયમાં પર્યાય થી પર્યાય માટે જ કરવાનું છે. પોતામાં જ દ્રવ્યને જ જોવાનું છે તો પછી પરમશુદ્ધનિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી દ્રવ્યનું મોક્ષમાર્ગ કે મોક્ષમાં શું યોગદાન છે?

**ઉત્તર** : અરે ભાઈ! બધું જ કામ પર્યાયમાં થવાનું છે, પરંતુ થશે કેવી રીતે? દ્રવ્યની સન્મુખ થઈને તેમાં અહમ્‌પણું કરવાથી જ ને! પર્યાય, દ્રવ્યનું લક્ષ કર્યા વિના પોતામાં દ્રવ્યને કેવી રીતે જોશે? તેથી નિષ્ક્રિય દ્રવ્યનું ત્રિકાળ વિદ્યમાન રહેવું-એ જ તેનું યોગદાન છે. મહાન લોકોની ઉપસ્થિતિ માત્રથી બધાં કામ થઈ જાય છે. જો દ્રવ્યની સત્તા જ ન હોય તો પર્યાય પોતાનો અહમ્ શેમાં કરશે? પોતાને દ્રવ્યરૂપ કેવી રીતે જોશે? તેથી મોક્ષમાર્ગમાં દ્રવ્ય અને પર્યાય, બંનેનું પોત-પોતાના સ્વભાવ અનુસાર યોગદાન છે.

**પ્રશ્ન** 15 : આપે કહ્યું કે આત્મા પોતે જ ધ્યાન છે, પોતે જ ધ્યેય છે તો શું મોક્ષ આપણું ધ્યેય નથી?

**ઉત્તર :** ત્રિકાળી દ્રવ્યના આશ્રયથી ઉત્પન્ન થવાવાળી એકદેશનિર્મળ પર્યાય અર્થાત્ મોક્ષમાર્ગની પર્યાય સાધન છે તથા સાધનનું ફળ અર્થાત્ મોક્ષપર્યાય સાધ્ય છે, જ્યારે ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા ધ્યેય છે.

આ રીતે નિશ્ચયનયના ભેદ-પ્રભેદોને સમજીને પરમશુદ્ધ-નિશ્ચયનયના વિષયનું અવલંબન લઈને સાક્ષાતશુદ્ધનયની વિષયભૂત મોક્ષદશાનો પુરૂષાર્થ પ્રગટ કરવો જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. નિશ્ચયનયના ભેદ નથી થઈ શકતા–આ માન્યતાની સમીક્ષા કરો.
2. નિશ્ચયનયના ભેદોની આવશ્યકતા પ્રતિપાદિત કરતા થકાં ચારેય ભેદોનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
3. જો નિશ્ચયનયના ભેદ ન કરવામાં આવે તો શું નુકસાન છે? સતર્ક વિવેચન કરો.
4. નિશ્ચયનયના ભેદોને પાંચ ભાવ, ચૌદ ગુણસ્થાન અને સાત તત્ત્વમાં ઘટિત કરતાં થકા સિદ્ધ કરો કે નિશ્ચયનયના ભેદોનો સર્વથા નિષેધ કરવાથી સાત તત્ત્વોની સિદ્ધિ નથી થઈ શકતી.
5. રાગાદિ ભાવોને પૌદ્ગલિક તથા જીવકૃત કહેવાની અપેક્ષાઓ અને પ્રયોજન સ્પષ્ટ કરો.
6. પર્યાય, સ્વયં ક્ષણિક હોવા છતાં પણ પોતાને શાશ્વત અનુભવ કરવા છતાં પણ તેને મિથ્યાત્વ શા માટે નથી થતું અને સમ્યક્ત્વ કેવી રીતે થાય છે? સ્પષ્ટ કરો.

## 9

# વ્યવહારનયના ભેદ-પ્રભેદ

નિશ્ચયનયની જેમ વ્યવહારનયના પણ મુખ્યત્વે બે ભેદ કહેવામાં આવ્યા છે. આપણે પોતાના લૌકિક જીવનમાં પણ પોતાના થી અત્યંત ભિન્ન વસ્તુઓથી સંબંધ સ્થાપિત કરવો જ પડે છે તથા અભેદ વસ્તુમાં પણ ભેદ કરીને જ તેને સમજવું-સમજાવવું પડે છે. આ જ આધાર ઉપર જિનાગમમાં વ્યવહારનયના મુખ્ય બે ભેદ કહેવામાં આવ્યા છે-અસદ્ભૂતવ્યવહારનય અને સદ્ભૂત-વ્યવહારનય.

સમયસાર, ગાથા ૨૭ માં જીવ અને શરીર બંને ને એક કહેવા તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે તથા ગાથા ૭માં આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે-એમ કહેવું, તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આ જ આધાર પર વ્યવહારનયના ઉપરોક્ત બે ભેદ કહેવામાં આવ્યા છે.

આલાપપદ્ધતિમાં ભિન્ન-ભિન્ન વસ્તુઓમાં સંબંધ સ્થાપિત કરવાને અસદ્ભૂતવ્યવહારનય તથા એક જ વસ્તુમાં ભેદ કરવાને સદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવ્યો છે.

ઉપરોક્ત બંને નામ યોગ્ય અને સાર્થક છે, કારણ કે બે વસ્તુઓમાં વાસ્તવમાં કોઈ સંબંધ નથી, છતાં પણ પ્રયોજનવશ તેમાં સંબંધ સ્થાપિત કરવો, અસદ્ભૂત અર્થાત્ અવિદ્યમાન જ તો થયું.

ભિન્ન વસ્તુમાં સંબંધ સ્થાપિત કરવો, તે વ્યવહાર છે અને

સંયોગનું જ્ઞાન કરાવવાવાળા સમ્યક્ શ્રુતજ્ઞાનનો અંશ હોવાથી તેને નય કહેવામાં આવ્યો છે. આ રીતે આ નયને **અસદ્ભૂતવ્યવહારનય** કહેવું યોગ્ય છે. આ જ રીતે એક અખંડ વસ્તુમાં તેના ગુણ-પર્યાય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તથા ધર્મો આદિના ભેદ કરીને તેને સમજાવવા માં આવે છે. આ ધર્મ, વસ્તુમાં વિદ્યમાન છે અર્થાત્ સદ્ભૂત છે અને અભેદમાં ભેદ ઉત્પન્ન કરવો વ્યવહાર છે તથા ભેદરૂપ અંશને શ્રુતજ્ઞાનના અંશ નય દ્વારા જાણવામાં આવ્યા છે, તેથી તેનું **સદ્ભૂતવ્યવહારનય** નામ યોગ્ય છે.

આલાપપદ્ધતિ, પાના નં. ૨૨૭ ઉપર સદ્ભૂત અને અસદ્ભૂત વ્યવહારનયની વિષય-વસ્તુ આ રીતે સ્પષ્ટ કરવામાં આવી છે -

**ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં, સ્વભાવ-સ્વભાવવાનમાં અને કારક-કારકવાનમાં ભેદ કરવો અર્થાત્ વસ્તુતઃ જે અભિન્ન છે, તેમાં ભેદ-વ્યવહાર કરવો, સદ્ભૂતવ્યવહારનયનો અર્થ (વિષય) છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો ઉપચાર, એક પર્યાયમાં બીજી પર્યાયનો ઉપચાર, એક ગુણમાં બીજા ગુણનો ઉપચાર, દ્રવ્યમાં ગુણનો ઉપચાર, દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર, ગુણમાં દ્રવ્યનો ઉપચાર, ગુણમાં પર્યાયનો ઉપચાર, પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર અને પર્યાયમાં ગુણનો ઉપચાર - આ રીતે નવ પ્રકારના અસદ્ભૂતવ્યવહારનયના અર્થ જાણવા જોઈએ.**

અસદ્ભૂત અને સદ્ભૂત બંનેય વ્યવહારના ઉપચરિત અને અનુપચરિત બે-બે ભેદ કહેવામાં આવ્યા છે. આ રીતે વ્યવહારનયના ચાર ભેદ માનવામાં આવ્યા છે.

*સ્થૂળતાથી સૂક્ષ્મતાની તરફ - આ નિયમને ધ્યાનમાં રાખીને આ ભેદોને નિમ્નલિખિત ક્રમાનુસાર સમજવા જોઈએ -*

1. ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય
2. અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય
3. ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય
4. અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનય

આ ભેદો ને આ કોષ્ટકના માધ્યમથી સમજી શકાય છે -

**વ્યવહારનય**

- અસદ્‌ભૂતવ્યવહારનય
  - ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય
  - અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય
- સદ્‌ભૂતવ્યવહારનય
  - ઉપચરિત-સદ્‌ભૂતવ્યવહારનય (અશુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનય)
  - અનુપચરિત-સદ્‌ભૂતવ્યવહારનય (શુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનય)

## વ્યવહારનયના ચારેય ભેદોનું સ્વરૂપ અને તેના વિભિન્ન પ્રયોગ

### ૧. ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય

જેનો આત્માથી એકક્ષેત્રાવગાહ-સંબંધ પણ નથી-એવા સંશ્લેષરહિત સ્ત્રી-પુત્ર-ધન-સંપત્તી આદિ પદાર્થોથી આત્માનો સ્વ-સ્વામી કર્તા-ભોક્તા આદિ સંબંધ જાણવો/કહેવો ઉપચરિત - અસદ્‌ભૂતવ્યવહારનય છે. અહીં તેના થોડા શાસ્ત્રીય ઉદાહરણ આપવામાં આવ્યા છે -

(1) **અસદ્‌ભૂતવ્યવહાર જ ઉપચાર છે અને ઉપચારમાં પણ જે ઉપચાર કરે છે, તે ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય છે.**

- આલાપપદ્ધતિ, પાનું ૨૨૪

(2) **ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી આત્મા ઘટ-પટ-રથ આદિનો કર્તા છે.**

- નિયમસાર, ગાથા ૧૮ ની ટીકા

(3) **ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય થી આ આત્મા કાષ્ટાસન પર બેઠેલા દેવદત્તની જેમ અથવા સમવસરણમાં સ્થિત વીતરાગી સર્વજ્ઞની જેમ વિવક્ષિત કોઈ એક ગામ અથવા ઘરમાં સ્થિત છે .**

- પ્રવચનસાર, જયસેનાચાર્યકૃત ટીકાનું પરિશિષ્ટ

**(4) ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી આ આત્મા, પંચેન્દ્રિયોના ઈષ્ટાનિષ્ટ વિષયોથી ઉત્પન્ન સુખ-દુઃખને ભોગવે છે.**

– બૃહદ્‌દ્રવ્યસંગ્રહ, ગાથા ૯ ની સંસ્કૃત વ્યાખ્યા

**(5) બાહ્યવિષયોમાં પંચેન્દ્રિયના વિષયોનો પરિત્યાગ પણ ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી છે.**

– બૃહદ્‌દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૫ ની સંસ્કૃત વ્યાખ્યા

### 2. અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય

જેનો આત્માથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે-એવા સંશ્લેષસહિત પદાર્થો અર્થાત્ દ્રવ્યકર્મો તથા શરીરથી આત્માનો સંબંધ જાણવાવાળો / કહેવાવાળો નય, અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય છે. આત્માને મનુષ્ય, દેવ તથા સ્ત્રી-પુરૂષ આદિરૂપ તથા કર્મોનો કર્તા-ભોક્તા આદિ આ જ નયથી કહેવામાં આવે છે. આ નયના કેટલાક શાસ્ત્રીય ઉદાહરણ આ પ્રકારે છે –

**(1) આત્મા નિકટવર્તી અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી દ્રવ્ય કર્મોનો કર્તા અને તેના ફળસ્વરૂપ સુખ-દુઃખનો ભોક્તા છે. અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી નોકર્મ અર્થાત્ શરીરનો પણ કર્તા છે.**

– નિયમસાર, ગાથા ૧૮ ની તાત્પર્યવૃત્તિ ટીકા

**(2) અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી આ જીવ મૂર્ત છે.**

– બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૭ ની સંસ્કૃત વ્યાખ્યા

**(3) અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી જીવ યથાસંભવ દ્રવ્યપ્રાણો દ્વારા જીવે છે, જીવશે અને પહેલા જીવતો હતો.**

– પંચાસ્તિકાય, ગાથા ૨૭ ની તાત્પર્યવૃત્તિ ટીકા

**(4) જીવના ઔદયિક આદિ ચાર ભાવ અનુપચરિત - અસદ્‌ભૂત-વ્યવહારનયથી દ્રવ્યકર્મો દ્વારા કરવામાં આવ્યા છે.**

– પંચાસ્તિકાય, ગાથા ૫૮ ની તાત્પર્યવૃત્તિ ટીકા

અહીં અસદ્ભૂતવ્યવહારનયના કેટલાંક પરિભાષાત્મક ઉદાહરણ માત્ર આપવામાં આવ્યા છે. પ્રથમાનુયોગ, ચરણાનુયોગ તથા કરણાનુયોગના લગભગ બધાં કથન, આ જ નયના આધારથી કરવામાં આવ્યા છે. આપણા લૌકિક જીવનમાં પણ અધિકાંશરૂપથી આ નયનો પ્રયોગ થાય છે. આ તથ્યનું સ્પષ્ટિકરણ આગળ યથાસ્થાને કરવામાં આવશે.

હવે અહીં સદ્ભૂતવ્યવહારનયથી સંબંધિત બંને નયોની ચર્ચા અનુક્રમે કરીએ છીએ -

**૩. ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય**

આત્મામાં ઉત્પન્ન થવાવાળા રાગાદિ વિકારીભાવો તથા મતિ-જ્ઞાનાદિ ક્ષાયોપશમિકભાવોને જીવના કહેવા, ઉપચરિત - સદ્ભૂત-વ્યવહારનયનો પ્રયોગ છે. આ નયને અશુધ્ધસદ્ભૂતવ્યવહારનય પણ કહેવામાં આવે છે.

જિનવાણીમાં ઉપલબ્ધ આ નય સંબંધી કેટલાંક ઉદાહરણ આ પ્રકારે છે-

(1) **અશુદ્ધગુણ તથા અશુદ્ધગુણીમાં તથા અશુદ્ધપર્યાય તથા અશુદ્ધ પર્યાયીમાં ભેદનું કથન કરવું, અશુદ્ધ - સદ્ભૂતવ્યવહારનય છે.**

- આલાપપદ્ધતિ, પાના નં ૨૧૭

(2) **અશુદ્ધ-સદ્ભૂતવ્યવહારનયથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે અશુદ્ધ જીવ છે.**

- નિયમસાર, ગાથા નં. ૯ ની તાત્પર્યવૃત્તિ

(3) **અશુદ્ધ-સદ્ભૂતવ્યવહારનયથી અશુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણોના આધારભૂત દ્વિ-અણુકાદિ સ્કન્ધની જેમ મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધારભૂત આત્મા છે.**

- પ્રવચનસાર, જયસેનાચાર્યકૃત ટીકાનું પરિશિષ્ટ

**4. અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનય**

અખંડ અભેદવસ્તુમાં તેના ગુણો તથા પૂર્ણ શુદ્ધપર્યાયોને ભેદ

કરીને જાણવું / કહેવું, અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનયનું કથન છે. આને શુદ્ધ-સદ્ભૂતવ્યવહારનય પણ કહે છે. આ નય સંબંધી કેટલાંક આગમ વાક્ય આ પ્રકારે છે -

(1) **શુદ્ધગુણ તથા શુદ્ધગુણીમાં અથવા શુદ્ધપર્યાય અને શુદ્ધપર્યાયીમાં ભેદનું કથન કરવું, શુદ્ધ-સદ્ભૂતવ્યવહારનય છે.**

- આલાપપદ્ધતિ, પાના નં. ૨૧૭

(2) **શુદ્ધ-સદ્ભૂતવ્યવહારનયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને કારણે કાર્યશુદ્ધજીવ છે.**

- નિયમસાર, ટીકા ગાથા ૯

(3) **શુદ્ધ-સદ્ભૂતવ્યવહારનયથી શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણોના આધારભૂત પુદ્ગલ-પરમાણુ સમાન કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધારભૂત આત્મા છે.**

- પ્રવચનસાર, જયસેનાચાર્યકૃત ટીકાનું પરિશિષ્ટ

**પ્રશ્ન** : મતિજ્ઞાન તથા કેવળજ્ઞાન તો પર્યાય છે, પછી તેને અનુક્રમે **વિભાવગુણ** તથા **શુદ્ધગુણ** શા માટે કહેવામાં આવે છે?

**ઉત્તર** : દોષોનો અભાવ થવાથી મતિજ્ઞાન/કેવળજ્ઞાન પર્યાયને ગુણ પણ કહેવામાં આવે છે.

**પ્રશ્ન** : 'નિશ્ચયનયના ભેદ-પ્રભેદ' પ્રકરણમાં રાગાદિભાવોને અશુદ્ધનિશ્ચયનયના અને કેવળજ્ઞાનને સાક્ષાત્ શુદ્ધનિશ્ચયનયનો વિષય કહ્યો છે, પરંતુ અહીં તેને અશુદ્ધ/ઉપચરિત-સદ્ભૂતવ્યવહાર-નય તથા શુદ્ધ/અનુપચરિત-સદ્ભૂતવ્યહારનય નો વિષય કહેવામાં આવી રહ્યો છે. શું એક જ વસ્તુ અથવા ભાવ અનેક નયોનો વિષય થઈ શકે છે?

**ઉત્તર** : ખરેખર તો વક્તા/જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે, માત્ર વાણીને નહીં. **રાગાદિભાવ, જીવના છે કે જીવ, રાગાદિનો કર્તા છે-એવું કહીને, જીવને શરીરાદિ નથી કે જીવ, શરીરાદિ ક્રિયાનો કર્તા નથી-**આ રીતે શરીરાદિના કર્તૃત્વનો નિષેધ કરવાનો અભિપ્રાય

હોય, ત્યારે '**ન તથા**' લક્ષણ નિશ્ચયનય (અશુદ્ધ) નો પ્રયોગ થાય છે. આ જ રીતે આત્માને કેવળજ્ઞાનાદિ રૂપ કહીને અથવા કેવળ-જ્ઞાનાદિનો કર્તા કહીને રાગાદિના કર્તાપણાનો નિષેધ કરવાનો અભિપ્રાય હોય તો આ સાક્ષાત્ શુદ્ધનિશ્ચયનયનો પ્રયોગ થશે. ઉત્તરવર્તી નય, પૂર્વવર્તી નયનો નિષેધક હોવાથી નિષેધક લક્ષણ નિશ્ચયનય લાગુ થઈ જાય છે.

આ જ રીતે અભેદ આત્મામાં રાગાદિ અથવા કેવળજ્ઞાનાદિના ભેદ ઉત્પન્ન કરીને (પર્યાયાર્થિક નયથી ) આત્માના સ્વરૂપનું પ્રતિપાદન કરવાનો અભિપ્રાય હોય તો વ્યવહારનયનો પ્રયોગ થશે. અભેદ વસ્તુનું પ્રતિપાદન કરવા માટે જ તેમાં ભેદ કરવામાં આવે છે, તેથી **પ્રતિપાદક લક્ષણ વ્યવહારનય** લાગુ થાય છે.

**પ્રશ્ન** : અપૂર્ણ શુદ્ધપર્યાયો અર્થાત્ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અવસ્થા તો નિશ્ચયથી મોક્ષમાર્ગ કહેવામાં આવી છે, તો પછી તેને ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનયનો વિષય શા માટે કહેવામાં આવી રહ્યો છે?

**ઉત્તર** : જેમ કે આગળના પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે વક્તા/જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગભાવરૂપ હોવાથી વાસ્તવિક મોક્ષમાર્ગ છે, તેથી તેને મોક્ષમાર્ગ કહેવો, નિશ્ચયનયનું કથન છે. વીતરાગી ભાવને નિશ્ચયમોક્ષમાર્ગ કહીને, શુભરાગ અને બાહ્યક્રિયાને મોક્ષમાર્ગ કહેવાનો નિષેધ કરવામાં આવે છે.

*અહીં મોક્ષમાર્ગનું પ્રકરણ નથી, પરંતુ આત્માના સ્વરૂપનું પ્રકરણ છે. અભેદ આત્મામાં પર્યાયોનો ભેદ કરવો સદ્ભૂતવ્યવહાર છે અને અપૂર્ણતા હોવાથી તેને આત્માનું સ્વરૂપ કહેવું, તે ઉપચાર. તેથી અહીં સંવર-નિર્જરારૂપ અપૂર્ણ શુદ્ધપર્યાયોને આત્મા કહેવો, તે ઉપચરિત - સદ્ભૂતવ્યવહારનયનું કથન છે.*

**પ્રશ્ન** : આત્માને શુભરાગનો કર્તા કહેવો, ઉપચરિત -

સદ્ભૂતવ્યવહારનયનું કથન છે, પરંતુ શુભરાગને મોક્ષમાર્ગ કહેવો, વ્યવહારનયના ક્યા ભેદમાં આવે છે?

**ઉત્તર :** મોક્ષમાર્ગ અને શુભરાગ બંને જીવની પર્યાયો છે, તેથી શુભરાગ પર મોક્ષમાર્ગનો આરોપ કરવો, ઉપચરિત વ્યવહાર છે તથા શુભરાગ મોક્ષમાર્ગનું નિમિત્ત છે. તેથી તેને ઉપચરિત - સદ્ભૂતવ્યવહારનય કહેવું વધુ યોગ્ય છે, કારણ કે સાધક દશામાં તે પરિણામ ઉત્પન્ન થયા વિના રહેતા નથી.

*નિશ્ચય-વ્યવહારના પ્રયોગોમાં આ જ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે તે કથન, પ્રતિપાદન કરી રહ્યું છે કે તે નિષેધ કરી રહ્યું છે. એ જાણવું પણ જરૂરી છે કે કોનું પ્રતિપાદન કરવામાં આવી રહ્યું છે અથવા કોનો નિષેધ કરવામાં આવી રહ્યો છે અને શા માટે? અર્થાત્ ક્યા પ્રયોજનથી કરવામાં આવી રહ્યો છે? આ જ આધાર ઉપર તે નિશ્ચિત કરેલું હોય છે કે આ કથન નિશ્ચયનય અથવા વ્યવહારનયના ક્યા ભેદ-પ્રભેદની અંદર આવે છે.*

### વ્યવહારનયના ચાર ભેદોની પ્રતિપાદન શૈલી

પરમભાવપ્રકાશક નયચક્રમાં એક સ્વતંત્ર સમ્પ્રભુતા-સંપન્ન રાષ્ટ્રના અન્ય દેશોની સાથે વ્યવહારિક સંબંધના આધાર પર અસદ્ભૂતવ્યવહારનયની અને તેની આંતરિક વ્યવસ્થાના આધાર પર સદ્ભૂતવ્યવહારનયની પ્રતિપાદન શૈલીને વિશ્વ-વ્યવસ્થા પર ઘટિત કરવામાં આવેલ છે.[1]

અહીં આ વિવેચનને અનેક મુદ્દાઓના આધાર પર તુલનાત્મક શૈલીમાં રજૂ કરવામાં આવી રહ્યું છે -

| લૌકિક વિશ્વ-વ્યવસ્થા | અલૌકિક વિશ્વ-વ્યવસ્થા |
|---|---|
| ૧. લૌકિક વિશ્વ, સમ્પ્રભુતા સંપન્ન અનેક દેશોનો સમુદાય છે. બધાં | ૧. અલૌકિક વિશ્વ, જીવાદિ છ પ્રકારના અનંતાનંત દ્રવ્યોનો |

૧. પરમભાવ પ્રકાશક નયચક્ર, પાનું ૧૧૮ થી ૧૨૧.

દેશ તેના એકમો (અંગ) છે, જે પોતાનામાં પૂર્ણ સ્વતંત્ર અખંડ અને પરિપૂર્ણ છે.

૨. એક દેશમાં અનેક પ્રદેશ (રાજ્ય) હોવા છતાં પણ તે ખંડિત થતા નથી.

૩. પ્રત્યેક દેશની પોત-પોતાની અનેક શક્તિઓ તથા સંચાલન વ્યવસ્થાઓ હોવા છતાં પણ દેશ અખંડિત રહે છે.

૪. જો કોઈ દેશ કોઈ અન્ય દેશની સીમાઓનું ઉલ્લંઘન કરે અથવા તેની વ્યવસ્થાઓમાં હસ્તક્ષેપ કરે, ત્યારે તે દેશની પ્રભુ-સંપન્નતા પ્રભાવિત થવા લાગે છે.

૫. દેશની અખંડતા અને એકતા કાયમ રાખતા થકા પણ પ્રશાસન અને વ્યવસ્થાની દ્રષ્ટિથી તેને રાજ્યો, જિલ્લાઓ, નગરો, ગામડાઓ આદિમાં વહેંચવામાં આવે છે.

સમૂહ છે. પ્રત્યેક દ્રવ્ય તેના પૂર્ણ સ્વતંત્ર, અખંડ અને પરિપૂર્ણ એકમ (અંગ) છે.

૨. બહુપ્રદેશી દ્રવ્યોના અનેક પ્રદેશ હોવા છતાં પણ તે ખંડિત થતા નથી.

૩. પ્રત્યેક દ્રવ્યમાં અનંત શક્તિઓ અને અનંત અવસ્થાઓ હોવા છતાં પણ તેની અખંડતા ખંડિત નથી થતી, તેની પ્રભુ-સંપન્નતા પ્રભાવિત નથી થતી.

૪. જો કોઈ દ્રવ્ય, કોઈ અન્ય દ્રવ્યની સીમામાં પ્રવેશ કરે અથવા તેની વ્યવસ્થાઓમાં હસ્તક્ષેપ કરે તો તે દ્રવ્યની પ્રભુ-સંપન્નતા પ્રભાવિત થશે, પરંતુ અલૌકિક વિશ્વ-વ્યવસ્થામાં એવું સંભવ નથી.

૫. પ્રત્યેક દ્રવ્યની અખંડતા કાયમ રાખતા થકાં પણ સમજાવવાના પ્રયોજનથી તેના ગુણ-ગુણી, પર્યાય-પર્યાયવાન, પ્રદેશ-પ્રદેશવાન તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદિના ભેદ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૬. ઉપરોક્ત ભેદ, બે દેશોમાં વિદ્યમાન અત્યંત ભિન્ન જેમ ન હોવા છતાં પણ સર્વથા કાલ્પનિક નથી હોતા. | ૬. એક દ્રવ્યના અંતર્ગત કરવામાં આવેલા અનેક પ્રકારના ભેદ બે દ્રવ્યોની અત્યંત ભિન્નતા જેવા ન હોવા છતાં પણ સર્વથા કાલ્પનિક નથી હોતા. |
| ૭. બે દેશોની વિભાજન રેખા, તેમનામાં પરસ્પર અત્યંત અભાવરૂપ છે. પ્રત્યેકના સુખ-દુઃખ, લાભ-હાનિ, સમૃદ્ધિ સુરક્ષા, હિત-અહિત સમસ્યાઓ આદિ બધાં અલગ-અલગ છે, પરંતુ એક દેશના વિભિન્ન રાજ્યો, જિલ્લાઓ આદિના લાભ-હાનિ સમાયેલ હોય છે. માટે આ ભેદ, વાસ્તવિક નથી, કાલ્પનિક છે, પરંતુ છે જરૂર, તેનો સર્વથા નિષેધ કરવો પણ યથાર્થ નથી. | ૭. બે દ્રવ્યોમાં અત્યંત અભાવ હોય છે. પ્રત્યેકના ગુણ-ધર્મ-પર્યાય આદિ પરસ્પર નિરપેક્ષ અને સ્વતંત્ર હોય છે (ભલેને સમાન જાતીય અનંત દ્રવ્યોના ગુણ-ધર્મ સમાન છે) પરંતુ એક દ્રવ્યમાં કરવામાં આવેલા ભેદ, સર્વથા સ્વતંત્ર નથી હોતા, તેથી તે વાસ્તવિક નથી, પરંતુ છે જરૂર, તેના પરસ્પર અભાવને અતદ્‌ભાવ કહે છે. |
| ૮. જો કે પ્રત્યેક દેશ સ્વતંત્ર અને નિરપેક્ષ છે, તેને કોઈ અન્ય દેશનો હસ્તક્ષેપ સ્વીકાર નથી, છતાં પણ તેનો અન્ય રાષ્ટ્રોથી કોઈ સંબંધ ન હોય - એવું પણ નથી. પરસ્પર - સહયોગ, સંધિ, વ્યાપાર, આવાગમન આદિ વિના કોઈ રાષ્ટ્ર રહી શકતું નથી. | ૮. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો હસ્તક્ષેપ સ્વીકાર નથી કરતું, પરંતુ તેનો ભિન્ન દ્રવ્યોની સાથેના સંબંધનો સર્વથા અભાવ પણ નથી. તેમાં વ્યવહારનયથી પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક આદિ અનેક સંબંધ જિનાગમ તથા લોકમાં પણ સ્વીકાર કરવામાં આવ્યા છે. |

| | |
|---|---|
| ૯. દેશની એકતા અને અખંડતાની દ્રષ્ટિથી રાષ્ટ્રીયતા ઉપર વધારે જોર આપવામાં આવે છે અને રાજ્ય, ભાષા આદિના ભેદને હેય દ્રષ્ટિ થી જોવામાં આવે છે. | ૯. આત્માનુભૂતિની દ્રષ્ટિથી દ્રવ્યના અભેદ સ્વભાવને ભૂતાર્થ કહીને તેનું અવલંબન કરાવવામાં આવે છે તથા ભેદને ગૌણ કરીને અસત્યાર્થ, અભૂતાર્થ, હેય કહેવામાં આવે છે. |
| ૧૦. અન્ય દેશોમાં સંબંધ રાખતા થકાં પણ પોતાની પ્રભુસત્તા અને અખંડતા કાયમ રાખવી - એ જ દેશની સુરક્ષા છે, સમ્પ્રભુતા છે, જે રાષ્ટ્રના શાસકોની પહેલી જવાબદારી છે. | ૧૦. અન્ય દ્રવ્યોથી વ્યવહારિક સંબંધ હોવા છતાં પણ પોતાની નિરપેક્ષતા તથા અખંડતા કાયમ રાખવી - એ જ દ્રવ્યની શુદ્ધતા છે, જે તેનું શાશ્વત સ્વરૂપ/ત્રિકાળી સ્વભાવ છે, તેને જાણવાવાળો પરમશુદ્ધ નિશ્ચયનય જ નયાધિરાજ છે. |
| ૧૧. દેશની અખંડતા સુરક્ષિત રાખીને પણ પ્રશાસનની દ્રષ્ટિથી તેમાં, ગૃહ, સુરક્ષા, વિદેશ, શિક્ષણ, સ્વાસ્થ્ય આદિ અનેક વિભાગ હોય છે, જેના સંચાલન માટે સર્વોચ્ચ પ્રશાસક દ્વારા અનેક મંત્રી નિયુક્ત કરવામાં આવે છે. | ૧૧. દ્રવ્યની અખંડતા અને પ્રભુસત્તા સુરક્ષિત હોવા છતાં પણ વિશ્વ વ્યવસ્થા સમજવા-સમજાવવાની દ્રષ્ટિ થી તેમાં ગુણ-પર્યાયોમાં ભેદ કરવામાં આવે છે તથા અન્ય દ્રવ્યની સાથે સંબંધ પણ બતાવવામાં આવે છે. આ સંબંધોનું જ્ઞાન કરાવવાવાળા અનેક નય હોય છે. |
| ૧૨. ગૃહમંત્રી આદિ આંતરિક વ્યવસ્થા સંબંધી વિભાગોની તથા | ૧૨. સદ્ભૂતવ્યવહારનય, દ્રવ્યની આંતરિક વ્યવસ્થા સંબંધી તથા |

વિદેશ મંત્રી, રક્ષામંત્રી આદિ અન્ય દેશોની સાથે સંબંધોની સંભાળ રાખે છે.

૧૩. તે વિભાગોની સંભાળ રાખવા-વાળા મંત્રીઓના સહયોગ માટે ઉપમંત્રી, રાજ્યમંત્રી આદિ નિયુક્ત કરવામાં આવે છે.

૧૪. પ્રશાસનિક દ્રષ્ટિ થી દેશને અનેક રાજ્યોમાં તથા કાર્યસંચાલનની દ્રષ્ટિથી અનેક વિભાગોમાં વિભાજીત કરવા છતાં પણ દેશ અખંડિત રહે છે. આ વિભાજન દેશની એકતાની વિરૂધ્ધ નથી.

૧૫. દેશના વિભિન્ન વિભાગ અને રાજ્યો, પોત-પોતાના કાર્ય કરવા છતાં પણ એકબીજાના પૂરક છે, વિરોધી નથી.

૧૬. જો કોઈ રાજ્ય સર્વથા પૃથક (અલગ) થવાની વાત કરે અથવા કોઈ વિભાગ બીજા વિભાગને સહયોગ ન કરે તો કેંદ્રીય શાસન હસ્તક્ષેપ કરીને તે અલગવાદ નો નિર્દયતા થી નિષેધ કરી દે છે.

અસદ્ભૂતવ્યવહારનય અન્ય દ્રવ્યોની સાથે સંબંધોની સંભાળ રાખે છે.

૧૩. સદ્ભૂત તથા અસદ્ભૂત વ્યવહારનયના પણ ઉપચરિત અને અનુપચરિત ભેદ હોય છે.

૧૪. સર્વપ્રભુતા-સંપન્ન આત્મા અસંખ્ય પ્રદેશી તથા અનંત શક્તિ સંપન્ન હોવા છતાં પણ અખંડિત રહે છે. અસંખ્ય પ્રદેશ અને અનંત શક્તિઓ આત્માની અખંડતાની વિરૂદ્ધ નથી.

૧૫. આત્માના અનંત ગુણ પોત-પોતાનું કાર્ય કરવા છતાં પણ એક ગુણનું રૂપ અન્ય અનંતા ગુણોમાં જોવામાં આવે છે.

૧૬. અજ્ઞાની જીવ અભેદ સ્વભાવને ભૂલીને, સ્વયંને ભેદરૂપ જ અનુભવ કરે છે, તેથી પરમશુદ્ધ-નિશ્ચયનય દ્વારા ગુણ-પર્યાયોના ભેદનો નિર્દયતાથી નિષેધ કરીને અભેદાનુભૂતિ પ્રગટ કરવા ઉપર જોર આપવામાં આવે છે.

આ રીતે લૌકિક વિશ્વ અને અલૌકિક વિશ્વની વ્યવસ્થાના તુલનાત્મક વિવેચનથી સ્પષ્ટ થઈ જાય છે કે સર્વજ્ઞ ભગવાન દ્વારા કહેવામાં આવેલા ષટ્ દ્રવ્યાત્મક વિશ્વની વ્યવસ્થાને સમજવામાં વ્યવહારનયના આ ભેદ-પ્રભેદોની કેટલી ઉપયોગિતા છે.

**વ્યવહારનયના ચાર ભેદોનું ઉત્તરોત્તર અધિક મહત્ત્વ**

વ્યવહારનયનું સ્વરૂપ સ્પષ્ટ કરતા સમયે તેને અભૂતાર્થ/ અવિદ્યમાન કહેવામાં આવ્યું છે, તેથી તેના ચાર ભેદ પણ નિશ્ચયનયની અપેક્ષાએ અભૂતાર્થ છે. છતાં પણ પ્રત્યેક ભેદ, પોતાના વિષયની અપેક્ષાએ કથંચિત્ સત્યાર્થ પણ છે, પરંતુ બધાં ભેદોની સત્યાર્થતા એક જેવી નથી હોતી.

અહીં સ્થૂળતાથી સૂક્ષ્મતાના આધાર પર જે ક્રમથી તેના ભેદોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે જ ક્રમથી તેની સત્યાર્થતા પણ વસ્તુસ્વરૂપની ઉત્તરોત્તર વધારે નજદીક હોય છે. અહીં કોઈ સંસ્થાના કાર્યાલયમાં કાર્યરત કર્મચારીઓને આપવામાં આવેલા અધિકારો ના માધ્યમથી આ વાત સ્પષ્ટ કરવામાં આવી રહી છે.[1]

કોઈ સંસ્થાના કાર્યરત બધાં કર્મચારીઓને મુખ્યપણે ચાર શ્રેણીઓમાં વહેંચી શકાય છે-ઉચ્ચ અધિકારી, સામાન્ય અધિકારી, કલાર્ક અને પ્યૂન. આ બધાં કર્મચારીઓ પોત-પોતાના અધિકાર સીમામાં કામ કરે છે, પરંતુ બધાંની વાતોમાં એક જેવું વજન નથી હોતું. પ્રત્યેકની વાતનું વજન, તેના અધિકારોની હદમાં હોય છે તથા તેનાથી ઉચ્ચ અધિકારીની સામે તે અસહાય થઈ જાય છે.

કાર્યાલયના પ્યૂનને પૂછ્યા વિના અંદર નથી જઈ શકાતું, અધિકારીથી નથી મળી શકાતું, તેથી તેનું પણ પોતાનું જોર છે, પરંતુ તેને ક્લાર્કની વાત માનવી પડે છે. ક્લાર્ક તેને આદેશ આપી શકે છે, પરંતુ તે ક્લાર્કને આદેશ નથી આપી શકતો. આ જ રીતે

૧. પરમભાવ પ્રકાશક નયચક્ર, પાનું-૧૨૩.

ક્લાર્કને વિભાગીય અધિકારીનો તથા વિભાગીય અધિકારીને સર્વોચ્ચ અધિકારીનો આદેશ માનવાનો હોય છે, તે પોતાના ઉચ્ચાધિકારીને આદેશ નથી આપી શકતો. સર્વોચ્ચ અધિકારીની વાતને કોઈ ટાળી શકતું નથી, પરંતુ તે સ્વયં પોતાના નિર્ણયોને બદલી શકે છે. **આ જ સ્થિતિ વ્યવહારનયના ચાર ભેદોની છે.**

ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય જો કે બધાંથી સ્થૂળ વ્યવહાર છે, છતાં પણ લૌકિક અવસ્થામાં તે જ બળવાન છે. તેનું ઉલ્લંઘન લૌકિક દ્રષ્ટિથી પણ અપરાધ માનવામાં આવે છે. આ મકાન મારું છે, સ્ત્રી-પુત્રાદિ મારાં છે-એવું કહેવાવાળા ઉપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયના આધારથી જ પ્રત્યેક વ્યક્તિ પોતાની સંપત્તિ, સગા-સંબંધી સાથેનાં કર્તવ્ય અને અધિકાર આદિ સુનિશ્ચિત થાય છે. જો તેનું વજન (જોર) ન સ્વીકારવામાં આવે તો બધી લૌકિક વ્યવસ્થા પણ છિન્ન-ભિન્ન થઈ જશે. ન માત્ર લૌકિક વ્યવસ્થા, પરંતુ પંચેન્દ્રિય વિષયોનાં ગ્રહણ-ત્યાગનું કથન કરવાવાળા ચરણાનુયોગ અને ૬૩ શલાકા પુરૂષોના અનેક ભવોનું વર્ણન કરવાવાળા પ્રથમાનુયોગનો આધાર પણ સમાપ્ત થઈ જશે.

ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના કથનોમાં લૌકિક, નૈતિક, ધાર્મિક અને પૌરાણિક યથાર્થતા હોવા છતાં પણ અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના કથનોનું જોર વધારે હોવાથી તેની સામે તે ફિક્કો (બિચારો) થઈ જાય છે. આપણે શરીરની સાથે જેવું પોતાપણું અનુભવ કરીએ છીએ, તેવું મકાન આદિમાં નથી કરતા. મકાનમાં આગ લાગવાથી જો સુરક્ષિત બાહર નીકળી આવીએ તો પોતાને ઘણા ભાગ્યશાળી માનીએ છીએ. આ જ રીતે દ્રવ્ય-કર્મની સાથે જેવો પાક્કો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેવો સ્ત્રી-પુત્રાદિની સાથે નથી. સાતાવેદનીયના ઉદય સમયે બધાં અનુકૂળ નોકર્મ સારા લાગે છે તથા અસાતાવેદનીયના ઉદય સમયે તે જ પ્રતિકૂળ નોકર્મ ખરાબ લાગવા લાગે છે.

કહ્યું પણ છે -

**જલ સે ગલે, રવિ સે જલતા, કમલ જગહ છૂટ જાને સે,**
**મિત્ર અરિ હો જાયે જગત્ મેં, અશુભકર્મ કે આને સે.**

આ રીતે અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના કથન, ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના કથનોથી અધિક જોરદાર (વજનવાળા) હોય છે.

શરીર અને કર્મોની સાથે આત્માનો એકક્ષેત્રાવગાહી સંબંધ હોવા છતાં પણ તે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયોથી અત્યંત ભિન્ન જ છે. માટે ખરેખર તો આત્મા, તેનો કર્તા-ભોક્તા નથી, પરંતુ રાગાદિ વિકારી ભાવ તો આત્માની પર્યાયમાં જ થાય છે, તેથી તે જીવ રાગાદિ ભાવોથી જ દુ:ખી થાય છે. ધનાદિના પ્રતિ તીવ્રરાગથી પીડિત થવાથી આ જીવ, શારીરિક કષ્ટોને સહીને પણ ધનપ્રાપ્તિ થવાથી આનંદિત થાય છે અને શરીર પ્રતિ રાગ નષ્ટ થઈ જવાથી શરીર અગ્નિમાં બળવા છતાં પણ મુનિરાજ અતીન્દ્રિય આનંદ ભોગવીને તથા અરહંત અવસ્થા પ્રાપ્ત કરી લે છે. તેથી દેહની અપેક્ષાએ રાગ, આત્માની અત્યંત નજદીક છે. નજદીક શું? આત્માના જ પ્રદેશો અને પર્યાયોમાં છે, માટે તો રાગી, દુ:ખી હોય છે અને વીતરાગી, સુખી હોય છે.

આ જ રીતે પદાર્થોનું જ્ઞાન ઈન્દ્રિયોથી નહીં, મતિજ્ઞાનાદિથી થાય છે. આત્મા, મતિજ્ઞાનાદિરૂપ પરિણમિત થાય છે. તે મતિજ્ઞાનાદિક માં ચેતના અર્થાત્ જીવ જ પરિણમે છે. તેથી રાગાદિ અને મતિજ્ઞાનાદિ ક્ષયોપશમજ્ઞાનને આત્માનો કહેવાવાળો ઉપચરિત-સદ્ભૂતવ્યવહાર-નય, પોતાના પૂર્વવર્તી અનુપચરિત -અસદ્ભૂતવ્યવહારનયની અપેક્ષાએ વધારે જોરવાળો (વગદાર) છે.

રાગાદિ વિકાર તથા ક્ષયોપશમ જ્ઞાન, આત્માની અવસ્થાઓ હોવા છતાં પણ આત્માનો સ્વભાવ નથી, છતાં પણ સ્વભાવથી વિરૂદ્ધ છે, દુ:ખરૂપ છે અને વિનાશક છે. તેથી આત્માના પૂર્ણ સ્વભાવની દ્યોતક પૂર્ણ શુદ્ધ પર્યાયોને બતાવવાવાળો તથા ગુણ-ભેદથી આત્મા

સુધી પહોંચાડવાવાળો અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનય, પોતાના પૂર્વવર્તી ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનયથી વધારે તાકાતવાન છે. ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવ, સાદિ-સાંત છે અને ક્ષાયિક-ભાવ, સાદિ-અનંત છે તથા ગુણભેદ તો આત્માના અનંત ધર્મમાંથી એક ધર્મ અર્થાત્ આત્માનો સ્વભાવ જ છે, માટે અનુપચરિત-સદ્ભૂત-વ્યવહારનય આપણા લક્ષ્ય બિંદુ ભગવાન આત્માની વધારે નજદીક છે.

આ પ્રકારે એ સ્પષ્ટ થઈ જાય છે કે વ્યવહારનયના ચાર ભેદ ઉત્તરોત્તર વધારે જોરદાર છે.

**પ્રશ્ન** : વ્યવહારનયના ચાર ભેદોમાં પરમશુદ્ધનિશ્ચયનયના પ્રતિપાદક વ્યવહારનયનું કથન શા માટે નથી કરવામાં આવ્યું ?

**ઉત્તર : ગુણભેદનું ગ્રહણ કરવાવાળો અનુપચરિતસદ્ભૂત-વ્યવહારનય જ તેનો પ્રતિપાદક છે, આનાથી આગળનો પરમશુદ્ધ-નિશ્ચયનય જ તેનો નિષેધક છે, પરંતુ તે ક્યારે વ્યવહારનય નથી થતો, બાકીના નિશ્ચયનયતો વ્યવહારનય પણ થઈ જાય છે.**

**અહીંયા વ્યવહારનયના ભેદ-પ્રભેદોનું પ્રકરણ છે, માટે અનુપચરિત - સદ્ભૂતવ્યવહારનયના નિષેધક પરમશુદ્ધનિશ્ચયનયની ચર્ચા નથી કરવામાં આવી રહી. નિશ્ચયનયના ભેદ-પ્રભેદોના પ્રકરણમાં તેનું કથન કરી ચૂક્યા છીએ.**

વ્યવહારનયના આ ચારેય ભેદ આત્માના સંયોગો, સંયોગી ભાવો તથા ગુણ-પર્યાયોના ભેદોના માધ્યમથી આત્માને સમજાવવાના પ્રયોજનથી કરવામાં આવ્યા છે, તેથી તેનું વજન પણ પોત-પોતાના પ્રયોજનની મર્યાદામાં સમજવું જોઈએ. જો તેના પર જરૂરિયાત કરતાં વધારે જોર આપવામાં આવે તો તેને પરમાર્થ માનવાનો પ્રસંગ આવવાથી તે નયાભાસ થઈ જશે. એવી સ્થિતિ ન આવે, તે માટે નિશ્ચયનય દ્વારા વ્યવહારનયનો નિષેધ કરવો જરૂરી છે.

**અહીંયા ચારેય ભેદોનું વજન અર્થાત્ વસ્તુસ્વરૂપથી તેની નિકટતાની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવી છે. કોઈ પણ ભેદને પોતાના પૂર્વવર્તી ભેદના નિષેધક નથી કહેવામાં આવ્યા, કારણ કે નિષેધક લક્ષણ નિશ્ચયનયનું છે.** આ જ રીતે પ્રત્યેક ભેદ પોતાના ઉત્તરવર્તી નિશ્ચયનો પ્રતિપાદક તો કહેવામાં આવશે, પરંતુ પોતાના ઉત્તરવર્તી વ્યવહારનો પ્રતિપાદક ન માની શકાય, કારણ કે વ્યવહાર-વ્યવહારમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક સંબંધ નથી, પરંતુ નિશ્ચય-વ્યવહારમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક સંબંધ છે. જો વ્યવહારને જ તેના પૂર્વવર્તી ભેદના નિષેધક કહેશું તો તે વ્યવહારનયનો ભેદ ન રહીને નિશ્ચયનયત્વને પ્રાપ્ત થઈ જશે.

પ્રતિપાદ્ય-પ્રતિપાદક અને નિષેધ્ય-નિષેધકની ચર્ચા પહેલા થઈ ગઈ છે, છતાં પણ નિશ્ચયનયનો કયો ભેદ, વ્યવહારનયના ક્યા ભેદનો નિષેધ કરે છે-આ વાત નિમ્નલિખિત કોષ્ટકથી સ્પષ્ટ થઈ જાય છે -

| નિષેધક | નિષેધ્ય |
|---|---|
| અશુદ્ધનિશ્ચયનય | ઉપચરિત અને અનુપચરિત -અસદ્ભૂતવ્યવહારનય |
| એકદેશશુદ્ધનિશ્ચયનય | ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય |
| પરમશુદ્ધનિશ્ચયનય | અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનય |

*અહીંયા વિશેષ ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે સમયસાર, કળશ ૧૬૮ માં પરદ્રવ્ય, આત્માને સુખી-દુઃખી કરે છે-તેનો નિષેધ કરવા માટે આત્માના સુખ-દુઃખ, જીવન-મરણ આદિ નિશ્ચયથી પોતાના કર્મોદય અનુસાર થાય છે - એવું કહ્યું છે, પરંતુ નિશ્ચયનયના ભેદોમાં એવો કોઈ ભેદ નથી, જે આત્માને કર્મોદયથી સુખી-દુઃખી કહે . આ જ રીતે આત્મામાં રાગાદિ છે-એવું ઉપચરિત - સદ્ભૂતવ્યવહારનયથી કહેવામાં આવ્યું છે અને આત્મા, સમ્યક્દર્શનાદિ એકદેશ નિર્મળ પર્યાયોનો કર્તા છે-આ કથન*

*એકદેશશુદ્ધનિશ્ચયનયનું માનવામાં આવ્યું છે, છતાં પણ આ નિર્મળ પર્યાયોથી કર્તા-કર્મનો ભેદ બતાવવાવાળો વ્યવહારનયનો કોઈ પૃથક ભેદ નથી કહેવામાં આવ્યો. ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય થી મતિજ્ઞાનાદિને જીવના કહેવામાં આવ્યા છે, પરંતુ ત્યાં ક્ષાયોપશમિક મતિજ્ઞાનની વાત છે, માત્ર સમ્યક્જ્ઞાનની નથી.*

*આ તથ્યથી એ સમજવું જોઈએ કે અનેક પ્રસંગોમાં માત્ર નિષેધક હોવાથી નિશ્ચયનય તથા અભેદમાં ભેદ કરવાથી વ્યવહારનય ઘટિત કરવામાં આવ્યા છે, પ્રત્યેક કથન કોઈને કોઈ ભેદ-પ્રભેદમાં ઘટિત કરવામાં જ આવે-એવું જરૂરી નથી.*

**નિશ્ચયનયના ભેદ-પ્રભેદોમાં મહત્ત્વની તુલનાત્મક સમીક્ષા**

**પ્રશ્ન :** જે રીતે અહીંયા વ્યવહારનયના ભેદ-પ્રભેદોમાં મહત્ત્વની તુલના કરવામાં આવી છે, તે જ રીતે નિશ્ચયનયના ચાર ભેદોમાં મહત્ત્વની તુલના પણ થઈ શકે છે શું?

**ઉત્તર :** *નિશ્ચયનયને તો ભૂતાર્થ કે સત્યાર્થ જ કહ્યો છે, તેને જો આપણે પરમશુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ જોઈએ તો તેની વાતમાં ઓછું કે અધિક મહત્ત્વનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. વ્યવહારનયને અસત્યાર્થ કહ્યો છે, પરંતુ તેને સર્વથા અસત્યાર્થ માનીને નિશ્ચયાભાસ ન થઈ જાય, તે માટે તેના ભેદ-પ્રભેદોનું મહત્ત્વ અર્થાત્ કથંચિત્ સત્યાર્થપણું પણ બતાવવામાં આવ્યું છે.*

*આ જ રીતે જો નિશ્ચયનયના ભેદ-પ્રભેદોની તુલના કરવામાં આવે તો જેનું મહત્વ ઓછું હશે, તે વ્યવહારનયના ખાતામાં ચાલ્યું જશે. અશુદ્ધનિશ્ચયનયના વિષયને ભેદની અપેક્ષાએ ઉપચરિત સદ્ભૂતવ્યવહારનય કહ્યો છે. સર્વાધિક વજન તો નયાધિપતિ, નયાધિરાજ પરમશુદ્ધ નિશ્ચયનયનું છે, જેની સામે નિશ્ચયનયના અન્ય ત્રણ ભેદો નિષિદ્ધ થઈને વ્યવહારપણાને પ્રાપ્ત થઈ જાય છે, અસત્યાર્થ અથવા અભૂતાર્થ થઈ જાય છે.*

## વ્યવહારનયના ભેદ-પ્રભેદોની ઉપયોગિતા

વ્યવહારનયના ચારે ભેદોની વિષય-વસ્તુ તથા તેની કથંચિત્ સત્યાર્થતા (વજન) પર વિચાર કર્યા પછી તે પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે કે જ્યારે નિશ્ચયની દ્રષ્ટિથી બધાં વ્યવહાર અભૂતાર્થ છે, આત્માનુભૂતિમાં બાધક છે તો તેના આ ભેદ-પ્રભેદ કરવાની શું જરૂર છે? જો કે આ વિષય-વસ્તુનું વિવેચન કરતા સમયે, તેની ઉપયોગિતાનો સંકેત પણ કરી ચૂક્યા છીએ, છતાં પણ પ્રત્યેક ભેદની ઉપયોગિતા પર થોડો વિસ્તારથી પ્રકાશ નાખવો જરૂરી છે.

*પ્રત્યેક વ્યવહાર, પરમાર્થનો પ્રતિપાદક તો હોય જ છે, તેથી પરમાર્થનું જ્ઞાન કરાવવું, એ જ તેની ઉપયોગિતા છે, છતાં પણ અહીંયા પ્રત્યેક ભેદની અલગ-અલગ ઉપયોગિતા સમજીએ છીએ -*

### 1. ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયની ઉપયોગિતા

ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય આત્માના પ્રદેશોથી ભિન્ન સ્ત્રી-પુત્ર, મકાન આદિને આત્માના કહે છે. અનાદિથી અજ્ઞાની જીવ તો બાહ્ય સંયોગોને પોતાના તથા પોતાને તેમનો કર્તા-ભોક્તા માને જ છે, પરંતુ પોતાને તેનાથી ભિન્ન જાણવાવાળા જ્ઞાની પણ એવું કહેતાં થકા સાંભળવામાં આવ્યા છે. જ્ઞાતાના અભિપ્રાયને જ નય કહ્યો છે, તેથી તેઓ તેમને પોતાના કહીને તેના પ્રતિ પોતાના રાગનું જ્ઞાન કરાવે છે. રાગ, સ્વયંને તો અનુભવમાં આવે છે, પરંતુ બીજાને તો સ્ત્રી-પુત્રાદિ પ્રતિ આપણી રાગાત્મક ચેષ્ટા અર્થાત્ વાણી તથા શરીરાદિની ક્રિયા દેખાય છે અને તેનાથી જ તેઓને તે પદાર્થોથી આપણા રાગાત્મક સંબંધનું જ્ઞાન થાય છે.

જો કે પારમાર્થિક દ્રષ્ટિથી આપણા શરીરાદિ પર-પદાર્થોથી કોઈપણ પ્રકારનો સંબંધ નથી, છતાં પણ વ્યવહારિક જગત તો સંબંધોની આધાર શિલા પર જ ઉભું છે. સ્ત્રી-પુત્રાદિ ચેતન, મકાન આદિ અચેતન તથા નગર-ગામ આદિ મિશ્ર પદાર્થોની સાથે આપણા

સંબંધોના આધાર પર જ પરિવાર, કુળ, ગોત્ર, જાતિ, સગા-સબંધી આદિનો વ્યવહાર ચાલે છે. પોતાના ગામ, નગર, રાજ્ય, દેશ આદિના આધાર પર પરસ્પર પરિચય કરાવવામાં આવે છે. આ જ પરિચયના નિમિત્તથી એકત્વબુદ્ધિ ઉત્પન્ન થવાથી રાગ-દ્વેષની સંતતિ અને સંસાર વધે છે. બે જાતિઓ, કબીલાઓ, રાજ્યો અથવા દેશોમાં મૈત્રી અથવા યુદ્ધનો આધાર પણ આ જ વ્યવહારિક સંબંધ બને છે.

જો આ વ્યવહારને યથાર્થ રૂપમાં સ્વીકાર ન કરવામાં આવે તો આપણી સંસ્કૃતિ અને સભ્યતા જ નષ્ટ થઈ જશે. સ્વ-સ્ત્રી તથા પર-સ્ત્રીનો વ્યવહાર પણ લુપ્ત થઈ જવાથી સદાચાર અને વ્યભિચારનો ભેદ જ નહીં રહે, જેનાથી મનુષ્યોનું જીવન પણ પશુઓ જેવું થઈ જશે. આ જ રીતે ચોરી, પરિગ્રહ આદિ પાપોનું તથા તેના ત્યાગરૂપ અણુવ્રત-મહાવ્રત આદિનું વિધાન પણ લુપ્ત થઈ જશે.

આ રીતે ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય, ન માત્ર વ્યવસ્થિત લોક-વ્યવહારનું નિયામક છે, પરંતુ પ્રથમાનુયોગ અને ચરણાનુયોગની વ્યાખ્યાન પદ્ધતિનો આધાર પણ છે. પારમાર્થિક વસ્તુ-સ્વરૂપ ન હોવાથી જો કે આને **અસદ્ભૂત** કહેવામાં આવેલ છે, છતાં પણ તે સર્વથા અસત્ય નથી. આ પ્રમાણે વચન અને ક્રિયાનો વ્યવહાર કરવાથી અસત્ય નામનું પાપ નથી લાગતું, છતાં તેની મર્યાદાઓનું ઉલ્લંઘન, પાપોનો જનક છે. હાં! જો મોક્ષમાર્ગમાં આને પરમાર્થ માનીને પોતાના સ્વરૂપનો પરની સાથે સંબંધરૂપ અનુભવ કરવામાં આવે તો મિથ્યાત્વ થાય છે. આ સંબંધનું લક્ષ કરવામાં આવે તો રાગ-દ્વેષ થાય છે, પરંતુ તેને યથાર્થ જાણવો, સમ્યક્-શ્રુત જ્ઞાનનો અંશ હોવાથી આ મોક્ષમાર્ગમાં જાણેલો પ્રયોજનવાન છે.

*શુભરાગમાં મોક્ષમાર્ગનો સર્વથા અભાવ છે, કારણ તે પરમાર્થ થી બંધનું જ કારણ છે, તેથી આ અપેક્ષાએ તેને મોક્ષમાર્ગ કહેવો*

*ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયનું કથન પણ કહી શકીએ છીએ.*

## 2. અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયની ઉપયોગિતા

શરીર તથા દ્રવ્યકર્મોથી આત્માનો સંબંધ બતાવવો, અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયનું પ્રયોજન છે. આની સાથે આત્માનો વાસ્તવિક સંબંધ ન હોવા છતાં પણ તેમાં તથા જીવની અવસ્થાઓમાં નિમિત્ત-નૈમિતિક સંબંધોનું તથા શરીર પ્રતિ જીવના રાગનું પ્રતિપાદન કરવું જ આ નયની ઉપયોગિતા છે.

જો કે દ્રવ્યકર્મો પ્રતિ રાગ-દ્વેષ કરવાનો સાક્ષાત્ વ્યવહાર, આપણા જીવનમાં નથી જોવામાં આવતો, પરંતુ તે કર્મોની સાથે અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયથી જીવના કર્તા-કર્મ સંબંધના આધાર પર જ જૈનદર્શનના કર્મ-સિદ્ધાંતનો મહેલ ઉભો કરવામાં આવ્યો છે. **સમયસાર, ગાથા ૬ ની આત્મખ્યાતિ ટીકામાં એકત્વ-વિભક્ત આત્માને બતાવવાની પ્રતિજ્ઞાનું પાલન કરતાં થકા દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયોથી ભિન્ન જ્ઞાયકભાવને સંસાર અવસ્થામાં કર્મ-પુદ્ગલોથી નીર-ક્ષીરની જેમ ભળેલો બતાવવામાં આવ્યો છે-**આ એ જ વ્યવહારનયનું કથન છે, પરંતુ જો આ નયનો સર્વથા નિષેધ કરવામાં આવે તો જીવના રાગ-દ્વેષ, સંસાર-ભ્રમણ, કર્મ-બંધ તથા મોક્ષમાર્ગ અને મોક્ષનો પણ લોપ થવાનો પ્રસંગ આવશે.

જીવ અને શરીર પણ દૂધ અને પાણીની જેમ ભળેલા કહેવામાં આવ્યા છે. સમયસાર, ગાથા ૨૭ માં વ્યવહારનયથી જીવ અને શરીરને એક કહ્યા છે. આપણું સંપૂર્ણ લૌકિક જીવન, શરીર અને આત્માના સંબંધના આધાર પર જ સંચાલિત થાય છે. શારીરિક સુખ-દુ:ખ જ આપણા જીવન-વ્યવહારના મુખ્ય કેંદ્ર-બિંદુ છે, તેથી અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય, આત્માની વર્તમાન સંયોગી અવસ્થાનું જ્ઞાન કરવા હેતુ અત્યંત ઉપકારી છે.

વિશ્વના પ્રાયઃ બધાં ધર્મ, જીવદયાને સૌથી મોટો ધર્મ તથા જીવ-હિંસાને મહાપાપ કહે છે. જૈનાચાર પદ્ધતિનો મૂળાધાર પણ અહિંસા છે. તેનું વ્યાવહારિક સ્વરૂપ-અભક્ષ્યનો ત્યાગ, અષ્ટમૂળગુણ પાલન, અહિંસાણુવ્રત તથા અહિંસા મહાવ્રત આદિ આપણા ચરણાનુયોગમાં મહત્ત્વપૂર્ણ સ્થાન રાખે છે. જો જીવ અને શરીરના એકક્ષેત્રાવગાહ સંબંધનો સર્વથા નિષેધ કરવામાં આવે તો જેમ, ભસ્મને મસળવાથી જીવહિંસા નથી થતી, તેમ જીવોને મસળવાથી પણ હિંસાના અભાવનો પ્રસંગ આવે છે.

આ રીતે અહિંસાત્મક આચારનું પાલન, અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયનો સ્વીકાર કરવાથી જ સંભવ છે.

આત્માની ખોજ કરવાનું મહાન કાર્ય પણ અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયને જાણવા-માનવાથી સરળ થઈ જાય છે. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૧૦માં આત્માને વ્યવહારનયથી દેહપ્રમાણ કહેવામાં આવ્યો છે. યોગસાર આદિ ગ્રંથોમાં તનમંદિરમાં બિરાજમાન ચૈતન્યદેવના દર્શનની પ્રેરણા આપવામાં આવી છે. આ જ આધાર પર ભક્તિની નિમ્ન પંક્તિઓ ગાવામાં આવે છે -

**જિનમંદિરમેં શ્રી જિનરાજ, તન-મંદિરમેં ચેતનરાજ,**
**તન-ચેતન કો ભિન્ન પિછાન, જીવન સફળ હુઆ હૈ આજ.**

અન્ય દર્શનોમાં આત્માનું અસ્તિત્વ, સર્વ લોક-વ્યાપી, વડના બીજ પ્રમાણ તથા અંગુઠા પ્રમાણ આદિ અનેકરૂપ માનવામાં આવે છે. જ્યારે જૈનદર્શનનો આ નય આત્માને સંસાર-અવસ્થામાં શરીર-પ્રમાણે કહીને, આપણી દ્રષ્ટિને બાહરથી હટાવીને, શરીર સુધી લઈ આવે છે.

### 3. ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનયની ઉપયોગિતા

ઉપચરિત/અશુદ્ધ-સદ્ભૂતવ્યવહારનય, અપૂર્ણ તથા વિકારી

પર્યાયોની મુખ્યતાથી આત્માનો પરિચય આપે છે. સંસારના પ્રત્યેક પ્રાણી દુઃખી છે અને સુખ ઈચ્છે છે-આ તથ્ય જ જૈનધર્મનો પ્રમુખ આધાર છે. આત્માની રાગાદિ વિકારી પર્યાયો, સ્વયં દુઃખરૂપ છે તથા દુઃખનું કારણ છે, તેને જાણ્યા વિના તેનો અભાવ કરવો સંભવ નથી.

જે રીતે શરીરમાં થવાવાળા રોગનું સ્વરૂપ અને કારણ જાણીને જ તેને દૂર કરી શકાય છે, તે જ રીતે આત્માની અવસ્થામાં ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષરૂપી રોગ જાણ્યા વિના, તેનો અભાવ નહીં કરી શકાય. આ રીતે **આશ્રવ-બંધ તત્ત્વની શ્રદ્ધા,** ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનયનો સ્વીકાર કરવાથી જ સંભવ છે. જો વર્તમાન પર્યાયમાં વિદ્યમાન રાગાદિને સ્વીકાર ન કરવામાં આવે તો ધર્મ કરવાની કોઈ આવશ્યકતા જ નહીં રહે અર્થાત્ મોક્ષમાર્ગનો ઉપદેશ જ વ્યર્થ થઈ જશે.

## 4. અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનયની ઉપયોગિતા

ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનયથી આત્મામાં ઉત્પન્ન થવાવાળા રાગાદિ ભાવોનું જ્ઞાન કરવાનું પ્રયોજન, તેનો અભાવ કરીને મુક્તિ પ્રાપ્ત કરવાનું છે. આ પ્રયોજનની સિદ્ધિ માટે આત્માનું અવલંબન અર્થાત્ આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનું જ આચરણ કરવું અનિવાર્ય છે, કારણ કે સમ્યક્દર્શન જ્ઞાન-ચારિત્ર જ મુક્તિનો માર્ગ છે. આ રીતે આપણે મોક્ષમાર્ગ શા માટે પ્રગટ કરવો જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર તો ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનયથી પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ આ કાર્ય કેવી રીતે કરવામાં આવે-તેનો ઉત્તર મેળવવા માટે અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનયથી આત્માનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે, કારણ કે આ નય આત્માના નિજવૈભવનું જ્ઞાન કરાવે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રીના પ્રવચનોનું કેંદ્ર બિંદુ **ભગવાન આત્મા** છે.

તેમના શબ્દોમાં કહીએ તો **ભગવાન આત્મા .... અનંત .... અનંત શક્તિઓનું સંગ્રહાલય, અનંતગુણોનું ગોદામ, ચૈતન્યના નૂરનું પૂર... પરમાત્મા છે....** આવા વાક્ય જ તેમના પ્રવચનોના પ્રમુખ આકર્ષક બિંદુ છે.

એક આત્મા .... આત્મા કહેવા માત્રથી તેનું સ્વરૂપ સમજવામાં નથી આવતું, તેથી અભેદ આત્માનું સ્વરૂપ સમજવા માટે આત્માના ગુણો, શક્તિઓ, સ્વભાવોનો ભેદ કરવામાં આવે છે, કારણ કે સ્વરૂપનું અવલંબન કરવા માટે આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર, સુખ, વીર્ય આદિ શક્તિઓ, ગુણો તથા તેના કાર્યોને જાણવા જરૂરી છે.

આત્મામાં અનંત શક્તિઓ છે, તેનો વિશ્વાસ કેવી રીતે આવે? જ્યાં સુધી અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ પૂર્ણ પર્યાયરૂપ-પરિણમિત આત્માનો વિશ્વાસ ન થાય, ત્યાં સુધી તેની શક્તિઓનો વિશ્વાસ ન થઈ શકે, તેથી અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનય, આત્માની શક્તિઓની સાથે-સાથે અરહંતો અને સિદ્ધોમાં પ્રગટ પૂર્ણ શુદ્ધ પર્યાયોનું જ્ઞાન પણ કરાવે છે-પૂર્ણ શુદ્ધ પર્યાયમાં પ્રગટ થવાવાળા આત્મવૈભવનું ચિત્રણ આદરણીય યુગલજીએ સિદ્ધપૂજન ની નીચેની પંક્તિઓમાં ઘણું જ સુંદર રીતે કર્યુ છે -

**અહો ! નિખરા કાંચન ચૈતન્ય, ખિલે સબ આઠો કમલ પુનીત,**
**અતીંદ્રિય સૌખ્ય ચિરન્તન ભોગ, કરો તુમ ધવલ મહલ કે બીચ.**

આ રીતે અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાયોનું જ્ઞાન કરાવી **મોક્ષતત્ત્વની શ્રદ્ધા** કરવામાં નિમિત્ત બને છે તથા આત્મામાં વિદ્યમાન ગુણો/શક્તિઓનું જ્ઞાન કરાવીને અભેદ **આત્માની મહિમા** ઉત્પન્ન કરાવી આત્માનુભૂતિમાં નિમિત્ત બને છે - આ તેની ઉપયોગિતા છે.

**પ્રશ્ન :** એક વસ્તુમાં ગુણ-પર્યાય આદિના ભેદ કરવા,

સદ્ભૂતવ્યવહારનયનું કથન કહેવામાં આવ્યું છે. શું આ નયના પ્રયોગોમાં વિભિન્નતા પણ હોય છે?

**ઉત્તર :** ગુણ-ગુણી અથવા પર્યાય-પર્યાયીના ભેદના આધારથી સદ્ભૂતવ્યવહારનયના પણ ઘણા પ્રયોગ, આગમમાં ઉપલબ્ધ થાય છે. પર્યાયોના જેટલા પ્રકારથી વર્ગીકરણ કરવામાં આવશે, તેટલાં જ પ્રયોગ સદ્ભૂતવ્યવહારનયના થઈ જશે.

નય-દર્પણ, પાના નં. ૬૬૮-૬૬૯ ઉપર ક્ષુલ્લક શ્રી જિનેન્દ્ર વર્ણીએ સામાન્ય દ્રવ્ય અને વિશેષ દ્રવ્યોમાં ગુણ-પર્યાયોનો ભેદ કરતાં થકા શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયના વિભિન્ન પ્રયોગોનું વર્ણન કર્યું છે, જે આ પ્રકારે છે -

**1. શુદ્ધ-(અનુપચરિત)-સદ્ભૂતવ્યવહારનયના વિભિન્ન પ્રયોગ**

(1) સામાન્ય દ્રવ્ય (જીવમાત્રમાં) અથવા શુદ્ધ દ્રવ્ય (સિદ્ધ-ભગવાન) માં ગુણ-ગુણીનો ભેદ કરીને જીવને જ્ઞાનગુણવાળો કહેવો. ગુણ, ત્રિકાળી સામાન્ય ભાવરૂપ હોય છે, તેથી તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયો થી નિરપેક્ષ હોય છે.

(2) શુદ્ધ પર્યાયો બે પ્રકારની છે-સામાન્ય અને વિશેષ . પ્રતિક્ષણવર્તી ષટ્ગુણી હાનિ-વૃદ્ધિરૂપ સૂક્ષ્મ અર્થપર્યાય સામાન્ય શુદ્ધપર્યાય છે અને કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ વિશેષ શુદ્ધ પર્યાયો છે. તેથી જીવ ષટ્ગુણી હાનિ-વૃદ્ધિરૂપ સ્વાભાવિક સામાન્ય પર્યાયવાળો છે-એમ કહેવું, દ્રવ્ય સામાન્યમાં પર્યાય-પર્યાયીના ભેદ કથનરૂપ શુદ્ધ-(અનુપચરિત)-સદ્ભૂતવ્યવહારનયનું કથન છે.

(3) જીવ, કેવળજ્ઞાન-દર્શનવાન્ અથવા વીતરાગતાવાન્ છે-એમ કહેવું, દ્રવ્ય સામાન્યમાં શુદ્ધ ગુણ-ગુણી અને શુદ્ધ પર્યાય-પર્યાયીનું ભેદ-કથન કરવાવાળો શુદ્ધ-સદ્ભૂતવ્યવહારનય છે.

(4) સિદ્ધ ભગવાન, કેવળજ્ઞાન-દર્શનવાળા અથવા

વીતરાગતાવાળા છે-એમ કહેવું શુદ્ધ દ્રવ્ય અથવા શુદ્ધ પર્યાયોમાં શુદ્ધ ગુણ-ગુણી અથવા શુદ્ધ પર્યાય-પર્યાયીનો ભેદ કરવાવાળા, શુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનયનું કથન છે.

ગુણ સામાન્ય તો પર-સંયોગોથી રહિત છે જ, ક્ષાયિકભાવ પણ સંયોગ કે વિકારના અભાવસ્વરૂપ છે તથા સ્વભાવને અનુરૂપ પર્યાયના ભેદ કથનને પણ અનુપચરિત-સદ્‌ભૂતવ્યવહાર કહેવો, યોગ્ય છે.

ઉપરોક્ત પ્રયોગ આપણા વ્યવહારિક જીવનમાં ઘણાં ઓછા હોય છે, તેથી આપણને અઘરા લાગે છે, પરંતુ આત્માનું સ્વરૂપ સમજીને, તેની મહિમા પ્રગટ કરવા માટે અત્યંત ઉપયોગી છે, તેથી તેમને સાવધાનીથી સમજવા જરૂરી છે.

**2. અશુદ્ધ-(ઉપચરિત)-સદ્‌ભૂતવ્યવહારનયના વિભિન્ન પ્રયોગ**

નય-દર્પણ, ૬૭૨-૬૭૩ ઉપર અશુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનયના સંબંધમાં નિમ્નાનુસાર સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે -

(1) દ્રવ્ય સામાન્ય અથવા અશુદ્ધ દ્રવ્ય-પર્યાયરૂપ અશુદ્ધ દ્રવ્યમાં અશુદ્ધ ગુણો તથા અશુદ્ધ પર્યાયોના આધાર પર ભેદોપચાર દ્વારા ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી, લક્ષણ-લક્ષ્ય આદિરૂપ દ્વૈત ઉત્પન્ન કરવું, અશુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનય છે.

(2) અશુદ્ધ ગુણ તથા પર્યાયો ઔદયિક (તથા ક્ષાયોપશમિક) ભાવરૂપ હોય છે. જેમ, જ્ઞાન ગુણની મતિજ્ઞાનાદિ પર્યાયો, ચારિત્ર ગુણની રાગ-દ્વેષાદિ પર્યાયો તથા વેદન ગુણની વિષયજન્ય સુખ-દુ:ખાદિ પર્યાયો.

(3) જીવ સામાન્ય, મતિજ્ઞાન કે રાગ-દ્વેષ વાળો છે-એમ કહેવું, દ્રવ્ય સામાન્યની અપેક્ષાએ અશુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનયનો પ્રયોગ છે.

(4) સંસારી, જીવ મતિજ્ઞાન અથવા રાગ-દ્વેષવાળો છે-આ

દ્રવ્યપર્યાયની અપેક્ષાએ અશુદ્ધ-સદ્ભૂતવ્યવહારનયનો પ્રયોગ છે (અહીં સંસાર અવસ્થાને દ્રવ્ય પર્યાય કહેવામાં આવેલ છે )

(5) પરસંયોગી અશુદ્ધ ભાવોનો જીવની સાથે સ્થાયી સંબંધ નથી તથા એ સ્વભાવથી વિરૂધ્ધ ભાવ છે, તેથી તેને ઉપચરિત ભાવ કહેવો યોગ્ય છે.

**અસદ્ભૂતવ્યવહારનયના વિભિન્ન પ્રયોગ**

અહીં વિશેષ જ્ઞાતવ્ય છે કે પંચાધ્યાયીકારને અસદ્ભૂત-વ્યવહારનયની વિષય-વસ્તુના અંતર્ગત અલગ પ્રયોગ કર્યા છે, જેની વિસ્તૃત મીમાંસા, આગળના અધ્યાયમાં કરવામાં આવશે.

**પ્રશ્ન : શું અસદ્ભૂતવ્યવહારનયના પ્રયોગોમાં પણ ભિન્નતા** જોવામાં આવે છે?

**ઉત્તર :** અસદ્ભૂતવ્યવહારનય, વિભિન્ન દ્રવ્યોની સાથે, વિભિન્ન પ્રકારના સંબંધ સ્થાપિત કરે છે, માટે તેનું ક્ષેત્ર ઘણું મોટું છે. દ્રવ્ય અનંતાનંત છે અને તેમાં સંબંધ પણ અનેક પ્રકારના છે, તેથી આ નયનો વિષય અસીમિત છે.

જ્યારે બે અથવા બે થી વધારે દ્રવ્યોની વચ્ચે સંબંધ સ્થાપિત કરવાની વાત આવે છે, ત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે કે દ્રવ્ય સજાતીય છે કે વિજાતીય, નિકટવર્તી છે કે દૂરવર્તી? તથા તેમાં સ્વ-સ્વામિ, કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય, જ્ઞાતા-જ્ઞેય આદિ સંબંધોમાંથી ક્યો સંબંધ સ્થાપિત કરવામાં આવી રહ્યો છે.

અનંતાનંત દ્રવ્યોના સજાતીય, વિજાતીય અને ઉભય દ્રવ્યોના રૂપમાં ત્રણ ભેદ કરવામાં આવ્યા છે તથા તેમાં વિભિન્ન સંબંધોના આધાર પર નવ પ્રકારનો ઉપચાર કરવો, અસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે.

**પ્રશ્ન :** એક જ વસ્તુમાં ગુણ-પર્યાયનો ભેદ કરવો, વાસ્તવિક છે કે ઉપચરિત છે?

**ઉત્તર** : આત્માના અનંતધર્મોમાં અભેદ અને ભેદ નામક ધર્મ યુગલ પણ છે. એક દ્રવ્યમાં અનંત ગુણ ત્યારે હોઈ શકે છે, જ્યારે તે પરસ્પર ભિન્ન હોય. દ્રવ્ય-ગુણ-પર્યાયનું લક્ષણ પણ પરસ્પર ભિન્ન-ભિન્ન છે, તેથી એક વસ્તુના ભેદ પણ વાસ્તવિક છે, જેને પ્રવચનસાર, ગાથા ૧૦૬માં અતદ્ભાવસ્વરૂપ કહેવામાં આવ્યાં છે. છતાં પણ રાગી જીવોને ભેદના લક્ષથી રાગ ઉત્પન્ન થાય છે, તેથી અભેદ વસ્તુની અપેક્ષાએ ભેદને ઉપચરિત પણ કહેવામાં આવે છે. રાગાદિ અશુદ્ધ પર્યાયોના ભેદથી આત્માને જોવો, ઉપચરિત - સદ્ભૂતવ્યવહારનય છે અને જ્ઞાન-દર્શનાદિ ગુણભેદથી આત્માને જોવો, અનુપચરિત-સદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવેલ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ગ્રંથકાર રાગાદિકૃત ભેદ તથા ગુણભેદમાં અંતર બતાવવા ઈચ્છે છે.

ખરેખર ઉપચાર તો અસદ્ભૂત વ્યવહારમાં જ સંભવ છે, કારણ કે બે દ્રવ્યોમાં પરસ્પર સંબંધ વાસ્તવિક નથી, કથન માત્ર છે.

**પ્રશ્ન** : જો અસદ્ભૂતવ્યવહારનય ઉપચરિત છે તો તેનો એક ભેદ અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનય કેવી રીતે કહેવામાં આવ્યો છે?

**ઉત્તર** : તેનું સ્પષ્ટીકરણ કરતાં થકા આલાપપદ્ધતિ, પાના નં. ૨૨૭ પર કહ્યું છે-અસદ્ભૂતવ્યવહાર જ ઉપચાર છે અને જે ઉપચાર નો પણ ઉપચાર કરે છે, તે ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય છે.

ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થઈ જાય છે કે અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય પણ વાસ્તવમાં ઉપચરિત જ છે . જેમાં માત્ર ઉપચાર હોય, તે અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય છે અને જેમાં ઉપચારમાં પણ ઉપચાર હોય તે ઉપચરિત-અસદ્ભૂતવ્યવહાર-નય છે.

લોકમાં પણ આવા પ્રયોગ કરવામાં આવે છે. કેટલાક લોકો થી આપણો સીધો સંબંધ હોય છે તથા તેના સંબંધીઓથી પણ આપણો

સંબંધ કહેવા છતાં તેવો સંબંધ નીભાવવામાં આવતો નથી, જેવો સીધો સંબંધીઓથી નીભાવવામાં આવે છે. સાળો, બનેવી, મામા આદિથી આપણો સીધો સબંધ છે તથા મામાના સાળા, સાળાનો સાળો અથવા બનેવીના બનેવી આદિ સબંધીઓના સબંધી છે.

આ જ રીતે આઠ કર્મ અને શરીરથી આપણો સીધો સંબંધ હોવાથી આત્મા અને તેના સંયોગને જાણવાવાળું જ્ઞાન, અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય છે તથા માતા-પિતા, ભાઈ-બહેન, ધન-સંપત્તી આદિથી આપણો સંબંધ શરીર તથા કર્મોના માધ્યમથી છે, તેથી તેઓથી આપણો સબંધ, ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે.

આ રીતે જ્યારે માત્ર ઉપચરિત કથન હોય તો **અનુપચરિત - અસદ્ભૂતવ્યવહારનય** અને જ્યારે ઉપચારમાં પણ ઉપચાર કરવામાં આવે તો **ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય**નો પ્રયોગ સમજવો જોઈએ. ઉપચારમાં પણ ઉપચારથી ભિન્નતા બતાવવા માટે અર્થાત્ અત્યંત નિકટવર્તી સબંધ બતાવવા માટે અનુપચરિત શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

**નય અને ઉપનય**-શ્રુતભવનદીપક નયચક્ર, પાના નં. ૨૦ ઉપર વ્યવહારનો જનક, ઉપનયને બતાવતા થકા કહ્યું છે -

"**વ્યવહારનય, ઉપનયથી ઉપજનિત થાય છે. પ્રમાણ, નય, નિક્ષેપાત્મક, ભેદ અને ઉપચાર દ્વારા જે વસ્તુનું પ્રતિપાદન કરે છે તે વ્યવહારનય છે.**"

**પ્રશ્ન** : વ્યવહારનો જનક ઉપનય કેવી રીતે છે?

**ઉત્તર** : સદ્ભૂતવ્યવહારનય, ભેદનો ઉત્પાદક હોવાથી, અસદ્ભૂતવ્યવહારનય, ઉપચારનો ઉત્પાદક હોવાથી અને ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય, ઉપચારમાં પણ ઉપચારનો ઉત્પાદક હોવાથી ઉપનયજનિત છે.

**પ્રશ્ન :** ઉપનય કોને કહે છે?

**ઉત્તર :** શ્રુતભવનદીપક નયચક્રમાં ઉપનયની વ્યાખ્યા પાના નં. ૫૯ ઉપર આ રીતે બતાવવામાં આવી છે -

જે આત્મા અથવા પ્રમાણાદિની અત્યંત નજદીક પહોંચે છે, તે ઉપનય છે. તાત્પર્ય એ છે કે વ્યવહારનય જ ઉપનય છે, કારણ કે વ્યવહારનયના ભેદ-પ્રભેદ અને ઉપનયના ભેદ-પ્રભેદ એક જ પ્રકારના છે.

આચાર્ય દેવસેન તથા માઈલ્લ ધવલ કૃત બંને નયચક્રોમાં નયોના બે ભેદ કર્યા છે-નય અને ઉપનય. તેના ભેદ-પ્રભેદ નીચેના કોષ્ટક દ્વારા સારી રીતે સમજી શકાય છે -




ઉપરોક્ત કોષ્ટકમાં બતાવવામાં આવેલ ઉપનયના ભેદોને જ વ્યવહારનયના ચાર ભેદોના રૂપમાં બતાવવામાં આવ્યા છે.

**અસદ્ભૂતવ્યવહારનયના વિષયભૂત અનેક પ્રકારના સંબંધ**

આલાપપદ્ધતિ, પાના નં. ૨૨૭ પર અસદ્ભૂતવ્યવહારનયના વિષયભૂત સંબંધોનું સ્પષ્ટીકરણ કરતાં થકા કહ્યું છે -

**આ જ અસદ્ભૂતવ્યવહારનય ભિન્ન દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોની વચ્ચે જોવામાં આવવાવાળા અવિનાભાવ સંબંધ, સંશ્લેષ સંબંધ, પરિણામ-પરિણામી સંબંધ, શ્રદ્ધા-શ્રદ્ધેય સંબંધ, જ્ઞાન-જ્ઞેય સંબંધ, ચારિત્ર-ચર્યા સંબંધ આદિને પોતાનો વિષય બનાવે છે.**

*અહીંયા એ તથ્ય વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના વિષયભૂત શ્રદ્ધેય, જ્ઞેય અને ચર્યા (ચારિત્રનો વિષય) થી સંબંધને પણ અસદ્ભૂતવ્યવહારનયનો વિષય કહેવામાં આવ્યો છે. સમયસાર, ગાથા ૩૫૬ થી ૩૬૫ ની ટીકામાં સેટિકા (કલઈ) ના ઉદાહરણથી જ્ઞાન, દર્શન, શ્રદ્ધા અને ત્યાગનો તેમના બાહ્ય વિષયોથી સ્વ-સ્વામી સંબંધનો નિષેધ કરવામાં આવ્યો છે.*

**પ્રશ્ન** : પરસ્પર ભિન્ન દ્રવ્યોમાં સંશ્લેષ સંબંધ આદિને અસદ્ભૂતવ્યવહારનયનો વિષય કહેવો તો યોગ્ય લાગે છે, પરંતુ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તો આત્માનો સ્વભાવ છે, તેથી શ્રદ્ધા-શ્રદ્ધેય, જ્ઞાતા-જ્ઞેય આદિ સંબંધને અસદ્ભૂતવ્યવહારનયના વિષયમાં સમાવેશ કેમ કરવામાં આવે છે?

**ઉત્તર** : પરસ્પર ભિન્ન દ્રવ્યોમાં કોઈ પણ પ્રકારનો સંબંધ જોવો અસદ્ભૂત જ છે, કારણ કે વાસ્તવમાં બે દ્રવ્યોમાં કોઈ સંબંધ છે જ નહીં. જો કે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તો પોતાના વિષયથી પણ નિરપેક્ષ રહીને પોતાની યોગ્યતાથી પોતાના સ્વભાવાનુસાર પરિણમે છે, તેથી પ્રતીતિ, જાણવું અને રમણતારૂપ પરિણમન તો નિશ્ચયથી આત્માના પરિણામ છે, છતાં પણ નવ તત્ત્વની શ્રદ્ધા જ્ઞેયોનું જ્ઞાન તથા પરમાં રમણતા કે પરનો ત્યાગ-એવું કહેવું અસદ્ભૂત-વ્યવહારનયના જ કથન છે, કારણ કે તેમાં પર-વિષયોની સાથે આત્માના શ્રદ્ધા આદિ ગુણોનો સંબંધ બતાવવામાં આવી રહ્યો છે.

***પ્રશ્ન** : જો એવું છે તો જ્ઞાન દ્વારા જ્ઞેયોને જાણવું અસદ્ભૂત હોવાથી જ્ઞાનના જ્ઞેયો ને જાણવાનું અથવા સ્વ-પરપ્રકાશક સ્વભાવનો*

*જ નિષેધ થઈ જશે?*

**ઉત્તર :** *અહીં જાણવાને અસદ્ભૂત નથી કહેવામાં આવ્યું, પરંતુ જ્ઞાન-જ્ઞેયના સંબંધને અસદ્ભૂત કહ્યો છે. જ્ઞાનમાં જ્ઞાનની યોગ્યતાનુસાર જ્ઞેય જેવો આકાર બને છે અર્થાત્ જેવું જ્ઞેયનું સ્વરૂપ જાણવામાં આવે છે-એ જ જ્ઞેયોનું જાણવું છે, જેમાં જ્ઞાન અને જ્ઞેય સ્વતંત્ર અને નિરપેક્ષ હોવાથી જાણવું પરમાર્થ જ છે, પરંતુ તે જાણન ક્રિયાને જ્ઞેયોનું જાણવું, જ્ઞેયાકાર જ્ઞાન આદિ કહેવું અસદ્ભૂત-વ્યવહારનય છે, પરમાર્થ નહીં.*

પ્રવચનસાર, ગાથા ૨૩ ની ટીકામાં જ્ઞાનને ઉપચારથી સર્વગત કહ્યું છે. આ સંબંધમાં પ્રવચનસુધા, ભાગ ૨, પાના નં. ૫૬ ઉપર પૂજ્ય ગુરૂદેવશ્રીના નિમ્ન ઉદ્ગાર ધ્યાન આપવા યોગ્ય છે -

**'આ આત્મા પર ને જાણે છે તો જ્ઞાનની પર્યાય જ્ઞેય-પ્રમાણ થઈ ગઈ છે. જેટલું જ્ઞેય છે, તેટલા પ્રમાણમાં જ્ઞાન થયું. તે જ્ઞેય-પ્રમાણ જ્ઞાન થયું તો જ્ઞાન જ્ઞેયાકાર થઈ ગયું . તે (જે) જ્ઞેયાકાર થયું, તે છે તો જ્ઞાનાકાર, પરંતુ જ્ઞેયને જાણવાથી જ્ઞેયાકાર કહેવામાં આવે છે.'**

*તેથી જ્ઞાન-જ્ઞેય* ***સંબંધને*** *અસ્દભૂત સમજવો જોઈએ, જ્ઞાનનો જાણનસ્વભાવ તથા જાણવારૂપ પરિણમનને નહીં, તે તો વાસ્તવિક છે.*

**પ્રશ્ન :** જ્ઞાતા-જ્ઞેય સંબંધને અનુપચરિત-અસદ્ભૂતવ્યવહાર-નયનો વિષય કહેવામાં આવ્યો છે, જ્યારે જ્ઞેય તો જ્ઞાનથી અત્યાધિક દૂર પણ હોય છે તો દૂરવર્તી કે ભિન્ન ક્ષેત્રવર્તી પદાર્થોથી જ્ઞાન-જ્ઞેય સંબંધને ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયનો વિષય શા માટે ન માનવામાં આવે?

**ઉત્તર :** જ્યારે બે દ્રવ્યોમાં સીધો સંબંધ સ્થાપિત કરવામાં આવે, ત્યારે અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય ઘટિત થાય છે. જ્ઞાન અને જ્ઞેયની વચ્ચે આત્માનો સીધો સંબંધ છે, માટે તેને

અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય કહેવો યોગ્ય જ છે. જો કે સ્ત્રી-પુત્રાદિથી આત્માનો સીધો સંબંધ નથી, તે શરીરથી સંબંધિત છે, તેથી તે વડે આત્માનો સંબંધ બતાવવો, ઉપચરિત-અસદ્‌ભૂત-વ્યવહારનયનું કથન છે.

*અહીંયા એ વિચાર કરી શકાય છે કે મતિ-શ્રુત જ્ઞાન, પોતાના વિષયને ઈંદ્રિય અને મનના નિમિત્તથી જાણે છે, તેથી તેનો જ્ઞાન-જ્ઞેય સંબંધ ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય કહી શકાય છે તથા અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન, ઈંદ્રિય, પ્રકાશ આદિની સહાયતા વિના પદાર્થોને સીધા જાણે છે, તેથી તેનો જ્ઞાન-જ્ઞેય સંબંધ અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય કહી શકાય છે.*

*જ્ઞેયાકાર જ્ઞાન પણ પોતાના જ્ઞાનસ્વભાવને પ્રકાશિત કરે છે - આ રીતે એક જ આત્મામાં જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેયના ભેદ, અનુપચરિત સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય બને છે.*

**પ્રશ્ન** : વ્યવહારનયના આટલા ભેદ-પ્રભેદોને જાણવાથી શું લાભ છે?

**ઉત્તર** : જિનવાણીમાં આત્માનું સ્વરૂપ સમજાવવા માટે વ્યવહાર-નયના ઉક્ત ભેદ-પ્રભેદોનું કથન કરવામાં આવ્યું છે. તેનું યથાર્થ જ્ઞાન કર્યા વિના એનો મર્મ જાણવો, સંભવ નથી. આત્માની વર્તમાન અવસ્થામાં ક્યા-ક્યા પદાર્થોથી ક્યા-ક્યા પ્રકારના સંબંધ છે-એ જ્ઞાન કરાવવા માટે આ ભેદ-પ્રભેદોને જાણવા જરૂરી છે તથા આ સંબંધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ નથી, તેથી તેનાથી દ્રષ્ટિ હટાવીને, પરથી વિભક્ત અને નિજથી એકત્વસ્વરૂપ આત્મામાં અહ્‌મપણું સ્થાપિત કરવા માટે પણ આ નયોનું સાચું સ્વરૂપ જાણવું જરૂરી છે.

સમયસારાદિ ગ્રંથરાજોમાં પણ સર્વત્ર આ કથનોની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન કરાવીને, એકત્વ-વિભક્ત આત્મામાં એકાગ્રતાથી

રમણક્રિયાની પ્રેરણા આપવામાં આવી છે.

સમયસારની આત્મખ્યાતિ ટીકાના કળશ ૨૪૨ માં તો અહીં સુધી કહ્યું છે કે -

**વ્યવહારવિમૂઢદષ્ટયઃ, પરમાર્થં કલયન્તિ નો જના : ,**
**તુષબોધવિમુગ્ધબુદ્ધયઃ, કલયન્તીહ તુષં ન તણ્ડુલમ્ .**

**જે રીતે જગતમાં જેની બુદ્ધિ તુષજ્ઞાનમાં જ મોહિત છે, તે (ફોતરાને) તુષને જ જાણે છે, ચોખા ને નહીં, એ જ રીતે જેની દ્રષ્ટિ વ્યવહારમાં જ મોહિત છે, તે જીવ પરમાર્થને નથી જાણતા.**

*ઉપરોક્ત કથનમાં વ્યવહારમાં મોહિત થવાનો નિષેધ કરવામાં આવ્યો છે, જાણવાનો નહીં. વ્યવહારને જાણવાનો તો છે, પરંતુ તેમાં મોહિત થવાનું નથી. મોહિત થવાને લાયક, અહં સ્થાપિત કરવા લાયક તો એક પરમશુદ્ધનિશ્ચયનયનો વિષયભૂત નિજશુદ્ધાત્મદ્રવ્ય જ છે.*

**અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયના નવ ભેદ**

દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર,ગાથા ૨૨૨-૨૨૪ તથા શ્રુત-ભવનદીપક નયચક્ર, પાના નં. ૬૧ માં અસદ્‌ભૂતવ્યવહારનયના ભેદોનું કથન આ પ્રમાણે કરવામાં આવ્યું છે -

**જે અન્યના ગુણોને અન્યના કહે છે, તે અસદ્‌ભૂતવ્યવહારનય છે. તેના ત્રણ ભેદ છે -**

**સજાતિ, વિજાતિ અને મિશ્ર તથા તેમાં પણ પ્રત્યેકના ત્રણ-ત્રણ ભેદ છે.**

**દ્રવ્યમાં દ્રવ્યનો, ગુણમાં ગુણનો, પર્યાયમાં પર્યાયનો, દ્રવ્યમાં ગુણ અને પર્યાયનો, ગુણમાં દ્રવ્ય અને પર્યાયનો અને પર્યાયમાં દ્રવ્ય અને ગુણનો ઉપચાર કરવો જોઈએ. આ ઉપચાર બંધથી સંયુક્ત અવસ્થામાં તથા જ્ઞાનીના જ્ઞેય આદિની સાથે સંશ્લેશ સંબંધ હોવાથી**

**કરવામાં આવે છે.**

**અહીંયા દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૨૨૫-૨૩૩ તથા શ્રુતભવનદીપક નયચક્ર, પાના નં. ૬૮-૭૦ ના આધારથી અસદ્‌ભૂતવ્યવહારનયના ભેદોના નામ અને પ્રયોગ, કોષ્ટકના માધ્યમથી સ્પષ્ટ કરવામાં આવી રહ્યા છે -**

| નયોના નામ | પ્રયોગ |
|---|---|
| ૧. વિજાતીય દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યનો આરોપ કરવાવાળો નય. | ૧. જેમ, એકેંદ્રિય આદિના શરીરને જીવ કહેવો. |
| ૨. વિજાતીય ગુણમાં વિજાતીય ગુણનો આરોપ કરવાવાળો નય. | ૨. જેમ, મતિજ્ઞાન મૂર્તિક છે, કારણ કે તે મૂર્તિક દ્રવ્ય (કર્મ/ઇંદ્રિય) થી ઉત્પન્ન થાય છે તથા તે મૂર્ત દ્વારા સ્ખલિત પણ થાય છે. |
| ૩. સ્વજાતિ પર્યાયમાં સ્વજાતિ પર્યાયનો ઉપચાર કરવાવાળો નય. | ૩. જેમ, પ્રતિબિમ્બને જોઈને, આ તે જ છે - એમ કહેવું. |
| ૪. સ્વજાતિ-વિજાતિ દ્રવ્યમાં સ્વજાતિ-વિજાતિ ગુણનો ઉપચાર કરવાવાળો નય. | ૪. જેમ, જ્ઞાનનો વિષય હોવાથી જ્ઞેયોનું જ્ઞાન (જીવ/અજીવનું જ્ઞાન) અથવા જ્ઞાનને જ્ઞેય કહેવું. |
| ૫. સ્વજાતિ દ્રવ્યમાં સ્વજાતિ વિભાવ પર્યાયનો ઉપચાર કરવાવાળો નય. | ૫. જેમ, એકપ્રદેશી પરમાણુને બહુપ્રદેશી કહેવું. |
| ૬. સ્વજાતિ ગુણમાં સ્વજાતિ દ્રવ્યનો ઉપચાર કરવાવાળો નય. | ૬. જેમ, રૂપને પણ દ્રવ્ય કહેવું, જેમ સફેદ પત્થર. |

| | |
|---|---|
| ૭. સ્વજાતિ ગુણ થી સ્વજાતિ પર્યાયનો આરોપ કરવાવાળો નય. | ૭. જેમ, પરિણમનશીલતા જોઈને જ્ઞાનગુણને પર્યાય કહેવું. |
| ૮. સ્વજાતિ વિભાવ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરવાવાળો નય. | ૮. જેમ, સ્થૂળ સ્કંધને પુદ્ગલ-દ્રવ્ય કહેવું. |
| ૯. સ્વજાતિ પર્યાયમાં સ્વજાતિ ગુણનો આરોપ કરવાવાળો નય. | ૯. જેમ, શરીરના આકારને જોઈને કહેવું - કેવું ઉત્તમ રૂપ છે? |

## ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના છ ભેદ

ઉપચરિત-અસદ્ભૂત-વ્યવહારના ભેદોનું સ્પષ્ટીકરણ દ્રવ્ય-સ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૨૪૨ થી ૨૪૬ તથા શ્રુતભવનદીપક નયચક્ર, પાના નં. ૬૮ - ૭૦ માં આ રીતે કરવામાં આવ્યું છે -

| નયોના નામ | પ્રયોગ |
|---|---|
| ૧. સત્ય-ઉપચરિત-અસદ્ભૂત-વ્યવહારનય. | ૧. જેમ, દેશનો સ્વામી (રાજા) કહે છે કે આ દેશ મારો છે. |
| ૨. અસત્ય - ઉપચરિત - અસદ્ભૂત-વ્યવહારનય | ૨. જેમ, દેશનો નાગરિક કહે છે કે આ દેશ મારો છે. |
| ૩. સત્યાસત્ય-ઉપચરિત-અસદ્ભૂત-વ્યવહારનય | ૩. જેમ, વ્યાપાર કરતા થકાં વ્યાપારી કહે છે કે આ ધન મારૂં છે. |
| ૪. સ્વજાતિ-ઉપચરિત-અસદ્ભૂત-વ્યવહારનય. | ૪. જેમ, હું પુત્રાદિ-બંધુ-વર્ગરૂપ છું અથવા આ મારી સંપત્તિ છે - એમ કહેવું. |
| ૫. વિજાતિ - ઉપચરિત - અસદ્ભૂત-વ્યવહારનય | ૫. જેમ, દાગીના (આભૂષણ), સોનું, રત્ન, વસ્ત્રાદિ મારા છે-એમ કહેવું. |
| ૬. સ્વજાતિ - વિજાતિ - ઉપચરિત - અસદ્ભૂત-વ્યવહારનય | ૬. જેમ, રાજ્ય, મહેલ આદિ અન્ય દ્રવ્યોને પોતાના કહેવા. |

આ રીતે વ્યવહારનયના ભેદ-પ્રભેદોને જાણવા પણ વસ્તુ સ્વરૂપનો નિર્ણય કરવામાં અત્યંત ઉપયોગી છે, તેથી તેનું સ્વરૂપ જાણીને પરમાર્થ-દ્રષ્ટિ પ્રગટ કરવાનો ઉપાય કરવો જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. લૌકિક વિશ્વ-વ્યવસ્થા નું ઉદાહરણ આપતાં થકા અલૌકિક વિશ્વ વ્યવસ્થાનું સ્વરૂપ અને તેમાં વ્યવહારનયના ભેદોનો પ્રયોગ સ્પષ્ટ કરો.
2. કાર્યાલયની વ્યવસ્થાનું ઉદાહરણ આપીને વ્યવહારનયના ચાર ભેદોની કથંચિત્ સત્યાર્થતા પ્રતિપાદિત કરો.
3. જો વ્યવહારનયના ભેદ ન કરવામાં આવે તો શું નુકસાન છે ? સ્પષ્ટ કરો.
4. જ્ઞાન-જ્ઞેય સંબંધને અસદ્ભૂત કહેવાનો ઉદ્દેશ સ્પષ્ટ કરીને જ્ઞાન-જ્ઞેયના વાસ્તવિક સ્વરૂપ પર પ્રકાશ નાખો.
5. અનુપચરિત - અસદ્ભૂતવ્યવહારનયના નવ ભેદ અને ઉપચરિત અસ્દભૂતવ્યવહારનયના છ ભેદોના નામ અને પ્રયોગ લખો.

વે સિદ્ધ પ્રભુ વ્યવહારનય સે, જ્ઞાન કે ઘનપુંજ હૈ,
ત્રિભુવન શિખર કી શિખા કે, ચૂડામણિ ઘનરૂપ હૈં.
વે દેવ નિશ્ચય સે સહજ, ચૈતન્ય ચિન્તામણિ પરમ,
નિજ નિત્ય સ્વરૂપ મેં હી, વાસ કરતે હૈં સ્વયં.

-નિયમસાર કળશ , ૧૦૧

## (10)

# પંચાધ્યાયીમાં આવેલા
# વ્યવહારનયના ભેદ-પ્રભેદ તથા નયાભાસ

વ્યવહારનયના ભેદ-પ્રભેદોની વિષય-વસ્તુ તથા તેના વિભિન્ન પ્રયોગો ઉપર વિચાર કર્યા પછી પંચાધ્યાયી ગ્રંથમાં સમાગત વ્યવહાર-નયના ભેદ-પ્રભેદો ઉપર ચર્ચા કરવી પણ જરૂરી છે, કારણ કે એમાં વર્ણવેલ વિષય-વસ્તુમાં કાંઈક ભિન્નતા જોવામાં આવે છે, જેના પર ગંભીર ચિંતન કરવાથી નય-પ્રયોગોના વિશેષ રહસ્ય ખુલવાનો અવસર છે.

આચાર્ય કુંદકુંદ વિરચિત સમયસારથી લઈને પંડિતપ્રવર દૌલતરામજી કૃત છઢાળા સુધી સંપૂર્ણ શાસન-પરંપરામાં વ્યવહારનયના ચાર ભેદોની વિષય-વસ્તુમાં કોઈ ફરક નથી, માત્ર પાંડે રાજમલજી કૃત પંચાધ્યાયીમાં અસદ્‌ભૂતવ્યવહારનયની વિષય-વસ્તુમાં ભિન્ન પદ્ધતિ (શૈલી) અપનાવવામાં આવી છે. આ બંને પદ્ધતિઓમાં ફરક અને તેના પ્રયોજન ઉપર વિચાર કરવાથી નયોનું રહસ્ય સારી રીતે જાણી શકાશે. આ બંને પદ્ધતિઓનો વારંવાર ઉલ્લેખ કરવામાં સરળતા રહે, તેથી પ્રચલિત પરંપરાગત પદ્ધતિને પ્રથમ પદ્ધતિ તથા પંચાધ્યાયીમાં પ્રયુક્ત શૈલીને દ્વિતીય પદ્ધતિ કહીને સંબોધિત કરવું યોગ્ય થશે.

ધ્યાન રહે કે નિશ્ચયનયના ભેદ-પ્રભેદોના પ્રકરણમાં પણ દ્વિતીય પદ્ધતિનો દ્રષ્ટિકોણ અલગ જ છે. પંચાધ્યાયીમાં વિષય-વસ્તુ તથા

નિષેધક લક્ષણના આધાર ઉપર નિશ્ચયનયને અભેદ (અભેદ્ય) અખંડ તથા એક માનતા થકા તેના ભેદ કરવાનો કઠોરતાથી નિષેધ કરવામાં આવ્યો છે. આ સંપૂર્ણ પ્રકરણ ઉપર અધ્યાય ૮માં વિસ્તૃત વિચાર કરી ચૂક્યા છીએ. આ જ સ્થિતિ અસદ્ભૂતવ્યવહારનયના ભેદ-પ્રભેદોની વિષય-વસ્તુના સંબંધમાં છે, જેનું વિવેચન અહીં કરવામાં આવી રહ્યું છે.

નયોના મૂળ ભેદોની ચર્ચા પંચાધ્યાયીમાં પણ પ્રથમ પધ્ધતિ પ્રમાણે જ છે. તેઓએ પણ સદ્ભૂત અને અસદ્ભૂતના રૂપમાં વ્યવહારનયના બે ભેદ કર્યા છે, જેના લક્ષણ આદિની વિગત નીચે મુજબ છે :-

**૧. સદ્ભૂતવ્યવહારનય** : પંચાધ્યાયી, પ્રથમ અધ્યાય, શ્લોક પ૨૫-પ૨૭ માં કહ્યું છે કે **જે વસ્તુનો જે ગુણ છે, તેની સદ્ભૂત સંજ્ઞા છે અને તે ગુણોની પ્રવૃત્તિનું નામ વ્યવહાર છે**. ગુણોની પ્રવૃત્તિનો આશય (પ્રયોજન) ગુણભેદ કરીને વસ્તુને જાણવાનો અથવા કહેવાથી છે.

વસ્તુને તેના અસાધારણ ગુણ (વિશેષ ગુણ) ના આધાર પર અન્ય વસ્તુઓથી ભિન્ન બતાવવાનું, સદ્ભૂતવ્યવહારનયનું પ્રયોજન છે. આ નય અખંડ વસ્તુમાં ભેદ કરીને વસ્તુ-સ્વરૂપને બતાવે છે, તેથી તે ભેદનો અભિવ્યંજક (વ્યક્ત કરવાવાળો અથવા પ્રકાશક) નથી, પરંતુ પરથી ભિન્ન સ્થાપિત કરવાવાળો છે.

**૨. અસદ્ભૂતવ્યવહારનય** : આ સંબંધમાં તે જ શ્લોક પ૨૯-પ૩૩માં કહ્યું છે કે **અન્ય દ્રવ્યના ગુણોનું અન્ય દ્રવ્યમાં બળપૂર્વક સંયોજન કરવું અસદ્ભૂતવ્યવહારનય છે. જેમ કે-મૂર્તિક કર્મોના સંયોગથી થવાવાળા ક્રોધાદિ મૂર્ત છે, છતાં પણ તેઓને જીવમાં થયા કહેવું - અસદ્ભૂતવ્યવહારનયનો પ્રયોગ છે.**

આગંતુક (વિકારી) ભાવોનો ત્યાગ કર્યા બાદ જે શેષ વધે છે, તે જ તે વસ્તુનો શુધ્ધ ગુણ છે અને એવું માનવાવાળો પુરૂષ જ સમ્યક્દ્રષ્ટિ છે. જેમ કે, ચાંદી મિશ્રીત સોનું સફેદ જેવું લાગે છે, પરંતુ જ્યારે તેમાંથી ચાંદીનો સંબંધ છૂટી જાય, ત્યારે તે જ સોનું શુદ્ધરૂપથી અનુભવમાં

આવે છે.

ઉક્ત કથનનો આશય એ છે કે ક્રોધાદિને જીવમાં જોવાં અસદ્‌ભૂત વ્યવહારનય છે અર્થાત્ તે જીવમાં છે નહીં – એવું જાણવાથી ક્રોધાદિ વિકારી ભાવોથી ભિન્ન શુધ્ધ સ્વભાવની પ્રતીતિ થવાથી સમ્યક્‌દર્શન પ્રગટ થાય છે. આ રીતે અહીં અસદ્‌ભૂતવ્યવહારનયનું ફળ ભેદ-વિજ્ઞાન અને સમ્યક્‌દર્શનની ઉત્પત્તિ બતાવવામાં આવેલ છે.

અહીં અસદ્‌ભૂતવ્યવહારનયની વ્યાખ્યા તો અન્ય ગ્રંથો પ્રમાણે જ છે, પરંતુ પ્રયોગ અલગ પ્રકારનો છે. પ્રથમ પધ્ધતિમાં શરીરાદિ ભિન્ન પદાર્થોથી સબંધ બતાવવો (કહેવો), અસદ્‌ભૂતવ્યવહારનય કહેવામાં આવ્યો છે, પરંતુ અહીં ક્રોધાદિ ભાવોને જીવના કહેવા, અસદ્‌ભૂતવ્યવહારનય કહેવામાં આવી રહ્યો છે. તેને અસદ્‌ભૂત-વ્યવહારનય કહેવા માટે પંચાધ્યાયીકાર પહેલા તો તેને દ્રવ્યકર્મોથી ઉત્પન્ન થવાથી મૂર્તિક કહી રહ્યા છે, પછી તેને જીવમાં થતાં કહેવા, અસદ્‌ભૂતવ્યવહારનય કહી રહ્યા છે, જ્યારે અન્ય ગ્રંથોમાં ક્રોધાદિને કર્મજન્ય, અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય કહેવામાં આવ્યાં છે. ક્રોધાદિને મૂર્તિક માનીને, તેને જીવના કહેવામાં પંચાધ્યાયીકારને અસદ્‌ભૂત-વ્યવહારનયની આ વ્યાખ્યા **અન્યદ્રવ્યસ્ય ગુણાઃ સંયોજ્યન્તે બલાદન્યત્ર** લાગુ કરવાની તક મળી ગઈ.

**દ્વિતીય પધ્ધતિ પ્રમાણે વ્યવહારનયના ચારે ભેદોનું સ્વરૂપ આ પ્રમાણે છે-**

1. **અનુપચરિત-સદ્‌ભૂતવ્યવહારનય** - પંચાધ્યાયી, અધ્યાય પ્રથમ, શ્લોક ૫૩૫-૫૩૭માં ગ્રંથકાર કહે છે કે **પદાર્થની આત્મભૂત શક્તિને ભેદ કર્યા વિના સામાન્યરૂપથી તે જ પદાર્થની કહેવી અનુપચરિત સદ્‌ભૂતવ્યવહારનય છે.**

**જે રીતે ઘડા ના સદ્‌ભાવમાં જીવનો જ્ઞાનગુણ ઘડાથી નિરપેક્ષ ચૈતન્યસ્વરૂપ રહે છે, તે જ રીતે ઘડાના અભાવમાં પણ જીવનો જ્ઞાનગુણ**

**ઘડાની અપેક્ષા વિના ચૈતન્યરૂપ જ છે અર્થાત્ જ્ઞાન, સદા જીવોપજીવી છે, જ્ઞેયને જાણવા સમયે પણ તે જ્ઞેયોપજીવી નથી થતું.**

*અહીં જ્ઞાનમાં જ્ઞેયાકારોના ભેદ કર્યા વિના તેને માત્ર જ્ઞાન-સામાન્યના રૂપમાં જોવામાં આવી રહ્યું છે. જ્ઞાનસામાન્ય ચૈતન્યરૂપ જ છે, જ્ઞેય ને જાણતા સમયે પણ તે જ્ઞેયરૂપ નથી થતું, ચૈતન્યરૂપ જ રહે છે. આ સમાન્ય જ્ઞાનને જીવનું સ્વરૂપ કહેવું, અનુપચરિત-સદ્ભૂત વ્યવહારનય છે. અહીંયા અભેદ આત્મામાં જ્ઞાન અને આત્મામાં ભેદ કરવો/જાણવું, સદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવ્યો છે.*

2. **ઉપચરિત-સદ્ભૂતવ્યવહારનય** - આ સંદર્ભમાં તે જ શ્લોક ૫૪૦-૫૪૩ માં કહેવામાં આવ્યું છે કે **હેતુવશ સ્વગુણનો પરરૂપથી અવિરોધપૂર્વક ઉપચાર કરવો, ઉપચરિત સદ્ભૂતવ્યવહારનય છે. જેમ અર્થ-વિકલ્પાત્મક જ્ઞાન પ્રમાણ છે. અહીં જગતના સ્વ-પર સમસ્ત પદાર્થોને અર્થ કહેવામાં આવ્યા છે અને જ્ઞાનનું તે રૂપ થવું, વિકલ્પ કહેવામાં આવેલ છે.**

જો કે જ્ઞાન તો નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર છે, છતાં પણ તેને અર્થ વિકલ્પાત્મક અર્થાત્ જ્ઞેયાકારરૂપ કહેવું ઉપચાર છે, છતાંય જ્ઞેયોની અપેક્ષા વિના નિરાવલંબી (સામાન્ય) જ્ઞાનનું કથન કરવું સંભવ નથી, માટે એ ઉપચાર કરવામાં આવે છે અર્થાત્ જ્ઞાનને જ્ઞેયાકાર (અર્થ-વિકલ્પાત્મક) કહેવામાં આવે છે.

જ્ઞાનસામાન્ય, જ્ઞેયોથી નિરપેક્ષ તથા સ્વરૂપ સિધ્ધ હોવાથી સત્‌રૂપ છે. તેનું જ્ઞેયાકાર પરિણમન પણ સત્ છે અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયાકાર પરિણમન થતું જ નથી – એવું નથી, છતાં ય તે જ્ઞાન, જ્ઞાનરૂપ છે, તેને જ્ઞેયાકાર કહેવું, ઉપચરિત જ છે. આ રીતે જ્ઞાનમાં જ્ઞેયકૃત ઉપચાર હોવાથી જ્ઞાનને અર્થ-વિકલ્પાત્મક કહેવું, ઉપચરિતસદ્ભૂત વ્યવહારનય છે.

3. **અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનય** - આ સંબંધમાં તે જ શ્લોક ૫૪૬-૫૪૮ માં કહ્યું છે કે **અબુધ્ધિપૂર્વક અર્થાત્ બુધ્ધિમાં ન**

**આવવાવાળા ક્રોધાદિભાવ જીવના કહેવામાં આવે છે, ત્યારે અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય પ્રવૃત્ત થાય છે.** પદાર્થની વિભાવરૂપ શક્તિ, જ્યારે ઉપયોગદશાથી યુક્ત થાય છે, ત્યારે પણ તે તેનાથી અભિન્ન હોય છે અર્થાત્ આ નય, આત્માના વિભાવરૂપ પરિણામોને આત્માથી અભિન્ન બતાવે છે, પરંતુ અહીં વિભાવ પરિણામોને અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્માના કહ્યા છે, તેનો ઉદ્દેશ એ જ છે કે તે વાસ્તવમાં આત્માના નથી. આ રીતે નય, સ્વ અને પર ના નિમિત્તથી (ઉપાદાનની યોગ્યતા અને કર્મોદયના નિમિત્તથી) થવાવાળા ક્ષણિક વિકારોને આત્માથી ભિન્ન અને હેય બતાવે છે.

4. **ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય** – આ સંબંધમાં એ જ શ્લોક ૫૪૯-૫૫૧ માં કહ્યું છે કે **જ્યારે જીવના ક્રોધાદિક ઔદયિકભાવ બુદ્ધિપૂર્વક વિવક્ષિત થાય છે, ત્યારે ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય પ્રવૃત્ત થાય છે અર્થાત્ આ નય, બુદ્ધિપૂર્વક ક્રોધાદિને જીવનો કહે છે.**

આત્મામાં વિભાવરૂપ પરિણમન થવાની યોગ્યતા હોવા છતાં પણ નિમિત્ત વિના ક્રોધાદિભાવ નથી થતાં, તેથી તેને સ્વ અને પર, બંનેના નિમિત્ત (કારણ)થી થયા એમ કહેવામાં આવે છે અને ત્યારે ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય પ્રવૃત્ત થાય છે.

જો બુદ્ધિપૂર્વક અર્થાત્ જ્ઞાનમાં જ્ઞાત થવાવાળા રાગાદિ છે તો અબુદ્ધિપૂર્વક અર્થાત્ જ્ઞાનનો વિષય નહીં થવાવાળા રાગાદિ તો ચોક્કસ થાય જ છે. અબુદ્ધિપૂર્વક રાગાદિ વિના માત્ર બુદ્ધિપૂર્વક રાગાદિ નથી થતાં, માટે અનુમાનની દ્રષ્ટિથી બુદ્ધિપૂર્વક રાગને સાધન અને અબુદ્ધિપૂર્વકને સાધ્ય કહેવામાં આવે છે અર્થાત્ બુદ્ધિપૂર્વક રાગ, અબુદ્ધિપૂર્વક રાગનું જ્ઞાન (અનુમાન) કરાવે છે.

આ રીતે ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય, અનુપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયનું સાધન છે.

ઉપરોક્ત વિવેચન પ્રમાણે વ્યવહારનયના ચાર ભેદોના

પ્રયોગોની અપેક્ષાએ પ્રથમ પદ્ધતિ અને દ્વિતીય પદ્ધતિના ફરકને જાણવા માટે તેનું તુલનાત્મક અધ્યયન નીચેના કોષ્ટક દ્વારા કરી શકાય છે -

| નય | પ્રથમ પદ્ધતિનો પ્રયોગ | દ્વિતીય પદ્ધતિનો પ્રયોગ |
|---|---|---|
| 1. ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય | આત્મા સ્ત્રી, પુત્ર, મકાન આદિનો સ્વામી/કર્તા છે. | બુધ્ધિપૂર્વક રાગાદિ આત્માના છે. |
| 2. અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય | આત્મા આઠ કર્મોનો કર્તા/ભોક્તા છે અથવા શરીરનો અધિષ્ઠાતા છે. | અબુધ્ધિપૂર્વક રાગાદિ આત્માના છે. |
| 3. ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય | આત્મા ક્રોધાદિ વિકારી ભાવોનો કર્તા/ભોક્તા છે. | જ્ઞાન અર્થવિકલ્પાત્મક અર્થાત્ જ્ઞેયાકારરૂપ છે. |
| 4. અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય | આત્મા કેવલજ્ઞાનાદિ શુધ્ધ પર્યાયોનો કર્તા છે અથવા જ્ઞાન-દર્શન લક્ષણવાળો છે. | આત્મામાં જ્ઞાનાદિ અનંત શક્તિઓ છે. |

નયચક્ર, આલાપપદ્ધતિ અને અણગાર ધર્મામૃત આદિ ગ્રંથોના આધાર પર નિરૂપિત વ્યવહારનયના ભેદ-પ્રભેદ અને પંચાધ્યાયીમાં નિરૂપિત વ્યવહારનયના ભેદ-પ્રભેદો પર જ્યારે આપણે તુલનાત્મક દ્રષ્ટિ કરીએ છીએ તો એ સ્પષ્ટ થઈ જાય છે કે પંચાધ્યાયીકારે અન્યત્ર નિરૂપિત શુધ્ધ-સદ્ભૂત, અશુધ્ધ-સદ્ભૂત, વ્યવહારનયના વિષયોને શુદ્ધ-સદ્ભૂત, અશુધ્ધ-સદ્ભૂત, અનુપચરિત-અસદ્ભૂત અને ઉપચરિત અસદ્ભૂત-વ્યવહારનયના આ ચાર પ્રકારોમાં વહેંચી દીધા છે.

જે રાગાદિક ભાવોને અન્યત્ર અશુધ્ધ-સદ્ભૂતવ્યવહારનયના

વિષયના રૂપમાં બતાવવામાં આવ્યા છે, તેને પંચાધ્યાયીકાર અસદ્ભૂત-વ્યવહારનયના વિષયમાં સમાવી લે છે તથા અસદ્ભૂતવ્યવહારનય ને બે ભેદોમાં વિભાજીત કરવા માટે તે રાગાદિ વિકારીભાવોને બુધ્ધિપૂર્વક અને અબુધ્ધિપૂર્વક-આ બે ભેદોમાં વિભાજીત કરી દે છે. આ રીતે તેમના અનુસાર બુધ્ધિપૂર્વક રાગ, ઉપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયનો તથા અબુધ્ધિપૂર્વક રાગ, અનુપચરિત અસદ્ભૂત-વ્યવહારનયનો વિષય બને છે.

શુધ્ધતા અને અશુધ્ધતાને આધાર બનાવી સદ્ભૂતવ્યવહારનય ના જે બે ભેદ, પ્રથમ પધ્ધતિમાં કરવામાં આવ્યા છે, તેમાં અશુધ્ધતા ના આધાર પર રાગાદિ વિકાર, અશુધ્ધ સદ્ભૂતવ્યવહારનયનો વિષય બને છે, પરંતુ જ્યારે પંચાધ્યાયીકાર રાગાદિને અસદ્ભૂતવ્યવહાર-નયના ભેદોમાં લઈ લે છે તો અશુધ્ધ સદ્ભૂતવ્યવહારનયના વિષયની સમસ્યા ઉપસ્થિત થઈ જાય છે. તેનું સમાધાન તેઓ આ પ્રમાણે કરે છે કે અર્થ-વિકલ્પાત્મક જ્ઞાન અર્થાત્ **જે રાગાદિને જાણે, તે જ્ઞાન**-એ તો અશુધ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય બને છે અને સામાન્ય જ્ઞાન અર્થાત્ **જ્ઞાન, તે આત્મા** - એવો ભેદ શુધ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય બને છે.

**પ્રશ્ન:** પ્રથમ પધ્ધતિમાં શરીરાદિ પર વસ્તુઓથી આત્માનો સંબંધ સ્થાપિત કરવો, અસદ્ભૂતવ્યવહારનયનો વિષય કહ્યો છે, જ્યારે બીજી પધ્ધતિમાં ક્રોધાદિ ભાવોને જીવનો કહેવો, અસદ્ભૂત વ્યવહારનય માનવામાં આવ્યો છે, તેથી દ્વિતીય પધ્ધતિ પ્રમાણે શરીરાદિ ભિન્ન વસ્તુઓથી આત્માનો સંબંધ કયા નયનો વિષય માનવામાં આવ્યો છે?

**ઉત્તર:** પ્રથમ અધ્યાય, શ્લોક ૫૫૨ થી ૫૫૭ માં પંચાધ્યાયીકાર પર વસ્તુઓથી આત્માનો સંબંધ સ્થાપિત કરવા માટે નય માનવાથી અટકાવીને તેને **નયાભાસ** નિરૂપિત કરે છે.

આ સંબંધમાં તેઓએ સ્પષ્ટ કહ્યું છે કે જે એક વસ્તુના ગુણોને બીજી વસ્તુમાં આરોપિત કરે છે, તે નય નહીં, પરંતુ નયાભાસ છે, કારણ કે એ બધાં મિથ્યાવાદ હોવાથી ખંડિત થઈ જાય છે, તેને નય કહેવાવાળા પણ મિથ્યાદ્રષ્ટિ કહેવાય છે, કારણ કે જીવને વર્ણાદિવાળો કહેવાથી કોઈ લાભ તો છે નહીં, ઉલ્ટું દોષ જ છે, કારણકે એનાથી જીવ અને વર્ણાદિમાં એકત્વબુધ્ધિ થવા લાગે છે.

આ પૂછવામાં આવતા કે વસ્તુનો વિચાર કરવામાં આવતા ગુણ હોય કે દોષ, પરંતુ ઉક્ત નય-પ્રવાહ, ન્યાય-બળથી પ્રાપ્ત છે તો ગ્રંથકાર તર્ક આપે છે કે કયો નય સમ્યક્ છે અને કયો નય મિથ્યા-એનો વિચાર કરવો પણ જરૂરી છે.

જો કે ગ્રંથકાર સ્વયં, અન્ય દ્રવ્યના ગુણોનું બળપૂર્વક અન્ય દ્રવ્યમાં સંયોજન કરવું, તેને અસદ્ભૂતવ્યવહારનય કહે છે, છતાંય અહીંયા તેઓ સ્વયં આ વાતનો નિષેધ કરતા જણાઈ રહ્યા છે. આ વિરોધાભાસનું સમાધાન કરતા થકા તેઓ સ્વયં કહે છે કે જેમ, આ ક્રોધાદિભાવ જીવમાં ઉત્પન્ન થાય છે, તેમ વર્ણાદિ જીવમાં ઉત્પન્ન નથી થતાં, તેથી અસદ્ભૂત વ્યવહારનયના વિષયરૂપ ક્રોધાદિને જીવના કહેવા યોગ્ય નથી.

પ્રથમ પધ્ધતિમાં પ્રરૂપિત અનુપચરિત અને ઉપચરિત - અસદ્ભૂત-વ્યવહારનયના બધાં કથનોને દ્વિતીય પધ્ધતિમાં નયાભાસ કહેવામાં આવ્યા છે. પંચાધ્યાયીકારે શ્લોક ૫૬૪-૫૮૬ સુધી ચાર પ્રકારના નયાભાસોનું વર્ણન કર્યું છે, જેનું સંક્ષિપ્ત વિવેચન અહીંયા કરવામાં આવી રહ્યું છે.

**પ્રથમ નયાભાસ** - મનુષ્યાદિનું શરીર જીવ છે, કારણ કે તે જીવથી અભિન્ન છે-એવો વ્યવહાર કરવો, પ્રથમ **નયાભાસ** છે, કારણ કે આ વ્યવહાર, સિધ્ધાંત-વિરૂધ્ધ હોવાથી અવ્યવહાર જ છે, જીવ અને શરીર અલગ-અલગ ધર્મી છે.

શરીર અને જીવ **એકક્ષેત્રાવગાહી** છે, માટે તેમાં એકત્વનો વ્યવહાર થઈ જશે - એવી આશંકા પણ બરાબર નથી, કારણ કે એકક્ષેત્રાવગાહીપણું બધાં દ્રવ્યોમાં છે, પરંતુ તે અભિન્ન નથી. તેથી એકક્ષેત્રાવગાહીપણાના હેતુથી જીવ અને શરીરને અભિન્ન માનવામાં અતિવ્યાપ્તિ દોષ આવશે.

જીવ અને શરીર નિયમથી ભિન્ન-ભિન્ન જ છે, તેથી તેમાં **બંધ્ય-બંધક ભાવ** માનવો સ્વતઃ અસિધ્ધ છે. જીવ અને શરીરમાં **નિમિત્ત-નૈમિત્તિક ભાવ** હોવાથી તેને એક માનવું પણ યોગ્ય નથી, કારણ કે જે સ્વયં પરિણમનશીલ છે, તેને નિમિત્તપણાથી શું લાભ છે?

આ રીતે એકક્ષેત્રાવગાહીપણું, બંધ્ય-બંધકભાવ તથા નિમિત્ત-નૈમિત્તિકભાવ- આ ત્રણેય હેતુઓથી જીવ અને શરીરમાં એકત્વનો વ્યવહાર, મિથ્યા હોવાથી નયાભાસ છે.

**દ્વિતીય નયાભાસ** - પુદ્‌ગલના કર્મ-નોકર્મરૂપ કાર્યોનો કર્તા-ભોક્તા જીવ છે- એવું માનવારૂપ વ્યવહાર, દ્વિતીય નયાભાસ છે, કારણ કે કર્મ-નોકર્મ જીવથી ભિન્ન છે તો તેમાં ગુણ-સંક્રમણ કેવી રીતે થઈ શકે? તેથી જીવને તેનો કર્તા-ભોક્તા માનવો, સિધ્ધાંત વિરૂધ્ધ હોવાથી એને નયાભાસ માનવો, અસિધ્ધ નથી. જો ગુણ-સંક્રમણ વગર જ જીવને કર્મોનો કર્તા-ભોક્તા માનવામાં આવે તો સર્વ પદાર્થોમાં બધાં સંકરદોષ અને બધાં શૂન્યદોષ પ્રાપ્ત થાય છે.

જીવની અશુધ્ધ-પરિણતિના નિમિત્તથી પુદ્‌ગલ સ્વયં જ કર્મરૂપ થી પરિણમિત થાય છે, માટે એ ભ્રમ થઈ જાય છે કે જીવ, કર્મોનો કર્તા-ભોક્તા છે, પરંતુ પ્રત્યેક દ્રવ્ય, પોતાના સ્વભાવનો જ કર્તા-ભોક્તા છે, પરભાવ તેમાં નિમિત્ત માત્ર છે, પરંતુ જીવ તેનો અથવા કર્મ, જીવનો કર્તા-ભોક્તા નથી.

જો એમ કહેવામાં આવે કે કુંભાર ઘડાનો કર્તા છે - આ લોક-વ્યવહારને કેવી રીતે અટકાવી શકાય? તો અમારૂં કહેવું છે કે એવો

વ્યવહાર થાય છે તો થવા દો, એમાં કોઈ નુકશાન નથી, કારણ કે તે લોક-વ્યવહાર નયાભાસ છે.

**તૃતીય નયાભાસ -** જે જીવની સાથે બંધાયેલા નથી-એવા પરપદાર્થોનો પણ કર્તા-ભોક્તા જીવ છે - એવું માનવું, તૃતીય નયાભાસ છે. જેમ, શાતાવેદનીયના ઉદયના નિમિત્તથી થવાવાળા ઘર, ધન-ધાન્ય, સ્ત્રી-પુત્રાદિ ભાવોનો કર્તા-ભોક્તા આ જીવ સ્વયં છે.

**શંકા -** ઘર, સ્ત્રી આદિના હોવાથી જીવ સુખી થાય છે અને તેના અભાવમાં જીવ દુઃખી થાય છે-એ પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેથી જીવને તેના કર્તા-ભોક્તા માનવામાં શું વાંધો છે?

**સમાધાન -** આ કહેવું યોગ્ય છે, પરંતુ આ વિષયોક્ત સુખ પર (આત્માથી ભિન્ન) હોવા છતાં પણ પર-પદાર્થની અપેક્ષાએ ઉત્પન્ન નથી થતાં, કારણ કે ધન-સ્ત્રી આદિ પર-પદાર્થ કોઈક જીવો માટે દુઃખના કારણ પણ જોવામાં આવે છે, તેથી તેનો કર્તા-ભોક્તા જીવને માનવો યોગ્ય નથી.

**ચતુર્થ નયાભાસ -** જ્ઞાન અને જ્ઞેયમાં પરસ્પર બોધ્ય-બોધક સંબંધ હોવાને લીધે જ્ઞાનને જ્ઞેયગત અને જ્ઞેયને જ્ઞાનગત માનવું, ચતુર્થ નયાભાસ છે, કારણ કે જે રીતે ચક્ષુ, રૂપને જુએ છે, છતાં પણ તે રૂપમાં નથી ચાલ્યું જતું, પરંતુ તે ચક્ષુ જ રહે છે, તે જ રીતે જ્ઞાન, જ્ઞેય ને જાણે છે, છતાં પણ તે જ્ઞેયરૂપ નથી થઈ જતું, પરંતુ જ્ઞાન જ રહે છે.

ઉપરોક્ત ચાર નયાભાસોના વિવેચનથી સ્પષ્ટ થાય છે કે પ્રથમ પદ્ધતિમાં પ્રરૂપિત ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયને અહીં તૃતીય નયાભાસમાં તથા અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય ને અહીં પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ નયાભાસ કહેવામાં આવેલ છે.

**પ્રથમ નયાભાસમાં** સંશ્લેષસહિત પદાર્થોના એકત્વને તથા **દ્વિતીય નયાભાસમાં** તેના જ કર્તા-કર્મ સંબંધને ગ્રહણ કરવામાં આવ્યા છે.

**તૃતીય નયાભાસમાં** સંશ્લેષરહિત પદાર્થોના કર્તૃત્વને ગ્રહણ કરવામાં આવ્યા છે તથા **ચતુર્થ નયાભાસમાં** બોધ્ય-બોધક સંબંધને વિષય બનાવવામાં આવ્યો છે. બોધ્ય-બોધક અર્થાત્ જ્ઞાન-જ્ઞેય સંબંધને અન્યત્ર (આલાપપધ્ધતિ, પાનું ૨૨૭) અસદ્ભૂતવ્યવહારનય અથવા અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયના અંતર્ગત લીધો છે.

**પ્રથમ અને દ્વિતીય પધ્ધતિમાં સમન્વય :-**

અહીં એ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે પંચાધ્યાયીકાર, પોતાના વિચારોને રજુ કરતા થકા પોતાનાથી ભિન્ન વિચારકો માટે દુર્મતિ મિથ્યાદ્રષ્ટી જેવા શબ્દોનો પ્રયોગ પણ કરે છે, જ્યાં એક બાજુ તેઓ નિશ્ચયનયના ભેદ માનવાવાળાઓને મિથ્યાદ્રષ્ટિ કહે છે, ત્યાં જ બીજી બાજુ આત્માથી સંશ્લેષ સંબંધવાળા અથવા અત્યંત ભિન્ન ક્ષેત્રવર્તી પદાર્થોનો સંબંધ બતાવવાવાળા અનુપચરિત અને ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયનો વિષય માનવાવાળાઓને પણ મિથ્યાદ્રષ્ટિ કહે છે. તેઓને પ્રથમ પધ્ધતિમાં નિરૂપિત વિવક્ષાઓનો પણ ખ્યાલ છે, તેથી તે વિવક્ષાઓમાં રજૂ કરેલ તર્કોને શંકાના રૂપે રજૂ કરીને તેનું સમાધાન કરતાં થકા પોતાના વિચારોની પુષ્ટિ કરે છે.

ઉપરછલ્લી દ્રષ્ટિથી જોવા જઈએ તો એવું જણાય છે કે બંને પધ્ધતિઓમાં તીવ્ર વિરોધ છે તથા પંચાધ્યાયીકાર અત્યંત કઠોર ભાષાનો પ્રયોગ કરીને પ્રચલિત અને પરંપરાગત પધ્ધતિના વિરોધમાં જણાય છે, પરંતુ વાસ્તવમાં બંને પધ્ધતિઓની પોત-પોતાની અપેક્ષાઓ અને પોત-પોતાના તર્ક છે. તેની ઉપર વિચાર કરવામાં આવે તો તેમાં વિરોધ જોવાને બદલે તેનો મર્મ અને પ્રયોજન સમજમાં આવી જશે, જેનાથી કોઈ વિરોધ ભાસિત નહીં થાય.

**પ્રથમ પધ્ધતિના પક્ષમાં તર્ક**-શરીર અને આત્માનો સંયોગ સર્વથા કાલ્પનિક કે અસત્ નથી. એને સર્વથા અસત્ માનવાથી નર-નારકાદિ પર્યાયરૂપ ચારે ગતિઓ અર્થાત્ સંસાર જ સિધ્ધ નહીં થાય અને

સંસારની સિદ્ધિ ન થવાથી, મોક્ષ અને મોક્ષમાર્ગની પણ સિદ્ધિ નહીં થાય. શરીર અને આત્માના સંયોગરૂપ ત્રસ-સ્થાવર જીવોને કોઈપણ અપેક્ષાએ જીવ ન માનવાથી જીવ-હિંસાનો નિષેધ કયા નયથી થશે?

આ જ રીતે મકાનાદિના સ્વામિત્વનો વ્યવહાર, સમ્યક્-જ્ઞાનીઓમાં પણ થાય છે. જે ઘડો બનાવે, તે કુંભાર તથા જે સોનાના દાગીના બનાવે, તે સોની-એવો વ્યવહાર કરતા થકા જ્ઞાનીઓ પણ જોવામાં આવે છે.

આ રીતે આત્મા અને પર-પદાર્થોનો વર્તમાન પર્યાયગત સંયોગ સંબંધ તથા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સર્વથા અસત્ ન હોવાથી કથંચિત્ સત્ છે, તેથી તે કોઈ ને કોઈ નયનો વિષય અવશ્ય બનશે અને તે નય પણ સમ્યક્જ્ઞાનનો અંશ હશે, અન્યથા પ્રથમાનુયોગ, કરણાનુયોગ અને ચરણાનુયોગના બધાં કથન મિથ્યા સિદ્ધ થશે.

**દ્વિતીય પદ્ધતિના પક્ષમાં તર્ક** - શરીર અને આત્માના સંયોગના આધારથી તેમને એક માનવાથી શરીરમાં એકત્વ-બુદ્ધિરૂપ મિથ્યાત્વ જ પુષ્ટ થાય છે. અનાદિકાળથી આ જીવ શરીરને જ તો આત્મા માની રહ્યો છે અને જો જિનાગમના અસદ્ભૂતવ્યવહારનયથી પણ આ જ માન્યતા પુષ્ટ થાય તો આ નયોનો પ્રયોગ પણ મિથ્યા થશે, કારણ કે અજ્ઞાનીને નય નહીં, નયાભાસ હોય છે.

મકાનાદિના સ્વામિત્વ સંબંધી કે કુંભાર-સોની સંબંધી વાતો લોક-વ્યવહારની વાતો છે. આ વ્યવહાર, નયભાસોથી જ ચાલતો રહેશે. લોક વ્યવહારમાં તો લૌકિક પ્રયોજનની મુખ્યતા હોય છે. ત્યાં નય અને નયાભાસની કોઈ ભૂમિકા નથી હોતી.

અહીં પંચાધ્યાયીકારને પ્રથમ પદ્ધતિના વિરોધી સમજવાની અપેક્ષાએ, આપણે એ પરિસ્થિતિઓ અને વિવક્ષાઓનો વિચાર કરવો જરૂરી છે, જેના કારણે તેમને આ શૈલી અપનાવવી પડી.

*પ્રત્યેક વક્તા/લેખક તત્કાલીન સમયમાં પ્રચલિત માન્યતાઓ*

અને પરંપરાઓથી મનોવૈજ્ઞાનિક સ્તર ઉપર પ્રભાવિત થયા વિના નથી રહેતા, તેથી તેઓની રચનાઓમાં પણ તેઓનું સમર્થન/વિરોધ ઝલકે છે. લૌકિક ક્ષેત્રમાં થયેલ સાહિત્યકારોની રચનાઓમાં પ્રાયઃ આ પ્રવૃત્તિ સહજ જોવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ૧૯મી સદીમાં થયેલ પ્રસિધ્ધ હિંદી લેખક મુનશી પ્રેમચંદની વાર્તાઓ તથા ઉપન્યાસોમાં તત્કાલીન સમાજની રાજનૈતિક, આર્થિક તથા સામાજિક પરિસ્થિતિઓનું ભરપુર વર્ણન કરવામાં આવ્યું છે.

આ જ સ્થિતિ જૈન સાહિત્યકારોની પણ છે. જો કે જૈન સિધ્ધાંત, શાશ્વત સત્યના પ્રતિપાદક હોય છે, માટે તે તત્કાલીન સમાજની માન્યતાઓથી પ્રભાવિત નથી થતાં, છતાંય વક્તા કયા સિધ્ધાંતને વધારે મહત્ત્વ આપે અને કયા સિધ્ધાંતનો ઉલ્લેખ માત્ર કરીને રહી જાય – તે તત્કાલીન સમાજમાં પ્રચલિત માન્યતાઓ ઉપર આધાર રાખે છે. નયોનું સામાન્ય સ્વરૂપ સ્પષ્ટ કરતા સમયે બીજા અધ્યાયમાં વિવક્ષિત અને અવિવક્ષિત ધર્મના પ્રકરણમાં આ વાત સ્પષ્ટ કરી દેવામાં આવી છે.

તત્કાલીન માન્યતાઓનો વક્તાઓ ઉપર મનોવૈજ્ઞાનિક પ્રભાવ દરેક યુગમાં જોઈ શકાય છે. આચાર્ય કુંદકુંદની પૂર્વે પ્રથમ શ્રુતસ્કંધની રચના થઈ ગઈ હતી. ષટ્ખંડાગમ આદિ ગ્રંથોમાં પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયથી જીવના સ્વરૂપનું વિસ્તૃત વિવેચન કરી નાંખવામાં આવ્યું હતું, પરંતુ શુધ્ધનય કે નિશ્ચયભાવના વિષયભૂત એક અખંડ ત્રિકાળી જ્ઞાયકભાવના નિરૂપણથી તત્કાલીન સાહિત્ય અસ્પૃશ્ય હતો. તેથી આચાર્યદેવે દ્વિતીય શ્રુતસ્કંધના અંતર્ગત એકત્વ-વિભક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માટે ગ્રંથાધિરાજ સમયસાર પરમાગમની રચના કરી.

આ જ રીતે આચાર્ય કુંદકુંદના સમયમાં જ નિર્ગ્રંથ માર્ગમાં અનેક વિકૃતિઓ આવવા લાગી હતી. ત્યાં સુધી કે વસ્ત્ર સહિત મુનિદશાની માન્યતાઓ પણ જોર પકડવા લાગી હતી. તેથી અષ્ટપાહુડ ગ્રંથ, આ વિકૃતિઓના કઠોર પ્રતિકારનું જ પરિણામ છે.

આચાર્યકલ્પ પંડિતપ્રવર ટોડરમલજી વિરચિત મોક્ષમાર્ગ પ્રકાશક તો તત્કાલીન માન્યતાઓ અને પરંપરાઓ ઉપર કઠોર પ્રહાર કરવાનું જીવંત પ્રમાણ છે.

વર્તમાન યુગમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીની દ્રષ્ટિ-પ્રધાન પ્રવચન શૈલી પણ તત્કાલીન સમાજની અધ્યાત્મ-શૂન્ય તથા ક્રિયાકાંડમાં મુગ્ધ દ્રષ્ટિના વિરૂધ્ધ ક્રાંતિથી નિર્માણ થઈ છે. તેઓશ્રીને જ્યારે સમયસાર ગ્રંથના સમાગમથી યથાર્થ દ્રષ્ટિ પ્રાપ્ત થઈ, તે સમયે જૈન સમાજના બધાં વર્ગોમાં-દ્રવ્ય કર્મથી વિકાર થાય છે, પુણ્યથી ધર્મ થાય છે- આદિ અનેક મિથ્યા માન્યતાઓ પ્રચલિત હતી, જેનું ખંડન કરતાં પૂજ્ય ગુરૂદેવશ્રી એ કણ-કણની સ્વતંત્રતા તથા અકર્તા જ્ઞાયક સ્વભાવનો જયઘોષ કર્યો.

શુધ્ધનય-પ્રધાન શૈલી હોવા છતાં પણ તેઓના પ્રવચનમાં પ્રમાણની મર્યાદાનું ક્યાંય પણ ઉલ્લંઘન નથી થયું. જો તેઓશ્રીને શ્રોતાઓના વ્યવહારિક જીવનમાં કોઈ શિથિલાચાર ધ્યાનમાં આવે તો તેઓશ્રી તેના પર પણ જોરદાર પ્રહાર કરતા હતા.

આ રીતે પરમપૂજ્ય આચાર્ય કુંદકુંદ, આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી તથા પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજી સ્વામીના તત્કાલીન પરિસ્થિતિઓના સંદર્ભમાં જો પંચાધ્યાયીકારનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવે તો તેઓના દ્વારા પ્રરૂપિત વાતોનું મહત્ત્વ સમજી શકાય છે.

તેઓના સમયમાં નિશ્ચિતપણે એવા લોકોની બહુમતિ હશે, જે પ્રથમ પધ્ધતિમાં પ્રયુક્ત અસદ્ભૂત વ્યવહારનય ઉપર આવશ્યકતાથી વધારે વજન આપીને પરદ્રવ્યોમાં એકત્વ-મમત્વ તથા કર્તૃત્વ-ભોક્તૃત્વ નો અભિપ્રાય પુષ્ટ કરતા હશે. તેઓના સમયમાં જ શા માટે? એવા લોકો તો દરેક સમયમાં રહે છે, આજે પણ છે, તે સમયે આ પ્રવૃત્તિ જરા વધારે દેખાતી હશે. હોઈ શકે છે - અનેક વક્તાગણ પણ એવી

પ્રરૂપણા કરતા હોય, જેની પ્રતિક્રિયા સ્વરૂપ તેઓને આટલી કઠોર ભાષાનો પ્રયોગ કરવો પડ્યો. ન માત્ર અસદ્ભૂતવ્યવહારનય, પરંતુ કોઈપણ નયને સત્ય રીતે ન સમજીને, તેની આડમાં મિથ્યાત્વનું પોષણ કરવું નયાભાસ જ હોય છે. પંડિત ટોડરમલજીએ તો નિશ્ચયભાસ, વ્યવહારાભાસ તથા ઉભયાભાસનું વર્ણન કરી, આ જ તથ્યનું રહસ્યોદ્‌ઘાટન કર્યું છે.

**બંને પધ્ધતિઓના અભિપ્રાયમાં વીતરાગતા**-સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવે તો બંને પધ્ધતિઓ અનાદિકાળના મિથ્યાત્વ ઉપર પ્રહાર કરે છે. બંને પધ્ધતિઓમાં શરીર, મકાન આદિ ને પોતાના માનવાનો નિષેધ કરવામાં આવ્યો છે. ફરક માત્ર એટલો છે કે પ્રથમ પધ્ધતિમાં પર-પદાર્થોથી જીવના સંબંધને અસદ્ભૂતવ્યવહારનય કહેવામાં આવેલ છે અને બીજી પધ્ધતિમાં તેને નયાભાસ કહેવામાં આવેલ છે. **પ્રથમ પધ્ધતિ પણ આને અસદ્ભૂતવ્યવહાર કહીને, તેનો નિષેધ કરીને પરમાર્થનો અનુભવ કરવાની વાત કહે છે.**

ખરેખર જોવા જઈએ તો પર-વસ્તુઓથી આત્માનો સંબંધ બતાવવાવાળા વાક્યો, પારમાર્થિક સત્ય ન હોવાથી નિષેધ્ય જ છે. ભલે તેને અસદ્ભૂતવ્યવહાર કહીને તેનો નિષેધ કરવામાં આવે કે નયાભાસ કહીને, તેનાથી કાંઈ ફરક નથી પડતો. આ સંબંધને અસદ્ભૂત કહેવાનો અર્થ જ એ છે કે તેને વાસ્તવિક ન માનવામાં આવે.

દેહાદિ પર-પદાર્થો સાથે આત્માનો સંયોગ કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો સર્વથા નિષેધ કોઈપણ પધ્ધતિમાં નથી કરવામાં આવ્યો, માત્ર તેને અસદ્ભૂતવ્યવહારનય અને નયાભાસ કહીને સ્વીકાર કર્યો છે અને છેલ્લે નિશ્ચયનય, આ બંનેનો નિષેધ કરી જ દે છે.

આ રીતે એમ કહી શકાય કે બંને પધ્ધતિઓને આત્મા અને દેહાદિનો સંબંધ ઈષ્ટ નથી અને તેની સંયોગરૂપ અવસ્થાથી નકાર

*પણ નથી, માટે બંને પદ્ધતિઓમાં વિરોધ નથી.*

*વસ્તુ સ્થિતિ એ છે કે પ્રથમ પદ્ધતિમાં પ્રરૂપિત અસદ્‌ભૂત-વ્યવહારના કથનોને દ્વિતીય પદ્ધતિમાં અધ્યાત્મના જોરમાં અર્થાત્ ભેદ-વિજ્ઞાન અને વીતરાગદશા પ્રગટ કરવાની મુખ્યતાથી નયાભાસ કહેવામાં આવ્યાં છે, કારણ કે તેને નય ન માનવાથી જે વ્યવહારાપત્તિ ઉભી થાય છે, તેના નિરાકરણ માટે તેને ઉપેક્ષા બુધ્ધિ થી જ સાચા નયાભાસોને અપનાવવા પડ્યાં.*

**પ્રશ્ન**: શું અધ્યાત્મના જોરે (આડમાં) પ્રચલિત પદ્ધતિથી વિરૂદ્ધ કથન કરવું યોગ્ય છે? શું જિનાગમમાં આ પ્રકારના અન્ય પણ કથનો ઉપલબ્ધ છે?

**ઉત્તર**: આત્માનુભૂતિના પ્રયોજનની મુખ્યતાથી અધ્યાત્મ ગ્રંથોમાં આવા અનેક વાક્યો જોવા મળે છે, જે પ્રચલિત પદ્ધતિથી વિરૂદ્ધ પ્રતીત થાય છે, પરંતુ તેની અપેક્ષા સમજી લેવામાં આવે તો વિરોધ શમી જાય છે. આવા કેટલાક કથનો આ પ્રકારે છે -

1. સમયસારમાં અનેક સ્થાને મોહ-રાગ-દ્વેષ તથા સુખ-દુઃખાદિ જીવના પરિણામોના કર્તા પુદ્‌ગલને કહીને, **રાગાદિ ને જ પુદ્‌ગલ** કહ્યા છે-એવા વાક્યો, શુધ્ધનિશ્ચયનયથી જીવના ચૈતન્ય સ્વભાવને રાગાદિથી ભિન્ન બતાવવાના પ્રયોજનથી કરવામાં આવ્યા છે.

2. સમયસારમાં પુણ્ય-પાપને એક દર્શાવીને પુણ્ય-પાપ-અધિકાર લખવામાં આવ્યો છે તથા યોગસાર, ગાથા ૭૧માં **પુણ્યને પણ પાપ** કહેવામાં આવેલ છે. નિશ્ચયથી પુણ્ય પણ બંધનું કારણ છે - એવું સમજીને તેને હેય જાણીને વીતરાગભાવને જ સાચો મોક્ષમાર્ગ બતાવવાના પ્રયોજનથી આ કથન કરવામાં આવ્યા છે.

3. ક્ષુલ્લક ધર્મદાસજી કૃત સ્વાત્માનુભવ મનન માં આત્માને **સાતમું દ્રવ્ય કે દસમો પદાર્થ** કહીને, સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી ભિન્ન બતાવવામાં આવ્યો છે.

4. નિયમસાર ,ગાથા ૫૦ માં **ક્ષાયિક આદિ ભાવોને પણ પરદ્રવ્ય કહીને,** હેય બતાવતા થકા તેનાથી દ્રષ્ટિ હટાવી, અનાદિ-નિધન શુધ્ધ પારિણામીક ભાવનું અવલંબન કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

આ રીતે આવા અનેક વાક્યો અધ્યાત્મ ગ્રંથોમાં ઉપલબ્ધ છે, જેના ઉપર ગહન વિચાર કરીને, તેનો મર્મ સમજવો જોઈએ. માત્ર સિધ્ધાંતીક ઉહાપોહથી એનો મર્મ ન સમજી શકાય. જ્યારે આપણને સ્વયં સ્વભાવની મહિમા ઉછળશે, આત્માનુભૂતિની લગન લાગશે, ત્યારે આપણને આવા વાક્યોનો મર્મ યથાર્થ ભાસિત થશે.

ઉપર્યુક્ત બંને પધ્ધતિઓના માધ્યમથી આત્માનું સ્વરૂપ સમજીને, સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી ભિન્ન શુધ્ધ ચૈતન્યતત્ત્વની અનુભૂતિ નો પાવન પુરૂષાર્થ પ્રગટ કરવો જ આપણાં બધાં માટે શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. પ્રથમ અને દ્વિતીય પધ્ધતિમાં પ્રયુક્ત વ્યવહારનયના ભેદ-પ્રભેદોનું તુલનાત્મક વિવેચન કરો.
2. પંચાધ્યાયીકાર દ્વારા કહેવામાં આવેલ ચાર નયાભાસોનું સ્વરૂપ બતાવતા થકા સિધ્ધ કરો કે તેમને નયાભાસ શા માટે કહેવામાં આવ્યા છે?
3. પ્રથમ પધ્ધતિમાં પ્રયુક્ત અસદ્ભૂતવ્યવહારનયને દ્વિતીય પધ્ધતિમાં નયાભાસ શા માટે કહ્યો છે? પંચાધ્યાયીકારના પક્ષમાં તમારા તર્ક રજૂ કરો.

## 11

# નયોના સંદર્ભમાં : આગમ અને અધ્યાત્મ

ષટ્ખંડાગમ, ગોમ્મટસારાદિ ગ્રંથોને 'આગમ ગ્રંથ' તથા સમયસારાદિ પરમાગમ ગ્રંથોને 'અધ્યાત્મ ગ્રંથ' કહેવામાં આવે છે. આગમ ગ્રંથોમાં અશુધ્ધનિશ્ચયનય અથવા વ્યવહારનયની મુખ્યતાથી અથવા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયની મુખ્યતાથી જીવની સંસાર અવસ્થા અથવા વસ્તુસ્વરૂપ પ્રતિપાદક ત્રિલોકાદિનું વર્ણન કરવામાં આવે છે. ચરણાનુયોગના ગ્રંથોને પણ આગમ ગ્રંથોમાં સમાવવામાં આવ્યા છે. જ્યારે અધ્યાત્મ ગ્રંથોમાં શુધ્ધનિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ બતાવી, આત્માનુભૂતિની પ્રક્રિયા સ્પષ્ટ કરતા થકા તેની પ્રેરણા આપવામાં આવે છે, કારણ કે કહ્યું છે - **અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ-સ્વરૂપ.**

જિનાગમની ઉપરોક્ત બંને ધારાંઓની વિષય વસ્તુ અને પધ્ધતિમાં ભિન્નતા હોવાથી દુર્ભાગ્યવશ આ બંનેને પરસ્પર વિરોધી સમજીને કોઈ એક પધ્ધતિનો એકાંતિક આગ્રહ થઈ જાય છે. અધ્યાત્મ-રસિક લોકોને બીજો પક્ષ એકાંત નિશ્ચયવાળા કહે છે તો આગમાભ્યાસી લોકોને અપરપક્ષ દ્વારા વ્યવહાર પક્ષવાળા કહેવામાં આવે છે. તેથી આગમ અને અધ્યાત્મના સ્વરૂપને ગંભીરતાથી સમજવું ખૂબ જ જરૂરી છે.

વસ્તુ-સ્થિતિ એવી છે કે આગમના નક્કર પાયા ઉપર જ અધ્યાત્મનો ભવ્ય મહેલ ચણાય છે. આગમના વિશાળ વૃક્ષમાં જ અધ્યાત્મના ફળ લાગે છે. 'આગમ' જો 'દૂધ' છે તો અધ્યાત્મ તેનાથી

પ્રાપ્ત થવાવાળું 'ઘી' છે. આગમ જો એક વિશાળ રાષ્ટ્ર છે તો 'અધ્યાત્મ' તેમાં સ્થિત આપણું પોતાનું આવાસ-સ્થાન છે. આગમ અને અધ્યાત્મ પરસ્પર વિરોધી નહીં, પરંતુ એકબીજાના પૂરક છે.

અહીં કેટલાક પ્રશ્નોત્તરોના માધ્યમથી આગમ અને અધ્યાત્મ સંબંધી વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવી રહ્યું છે -

**પ્રશ્ન-1**: આગમ અને અધ્યાત્મ બંને આત્મહિતમાં ઉપયોગી છે તો બંનેની પ્રતિપાદન પધ્ધતિ પરસ્પર વિરુધ્ધ શા માટે છે?

**ઉત્તર**: ભાઈ! બંનેની અપેક્ષા અને પ્રયોજન ન સમજવાથી જ આપણને તેમાં વિરોધ દેખાઈ રહ્યો છે. જો તેની અપેક્ષા સમજી લેવામાં આવે તો તેમાં વિરોધ નથી, પરસ્પર પૂરકતા જણાવા લાગશે.

જ્યારે કોઈ વિદ્યાલયના છોકરાઓને નકશાના માધ્યમથી ભારતના રોડ અને રેલ્વેમાર્ગનું જ્ઞાન કરાવવું હોય તો વિસ્તારથી સમજાવવું પડે છે. ત્યાં કયા રસ્તે જવું અને કયા રસ્તે ન જવું અર્થાત્ ત્યાં હેય-ઉપાદેયનું પ્રયોજન નથી, માત્ર જાણવાનું પ્રયોજન છે, પરંતુ જ્યારે કોઈ વટેમાર્ગુને રસ્તો બતાવવો હોય તો તેને ચોક્કસ માર્ગનું વિસ્તૃત જ્ઞાન કરાવવામાં આવે છે, તે સમયે અન્ય રસ્તાઓની વાત કરવાનું પ્રયોજન નથી હોતું.

આ જ રીતે, આગમ મહાસાગર છે, તેથી તેમાં વિશ્વના સમસ્ત પદાર્થોનું સ્વરૂપ, પરસ્પર-સંબંધ, પરિણમન-વ્યવસ્થા, ત્રણ લોક આદિ બધી જ વાતોનું વર્ણન થાય છે અને અધ્યાત્મ તે ગાગર છે, જેમાં તે મહાસાગરનું શુધ્ધાત્મરૂપી જળ ભર્યું છે, જે આપણી ચિર-પિપાસાને શાંત કરશે. જો કે અધ્યાત્મ, આગમનો જ અંશ છે, છતાં પણ જો ભારત જેવા વિશાળ રાષ્ટ્રના એક રાજ્ય ને મહારાષ્ટ્ર કહી શકાય છે તો દ્વાદશાંગરૂપી આગમના પ્રયોજનભૂત પ્રકરણને અધ્યાત્મ કે પરમાગમ શા માટે ન કહી શકાય?

**પ્રશ્ન-2**: જો આગમના પ્રયોજનભૂત પ્રકરણને અધ્યાત્મ કહે છે તો

અધ્યાત્મ સિવાય શેષ આગમને અપ્રયોજનભૂત માનવું પડશે?

**ઉત્તર**: જાણવા માટે તો અનંત જ્ઞેય છે, પરંતુ તેમાં મોક્ષમાર્ગ માટે જીવાદિ સાત તત્ત્વ જ પ્રયોજનભૂત છે. જો કે જીવ-અજીવમાં તો સમસ્ત લોકાલોક સમાઈ જાય છે, છતાંય તેને પણ આ રીતે જાણવું પ્રયોજનભૂત છે, જેનાથી ભેદજ્ઞાન અને વીતરાગતાનું પોષણ થાય.

જો સંપૂર્ણ જિનાગમનું જ્ઞાન પ્રયોજનભૂત માનવામાં આવે તો સમ્યક્દર્શન પૂર્વે દ્વાદશાંગના પાઠક થવું અનિવાર્ય ગણવામાં આવશે. પંડિત ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશકના અધ્યાય ૮ માં લખે છે - **મોક્ષમાર્ગનો મૂળ ઉપદેશ અધ્યાત્મ ગ્રંથોમાં છે, તેથી અધ્યાત્મ શાસ્ત્રોનો અભ્યાસ જરૂર કરવો જોઈએ.**

**પ્રશ્ન-3**: તો શું આગમ ગ્રંથોનો અભ્યાસ કરવો વ્યર્થ છે?

**ઉત્તર** : અધ્યાત્મ પણ આગમનો જ અંશ છે અને આગમ પણ અધ્યાત્મના પોષક છે, તેથી અધ્યાત્મ ગ્રંથોનો અભ્યાસ પણ આગમાભ્યાસ જ કહેવામાં આવશે. જો બુદ્ધિ અને સમયની પ્રચુરતા હોય તો કરણાનુયોગ આદિનો અભ્યાસ પણ જરૂર કરવો, પરંતુ અધ્યાત્મ-પોષક દ્રષ્ટિથી કરવો જ શ્રેયસ્કર થશે. જો સમય અને બુધ્ધિ ઓછી હોય તો અધ્યાત્મ ને જ પ્રાથમિકતા આપવી જરૂરી છે.

વસ્તુતઃ આગમ અને અધ્યાત્મનો મર્મ જ્ઞાની જ જાણે છે. આ સંદર્ભમાં પરમાર્થ વચનિકામાં પંડિત બનારસીદાસજીના આ વિચાર જાણવા યોગ્ય છે-**વસ્તુનો જે સ્વભાવ છે, તેને આગમ કહે છે. આત્માનો જે અધિકાર છે, તેને અધ્યાત્મ કહે છે. મિથ્યાદ્રષ્ટિ જીવ ન આગમી, ન અધ્યાત્મી. શા માટે? કારણ કે કથનમાત્ર તો ગ્રંથ-પાઠના બળથી આગમ-અધ્યાત્મનું સ્વરૂપ ઉપદેશમાત્ર કહે છે, આગમ-અધ્યાત્મનું સ્વરૂપ સમ્યક્ પ્રકારથી નથી જાણતો, માટે મૂઢ જીવ ન આગમી, ન અધ્યાત્મી, નિર્વેદકત્વાત્.**

ચાર અનુયોગોના અભ્યાસની ઉપયોગિતાના સંદર્ભમાં મોક્ષમાર્ગ પ્રકાશકના આઠમા અધ્યાયનો ગહન અભ્યાસ જરૂર કરવો જોઈએ.

**પ્રશ્ન 4:** આગમ અને અધ્યાત્મ બંને પધ્ધતિઓમાં જોવામાં આવેલ નય-પ્રયોગ સરખા છે કે તેમાં ફરક છે?

**ઉત્તર: અનિરાકૃતપ્રતિપક્ષો વસ્ત્વંશગ્રાહી જ્ઞાતુરભિપ્રાયો નયઃ-** નયની આ સામાન્ય વ્યાખ્યા, આગમ-અધ્યાત્મ સર્વત્ર લાગુ પડે છે, પરંતુ બંને પધ્ધતિઓમાં નયોના અલગ-અલગ ભેદ-પ્રભેદોનો પ્રયોગ થાય છે.

આગમ પધ્ધતિમાં મુખ્યરૂપથી મૂળનય દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય તથા તેના જ અંતર્ગત નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજૂસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત - આ ૭ નયોનો પ્રયોગ થાય છે. આ નયોની વિસ્તૃત ચર્ચા આગામી અધ્યાયોમાં કરવામાં આવશે. ઉપનય અર્થાત્ સદ્ભૂત, અસદ્ભૂત અને ઉપચરિત-અસદ્ભૂતવ્યવહારનય નો પ્રયોગ પણ આગમ પધ્ધતિમાં જોવા મળે છે.

*જો કે આગમના નયોમાં પણ આત્માની ચર્ચા થાય છે, છતાંય તેમાં વસ્તુ-સ્વરૂપના પ્રતિપાદનની મુખ્યતા રહે છે, જે આત્મહિતમાં પણ સહાયક થાય છે તથા જીવના ગુણસ્થાન-માર્ગણાસ્થાન-જીવસમાસ-આદિનું વિસ્તૃત વર્ણન થાય છે. જ્યારે અધ્યાત્મ પધ્ધતિમાં પરમ ઉપાદેયભૂત શુધ્ધાત્મ તત્ત્વની મુખ્યતાથી કથન થાય છે.*

જો કે નિશ્ચય-વ્યવહાર, મુખ્યરૂપથી અધ્યાત્મના નય છે, છતાંય જ્યારે આનો પ્રયોગ, આત્મા સિવાયના અન્ય દ્રવ્યોના સંદર્ભમાં થાય છે, ત્યારે આગમ પધ્ધતિની મુખ્યતા થઈ જાય છે.

અધ્યાત્મ પધ્ધતિમાં મુખ્યત્વે નિશ્ચય-વ્યવહારનયોનું વર્ણન હોય છે. નયચક્ર[1], આલાપપધ્ધતિ[2] અને બૃહદદ્રવ્યસંગ્રહ[3]ની ટીકામાં

૧. દેવસેનાચાર્યકૃત શ્રુતભવનદીપક નયચક્ર, પાનું ૨૫-૨૬
૨. આલાપપધ્ધતિ, પાનું ૨૨૮    ૩. બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૩

અધ્યાત્મ નયોનું વર્ણન કરતા થકા બે પ્રકારના નિશ્ચયનય તથા ચાર પ્રકારના વ્યવહારનય બતાવવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે -

- અધ્યાત્મનય
  - નિશ્ચયનય
    - ૧. શુધ્ધ નિશ્ચયનય
    - ૨. અશુધ્ધ નિશ્ચયનય
  - વ્યવહારનય
    - સદ્‌ભૂતવ્યવહારનય
      - ૩ શુધ્ધ સદ્‌ભૂત વ્યવહારનય
      - ૪ અશુધ્ધ સદ્‌ભૂત વ્યવહારનય
    - અસદ્‌ભૂત વ્યવહારનય
      - ૫ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય
      - ૬ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય

હવે અધ્યાત્મભાષા વડે નયોનું લક્ષણ કહે છે-

**બધાં જીવ શુધ્ધ-બુધ્ધ-એક સ્વભાવવાળા છે**-આ શુધ્ધ-નિશ્ચયનયનું લક્ષણ છે. **રાગાદિ જ જીવ છે**-આ અશુધ્ધનિશ્ચયનયનું લક્ષણ છે. **ગુણ અને ગુણીમાં અભેદ હોવા છતાં પણ ભેદનો ઉપચાર કરવો-આ સદ્‌ભૂતવ્યવહારનયનું લક્ષણ છે. જીવના કેવળજ્ઞાનાદિ ગુણ છે**-આ અનુપચરિત-શુધ્ધ-સદ્‌ભૂતવ્યવહારનયનું લક્ષણ છે. **જીવના મતિ-જ્ઞાનાદિ વિભાવ ગુણ છે**-આ ઉપચરિત-અશુધ્ધ-સદ્‌ભૂતવ્યવહારનયનું લક્ષણ છે. સંશ્લેષ સંબંધવાળા પદાર્થોમાં **શરીરાદિ મારા છે**-આ અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયનું લક્ષણ છે તથા જ્યાં સંશ્લેષ સંબંધ નથી, ત્યાં **પુત્રાદિ મારા છે**-આ ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયનું લક્ષણ છે. **આ રીતે નયચક્રના મૂળભૂત છ નય સંક્ષેપમાં જાણવા જોઈએ.**

ઉક્ત સંપૂર્ણ નયોની વિષય-વસ્તુ બતાવતા સમયે આત્માને સામે રાખવામાં આવ્યો છે તથા પ્રત્યેક નયનું વજન (મહિમા) આત્મ-હિતની મુખ્યતાથી નિશ્ચિત કરવામાં આવ્યું છે. તેની ભૂતાર્થતા અને અભૂતાર્થતાનો આધાર પણ આત્મ-હિતની દ્રષ્ટિને બનાવવામાં

આવ્યો છે.

પંચાધ્યાયીમાં વ્યવહારનયના તો ચાર ભેદ સ્વીકાર્ય છે, પરંતુ તેની વિષય-વસ્તુના સંબંધમાં ભિન્ન અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે તથા નિશ્ચયનયના ભેદ સ્વીકાર નથી કર્યા. આ બધાંની ચર્ચા વિસ્તારથી કરી દેવામાં આવી છે.

**પ્રશ્ન 5:** સદ્‌ભૂત, અસદ્‌ભૂત તથા ઉપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય ને આગમ-અધ્યાત્મ બંને પધ્ધતિઓમાં લેવામાં આવ્યો છે તો એમાં શું ફરક છે?

**ઉત્તર:** આગમ પધ્ધતિમાં તેમને ઉપનયના ભેદોના અંતર્ગત સ્વીકાર કરવામાં આવ્યા છે તથા આના સ્વજાતીય-વિજાતીય આદિ ભેદ કરવામાં આવ્યા છે. અધ્યાત્મ પધ્ધતિમાં આવા ભેદ ન કરીને સદ્‌ભૂત-અસદ્‌ભૂત, ઉપચરિત-અનુપચરિત આદિ ચાર ભેદ કરીને આત્માના સંદર્ભમાં એનો પ્રયોગ કરવામાં આવ્યો છે. દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર આદિ નવ ભેદ પણ આગમ પધ્ધતિમાં છે, અધ્યાત્મ પધ્ધતિમાં નથી.

આગમનું ક્ષેત્ર વિસ્તૃત છે, તેથી તેની પ્રકૃતિ, વિસ્તારમાં જવાની છે, માટે નયોના જેમ ભેદ-પ્રભેદ આગમ પધ્ધતિમાં છે, તેમ અધ્યાત્મ પધ્ધતિમાં નથી, કારણ કે તે માત્ર આત્મા સુધી સીમિત છે.

**આગમ વિસ્તરણની અને અધ્યાત્મ પોતાનામાં જ સમાવાની પ્રક્રિયાનું નામ છે.**

**પ્રશ્ન 6:** શું અધ્યાત્મ ગ્રંથોમાં આગમના નયોનો પ્રયોગ થાય છે?

**ઉત્તર:** ગ્રંથોમાં આગમ કે અધ્યાત્મ પધ્ધતિની મુખ્યતા કે ગૌણતા હોય છે, તેથી તેને આગમ કે અધ્યાત્મ ગ્રંથ કહીને સંબોધન કરવામાં આવે છે, પરંતુ ન તો કોઈ ગ્રંથ સો એ સો ટકા આગમનો હોય છે કે ન અધ્યાત્મનો.

ગ્રંથરાજ સમયસાર, પ્રવચનસાર આદિની ટીકાઓ અને ભાવાર્થમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયોના માધ્યમથી પણ આત્માનું વર્ણન કરવામાં આવ્યું છે. સંપૂર્ણ કર્મફળના સંન્યાસની ભાવના નચાવતા થકા કર્મોની ૧૪૮ પ્રકૃતિઓનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. આ જ રીતે ધવલાદિ ટીકાઓમાં મિથ્યાદ્રષ્ટિ જીવને પણ મંગળ કહીને વિકાર અને સ્વભાવમાં ભિન્નતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**આગમની પ્રતિપાદ્ય સન્માત્ર વસ્તુ છે તો અધ્યાત્મની પ્રતિપાદ્ય ચિન્માત્ર વસ્તુ છે.** અધ્યાત્મ પદ્ધતિ ચિન્માત્ર વસ્તુના પરપદાર્થોથી સંબંધને અભૂતાર્થ કહીને, તેના અંતરંગ વૈભવનું જ્ઞાન કરાવતી થકી, અભેદ-અખંડ-નિર્વિકલ્પ સ્વભાવ સુધી લઈ જાય છે, તેથી તેમાં પ્રયુક્ત નય આત્મા સુધી સીમિત રહે છે, જ્યારે આગમનો વિષય અસીમિત હોવાથી તેમાં અનેક પ્રકારના નય-ભેદોનો પ્રયોગ કરવામાં આવે છે.

ખરેખર તો કોઈપણ વિષય-વસ્તુને માત્ર જાણવાના સંદર્ભમાં કહેવું, તે આગમ પદ્ધતિ છે અને તે જ વિષયનો આત્માનુભૂતિ-પોષક અર્થ કાઢવો, તે અધ્યાત્મ પદ્ધતિ છે. તેથી અધ્યાત્મ ગ્રંથોમાં પણ આગમનો સુમેળ તથા આગમ ગ્રંથોમાં પણ અધ્યાત્મની મનોરમ છટા સહજ જોવા મળે છે.

**પ્રશ્ન** 7: આત્માર્થીને તો માત્ર આત્માને જાણવાનું પ્રયોજન હોય છે. આટલા ભેદ-પ્રભેદોમાં ગૂંચવાવું (મુંઝાવું) એ તો પંડિતોનું કામ છે, તેથી અમે આમાં અમારો સમય વ્યર્થ શા માટે ગુમાવીએ?

**ઉત્તર**: ભાઈ! તને શું થઈ ગયું છે? વિષય-કષાયોમાં તને સમય નષ્ટ થતો નથી જણાતો, જ્યારે તેમાં પાપાર્જનની સાથે સંપૂર્ણ જીવન વ્યર્થ જઈ રહ્યું છે અને જિનવાણીના અભ્યાસને તું સમય નષ્ટ થવાનું કહે છે? જરા વિચાર કર! આગમ અને અધ્યાત્મ બધાં ગ્રંથ, ક્ષણ-ક્ષણમાં અંતર્મુખ થવાવાળા વીતરાગી સંતોએ લખ્યા છે. તેઓનો સમય

લખવામાં બરબાદ નથી થયો અને તારી પરિણતિ એટલી અંતર્મુખ થઈ ગઈ કે એના અધ્યયનમાં તને સમય વ્યર્થ જતો દેખાય છે. સમય અને બુધ્ધિની ક્ષમતા અનુસાર સ્વાધ્યાયમાં ગ્રંથોની પ્રાથમિકતા હોવી અલગ વાત છે, પરંતુ જિનવાણીના અભ્યાસમાં એવી અરૂચિ રાખવી, મહાઅનર્થનું કારણ છે. તેથી ગંભીરતાથી વિચાર કરીને આત્મહિતકારી દ્રષ્ટિ અપનાવી જિનાગમનો અભ્યાસ કરવો જોઈએ.

આ સંદર્ભમાં પરમભાવ પ્રકાશક નયચક્ર, પાના નં. ૧૮૧-૧૮૩ ઉપર કરવામાં આવેલ સ્પષ્ટીકરણ વાંચીને, આગમ અને અધ્યાત્મનું યથાર્થ સ્વરૂપ સમજતા થકા આગમ-પથ પર ચાલીને, અધ્યાત્મની મંઝિલ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. આગમ અને અધ્યાત્મની વિષય-વસ્તુની સમીક્ષા કરો.
2. અસદ્ભૂત અને સદ્ભૂતવ્યવહારનયના આગમગત તથા અધ્યાત્મગત પ્રયોગોની તુલના કરો.
3. આગમ અને અધ્યાત્મ બંનેનાં અભ્યાસની ઉપયોગિતા પ્રતિપાદિત કરો.

## 12

# દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય

મૂળનયોના પ્રકરણમાં અધ્યાત્મ પદ્ધતિમાં પ્રયુક્ત નિશ્ચય-વ્યવહાર નયોની સાથે-સાથે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોને પણ મૂળનય કહેવામાં આવ્યા છે. નિશ્ચય-વ્યવહાર તથા આગમ-અધ્યાત્મની યથાયોગ્ય વિસ્તૃત ચર્ચા પછી હવે અહીં આગમ પદ્ધતિમાં પ્રયુક્ત દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોની ચર્ચા કરવામાં આવી રહી છે.

જડ-ચેતન પ્રત્યેક પદાર્થ, દ્રવ્ય-પર્યાયરૂપ અથવા સામાન્ય-વિશેષ સ્વરૂપ છે. સામાન્ય/દ્રવ્ય અંશને જાણવાવાળું જ્ઞાન, દ્રવ્યાર્થિકનય તથા વિશેષ/પર્યાય અંશને જાણવાવાળું જ્ઞાન, પર્યાયાર્થિકનય કહેવાય છે.

દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્રમાં ઉક્ત બંને નયોની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે -

**પર્યાયને ગૌણ કરીને જે દ્રવ્યને ગ્રહણ કરે છે, તે દ્રવ્યાર્થિકનય છે અને તેનાથી વિપરીત અર્થાત્ દ્રવ્યને ગૌણ કરીને જે પર્યાયને ગ્રહણ કરે છે, તે પર્યાયાર્થિકનય છે.**

આ જ અર્થ સમયસાર, ગાથા ૧૩ની આત્મખ્યાતિ ટીકામાં આ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે -

**દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુમાં જે મુખ્યરૂપથી દ્રવ્યનો અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિકનય છે અને જે જ્ઞાન, મુખ્યરૂપથી પર્યાયનો અનુભવ કરાવે, તે પર્યાયાર્થિકનય છે.**

જે જ્ઞાન, દ્રવ્ય-પર્યાય બંને અંશોને મુખ્ય-ગૌણ કર્યા વિના એકીસાથે જાણે છે, તે પ્રમાણજ્ઞાન છે. પરીક્ષામુખ સૂત્રના ચતુર્થ પરિચ્છેદ; સૂત્ર-૧માં પણ કહેવામાંઆવ્યું છે - **સામાન્ય-વિશેષાત્મા તદર્થો વિષયઃ** ઉક્ત નય અને પ્રમાણના કથનોને આ ઉદાહરણથી સારી રીતે સમજી શકાય છે -

સોનાની અંગૂઠીમાં માત્ર સોનાને મુખ્ય કરીને જાણવું, દ્રવ્યાર્થિકનય છે અને અંગૂઠીને મુખ્ય કરીને જાણવું, પર્યાયાર્થિકનય છે તથા સોનું અને અંગૂઠી (વીંટી), બંનેને મુખ્ય-ગૌણ કર્યા વિના એકસાથે જાણવું, પ્રમાણ છે. આ જ રીતે પ્રત્યેક મનુષ્યને ચૈતન્યસ્વરૂપ જીવની મુખ્યતાથી જાણવો, દ્રવ્યાર્થિકનય છે; મનુષ્યપર્યાયના રૂપમાં જાણવો, પર્યાયાર્થિકનય છે તથા જીવ અને મનુષ્ય, બંનેને મુખ્ય-ગૌણ કર્યા વિના જાણવા, પ્રમાણ છે.[1]

આચાર્ય સમંતભદ્ર પ્રત્યેક વસ્તુના અસ્તિત્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના રૂપમાં પ્રરૂપિત કરતાં થકા લખે છે -

**સદૈવ સર્વં કો નેચ્છેત્, સ્વરૂપાદિચતુષ્ટયાત્,**
**અસદેવ વિપર્યાસાત્, ન ચેન્ન વ્યવતિષ્ઠતે.**

*દ્રવ્ય-ક્ષેત્ર-નિજ કાલ ભાવ સે સત્પદાર્થ, નહીં માને કૌન?*
*ઔર અસત્ પરદ્રવ્ય આદિ સે નહીં માને, અવ્યવસ્થિત ભૌન.*

તેથી વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ-આ ચાર મુદ્દાઓને પ્રમાણ, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયથી સમજવા જોઈએ. જેની વિસ્તૃત વ્યાખ્યા આ પ્રમાણે છે-

**દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં પ્રમાણ અને નયોનો પ્રયોગ**

સામાન્ય-વિશેષ આદિ અનંત ધર્મયુગલમય વસ્તુનું અસ્તિત્વ સ્વદ્રવ્ય-ક્ષેત્ર- કાળ-ભાવમય છે, તેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમય

૧. પ્રવચનસાર, ગાથા ૧૧૪ની ટીકા

પદાર્થનું સ્વરૂપ, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય તથા પ્રમાણ જ્ઞાન દ્વારા નિર્ણય કરવો જરૂરી છે.

પ્રમાણની વિષયભૂત દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ, સામાન્ય-વિશેષાત્મક, ભેદાભેદાત્મક, નિત્યાનિત્યાત્મક તથા એકાનેકાત્મકરૂપ છે. આમાં વસ્તુનો દ્રવ્યાંશ-સામાન્ય, અભેદ, નિત્ય અને એકત્વરૂપ છે, જેને જાણવાવાળું જ્ઞાન, દ્રવ્યાર્થિકનય કહેવાય છે. આ જ રીતે વસ્તુનો પર્યાયાંશ - વિશેષ, ભેદ, નિત્ય અને અનેકરૂપ છે, જેને જાણવાવાળું જ્ઞાન પર્યાયાર્થિકનય કહેવાય છે.

અહીંયા એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આ પ્રસંગમાં દ્રવ્યાંશ શબ્દનો અર્થ-દ્રવ્યનો અંશ નહીં, પરંતુ વસ્તુના દ્રવ્યરૂપ અંશ/અંશી અર્થાત્ તે અંશ/અંશી જે દ્રવ્ય કહેવાય છે, તેને ગ્રહણ કરવો જોઈએ. આ જ રીતે પર્યાયાંશ શબ્દનો અર્થ-પર્યાયનો અંશ ન સમજીને, પર્યાયરૂપ અંશ જાણવો જોઈએ.

ઉપર કહેવામાં આવેલ દ્રવ્યાંશના સામાન્ય, અભેદ, નિત્ય અને એક વિશેષણ તથા પર્યાયાંશના વિશેષ, ભેદ, અનિત્ય અને અનેક વિશેષણોને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં ઘટિત કરીને આ રીતે સમજવા જોઈએ.

સ્વરૂપ-ચતુષ્ટયમાં પ્રમાણ તથા દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક-નયના પ્રયોગને નીચેના કોષ્ટક દ્વારા સરળતાથી સમજી શકાય છે -

| | સ્વદ્રવ્ય | સ્વક્ષેત્ર | સ્વકાળ | સ્વભાવ |
|---|---|---|---|---|
| પ્રમાણ | સામાન્ય વિશેષાત્મક | ભેદાભેદાત્મક | નિત્યાનિત્યાત્મક | એકાનેકાત્મક |
| દ્રવ્યાર્થિકનય | સામાન્ય | અભેદ | નિત્ય | એક |
| પર્યાયાર્થિક-નય | વિશેષ | ભેદ | અનિત્ય | અનેક |

ઉપરોક્ત કોષ્ટકના આધાર ઉપર નીચે પ્રમાણે સ્વચતુષ્ટયમાં પ્રમાણનયના પ્રયોગ સમજવા જોઈએ –

**પ્રમાણ નો વિષયભૂત પ્રત્યેક પદાર્થ –**

સ્વદ્રવ્યની અપેક્ષા એ સામાન્ય-વિશેષાત્મક છે.

સ્વક્ષેત્રની અપેક્ષા એ ભેદાભેદાત્મક છે.

સ્વકાળની અપેક્ષા એ નિત્યાનિત્યાત્મક છે.

સ્વભાવની અપેક્ષા એ એકાનેકાત્મક છે.

**દ્રવ્યાર્થિકનય થી પ્રત્યેક પદાર્થ –**

સ્વદ્રવ્યની અપેક્ષા એ સામાન્યરૂપ છે.

સ્વક્ષેત્રની અપેક્ષા એ અભેદરૂપ છે.

સ્વકાળની અપેક્ષા એ નિત્યરૂપ છે.

સ્વભાવની અપેક્ષા એ એકરૂપ છે.

**પર્યાયાર્થિકનય થી પ્રત્યેક પદાર્થ –**

સ્વદ્રવ્યની અપેક્ષા એ વિશેષરૂપ છે.

સ્વક્ષેત્રની અપેક્ષા એ ભેદરૂપ છે.

સ્વકાળની અપેક્ષા એ અનિત્યરૂપ છે.

સ્વભાવની અપેક્ષા એ અનેકરૂપ છે.

વસ્તુનો દ્રવ્યાંશ – સામાન્ય, અભેદ, નિત્ય અને એક હોવા છતાં પણ તેને જાણવાવાળા જ્ઞાનને દ્રવ્યની મુખ્યતાથી દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે, સામાન્યાર્થિક નિત્યાર્થિક આદિ નહીં અર્થાત્ અહીંયા, સામાન્ય, અભેદ, નિત્ય અને એક વિશેષણોને 'દ્રવ્ય' શબ્દમાં ગર્ભિત કરતાં થકા 'દ્રવ્ય' ની મુખ્યતા કરવા ઈચ્છે છે. આ જ રીતે વસ્તુના

વિશેષ, ભેદ, અનિત્ય અને અનેક વિશેષણોને 'પર્યાય' શબ્દમાં ગર્ભિત કરીને પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે, અનિત્યાર્થિક આદિ નહીં.

વસ્તુ-સ્વરૂપને હજી વધુ ઉંડાઈથી સમજવા માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સ્વરૂપ સમજવું પણ ઘણું જરૂરી છે.

દ્રવ્ય = મૂળ પદાર્થ જે ક્ષેત્ર, કાળ અને ભાવનો આધાર છે.

ક્ષેત્ર = દ્રવ્યનો વિસ્તાર અર્થાત્ પહોળાઈ

કાળ = દ્રવ્યનો પ્રવાહ અર્થાત્ લંબાઈ

ભાવ = દ્રવ્યની શક્તિઓ, ગુણ કે ધર્મ અર્થાત્ ઉંચાઈ

આ રીતે લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ સ્વરૂપ ઘનપિંડ જ દ્રવ્ય છે. સાકર એક પદાર્થ છે. તેના ખડાનો આકાર, તેનું ક્ષેત્ર છે, જેટલા સમય સુધી તે સાકર અવસ્થા રૂપે છે, તે તેનો કાળ છે તથા તે સાકરની સફેદી, મિઠાસ આદિ તેનો ભાવ છે.

આ જ રીતે પ્રત્યેક જીવ, એક દ્રવ્ય છે, અસંખ્યાત પ્રદેશ તેનું ક્ષેત્ર છે, અનાદિ-અનંત તેનો કાળ છે તથા જ્ઞાન-દર્શન, અસ્તિત્વ આદિ અનંતગુણ તેના ભાવ છે - એવા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમય પ્રત્યેક જીવનું અસ્તિત્વ છે.

**સ્વચતુષ્ટયમાં ભાવનું મહત્ત્વ** - અહીં વિશેષ ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે એક પદાર્થની બીજા પદાર્થોથી ભિન્નતા, વિશેષ ભાવ (વિશેષ ગુણ)ના આધાર પર જાણવામાં આવે છે. 'સત્' સામાન્ય લક્ષણથી પ્રત્યેક દ્રવ્યની ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા તો સમજી શકાય છે, પરંતુ જડ-ચેતનની ભિન્નતા નથી જાણી શકાતી. જીવદ્રવ્ય ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય-આ ત્રણેના લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશ છે. લોકાલોકપ્રમાણ આકાશ, અનંત પ્રદેશી છે. પુદ્ગલ સ્કંધ, સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત પ્રદેશી છે. પરમાણુ અને કાલાણુ, એક પ્રદેશી

છે તથા ઇંદ્રિયજ્ઞાન-ગમ્ય પણ નથી. કાળ પણ પ્રત્યેક દ્રવ્યનો અનાદિ-અનંત છે. તેથી દ્રવ્ય, ક્ષેત્ર અને કાળનું સ્વરૂપ બધાં પદાર્થોમાં લગભગ એક જેવું હોવાથી આના આધારથી કોઈ પદાર્થનું વિશેષ (ભિન્ન) સ્વરૂપ ભાસિત નથી થઈ શકતું.

કોઈ પદાર્થને અન્ય પદાર્થોથી ભિન્ન જાણવા માટે વિશેષ ભાવ જ એકમાત્ર આધાર છે, કારણકે પ્રત્યેક પદાર્થના પોત-પોતાના વિશેષ ગુણ છે, જે તેના સિવાય અન્ય દ્રવ્યોમાં નથી જોવામાં આવતા. આ જ આધાર ઉપર વિશ્વમાં જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - આ છ જાતિના દ્રવ્ય કહેવામાં આવ્યા છે. અન્ય વિશેષ પ્રકાર ગુણોના અભાવમાં કોઈ સાતમી જાતિનું દ્રવ્ય, વિશ્વમાં નથી.

**આત્માનુભૂતિમાં ભાવનું મહત્ત્વ -** મોક્ષમાર્ગનો પ્રારંભ આત્માનુભૂતિથી જ થાય છે, જેનો મૂળ આધાર ભેદ-વિજ્ઞાન છે. જડ અને ચેતનને ભિન્ન-ભિન્ન જાણવા એ જ ભેદ-વિજ્ઞાન છે તથા જડ અને ચેતન 'ભાવ' વાચી શબ્દ છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળવાચી નથી. પદાર્થોને તેના 'ભાવ' ની મુખ્યતાથી જ જડ કે ચેતન કહેવાય છે.

કહ્યું પણ છે -

**જડભાવે જડ પરિણમે, ચેતન-ચેતન ભાવ,**
**કોઈ-કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.**

ગ્રંથાધિરાજ સમયસારની પાંચમી ગાથામાં એકત્વ-વિભક્ત આત્માનું સ્વરૂપ બતાવવાની પ્રતિજ્ઞા કર્યા બાદ તરત છઠ્ઠી ગાથામાં આચાર્યદેવે આત્માને પ્રમત્ત-અપ્રમત્તથી રહિત, એક જ્ઞાયકભાવરૂપ કહ્યો છે. આનાથી સ્પષ્ટ છે કે જ્ઞાયકભાવના રૂપમાં જીવનો અનુભવ કરવો જ આત્માનુભૂતિ છે, માત્ર સત્ દ્રવ્ય, બહુપ્રદેશ કે અનાદિ-અનંત કાળના રૂપમાં નહીં. એ અલગ વાત છે કે તે જ્ઞાયકભાવ, સ્વતઃસિધ્ધ, અનાદિ-અનંત અને અસંખ્ય પ્રદેશી છે, તેથી જ્ઞાયકભાવ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ થી સર્વથા ભિન્ન પણ નથી, પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ

અને ભાવ ના પોત-પોતાના જુદા-જુદા લક્ષણ પણ છે, તેથી આત્માનુભૂતિમાં જ્ઞાયકભાવની જ મુખ્યતા છે.

સમયસારના પ્રથમ કળશમાં પણ **ચિત્સ્વભાવાય ભાવાય** કહીને ચૈતન્ય-સ્વભાવમયી સત્તાને નમસ્કાર કર્યા છે. સંપૂર્ણ ગ્રંથ જ ચૈતન્ય-સ્વભાવી ભગવાન આત્માના પ્રતિપાદન અને તેની અનુભૂતિની પ્રેરણામાં જ સમર્પિત છે.

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી પણ તત્ત્વ-નિર્ણય હેતુ ભાવ-ભાસનની પ્રેરણા આપે છે.[1]

પંડિત દૌલતરામજી તો સ્પષ્ટ કહે છે-

**વર્ણાદિક અરૂ રાગાદિ તૈં, નિજભાવ કો ન્યારા કિયા.**

*આ રીતે સ્વ-ચતુષ્ટયરૂપ પદાર્થમાં ભાવનું વિશેષ મહત્ત્વ સમજવું જોઈએ.*

**દ્રવ્ય-ક્ષેત્ર-કાળનું મહત્ત્વ પણ ભાવથી જ** - આપણા જીવનમાં પણ ભાવનું સર્વાધિક મહત્ત્વ છે. માત્ર દ્રવ્યના આધારથી કોઈ વસ્તુ પૂજ્ય નથી થતી. દ્રવ્યની અપેક્ષા એ તો બધાં જીવ એક જેવા છે તો પછી કોઈ પૂજ્ય અને કોઈ પૂજક કેવી રીતે હોઈ શકે? વીતરાગ-વિજ્ઞાનતા પૂજ્ય હોવાથી પંચ પરમેષ્ઠી પૂજ્ય છે અને આપણા પરિણામોમાં તેઓના પ્રતિ ભક્તિભાવ હોવાથી આપણે પૂજારી છીએ. આ જ રીતે જિન-પ્રતિમા અને મંદિરની ભૂમિ બંને પુદ્‌ગલદ્રવ્ય છે, પરંતુ જિન-પ્રતિમામાં વીતરાગભાવની સ્થાપના થવાથી આપણે તેઓના ચરણોમાં મસ્તક ઝુકાવીએ છીએ, જ્યારે ભૂમિ ઉપર પગ રાખીને, ઉભા રહેવામાં પણ આપણને સંકોચ થતો નથી.

અનંત પ્રદેશી અખંડ આકાશ દ્રવ્યક્ષેત્રમાં સૌથી મોટું છે તથા તે અચેતન છે. તેથી તેનાથી તેમાં પૂજ્યત્વ નથી, છતાં પણ જે સ્થાન

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું-૨૨૦

ઉપર વીતરાગી સંત વિચરે છે, સિધ્ધપદની સાધના હેતુ પોતાના જ્ઞાયકભાવની આરાધના કરે છે, તે સ્થાન પણ આપણા માટે તીર્થ થઈ જાય છે, પૂજ્ય થઈ જાય છે.

કાળ પણ નિરંતર પ્રવાહશીલ જડ દ્રવ્ય છે. દિવસ, મહીના, વર્ષ, આદિ કાળના જ વ્યવહાર છે, તેથી તેમાં પૂજ્યતા શી રીતે હોઈ શકે? પરંતુ આપણા તીર્થંકરોની પંચકલ્યાણક તિથિઓમાં પણ આપણે ધન્ય ઘડી, ધન્ય દિવસ આદિ કહીને પ્રસન્નતાનો અનુભવ કરીએ છીએ. તેઓના કલ્યાણક દિવસ મનાવીએ છીએ. કાળ પર ભાવનો આરોપ કરીને જ કહેવામાં આવે છે -

**ધન્ય ઘડી વહ ધન્ય દિવસ જબ, મંગલમય મંગલાચરણ હો.**

આ રીતે આ સ્પષ્ટ થઈ જાય છે કે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ - આ ત્રણેય ભાવથી જ મહિમાવંત છે, સ્વયં થી નહીં.

**વસ્તુના દ્રવ્યાંશ માટે અંશી શબ્દનો પ્રયોગ -** જો કે પ્રત્યેક વસ્તુ, દ્રવ્ય-પર્યાયાત્મક છે, તેથી દ્રવ્ય અને પર્યાય-આ બંને સંપૂર્ણ વસ્તુના અંશ છે, છતાંય તત્ત્વાર્થ-શ્લોકવાર્તિકના નય-વિવરણ પ્રકરણ, શ્લોક ૭-૯ માં દ્રવ્યને અંશી તથા પર્યાયને અંશ શબ્દથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તત્ત્વાર્થ-શ્લોકવાર્તિકમાં આ વિષયને પ્રશ્નોત્તરના રૂપમાં આ રીતે સ્પષ્ટ કરેલ છે -

**પ્રશ્નઃ** જેમ અંશી (વસ્તુ)માં પ્રવૃત્તિ કરવાવાળા જ્ઞાનને પ્રમાણ માનવામાં આવે છે, તે જ રીતે વસ્તુના અંશમાં પ્રવૃત્તિ કરવાવાળા અર્થાત્ જાણવાવાળા નયને પ્રમાણ શા માટે નથી માનવામાં આવતું? તેથી નય, પ્રમાણ સ્વરૂપ જ છે?

**ઉત્તરઃ** ઉપરોક્ત આશંકા યોગ્ય નથી, કારણ કે જે અંશી કે ધર્મીમાં તેના બધાં અંશ કે ધર્મ ગૌણ થઈ જાય છે, તે અંશીમાં મુખ્યરૂપથી દ્રવ્યાર્થિકનયની પ્રવૃત્તિ હોય છે અર્થાત્ એવો અંશી,

દ્રવ્યાર્થિકનયનો વિષય છે, તેથી તેનું જ્ઞાન દ્રવ્યાર્થિકનય છે અને ધર્મ તથા ધર્મીના સમૂહરૂપ વસ્તુમાં ધર્મો અને ધર્મી, બંનેને પ્રધાનરૂપથી જાણવાવાળા જ્ઞાનને પ્રમાણ કહે છે.

વસ્તુના દ્રવ્યાંશને અંશી કહેવું અયોગ્ય પણ નથી લાગતું, કારણ કે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્ય, સામાન્ય અભેદ તથા નિત્ય પણ છે અર્થાત્ દ્રવ્ય, પોતાના અનંતગુણો અને ત્રિકાળવર્તી પર્યાયોમાં વ્યાપ્ત રહે છે, તેથી દ્રવ્યનો અંશી, સામાન્ય કે ધર્મી અને ગુણ-પર્યાયોનો અંશ, વિશેષ તથા ધર્મ સંજ્ઞા યથાયોગ્ય અપેક્ષાથી યોગ્ય જ છે. બહુપ્રદેશી દ્રવ્યોના પ્રદેશોને પણ તેના અંશ જ સમજવા જોઈએ.

ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત દ્રવ્યને મુખ્ય કરીને જાણવાવાળું જ્ઞાન, દ્રવ્યાર્થિકનય છે તથા ગુણ-પર્યાયોના ભેદને મુખ્ય કરીને જાણવાવાળું જ્ઞાન, પર્યાયાર્થિકનય છે.

*આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત અંશી, પ્રમાણની અપેક્ષાએ તો અંશ જ છે, સંપૂર્ણ વસ્તુ નહીં. અંશી અને અંશરૂપ સંપૂર્ણ વસ્તુને પ્રધાનરૂપથી અથવા વગર મુખ્ય-ગૌણ કરી જાણવું, પ્રમાણ જ્ઞાન છે.*

**પ્રશ્નઃ** ક્યાંક દ્રવ્યાંશ અથવા અંશીને દ્રવ્ય કહે છે, ક્યાંક દ્રવ્ય-પર્યાયાત્મક સંપૂર્ણ વસ્તુને દ્રવ્ય કહે છે-આનું શું કારણ છે?

**ઉત્તરઃ** ભિન્ન-ભિન્ન પ્રસંગોમાં ભિન્ન-ભિન્ન અપેક્ષાઓથી 'દ્રવ્ય' શબ્દના ભિન્ન-ભિન્ન પ્રયોગ કરવામાં આવે છે. 'દ્રવ્ય' શબ્દના અનેક પ્રકારના પ્રયોગ જોવામાં આવે છે. વિસ્તારથી સંક્ષેપની તરફ આવતા થકા ક્રમથી 'દ્રવ્ય' શબ્દના વિભિન્ન પ્રયોગ આ મુજબ છે -

1. પ્રમાણના વિષયભૂત 'દ્રવ્ય' શબ્દથી કથિત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાત્મક સંપૂર્ણ વસ્તુ જે સામાન્ય-વિશેષાત્મક, ભેદાભેદાત્મક, નિત્યાનિત્યાત્મક અને એકાનેકાત્મક છે.

2. આગમ પદ્ધતિથી આ જીવદ્રવ્યમાં રાગાદિ વિકાર, ગુણસ્થાનાદિ ભેદ તથા નર-નારકાદિ બધી પર્યાયો સમાવિષ્ટ છે.

3. અધ્યાત્મ પદ્ધતિના પ્રમાણમાં શુદ્ધ જીવદ્રવ્ય અને માત્ર તેની નિર્મળ પર્યાયનો સમાવેશ થાય છે.

4. દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યાંશ અથવા અંશી જે માત્ર સામાન્ય, અભેદ, નિત્ય અને એક છે.

5. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં પ્રયુક્ત દ્રવ્ય જે ક્ષેત્ર-કાળ અને ભાવ ના આધારભૂત મૂળ પદાર્થ છે.

આ પ્રયોગોને આ ચિત્રના માધ્યમથી સારી રીતે સમજી શકાય છે.




6. આના સિવાય પ્રવચનસાર ના ૪૭ નયોમાં દ્રવ્યનય-પર્યાયનય, સામાન્યનય-વિશેષનય આદિ નયોની ચર્ચા પણ કરવામાં આવી છે, જેની સમીક્ષા ૪૭ નયવાળા અધ્યાયમાં ઉપલબ્ધ છે.

7. જો કે દ્રવ્યાર્થિકનયના દસ ભેદોના વિષયભૂત દ્રવ્યના દસ પ્રકાર પણ કહી શકીએ છીએ, પરંતુ આ પ્રકરણમાં ઉક્ત પ્રયોગ જ મુખ્યરૂપે જાણવો જોઈએ.

8. દ્રવ્ય-ગુણ-પર્યાયનું વિસ્તૃત સ્વરૂપ જાણવા માટે પંડિત દીપચંદજી કાસલીવાલ કૃત ચિદ્‌વિલાસ ગ્રંથ જરૂર વાંચવો જોઈએ.

**પ્રશ્ન**: 'દ્રવ્ય' શબ્દના વિષયભૂત ઉક્ત ચારેય પ્રયોગોમાં દ્રષ્ટિનો વિષય ક્યાં છે?

**ઉત્તર**: દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમયી, સામાન્ય-અભેદ-નિત્ય-એક-એવો અખંડ દ્રવ્ય, દ્રષ્ટિનો વિષય છે. આને જ છઠ્ઠી ગાથાની ટીકામાં સ્વતઃ સિધ્ધ, અનાદિ-અનંત, નિત્ય-ઉધોતરૂપ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિસ્વરૂપ 'જ્ઞાયકભાવ' કહેવામાં આવેલ છે. ક્ષેત્ર અને કાળના ભેદને ગૌણ કરીને, માત્ર ભાવની મુખ્યતાથી આને જ 'ચિત્સામાન્ય' પણ કહેવામાં આવે છે.

*ખરેખર તો અનુભૂતિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદ પણ ઉદિત નથી થતા, માત્ર નિર્વિકલ્પ અખંડ ચિન્માત્ર સ્વભાવમાં મગ્ન પરિણામ રહે છે, પરંતુ તેને સમજાવવા માટે તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ વિશેષની અપેક્ષાએ ભેદ કરીને કહેવામાં આવે છે.*

**પ્રશ્ન**: આત્માનુભૂતિના કાળમાં શુધ્ધનયના વિષયભૂત એક જ્ઞાયકભાવનું જ આલંબન હોય છે તો પછી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયો દ્વારા વસ્તુને જાણવાની શું જરૂર છે?

**ઉત્તર**: આત્માનુભૂતિનો પ્રારંભિક ઉપાય, તત્ત્વ-નિર્ણય છે, તેથી વસ્તુ-સ્વરૂપના યથાર્થ નિર્ણય માટે દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણવું જરૂરી છે.

જો કે પ્રમાણ દ્વારા વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જાણી લેવાય છે, છતાંય કોઈ એક ધર્મને મુખ્ય અને બાકીના ધર્મોને ગૌણ કર્યા વિના એ વિવક્ષિત ધર્મને જાણવો શક્ય નથી; માટે તેને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય દ્વારા જાણવું પણ જરૂરી છે.

પ્રવચનસાર, ગાથા ૧૧૪ની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રદેવે

વસ્તુના સામાન્ય અને વિશેષસ્વરૂપને જાણવાવાળા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયોને, બંને આંખોની ઉપમા આપીને, એક આંખને સર્વથા બંધ કરીને, બીજી આંખને સંપૂર્ણ ખુલ્લી રાખીને નયોના માધ્યમથી જાણવાની સંપૂર્ણ વિધિ બતાવી છે.

ઉક્ત ટીકા અનુસાર પર્યાયાર્થિક ચક્ષુ (નય) ને સર્વથા બંધ કરીને, માત્ર ખુલેલા દ્રવ્યાર્થિક ચક્ષુ (નય) થી જીવને જોવાથી મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ અને સિધ્ધ પર્યાયરૂપ વિશેષોમાં રહેવાવાળો જીવ-સામાન્ય જોવામાં આવે છે. આ જ રીતે દ્રવ્યાર્થિક ચક્ષુ (નય) ને સર્વથા બંધ કરીને માત્ર ખુલેલા પર્યાયાર્થિક ચક્ષુ (નય) થી જીવને જોવાથી તે, તે જીવદ્રવ્યમાં રહેવાવાળા નર-નારકાદિ પર્યાયરૂપ અન્ય-અન્ય દેખાય છે. જ્યારે બંને ચક્ષુઓને એકસાથે ખુલ્લા રાખીને (પ્રમાણથી) જોઈએ છીએ, ત્યારે નર-નારકાદિ પર્યાયોમાં રહેવાવાળો જીવ-સામાન્ય અને જીવ-સામાન્યમાં રહેવાવાળા નર-નારકાદિ પર્યાય-વિશેષ, બંને એકી સાથે જોવામાં આવે છે.

**પ્રશ્નઃ** જ્યારે સામાન્ય અને વિશેષ બંને અંશ પ્રમાણ દ્વારા એક સાથે જાણવામાં આવી જાય છે તો પછી નયો દ્વારા મુખ્ય-ગૌણ કરીને માત્ર એક-એક અંશને જાણવાની શું જરૂર છે?

**ઉત્તર -** ક્ષયોપશમિક શ્રુતજ્ઞાન પ્રમાણમાં મુખ્ય-ગૌણ કર્યા વિના વિવક્ષિત ધર્મને સ્પષ્ટતા અને ઉંડાણથી નથી જાણી શકાતું અને કોઈ ધર્મનું ગહન સ્વરૂપ જાણ્યા વિના હેય અને ઉપાદેયની પ્રક્રિયા સંભવ નથી થતી.

કોઈ સભાનું ફિલ્માંકન કરતા સમયે સંપૂર્ણ સભાની વિશાળતા જાણવા માટે પૂરી સભાનો એકસાથે ફોટો લેવો પણ જરૂરી છે, પરંતુ પ્રમુખ વક્તા, વિશેષ મહેમાન તથા શ્રોતા સમુદાય-આ બધાં એકસાથે જોવામાં આવવા છતાં પણ વક્તાની વિશેષ ભાવમુદ્રાઓ તથા શ્રોતાઓ પર પડવાવાળા પ્રભાવને વિશેષરૂપથી નહીં જોઈ શકાય. આ બધું

જોવાને માટે વક્તા અને શ્રોતાઓને અનુક્રમે મુખ્ય-ગૌણ કરીને તેમનાં અલગ-અલગ ફોટા પાડવા જરૂરી છે.

ફિલ્માંકન (ફોટોગ્રાફી)ની આ પ્રક્રિયાની જેમ વસ્તુના બંને પક્ષોને પ્રમાણ અને નયથી જાણવાથી જ પ્રયોજનની સિધ્ધિ થાય છે.

**દ્રવ્ય અને પર્યાય, બંને અંશોને જાણવાનું પ્રયોજન :**

મારે શું કરવું છે? આ પ્રશ્નનો ઉત્તર, પર્યાયાંશને જાણવાથી મળે છે અને મારે કેવીરીતે પ્રાપ્ત કરવું છે? - આ પ્રશ્નનો ઉત્તર દ્રવ્યાંશને જાણવાથી મળે છે.

હેયોપાદેયનું જ્ઞાન, પર્યાયને જાણવાથી થાય છે, કારણ કે દુઃખ અને દુઃખના કારણભૂત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, પર્યાયમાં જ છે તથા સુખી થવાનો ઉપાય અને પરિપૂર્ણ સુખસ્વરૂપ મોક્ષ પણ પર્યાયમાં જ પ્રગટ થાય છે, માટે જ તો જીવ-અજીવની સાથે આસ્રવાદિ પર્યાયરૂપ તત્ત્વો/પદાર્થોનો નિર્ણય કરવો, પ્રયોજનભૂત માનવામાં આવ્યું છે.

હેય-ઉપાદેયને જાણ્યા પછી એ પ્રશ્ન ઉભો થાય છે કે હેયનો ત્યાગ અને ઉપાદેયનું ગ્રહણ કેવી રીતે થાય? વર્તમાન પર્યાયનો આશ્રય કરવાથી તો મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર દૂર થશે નહીં તથા સમ્યક્-દર્શન-જ્ઞાન-ચારિત્ર તો હમણાં પ્રગટ થયા નથી, તેથી તેને પ્રગટ કરવાનો એકમાત્ર ઉપાય, પરમ-પારિણામિકભાવસ્વરૂપ દ્રવ્યાંશ/અંશીનું આલંબન જ છે, કારણ કે તેમાં અહમ્પણું જ સમ્યક્દર્શન છે, તેને જાણવું જ સમ્યક્જ્ઞાન છે અને તેમાં લીનતા જ સમ્યક્ચારિત્ર છે.

જો એવું માનીએ કે કામ તો પર્યાયમાં જ થવાનું છે તથા કાર્ય સ્વયં પણ પર્યાય જ છે અને પર્યાયને, પર્યાયથી, પર્યાય માટે જ કરવી છે, જ્યારે દ્રવ્ય તો અવ્યક્ત છે, નિષ્ક્રિય છે, તેથી તેને જાણવાની જરૂરત જ શું છે? તો પર્યાયપક્ષનું મિથ્યા-એકાંત થઈ જશે અને પર્યાયને તેનું

આલંબન પણ નહીં મળે.

આ જ રીતે જો એવું માનવામાં આવે કે પર્યાય-બુધ્ધિ તો મિથ્યાત્વ છે, તે તો ક્ષણિક અને વિકારી છે, આશ્રય તો દ્રવ્યનો જ કરવાનો છે, તેથી પર્યાયને જાણવી જ શા માટે? તો દ્રવ્યપક્ષનો મિથ્યા-એકાંત થવાથી પણ સમ્યક્દર્શન નહીં થાય. દ્રવ્યને જ જાણીએ, પર્યાયને નહીં-એવું બોલવાવાળી પણ તો પર્યાય જ છે, તેથી ઉક્ત કથન સ્વ-વચન બાધિત છે.

બંને નયોને જાણવાની આવશ્યકતા પ્રતિપાદિત કરતા થકા પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજી સ્વામી કહે છે -

**જીવનું સ્વરૂપ, બે નયોથી બરાબર જાણવામાં આવે છે. એકલા દ્રવ્યાર્થિકનય કે એકલા પર્યાયાર્થિકનયથી જાણ નથી થતી, માટે બંને નયોનો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય છે.**

**એકાંત દ્રવ્યને જ સ્વીકાર કરીએ અને પર્યાયને સ્વીકાર ન કરીએ તો પર્યાય વિના દ્રવ્યનો સ્વીકાર, કોણે કર્યો અને શેમાં કર્યો ? અને માત્ર પર્યાયનો જ સ્વીકાર કરીએ, દ્રવ્યનો સ્વીકાર ન કરીએ તો પર્યાય ક્યાં દૃષ્ટિ લગાવી એકાગ્ર થશે ? માટે બંને નયોનો ઉપદેશ સ્વીકાર કરીને, દ્રવ્ય-પર્યાયની સંધિ કરવા યોગ્ય છે.**

**શંકાઃ- દ્રવ્ય-પર્યાયની સંધિનો અર્થ શું ?**

**સમાધાન- પર્યાયને પૃથક્ કરીને લક્ષમાં ન લેતાં, તેને અંતર્મુખ કરીને, દ્રવ્યની સાથે એકાકાર કરવી અર્થાત્ દ્રવ્ય-પર્યાયના ભેદનો વિકલ્પ તોડીને, એકતારૂપ નિર્વિકલ્પ અનુભવ કરવો, તે દ્રવ્ય-પર્યાયની સંધિ છે, તે જ બંને નયોની સફળતા છે.**

**પર્યાયને જાણતા થકા, તેના જ વિકલ્પમાં અટકી જઈએ તો તે નયની સફળતા નથી, તે જ રીતે દ્રવ્યને જાણતા થકા, જો તેમાં એકાગ્રતા ન કરીએ તો તે પણ નયની સફળતા નથી. દ્રવ્ય-પર્યાય બંનેને જાણીને,**

**બંનેના વિકલ્પ તોડીને, પર્યાયને દ્રવ્યમાં અંતર્લીન-અભેદ-એકાકાર કરીને અનુભવ કરવામાં જ બંને નયોની સફળતા છે.**[1]

**આપણા સુખી થવાના પક્ષમાં વસ્તુનો સ્વભાવ :** આ વાત વિશેષરૂપથી વિચારણીય છે કે દ્રવ્યની નિત્યતા અને પર્યાયની અનિત્યતા, આપણા હિતમાં છે. વસ્તુનો જે અંશ નિત્ય છે, તે અનંત જ્ઞાન અને સુખનો ઘન-પિંડ છે, જેના અવલંબનથી પર્યાયનું દુઃખ નષ્ટ થઈને અવિનાશી સુખ પ્રગટ થઈ જાય છે, તથા જે અંશમાં દુઃખ છે અને દુઃખના કારણભૂત મોહ-રાગ-દ્વેષ છે, તે પર્યાય, સ્વયં જ ક્ષણભંગુર છે, તેથી તેના નષ્ટ થવાના પ્રતિ આપણે નિશ્ચિંત થઈ જવું જોઈએ.

અપરિવર્તનશીલ શુધ્ધ બુધ્ધ તત્ત્વ આપણને નિર્ભય બનાવી દીનતાથી મુક્ત કરે છે અને વિકારની ક્ષણભંગુરતા, આપણને તેના વિનષ્ટ થઈ જવા પ્રતિ આશ્વસ્ત કરે છે.

અન્ય જીવોની પર્યાયને ક્ષણિક માનવાથી તેના પ્રતિ આપણને રાગ-દ્વેષ નથી થતો તથા સમતાભાવ ઉત્પન્ન થાય છે તથા તેનો દ્રવ્ય-સ્વભાવ તો આપણા જેવો જ છે, તેથી તેને જાણવાથી પણ સહજ સમતા ઉત્પન્ન થાય છે.

*આ રીતે બંને નયોના વિષયનું જ્ઞાન, આપણા આત્મહિતમાં કાર્યકારી છે.*

*દ્રવ્ય અને પર્યાય, બંનેને યથાવત્ જાણીને, દ્રવ્ય-સ્વભાવનો આશ્રય લેવો - એ જ પ્રમાણજ્ઞાનના ફળસ્વરૂપ પ્રગટ થવાવાળું, સમ્યક્ એકાંત છે અને એ જ શ્રેયસ્કર છે.*

**સર્વથા શબ્દનો યથાર્થ અર્થ -** પ્રવચનસાર, ગાથા ૧૧૪ની ટીકામાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ચક્ષુને અનુક્રમે સર્વથા બંધ કરવાની વાત

---

૧. આત્મધર્મ (હિંદી), વર્ષ-૧૬, અંક-૧૮૨, જૂન-૧૯૬૦, કવર પાના પર

કહેવામાં આવી છે. અહીં સર્વથા બંધ કરવાનો ઉદ્દેશ બીજી આંખને બરાબર બંધ કરવાથી જ છે, ફોડી નાખવાથી નથી. જે આંખેથી જોવાનું છે, તેને ખુલ્લી રાખીને, તેટલા સમય માટે માત્ર દ્રવ્યાંશ/પર્યાયાંશને જોવા માટે બીજી આંખ બંધ કરી લેવાની વાત છે.

લોકમાં પણ બંદૂકથી નિશાન સાધતા સમયે અથવા કેમેરાથી ફોટો ખેંચતા સમયે અથવા હીરાની પરખ કરતાં સમયે, માત્ર એક જ આંખનો પ્રયોગ કરતા થકા, બીજી આંખને બંધ રાખવામાં આવે છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ માટે પણ અનુક્રમે સર્વ-સર્વત્ર-સર્વદા-સર્વથા શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે, તેથી 'સર્વથા' શબ્દમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળને ગૌણ કરીને 'ભાવ'ને મુખ્ય કર્યો છે, માટે અહીં સર્વથા શબ્દનો અર્થ પણ કથંચિત્ થઈ જાય છે. 'આત્મા, દ્રવ્યની અપેક્ષાએ સર્વથા નિત્ય છે' - આ વાક્યના પ્રયોગમાં દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે-આ અભિપ્રાય હોય તો અહીં 'સર્વથા' શબ્દનો અર્થ 'કથંચિત્' અર્થાત્ આત્મા કથંચિત્ નિત્ય છે-એમ સમજવું જોઈએ.

જે રીતે સમ્યક્-અનેકાંતમાં સમ્યક્ એકાંત સમાવિષ્ટ થાય છે, તે જ રીતે અહીંયા 'સર્વથા' શબ્દમાં 'કથંચિત્' નો સમાવેશ સમજવો જોઈએ.

'સર્વથા' શબ્દને અંત દીપકના રૂપમાં સ્વીકાર કરવામાં આવે તો તેમાં સર્વ, સર્વત્ર અને સર્વદા પણ ગર્ભિત થઈ જાય છે. અગ્નિ, સર્વથા ઉષ્ણ છે અથવા આત્મા, સર્વથા ચિત્તસ્વરૂપ છે-આ વાક્યોમાં 'સર્વથા' શબ્દમાં ભાવની મુખ્યતા હોવા છતાં પણ આ વાક્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમયી સંપૂર્ણ વસ્તુના વિષયમાં સમજવું જોઈએ અર્થાત્ સર્વ અગ્નિ, સર્વત્ર-સર્વદા-સર્વથા ઉષ્ણ અથવા સર્વ આત્માઓ સર્વત્ર-સર્વદા-સર્વથા ચિત્સ્વરૂપ છે-આ અર્થ છે.

આ રીતે એ સ્પષ્ટ છે કે 'સર્વથા' શબ્દનો પ્રયોગ જો અપરપક્ષને સારી રીતે ગૌણ કરવાના અભિપ્રાયથી કરવામાં આવે તો તે સમ્યક્-

એકાંતરૂપ થશે અને જો અભિપ્રાયમાં અપરપક્ષનો નિષેધ વર્તી રહ્યો હોય તો તે મિથ્યા-એકાંતરૂપ થઈ જશે. માત્ર વાક્યમાં મિથ્યાત્વપણું કે સમ્યક્પણું નથી હોતું, બધો અભિપ્રાયનો જ ખેલ (રમત) સમજવો જોઈએ.

અનેક સ્થળે 'સર્વથા' શબ્દનો પ્રયોગ, વાક્યોને દ્રઢતા પ્રદાન કરવા માટે, કોઈ વાત પર વિશેષ જોર આપવા માટે કે ધ્યાન આકર્ષિત કરવા માટે પણ થાય છે. આપણે ક્યારે, કયા વાક્યનો, શું ભાવ સમજીએ છીએ-એ આપણા વિવેક પર આધાર રાખે છે.

**પ્રશ્ન -** જૈનદર્શનમાં તો 'સર્વથા', 'એકાંત' અને 'જ'-આ શબ્દોનો નિષેધ કરવામાં આવે છે, જ્યારે આપ એનું સમર્થન કરી રહ્યા છો?

**ઉત્તર -** જો આ શબ્દોનો પ્રયોગ જુદી-જુદી રીતે કરતા થકા અપરપક્ષનો નિષેધ ન કરવામાં આવે તો સમ્યક્-એકાંત થાય છે, કે જે અનેકાંતનું સુફળ છે, પરંતુ જો અપરપક્ષનો નિષેધ કરવા માટે બે એકાંત વાચક શબ્દોના પ્રયોગ એકસાથે કરવામાં આવે તો મિથ્યા-એકાંત થઈ જાય છે, તેથી સર્વથા એકાંતનો પ્રયોગ અનિષ્ટ છે તો કથંચિત્ એકાંત સહજ જ ઈષ્ટ થઈ ગયું. શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું પણ છે -

**અનેકાંત પણ સમ્યક્-એકાંત સ્વરૂપ પોતાના નિજપદની પ્રાપ્તિ સિવાય, અન્ય કોઈ રીતે ઉપકારી નથી.**

આચાર્ય સમંતભદ્રએ આપ્તમીમાંસાની સાતમી કારિકામાં સર્વથા એકાંત-વાદિઓને જિનમતરૂપી અમૃતથી બહાર ઘોષિત કર્યા છે તથા ૧૫મી કારિકામાં **સદેવ સર્વં કો નેચ્છેત્** અર્થાત્ પ્રત્યેક પદાર્થ સત્ જ છે - એમ કહીને સમ્યક્ એકાંતનું પ્રતિપાદન કર્યું છે.

પ્રમાણ, સમ્યક્-અનેકાંતરૂપ છે તથા પ્રમાણાભાસ મિથ્યા-અનેકાંતરૂપ છે. આ જ રીતે નય, સમ્યક-એકાંતરૂપ છે અને નયાભાસ

મિથ્યા-એકાંતરૂપ છે.

આપણે એમ પણ કહી શકીએ છીએ કે જો કે આ ત્રણે શબ્દો ઝેરીલા છે, છતાં પણ સ્યાદ્વાદ અર્થાત્ અપેક્ષાના મહામંત્રથી આનું ઝેર ઉતરી જાય છે.

પ્રવચનસાર, ગાથા ૧૧૫ની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રદેવ લખે છે -

**સ્યાત્કારરૂપી અમોઘ મંત્ર, એવકાર (સર્વથા, એકાંત, જ) માં રહેવાવાળા વિરોધ-વિષના મોહને દૂર કરે છે.**

અહીં આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે આજકાલ સ્યાદ્વાદનો પ્રયોગ, જગતમાં પ્રચલિત બધાં ધર્મોનો સમન્વય કરવા અને સત્ય બતાવવા માટે કરવામાં આવે છે. જરા વિચાર કરો કે શું અનેક અસત્યોને ભેળવીને એક સત્ય બની શકે છે? જો નહીં, તો પછી જે વસ્તુ-સ્વરૂપની વિરૂધ્ધ અસત્ય પ્રતિપાદન કરે છે, તેનો સમન્વય કરીને સત્ય પ્રતિપાદન કેવી રીતે થઈ શકે છે?

ખરેખર આચાર્યોએ વસ્તુમાં અવિરોધરૂપથી રહેવાવાળા પરસ્પર વિરોધી પ્રતીત થવાવાળા ધર્મોનો સમન્વય, સ્યાદ્વાદ (અપેક્ષા) દ્વારા કર્યો છે, જેને લોકોએ બધાં સંપ્રદાયો કે મિથ્યા-માન્યતાઓનો સમન્વય સમજી લીધો છે. આચાર્ય સમંતભદ્રએ બે વિપરીત માન્યતાઓને સત્ય માનવાને ઉભયૈકાંત કહીને, આ સમન્વયાભાસને ચુનૌતી આપતા થકા સ્યાદ્વાદ દ્વારા અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરૂધ્ધ બે ધર્મોમાં સમન્વય કર્યો છે.

આપ્તમીમાંસા માં સમાવિષ્ટ તે કારિકા આ પ્રમાણે છે -

**વિરોધાન્નોભયૈકાન્તં, સ્યાદ્વાદન્યાયવિદ્વિષામ્,**
**અવાચ્યતૈકાન્તેપ્યુક્તિઃ, નાવાચ્યમિતિ યુજ્યતે. (૧૩)**

*દ્વય એકાંતો મે વિરોધ હૈ, સ્યાદ્વાદ-વિદ્વેષી કે,*
*યદિ સર્વથા-અવાચ્ય કહે તો, વસ્તુ-વાચ્ય ઈસ વાણી સે. (૧૩)*

આ રીતે આ સ્પષ્ટ છે કે સ્યાદ્વાદનો પ્રયોગ, સાવધાનીથી કરતાં થકા 'એવકાર'ના વિષને તો દૂર કરવો જોઈએ, પરંતુ 'એવકાર'નો સર્વથા નિષેધ ન કરવો જોઈએ, કારણ કે 'એવકાર' નયરૂપ હોવાથી વસ્તુ-સ્વરૂપના નિર્ણયમાં જરૂરી છે. સમ્યક્-એકાંતરૂપી અમૃતથી જ મિથ્યા-એકાંતરૂપી ઝેર નષ્ટ કરી શકાય છે.

**પ્રશ્ન** : દ્રવ્ય અને પર્યાયની જેમ, ગુણ પણ વસ્તુનો મહત્ત્વપૂર્ણ અંશ છે તો તેને જાણવાવાળો ગુણાર્થિકનય અલગથી શા માટે નથી કહ્યો?

**ઉત્તર** : ભેદ-વિવક્ષાથી ગુણોને સહભાવી પર્યાયના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યા છે, તેથી તે પર્યાયાર્થિક નયનો વિષય થઈ જાય છે અને અભેદ-વિવક્ષાથી ગુણ, દ્રવ્યનું જ સામાન્ય સ્વરૂપ છે, તેથી તે દ્રવ્યાર્થિકનયનો વિષય થઈ જશે; માટે અલગથી ગુણાર્થિકનયને કહેવાની જરૂરિયાત જ નથી.

આ સંદર્ભમાં કેટલાંક આચાર્યોના નીચે લખેલા વચનો ધ્યાન આપવા યોગ્ય છે -

**દ્રવ્યના સામાન્ય અને વિશેષ, બે સ્વરૂપ છે. સામાન્ય, ઉત્સર્ગ, અન્વય અને ગુણ - આ બધાં એકાર્થક શબ્દ છે. સામાન્યને વિષય બનાવવાવાળો દ્રવ્યાર્થિકનય છે અને વિશેષને વિષય કરવાવાળો પર્યાયાર્થિકનય છે. બંનેના સમુદિત અયુતસિધ્ધરૂપ દ્રવ્ય છે, તેથી ગુણ જ્યારે દ્રવ્યનું જ સામાન્ય રૂપ છે, ત્યારે તેના ગ્રહણ માટે અલગથી ગુણાર્થિકનયની કોઈ આવશ્યકતા નથી.**[1]

**અહીંયા ગુણની સહભાવી પર્યાય જ વિવક્ષિત છે, તેથી ગુણને જાણવાવાળો ત્રીજો ગુણાર્થિકનય નથી.**[2]

---

૧. આચાર્ય અકલંક દેવ, તત્ત્વાર્થરાજવાર્તિક, અધ્યાય-૫, સૂત્ર ૩૮

૨. આચાર્ય વિદ્યાનંદિ, તત્ત્વાર્થશ્લોકવાર્તિક, નયવિવરણ, શ્લોક ૨૨

સન્મતિ-તર્કમાં પણ ગુણોને પર્યાયના અર્થમાં જ પ્રયુક્ત કરવામાં આવ્યા છે, તેથી ગુણોને વિભિન્ન અપેક્ષાઓથી દ્રવ્ય કે પર્યાયમાં જ ગર્ભિત કરીને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક-આ બંને જ મૂળનય કહેવામાં આવ્યા છે. આ સંદર્ભમાં વિશેષ આગમ-પ્રમાણ અને તેનું સ્પષ્ટીકરણ, પરમભાવપ્રકાશક નયચક્ર, પાના ૧૯૯-૨૦૨ સુધી જરૂર વાંચશો.

**પ્રશ્ન** : પ્રમાણ અને નયો વિના તત્ત્વ-નિર્ણય નથી થતો, તત્ત્વ-નિર્ણય વિના સમ્યક્ત્વ નથી થતું અને સમ્યક્ત્વ વિના સાચા પ્રમાણ-નય નથી થતા તો પછી સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે સાચો તત્ત્વ-નિર્ણય શી રીતે શક્ય છે?

**ઉત્તર** : આ વાત સત્ય છે કે સમ્યક્દર્શન વિના સાચો તત્ત્વ-નિર્ણય નથી થતો, પરંતુ તેની ઉપર સ્વાનુભૂતિની મોહર ન લાગેલી હોવાથી જ તેમાં પ્રામાણિક્તાનો અભાવ કહેવામાં આવ્યો છે, નહીં કે વસ્તુ-સ્વરૂપના વિરૂધ્ધ હોવાથી. જિનાગમમાં કથિત વસ્તુ-સ્વરૂપનું, જિનાગમ કથિત પ્રમાણનય દ્વારા ભેદ-વિજ્ઞાન અને વીતરાગતાના પોષણ હેતુ કરવામાં આવેલ તત્ત્વ-નિર્ણય યથાર્થ જ છે, કારણ કે તે જ નિર્ણય, સ્વાનુભૂતિનો આધાર બને છે.

જે રીતે આઝાદીની લડાઈ પણ ગુલામીની અવસ્થામાં લડવામાં આવે છે, રોગના અભાવનો ઉપાય પણ રોગના સદ્ભાવમાં કરવામાં આવે છે, એક દરિદ્ર વ્યક્તિ પણ ધનવાનથી ધન ઉધાર લઈને, વ્યવસાય કરીને, સ્વયં ધનવાન બની જાય છે, તો અહીં તો પોતામાં પોતાનો વૈભવ વિદ્યમાન છે, કોઈનાથી ઉધાર નથી લેવાનો, માત્ર દેવ-શાસ્ત્ર-ગુરૂના આધારથી તેને ઓળખવાનો છે, તેથી તત્ત્વ-નિર્ણયથી દર્શનમોહ મંદ-મંદતર-મંદતમ થતો થકો, સ્વાનુભૂતિના માધ્યમથી ઉપશમ થઈ જાય છે, ત્યારબાદ દર્શનમોહના ક્ષયનો પણ આ જ ઉપાય છે. આ રીતે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયો દ્વારા વસ્તુ-સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરીને દ્રવ્ય સ્વભાવનું લક્ષ્ય કરવું જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સ્વરૂપ સ્પષ્ટ કરીને, ભાવની મહત્તા પ્રતિપાદિત કરો.
2. આત્મહિતમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, બંને નયોને જાણવાની ઉપયોગિતા સ્પષ્ટ કરો.
3. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સ્વરૂપ, પ્રમાણ તથા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયો દ્વારા સમજાવો.

## (13)

# દ્રવ્યાર્થિકનયના ભેદ-પ્રભેદ

જિનશાસનની અદ્‌ભૂત અને અનુપમ શૈલી સ્યાદ્વાદની એક અનોખી કળા છે કે જેમાં સામાન્ય, અભેદ, નિત્ય તથા એકરૂપ દ્રવ્યાંશને જાણવાવાળા દ્રવ્યાર્થિકનયના પણ અનેક ભેદ બતાવવામાં આવ્યા છે. જે રીતે પંચાધ્યાયીકાર નિશ્ચયનયનો વિષય-અભેદ, અખંડ, એક હોવાથી તેના ભેદ જ સ્વીકાર નથી કરતા; તે જ રીતે દ્રવ્યાર્થિકનયના ભેદોથી પણ અસ્વીકાર કરી શકાય છે, છતાં પણ નિશ્ચયનયના શુદ્ધ અને અશુદ્ધ - એવા બે મૂળ ભેદોની જેમ દ્રવ્યાર્થિકનયના પણ શુદ્ધ, અશુદ્ધ આદિ અનેક ભેદ કરવામાં આવ્યા છે.

*દ્રવ્યાર્થિકનયના આ ભેદ, તેની વિષય-વસ્તુને અલગ-અલગ અપેક્ષાઓથી ઉંડાણથી સમજવાના પ્રયોજનથી કરવામાં આવ્યા છે. વસ્તુનો દ્રવ્યાંશ શુધ્ધ છે કે અશુધ્ધ અથવા બંનેથી નિરપેક્ષ છે? સત્ છે કે અસત્? વિશેષોથી ભિન્ન છે કે અભિન્ન? ઈત્યાદિ અનેક પ્રશ્નોનું સમાધાન આને સમજવાથી થઈ જાય છે.*

આલાપપધ્ધતિમાં શુધ્ધ અને અશુધ્ધદ્રવ્યાર્થિકનયના કોઈ ભેદ ન કરતા થકા આ બે ભેદ તથા અન્વયાદિ ચાર ભેદ મળીને કુલ છ ભેદ બતાવવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે :-

૧. શુદ્ધદ્રવ્યાર્થિકનય
૨. અશુદ્ધદ્રવ્યાર્થિકનય
૩. અન્વયદ્રવ્યાર્થિકનય
૪. સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય
૫. પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય
૬. પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય

તે જ પાનું ૨૨૬ પર એનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે:-

**દ્રવ્ય જ જેનું પ્રયોજન છે, તે દ્રવ્યાર્થિકનય છે, તથા શુદ્ધદ્રવ્ય જ જેનું પ્રયોજન છે, તે શુદ્ધદ્રવ્યાર્થિકનય છે અને અશુદ્ધદ્રવ્ય જેનું પ્રયોજન છે, તે અશુદ્ધદ્રવ્યાર્થિકનય છે. સામાન્ય, ગુણ આદિને અન્વયરૂપથી દ્રવ્ય... દ્રવ્ય-એવી વ્યવસ્થા જે કરે છે, તે અન્વયદ્રવ્યાર્થિક છે અર્થાત્ અવિચ્છિન્નરૂપથી ચાલ્યા આવતા ગુણોના પ્રવાહમાં જે દ્રવ્યની વ્યવસ્થા કરે છે, તેને જ દ્રવ્ય માને છે, તે અન્વયદ્રવ્યાર્થિકનય છે. જેનો અર્થ કે પ્રયોજન સ્વદ્રવ્યાદિને ગ્રહણ કરવાનો છે, તે સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય છે. જેનો અર્થ કે પ્રયોજન પર-દ્રવ્યાદિને ગ્રહણ કરવાનો છે, તે પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય છે અને જેનો અર્થ કે પ્રયોજન પરમભાવને ગ્રહણ કરવાનો છે, તે પરમભાવગ્રાહક-દ્રવ્યાર્થિકનય છે.**

જો કે દ્રવ્યાંશ અને પર્યાયાંશ, છયે દ્રવ્યોના સ્વરૂપમાં વિદ્યમાન છે, છતાંય અહીં આત્માને જાણવાનું મુખ્ય પ્રયોજન છે, તેથી આત્મા પર ઘટિત થવાવાળા ભેદોનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીં એ વાત સમજવી વિશેષ મહત્ત્વપૂર્ણ છે કે દ્રવ્યને શુધ્ધ કે અશુધ્ધ કયા આધારથી કહેવામાં આવ્યું છે?

કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય તથા ભેદ-કલ્પનાથી નિરપેક્ષતા જ દ્રવ્યની શુધ્ધતા છે તથા તેમનાથી સાપેક્ષતા જ તેની અશુધ્ધતા છે.

હવે અહીં દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૧૯૦-૧૯૮માં આવેલા દ્રવ્યાર્થિકનયના દસ ભેદોના નામ, વ્યાખ્યા, એના સ્વરૂપ ઉપર સંક્ષિપ્ત વિચાર કરવામાં આવી રહ્યો છે :

૧. કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય

૨. ઉત્પાદ-વ્યયનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય

૩. ભેદ કલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય

૪. કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય

૫. ઉત્પાદ-વ્યયસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય

૬. ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય

૭. અન્વય દ્રવ્યાર્થિકનય

૮. સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય

૯. પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય

૧૦. પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય

**1. કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય**

જે નય કર્મોની મધ્યમાં સ્થિત અર્થાત્ કર્મોથી લિપ્ત જીવને સિદ્ધા સમાન શુદ્ધ ગ્રહણ કરે છે, તેને **કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

વર્તમાન અવસ્થામાં વિદ્યમાન કર્મોપાધિયોને ગૌણ કરીને ત્રિકાળી શુદ્ધદ્રવ્યને મુખ્ય કરવામાં આવે તો તેને કર્મોપાધિયોથી અપ્રભાવિત અનંત શક્તિઓનો અખંડ પિંડ સ્વભાવ જ જાણવામાં આવે છે.

*અહીં કર્મોપાધિનો ઉદ્દેશ મુખ્યરૂપથી મોહ-રાગ-દ્વેષાદિ ઔદયિક ભાવોથી છે, આ અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો આ નયનો વિષય રાગાદિ ભાવોથી ભિન્ન એક જ્ઞાયક ભાવ છે. જો કે ક્ષાયિક આદિ નિર્મળ ભાવ, કર્મોના ક્ષયના નિમિત્તથી થાય છે, તેથી તેમાં કર્મોદયરૂપ ઉપાધિને ગૌણ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. દ્રષ્ટિના વિષયની મુખ્યતાથી વિચાર કરવામાં આવે તો ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને ક્ષાયિક-આ ચાર ભાવોને કર્મોપાધિમાં ગ્રહણ કરી શકાય છે, કારણ કે દ્રષ્ટિનો વિષય આ ચાર ભાવોથી ભિન્ન*

*પરમપારિણામિક ભાવસ્વરૂપ છે. માત્ર નિર્મળ પર્યાયોથી ભિન્ન અથવા અભિન્ન બતાવવાવાળો કોઈ દ્રવ્યાર્થિકનય નથી.*

અધ્યાત્મ ગ્રંથોમાં આ ત્રણ શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયને શુદ્ધનિશ્ચયનય અથવા પરમશુદ્ધનિશ્ચયનયના વિષયના રૂપમાં સેંકડો જગ્યાએ વર્ણન કરતા થકા આના જ અનુભવની પ્રેરણા આપવામાં આવી છે.

સમયસાર, ગાથા ૬માં આત્માને પ્રમત્ત-અપ્રમત્ત ભાવોથી રહિત તથા નિયમસાર, ગાથા ૫૦માં ઔદયિક આદિ ચારે ભાવોથી ભિન્ન કહીને એક જ્ઞાયકભાવને કર્મોપાધિયો રહિત બતાવવામાં આવ્યો છે. આ જ રીતે ગાથા ૧૪માં અસંયુક્ત તથા ગાથા ૭૩માં નિર્મમત્વ વિશેષણથી આત્માને કર્મોપાધિ રહિત કહેવામાં આવેલ છે.

વર્તમાનમાં પ્રચલિત પ્રાચીન ભજનોમાં **જો નિગોદ મેં, સો હી મૂઝમેં, સો હી મોખ મઁઝાર** આદિ પંક્તિઓમાં પણ કર્મોપાધિનિરપેક્ષ દ્રવ્યસ્વભાવના જ ગીત ગાવામાં આવ્યા છે.

પર્યાયમાં ભલે ઔદયિક ભાવ હોય કે ક્ષાયિકભાવ, અનંત દુઃખ હોય કે અનંત સુખ, દ્રવ્યસ્વભાવ, જેમનો તેમ, શુધ્ધ બુધ્ધ નિરંજન રહે છે-એ જ તેનો કર્મોપાધિનિરપેક્ષ સ્વભાવ છે.

**2. ઉત્પાદ-વ્યયનિરપેક્ષ સત્તાગ્રાહક શુધ્ધદ્રવ્યાર્થિકનય**

જે નય, ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને માત્ર સત્તાને ગ્રહણ કરે છે, તેને આગમમાં **ઉત્પાદ-વ્યયનિરપેક્ષ સત્તાગ્રાહી શુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

જો કે સત્તા, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક કહેવામાં આવી છે, છતાંય દ્રવ્યાંશ/અંશીને ઉત્પાદ-વ્યયથી રહિત ત્રિકાળી ધ્રુવના રૂપમાં પણ જોવામાં આવે છે. ઉત્પાદ-વ્યય તે પર્યાયગત ધર્મ છે, પરંતુ દ્રવ્યાંશ તો હંમેશા તેનો તે જ રહે છે.

*પર્યાયોથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ તો પૂજ્ય ગુરૂદેવશ્રીના પ્રવચનોની મુખ્ય વિશેષતા છે. જાણે ધ્રુવની ધૂન લગાવવાની પ્રેરણા આપવા માટે જ તેમનો ભરતક્ષેત્રમાં જન્મ થયો હોય!*

ત્રિકાળી ધ્રુવની ચર્ચા આ યુગમાં લુપ્ત-પ્રાયઃ હતી, જેનો ઉદ્યોત પૂજ્ય ગુરૂદેવશ્રીની મંગલવાણીમાં થયો, તેથી આ વાત કેટલાંક લોકોને નવી લાગે છે, આ વિચારધારા નવા પંથ જેવી લાગે છે, પરંતુ આગમના આલોકમાં વિચાર કરવામાં આવે તો આ નવો પંથ નથી, પરંતુ જિનાગમ કથિત મૂળમાર્ગ છે. આ દ્રવ્યાર્થિકનય જ પર્યાયોથી પાર ત્રિકાળી ધ્રુવને લક્ષ્ય બનાવવાની પ્રેરણા આપી રહ્યો છે.

પ્રત્યેક પદાર્થ સત્સ્વરૂપ છે અને સત્, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે અર્થાત્ સત્‌ના આ ત્રણ અંશ છે, જે પરસ્પર કથંચિત્ ભિન્ન છે, માટે ધ્રુવ અંશ પણ ઉત્પાદ-વ્યયથી કથંચિત્ ભિન્ન સિધ્ધ થાય છે, તેથી જો ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને સત્તાને જોવામાં આવે તો દ્રવ્ય માત્ર ધ્રુવરૂપ જ જાણવામાં આવે છે અને તેને જાણવાવાળું જ્ઞાન, ઉત્પાદ-વ્યય નિરપેક્ષ સત્તાગ્રાહી શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે. અહીં ધ્રુવ અંશમાં ઉત્પાદ-વ્યયને નથી ભેળવ્યા, માટે તેને શુદ્ધ કહ્યો છે.

શ્રી સમયસાર, ગાથા ૬ની ટીકામાં જ્ઞાયકભાવને અનાદિ અનંત કહીને, આ જ નયનો પ્રયોગ કર્યો છે. અધ્યાત્મ ગ્રંથોમાં ડગલે ને પગલે ભગવાન આત્માને અનાદિ-અનંત, નિત્ય, ધ્રુવ, શાશ્વત, અક્ષય, જન્મ-મરણથી રહિત આદિ અનેક વિશેષણોથી સમજાવવામાં આવેલ છે, જેનો આધાર આ **ઉત્પાદ-વ્યયનિરપેક્ષ સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનય જ છે.**

### 3. ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય

જે નય, ગુણ-ગુણી આદિ ચતુષ્કરૂપ (ગુણ-ગુણી, સ્વભાવ-સ્વભાવવાન્, પર્યાય-પર્યાયવાન્, ધર્મ-ધર્મી) અર્થમાં ભેદ નથી કરતો, **તે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય છે.**

ભેદ અને અભેદ-આ બંને પ્રત્યેક વસ્તુના ધર્મ છે; તેથી એ આત્માના પણ ધર્મ છે. જો ભેદની મુખ્યતાથી આત્માને જોઈએ તો તે ગુણ-ગુણી આદિ ભેદરૂપ જોવામાં આવે છે અને અભેદને મુખ્ય કરીએ તો તે સમસ્ત પ્રકારના ભેદોથી રહિત એક ચિન્માત્ર ભાસિત થાય છે. આત્માની અનુભૂતિ માટે ભેદનો વિકલ્પ તોડીને, જે અભેદસ્વરૂપના અવલંબનની પ્રેરણા આપવામાં આવે છે, તે આ જ નયનો વિષય છે. અહીં માત્ર અભેદ ધર્મના અવલંબનની વાત નથી, પરંતુ ગુણ-પર્યાયોના ભેદોથી રહિત અભેદધર્મસ્વરૂપ ધર્મી અર્થાત્ અભેદ દ્રવ્યના અવલંબનની વાત છે.

*દ્રષ્ટિના વિષયમાં પર્યાયના સંબંધમાં આ નય કહે છે કે ભેદકલ્પનાનિરપેક્ષ શુધ્ધદ્રવ્યાર્થિકનયના વિષયનું અવલંબન કરવાથી દ્રવ્ય, સર્વથા પર્યાયરહિત નથી થઈ જતું, પરંતુ પર્યાય, અભેદ દ્રવ્યમાં અહમ્ કરીને પોતાને કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદકલ્પનાથી રહિત અનુભવ કરતી થકી દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુને સાર્થકતા પ્રદાન કરે છે.*

### 4. કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય

જે નય, બધાં રાગાદિભાવોને જીવ અથવા જીવના કહે છે, **તે કર્મોપાધિસાપેક્ષ અશુધ્ધદ્રવ્યાર્થિકનય છે.**

કર્મોપાધિનિરપેક્ષ જો શુદ્ધદ્રવ્યાર્થિકનય, આત્માને કર્મોપાધિથી રહિત જુએ છે તો કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય, તેને કર્મોપાધિ સહિત જુએ છે. આ નયના પ્રયોગથી આત્માને સર્વથા શુધ્ધ માનવાવાળા સાંખ્યાદિ મતોનું નિરાકરણ થઈ જાય છે. આ નયથી એ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે ઔદયિક આદિ ચારે ભાવોમાં કર્મોનું નિમિત્ત હોવા છતાં પણ એ આત્માનું જ પરિણમન છે, આત્માથી સર્વથા ભિન્ન નહીં; તેથી પર્યાયોની સાપેક્ષતાથી જોવાવાળા નયને અશુધ્ધ-દ્રવ્યાર્થિકનય કહેવામાં આવ્યો છે.

**પ્રશ્ન** : દ્રવ્ય તો ત્રિકાળ શુધ્ધ રહે છે, તે ક્યારેય અશુધ્ધ નથી

થતો, માત્ર પર્યાય અશુધ્ધ થાય છે તો અશુધ્ધદ્રવ્યાર્થિકનય માનવું શી રીતે સંભવ છે?

**ઉત્તર :** *દ્રવ્ય અને પર્યાય સર્વથા ભિન્ન નથી, પરંતુ એક જ વસ્તુના બે અંશ છે. પર્યાયથી દ્રષ્ટિ હટાવીને દ્રવ્યમાં લગાવવાના પ્રયોજનથી એમાં ભિન્નતાની ભાષા બોલવામાં આવે છે કે દ્રવ્ય શુધ્ધ/નિત્ય છે અને પર્યાય અશુધ્ધ/અનિત્ય છે. ખરેખર તો સ્યાદ્‌વાદની શૈલીમાં એવું કહેવું વધારે ઉચિત છે કે દ્રવ્યદ્રષ્ટિથી આત્મા શુધ્ધ/નિત્ય છે અને પર્યાયદ્રષ્ટિથી આત્મા અશુદ્ધ/અનિત્ય છે, કારણ કે દ્રવ્ય અને પર્યાય એક જ વસ્તુના બે વિરૂધ્ધ અંશ છે, જે વસ્તુમાં અવિરોધરૂપ થી રહે છે.*

જિનાગમમાં પર્યાયદ્રષ્ટિથી જ આત્માના બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા-એવા ત્રણ ભેદ કહ્યા છે. સમયસાર જેવા શુધ્ધનય પ્રધાન ગ્રંથરાજમાં પણ આત્માને અજ્ઞાની, મૂઢ, મિથ્યાદ્રષ્ટિ, ક્રોધી, મોહી અથવા જ્ઞાની આદિ વિશેષણોથી સંબોધિત કરવામાં આવેલ છે. પ્રવચનસાર ગાથા ૮માં શુભોપયોગ, અશુભોપયોગ અથવા શુધ્ધોપયોગમાં પરિણમિત આત્માને જ શુભ, અશુભ કે શુધ્ધ કહેવામાં આવેલ છે - આ બધાં **કર્મોપાધિસાપેક્ષ અશુધ્ધદ્રવ્યાર્થિકનય**ના જ પ્રયોગ છે.

બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે રાગાદિભાવ તો પર્યાયગત અશુદ્ધતા છે. પર્યાયાર્થિકનયના ભેદોમાં પણ કર્મોપાધિથી રહિત અને સહિતની અપેક્ષાએ શુધ્ધ અને અશુધ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવશે. અહીં તો આત્માને કર્મોપાધિયોથી ભિન્ન જોવો કે ભળેલો જોવો-એ જ તેની શુધ્ધતા અને અશુધ્ધતાનો આધાર છે.

*અહીંયા આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે દ્રવ્યદ્રષ્ટિથી આત્મા શુદ્ધ છે, પરંતુ પર્યાયદ્રષ્ટિથી વર્તમાનમાં અશુદ્ધ છે-માત્ર આ વિકલ્પોથી અથવા આવા નિર્ણયથી આત્માનુભૂતિનું પ્રયોજન સિદ્ધ*

*નથી થતું. જે પર્યાય, દ્રવ્યને શુદ્ધ જુએ છે અથવા શુદ્ધદ્રવ્યમાં અહમ્ કરે છે, તે સ્વયં અશુદ્ધ શી રીતે રહી શકે છે? પર્યાયનો સ્વર એવો નથી હોતો કે* ***દ્રવ્ય શુધ્ધ*** *છે, પરંતુ તે દ્રવ્યમાં અહમ્‌પણું સ્થાપિત કરીને પોતાને શુદ્ધ અનુભવ કરે છે, તેનો સ્વર થઈ જાય છે કે* ***હું શુદ્ધ છું.*** *આ પ્રક્રિયામાં સૌથી મોટી અશુદ્ધતા અર્થાત્ મિથ્યાત્વ સ્વયં વિલીન થઈ જાય છે અને શ્રધ્ધાની શુદ્ધતા અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.*

એક ગરીબ કન્યા, જો સંપન્ન વ્યક્તિને વરે તો તેની અનુભૂતિ એવી નથી હોતી કે **હું તો ગરીબ છું અને મારો સ્વામી શેઠ છે**, પરંતુ તે પોતાના પતિમાં સર્વસ્વ સમર્પણ કરતી થકી સ્વયંને સંપન્ન અનુભવ કરે છે, જેમાં તેની લાંબી ગરીબી પણ વિલીન થઈ જાય છે.

ઉપર્યુક્ત અનુભૂતિ થવાથી જે સમ્યક્ પ્રમાણજ્ઞાન પ્રગટે છે, તેમાં પર્યાયગત રાગાદિક અવશેષોનું પણ યથાર્થ જ્ઞાન થાય છે, ત્યારે દ્રવ્ય અને પર્યાય, બંનેનું જાણવું યથાર્થ થાય છે.

**પ્રશ્ન** : તો શું અનુભૂતિથી પહેલાં દ્રવ્ય શુધ્ધ છે અને પર્યાય અશુધ્ધ છે - એવો નિર્ણય કરવો મિથ્યા છે?

**ઉત્તર** : જો કે અનુભૂતિથી પહેલાં તો બધું જ જ્ઞાન મિથ્યા જ છે પરંતુ આગમાશ્રિત હોવાથી કોઈપણ નિર્ણય મિથ્યા નથી, આ આગમાશ્રિત નિર્ણયને આત્માશ્રિત નિર્ણયમાં ઉપર્યુક્ત આત્માનુભૂતિની પ્રક્રિયાથી જ બદલી શકાય છે.

**આ રીતે અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો યથાર્થ નિર્ણય પણ આત્માનુભૂતિમાં સહાયક થાય છે.**

અહીં આ વાત પણ વિચારણીય છે કે આત્મા, વર્તમાનમાં અશુધ્ધ છે-આ વાક્ય, માત્ર પર્યાયદ્રષ્ટિ અથવા અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી જ શક્ય છે. શું શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત ત્રિકાળી દ્રવ્ય, વર્તમાનમાં વિધમાન નથી? જો નથી તો તે ત્રિકાળ અખંડિત કેમ રહેશે? તેથી

ઉત્પાદરૂપ વર્તમાન, ધ્રુવરૂપ વર્તમાનમાં અહમ્ કરે તો જ આત્માનુભૂતિનો પુરૂષાર્થ સહજ સંપન્ન થઈ જાય છે. આ જ ધ્રુવરૂપ વર્તમાનને **કારણશુદ્ધપર્યાય** પણ કહે છે.

**પ્રશ્ન :** પર્યાય તો સ્વતંત્ર સત્ છે. પોતાની યોગ્યતાથી પોતાના ષટ્કારકથી સ્વયં શુધ્ધરૂપ પરિણમિત થાય છે, તેથી તેને દ્રવ્યનો આશ્રય કરવો જોઈએ કે દ્રવ્યમાં અહંપણું કરવું જોઈએ-એવું કહીને, તેને દ્રવ્યને આધીન/પરાધીન શા માટે બનાવવામાં આવે છે? તે પોતાનામાં જ પોતાનો વૈભવ જોઈને શુધ્ધ થઈ જશે?

**ઉત્તર :** દ્રવ્ય અને પર્યાય, સર્વથા ભિન્ન વસ્તુઓ નથી. પર્યાય, દ્રવ્યની જ વૃત્તિ છે, તેનું જ પરિણમન છે, તેથી દ્રવ્ય જ તેનું સ્વ છે, સ્વામી છે, અન્વય સ્વરૂપ હોવાથી તેમાં જ વ્યાપ્ત છે; માટે દ્રવ્યના અવલંબનને પરાવલંબન નહીં, પરંતુ પર્યાય દ્વારા પોતાના વાસ્તવિક સ્વરૂપનું જ અવલંબન જાણવું જોઈએ.

**પર્યાયને સ્વતંત્ર સત્ કહેવાનો ઉદ્દેશ એ છે કે તે પરપદાર્થોને લીધે ઉત્પન્ન નથી થતી. ત્રિકાળી ઉપાદાન પણ તેનું સામાન્ય કારણ છે, સમર્થ કારણ નહીં. સમર્થ કારણ તો તેની તત્સમયની યોગ્યતા જ છે.**

પર્યાય, પર-પદાર્થોનું લક્ષ્ય કરીને વિકારરૂપ પરિણમન કરે છે, પરંતુ પરનું લક્ષ્ય કરવા માત્રથી તે પરાધીન નથી થઈ જતી, તેની સ્વતંત્રતા નષ્ટ નથી થઈ જતી, કારણ કે તેણે પોતાની તત્સમયની યોગ્યતાથી પરનું લક્ષ્ય કર્યું છે, પરના કારણે નહીં. આ જ રીતે તે સ્વદ્રવ્યની શ્રદ્ધા-જ્ઞાન-લીનતા પણ ક્યારે કરે, કેટલી કરે? - આ બધાંમાં પણ તે સ્વતંત્ર છે. પરિણામી દ્રવ્યનું પરિણમન થવા છતાં પણ તે ત્રિકાળી, અપરિણામી ધ્રુવ સ્વભાવથી નિરપેક્ષ છે.

દ્રવ્ય-સ્વભાવમાં અહમ્ કરવો, તે પર્યાયનો સ્વભાવ છે. અહમ્ અને અહમ્‌નો વિષય, કથંચિત્ ભિન્ન હોવા છતાં પણ અહમ્‌ની

અનુભૂતિમાં દ્રવ્ય અને પર્યાય સંબંધી ભેદનો અથવા તેમાં સમર્પણનો વિકલ્પ જ નથી હોતો, તેથી પરાધીનતાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, પરંતુ જ્યારે અનુભૂતિની પ્રક્રિયા બતાવવામાં આવશે, ત્યારે ભેદ-કથન કરતા થકા એમ જ કહેવામાં આવશે કે પર્યાય, દ્રવ્યનું અવલંબન કરે છે. જો કે અવલંબનના સમયે પણ પર્યાય, પર્યાય રહે છે અને દ્રવ્ય, દ્રવ્ય રહે છે. તે જ તેની સ્વતંત્રતા અને નિરપેક્ષતા છે. દ્રવ્યમાં લીનતા, પર્યાયનું સ્વરૂપ છે, પરાધીનતા નથી. શુદ્ધપર્યાય, પોતાનામાં જ પોતાનો વૈભવ જુએ છે તો તે વૈભવ, તેના સ્વામી દ્રવ્યનો જ છે, કોઈ અન્યનો નહીં. તે સ્વયં તો વૃત્તિ છે, અંશ છે, તેનું સ્વરૂપ જ દ્રવ્યમાં લીન થઈને દ્રવ્યને વ્યક્ત કરવાનું છે. આ સંબંધમાં આદરણીય બાબૂ જુગલકિશોરજી 'યુગલ'નો પુસ્તકાકાર લેખ 'પૂજ્ય ગુરૂદેવશ્રી કાનજી સ્વામી અને તેમનું જીવન-દર્શન' અથવા 'સમ્યક્દર્શન અને તેનો વિષય' અવશ્ય વાંચવા યોગ્ય છે.

### 5. ઉત્પાદ-વ્યય સાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધદ્રવ્યાર્થિકનય

જે નય, ઉત્પાદ-વ્યયની સાથે ભળેલી સત્તાને ગ્રહણ કરે છે, દ્રવ્યને એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ કહે છે, **તે ઉત્પાદ-વ્યયસાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધદ્રવ્યાર્થિકનય** છે.

જો કે ઉત્પાદ-વ્યય, વસ્તુનો જ સ્વભાવ છે. તત્ત્વાર્થસૂત્રમાં દ્રવ્યનું લક્ષણ 'સત્' અને સત્ નું લક્ષણ 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય' કહેવામાં આવેલ છે, છતાંપણ એક સત્ના ત્રણ અંશ હોવાથી એ પરસ્પર કથંચિત્ ભિન્ન છે, અન્યથા ત્રણ અંશ સિધ્ધ નહીં થાય. અહીંયા ધ્રુવ અંશમાં ઉત્પાદ-વ્યયને ભેળવીને જોવામાં આવે છે, માટે ધ્રુવ અંશ કે અંશીને અશુધ્ધ જોવાને કારણે આ નયને પણ 'અશુધ્ધદ્રવ્યાર્થિકનય'ની સંજ્ઞા આપવામાં આવી છે. આ જ રીતે જ્યારે ઉત્પાદ-વ્યયને પણ ધ્રુવની સાથે જોવામાં આવશે તો પણ અશુદ્ધતા કહેવામાં આવશે, જે **સત્તાસાપેક્ષ અશુધ્ધપર્યાયાર્થિકનય**નો વિષય થશે, જેનું વર્ણન આગળ

કરવામાં આવશે.

**પ્રશ્ન : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્** - આ વાક્ય કયા નયનો વિષય બનશે?

**ઉત્તર :** ભાઈ ! નય તો જ્ઞાતા કે વક્તાના અભિપ્રાયમાં હોય છે, માત્ર વાણીમાં નહીં; તેથી કોને મુખ્ય કરવામાં આવી રહ્યો છે અને કોને ગૌણ - આ આધાર ઉપર આ કથન પણ પ્રમાણ કે વિવક્ષિત નયનું માનવામાં આવશે.

જો આપણે અભેદ સત્ અને તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ-આ ભેદોને વગર મુખ્ય-ગૌણ કર્યા વગર કહેવા જશું તો ઉક્ત કથન પ્રમાણનું થશે તથા જો ઉત્પાદ-વ્યય સહિત ધ્રુવ કે સત્તાનું કથન કરવા ઈચ્છશું તો આ કથન, ઉત્પાદ-વ્યય સાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધદ્રવ્યાર્થિકનયનું થશે, જો ઉત્પાદ-વ્યય-ધ્રુવના ભેદસહિત સત્ ને મુખ્ય કરવામાં આવશે તો આ ભેદ-કલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનું કથન માનવામાં આવશે.

### 6. ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય

જે નય, દ્રવ્યમાં ગુણ-ગુણી આદિના ભેદ કરીને, તેની સાથે સંબંધ કરાવે છે, તે ભેદ-કલ્પનાથી સહિત હોવાથી **ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય છે** અર્થાત્ અખંડ સત્ ને ગુણ-ગુણી, ધર્મ-ધર્મી આદિના ભેદસહિત જોવાવાળું જ્ઞાન, **ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય** છે.

આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો કહેવો કે ઉપયોગ લક્ષણવાળો કહેવો-આ બધાં પ્રયોગ, ભેદકલ્પનાસાપેક્ષ અશુધ્ધ-દ્રવ્યાર્થિકનયના છે. સમયસાર, ગાથા ૭માં આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ કહેવા તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય પણ શુદ્ધદ્રવ્યાર્થિકનયની સામે વ્યવહાર થઈ જાય

છે, કારણ કે તેના વિષયનું આલંબન છોડવું છે.

*આત્માને કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદકલ્પનાસાપેક્ષ જોવો, અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય કહીને, તેને જ્ઞાનમાં ગૌણ કરીને તેનાથી દ્રષ્ટિ હટાવીને, કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદ-કલ્પના-આ ત્રણેયથી નિરપેક્ષ દ્રવ્યને મુખ્ય કરીને આમાં જ અહમ્‌પણું સ્થાપિત કરવું સમ્યક્‌દર્શન છે.*

*આ રીતે છયે નય, અસ્તિ અને નાસ્તિથી દ્રષ્ટિના વિષયને સ્પષ્ટ કરે છે અર્થાત્ કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદકલ્પના દ્રષ્ટિનો વિષય નથી અથવા આ ત્રણેય દ્રષ્ટિના વિષયમાં નથી, તે તો ચાર ભાવોથી રહિત પરમપારિણામિકભાવસ્વરૂપ, ધ્રુવ અને અભેદ છે.*

જિનાગમમાં દ્રષ્ટિના વિષયને સ્પષ્ટ કરવા માટે તેના કારણ-પરમાત્મા, કારણસમયસાર, શુદ્ધ ચિદ્રુપ, પરમાનંદસ્વરૂપ, અભેદ, નિત્ય, એક, અખંડ, સામાન્ય, જ્ઞાયકભાવ આદિ અનેક વિશેષણ કહેવામાં આવ્યા છે. ખરેખર તો અનુભૂતિમાં આ વિશેષણો સંબંધી વિકલ્પ પણ નથી હોતા, માત્ર ચિન્માત્રસ્વરૂપનું વેદન હોય છે.

**પ્રશ્ન** : કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદકલ્પના, વસ્તુના પર્યાયાંશમાં હોય છે, દ્રવ્યાંશમાં નહીં, તેથી એને વિષય બનાવવાવાળો નય પર્યાયાર્થિક હોવો જોઈએ, તેને દ્રવ્યાર્થિકનયોના ભેદોમાં સમાવિષ્ટ શા માટે કરવામાં આવ્યો છે?

**ઉત્તર** : જો કે ઉક્ત વિશેષણો પર્યાયગત છે, છતાંપણ અહીં પર્યાયને મુખ્ય કરવામાં નથી આવી. અહીં તો ઉક્ત ત્રણે વિશેષણોવાળા દ્રવ્યને મુખ્ય કરવામાં આવ્યું છે. જેમ કે, સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાયાર્થિકનયના વિષય છે, પરંતુ જ્યારે મુનિરાજની વાત કરીએ તો તેઓનો આત્મા, રત્નત્રયથી વિભૂષિત જોવામાં આવે છે અને અહીં રત્નત્રય-પર્યાય નહીં, પરંતુ રત્નત્રયયુક્ત આત્માને મુખ્ય કરવામાં આવે છે. સુંદર આભૂષણોની ચર્ચા કરવી અલગ વાત છે અને આભૂષણ

પહેરેલી મહિલાની સુંદરતાની ચર્ચા કરવી અલગ વાત છે. આ જ રીતે માત્ર પર્યાયોની ચર્ચા કરવી અલગ વાત છે અને પર્યાય-સાપેક્ષ કે પર્યાય-નિરપેક્ષ, દ્રવ્યની ચર્ચા કરવી અલગ વાત છે.

દ્રવ્યસ્વભાવને હજી વધારે ઉંડાણથી સ્પષ્ટ કરવાના ઉદ્દેશથી ઉક્ત છ એ નયો સિવાય અન્ય ચાર નય વિશેષ કહેવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે –

7. **અન્વય દ્રવ્યાર્થિકનય** : જે નય, સમસ્ત સ્વભાવોમાં આ દ્રવ્ય છે-આ રીતે અન્વયરૂપથી દ્રવ્યની સ્થાપના કરે છે, **તે અન્વય દ્રવ્યાર્થિકનય** છે.

શ્રી પ્રવચનસાર, ગાથા ૮૦ની ટીકામાં અર્હંત ભગવાનને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણવાના પ્રસંગમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ અત્યંત સંક્ષેપમાં સ્પષ્ટ કરતાં થકા કહેવામાં આવેલ છે કે **અન્વય તે દ્રવ્ય છે, અન્વયના વિશેષણ, ગુણ છે અને અન્વયના વ્યતિરેક, પર્યાય છે**. ત્યાં સફેદ મોતીઓના હારમાં વ્યાપ્ત દોરાના ઉદાહરણથી **અન્વયસ્વરૂપ** દ્રવ્યાંશનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

આત્મામાં અનંત સ્વભાવ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત ગુણ, જીવત્વ, ચિત્તિ આદિ અનંત શક્તિઓ અને અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ અનંત ધર્મ – આ બધાં આત્માના સ્વભાવ અર્થાત્ સ્વયંના ભાવ છે. આ બધાં સ્વભાવોમાં આત્મા જ વ્યાપ્ત છે, વિદ્યમાન છે, વ્યાપક છે; અન્યથા એ આત્માનો સ્વભાવ શી રીતે કહી શકાશે? જેમાં જે વ્યાપ્ત હોય, તે તેનું જ કહેવામાં આવે છે, પીળાપણામાં જો સોનું વ્યાપ્ત હોય તો તે સોનાનો ગુણ કહેવામાં આવશે અને જો પીતળ વ્યાપ્ત હશે તો તે પીતળનો ગુણ કહેવામાં આવશે.

અનંત સ્વભાવોમાં દ્રવ્યની આ વ્યાપકતા જ અન્વય કહેવાય છે. આ અન્વયપણું દ્રવ્યનું જ સ્વરૂપ છે, તેથી દ્રવ્યને તેના અન્વય સ્વરૂપમાં જોવું જ **અન્વય દ્રવ્યાર્થિકનય** છે.

આત્માને જ્ઞાનાનંદસ્વભાવી કહેવો પણ અન્વય દ્રવ્યાર્થિકનયનો પ્રયોગ કહી શકાય છે, કારણ કે આ કથનમાં માત્ર જ્ઞાન અને આનંદ સ્વભાવની મુખ્યતા નથી, પરંતુ જ્ઞાન, આનંદ આદિ અનંત સ્વભાવોમાં વ્યાપ્ત આત્માને જ જ્ઞાન અને આનંદની સાપેક્ષતાથી બતાવવામાં આવી રહ્યો છે.

આ રીતે અનંત સ્વભાવોમાં વિદ્યમાન અખંડ અભેદ વસ્તુને તેના કોઈ એક કે એકાધિક સ્વભાવો દ્વારા જાણવાવાળો નય અન્વય દ્રવ્યાર્થિકનય છે, કારણ કે અનંત સ્વભાવોનું કથન અશક્ય હોવાથી તેના એકાધિક સ્વભાવોના કથન દ્વારા અનંત સ્વભાવોમાં વ્યાપ્ત આત્માને ગ્રહણ કરવો આ નયનું કામ છે.

શ્રુતભવનદીપક નયચક્ર, દ્વિતીય અધ્યાય, શ્લોક ૯, પાના નં. ૪૪ ઉપર આ નયના અંતર્ગત સ્વભાવોના સ્થાન પર પર્યાયો (વ્યતિરેક)માં અન્વય કરવાનો નિર્દેશ કર્યો છે. તેઓ લખે છે –

**યઃ પર્યાયાદિવાન્ દ્રવ્યં બ્રૂતે ત્વન્વયરુપતઃ**
**દ્રવ્યાર્થિકઃ સોડન્વયાખ્યઃ પ્રોચ્યતે નયવેદિભિઃ (૯)**

અર્થાત્ જે નય, પર્યાય આદિના અન્વય જોઈને, તેને દ્રવ્ય કહે છે, તેને નયોના વેત્તાઓ દ્વારા **અન્વય દ્રવ્યાર્થિકનય** કહેવામાં આવેલ છે.

આ જ કારણ છે કે પ્રવચનસાર, ગાથા ૮૦ની ટીકામાં પર્યાયોને અન્વયના વ્યતિરેક કહીને, તેના અન્વય કરવાની વાત કહેવામાં આવી છે. અન્વયને બે રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે– તિર્યક્સામાન્ય તથા ઉર્ધ્વતાસામાન્ય. તિર્યક્સામાન્ય, જ્યાં ગુણો તથા પ્રદેશોના અન્વય સ્વરૂપ છે, ત્યાં જ ઉર્ધ્વતાસામાન્ય, પર્યાયોના અન્વય સ્વરૂપ છે.

**8. સ્વ-દ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય :** જે નય, સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવમાં સત્ દ્રવ્ય (અસ્તિત્વ) ને ગ્રહણ કરે છે, તે

**સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય** છે.

આચાર્ય સમંતભદ્રએ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પ્રત્યેક પદાર્થને સત્ કહીને આ જ નયનો પ્રયોગ કર્યો છે. પ્રત્યેક પદાર્થ, પોતાના સ્વ-ચતુષ્ટયમાં જ વિદ્યમાન રહે છે, તેમાં જ તેની સત્તા છે, અસ્તિત્વ છે, તે જ તેનું સ્વરૂપ છે.

સ્વ-ચતુષ્ટયમાં વિદ્યમાન સત્તાની મુખ્યતાથી જ **સત્ દ્રવ્યલક્ષણમ્** કહીને આ નયનો પ્રયોગ કરવામાં આવ્યો છે. સપ્તભંગમાં પ્રથમ ભંગ **સ્યાદ્ અસ્તિત્વ અથવા સ્યાદ્ અસ્તિધર્મ** આદિના રૂપમાં પણ આ 'સત્' ધર્મ જ કહેવામાં આવે છે.

ધ્યાન રહે, અહીંયા પદાર્થના અસ્તિત્વરૂપ 'સત્' ધર્મની વાત છે, ધર્મના દશલક્ષણોમાં સમાગત **ઉત્તમ સત્ય ધર્મ** ની નહીં. એ વાત જરૂર છે કે સ્વ-ચતુષ્ટયરૂપ ધર્મ, વસ્તુના સ્વભાવરૂપ પારિણામિકભાવ છે અને ઉત્તમ સત્ય ધર્મ આ જ સ્વરૂપ-સત્‌ની અનુભૂતિ લક્ષણ ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ છે.

સ્વરૂપ-ચતુષ્ટયમાં સમાગત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વિસ્તૃત ચર્ચા, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, અધ્યાય ૧૨માં કરવામાં આવી છે.

9. **પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય** : જે નય પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ અસત્ દ્રવ્ય (નાસ્તિત્વ) ને ગ્રહણ કરે છે, તે **પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય** છે.

જો કે આ નયનું નામ પર-દ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવામાં આવ્યું છે, જેથી એવું લાગી શકે છે કે આ નય, સ્વથી ભિન્ન પરદ્રવ્યોના અસ્તિત્વને બતાવવાવાળો છે, પરંતુ આની વ્યાખ્યાથી સ્પષ્ટ છે કે આ પરદ્રવ્યોને નહીં, પરંતુ સ્વદ્રવ્યમાં ત્રિકાળ વિદ્યમાન અસ્તિત્વ ધર્મની જેમ પરદ્રવ્યોના નાસ્તિત્વરૂપ ત્રિકાળ વિદ્યમાન ધર્મનું જ્ઞાન કરાવે

છે, પરની અપેક્ષાએ તો માત્ર આને સમજવા માટે કહેલ છે, તેથી આને પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનય પણ કહી શકાય છે.

જૈનદર્શનના અનેકાંત સિધ્ધાંતમાં જ આ સાહસ છે કે તે એક જ વસ્તુને સત્ અને અસત્રૂપ ઘોષિત કરે છે. અપેક્ષાઓ ભિન્ન-ભિન્ન હોવાથી આ પરસ્પર વિરોધી ધર્મ, વસ્તુમાં અવિરોધરૂપથી એકસાથે રહે છે.

આચાર્ય સમંતભદ્ર, આ વિરોધી ધર્મોની અપેક્ષાઓ સ્પષ્ટ કરતા થકા એને સ્વીકાર ન કરવાવાળાઓને સર્વથા એકાંતવાદી ઘોષિત કરતાં થકા આત્મમીમાંસામાં લખે છે -

**સદેવ સર્વ કો નેચ્છેત્, સ્વરૂપાદિચતુષ્ટયાત્,**
**અસદેવ વિપર્યાસાન્ન ચેન્ન વ્યવતિષ્ઠતે.**

અર્થાત્ સર્વ વસ્તુઓને સ્વરૂપ-ચતુષ્ટયની અપેક્ષાએ 'સત્' કોણ સ્વીકાર નહીં કરે તથા વિપરીતમાં પર-ચતુષ્ટયની અપેક્ષાએ તેને જ 'અસત્' કોણ સ્વીકાર નહીં કરે. જો એવું ન માનવામાં આવત તો વસ્તુ-વ્યવસ્થા કાંઈપણ નહીં બની શકે.

આ જ સત્-અસત્ ધર્મને જ અસ્તિ-નાસ્તિ ધર્મ કહીને, અસ્તિ-નાસ્તિને ધર્મ-યુગલ કહેવામાં આવે છે તથા સપ્તભંગીમાં આ ધર્મ-યુગલ સંબંધી સાત ભંગોની ચર્ચા કરવામાં આવે છે, જેમાં બીજો ભંગ અથવા ધર્મ 'સ્યાત્ નાસ્તિ' આ જ પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયનો વિષય બને છે. જે રીતે સપ્તભંગીમાં પ્રથમ બે ભંગ, ઉક્ત 'સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય' તથા 'પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય' પર આશ્રિત છે, તે જ રીતે જો કે શેષ પાંચ ભંગોને વિષય બનાવવાવાળા નયોના આધાર પર પણ દ્રવ્યાર્થિકનયના ભેદ કહી શકાય છે, છતાંય અહીંયા સંક્ષિપ્ત શૈલીમાં દ્રવ્યનું સ્વરૂપ અસ્તિત્વ અને નાસ્તિત્વધર્મ દ્વારા જ સ્પષ્ટ કર્યું છે, તેથી માત્ર આ બે ધર્મોના

ગ્રાહક નયોનો જ ઉલ્લેખ કર્યો છે. શેષ પાંચ બોલોની ચર્ચા સપ્તભંગીમાં કરવામાં આવી છે.

બૃહદનયચક્રમાં દ્રવ્યના અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવને આ રીતે સ્પષ્ટ કરવામાં આવેલ છે -

**અસ્તિસ્વભાવં દ્રવ્યં, સદ્દ્રવ્યાદિષુ ગ્રાહકનયેન,**
**તદપિ ચ નાસ્તિસ્વભાવં, પરદ્રવ્યાદિગ્રાહકેણ.**

અર્થાત્ સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય, અસ્તિ-સ્વભાવવાળું છે તથા પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી નાસ્તિ-સ્વભાવવાળું છે.

આ સત્-અસત્, ભાવ-અભાવ કે અસ્તિ-નાસ્તિ પ્રત્યેક દ્રવ્યના સ્વભાવ, ધર્મ અથવા શક્તિઓ છે. જો કે આને ગુણ ન કહીને ધર્મ અથવા સ્વભાવ કહેવાની પરંપરા છે, છતાંય સામાન્ય ગુણોમાં બધાંથી પહેલા અસ્તિત્વ ગુણની જ ચર્ચા આવે છે. ઉંડાણથી વિચાર કરવામાં આવે તો છ સામાન્ય ગુણ, વસ્તુના ધર્મ કે સ્વભાવ છે તથા આ રૂપોમાં પદાર્થનું હોવું, એ જ તેમનું પરિણમન છે-એવું પ્રતીત થાય છે. જ્ઞાન-દર્શનાદિ અથવા તેમનું રૂપ-રસાદિ વિશેષ ગુણોની જેમ આમાં વિવિધ ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થાઓ ધ્યાનમાં નથી આવતી. જો કે સામાન્ય ગુણોમાં સ્વભાવ-વિભાવ અથવા શુધ્ધ-અશુધ્ધરૂપ પરિણમન નથી થતું-આ જ કારણ છે કે એમને વિષય બનાવવાવાળા સ્વદ્રવ્યાદિગ્રાહક અથવા પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયોના શુધ્ધ-અશુધ્ધ ભેદ નથી કરવામાં આવ્યા.

ગુણ, ધર્મ, શક્તિ કે સ્વભાવના સંબંધમાં વિશેષ ચર્ચા, આ જ અધ્યાયમાં આગળ કરવામાં આવી છે.

આલાપપધ્ધતિ, પાના નં. ૨૨૦ ઉપર અસ્તિત્વ અને નાસ્તિત્વને આ પ્રકારે પરિભાષિત કરવામાં આવેલ છે -

**સ્વભાવના લાભથી ચ્યુત નહીં થવાથી દ્રવ્ય, અસ્તિ-સ્વભાવવાળું છે તથા પરસ્વરૂપ નહીં હોવાથી નાસ્તિસ્વભાવવાળું છે.**

આ નાસ્તિત્વ ધર્મ પણ પ્રત્યેક વસ્તુમાં અસ્તિરૂપથી વિદ્યમાન છે, પરંતુ એનો સ્વભાવ કે કાર્ય, વસ્તુને તેનાથી ભિન્ન, અન્ય વસ્તુરૂપ ન થવા દેવાનો છે અર્થાત્ વસ્તુના પર-પ્રવેશને પૂર્ણપણે પ્રતિબંધિત કરવાનો છે, માટે આનું નામ નાસ્તિત્વ ધર્મ સાર્થક છે. આનું સ્વરૂપ કોઈપણ રાષ્ટ્રના વિદેશમંત્રી જેવું છે, જે અન્ય મંત્રીઓની જેમ તે જ દેશના નાગરિક હોવા છતાં પણ વિદેશ-સંબંધી પ્રકરણોને જુએ છે, માટે તે પૂર્ણપણે સ્વદેશી હોવા છતાં પણ વિદેશમંત્રી કહેવાય છે.

વિદેશમંત્રીની જેમ નાસ્તિત્વ નામ હોવાની સાથે-સાથે એનું કાર્ય રક્ષામંત્રી જેવું પણ છે. જે રીતે ગૃહ-મંત્રાલય દેશની કાનુની વ્યવસ્થા કાયમ રાખીને, આંતરીક સુરક્ષાને સુનિશ્ચિત કરે છે અને રક્ષા-મંત્રાલય કોઈ બીજા રાષ્ટ્રને પોતાની અંદર પ્રવેશ નથી કરવા દેતું, તે જ રીતે અસ્તિત્વ ધર્મ, વસ્તુને સ્વ-ચતુષ્ટયમાં સુરક્ષિત રાખે અને નાસ્તિત્વ ધર્મ, વસ્તુને પર-ચતુષ્ટયમાં પ્રવેશથી બચાવીને તેની સુરક્ષા કરે છે.

**પર-પ્રવેશનો નિષેધક આ નાસ્તિત્વ ધર્મ જ એક વસ્તુનો બીજી વસ્તુમાં અત્યંત અભાવ બતાવે છે.**

અહીંયા એ વાત વિચારવા લાયક છે કે આત્માની શરીરાદિમાં નાસ્તિને આત્માનું નાસ્તિત્વ માનવામાં આવે અથવા શરીરાદિની આત્મામાં નાસ્તિને આત્માનો નાસ્તિત્વ ધર્મ કહેવામાં આવે? ખરેખર તો બંનેની જ એકબીજામાં નાસ્તિ છે, અત્યંત અભાવ છે, પરંતુ એક વસ્તુનું બીજી વસ્તુમાં ન હોવું જ તેનું ન + અસ્તિત્વ છે, તેથી આત્મામાં શરીરનું ન હોવું, શરીરનું નાસ્તિત્વ છે, જે શરીરને આત્મરૂપ નથી થવા દેતું અને શરીરમાં આત્માનું ન હોવું, આત્માનો નાસ્તિધર્મ છે, જે આત્માને શરીરરૂપ નથી થવા દેતો. આ રીતે બંને દ્રવ્યોના નાસ્તિત્વ

ધર્મ પોત-પોતાના દ્રવ્યને અન્ય દ્રવ્યરૂપ ન થવા દેતાં તેને સુરક્ષિત રાખે છે.

નાસ્તિત્વધર્મનું સ્વરૂપ સમજવામાં પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા આવે છે, માટે તેને જાણવાવાળા જ્ઞાનને પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે.

**10. પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય**

**જે નય, શુધ્ધ, અશુધ્ધ અને ઉપચરિત સ્વભાવથી રહિત દ્રવ્યસ્વભાવ (પરમ સ્વભાવ) ને ગ્રહણ કરે છે, તે પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય છે. સિધ્ધિની કામના રાખવાવાળાઓએ તેને સારી રીતે જાણવો જોઈએ.**

આલાપ-પધ્ધતિ, પાના નં. ૨૧૩ ઉપર આત્માના ૧૧ સામાન્ય સ્વભાવ અને ૧૦ વિશેષ સ્વભાવ બતાવવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે -

**(૧) અસ્તિસ્વભાવ (૨) નાસ્તિસ્વભાવ (૩) નિત્યસ્વભાવ (૪) અનિત્યસ્વભાવ (૫) એકસ્વભાવ (૬) અનેકસ્વભાવ (૭) ભેદસ્વભાવ (૮) અભેદસ્વભાવ (૯) ભવ્યસ્વભાવ (૧૦) અભવ્યસ્વભાવ અને (૧૧) પરમસ્વભાવ - આ ૧૧ સામાન્ય સ્વભાવ છે.**

(૧) ચેતનસ્વભાવ, (૨) અચેતનસ્વભાવ, (૩) મૂર્તસ્વભાવ, (૪) અમૂર્તસ્વભાવ, (૫) એકપ્રદેશસ્વભાવ, (૬) અનેકપ્રદેશસ્વભાવ, (૭) વિભાવસ્વભાવ, (૮) શુધ્ધ સ્વભાવ, (૯) અશુધ્ધસ્વભાવ અને (૧૦) ઉપચરિત સ્વભાવ - આ દસ વિશેષ સ્વભાવ છે.

ઉપરોક્ત ૧૧ સામાન્ય સ્વભાવોમાં અંતિમ **પરમસ્વભાવ** જ આ પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનયનો વિષય છે, જેને વિશેષ સ્વભાવોમાં સમાગત શુધ્ધ, અશુધ્ધ અને ઉપચરિતસ્વભાવથી રહિત

પરિભાષિત કરવામાં આવેલ છે.

આલાપપધ્ધતિ, પાના નં. ૨૨૪ ઉપર શુધ્ધ, અશુધ્ધ અને ઉપચરિતસ્વભાવને ગ્રહણ કરવાવાળા નયોને આ રીતે સ્પષ્ટ કર્યા છે -

**શુધ્ધદ્રવ્યાર્થિકનયથી શુધ્ધ સ્વભાવ છે, અશુધ્ધદ્રવ્યાર્થિકનયથી અશુધ્ધસ્વભાવ છે અને અસદ્ભૂતવ્યવહારનયથી ઉપચરિતસ્વભાવ છે.**

ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે આ પરમસ્વભાવ, શુધ્ધ અને અશુધ્ધના ભેદથી પણ રહિત કહેવામાં આવ્યો છે, જેને અન્યત્ર પ્રમત્ત અને અપ્રમત્ત ભાવોથી રહિત અથવા ચાર ભાવોથી ભિન્ન કહેવામાં આવ્યો છે. આ પરમભાવને જાણવાવાળો આ નય કહેવામાં આવ્યો છે. આત્મામાં શુધ્ધતા છે કે નથી? અથવા અશુધ્ધતા છે કે નથી? તથા તેનો અન્ય વસ્તુઓથી સંબંધ છે કે નથી? - આ બધાં પ્રશ્નોના ઉત્તર આપવાવાળો શુધ્ધદ્રવ્યાર્થિકનય, અશુધ્ધદ્રવ્યાર્થિકનય તથા અસદ્ભૂતવ્યવહારનય છે, પરંતુ આ નય તો પોતાના વિષયમાં આવા પ્રશ્નો જ ઉભા નથી થવા દેતો. આ તો આ બધાં વિકલ્પોને વિલીન કરતો થકો નિર્વિકલ્પ, અખંડ, ચિન્માત્ર, વસ્તુને ગ્રહણ કરે છે.

આચાર્યદેવ કહે છે કે હવે પ્રશ્નોત્તરની ભૂમિકાથી પણ ઉપર ઉઠીને નિર્વિકલ્પ વસ્તુ માત્રનું નિર્વિકલ્પ આસ્વાદન કરો...! માટે તેઓએ, **સિધ્ધિના ઈચ્છુકો દ્વારા આ જાણવા યોગ્ય છે**-એવું કહીને આની મહિમા પ્રગટ કરી છે.

સંયોગ તથા સાપેક્ષતા-નિરપેક્ષતાના વિકલ્પોથી પાર આ પરમભાવ જ પરમપારિણામિકભાવરૂપ દ્રવ્યસ્વભાવ છે. આની પ્રાપ્તિને જ નિર્વાણ નિરૂપિત કરતાં થકા દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા-૪૧૩ માં કહ્યું છે - **જિનશાસનમાં આ પરમપરિણામિકભાવ ને જ પરમપદ અને સારભૂત કહેવામાં આવેલ છે, આ જ અવિનાશી તત્ત્વ છે, આના લાભ ને જ નિર્વાણ કહે છે.**

આને જાણવાની અનિવાર્યતા સ્પષ્ટ કરતાં થકા ગાથા ૩૭૪માં કહે છે - **જ્યાં સુધી જીવનું, પોતાના આ પરમસ્વભાવમાં શ્રધ્ધાન, જ્ઞાન અને આચરણ નથી; ત્યાં સુધી તે મૂઢ, અજ્ઞાની, સંસાર-સમુદ્રમાં ભટકે છે.**

**પ્રશ્ન :** જો આ પરમભાવ જ શ્રદ્ધેય, જ્ઞેય અને ધ્યેય છે તો શું શુધ્ધદ્રવ્યાર્થિકનયના વિષયભૂત કર્મોપાધિરહિત, ઉત્પાદ-વ્યયરહિત અને ભેદ-કલ્પનાનિરપેક્ષ દ્રવ્ય આશ્રયભૂત નથી? આ ત્રણ નયોનું વર્ણન કરતા સમયે તો એના વિષયભૂત દ્રવ્યને આશ્રય કરવા યોગ્ય કહ્યા હતાં?

**ઉત્તર :** જે પરમભાવ છે, તે કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય અને ભેદકલ્પનાથી ભિન્ન જ છે, પરંતુ તેઓ તેમાં છે કે નથી?-એવા વિકલ્પોથી પણ અથવા દ્રવ્ય-સ્વભાવના અન્ય વિશેષણો સંબંધી વિકલ્પોથી આત્માનુભૂતિ નથી થતી, માટે તે 'છે' કે 'નથી'ના વિકલ્પોથી પાર શુધ્ધ ચૈતન્યઘનને પરમભાવ કહીને, તેને પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો છે. નયના ભેદ હોવા છતાં પણ આને પક્ષાતિક્રાંત પણ કહી શકાય છે.

આચાર્ય જયસેન, આ જ પરમભાવને શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયને નિરૂપિત કરતા થકા સમયસાર, ગાથા ૩૨૦ની ટીકામાં કહે છે -

**ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિકભાવ તો પર્યાયરૂપ છે, એક શુદ્ધ (પરમ) પારિણામિકભાવ જ દ્રવ્યરૂપ છે. પદાર્થ, પરસ્પર સાપેક્ષ દ્રવ્ય-પર્યાયરૂપ છે. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ- આ ત્રણ પારિણામિક ભાવોમાં શુદ્ધ જીવત્વશક્તિ લક્ષણવાળો (પરમ) પારિણામિકભાવ, શુધ્ધ (પરમભાવગ્રાહક) દ્રવ્યાર્થિકનયના આશ્રિત હોવાથી નિરાવરણ છે તથા શુદ્ધ (પરમ) પારિણામિકભાવના નામથી જાણવામાં આવે છે. તે બંધ-મોક્ષરૂપ પર્યાયથી રહિત છે.**

પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયને જ નિશ્ચય-વ્યવહારના પ્રકરણમાં પરમશુદ્ધનિશ્ચયનયનો વિષય કહ્યો છે, તેથી આ પરમશુદ્ધનિશ્ચયનય તથા પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય નયાધિરાજ છે.

ભલે નિશ્ચય-વ્યવહારનયોનું પ્રકરણ હોય કે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયોનું પ્રકરણ હોય, પ્રયોજન તો દ્રવ્ય-પર્યાયાત્મક સ્વ-જ્ઞેયને જાણીને, પરમ ઉપાદેયભૂત શુદ્ધાત્મતત્ત્વનું અવલંબન કરીને, સાદિ-અનંત-શાશ્વત સિદ્ધદશા પ્રગટ કરવાનું જ છે.

**શું અન્વયાદિ ચાર નયોની શુદ્ધ/અશુદ્ધ સંજ્ઞા સંભવ છે ?**

અહીંયા ત્રણ પ્રકારના શુદ્ધ તથા ત્રણ પ્રકારના અશુદ્ધ-દ્રવ્યાર્થિકનય તથા અન્વયાદિ ચાર દ્રવ્યાર્થિકનયોનું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. જો કે અન્વયાદિ ચાર દ્રવ્યાર્થિકનયોનો શુદ્ધતા અને અશુદ્ધતાથી કોઈ સંબંધ નથી, છતાં પણ શ્રી જિનેન્દ્ર વર્ણીજીએ અન્વય દ્રવ્યાર્થિકનય તથા પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયને અશુદ્ધ તથા સ્વદ્રવ્યાદિગ્રાહક તથા પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનયને શુદ્ધના ભેદોમાં સમાવિષ્ટ કરીને પાંચ શુદ્ધદ્રવ્યાર્થિકનય તથા પાંચ અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહ્યા છે.[1]

વર્ણીજીએ ઉક્ત ચારેય નયોને શુદ્ધ-અશુદ્ધ સંજ્ઞા આપીને તેનું નામકરણ પણ આ રીતે કરેલ છે -

૧. સ્વદ્રવ્યાદિચતુષ્ટયગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય.

૨. પરદ્રવ્યાદિચતુષ્ટયવિચ્છેદક અશુદ્ધદ્રવ્યાર્થિકનય.

૩. પરમપારિણામિકભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય.

૪. ગુણ તથા ત્રિકાળવર્તી પર્યાયોમાં અનુગત પિંડ અન્વય નામવાળો અશુદ્ધદ્રવ્યાર્થિકનય.

---

૧. નય-દર્પણ, પાના નં. ૩૬૬-૩૬૮

આ ચાર નયોમાં કર્મોપાધિ, ઉત્પાદ-વ્યય તથા ભેદકલ્પનાથી નિરપેક્ષતા અથવા સાપેક્ષતાનો કોઈ પ્રસંગ નથી, તેથી નયચક્રોમાં તેને શુદ્ધ કે અશુદ્ધ નથી કહ્યા. પરમભાવપ્રકાશક નયચક્ર, પાના નં. ૨૧૮-૨૧૯ ઉપર ડૉ. હુકમચંદ ભારિલ્લે આ પ્રકરણ ઉપર વિશેષ પ્રકાશ નાખ્યો છે.

શ્રી જિનેન્દ્ર વર્ણી જેવા ગહન ચિંતક વિદ્વાનની, આ ચાર નયોને બે યુગલમાં શુદ્ધ-અશુદ્ધ કહેવાની અપેક્ષા આ પ્રકારે હોઈ શકે છે -

1. **અન્વય દ્રવ્યાર્થિકનય** : ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત અન્વયરૂપ દ્રવ્ય, આ નયનો વિષય છે. ગુણ અને પર્યાયો, વિશેષણરૂપ અને વ્યતિરેકરૂપ હોવાથી અન્વયથી કથંચિત્ ભિન્ન છે, તેથી અન્વયને તેનાથી ભિન્ન અંશોની સાપેક્ષતાથી જોવો, તે જ અશુદ્ધતા છે. ઉત્પાદ-વ્યયથી સાપેક્ષતાને અશુદ્ધ કહેવાની જેમ આને પણ અશુદ્ધ કહેવું અયોગ્ય નથી.

2. **સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય** : આ નય, દ્રવ્યાંશને તેના સ્વચતુષ્ટયમાં વ્યાપ્ત જુએ છે, કારણ કે સ્વચતુષ્ટય જ વસ્તુનું નિજ વાસ્તવિક સ્વરૂપ છે, તેથી આને શુદ્ધ દ્રવ્યાર્થિકનયના ભેદોમાં સમાવિષ્ટ કરવો અયોગ્ય નથી લાગતું.

3. **પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય** : આ નય, વસ્તુનું તેનાથી ભિન્ન પદાર્થોની અપેક્ષાએ નાસ્તિત્વ જુએ છે, આમાં પણ પર-પદાર્થોની અપેક્ષા આવી જાય છે, વસ્તુનું સ્વરૂપ દર્શાવતા સમયે કોઈપણ પ્રકારથી પર-પદાર્થનો આશ્રય લેવો, દ્રષ્ટિની અશુદ્ધતા છે, તેથી આને અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવો અયોગ્ય નથી લાગતું.

4. **પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય** : વસ્તુનું ત્રૈકાલીક અખંડ દ્રવ્ય, શુદ્ધ-અશુદ્ધની કલ્પનાથી રહિત ત્રિકાળ શુદ્ધ છે, એ જ પરમભાવ છે, તેથી ત્રિકાલીક શુદ્ધતાની અપેક્ષાથી આને ગ્રહણ કરવાવાળા નયને શુદ્ધદ્રવ્યાર્થિક કહેવો પણ અયોગ્ય નથી લાગતું.

*આ ચાર નયોને શુદ્ધ/અશુદ્ધ કહેવા કે નહીં - આ વાત ઉપર ભિન્ન-ભિન્ન દ્રષ્ટિકોણ હોઈ શકે છે, પરંતુ આ વાત તો સર્વસામાન્ય છે કે આ નય, વસ્તુના દ્રવ્યાંશને વધારે ઉંડાઈથી સ્પષ્ટ કરે છે, જેને સમજવાથી તેનું અવલંબન લઈને સ્વાનુભૂતિ-સુધાનું પાન કરવામાં સરળતા થઈ જાય છે.*

**પ્રશ્ન** : અસ્તિ-નાસ્તિ સ્વભાવની ચર્ચા કરતા સમયે સંકેત કરવામાં આવ્યો હતો કે ગુણ, શક્તિ, સ્વભાવ અને ધર્મની ચર્ચા આ પ્રકરણના અંતમાં કરીશું, કૃપા કરી આ સંબંધમાં કાંઈ સ્પષ્ટીકરણ આપશો.

**ઉત્તર** : દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ પદાર્થમાં જે ભાવ છે, તે જ વસ્તુનો સ્વ-ભાવ છે. આ સ્વભાવ જ ગુણ, શક્તિ કે ધર્મરૂપ હોય છે, તેથી આ ત્રણેય વસ્તુના **સ્વભાવ** છે.

જો કે **વત્થુ સહાવો ધમ્મો** આ સૂત્ર પ્રમાણે ગુણ, શક્તિ, સ્વભાવ આદિ બધાંને ધર્મની સંજ્ઞા આપી શકાય છે, છતાંય જ્યારે ગુણ અને ધર્મની ચર્ચા કરીએ છીએ તો ગુણોનો ઉદ્દેશ અસ્તિત્વાદિ સામાન્ય ગુણ તથા ચેતન/અચેતન આદિ વિશેષ ગુણોથી અને ધર્મનો ઉદ્દેશ અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરૂદ્ધ સ્વભાવી ધર્મોથી હોય છે. ગુણોની જેમ આ ધર્મયુગલ પણ અનંત હોય છે. ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો આમાં નીચે પ્રમાણેનાં તફાવત સ્પષ્ટપણે જણાય છે -

**1. ગુણોની પર્યાયો હોય છે, ધર્મોની નહીં -**

ગુણોમાં ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન થાય છે, તેથી પ્રતિસમય નવી-નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જેને પર્યાય કહે છે. ધર્મોમાં ગુણોની જેમ ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થા નથી જોવામાં આવતી, તેઓ વસ્તુમાં સાપેક્ષ યોગ્યતારૂપ હોય છે.

**2. ગુણ, પરસ્પર વિરોધી નથી હોતા, જ્યારે ધર્મ પરસ્પર વિરોધી**

**જોવામાં આવે છે -**

ગુણોના સ્વરૂપમાં પરસ્પર વિરોધ નથી હોતો. જ્ઞાન-દર્શન-વીર્યાદિ ગુણોનું સ્વરૂપ પરસ્પર ભિન્ન તો છે, પરંતુ વિરોધી નથી, જ્યારે અસ્તિ-નાસ્તિ, નિત્ય-અનિત્ય આદિ ધર્મોમાં પરસ્પર ભિન્નતા તો છે જ, તેમના સ્વરૂપમાં પરસ્પર વિરોધ પણ પ્રતીત થાય છે.

**3. ગુણ, નિરપેક્ષ હોય છે અને ધર્મ, સાપેક્ષ હોય છે -**

નિરપેક્ષતાનો ઉદ્દેશ એ છે કે ગુણ, દ્રવ્યના સ્વભાવરૂપથી તેમાં ત્રિકાળ વિદ્યમાન રહે છે. તેના હોવામાં દ્રવ્ય કે પર્યાયની અપેક્ષા લગાવવાની જરૂરત નથી પડતી. જેમ કે, જ્ઞાન-દર્શન આદિ ગુણ, દ્રવ્યની અપેક્ષાએ છે કે પર્યાયની-એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો; પરંતુ ધર્મોનું સ્વરૂપ પરસ્પર સાપેક્ષ હોય છે. વસ્તુની નિત્યતા દ્રવ્યની અપેક્ષા અને વસ્તુની અનિત્યતા પર્યાયની અપેક્ષા રાખે છે. આ જ રીતે પ્રાયઃ પ્રત્યેક ધર્મ-યુગલમાં એક ધર્મ, દ્રવ્યની અપેક્ષા અને બીજો ધર્મ, પર્યાયની અપેક્ષાએ શક્ય થાય છે. હા, અસ્તિ-નાસ્તિ ધર્મ-યુગલમાં દ્રવ્ય-પર્યાયની બદલે સ્વ-પર ચતુષ્ટયની અપેક્ષા લાગૂ પડે છે. અપેક્ષા વગર ધર્મનું સ્વરૂપ ન શક્ય છે અને ન સમજી અથવા સમજાવી શકાય છે, જ્યારે ગુણો અને શક્તિઓમાં આવી કોઈ વાત નથી હોતી.

અનેકાંતમય ધર્મોનું સ્વરૂપ પરસ્પર વિરોધી હોવાથી જ વસ્તુનું સ્વરૂપ કહેવામાં આવે છે. પરસ્પર વિરોધી ધર્મોનું ભિન્ન-ભિન્ન અપેક્ષાથી વસ્તુમાં અવિરોધથી રહેવું-એ જ અનેકાંત છે, જેને સ્યાદ્વાદ દ્વારા સમજી/સમજાવી શકાય છે.

આ રીતે જો કે ગુણ તથા ધર્મોમાં ફરક સ્પષ્ટ કર્યો છે, છતાંપણ ગુણોની વ્યાખ્યા અને સ્વરૂપ, જે જિનાગમમાં અનેક જગ્યાએ સ્પષ્ટ કર્યું છે કે ગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગો અને તેની સંપૂર્ણ અવસ્થામાં રહે છે, પરંતુ આ વિશેષતા તો ધર્મો અને શક્તિઓમાં પણ હોય છે. અસ્તિત્વ

અને નાસ્તિત્વ ધર્મ પણ દ્રવ્યના સંપૂર્ણ ભાગો અને સંપૂર્ણ અવસ્થાઓમાં જોવા મળે છે.

વિશેષ વાત એ છે કે નિત્ય-અનિત્ય ધર્મ, દ્રવ્ય-પર્યાય સાપેક્ષ હોવા છતાં પણ સંપૂર્ણ વસ્તુ, દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહેવામાં આવે છે-આ મુદ્દા ઉપર ગંભીરતાથી વિચાર કરવો આવશ્યક છે.

અહીંયા તો ગુણ, ધર્મ તથા શક્તિના સ્વરૂપ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. પ્રવચનસાર, ગાથા ૮૦ની ટીકામાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ અત્યંત સંક્ષિપ્તમાં સ્પષ્ટ કરતા થકા કહ્યું છે - **અન્વય, તે દ્રવ્ય છે, અન્વયના વિશેષણ, તે ગુણ છે તથા અન્વયના વ્યતિરેક, તે પર્યાયો છે.**

ઉક્ત વ્યાખ્યાનથી ગુણોનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે કે તે દ્રવ્યના વિશેષણ છે. જેમ એક મનુષ્યમાં ઈમાનદારી, સરળતા, બુદ્ધિમતા આદિ અનેક વિશેષતાઓ હોય છે, તેમ એક દ્રવ્યમાં અસ્તિત્વ, વસ્તુત્વ તથા ચેતન/અચેતન આદિ અનંત વિશેષતાઓ ત્રિકાળ વિદ્યમાન રહે છે. તેને જ ગુણ શબ્દથી જાણવામાં આવે છે. ગુણ માટે અંગ્રેજીનો *ક્વોલીટી* (Quality) શબ્દ વપરાય છે.

'ધર્મ' શબ્દથી વસ્તુમાં વિદ્યમાન સાપેક્ષિત યોગ્યતાઓને જાણી શકાય છે. જો કે એ પણ વસ્તુમાં ત્રિકાળ વિદ્યમાન રહે છે, છતાં પણ તેઓને અપેક્ષા વિના નથી સમજી શકાતા. જેમ, એક વ્યક્તિમાં ઈમાનદારી, આદિ ગુણો છે, પરંતુ નાનો/મોટો, લાંબો/ઠીંગણો, જાડો/પાતળો આદિ વિશેષતાઓ કોઈ અપેક્ષાથી જ કહી શકાય છે. પોતાથી વધારે (મોટી) ઉંમરવાળાની અપેક્ષાથી તેને નાનો અને ઓછી (નાની) ઉંમરવાળાની અપેક્ષાએ તેને મોટો કહી શકાય છે. અપેક્ષા લગાડ્યા વિના તેને નાનો/મોટો આદિ નથી કહી શકતા. આ રીતે પદાર્થની સાપેક્ષ વિશેષતાઓને ધર્મ શબ્દથી કહેવામાં આવે છે.

આ જ રીતે દ્રવ્ય કે ગુણોનું સામર્થ્ય, ક્ષમતા અથવા તાકાત કેટલી છે-તેનો બોધ શક્તિઓ દ્વારા થાય છે. જ્ઞાન, આત્માનો ગુણ છે તથા આ ગુણમાં પોતાનું કાર્ય કરવાનું જે ઉત્કૃષ્ટ સામર્થ્ય છે, તે જ તેની શક્તિ છે. અંગ્રેજીના 'પાવર' (Power) શબ્દથી શક્તિને સારી રીતે સમજી શકાય છે.

**પ્રશ્ન** : જ્ઞાન, દર્શન, સુખ આદિ આત્માના ગુણ પણ છે અને ૪૭ શક્તિઓમાં પણ તેમના નામ આવે છે. આ જ રીતે અસ્તિત્વ ગુણ પણ છે તથા અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મમાં પણ અસ્તિત્વ કહેલ છે. તેથી તેના સ્વરૂપને ભિન્ન-ભિન્ન કેવી રીતે સમજી શકાય?

**ઉત્તર** : ઉંડાણથી વિચાર કરવામાં આવે તો એક જ ભાવમાં ગુણ, શક્તિ અને ધર્મપણું ઘટિત કરી શકાય છે. એક વ્યક્તિ ગાવાનું જાણે છે તો ગાવું તેનો ગુણ છે. કેટલી વાર સુધી ગાઈ શકે છે-તે તેની શક્તિ છે તથા ઘણો સારો ગાયક છે કે સાધારણ-આ બીજા સાથે તુલના કરીને જ જાણી શકાશે, તેથી ગાવાની પ્રથમ શ્રેણી કે દ્વિતીય શ્રેણી, તેના સાપેક્ષિત ધર્મ કહેવામાં આવશે.

આ જ રીતે જ્ઞાન આત્માની ખૂબી/વિશેષતા હોવાથી ગુણ છે. અનંત જ્ઞેયોને જાણવાની ક્ષમતા, તેની શક્તિ છે તથા ઓછા કે વધુ જ્ઞેયોને જાણવાની અપેક્ષાથી તેને નીચો અથવા ઉંચો કહેવો ધર્મ કહી શકાય છે. જ્ઞાનમાત્ર સ્વરૂપની અપેક્ષાએ તેમાં એકત્વ ધર્મ તથા અનેક જ્ઞેયાકારરૂપ હોવાની અપેક્ષાથી તેમાં અનેકત્વ ધર્મ પણ કહી શકાય છે. આ જ રીતે અસ્તિત્વ-નાસ્તિત્વ આદિ ધર્મ, જ્ઞાનમાં પણ ઘટિત કરી શકીએ છીએ.

**પ્રશ્ન** : એક દ્રવ્યના એક ગુણમાં બીજો ગુણ નથી હોતો, પરંતુ તેમાં અન્ય ગુણોનું રૂપ હોય છે-આ કથનનો શું અર્થ છે?

**ઉત્તર** : એક દ્રવ્યના ગુણોમાં પરસ્પર કથંચિત્ ભિન્નતા તો હોવી જ જોઈએ, અન્યથા અનંતગુણ કેવી રીતે શક્ય બનશે? પ્રત્યેક ગુણનું

સ્વરૂપ, અન્ય ગુણોથી ભિન્ન હોય છે, ત્યારે તે પોતાની અલગ ઓળખ રાખે છે. અસ્તિત્વ અને જ્ઞાનગુણ ભિન્ન-ભિન્ન છે, પરંતુ અસ્તિત્વમાં જ્ઞાનનું પણ રૂપ (સ્વરૂપ નહીં) છે, અન્યથા આત્માનું અસ્તિત્વ અચેતન થઈ જશે. જ્ઞાનમાં પણ અસ્તિત્વનું રૂપ છે (સ્વરૂપ નહીં), અન્યથા જ્ઞાન, અસ્તિત્વરહિત હોવાથી તેમાં શૂન્યત્વનો પ્રસંગ આવશે. એક ગુણમાં બીજા ગુણોના રૂપની ચર્ચા પંડિત શ્રી દીપચંદજી શાહ કાસલીવાલ કૃત ચિદ્‌વિલાસ આદિ ગ્રંથોમાં તથા પૂજ્ય ગુરૂદેવશ્રીના પ્રવચનોમાં પણ વિસ્તારથી પ્રાપ્ત થાય છે.

*આ રીતે અહીંયા વસ્તુ-સ્વરૂપને ઉંડાણથી સમજવા માટે ગુણ, શક્તિ અને ધર્મના સ્વરૂપ ઉપર સંક્ષિપ્ત વિચાર કરવામાં આવ્યો છે. પ્રવચનસાર, પંચાસ્તિકાય, પંચાધ્યાયી આદિ ગ્રંથોથી આનું વિસ્તૃત સ્વરૂપ જાણી શકાય છે. બુધ્ધિની ક્ષમતા પ્રમાણે જ વિસ્તારમાં જવું યોગ્ય છે, અન્યથા આપણે મૂંઝાઈ પણ શકીએ છીએ, ભ્રમિત પણ થઈ શકીએ છીએ, તેથી અનંત શક્તિઓ/ગુણોના અખંડ પિંડ ચૈતન્યમાત્ર સ્વભાવને જાણવાના પ્રયોજનની મુખ્યતા રાખીને જ આગમાભ્યાસ કરવો યોગ્ય છે.*

**પ્રશ્ન** : ગુણ, શક્તિ અને ધર્મ, આમાં દ્રષ્ટિના વિષયમાં શું-શું સમાવિષ્ટ થાય છે?

**ઉત્તર** : દ્રષ્ટિના વિષયમાં શું સમાવેશ છે અને શું નથી-આ નિર્ણય કરવો જ્ઞાનનું કાર્ય છે, તેથી આ અભેદ પટારાને ખોલીશું તો દ્રષ્ટિનો વિષય જ નહીં રહે, કારણ કે ભેદ તો પર્યાયાર્થિક/વ્યવહારનયનો વિષય છે. દ્રષ્ટિનો વિષય, રંગ-રાગ અને ભેદથી ભિન્ન છે, જેને ત્રિકાળી અભેદ એક અખંડ જ્ઞાયકભાવરૂપ પરમપારિણામિકભાવના રૂપમાં જાણવામાં આવે છે. પારિણામિકભાવનું સ્વરૂપ સ્પષ્ટ કરતા થકા પંડિત-પ્રવર ટોડરમલજી લખે છે - **સર્વ ભેદ જેમાં ગર્ભિત છે, એવો ચૈતન્યભાવ તે પારિણામિકભાવ છે.**[1] ભેદ-ગર્ભિત હોવાનો

૧. મોક્ષમાર્ગપ્રકાશક, અધ્યાય ૭, પાનું ૧૯૮

ઉદ્દેશ, તેના ઉપર દ્રષ્ટિ ન હોવી તથા તેને ગૌણ કરવાથી છે. જો ગુણ, શક્તિ કે ધર્મો ઉપર વિચાર કરવામાં આવે તો ભેદ ગર્ભિત ક્યાં રહ્યો, તે તો પ્રગટ થઈ ગયો.

ચૈતન્યભાવ તો વસ્તુના અનંત ગુણ તથા પર્યાયોમાં વ્યાપ્ત છે, તેથી ચૈતન્યભાવમાં બધાં સમાઈ જાય છે. ગુણ, ધર્મ આદિ છે કે નહીં - આ વિકલ્પથી અતિક્રાંત થઈને નિર્વિકલ્પ ચૈતન્યમાં અહંપણું કરવું જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. દ્રવ્યાર્થિકનયના ભેદોને જાણવાની આવશ્યકતા સ્પષ્ટ કરો.
2. દ્રવ્યાર્થિકનયના દસભેદોની શુદ્ધ તથા અશુદ્ધ સંજ્ઞા, કઈ અપેક્ષાએ શક્ય છે - સ્પષ્ટ કરો.
3. દ્રવ્યાર્થિકનયના દસેય ભેદોની વ્યાખ્યા અને સ્વરૂપ સ્પષ્ટ કરો.
4. ગુણ, શક્તિ અને ધર્મનો ઉદ્દેશ સ્પષ્ટ કરો.

# 14

## પર્યાયાર્થિકનયના ભેદ-પ્રભેદ

સામાન્ય-વિશેષાત્મક અથવા દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુમાં વિશેષો કે પર્યાયોને મુખ્ય કરીને જાણવાવાળો નય પર્યાયાર્થિકનય છે. આલાપપદ્ધતિ[1] અને દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર[2] માં પર્યાયાર્થિક-નયના છ ભેદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનું સ્વરૂપ આ પ્રમાણે છે -

1. **અનાદિનિત્યપર્યાયાર્થિકનય** - જે નય, અકૃત્રિમ અને અનિધન અર્થાત્ અનાદિ-અનંત સૂર્ય, ચંદ્રમા, સુમેરૂપર્વત આદિ પર્યાયોને ગ્રહણ કરે છે, તે અનાદિનિત્યપર્યાયાર્થિક નય છે. ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યોની પર્યાયો પણ અનાદિનિત્ય-પર્યાયાર્થિકનયનો વિષય પણ બની શકે છે.

2. **સાદિનિત્યપર્યાયાર્થિકનય** - જે પર્યાય, કર્મોના ક્ષયથી ઉત્પન્ન થવાને કારણે સાદિ છે અને વિનાશનું કારણ ન હોવાથી અવિનાશી છે-એવી સાદિનિત્યપર્યાયને ગ્રહણ કરવાવાળો, સાદિનિત્ય-પર્યાયાર્થિકનય છે, જેમ કે જીવની સિધ્ધ પર્યાય.

3. **સત્તાનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય** - જે નય, સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરે છે, તે અનિત્ય-સ્વભાવગ્રાહી સત્તાનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય છે.

---

૧. આલાપપદ્ધતિ, પાનું.૨૧૫

૨. દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૧૯૯-૨૦૪

**4. સત્તાસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય -** જે નય, એક સમયમાં ધ્રુવત્વ (સત્તા) થી સંયુક્ત ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરે છે, તે અનિત્ય-સ્વભાવગ્રાહી સત્તાસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિક-નય છે.

**5. કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય -** જે નય, કર્મોપાધિથી નિરપેક્ષ પર્યાયોને ગ્રહણ કરીને, સંસારી જીવોની પર્યાયને સિધ્ધ જેવી શુદ્ધ કહે છે, તે કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય છે.

**6. કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય-**જે નય, કર્મોપાધિસહિત પર્યાયોને ગ્રહણ કરે છે, તે કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય છે. જેમ, સંસારી જીવોના જન્મ-મરણ થાય છે.

પર્યાયાર્થિકનયના ઉક્ત છયે ભેદોથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે પર્યાયને છ પ્રકારથી જોવામાં આવી છે. અહીંયા તેનું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવી રહ્યું છે-

**પર્યાયોની નિત્યતા -** પ્રથમ બે ભેદ, અનાદિનિત્ય તથા સાદિનિત્ય પર્યાયોને વિષય બનાવે છે. જો કે પર્યાય એક સમયની હોય છે, છતાં પણ એક સમય તો કેવળી ભગવાનને જ્ઞાનગમ્ય છે, ક્ષયોપશમજ્ઞાનમાં એક સમય પકડમાં નથી આવતો; તેથી અનેક સમયવર્તી સ્થૂળ પર્યાયોને પણ પર્યાય કહેવામાં આવે છે. મનુષ્ય, દેવ આદિ સંસારી જીવોની સ્થૂળ પર્યાયો તથા સિધ્ધજીવની સ્થૂળ પર્યાયો અનેક સમયવર્તી પર્યાયો છે. જેમ, બાળકની લંબાઈ તથા વજન આદિ નિરંતર વધતા હોવા છતાં પણ આપણા ખ્યાલમાં એક-એક સમયનું પરિવર્તન નથી આવતું, તેથી અનેક સમયવર્તી અનાદિકાલીન તથા અનંત ભવિષ્યકાલીન એકરૂપ પર્યાયોના સમુદાયને નિત્યપર્યાય કહીને અનાદિનિત્ય તથા સાદિનિત્ય એવા

ભેદ કર્યા છે.

સ્થૂળ પર્યાયોના કાળની અપેક્ષાએ અગ્રલિખિત ભેદ પણ કરવામાં આવે છે -

**(ક) અનાદિ-અનંત પર્યાય** : સુમેરૂ પર્વત, અકૃત્રિમ જિનાલય, અકૃત્રિમ જિનબિંબ આદિ પુદ્ગલ પર્યાયો તથા અભવ્યની સંસારરૂપ પર્યાયો, અનાદિ-અનંત પર્યાયો છે.

**(ખ) અનાદિ-સાંત પર્યાય** : ભવ્ય જીવની સંસારરૂપ પર્યાય, અનાદિ-સાંત છે.

**(ગ) સાદિ-અનંત પર્યાય** : જીવની સિધ્ધ પર્યાય, સાદિ-અનંત પર્યાય છે.

**(ઘ) સાદિ-સાંત પર્યાય** : જીવની મનુષ્યાદિ પર્યાયો, વસ્ત્રા-ભૂષણ, મકાન આદિ પુદ્ગલ પર્યાયો તથા પ્રત્યેક દ્રવ્યની એક સમયવર્તી પર્યાયો સાદિ-સાંત પર્યાયો છે.

આ રીતે પ્રથમ બે પર્યાયાર્થિકનય, અનેક સમયવર્તી સ્થૂળ પર્યાયોના અનાદિ-અનંત તથા સાદિ-અનંત ભેદનું જ્ઞાન કરાવે છે.

**દ્રવ્ય (સત્તા) ની સાપેક્ષતા અને નિરપેક્ષતાથી વર્ણિત પર્યાયની અશુદ્ધતા અને શુદ્ધતા**

પર્યાયાર્થિકનયનો ત્રીજો ભેદ સત્તાનિરપેક્ષ, અનિત્ય-શુદ્ધ-પર્યાયગ્રાહી તથા ચોથો ભેદ સત્તાનિરપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયગ્રાહી છે. અહીંયા પણ દ્રવ્યાર્થિકનયના ભેદોની જેમ પર્યાયાર્થિકનયની પણ શુદ્ધતા અને અશુદ્ધતાથી ઉદ્દેશ દ્રવ્યાંશ (ધ્રુવસત્તા)ની સાથે નિરપેક્ષતા અને સાપેક્ષતા છે.

પર્યાય, ઉત્પાદ-વ્યયરૂપ અંશ છે. જ્યારે તેને ધ્રુવ-સત્તાની સાથે ભેળવીને જોવામાં આવે છે, ત્યારે સત્તાસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય કહેવાય છે તથા સત્તાથી નિરપેક્ષ માત્ર ઉત્પાદ-

વ્યયને જાણવાવાળો નય, અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય કહેવામાં આવે છે.

આત્માના સ્વરૂપનો નિર્ણય કરવા માટે આ નય, અત્યંત ઉપયોગી છે. દ્રવ્યાર્થિકનયના ભેદોમાં ઉત્પાદ-વ્યયનિરપેક્ષ શુદ્ધ-દ્રવ્યાર્થિકનય છે તો પર્યાયાર્થિકનયના ભેદોમાં સત્તાનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય છે.

આ બંને નયોથી સિદ્ધ થાય છે કે વસ્તુના બંને અંશ કથંચિત્ નિરપેક્ષ અને એકબીજાથી અપ્રભાવિત છે, તેથી ધ્રુવ સત્તા પર્યાયમાં વિદ્યમાન શુદ્ધતા/અશુદ્ધતાથી ન તો પ્રભાવિત થાય છે અને ન સ્વયં તેને પ્રભાવિત કરે છે. ખાસ વાત તો એ છે કે દ્રવ્ય-પર્યાયની પરસ્પર નિરપેક્ષતાને અહીંયા તેમની શુદ્ધતા કહેવામાં આવી રહી છે અને તેમની પરસ્પર સાપેક્ષતાને તેમની અશુદ્ધતા કહેવામાં આવી રહી છે.

*ઉક્ત તથ્યથી ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયની પણ સ્વતંત્રતા સિધ્ધ થાય છે. પૂજ્ય ગુરૂદેવશ્રી, પર્યાયને પરદ્રવ્યોથી નિરપેક્ષ અને સ્વતંત્ર તો કહે જ છે, તેને સ્વદ્રવ્યથી પણ નિરપેક્ષ અને સ્વતંત્ર કહે છે. દ્રવ્યસ્વભાવમાં વિદ્યમાન કર્તા-કર્મ-કરણ આદિ શક્તિરૂપ ષટ્-કારકોથી એક-એક સમયની પર્યાયના ષટ્કારક ભિન્ન છે. આ રીતે પ્રત્યેક પર્યાય, પોતાની યોગ્યતાથી પોતાના સ્વકાળમાં સ્વયં થાય છે-એવા અનેક ગહન રહસ્ય આ સત્તાનિરપેક્ષ-શુદ્ધ-પર્યાયાર્થિકનય દ્વારા સમજમાં આવી શકે છે.*

ખેદની વાત છે કે **'ભગવાન આત્મા, દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ ત્રિકાળ શુદ્ધ અને શુદ્ધાશુદ્ધ પર્યાયોથી નિરપેક્ષ છે.'** - સ્વાનુભૂતિજનક આ મહામંત્ર, આજે પણ અનેક વિદ્વાનોની સમજમાં નથી આવતો. મોટા-મોટા વિદ્વાનોને એ તર્ક આપતાં સાંભળી શકીએ છે કે જ્યારે દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાય અશુદ્ધ શી રીતે હોઈ શકે છે? અને પર્યાય તો અશુદ્ધ છે, તેથી દ્રવ્ય પણ અશુદ્ધ જ છે તથા સિદ્ધદશા થયા

પછી જ તેને શુદ્ધ માનવું જોઈએ, પરંતુ જો આ સત્તાનિરપેક્ષ અનિત્ય-શુદ્ધ-પર્યાયાર્થિકનય તથા ઉત્પાદ-વ્યયનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય સમજી લેવામાં આવે તો આ પ્રશ્નનું સમાધાન સહજ થઈ શકે છે કે દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ જ છે, તેની શુદ્ધતા સ્વીકાર કરીને સ્વયં શુદ્ધ થવા અથવા દ્રવ્યની શુદ્ધતા સ્વીકાર નહીં કરીને સ્વયં અશુદ્ધ રહેવા માટે પર્યાય સ્વતંત્ર છે.

પર્યાયની સ્વતંત્રતાની પરાકાષ્ટા તો જુઓ કે તે જે દ્રવ્યસ્વભાવમાં અહમ્ કરે છે, તેને પોતાનું સ્વરૂપ માને છે, સર્વસ્વ માને છે; તેનાથી જ તે નિરપેક્ષ રહીને શુદ્ધ થાય છે. તે સ્વતંત્રરૂપથી દ્રવ્યમાં વિસર્જીત થઈને, પોતાનામાં અનંત જ્ઞાન-સુખરૂપી વૈભવને ઉત્પન્ન કરીને તેને ભોગવે છે, કારણ કે દ્રવ્ય તો અનંત શક્તિઓનો પિંડ છે, તેની ઉત્પાદ-વ્યયરૂપ વ્યક્તિ સ્વતંત્ર અને તેનાથી નિરપેક્ષ છે.

*પર્યાયની સ્વતંત્રતાની શ્રદ્ધા, આપણી વૃત્તિને પરથી નિરપેક્ષ બનાવી અને પર્યાયના કર્તૃત્વની વાસના પણ મિટાવી, સ્વયંને દ્રવ્ય જેવો અનુભવ કરવા પ્રેરિત કરે છે.*

**પ્રશ્ન** : જ્યારે પર્યાય ધ્રુવ-સત્તાથી નિરપેક્ષ છે તો સત્તાસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનયની શું ઉપયોગિતા છે? તેને સત્તાસાપેક્ષ જોવી જ શા માટે જોઈએ?

**ઉત્તર** : ઉત્પાદ-વ્યયને સત્તાથી નિરપેક્ષ જાણતા સમયે સાપેક્ષતાવાળી બાજુ ગૌણ હતી, પરંતુ તેનો અભાવ નહોતો થયો. પ્રમાણદ્રષ્ટિથી વસ્તુ તો બંને અંશોની અખંડ-પિંડ છે, તેથી માત્ર નિરપેક્ષતા જાણવાથી સમ્યક્ નય નહીં, નયાભાસ થઈ જાય છે. વસ્તુ, સર્વથા અપરિણામી નથી, કથંચિત્ પરિણામી અને કથંચિત્ અપરિણામી છે. કથંચિત્ પરિણામી પક્ષથી વિચાર કરીએ તો ઉત્પાદ-વ્યય પણ દ્રવ્યના જ અંશ છે. આ પર્યાય કયા દ્રવ્યની છે, તેમાં કોણ વ્યાપક છે, તેનો સ્વામી કે કર્તા-ભોક્તા કોણ છે? ઈત્યાદિ

પ્રશ્નોનું સમાધાન, સત્તાસાપેક્ષ અશુદ્ધ-પર્યાયાર્થિકનયથી થાય છે.

**દ્રવ્ય વિના પર્યાય નથી હોતી**–આ તથ્યનું જ્ઞાન સત્તા સાપેક્ષ અશુદ્ધપર્યાયાર્થિકનયથી થાય છે તથા **પર્યાય વિના દ્રવ્ય નથી હોતું** – આ તથ્યનું જ્ઞાન ઉત્પાદ-વ્યયસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી થાય છે.

**પ્રશ્ન** : ઉત્પાદ-વ્યયસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય અને સત્તાસાપેક્ષ અશુદ્ધપર્યાયાર્થિકનયમાં શું અંતર છે?

**ઉત્તર** : જ્યારે દ્રવ્ય (ધ્રુવ) ને ઉત્પાદ-વ્યયની સાથે ભેળવીને જોવામાં આવે, ત્યારે ઉત્પાદ-વ્યયસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય લાગુ પડે છે. અહીંયા જોવાનું તો દ્રવ્યને છે, ફોટો તો દ્રવ્યનો પાડવાનો છે, પરંતુ ઉત્પાદ-વ્યયની સાથે. આ જ રીતે સત્તાસાપેક્ષ અશુદ્ધ-પર્યાયાર્થિકનયમાં જોવાની તો પર્યાયને છે, પરંતુ સત્તા (દ્રવ્ય) ની સાથે. પ્રથમ નય, દ્રવ્યને વિષય બનાવી રહ્યો છે, જ્યારે દ્વિતીય નય પર્યાયને વિષય બનાવી રહ્યો છે.

લોકમાં પણ ક્યારેક પુત્રની ઓળખાણ પિતાથી થાય છે કે આ અમુક વ્યક્તિનો પુત્ર છે તો ક્યારેક પિતાની ઓળખાણ પુત્રથી થાય છે કે આ અમુક વ્યક્તિના પિતા છે. જ્યારે પુત્રની ઓળખાણ પિતાથી કરવામાં આવે તો પિતૃ-સાપેક્ષ પુત્ર-નય થશે અને જ્યારે પિતાની ઓળખાણ, પુત્રથી કરવામાં આવે તો પુત્ર-સાપેક્ષ પિતૃ-નય કહેવાશે. આ જ રીતે જો કોઈ વ્યક્તિ, પોતાની પત્નીથી કહે કે, ‘તું આ સાડીમાં ઘણી સુંદર દેખાય છે’, તો આ સાડી-સાપેક્ષ મહિલાનું વર્ણન થશે, પરંતુ જો કોઈ વેપારી કહે કે, ‘આ સાડી આપના ઉપર ખૂબ સુંદર લાગશે.’ તો આ મહિલા-સાપેક્ષ સાડીનું વર્ણન કહેવાશે.

આ રીતે સત્તાસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય તથા સત્તા-નિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય–આ બંને નયો દ્વારા દ્રવ્યની

સાપેક્ષતા અને નિરપેક્ષતાને જાણીને, પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યસ્વભાવની સન્મુખતાનો પુરૂષાર્થ પ્રગટ કરવો જોઈએ, કારણ કે એ જ પ્રયોજનભૂત છે, એ જ સાચી શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિ છે.

**કર્મોપાધિથી નિરપેક્ષતા અને સાપેક્ષતાથી વર્ણિત પર્યાયની અશુદ્ધતા અને શુદ્ધતા**

પર્યાયાર્થિકનયનો પાંચમો અને છઠ્ઠો ભેદ, પર્યાયોને કર્મોપાધિથી અનુક્રમે નિરપેક્ષ તથા સાપેક્ષ જોવાથી કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય તથા કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય કહેવામાં આવેલ છે.

*ખરેખર પર્યાય તો વસ્તુના પ્રવાહ-ક્રમનો સૂક્ષ્મ અંશ છે, તેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવસ્વરૂપ વસ્તુમાં કાળના એક સમયવર્તી અંશને જ* **પર્યાય** *શબ્દથી કહેવામાં આવે છે. સમુદ્રની લહેરોની જેમ કાળપ્રવાહમાં નવીન અંશ ઉત્પન્ન (વ્યક્ત) થાય છે તથા તેનો પૂર્વવર્તી અંશ વિલીન થાય છે. આ જ પર્યાયોનું ઉત્પાદ-વ્યય છે. કાલાંશ તો કાળરૂપ છે અને કર્મોપાધિઓ ભાવવાચી છે, તેથી કાળને ભાવથી નિરપેક્ષ જોવું કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય છે તથા કાળને ભાવોથી ભેળવીને જોવું, કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય છે.*

આ નયોના પ્રયોગ, આપણા લૌકિક જીવનમાં પણ જોવામાં આવે છે. કોઈક દિવસ કોઈ સારૂં કાર્ય થયું તો લોકો કહે છે કે આજનો દિવસ ખૂબ સરસ રહ્યો અને કોઈ દિવસ ખરાબ કામ થયું તો લોકો કહે છે કે આજનો દિવસ ખૂબ ખરાબ રહ્યો. દિવસ તો દિવસ છે, કાળ-પ્રવાહનો સ્થૂળ અંશ છે, તે ન તો સારો હોય છે અને ન ખરાબ. તે તો સારા કે ખરાબથી નિરપેક્ષ છે, સારા-ખરાબ લાગવાવાળા કાર્યોની સાપેક્ષતાથી આપણે તેને સારો કે ખરાબ કહીએ છીએ. જે દિવસે કોઈના લગ્ન હોય અથવા કોઈ સારો લાભ હોય

તો તે દિવસને સારો માને છે તથા તે જ દિવસે કોઈ અન્ય વ્યક્તિને કોઈ નુકશાન થયું હોય તો તે જ દિવસને ખરાબ (અશુભ) માને છે, તેથી એ સ્પષ્ટ છે કે દિવસ, સારો-ખરાબ ન હોવા છતાં પણ તેમાં સારા-નરસાનો વ્યવહાર થયા વિના નથી રહેતો.

આ જ સ્થિતિ આત્માની પર્યાયોની છે. અન્ય પાંચ દ્રવ્યોમાં તો કોઈ કર્મોપાધિ નથી હોતી. પુદ્ગલની સ્કંધ પર્યાયને અશુદ્ધ કહેવામાં આવ્યા છતાં પણ તેને કર્મોપાધિ નથી કહેવામાં આવતી. ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોના ઉત્પાદ-વ્યય તો નિરૂપાધિક જ હોય છે. આત્મામાં પણ શ્રધ્ધા-જ્ઞાન-ચારિત્ર-સુખ-દર્શન આદિ કેટલાંક ગુણોમાં જ કર્મોપાધિના નિમિત્તે વિકાર જોવામાં આવે છે. આત્માના અન્ય અનંત ગુણોનું પરિણમન પણ નિરૂપાધિક જ હોય છે.

અહીંયા કર્મોપાધિ-સાપેક્ષનો ઉદ્દેશ મુખ્યપણે કર્મોદય-સાપેક્ષ ઔદયિક ભાવો અર્થાત્ મોહ-રાગ-દ્વેષ આદિ વિકારી ભાવોથી છે, કારણ કે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવોમાં પણ અનુક્રમે કર્મના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય નિમિત્ત હોય છે. છતાંપણ સામાન્ય જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ આ નિર્મળ પર્યાયોને પણ કર્મોપાધિજન્ય કહેવામાં આવે છે. સમયસાર, ગાથા ૧૫ની ટીકામાં સામાન્ય જ્ઞાનના આવિર્ભાવના પ્રકરણમાં જ્ઞાનસ્વભાવને પરોક્ષરૂપથી પર્યાયરૂપ ઔદયિકાદિ ચારે ભાવોથી ભિન્ન જોવાની પ્રેરણા આપવામાં આવી છે. ગાથા ૧૭-૧૮ની ટીકામાં પણ આબાલ-ગોપાલ બધાંને જે જ્ઞાનપર્યાયમાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે-એમ કહ્યું છે, **તે જ્ઞાનપર્યાય પણ સામાન્ય જ્ઞાનરૂપ તથા પર્યાયગત પારિણામિક ભાવરૂપ છે તથા ઔપશમિક આદિ ચાર ભાવોથી ભિન્ન છે.**

નિયમસાર, ગાથા ૫૦માં તો આત્માને ઔદયિકાદિ ચાર ભાવોથી ભિન્ન સ્પષ્ટરૂપથી બતાવ્યો છે. જો કે ત્યાં દ્રવ્યસ્વભાવને કર્મોપાધિથી ભિન્ન કહ્યો છે અને અહીંયા સ્પષ્ટપણે પર્યાયની વાત

છે, છતાં પણ કર્મોપાધિના અંતર્ગત ઔપશમિકાદિ નિર્મળ ભાવોને પણ ગ્રહણ કરવામાં આવે છે - આ જાણવું અહીંયા પ્રયોજનભૂત છે.

**પર્યાય પણ કર્મોપાધિથી નિરપેક્ષ છે.**

અહીંયા આ જ વાત વિશેષરૂપથી વિચારણીય છે કે દ્રવ્ય-સ્વભાવને કર્મોપાધિથી રહિત જોવાની વાત તો અધ્યાત્મ ગ્રંથોનો મૂળ આધાર છે અને અધ્યાત્મ-રસિક સમાજમાં પણ આ જ વાત મુખ્યરૂપે ચર્ચિત પણ છે, પરંતુ પર્યાયમાં તો રાગ-દ્વેષ, સુખ-દુઃખ છે જ, તેથી તેનો નિષેધ કરીને પર્યાયોને સિધ્ધ સમાન શુધ્ધ માનવાથી શું નિશ્ચયાભાસ નહીં થાય? પછી અહીં પર્યાયને પણ કર્મોપાધિથી નિરપેક્ષ શા માટે બતાવવામાં આવી રહી છે? શું જિનાગમમાં અન્યત્ર પણ આવા પ્રયોગ ઉપલબ્ધ છે? ઈત્યાદિ અનેક પ્રશ્નોનું સમાધાન જરૂરી છે.

**પ્રશ્ન : પર્યાયોને કર્મોપાધિથી નિરપેક્ષ જોવું નિશ્ચયાભાસ છે કે નહીં?**

**ઉત્તર :** કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનયની સાથે-સાથે કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય પણ છે. જો અહીંયા બંને નયોની વિવક્ષા સમજવામાં આવે તો નિશ્ચયભાસનો પ્રશ્ન જ નથી ઉભો થતો, પરંતુ વર્તમાન પર્યાયમાં પણ કર્મોપાધિરહિત જ્ઞાન-સ્વભાવના આવિર્ભાવથી દ્રષ્ટિ અખંડ જ્ઞાયકમાં ચાલી જાય છે અને રાગાદિ કર્મોપાધિઓનો અભાવ થવાનું શરૂ થઈ જાય છે.

જો કે પંડિત ટોડરમલજીએ વર્તમાન પર્યાયને સર્વથા શુદ્ધ માનવાને નિશ્ચયાભાસ કહીને તેનો નિષેધ કર્યો છે, છતાંપણ અહીંયા કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનયના વિષયભૂત રાગાદિને પણ ગૌણરૂપથી સ્વીકાર કરવાને લીધે વર્તમાન પર્યાયને શુદ્ધ માનવાથી નિશ્ચયાભાસનો પ્રસંગ નથી આવતો.

**અર્હંત ભગવાન તથા આપણી પર્યાયોમાં અસમાનતા અને**

**સમાનતા -**

પ્રવચનસાર, ગાથા ૮૦ તથા તેની ટીકામાં મોહક્ષય હેતુ પોતાના આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણવાની પ્રેરણા આપતા થકા તેના માટે અર્હંત ભગવાનને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે અને બંનેના દ્રવ્ય-ગુણ પર્યાયમાં નિશ્ચયથી ફરક નથી-એવું કહ્યું છે.

અર્હંત ભગવાનના અને આપણા દ્રવ્ય-ગુણ તો સરખા છે, પરંતુ પર્યાયોમાં સમાનતા છે કે નથી-આ પ્રશ્નનું સમાધાન, કર્મો-પાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય તથા કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધ-પર્યાયાર્થિકનયોથી થઈ જાય છે. અર્હંત ભગવાનની પર્યાયો કર્મોપાધિયોથી રહિત છે અને આપણી પર્યાયો કર્મોપાધિયોથી સહિત છે-આ ફરક તો સ્પષ્ટ છે જ, પરંતુ પર્યાયોના સામાન્ય સ્વભાવની દ્રષ્ટિથી જોવા જઈએ તો અર્હંત ભગવાનની જેમ આપણી પર્યાયો પણ ઉત્પાદ-વ્યયરૂપ અથવા વ્યતિરેક લક્ષણવાળી છે, ચિદ્‌વિવર્તનની ગ્રંથિઓ છે. તેથી કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનયનો વિષય જ આપણી પર્યાયોને અર્હંતની પર્યાય સમાન સિદ્ધ કરે છે. કર્મોપાધિયોને ગૌણ કરીને માત્ર પર્યાય-સ્વભાવને જોવા જઈએ તો આપણને પણ આપણી પર્યાયો, અર્હંત ભગવાન જેવી ચિદ્‌વિવર્તનની ગ્રંથિઓ જોવામાં આવશે. આ રીતે અર્હંત ભગવાન અને આપણી પર્યાયોમાં સમાનતા, નીચેના મુદ્દાઓના આધાર ઉપર પણ સમજી શકાય છે :

(1) ભગવાનના કેવળજ્ઞાન જેવું આપણું મતિ-શ્રુતજ્ઞાન પણ રાગાદિ વિકારોથી રહિત સ્વભાવવાળું છે.

(2) કેવળજ્ઞાન જેવું આપણું વર્તમાન જ્ઞાન પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળું છે.

(3) દ્રવ્ય-ગુણની શુદ્ધતાનો નિર્ણય કરવાવાળી આપણી

જ્ઞાનપર્યાયમાં પણ શુદ્ધતાના પ્રવાહની શરૂઆત થઈ જાય છે.

આ રીતે જો કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધપર્યાયાર્થિકનય, મોહ-રાગ-દ્વેષાદિ વિકારોનું જ્ઞાન કરાવીને તેનો અભાવ કરવાની પ્રેરણા આપે છે તો કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય, વર્તમાન જ્ઞાનપર્યાયને પણ રાગાદિથી ભિન્ન સ્વભાવવાળી બતાવીને મૂળ દ્રવ્યસ્વભાવમાં જવાનો માર્ગ દર્શાવે છે, કારણ કે આપણી વર્તમાન પ્રગટ જ્ઞાનપર્યાય પણ સૂર્યના કિરણની જેમ સ્વભાવનો જ અંશ છે.

**પ્રશ્ન** : કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય અને કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનયમાં શું તફાવત છે?

**ઉત્તર** : પર્યાયદ્રષ્ટિથી દ્રવ્યને પણ અશુદ્ધ કહેવામાં આવે છે, તેથી પર્યાયગત રાગાદિને ગૌણ કરીને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવને જોવો તે કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયનું કાર્ય છે, જ્યારે કર્મોપાધિનિરપેક્ષ અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય, વર્તમાન જ્ઞાનપર્યાયને રાગાદિભાવોથી ભિન્ન જુએ છે.

આ જ રીતે કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય, ત્રિકાળ શુદ્ધ સ્વભાવને ગૌણ કરીને, રાગાદિભાવોની મુખ્યતાથી દ્રવ્યને અશુદ્ધ જુએ છે અને કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધપર્યાયાર્થિકનય, રાગાદિરૂપ પરિણમિત વર્તમાન પર્યાયને જુએ છે.

**પ્રશ્ન** : શુદ્ધદ્રવ્યાર્થિકનય અને શુદ્ધપર્યાયાર્થિકનય આ બંનેમાં કયો નયો ઉપાદેય છે?

**ઉત્તર** : વસ્તુ-સ્વરૂપનો નિર્ણય કરવા માટે તો બધાં નય ઉપાદેય છે. આત્માનુભૂતિની પ્રક્રિયામાં સમસ્ત કર્મોપાધિયોથી ભિન્ન દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત, પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનયના વિષયભૂત પોતાના ચૈતન્ય સ્વભાવને જાણીને, તેમાં જ રમણતા તથા લીનતાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

*અનિત્ય-શુદ્ધપર્યાયાર્થિકનય, વર્તમાન જ્ઞાનને રાગાદિથી ભિન્ન જોતો થકો સામાન્ય જ્ઞાનનું આવિર્ભાવ કરતો થકો, વર્તમાન જ્ઞાનપર્યાયમાં જ જ્ઞાયકને જણાવે છે અને નિર્વિકલ્પ દશા પ્રગટ થઈ જાય છે. આ નયને અન્ય ગુણોની પર્યાયો ઉપર પણ ઘટિત કરી શકાય, પરંતુ આત્માનુભૂતિના પ્રયોજનની અપેક્ષાએ અહીંયા માત્ર જ્ઞાનપર્યાય ઉપર ઘટિત કર્યું છે.*

**પ્રશ્ન** : પર્યાયાર્થિકનયમાં શુદ્ધ-અશુદ્ધ ભેદ તો કહ્યા છે, પરંતુ ભેદકલ્પના નિરપેક્ષ અથવા ભેદકલ્પના સાપેક્ષ – એવા ભેદ શા માટે નથી કહ્યા?

**ઉત્તર** : દ્રવ્ય તો ભેદાભેદ સ્વરૂપ છે, તેથી તેને ભેદકલ્પનાથી નિરપેક્ષ/સાપેક્ષ જોઈ શકાય છે, પરંતુ પર્યાય તો દ્રવ્યનો જ અંશ છે, ભેદરૂપ જ છે, વ્યતિરેકી છે, તેથી તેનું કોઈ અભેદ સ્વરૂપ જ નથી બનતું; માટે તેમાં ભેદકલ્પનાથી નિરપેક્ષતા અથવા સાપેક્ષતાના કોઈ ભેદ નથી બનતા. પર્યાયોમાં અભેદતાનો આધાર તો દ્રવ્ય છે, તે જ તેમાં વ્યાપ્ત છે, જે દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

**પ્રશ્ન** : શું પર્યાયાર્થિકનયના છયે ભેદો બધાં દ્રવ્યોની પર્યાયોમાં ઘટિત થાય છે?

**ઉત્તર** : (1) અનાદિનિત્ય પર્યાયો સુમેરૂ પર્વત આદિ પુદ્‌ગલની જ છે. અભવ્યની સંસાર પર્યાય પણ અનાદિનિત્ય છે. જીવના કેટલાંક ગુણોને છોડીને બાકીના અનંત ગુણોની પર્યાયો પણ અનાદિનિત્ય છે. ધર્માદિ દ્રવ્યોની પર્યાયો પણ અનાદિ-અનંત એક જેવી છે, તેથી અનાદિનિત્ય પર્યાયાર્થિકનય, બધાં દ્રવ્યોની પર્યાયોમાં યથાયોગ્ય ઘટિત થઈ શકે છે.

(2) સાદિનિત્ય પર્યાય, માત્ર સિદ્ધ પર્યાય જ છે, તેથી આ નય, માત્ર મુક્ત જીવોની પર્યાયો પર જ ઘટિત થાય છે.

(3+4) સત્તાનિરપેક્ષ તથા સત્તાસાપેક્ષ અનિત્ય શુદ્ધ/અશુદ્ધ –

પર્યાયાર્થિકનય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક વસ્તુના ઉત્પાદ-વ્યયને જોવાની પ્રક્રિયા હોવાથી છયે દ્રવ્યોની પર્યાયો પર ઘટિત થાય છે.

(5+6) કર્મોપાધિયો તો માત્ર જીવદ્રવ્યની પર્યાયોમાં જ હોય છે, તેથી આ બંને નય, યથાયોગ્ય જીવદ્રવ્યની પર્યાયોમાં જ ઘટિત થાય છે.

આ રીતે પર્યાયાર્થિકનયના છ ભેદોના માધ્યમથી પર્યાયનું સ્વરૂપ ઉંડાણપૂર્વક સ્પષ્ટ જાણી શકાય છે. પર્યાયની સ્વતંત્રતાનો યથાર્થ નિર્ણય કરીને કર્મોપાધિયોને પણ પર્યાયસ્વભાવથી ભિન્ન જાણીને, અકર્તા-સ્વભાવના અવલંબન દ્વારા સ્વાનુભવનો અપૂર્વ પુરૂષાર્થ પ્રગટ કરવામાં જ આ નયોને જાણવાની સાર્થકતા છે અને એ જ શ્રેયસ્કર છે.

### અભ્યાસ-પ્રશ્ન

1. પર્યાયાર્થિકનયોના છ ભેદોનું સ્વરૂપ અને ઉપયોગિતા સ્પષ્ટ કરો.
2. શું પર્યાયોને કર્મોપાધિથી નિરપેક્ષ જોવાથી નિશ્ચયાભાસ નહીં થાય?
3. આપણી અને અર્હંત ભગવાનની પર્યાયમાં સમાનતા કઈ અપેક્ષાથી છે?

**જિસને પરદ્રવ્યો સે નિજ કો, ભિન્ન જાનકર હટા લિયા,**
**ઓર વિશેષોં કા સમૂહ, સામાન્ય માત્રમેં ડુબા દિયા,**
**ઉધ્ધત મોહ-લક્ષ્મી કો, નય-શુદ્ધ સદા હી લૂંટ રહા,**
**નિજ ઉત્કટ વિવેક સે ઉસને, આત્મરૂપ કો ભિન્ન કિયા.**

પ્રવચનસાર, કળશ-૭

## 15

# નયના ત્રણ રૂપ
# શબ્દ નય, અર્થ નય, જ્ઞાન નય

નિશ્ચયનયોના સામાન્ય સ્વરૂપ પર ચર્ચા કરતા સમયે એ સ્પષ્ટ કર્યું હતું કે વસ્તુમાં વિદ્યમાન વિભિન્ન અંશોમાં કોઈ એક અંશને મુખ્ય કરીને જાણવું, નય છે. નિશ્ચય-વ્યવહારનય તથા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય તથા તેના ભેદ-પ્રભેદોની વિસ્તૃત ચર્ચાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આ ભેદ-પ્રભેદ, વસ્તુ-સ્વરૂપની કથન પધ્ધતિ અથવા તેના વિભિન્ન અંશોને વિષય બનાવવાના આધાર પર કરવામાં આવેલ છે.

શ્રુતજ્ઞાનના અંશ હોવાથી નયોનું જ્ઞાનાત્મક સ્વરૂપ તો પ્રસિધ્ધ છે જ, જિનાગમમાં નયોના અર્થાત્મક તથા શબ્દાત્મક સ્વરૂપનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે, તેથી મુખ્યપણે ત્રણ રૂપોમાં નયોનો ઉલ્લેખ મળે છે-શબ્દનય, અર્થનય તથા જ્ઞાનનય.

આ સંબંધમાં શ્લોકવાર્તિકના નિમ્નલિખીત વાક્યો ધ્યાન આપવા યોગ્ય છે -

**ઉક્ત બધાં નય, બીજા માટે અર્થનું કથન કરવા પર શબ્દનય છે, જ્ઞાતા માટે અર્થનું પ્રકાશન કરવા પર જ્ઞાનનય છે તથા તેના દ્વારા જ્ઞાત કરેલ વસ્તુના ધર્મ અર્થ કહેવામાં આવે છે, માટે તે અર્થનય છે, તેથી પ્રધાનતા અને ગૌણતાથી નયોના ત્રણ ભેદ હોય છે.**[1]

૧. શ્લોકવાર્તિક, નય વિવરણ, શ્લોક ૧૧૦-૧૧૧

ઉક્ત કથનથી સ્પષ્ટ છે કે બધાં નય, શ્રુતજ્ઞાનના અંશ હોવાથી જ્ઞાનાત્મક છે, દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુના જ્ઞાતા હોવાથી અર્થાત્મક છે તથા આના માધ્યમથી બીજાને વસ્તુ-સ્વરૂપ સમજાવતા સમયે એ વચનાત્મક હોય છે.

પંચાધ્યાયીમાં પૌદ્ગલિક શબ્દોને દ્રવ્યનય તથા જીવના જ્ઞાનગુણની પર્યાયોને ભાવનય કહેવામાં આવેલ છે.[1]

ખરેખર તો જગતના બધાં જ પદાર્થોનો પ્રયોગ, ત્રણ રૂપોમાં કરવામાં આવે છે, જેના આધાર પર નયોના આ ત્રણ રૂપોને નીચે લખેલા ઉદાહરણોથી સારી રીતે સમજી શકીએ છીએ -

જેમ, ગાય નામના પ્રાણીનો પ્રયોગ ત્રણ રૂપોમાં કરવામાં આવે છે -

૧. શબ્દાત્મક ગાય અર્થાત્ 'ગાય' શબ્દ ૨. અર્થાત્મક ગાય અર્થાત્ 'ગાય' નામક પશુ અને ૩. જ્ઞાનાત્મક ગાય અર્થાત્ 'ગાય'ને જાણવાવાળું જ્ઞાન.

ગાય શબ્દ કહેવો કે લખવો 'શબ્દાત્મક ગાય' છે, જેને જાણવાવાળું જ્ઞાન, શબ્દનય છે. 'ગાય' શબ્દથી સંબોધિત કરવામાં આવતા પશુ 'અર્થાત્મક ગાય' છે, જેને જાણવાવાળું જ્ઞાન, અર્થનય છે. જ્ઞાનમાં ઝલકવાવાળી ગાય 'જ્ઞાનાત્મક ગાય' છે, જેને જાણવાવાળું જ્ઞાન, જ્ઞાનનય છે. આ જ રીતે વસ્તુનું પ્રતિપાદન કરવાવાળા શબ્દ 'શબ્દાત્મક વસ્તુ' છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમયી વસ્તુ 'અર્થાત્મક વસ્તુ' છે તથા જ્ઞાનમાં પ્રતિબિંબિત થવાવાળી વસ્તુ 'જ્ઞાનાત્મક વસ્તુ' છે. વસ્તુના આ ત્રણ રૂપોને જાણવાવાળું જ્ઞાન અનુક્રમે શબ્દનય, અર્થનય અને જ્ઞાનનય છે.

અહીંયા આ ત્રણે નયોનું સંક્ષિપ્ત વિવેચન પ્રસ્તુત છે -

---

૧. પંચાધ્યાયી, પ્રથમ અધ્યાય, શ્લોક ૫

## શબ્દનય

શબ્દનય, વસ્તુને પ્રતિપાદન કરવાવાળા શબ્દોને વિષય બનાવે છે. શબ્દોની સંખ્યા, સંખ્યાત માત્ર છે, તે માત્ર સ્થૂળ અર્થને વિષય કરે છે, તેથી શબ્દનયનો વિષય સીમિત છે.

આચાર્ય અમૃતચંદ્રદેવ, સમયસાર ગ્રંથની ૫ મી ગાથાની ટીકામાં શબ્દોને શબ્દબ્રહ્મ કહીને ગૌરવ પ્રદાન કરતાં થકા લખે છે - **ઈહ ખલુ સ્યાત્પદ-મુદ્રિત-શબ્દ-બ્રહ્મોપાસન-જન્મા.** કલ્પના કરો-જો આ જગતમાં શબ્દ ન હોત તો જગતનું શું સ્વરૂપ હોત? ત્યારે ન માત્ર દિવ્યધ્વનિ, પરંતુ આચાર્યોના ધર્મોપદેશ, લખેલી જિનવાણી તથા પરસ્પર વચન-વ્યવહાર આદિ બધાંનો લોપ થઈ જશે, સંપૂર્ણ સૃષ્ટિ ગૂંગી થઈ જશે. તેથી ન માત્ર તીર્થની પ્રવૃત્તિ, પરંતુ લોક-વ્યવહારમાં પણ શબ્દોનું વિશેષ મહત્ત્વ છે.

નૈગમાદિ સાત નયોમાં પણ શબ્દનયનો પૃથક્ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ત્યાં શબ્દનયના સ્વરૂપનું વિશેષ ભેદ-પ્રભેદ સહિત વર્ણન કરવામાં આવ્યું છે. સપ્ત નયોના પ્રકરણમાં તેની વિશેષ ચર્ચા કરવામાં આવશે.

## અર્થનય

અર્થાત્મક વસ્તુ અર્થાત્ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાવાળું જ્ઞાન અર્થનય છે. પોતાની ત્રિકાળવર્તી પર્યાયો સહિત જગતના સમસ્ત પદાર્થ, અર્થ હોવાથી અર્થનયના વિષય છે, તેથી શબ્દનયની અપેક્ષાએ અર્થનયનો વિષય અનંતગણો વધારે છે.

જો અર્થનયની સત્તા ન માનવામાં આવે તો તેના વિષયભૂત પદાર્થોનો સદ્ભાવ પણ સિધ્ધ નહીં થઈ શકે, તેથી પદાર્થોના અભાવમાં તેને જાણવાવાળાં જ્ઞાનનો પણ અભાવ માનવો પડશે. જ્યારે પદાર્થોને જાણવાવાળું જ્ઞાન જ નહીં રહેશે તો શેષ જગતની સત્તા હોવી-ન હોવી, એક જેવું જ થઈ જાય છે. આ રીતે પદાર્થોના જ્ઞાનના અભાવમાં

હેય-ઉપાદેયનું જ્ઞાન પણ નહીં થાય, જેનાથી મોક્ષમાર્ગ અને મોક્ષનો પણ લોપ થવાનો પ્રસંગ આવશે. સૌથી વિશેષ મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે જ્ઞેયાકાર જ્ઞાનનો અભાવ માનવાથી જ્ઞાન અને જ્ઞેય બંનેના અભાવનો પ્રસંગ આવવાથી સર્વલોપનો પ્રસંગ આવે છે, જે કોઈને પણ ઈષ્ટ નથી. તેથી અર્થનયની ઉપયોગિતા અસંદિગ્ધ છે.

## જ્ઞાનનય

જ્ઞાનની પર્યાયમાં ઝલકવાવાળા બધાં પદાર્થ જ્ઞાનાત્મક વસ્તુ છે તથા જ્ઞાનાત્મક વસ્તુને જાણવાવાળું જ્ઞાન, જ્ઞાનનય છે. જ્ઞાનાત્મક વસ્તુ, જ્ઞાનનું જ જ્ઞેયાકાર પરિણમન હોવાથી જ્ઞાન જ છે, તેથી જ્ઞાનનયનો વિષય પણ જ્ઞાન જ છે. જે રીતે શબ્દનયથી અર્થનયનો વિષય અધિક (વધારે-વિશેષ) છે, તે જ રીતે અર્થનયથી વિશેષ વિષય જ્ઞાનનયનો છે, કારણ કે તે સત્ પદાર્થો સંબંધી જ્ઞાનને તો પોતાનો વિષય બનાવે જ છે, અસત્ કલ્પનાઓને પણ તે પોતાનો વિષય બનાવે છે.

લોકમાં વિદ્યમાન વસ્તુઓ તો જ્ઞાનનો વિષય બને જ છે, પરંતુ જેની સત્તા લોકમાં છે જ નહીં - એવા અસત્ પદાર્થોની કલ્પના પણ જ્ઞાનમાં ઉત્પન્ન થાય છે અને તે બધાંને જ્ઞાન જાણે છે.

અખબારોમાં છપાતા કાર્ટૂન ચિત્રો/કાર્ટૂન ફિલ્મોના માધ્યમથી ચિત્રકારોના જ્ઞાનમાં ઉત્પન્ન થવાવળી કલ્પનાનું અનુમાન સહજ થઈ જાય છે. જગતની કલ્પનાઓમાં રાવણના દશ-મુખ, વિભિન્ન દેવી-દેવતાઓના વિચિત્ર રૂપ તથા આપણને સહુને પણ સ્વપ્નમાં આવતાં અટપટાં અને અસંભવ દ્રશ્યો-આ બધું કલ્પના લોક જ છે, જે જ્ઞાનમાં ઝલકે છે અને જ્ઞાનનયનો વિષય બને છે.

જ્ઞાનલોકમાં બનવાવાળા આ કાલ્પનિક પદાર્થોનો પ્રભાવ એટલો સશક્ત છે કે તેના આધાર પર વર્ષોથી અનેક રીતિ-રિવાજ, પરંપરા તથા મોટા-મોટા ઉત્સવોનું આયોજન જગતમાં પ્રચલિત છે,

જેના પર કરોડો લોકોનો સમય, શક્તિ, ધન તથા જીવન પણ સમર્પિત થઈ રહ્યું છે.

જો કે વાસ્તવિક જગતમાં આ કાલ્પનિક વસ્તુઓની સત્તા નથી, તેથી તેને અસત્ કહેવામાં આવે છે; છતાં પણ જ્ઞાનમાં તેની જ્ઞાનાત્મક સત્તા તો થઈ જ જાય છે, તેથી આ જ્ઞાનાત્મક સત્તાઓને કથંચિત્ સત્ પણ કહી શકાય છે.

જ્ઞાનનય જ્ઞાનમાં ઝલકવાવાળા પદાર્થો અર્થાત્ જ્ઞેયાકાર જ્ઞાનને જ જાણે છે. આ તથ્ય, જ્ઞાનના સ્વ-પર પ્રકાશક સ્વભાવનું રહસ્ય ખોલીને, આત્માનુભૂતિના માર્ગને સરળ બનાવી દે છે. પૂજ્ય ગુરૂદેવશ્રીના પ્રવચનોમાં જ્ઞાનનયનું આ રહસ્ય, તેમની સાદી અને ગંભીર ભાષામાં આ શબ્દોમાં અનેકવાર વ્યક્ત થાય છે-**ખરેખર આત્મા પરને નથી જાણતો, પર-સંબંધી પોતાની જ્ઞાનપર્યાયને જાણે છે.**

જ્ઞાનમાં થવાવાળું જ્ઞેયાકાર પરિણમન ખરેખર તો જ્ઞાન જ છે, જ્ઞેય નથી. અહીંયા આ વાત પણ વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે જ્ઞેયાકાર પરિણમન પણ જ્ઞેયથી નિરપેક્ષ અને સ્વતંત્ર છે; અર્થાત્ જેવું જ્ઞેય છે, તેવું જ જ્ઞાન થાય-એ જરૂરી નથી, પરંતુ જ્ઞાનની જેવી તત્સમયની યોગ્યતા હોય છે, તેવું જ્ઞેયાકાર પરિણમન થાય છે અર્થાત્ જ્ઞેય જાણવામાં આવે છે, જ્ઞેય ભલે તેવું હોય કે ન હોય. રસ્સી (દોરડાં) ના સંબંધમાં ભ્રમથી થવાવાળા સર્પના જ્ઞાનથી તથા જ્ઞાનમાં જ્ઞાત થવાવાળી અસત્કલ્પનાઓથી આ વાત સારી રીતે સમજી શકાય છે. **જરા વિચારો! જ્ઞેયાકાર પરિણમન જ જ્ઞેયને જાણવું છે અને જ્ઞેયાકાર પરિણમન જ્ઞાન જ છે, તેથી જ્ઞેયને જાણવું ખરેખર જ્ઞાનને જ જાણવું શા માટે ન કહેવામાં આવે?**

અર્થનયથી જોવામાં આવે તો જ્ઞાન, દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુને જાણે છે-આ જ્ઞાનનું પર-પ્રકાશક સ્વરૂપ છે અને જો જ્ઞાનનયથી જોવામાં આવે તો તે જ્ઞાન, જ્ઞાનમાં થવાવાળા પ્રતિબિંબ અર્થાત્

જ્ઞેયાકાર જ્ઞાનને જ જાણે છે-આ જ્ઞાનનું સ્વ-પ્રકાશક સ્વરૂપ છે. આ રીતે અર્થનયની અપેક્ષાએ જ્ઞાન પર-પ્રકાશક છે અને જ્ઞાનનયની અપેક્ષાએ જ્ઞાન સ્વ-પ્રકાશક છે. **જો જ્ઞાન, પર ને જાણતું જ નથી - એમ કહેવામાં આવે તો અર્થનયનો અભાવ થાય છે તથા પરને જાણતું થકું જ્ઞાન, ખરેખર પોતાના જ્ઞેયાકાર (જ્ઞાન) સ્વરૂપનું પ્રકાશન કરે છે - એવું ન માનવામાં આવે તો જ્ઞાનનયનો અભાવ થાય છે.**

જ્ઞાનના પરિણમનને જ્ઞેયાકાર કહેવું અર્થાત્ જ્ઞેયના નામથી કહેવું, પર-સાપેક્ષ કથન હોવાથી વ્યવહાર છે તથા જ્ઞેયાકાર જ્ઞાન, જ્ઞાન જ છે - એમ કહેવું સ્વાશ્રિત હોવાથી પરમાર્થ છે, જો કે વ્યવહાર દ્વારા પ્રતિપાદ્ય છે અને વ્યવહારનો નિષેધક છે.

જ્ઞાનમાં પ્રતિબિંબિત થવાવાળા જ્ઞેયોનું વિશ્લેષણ કરતા થકા ડૉ. હુકમચંદ ભારિલ્લ, પરમભાવપ્રકાશક નયચક્ર, પાના નં. ૨૩૬ પર લખે છે -

**દર્પણમાં પ્રતિબિંબિત મોર, મોર તો છે જ નહીં, મોરનું પરિણમન પણ નથી, દર્પણની જ સ્વચ્છ અવસ્થા છે, દર્પણનું જ પરિણમન છે. તેને જાણવાવાળાં જ્ઞાનનું જ્ઞેય પણ દર્પણ છે, દર્પણની નિર્મળ અવસ્થા છે, મોર નથી.**

**આ જ રીતે જ્ઞાનમાં પ્રતિબિંબિત થવાવાળા સત્-અસત્ પદાર્થ, તત્સંબંધી વિકલ્પ-સંકલ્પ-કલ્પનાઓ જ્ઞાન જ છે, જ્ઞાનનું જ પરિણમન છે, જ્ઞાનની સિવાય કાંઈ નથી. તેને જાણવાવાળા 'જ્ઞાનનું જ્ઞેય, તે જ્ઞાન જ છે, જ્ઞાનપર્યાય જ છે, તે જ્ઞેયરૂપ જ્ઞાનમાં ઝલકવાવાળા અન્ય પદાર્થ નથી.'**

**આવી સ્થિતિ હોવા છતાં પણ જે રીતે મોરમાં મુગ્ધ લોકો, દર્પણમાં પ્રતિબિંબિત મોરને જોઈને તેને દર્પણ ન કહીને મોર જ કહી દે છે; તે જ રીતે જ્ઞાનપર્યાયમાં પ્રતિબિંબિત સત્-અસત્ જ્ઞેયોને જોઈને, તે જ્ઞાનપર્યાયને તેમાં પ્રતિબિંબિત જ્ઞેયોનું રૂપ પણ કહી દેવામાં આવે છે.**

**આ જ કારણ છે કે ગાયને જાણવાવાળા જ્ઞાનને પણ ગાય કહી દેવામાં આવે છે. લોકમાં પણ આવા પ્રયોગ અપ્રચલિત નથી. દર્પણમાં પ્રતિબિંબિત કે દીવાર ઉપર ચિત્રેલ મોરને જોઈને આપણે કહી જ દઈએ છીએ કે જુઓ! કેટલો સુંદર મોર છે.**

ઉક્ત વિવેચનથી સ્પષ્ટ છે કે જ્ઞાનમાં પ્રતિબિંબિત ગાયને ગાય કહેવામાં આવે તો એમ કહેવામાં આવે છે કે જ્ઞાન, ગાયને જાણી રહ્યું છે અને જો તે જ્ઞાનમાં પ્રતિબિંબિત ગાયને જ્ઞાન કહેવામાં આવે તો એમ કહી શકાય કે જ્ઞાન, જ્ઞાનને જાણી રહ્યું છે.

*આ રીતે જ્ઞાનના જ્ઞેયાકાર પરિણમનમાં જ સ્વ-પર બંનેનું પ્રકાશન છે, જે જ્ઞાનનો સહજ સ્વભાવ છે. ભેદજ્ઞાનપૂર્વક નિર્વિકલ્પ અનુભૂતિના કાળમાં સ્વભાવમાં એકાગ્રતારૂપ પુરૂષાર્થના સમયે જે સ્વ-લક્ષ્ય છે, તે સમયે પણ જ્ઞાન પર્યાય, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને તથા પોતાના સ્વ-પરપ્રકાશક સ્વરૂપને પ્રકાશિત કરે છે તથા ધારણારૂપ મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં અન્ય જ્ઞેયોનું જાણવું પણ સહજ થતું રહે છે.*

**પ્રશ્ન** : જ્ઞાન, પોતાનામાં થવાવાળા જ્ઞેયાકારો અર્થાત્ પદાર્થોના પ્રતિબિંબોને જાણે છે તો પદાર્થોને પ્રતિબિંબિત કરવાવાળું જ્ઞેયાકાર જ્ઞાન અને તેને જાણવાવાળું જ્ઞાન, બંને ભિન્ન-ભિન્ન છે કે એક જ છે?

**ઉત્તર** : ખરેખર તો જ્ઞેયાકારરૂપ પરિણમિત જ્ઞાન, પોતાનું જ્ઞાનસ્વરૂપ જ છે, તેથી બંને એક જ છે. જ્ઞેયાકારરૂપ પરિણમન કરવું, જ્ઞેયને જાણવું, પોતાના જ્ઞાનસ્વભાવને પ્રકાશિત કરવું તથા જ્ઞેયોનું જ્ઞાનમાં ઝલકવું આદિ ભિન્ન-ભિન્ન પદ્ધતિઓ/કથન ભેદોના માધ્યમથી એક જ પ્રક્રિયાને સંબોધિત કરે છે. જ્ઞાન, જો સ્વયંને ન જાણે તો પોતાનામાં પ્રતિબિંબિત થવાવાળા પદાર્થોને શી રીતે જાણી શકે? ન્યાયદીપિકામાં કથિત એક વાક્યમાં આ વાત ખૂબ જ સારી

રીતે અભિવ્યક્ત થાય છે, તે વાક્ય છે -

**સ્વાઽવભાસનાઽશક્તસ્ય પરાઽવભાસકત્વાઽયોગાત્।**

અર્થાત્ જે સ્વ-અવભાસનમાં અસમર્થ છે, તે પરનું અવભાસન નથી કરી શકતા. પરીક્ષામુખ સૂત્ર, અધ્યાય ૧ ના **સ્વાઽપૂર્વાર્થ-વ્યવસાપ્તત્મકં જ્ઞાનં પ્રમાણમ્, કર્મવત્ કર્તૃકરણક્રિયાપ્રતીતેઃ** તથા ''**ઘટમહમાત્મના વેદ્મિ** - આ સૂત્રોથી પણ વાત સિધ્ધ થાય છે. અભેદમાં ભેદ કર્યા વિના તેનું કથન નથી થઈ શકતું, માટે એ કહેવું પડે છે કે જ્ઞાન પોતાનામાં જ્ઞેયાકારોને જાણે છે. જ્ઞેયાકાર તથા તેના જાણવાવાળા જ્ઞાનને એક બતાવવાવાળા મુમુક્ષુ સમાજમાં પ્રચલિત આધ્યાત્મિક ભજનની આ પંક્તિ ધ્યાન આપવા યોગ્ય છે -

**જ્ઞેયાકાર જ્ઞાન મેં ભી, કલાકાર જ્ઞાન હૈ,**
**જ્ઞાન મેં જો જ્ઞાન જાને, વહી ભગવાન હૈ.**

જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ અત્યંત ગંભીર અને ઉપયોગી વિષય છે, જેના ઉપર પૃથક વિચાર-વિશ્લેષણ અપેક્ષિત છે. અહીંયા તો માત્ર જ્ઞાનનયના સંદર્ભમાં આ જરૂરી સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે, જેને સમજીને પોતાના જ્ઞાયકસ્વભાવનું અવલંબન લેવું જ શ્રેયસ્કર છે.

### અભ્યાસ-પ્રશ્ન

1. અર્થાત્મક, શબ્દાત્મક અને જ્ઞાનાત્મક વસ્તુનું સ્વરૂપ અને ઉપયોગિતા સ્પષ્ટ કરો.
2. અર્થનય અને જ્ઞાનનયના સંદર્ભમાં જ્ઞાનના સ્વ-પરપ્રકાશક સ્વભાવનું વિવેચન કરો.

# 16

## નૈગમાદિ સપ્ત નય

મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયમાં નૈગમાદિ સાત નયોનો સ્વતંત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[1] જ્યારે તેની ટીકાઓ તથા ધવલા ટીકા આદિમાં આ સાત નયોને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયોના ભેદના રૂપમાં પણ બતાવવામાં આવ્યા છે. ધવલા ટીકાનું તે કથન આ પ્રમાણે છે –

આ રીતે તે નય બે પ્રકારના છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં જે દ્રવ્યાર્થિકનય છે, તે ત્રણ પ્રકારના છે–નૈગમ, સંગ્રહ અને વ્યવહાર. પર્યાયાર્થિકનય ચાર પ્રકારના છે–ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. ઉપરોક્ત ભેદ વિગત અધ્યાયમાં વર્ણવેલ ભેદોથી ભિન્ન છે.

આ સાત નયોનું સ્વરૂપ, ભેદ–પ્રભેદ, પ્રયોગ તથા ઉપયોગિતા આદિ બધાં મુદ્દાઓ પર શ્લોકવાર્તિક, સર્વાર્થસિધ્ધિ, કાર્તિકેયાનુપ્રેક્ષા, ધવલા ટીકા, દ્રવ્ય–સ્વભાવપ્રકાશક નયચક્ર તથા પરમભાવપ્રકાશક નયચક્રમાં વિસ્તૃત વિવેચન ઉપલબ્ધ છે, તેથી અહીંયા તેની વ્યાખ્યા પ્રયોગ તથા ઉપયોગિતા ઉપર સંક્ષિપ્ત ચર્ચા કરવામાં આવી રહી છે.

### નૈગમનય

શ્લોકવાર્તિક, નય–વિવરણ, શ્લોક ૩૧માં સંકલ્પ માત્રના ગ્રાહકને નૈગમનય કહ્યો છે. આ સંદર્ભમાં આચાર્ય પૂજ્યપાદ લખે

---

૧. તત્ત્વાર્થ સૂત્ર, અધ્યાય ૧, સૂત્ર ૩૩

છે-અનિષ્પન્ન અર્થમાં સંકલ્પ માત્રને ગ્રહણ કરવાવાળો નૈગમનય છે. જેમ કે-હાથમાં ફરસી લઈને જતા કોઈ પુરૂષને જોઈ અન્ય પૂછે છે-તમો કયા કામથી જઈ રહ્યા છો? તો તે કહે છે-પ્રસ્થ[1] લેવા જઈ રહ્યો છું. જો કે તે સમયે તેના હાથમાં પ્રસ્થ નથી, ફરસી છે, છતાંય તેનો ઉદ્દેશ લાકડા કાપીને, પ્રસ્થ બનાવવાનો છે, માટે 'પ્રસ્થ' લાવવાના વચનનો પ્રયોગ કરવામાં આવે છે.

સ્વામી કાર્તિકેય, કાળની અપેક્ષાએ નૈગમનયના ત્રણ ભેદ બતાવતા થકા કહે છે-જે નય ભૂત, ભવિષ્ય અને વર્તમાનને વિકલ્પરૂપથી સાધે છે, તે નૈગમનય છે.[2]

આ વ્યાખ્યાના આધાર ઉપર નૈગમનય ત્રણ પ્રકારના કહ્યા છે - (૧) ભૂત નૈગમનય (૨) વર્તમાન નૈગમનય અને (૩) ભાવી નૈગમનય.

અહીંયા દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૨૦૫-૨૦૭ના આધાર પર આનું સ્પષ્ટીકરણ કરવામાં આવી રહ્યું છે -

1. **ભૂત નૈગમનય** - જે કાર્ય થઈ ગયું હોય, તેનો વર્તમાનકાળમાં આરોપ કરવો, ભૂત નૈગમનય છે. જેમ કે આજના દિવસે ભગવાન મહાવીરનો નિર્વાણ થયો હતો. અહીંયા ભૂતકાળમાં ઘટેલ ઘટનાનો વર્તમાનમાં સંકલ્પ કરવામાં આવી રહ્યો છે, એ જ સંકલ્પ કરવાવાળું જ્ઞાન, નૈગમનય છે.

આપણા સામાજીક જીવનમાં પણ આ નયનો પ્રયોગ, ઘણો પ્રચલિત છે. જો આ નયનો સ્વીકાર ન કરવામાં આવે તો દીવાળી, મહાવીર જયંતી, રક્ષાબંધન આદિ પર્વ મનાવવા તથા પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આદિ આયોજીત કરવા શક્ય નહીં થઈ શકે. સેવા-નિવૃત્ત જજને પછી પણ જજ કહેવાનો રિવાજ જગતમાં છે

૧. અનાજ માપવા માટેનું લાકડાનું સાધન

૨. કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૫૭૧

જ. નૈગમનયની વ્યાખ્યામાં પ્રયુક્ત 'અનિષ્પન્ન' શબ્દને ભૂત નૈગમનયમાં ઘટિત કરતાં સમયે ભૂતકાળમાં કાર્ય નિષ્પન્ન થઈ ગયું છે, વર્તમાનમાં નિષ્પન્ન નથી થઈ રહ્યું–આ અપેક્ષાથી તેને અનિષ્પન્ન કહેવામાં આવે છે.

2. **વર્તમાન નૈગમનય** – જે પ્રારંભ થઈ ગયેલી રાંધવાની આદિ ક્રિયાને લોકોને પૂછતાં સિધ્ધ અથવા નિષ્પન્ન કહે છે, તે વર્તમાન નૈગમનય છે.

ભોજન બનાવવાની તૈયારી કરતાં સમયે અર્થાત્ અગ્નિ, પાણી આદિનો સંગ્રહ કરતા સમયે અથવા દાળ–ભાત વગેરે ધોતાં વ્યક્તિને એમ પૂછવામાં આવે કે તમો શું કરી રહ્યા છો? અને તે કહે કે, 'હું ભોજન બનાવી રહ્યો છું' તો આ કથન વર્તમાન નૈગમનયનું છે.

શાસ્ત્રી પદવી ભણતાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીને શાસ્ત્રી કહેવો, આ જ નયનો પ્રયોગ છે. સમ્મેદ્શિખરની જાત્રા ઉપર જતા સમયે રેલ્વે સ્ટેશન જવા માટે રિક્ષામાં બેસેલી વ્યક્તિ, આ જ નયનો પ્રયોગ કરતાં થકા કહે છે કે, 'હું શિખરજી જઈ રહ્યો છું.'

3. **ભાવી નૈગમનય** – જે અનિષ્પન્ન ભાવી પદાર્થને નિષ્પન્નની રીતે કહે છે, તેને ભાવી નૈગમનય કહે છે. જેમ કે, અપ્રસ્થને પ્રસ્થ કહેવું.

વર્તમાન નૈગમનયમાં તો પ્રારંભ થઈ ગયેલા કાર્યમાં તેની પૂર્ણતાના સંકલ્પનું જ્ઞાન કરવામાં આવે છે, જ્યારે ભાવી નૈગમનયમાં કાર્યની શરૂઆત જ નથી થઈ, માત્ર તેને કરવાનો સંકલ્પ માત્ર કર્યો છે. આ સંકલ્પ જ ભાવી નૈગમનયનો વિષય બને છે.

આ નય, સંકલ્પ માત્રને ગ્રહણ કરે છે. જગતમાં તેવી ઘટના પૂર્વે બની છે કે નથી બની, બનશે કે નહીં – એનાથી આને કાંઈ પણ પ્રયોજન નથી. આની દુનીયા સંકલ્પોમાં ઘડાયેલી ઘટનાઓ છે.

સંકલ્પ-જગતમાં તો એ બધું કાંઈક વર્તમાનમાં ઘટિત થઈ જ રહ્યું છે, જે આ નય કહે છે, ભલે ને તે કાર્ય, વસ્તુ-જગતમાં અનિષ્પન્ન હોય.

જે પત્થરમાંથી મૂર્તિ બનાવવાનું નિશ્ચિત થઈ ગયું છે, તે પત્થરને બતાવીને એમ જ કહેવામાં આવે છે કે **આ રહી તમારા ઓર્ડરની મૂર્તિ**. ભાવી ચોવીસીના તીર્થંકરોની પ્રતિષ્ઠા પણ આ જ નયનો પ્રયોગ છે.

ધવલામાં કહેવામાં આવ્યું છે કે કોઈ મનુષ્યને પાપી લોકોનો સંગ કરતા જોઈ નૈગમનયથી કહેવામાં આવે છે કે આ પુરૂષ, નારકી છે.[1] જો કે પાપી પુરૂષોની સંગત કરવાવાળો વ્યક્તિ, નરક જવાની ઈચ્છા નથી રાખતો, છતાં પણ તેના વર્તમાન પરિણામ જોઈને, જ્ઞાનીજનોના ચિત્તમાં તેના ભવિષ્યના સમયની કલ્પના ઉભી થાય છે, તેથી તે તેને ભાવી નૈગમનયથી નારકી કહી દે છે.

નૈગમનયની ઉપરોક્ત વ્યાખ્યા જ્ઞાનનયની અપેક્ષાથી છે. અર્થનયની અપેક્ષાથી પણ નૈગમનયનો વિચાર જિનાગમમાં કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં આચાર્ય વિદ્યાનંદી[2] લખે છે -

અથવા 'નૈકં ગમો નૈગમઃ' - આ સૂત્ર પ્રમાણે, જે એકને વિષય નથી બનાવતો, તે નૈગમનય છે. અર્થાત્ જે મુખ્ય-ગૌણ રૂપથી બે ધર્મને, બે ધર્મીઓને અથવા ધર્મ તથા ધર્મી બંનેને વિષય બનાવે છે, તે નૈગમનય છે.

અહીંયા સર્વાર્થસિધ્ધિ વચનિકાનો આ પ્રશ્નોત્તર પણ ધ્યાન આપવા યોગ્ય છે -

**પ્રશ્ન** : બે ધર્મો અથવા ધર્મ અને ધર્મી બંનેને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને પ્રમાણ કહેવું જોઈએ, તેને નૈગમનય કઈ રીતે કહી શકીએ છીએ?

---

૧. જૈનેન્દ્ર સિધ્ધાંત કોષ, ભાગ-૨, પાનું. ૫૨૭

૨. નય-વિવરણ, શ્લોક ૩૫, શ્લોકવાર્તિક

**ઉત્તર** : પ્રમાણ બંનેને પ્રધાન કરે છે, પરંતુ આ નૈગમનય બંનેમાંથી એકને પ્રધાન કરે છે અને એકને ગૌણ કરે છે-એમ વિશેષ ફરક જાણવો જોઈએ.

ઉપરોક્ત કથનથી એ સ્પષ્ટ થાય છે કે અર્થનયની અપેક્ષાએ નૈગમનય ત્રણ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુને વિષય બનાવે છે -

(૧) બે ધર્મીઓમાં એકતાનો સંકલ્પ (૨) બે ધર્મોમાં એકતાનો સંકલ્પ અને (૩) ધર્મ તથા ધર્મીમાં એકતાનો સંકલ્પ. આને અનુક્રમે ૧. દ્રવ્ય નૈગમનય ૨. પર્યાય નૈગમનય તથા ૩. દ્રવ્ય-પર્યાય નૈગમનય પણ કહેવામાં આવે છે. આ ત્રણ નયોના અનુક્રમે ૨,૩ અને ૪ ભેદ હોય છે.

નીચે બતાવેલ કોષ્ટકમાં આ નવ ભેદોના નામ આપવામાં આવી રહ્યા છે. એનું વિસ્તૃત વિવેચન, શ્લોકવાર્તિક, સર્વાર્થસિદ્ધિ વચનિકા, અધ્યાય ૧, સૂત્ર ૩૩ની ટીકા તથા દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, પરિશિષ્ટ-૨, નય-વિવરણ, પાના નં. ૨૩૮-૨૪૫ થી જાણવું જોઈએ.

| | |
|---|---|
| **અ. દ્રવ્ય નૈગમનય** | 1. શુધ્ધદ્રવ્ય નૈગમનય |
| | 2. અશુદ્ધદ્રવ્ય નૈગમનય |
| **બ. પર્યાય નૈગમનય** | 3. અર્થપર્યાય નૈગમનય |
| | 4. વ્યંજનપર્યાય નૈગમનય |
| | 5. અર્થ-વ્યંજનપર્યાય નૈગમનય |
| **ક. દ્રવ્ય-પર્યાય નૈગમનય** | 6. શુદ્ધદ્રવ્ય-અર્થપર્યાય નૈગમનય |
| | 7. અશુદ્ધદ્રવ્ય-અર્થપર્યાય નૈગમનય |
| | 8. શુદ્ધદ્રવ્ય-વ્યંજનપર્યાય નૈગમનય |
| | 9. અશુદ્ધદ્રવ્ય-વ્યંજનપર્યાય નૈગમનય |

આ રીતે નૈગમનયના જ્ઞાનનયની અપેક્ષાએ ૩ તથા અર્થનયની અપેક્ષાએ ૯, કુલ ૧૨ ભેદ જાણવા જોઈએ. આગમના આધાર ઉપર આના બીજા પણ ભેદ કરી શકાય છે.[1] આ અત્યંત વ્યાપક નય છે, જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ સમસ્ત અર્થાત્મક જગત તથા ભૂત-વર્તમાન-ભવિષ્યરૂપ જ્ઞાનાત્મક જગત સમાઈ જાય છે.

## સંગ્રહનય

સમસ્ત પદાર્થોની ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તા માત્રને ગ્રહણ કરવાવાળું જ્ઞાન, સંગ્રહનય કહેવાય છે. શ્લોકવાર્તિકમાં આચાર્ય વિદ્યાનંદિજી લખે છે -

**પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ દ્વારા પોતાની જાતિનો વિરોધ ન કરતાં થકા, બધાં વિશેષોનું એકત્વરૂપથી ગ્રહણ કરવું, સંગ્રહનય છે.**[2] સત્તા એક એવી વિશેષતા છે, જેના આધાર પર સંપૂર્ણ વિશ્વનો (અલોકસહિત) સંગ્રહ કરવામાં આવી શકે છે.

અહીંયા સંગ્રહ કરવા માટે બહારમાં કાંઈ કરવાનું નથી, જ્ઞાનમાં સંપૂર્ણ વિશ્વને માત્ર સત્ રૂપથી જાણવાનું છે અર્થાત્ સમસ્ત દ્રવ્યોના જાતિગત ભેદને ગૌણ કરીને સત્તા માત્રને મુખ્ય કરીને જાણવાનું છે.

વિશ્વના બધાં પદાર્થોની સંયુક્ત સત્તાને મહાસત્તા કહેવામાં આવે છે તથા પ્રત્યેક દ્રવ્યની ભિન્ન-ભિન્ન સત્તાને અવાન્તર સત્તા કહેવામાં આવે છે. મહાસત્તાને જાણવાવાળું જ્ઞાન, શુદ્ધ સંગ્રહનય, સામાન્ય સંગ્રહનય અથવા પર સંગ્રહનય કહેવામાં આવે છે અને અવાન્તર સત્તાને જાણવાવાળું જ્ઞાન, અશુદ્ધ સંગ્રહનય, વિશેષ

૧ જુઓ-નય વિવરણ, પાનું.૨૩૯, અહીંયા અર્થપર્યાય નૈગમનયના ૩, વ્યંજનપર્યાય નૈગમનયના ૬ અને અર્થ-વ્યંજનપર્યાય નૈગમનયના ૩ તથા દ્રવ્ય-પર્યાય નૈગમનયના ૮ ભેદ કરવામાં આવ્યા છે. આગળ જઈને તેઓએ પ્રત્યેક નૈગમનય સંબંધી નૈગમાભાસનું કથન પણ લીધું છે, જે મૂળપ્રતમાંથી વાંચવા યોગ્ય છે.

૨. નય-વિવરણ, શ્લોક ૬૩

સંગ્રહનય તથા અપર સંગ્રહનય કહેવામાં આવે છે.

**શુદ્ધ સંગ્રહનય**માં બધાં પદાર્થોની સત્તાનો સંગ્રહ કરીને, વિશ્વ-જગત આદિ શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે અને **અશુદ્ધ સંગ્રહનય**માં એક જ જાતિની અવાન્તર સત્તાઓનો સંગ્રહ કરીને જીવ, પુદ્‌ગલ આદિ શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. બધી સમૂહવાચક સંજ્ઞાઓનો પ્રયોગ અશુદ્ધ સંગ્રહનયનો પ્રયોગ છે. અર્હંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શ્રાવક, જ્ઞાની, અજ્ઞાની, પાપી, પુણ્યાત્મા, ભોગી, ત્યાગી આદિ હજારો શબ્દોના માધ્યમથી આપણે અશુદ્ધ સંગ્રહનયનો જ પ્રયોગ કરીએ છીએ, કારણ કે આ શબ્દો દ્વારા તેમના વાચ્યભૂત એક જાતિના અનેક પદાર્થોનું સામુહિક જ્ઞાન કરવામાં આવે છે.

જિનાગમમાં ૧૪ જીવસમાસ અથવા ૨૦ પ્રરૂપણાઓ કહેવામાં આવી છે. આ બધો અશુદ્ધ સંગ્રહનયનો જ પ્રયોગ છે. અહીંયા અશુદ્ધતાનો ઉદ્દેશ રાગાદિ વિકાર ન હોઈને મહાસત્તામાં ગર્ભિત ભેદોને ગ્રહણ કરવાથી છે. આ સંગ્રહનયનો વિષય, માત્ર એક જાતિ-વિશેષના પદાર્થોનો સમુદાય હોય છે, અન્ય જાતિના પદાર્થ તેમની સીમાથી બહાર થઈ જાય છે, તેથી સંપૂર્ણ પદાર્થોનો સંગ્રહ નથી કરવામાં આવતો, આ જ અપૂર્ણતા જ તેની અશુદ્ધતા છે, જ્યારે શુદ્ધ સંગ્રહનયના વિષયમાં સંપૂર્ણ સૃષ્ટિ સમાઈ જાય છે, આ જ પૂર્ણતા જ તેની શુદ્ધતા છે.

'દ્રવ્ય' શબ્દથી સમસ્ત દ્રવ્યોનો, 'ગુણ' શબ્દથી સમસ્ત ગુણોનો તથા 'પર્યાય' શબ્દથી સમસ્ત પર્યાયોનો સંગ્રહ કરવો પણ અશુદ્ધ સંગ્રહનય કે અપર સંગ્રહનય છે.

*દ્રવ્યની જેમ ક્ષેત્ર, કાળ અને ભાવોના સંગ્રહના પ્રયોગ પણ આપણા જીવનમાં જોવામાં આવે છે. ગામ, નગર, દેશ આદિ શબ્દોથી આકાશના વિશેષ 'પ્રદેશોનો સંગ્રહ' કરીને સંબોધિત કરવામાં આવે છે. કાળના પણ 'એક સમયવર્તી અનેક અંશોનો સંગ્રહ' કરીને*

*ઘડી, કલાક, દિવસ, મહીનો, વર્ષ, શતાબ્દી આદિનો પ્રયોગ કરવામાં આવે છે. ભાવ ના અંતર્ગત જીવના પાંચ અસાધારણ ભાવોનું વર્ગીકરણ તત્ત્વાર્થ સૂત્ર, અધ્યાય ૨, સૂત્ર ૧ માં ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર, ઔદયિક અને પારિણામિકના રૂપમાં કરવામાં આવ્યું છે. એક જ પ્રકારના અનેક ભાવોનો સંગ્રહ કરીને જ આ વર્ગીકરણ સંભવ છે.*

આપણા લૌકિક જીવનમાં પણ સંગ્રહનયનો પ્રયોગ અનિવાર્ય છે. પરિવાર, સમાજ, રાષ્ટ્ર, કક્ષા, સેના, વિભિન્ન સંસ્થાઓ, ગ્રામ-સભા, નગર-નિગમ, વિધાન-સભા, સંસદ, સરકાર આદિ બધાં સમૂહ, સંગ્રહનયના પ્રયોગ છે, જેના વિના આપણે આપણા લૌકિક જીવનની કલ્પના પણ નથી કરી શકતા.

ઉપર્યુક્ત સમૂહ તો વ્યવસ્થાના આધાર પર કરવો જરૂરી છે, પરંતુ સંસ્કારો, વિચારો, રીતિ-રિવાજ, રહેણી-કરણી, ભાષા આદિના આધાર પર પણ આ માનવ-સમાજ હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, બૌદ્ધ, જૈન, દિગંબર, શ્વેતાંબર, ગુજરાતી, મરાઠી, હિંદી આદિ અનેક સમુદાયોમાં વિભક્ત છે. સંકીર્ણ વિચારધારાના આધાર ઉપર સ્થાપિત આ સમુદાય રાગ-દ્વેષની લાંબી પરંપરાને કારણે બની રહ્યા છે. અહીંયા માત્ર સંગ્રહનયના સ્વરૂપ અને વિભિન્ન પ્રયોગોનું પ્રકરણ છે, તેથી અમો રાગ-દ્વેષ સંબંધી પ્રકરણનો વિસ્તાર નથી કરી રહ્યા.

**પ્રશ્ન** : શુદ્ધ સંગ્રહનયનો વિષય પણ સત્ માત્ર છે અને દર્શનોપયોગ પણ સત્તા માત્રને ગ્રહણ કરે છે તો આ બંનેમાં શું ફરક છે?

**ઉત્તર** : શુદ્ધ સંગ્રહનય, અવાન્તર સત્તાને ગૌણ કરીને મહાસત્તાને મુખ્ય કરીને જાણે છે તથા તેમાં સત્તાના સ્વરૂપનો આકાર પણ જ્ઞાનમાં બને છે, જ્યારે દર્શનોપયોગ નિરાકાર હોય છે તથા તેમાં મુખ્ય-ગૌણ કરવાની પ્રક્રિયા નથી હોતી.

**પ્રશ્ન** : એકાંત અદ્વૈતવાદી પણ મહાસત્તાને સ્વીકાર કરે છે, તેમાં અને શુદ્ધ સંગ્રહનયમાં શું ફરક છે?

**ઉત્તર** : શુદ્ધ સંગ્રહનયમાં અવાન્તર સત્તાઓનો સર્વથા નિષેધ નથી, તેથી આ નય, સમ્યક્-એકાંત છે, જ્યારે એકાંત અદ્વૈતવાદી તેમનો સર્વથા નિષેધ કરવાથી મિથ્યા એકાંતી છે. સર્વાર્થસિદ્ધિ વચનિકા, અધ્યાય ૧, સૂત્ર ૩૩ ની ટીકામાં આને સંગ્રહાભાસ અથવા કુનય કહેતા થકા કહ્યું છે કે સાંખ્યમતી એકાંતથી પ્રધાનને, વ્યાકરણવાળા શબ્દાદ્વૈતને, વેદાંતી પુરૂષાદ્વૈતને અને બૌદ્ધમતવાળા સંવેદનાદ્વૈતને માને છે. આ બધાં નય, મિથ્યા-એકાંતવાદી છે.

આ રીતે સંગ્રહનયનો પ્રયોગ આપણા જીવનમાં અત્યંત ઉંડાણથી વ્યાપ્ત છે.

### વ્યવહારનય

કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૨૭૩ પ્રમાણે-જે નય, સંગ્રહનય દ્વારા અભેદરૂપથી ગૃહીત વસ્તુઓનો પરમાણુ સુધી ભેદ કરે છે, તે વ્યવહારનય છે.

સર્વાર્થસિદ્ધિ વચનિકા પ્રમાણે-સંગ્રહનયથી ગ્રહણ કરવામાં આવેલ વસ્તુ-સમૂહના વિધિપૂર્વક ભેદ, વ્યવહારનય કરે છે. કોઈ પૂછે છે વિધિ શું છે? તેને કહે છે-સંગ્રહનયથી ગ્રહણ કરવામાં આવેલ પદાર્થોથી શરૂ કરીને, તેના વિશેષોના આધાર ઉપર ભેદ કરવો જ વિધિ છે.[1]

દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૨૦૯ મુજબ – જે સંગ્રહનય દ્વારા ગૃહીત શુદ્ધ અથવા અશુદ્ધ અર્થનો ભેદ કરે છે, તે વ્યવહારનય છે. અશુદ્ધ અર્થનો ભેદ કરવાવાળો અશુદ્ધ વ્યવહારનય અને શુદ્ધ અર્થનો ભેદ કરવાવાળો શુદ્ધ વ્યવહારનય છે.

મહાસત્તા, શુદ્ધ સંગ્રહનયનો વિષય છે અને તેમાં જાતિવાચક

---

૧. સર્વાર્થસિદ્ધિ વચનિકા, અધ્યાય ૧, સૂત્ર ૩૩ની ટીકા

જીવ અને અજીવ-આ બે જાતિના દ્રવ્યોનો ભેદ કરવો, શુદ્ધ વ્યવહારનય છે. જીવ-પુદ્‌ગલાદિની અવાન્તર સત્તા અશુદ્ધ સંગ્રહનયનો વિષય છે અને જીવના સંસારી અને સિદ્ધ તથા અજીવના પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ-એમ પાંચ ભેદ કરવા, અશુદ્ધ, વ્યવહારનય છે.

અશુદ્ધ વ્યવહારનય દ્વારા કરવામાં આવેલ આ વિભાજન, અંતિમ અવિભાજ્ય અંશ સુધી કરી શકાય છે.

**પ્રશ્ન** : નૈગમાદિ સાત નયોમાં અંતર્ગત વ્યવહારનયમાં અને નિશ્ચય-વ્યવહારનયના અંતર્ગત વ્યવહારનયમાં શું અંતર છે?

**ઉત્તર** : સાત નયોમાં પ્રયુક્ત વ્યવહારનય, અનેક પદાર્થોના સંગ્રહમાં ભિન્ન-ભિન્ન લક્ષણોના આધાર પર ભેદ કરતા થકા અંતિમ અવિભાજ્ય એકમ સુધી અર્થાત્ સાદ્‌શ્ય-અસ્તિત્વથી સ્વરૂપ-અસ્તિત્વ સુધી પહોંચે છે. જ્યારે નિશ્ચય-વ્યવહારવાળો, વ્યવહારનય તે અંતિમ એકમના અન્ય એકમોથી કર્તા-કર્મ, સ્વ-સ્વામી આદિ સંબંધ સ્થાપિત કરે છે. આ વ્યવહાર, નિશ્ચયનો પ્રતિપાદક અને નિશ્ચય દ્વારા નિષેધ્ય છે. આ વ્યવહાર, અભેદ વસ્તુમાં ભેદ કરે છે તો બે ભિન્ન એકમોમાં સંબંધ પણ સ્થાપિત કરે છે.

સંગ્રહનય અને વ્યવહારનય, એકબીજાની વિરૂદ્ધ કાર્ય કરવા છતાં પણ એકબીજાના પૂરક છે. જો સંગ્રહનય, સંધિ કરે છે તો વ્યવહારનય, સંધિ-વિચ્છેદ કરે છે. જો સંગ્રહનય, સમાસ કરે છે તો વ્યવહારનય, સમાસ-વિગ્રહ કરે છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવહારનય-આ ત્રણે નયોને દ્રવ્યાર્થિક-નયની અંતર્ગત માનવામાં આવ્યા છે તો ઋજુસૂત્ર આદિ ચાર નયોને પર્યાયાર્થિકનયની અંતર્ગત માનવામાં આવ્યા છે. જો કે મહાસત્તાને વિષય બનાવવાવાળો સંગ્રહનય, શુદ્ધ દ્રવ્યાર્થિકનય અને તેમાં અવાન્તર સત્તાના ભેદને વિષય બનાવવાવાળો વ્યવહારનય અશુદ્ધ

દ્રવ્યાર્થિકનય કહેવાય છે, છતાં પણ સંગ્રહનયના શુદ્ધ સંગ્રહનય અને અશુદ્ધ સંગ્રહનય તથા વ્યવહારનયના પણ શુદ્ધ વ્યવહારનય અને અશુદ્ધ વ્યવહારનય-એમ બે ભેદ પણ કરવામાં આવ્યા છે.

*અહીંયા એ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે કે સમાનતાના આધાર પર અનેક વસ્તુઓમાં એકતા સ્થાપિત કરવા છતાં પણ પ્રત્યેક પદાર્થની સ્વતંત્ર સત્તા નષ્ટ નથી થઈ જતી. જો તેમની સ્વતંત્ર સત્તાનો સર્વથા નિષેધ કરવામાં આવે તો અદ્વૈતૈકાંતનો પ્રસંગ આવે છે જે જૈનશાસનમાં નિષેધ્ય છે.*

આ જ રીતે સર્વથા દ્વૈત પણ જૈનશાસનને અનિષ્ટ છે, કારણ કે અનેક વસ્તુઓની સ્વતંત્ર સત્તા, ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ તેમાં જાતિગત સમાનતાના આધાર પર સ્થાપિત કરવામાં આવેલ એકતા પણ સર્વથા કાલ્પનિક નથી. આની ઉપયોગિતા પર સંગ્રહનયના પ્રકરણમાં ચર્ચા કરી ચૂક્યા છીએ.

વ્યવસ્થા માટે સંગ્રહ અને વ્યવહાર બંને નય ઉપયોગી છે. સંગ્રહનય સમિષ્ટ (સમૂહ) તરફ લઈ જાય છે, તો વ્યવહારનય વ્યષ્ટિ (વ્યક્તિ) ની તરફ. જે રીતે લોકમાં વ્યક્તિ અને સમાજ બંને ઉપયોગી છે, તે જ રીતે આત્મહિતમાં નર-નારકાદિ પર્યાયોનું તથા તેમાં વિદ્યમાન (હાજર) સ્વતંત્ર જીવદ્રવ્યનું સ્વરૂપ જાણવું પરમ આવશ્યક છે.

**પ્રશ્ન** : મનુષ્યાદિ પર્યાયો કયા નયનો વિષય બને છે?

**ઉત્તર** : અઢી દ્વીપની બધી જાતિ, ભાષા, ધર્મ આદિના મનુષ્યને 'મનુષ્ય' શબ્દમાં સમાવેશ કરવામાં આવે તો આ સંગ્રહનયનો વિષય છે અને જો ત્રસજીવોના એક ભેદના રૂપમાં મનુષ્ય પર્યાયને જોવામાં આવે તો તે વ્યવહારનયનો વિષય છે. આ જ રીતે અન્ય પર્યાયોના સંબંધમાં પણ સમજી લેવું જોઈએ.

આ સંદર્ભમાં પરમભાવપ્રકાશક નયચક્ર, પાના નં. ૨૬૧-૨૬૨ ઉપર આપવામાં આવેલ સ્પષ્ટીકરણ ધ્યાન આપવા યોગ્ય છે, જે

આ પ્રમાણે છે -

**સાદ્રશ્યાસ્તિત્વથી લઈને સ્વરૂપાસ્તિત્વની વચ્ચે આવા અનેક મુદ્દાઓ છે, જે સંગ્રહ તથા વ્યવહાર બંનેય નયોના વિષય બને છે, પરંતુ બંને નયોના દ્રષ્ટિકોણ, અલગ-અલગ હોવાથી બંનેના મુખ પરસ્પર વિરૂધ્ધ જ રહે છે.**

**સંગ્રહનય સંગ્રહોન્મુખી છે અને વ્યવહારનય વિભાજનોન્મુખી. જ્યારે આપણે જીવોની ગતિઓની અપેક્ષાએ ચાર ભાગોમાં વિભાજીત કરીએ છીએ અને કહીએ છીએ કે જીવના ચાર પ્રકાર છે-દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી, ત્યારે 'મનુષ્ય', વ્યવહારનયનો વિષય બને છે, પરંતુ જ્યારે આપણે 'મનુષ્ય' શબ્દથી મનુષ્ય ગતિના સમગ્ર જીવોનો સંગ્રહ કરીએ છીએ, ત્યારે તે સંગ્રહનયનો વિષય બને છે.**

આ રીતે આપણે જોઈએ છીએ કે વિભિન્ન દ્રષ્ટિઓથી જોવા જઈએ તો મનુષ્ય, સંગ્રહ અને વ્યવહાર બંનેય નયોનો વિષય થઈ જાય છે.

સંગ્રહ-વ્યવહારના આ ચક્ર મધ્યે સ્થિત અસંખ્ય મુદ્દાઓને આપણે આપણી જરૂરિયાત પ્રમાણે ગ્રહણ કરતા રહીએ છીએ અને પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે તેના સંગ્રહ અને વ્યવહારપણાનો ઉપયોગ કર્યા કરીએ છીએ.

પરસ્પર વિરૂદ્ધ જોવામાં આવતા સંગ્રહનય અને વ્યવહારનય, પેલા બે વેપારી ભાઈઓ જેવા છે, જેમાં એક માલ ખરીદવાનું કાર્ય કરે છે અને બીજો વેચવાનું. જો કે ખરીદવાની અને વેચવાની ક્રિયાઓ પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થાય છે, છતાં પણ તેમાં પરસ્પર કોઈ વિરોધ નથી, પરંતુ તે એકબીજાની પૂરક ક્રિયાઓ છે, કારણ કે જો ખરીદવાવાળો ભાઈ જો માલ ખરીદી કરીને ન લાવે તો પછી વેચવાવાળો ભાઈ વેચશે શું? આ જ રીતે માલ વેચવામાં નહીં આવે તો ખરીદવા માત્રથી શું લાભ થવાનો છે? લાભ તો ખરીદવા-વેચવાની

બંને ક્રિયાઓ સંપન્ન થઈ જવાથી જ થવાનો છે. ખરીદવા-વેચવાની, વેચવાની-ખરીદવાની આ ક્રિયા, જેટલી વધારે થશે, લાભ પણ એટલો જ વધારે થવાનો છે.

આ જ રીતે વ્યવહારનય, સંગ્રહનય દ્વારા સંગૃહીત વિષયોને વિભાજીત કરે છે અને સંગ્રહનય, વ્યવહારનય દ્વારા વિભાજીત વિષયોને સંગૃહીત કરે છે. જો કે સંગ્રહ અને વિભાજનની આ ક્રિયાઓ, પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થાય છે, છતાં પણ તેમાં પરસ્પર કોઈ વિરોધ નથી, પણ તે એક-બીજાની પૂરક ક્રિયાઓ જ છે, કારણ કે જો સંગ્રહનય દ્વારા અનેક પદાર્થ સંગૃહિત નહીં કરવામાં આવે તો વ્યવહારનય, વિભાજન કોનું કરશે? આ જ રીતે જો વ્યવહારનય દ્વારા પદાર્થ વિભાજીત નહીં થાય તો સંગ્રહનય કોનો સંગ્રહ કરશે?

સંગ્રહ અને વિભાજનની આ ક્રિયા, જ્ઞાનમાં જેટલી વધારે સંપન્ન થાય છે, વસ્તુ-સ્વરૂપ પણ જ્ઞાનમાં એટલું જ વધારે સ્પષ્ટ પ્રતિભાસિત થાય છે.

## ઋજુસૂત્રનય

સામાન્યગ્રાહી દ્રવ્યાર્થિકનય ના ત્રણ ભેદ સંકલ્પગ્રાહી નૈગમનય, અદ્વૈતગ્રાહી સંગ્રહનય તથા દ્વૈતગ્રાહી વ્યવહારનયનું વર્ણન કર્યા પછી વિશેષગ્રાહી પર્યાયાર્થિકનયોના ચાર ભેદોમાં ઋજુસૂત્રનય પર વિચાર કરવાનો ક્રમ છે.

શ્લોકવાર્તિક, નય-વિવરણ, શ્લોક ૭૫ મુજબ-ઋજુસૂત્રનય મુખ્યરૂપથી ક્ષણ-ક્ષણમાં ધ્વસ્ત થવાવાળી પર્યાયોને વસ્તુરૂપથી વિષય કરે છે, હાજર હોવા છતાં પણ વિવક્ષા નહીં હોવાથી આમાં દ્રવ્યની ગૌણતા છે.

દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા ૨૧૦-૨૧૧માં ઋજુસૂત્ર-નયના બે ભેદોનો ઉલ્લેખ આ રીતે કરવામાં આવ્યો છે-જે દ્રવ્યમાં

એક સમયવર્તી અધ્રુવ પર્યાયને ગ્રહણ કરે છે, તેને **સૂક્ષ્મ ઋજુસૂત્રનય** કહે છે. જેમ, બધાં શબ્દ ક્ષણિક છે અને જે પોતાની સ્થિતિ સુધી રહેવાવાળી મનુષ્ય આદિ પર્યાયને એટલા સમય સુધી મનુષ્ય પર્યાયરૂપથી ગ્રહણ કરે છે, તે **સ્થૂલ-ઋજુસૂત્રનય** છે.

સૂક્ષ્મ ઋજુસૂત્રનય, એક સમયવર્તી અર્થપર્યાયને પોતાનો વિષય બનાવે છે, જેને શુદ્ધ ઋજુસૂત્રનય પણ કહે છે અને સ્થૂળ ઋજુસૂત્રનય અનેક સમયવર્તી વ્યંજનપર્યાયને પોતાનો વિષય બનાવે છે, જેને અશુદ્ધ ઋજુસૂત્રનય પણ કહે છે.

અહીંયા એ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે એક સમયવર્તી પર્યાય આપણા ક્ષયોપશમ જ્ઞાનનો વિષય નથી બની શકતી, તેને અનુમાન અથવા આગમ પ્રમાણથી જાણી શકાય છે, તેના માધ્યમથી જગતમાં કેટલાંક વ્યવહાર શક્ય નથી. એક સમયવર્તી પર્યાયો ધારાવાહીરૂપથી અસંખ્ય સમય સુધી થતી રહે, ત્યારે છદ્મસ્થ જીવોના જ્ઞાનનો વિષય બને છે. આ જ કારણ છે કે સ્થૂળ કે અશુદ્ધ ઋજુસૂત્રનયનો વ્યવહાર, અનેક પર્યાયોના સમૂહરૂપ વ્યંજન પર્યાયોના આધારથી જ ચાલે છે. જિનાગમમાં આમને પણ પર્યાય સંજ્ઞા આપવામાં આવી છે.

જો કે વાસ્તવિક વર્તમાન એક સમયનો જ હોય છે તથા દિવસ, મહિના, વર્ષ, શતાબ્દી આદિ સ્થૂળ કાળસૂચક એકમોમાં અનેક સમયોને સંગૃહીત કરીને તેમને પણ વર્તમાન કહેવાનો વ્યવહાર લોકમાં તો પ્રસિદ્ધ છે જ, જિનાગમમાં પણ માન્ય છે. ઋષભાદિ ચોવીસ તીર્થંકર હજારો-લાખો વર્ષો પહેલાં સિદ્ધ થઈ ગયા છે, પરંતુ આજે પણ તેઓને વર્તમાન ચોવીસીના તીર્થંકર કહેવાનો વ્યવહાર છે.

આ વાત પણ વિચારણીય છે કે કહેવા-સાંભળવામાં ભલેને સૂક્ષ્મ-ઋજુસૂત્રનયનો પ્રયોગ ન થતો હોય, પરંતુ સ્થૂળ કાર્યોની સંપન્નતામાં તેમાં સમાયેલ સૂક્ષ્મ કાર્યોને પણ સંપન્ન કરવા જ પડે છે,

તેને છોડી નથી શકાતા. ભોજન બનાવવું/કરવું, વ્યપાર કરવો અથવા મકાન બનાવવા આદિ સ્થૂળ કાર્યોના વિષયમાં જ કહેવા-સાંભળવાનો વ્યવહાર જગતમાં શક્ય છે. આમાં ગર્ભિત અતિ સૂક્ષ્મ વાતોના વિષયમાં કહેવું ન તો શક્ય છે અને ન વ્યવહારિક, પરંતુ આ કાર્યોને કરવામાં તેમના પ્રત્યેક સૂક્ષ્મ અંશોને પણ સંપન્ન કરવા પડે છે.

આ જ સ્થિતિ, ગતિ આદિ ક્રિયાઓમાં છે. કોઈ વ્યક્તિ, એક નગરથી બીજા નગરમાં જવા માટે એટલું જ કહેશે કે મારે દિલ્હીથી મુંબઈ જવું છે. તે ભલે જે સાધનથી અથવા જે ગતિથી જાય, એ બંને નગરોની વચ્ચેના એક-એક ઈંચનું અંતર તેને પાર કરવું જ પડશે.

કાળના પ્રયોગમાં પણ આ જ પ્રક્રિયા છે. કોઈ વ્યક્તિ એક વખતમાં જ કહી શકે છે કે હું ૬૦ વર્ષનો છું, પરંતુ ૬૦ વર્ષના થવામાં તેણે પ્રત્યેક વર્ષના ૩૬૫ દિવસ, પ્રત્યેક દિવસના ૨૪ કલાક તથા તેમાં સમાયેલ પ્રત્યેક કલાક, મિનિટ અને સેકંડ વ્યતીત કર્યા છે. આ રીતે એક સમય, એક પરમાણુ, એક પ્રદેશ આદિ સૂક્ષ્મ એકમો જો કે છદ્મસ્થના પ્રત્યક્ષ જ્ઞાન-ગમ્ય નથી, છતાં પણ આજના વૈજ્ઞાનિક અનુસંધાનોમાં એક સેકંડ અને મીલીમીટરના પણ હજારો ભાગની ગણતરી થાય છે.

તાત્પર્ય એ છે કે કથન સ્થૂળ હોવા છતાં પણ કાર્ય સંપન્ન થવામાં યથાસંભવ સૂક્ષ્મ ઋજુસૂત્રનયના વિષયનો પ્રયોગ થાય જ છે.

## શબ્દનય

જ્ઞાનનયથી સંબંધિત નૈગમનય અને અર્થનયથી સંબંધિત નૈગમ, સંગ્રહ, વ્યવહાર તથા ઋજુસૂત્રનયના સ્વરૂપ પર વિચારણા કર્યા બાદ હવે શબ્દનયની ચર્ચાનો ક્રમ છે.

તત્ત્વાર્થસૂત્રમાં ઉલ્લેખાયેલ સાત નયોમાં ભાષાના પ્રયોગથી સંબંધિત શબ્દ, સમભિરૂઢ તથા એવંભૂતનયનો ઉલ્લેખ કરવામાં

આવ્યો છે, તેથી આ ત્રણ નયોને શબ્દનયના ભેદ પણ માનવામાં આવે છે, કારણ કે આ ત્રણ નય શબ્દ-પ્રયોગો ઉપર જ વિચાર કરે છે તથા તેને વ્યવસ્થિત કરવાવાળા નિયમોનું પ્રતિપાદન કરે છે. શબ્દ, પુદ્‌ગલદ્રવ્યની વ્યંજન પર્યાય છે, તેથી એને વ્યંજનનય અથવા પર્યાયાર્થિકનય પણ કહેવામાં આવે છે.

આપણા લોકજીવનમાં ભાષાની મહત્તાથી આપણે બધાં સારી રીતે પરિચિત છીએ. આપણી બોલચાલની ભાષામાં અનેક દોષ પણ હોય છે, જેનો પરિહાર વ્યાકરણ દ્વારા કરવામાં આવે છે. વ્યાકરણ-સંમત ભાષામાં હજુ વધારે પકડ લાવવા માટે તથા શબ્દ-પ્રયોગોની સૂક્ષ્મતાને સમજવા માટે શબ્દ, સમભિરૂઢ તથા એવંભૂત-નયનો પ્રયોગ કરવામાં આવે છે.

સર્વાર્થસિદ્ધિ, અધ્યાય-૧, સૂત્ર ૩૩ની ટીકામાં શબ્દનયની વ્યાખ્યા કરતા થકા કહે છે કે લિંગ, સંખ્યા, સાધન આદિના વ્યભિચાર (દોષ)ની નિવૃત્તિ કરવાવાળો શબ્દનય છે.

અહીંયા 'વ્યભિચાર' શબ્દ નો ઉદ્દેશ સદોષ કથનથી છે, કારણ કે વસ્તુ-સ્વરૂપના પ્રતિપાદનમાં નિર્દોષ ભાષાનો પ્રયોગ હોવો જોઈએ. લિંગ, સંખ્યા, કાળ, કારક, પુરૂષ, ઉપગ્રહ (ઉપસર્ગ) આદિ સંબંધિત પ્રયોગોમાં દોષ ઉત્પન્ન થઈ જાય તો લોકમાં ભલે તે સ્વીકાર્ય કરી લેવામાં આવે છે તથા અપવાદના રૂપમાં વ્યાકરણનો પણ સ્વીકાર થઈ જાય છે, પરંતુ શબ્દનય તેને સ્વીકાર નથી કરતો અર્થાત્ તે દોષને દોષ જ માને છે.

વાક્ય-પ્રયોગમાં જે લિંગ, સંખ્યા, કાળ, આદિનો પ્રયોગ યોગ્ય છે, તેવું ન કરીને અન્ય લિંગ, સંખ્યા આદિનો પ્રયોગ કરવો એ જ લિંગ, સંખ્યા આદિનો વ્યભિચાર કહેવાય છે.

*સંપૂર્ણ જિનાગમમાં જ્યાં પણ આ નયોની વ્યાખ્યા કરવામાં આવી છે, ત્યાં સંસ્કૃત-વ્યાકરણના આધાર પર જ આ દોષોને*

*સમજાવવામાં આવ્યા છે. સંસ્કૃત ભાષાથી અપરિચિત લોકોને આ પ્રયોગોના ભાવ સમજમાં નથી આવતાં, માટે આને વર્તમાનમાં પ્રચલિત ભાષાના સંદર્ભમાં સમજવા જરૂરી છે; તેથી અહીંયા હિંદી ભાષાના સાચા અને ખોટા પ્રયોગોને ઉદાહરણ બનાવી લિંગ, સંખ્યા આદિ સંબંધી દોષોને સ્પષ્ટ કરવામાં આવી રહ્યા છે. મુખ્યપણે અહિંદી ભાષી લોકો દ્વારા હિંદી બોલતા સમયે આવા દૂષિત પ્રયોગ કરવામાં આવે છે.*

**લિંગ વ્યભિચાર -** સ્ત્રીલિંગ કે પુરૂષલિંગ શબ્દોની સાથે ખોટા વાક્યપ્રયોગ લિંગ-વ્યભિચાર કહેવાય છે. **'આજ હમારા બેટી આ રહા હૈ.'** અહીંયા બેટી સ્ત્રીલિંગ છે, તેથી 'હમારા' ના સ્થાને 'હમારી' અને 'આ રહા હૈ' ના સ્થાન પર 'આ રહી હૈ' હોવું જોઈએ, માટે **આજ હમારી બેટી આ રહી હૈ -** આ વાક્ય સાચું છે.

**સંખ્યા-વ્યભિચાર -** એકવચન કે બહુવચન સંબંધી શબ્દોની સાથે અયોગ્ય વાક્ય-પ્રયોગ સંખ્યા-વ્યભિચાર કહેવાય છે. **'હમ આ રહા હું.'** આ વાક્યમાં કાં તો **હમ**ના સ્થાને **મૈં** શબ્દનો પ્રયોગ હોવો જોઈએ અથવા **આ રહા હું** ના સ્થાન પર **આ રહે હૈં** અર્થાત્ બહુવચનનો પ્રયોગ હોવો જોઈએ, તેથી **મૈં આ રહા હું અથવા હમ આ રહે હૈં**-આ વાક્યપ્રયોગ સાચો છે.

**સાધન-વ્યભિચાર -** કર્તા, કર્મ આદિ કારકોના અયોગ્ય પ્રયોગોને સાધન-વ્યભિચાર કહે છે. રમેશે સુરેશને ફોન કર્યો અને જો સુરેશની જગ્યાએ બીજી વ્યક્તિએ ફોન ઉપાડ્યો તો સુરેશને પ્રાયઃ એમ જ કહેશે કે **'આપકા ફોન આયા હૈ.'** જ્યારે રમેશનો ફોન સુરેશ માટે આવ્યો હતો, તેથી સુરેશને એમ કહેવું કે **'આપકા ફોન આયા હૈ' -** આ સાચું વાક્ય નથી, કારણ કે ફરી જો સુરેશજી પૂછશે કે, 'કિસકા ફોન આયા હૈ' તો ફરીથી એમ જ કહેવામાં આવશે કે, 'આપકા,' જ્યારે સુરેશજી એ જાણવા માંગે છે કે મને ફોન કોણે કર્યો હતો? તેથી એ જ કહેવું જોઈએ કે **'આપકે લિયે**

**રમેશકા ફોન આયા થા.'**

**પુરૂષ-વ્યભિચાર -** ઉત્તમ, મધ્યમ તથા અન્ય પુરૂષનો દોષપૂર્ણ પ્રયોગ, પુરૂષ-વ્યભિચાર કહેવાય છે. જેમ, **તુમ કબ આયેંગે -** આ પ્રયોગમાં '**તુમ**'ની સાથે '**આયેંગે**'ની જગ્યાએ '**આઓગે**' શબ્દનો પ્રયોગ કરીને **તુમ કબ આઓગે**-આ પ્રયોગ હોવો જોઈએ.

**કાળ-વ્યભિચાર -** ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળનો અયોગ્ય પ્રયોગ, કાળ વ્યભિચાર કહેવાય છે. મોટે ભાગે કોઈપણ સભાના સંચાલકને પ્રમુખ વક્તાથી આ શબ્દોમાં અનુરોધ કરતાં સાંભળી શકીએ છીએ કે **હવે હું માનનીય પંડિતજીને અનુરોધ કરીશ કે તેઓ પોતાનું વક્તવ્ય પ્રારંભ કરે**. જરા વિચારો! અનુરોધ તો હમણાં કરવામાં આવી રહ્યો છે, તો પછી 'કરીશ' કહેવું ક્યાં સુધી યોગ્ય છે? તેથી હવે **હું અનુરોધ કરું છું -** એમ કહેવું નિર્દોષ છે. આ જ રીતે ઘણીવાર દરેક વ્યક્તિ ફોન કરતાં સમયે આમ કહેતા સાંભળીએ છીએ કે, '**હું ફલાણો બોલી રહ્યો હતો**', વર્તમાનમાં બોલી રહ્યો છે છતાં પણ '**બોલી રહ્યો હતો**' કહેવું યોગ્ય છે શું? તેથી '**હું બોલી રહ્યો છું**' - એમ કહેવું જ યોગ્ય છે.

આ જ રીતે અન્ય અપેક્ષાઓથી પણ ખોટા પ્રયોગ કરવામાં આવે છે. ઘણાં લોકો કોઈની પ્રશંસા કરતાં સમયે અયોગ્ય વિશેષણોનો પ્રયોગ કરતાં થકાં બેધડક કહેતાં સાંભળી શકીએ છીએ - '**અરે ભાઈ! એમના જેવા ભયંકર વિદ્વાન આજ સુધી જોયા નથી.**' - તેઓ એ પણ નથી વિચારતાં કે શું વિદ્વાન ભયંકર હોય છે? ભય ઉત્પન્ન કરવાવાળા હોય છે અથવા પ્રભાવશાળી આદિ હોય છે, તેથી **ભયંકર** ના સ્થાને લોકપ્રિય, પ્રભાવશાળી, પ્રખર આદિ વિશેષણોનો પ્રયોગ કરવો જોઈએ.

વિશેષણોના પ્રયોગના સમયે એ ધ્યાન પણ રાખવું જોઈએ કે વિશેષણ, વિશેષ્યની સમીપ હો, જો તેમની વચ્ચે અન્ય શબ્દ હશે

તો અર્થ અસ્પષ્ટ અથવા વિપરીત પણ થઈ શકે છે. એક દૂધની ડેરી ઉપર આ સૂચના જોવા મળી - **અહીંયા શુદ્ધ ભેંસનું દૂધ મળે છે.** આ વાક્યથી શું સમજમાં આવે? ભેંસ શુદ્ધ છે કે દૂધ શુદ્ધ છે? તેથી **અહીંયા ભેંસનું શુદ્ધ દૂધ મળે છે**-આ વાક્ય વાતને વધારે સ્પષ્ટ કરે છે.

આજકાલ આવી દોષપૂર્ણ ભાષાનો પ્રયોગ એટલો વધતો જાય છે કે ભાષાનું રૂપ જ બદલાતું જાય છે, પરંતુ 'શબ્દનય', આવા પ્રયોગોને અયોગ્ય માને છે.

શબ્દનય પ્રમાણે સમાન લિંગ અથવા સંખ્યાવાળા શબ્દ જ એકાર્થવાચી હોઈ શકે છે, અન્ય નહીં. આ સંદર્ભમાં નયદર્પણ, પાના નં. ૩૦૫-૩૦૬ ઉપર વ્યક્ત કરવામાં આવેલ શ્રી જિનેન્દ્રજી વર્ણીના વિચાર ધ્યાન આપવા યોગ્ય છે -

**જે રીતે ભિન્ન-સ્વભાવી પદાર્થ ભિન્ન જ હોય છે, તેમાં કોઈ પ્રકારે પણ અભેદ નથી જોઈ શકાતું, તે જ રીતે ભિન્ન લિંગ આદિ વાળા શબ્દ પણ ભિન્ન જ હોય છે, તેમાં પણ કોઈ પ્રકારની એકાર્થતા ઘટિત નથી થઈ શકતી. આ રીતે દાર, ભાર્યા, કલત્ર-આ ભિન્ન લિંગવાળા ત્રણ શબ્દ અથવા નક્ષત્ર, પુનર્વસૂ, શતભિષજ-આ ભિન્ન સંખ્યાવાળા ત્રણ શબ્દ અને આ જ રીતે અન્ય પણ ભિન્ન સ્વભાવવાચી શબ્દ, ભલેને વ્યવહારમાં અથવા લૌકિક વ્યાકરણમાં એકાર્થવાચી સમજવામાં આવે, પરંતુ શબ્દનય તેને ભિન્ન અર્થના વાચક સમજે છે.**

**તેથી સમાન લિંગ તથા સંખ્યાવાળા શબ્દોમાં જ એકાર્થવાચકતા થઈ શકે છે. જેમ ઈન્દ્ર, પુરંદર, શક્ર-આ ત્રણે શબ્દ, સમાન પુરૂષલિંગી હોવાને લીધે એક 'શચીપતિ'ના વાચક છે-એવું શબ્દનય કહે છે.**

**તાત્પર્ય એ છે કે કાળ, કારક, લિંગ, સંખ્યા, વચન અને ઉપસર્ગના ભેદથી શબ્દના અર્થમાં ભેદ માનવાને શબ્દનય કહે છે.**

## સમભિરૂઢનય

સમભિરૂઢનય, શબ્દનયથી પણ વધારે સૂક્ષ્મ છે. શબ્દનય લિંગ, સંખ્યા, કાળ આદિ દોષોથી રહિત એકાર્થવાચી શબ્દોની સત્તા સ્વીકાર કરે છે, પરંતુ સમભિરૂઢ નય, એકાર્થવાચી શબ્દોના પણ ભિન્ન-ભિન્ન અર્થ સ્વીકાર કરે છે, તેમને એકાર્થવાચી નથી કહેતો.

શબ્દનય દ્વારા ગ્રહણ કરવામાં આવેલ સમાન સ્વભાવી એકાર્થવાચી શબ્દોમાં નિરૂક્તિ અથવા વ્યુત્પત્તિ-અર્થથી અર્થભેદ સ્વીકાર કરવો, સમભિરૂઢનયનું મુખ્ય કાર્ય છે. આના પક્ષમાં આ તર્ક વિચારણીય છે કે લોકમાં જેટલાં પદાર્થ છે, તેના વાચક શબ્દ પણ એટલા જ છે. જો અનેક શબ્દોનો એક જ અર્થ માનવામાં આવે તો તેના વાચ્ય પદાર્થ પણ મળીને એક થઈ જશે; પરંતુ એ શક્ય નથી, તેથી પ્રત્યેક શબ્દનો અર્થ ભિન્ન-ભિન્ન સ્વીકાર કરવો જોઈએ.

આ સંદર્ભમાં સર્વાર્થસિધ્ધિ ટીકામાં સમાવિષ્ટ નીચેના વિચાર ધ્યાન આપવા યોગ્ય છે.

**અર્થનું જ્ઞાન કરાવવા માટે શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં એક અર્થનું એક શબ્દથી જ્ઞાન થઈ જાય છે, માટે પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ કરવો નિષ્ફળ છે. જો શબ્દોમાં ભેદ છે તો તેમાં અર્થભેદ પણ અવશ્ય હોવો જોઈએ. આ રીતે અલગ-અલગ અર્થોના સમભિરોહણ કરવાવાળો સમભિરૂઢનય કહેવાય છે. જેમ ઈન્દ્ર, શક્ર અને પુરંદર-આ ત્રણે ભિન્ન શબ્દ હોવાથી આના અર્થ પણ ભિન્ન-ભિન્ન ત્રણ જ હોય છે. 'ઈન્દ્ર' નો અર્થ આજ્ઞા તથા ઐશ્વર્યવાન છે, 'શક્ર'નો અર્થ સમર્થ છે અને 'પુરંદર'નો અર્થ શહેરોનું વિભાજન કરવાવાળો છે. આ જ રીતે સર્વત્ર પર્યાયવાચી શબ્દોના સંબંધમાં જાણવું જોઈએ.**

નારાયણ શ્રીકૃષ્ણના લોકમાં ઘણા બધાં નામ પ્રચલિત છે.

જેમ કે -મુરલીધર, મનમોહન, મુરારી, ગિરધર, ગોપાલ ઈત્યાદિ. જો કે શબ્દનય પ્રમાણે આ બધાં કૃષ્ણના પર્યાયવાચી નામ છે, છતાં પણ સમભિરૂઢનયથી પ્રત્યેક શબ્દનો અલગ-અલગ અર્થ છે-જે કૃષ્ણની જ ભિન્ન-ભિન્ન વિશેષતાઓ (લીલાઓ)ને બતાવે છે.

ઈન્દ્ર દ્વારા ૧૦૦૮ નામોથી જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે. આ બધાં નામ, શબ્દનયથી જિનેન્દ્રના પર્યાયવાચી છે, પરંતુ સમભિરૂઢનયથી પ્રત્યેક નામ, પોતાને અનુરૂપ અલગ-અલગ ગુણો (વિશેષતાઓ)ના વાચક છે. આ સંદર્ભમાં ભક્તામર સ્તોત્રમાં સમાવિષ્ટ નીચેનું કાવ્ય ધ્યાન આપવા યોગ્ય છે -

**બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્,**
**ત્વં શંકરોઽસિ ભુવનત્રય-શંકરત્વાત્.**
**ધાતાઽસિ ધીર! શિવમાર્ગ-વિધેર્વિધાનાત્,**
**વ્યક્તં ત્વમેવ ભગવન્! પુરુષોત્તમોઽસિ.**

*જ્ઞાન પૂજ્ય હૈ અમર આપકા, ઈસલિયે કહલાતે બુદ્ધ,*
*ભુવનત્રય કે સુખ-સંવર્ધક, અતઃ તુમ્હી શંકર હો શુદ્ધ,*
*મોક્ષમાર્ગ કે આદ્ય પ્રવર્તક, અતઃ વિધાતા કહે ગણેશ,*
*તુમ-સમ અવની પર પુરૂષોત્તમ, ઔર કોન હોગા? અખિલેશ!*

અહીંયા વિશેષ ધ્યાનાકર્ષક વાત એ છે કે વ્યુત્પત્તિ અર્થના આધાર ઉપર પર્યાયવાચી શબ્દોના અનેક અર્થ સ્વીકાર કરવાનો આ ઉદ્દેશ ક્યારેય નથી કે તે શબ્દોના વાચ્યભૂત પદાર્થ પણ અલગ-અલગ હોય. પ્રત્યેક શબ્દ, તે જ વાચ્યાર્થની અલગ-અલગ વિશેષતાઓને બતાવે છે, જેને એકાર્થવાચક શબ્દનય દ્વારા સ્વીકાર કરવામાં આવે છે.

જે રીતે હાથી, ઘોડા અને બળદ શબ્દના વાચ્ય અલગ-અલગ પશુ હોય છે; પરંતુ ઇંદ્ર, શક્ર અને પુરંદર શબ્દના વાચ્ય અલગ-અલગ વ્યક્તિ નહીં, પરંતુ એ દેવરાજ ઇંદ્રની જ અલગ-અલગ

વિશેષતાઓના વાચક છે.

સમભિરૂઢનયની ઉપરોક્ત વ્યાખ્યા, એક વાચ્યના અનેક વાચક (એકાર્થવાચી)ના સંદર્ભમાં છે. હવે એક વાચક શબ્દના અનેક વાચ્યાર્થોના સંદર્ભમાં સમભિરૂઢનયના સ્વરૂપનો વિચાર કરીએ છીએ -

આચાર્ય પૂજ્યપાદ સર્વાર્થસિદ્ધિ ટીકામાં લખે છે-જે વિવિધ અર્થોને છોડીને, પ્રધાનતાથી એક અર્થમાં રૂઢ થાય છે, તે સમભિરૂઢનય છે. જેમ, 'ગો' શબ્દના વચન આદિ અનેક અર્થ જોવામાં આવે છે તો પણ તે ગાય નામક પશુના અર્થમાં રૂઢ છે.

સમભિરૂઢનયના ઉપરોક્ત બંને ભેદોને સ્પષ્ટ કરતાં થકા દ્રવ્યસ્વભાવ-પ્રકાશક નયચક્ર, ગાથા ૨૧૪માં કહેવામાં આવ્યું છે -

જે અર્થને શબ્દારૂઢ તથા શબ્દને અર્થારૂઢ કહે છે, તે સમભિરૂઢનય છે. જેમ ઈન્દ્ર, શક્ર અને પુરંદર.

**શબ્દારૂઢ** - સમાન (સરખા) સ્વભાવી એકાર્થવાચી શબ્દોમાં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થભેદ કરવા, શબ્દરૂઢ નય છે. જેમ-ઈન્દ્ર, શક્ર અને પુરંદર.

**અર્થારૂઢ** - અનેકાર્થવાચી શબ્દોના એક લોકપ્રસિધ્ધ અર્થને સ્વીકાર કરીને અન્ય અર્થોની ઉપેક્ષા કરવી, અર્થારૂઢ છે. જેમ 'ગો' શબ્દના અનેક અર્થ થાય છે, પરંતુ માત્ર ગાયના અર્થમાં આનો પ્રયોગ કરવામાં આવે છે. કોશ ગ્રંથોમાં એક શબ્દના અનેક અર્થ તથા નામમાળાઓમાં એક વસ્તુના વાચક અનેક શબ્દ લખવાની પરંપરા આ જ 'શબ્દનય' ઉપર આધારીત છે.

*અહીંયા આ વાત ખાસ ધ્યાન આપવા યોગ્ય છે કે લોકમાં શબ્દારૂઢની અપેક્ષા એ અર્થારૂઢ વધારે બળવાન છે. જેમ, લોકમાં પણ 'ગો' શબ્દના વ્યુત્પતિ અર્થની અપેક્ષાએ અર્થારૂઢથી કરવામાં*

*આવતો પ્રયોગ વધારે બળવાન છે.* **ગચ્છતીતિ ગો** *અર્થાત્ જે ગમન કરે, તેને ગાય કહે છે. આ વાત શબ્દારૂઢ નયથી સત્ય હોવા છતાં પણ ક્યારેક કોઈ ચાલતી વ્યક્તિ અથવા મહિલાને ગાય કહીને તો જુઓ? તેથી દુનિયા આ શબ્દારૂઢનયને સ્વીકાર નહીં કરે. આ જ રીતે જિનાગમનો અર્થ કરવામાં પણ સાવધાનીથી વર્તવાની ખૂબ જરૂરીયાત છે. માત્ર જ્ઞાન શબ્દનો અર્થ માત્ર જ્ઞાન થાય છે, પરંતુ જિનાગમમાં ક્ષાયિકજ્ઞાન માટે કેવળજ્ઞાન શબ્દનો પ્રયોગ વધારે પ્રચલિત છે, તેથી કયા શબ્દનો કયા પ્રસંગમાં શું અર્થ છે-આ તથ્ય ઉપર ગંભીરતાથી વિચાર કરીને, શબ્દ-પ્રયોગ કરવો જરૂરી છે.*

## એવંભૂતનય

શબ્દનય તથા સમભિરૂઢનયથી વધારે સૂક્ષ્મ પ્રયોગ, એવંભૂત-નયનો છે. શબ્દનય, વ્યાકરણ-સંમત અપવાદોનો તો અસ્વીકાર કરી દે છે, પરંતુ એકાર્થવાચી શબ્દોનો સ્વીકાર કરી દે છે; પરંતુ સમભિરૂઢનય, એકાર્થવાચી શબ્દોના પણ અલગ-અલગ વાચ્ય સ્વીકાર કરે છે, જ્યારે એવંભૂતનય, તે ક્રિયામાં સંલગ્ન પદાર્થને માત્ર તે જ સમયે, તે શબ્દથી સંબોધિત કરવાની અનુમતિ આપે છે. જેમ, આ નયથી દેવરાજ પુરંદરને ઇંદન ક્રિયા કરતા સમયે જ ઈન્દ્ર કહેવામાં આવે છે, પુર અથવા શહેરનું દારણ કે નાશ કરતા (પુરંદર) સમયે અથવા સામર્થ્ય (શક્ર)નું પ્રદર્શન કરતા સમયે નહીં. આ નયથી ડૉક્ટરને હોસ્પિટલમાં દરદીનો ઈલાજ કરતાં સમયે જ ડૉક્ટર કહેવામાં આવે છે-ઘરમાં નહીં.

આ નયની સર્વાર્થસિદ્ધિ, અધ્યાય-૧, સૂત્ર ૩૩ ની ટીકામાં નીચે મુજબની વ્યાખ્યા કરવામાં આવી છે -

**જે વસ્તુ જે પર્યાયને પ્રાપ્ત થઈ, તે જ રૂપે નિશ્ચય કરાવવાવાળા નયને એવંભૂતનય કહે છે. ઉદ્દેશ એ છે કે જે શબ્દનું જે વાચ્ય છે, તે રૂપ ક્રિયાના પરિણમનના સમયે જ તે શબ્દનો પ્રયોગ કરવો યોગ્ય**

**છે, અન્ય સમયે નહીં. જ્યારે આજ્ઞા-ઐશ્વર્યવાળો હોય, ત્યારે ઈન્દ્ર છે, અભિષેક કરવાવાળો નહીં અને ન પૂજા કરવાવાળો પણ. જ્યારે ગમન કરતી હોય, ત્યારે ગાય છે, બેઠેલી નહીં અને સૂતેલી નહીં. અથવા જે રૂપથી અર્થાત્ જે જ્ઞાનથી આત્મા પરિણત હો, તે જ રૂપથી તેનો નિશ્ચય કરાવવાવાળો નય, એવંભૂતનય છે.**

**તેથી ઈન્દ્રરૂપ જ્ઞાનથી પરિણમિત આત્મા, ઈંદ્ર છે અને અગ્નિરૂપ જ્ઞાનથી પરિણમિત આત્મા, અગ્નિ છે.**

*અહીંયા આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે અગ્નિને જાણવાવાળો આત્મા પણ તે સમયે અગ્નિ છે-એવું કહેવું એવંભૂત-નયનું કથન છે. આમ સ્પષ્ટ છે કે જ્ઞેયાકાર જ્ઞાનરૂપ પરિણમિત આત્માને તે જ્ઞેયના નામથી સંબોધિત કરવો, એવંભૂતનયને ઈષ્ટ છે, કારણ કે આત્મા તે સમયે તે જ્ઞેય-સંબંધી જ્ઞાનરૂપ અર્થાત્ જ્ઞેય જાણવારૂપ જ્ઞાન-ક્રિયારૂપ પરિણમિત થઈ રહ્યો છે, જ્ઞાનનું સંજ્ઞાકરણ અર્થાત્ તેની ઓળખ, જ્ઞેય વગર નથી થઈ શકતી, તેથી ઘટ (ઘડા) આદિ જ્ઞેયાકારરૂપ જ જ્ઞાન છે અને જ્ઞાન જ આત્મા છે, માટે આ નયથી તે આત્મા, તે સમયે ઘટરૂપ (ઘડાકાર જ્ઞાનરૂપ) કહેવાય છે.*

*એવંભૂતનયનો પ્રયોગ આપણા લોક જીવનમાં પણ વ્યાપ્ત છે. કોઈ ડૉક્ટરને સમભિરૂઢનયથી દરેક સમયે ડૉક્ટર સાહેબ કહીને સંબોધિત તો કરી શકાય છે, પરંતુ તેથી દરેક સમયે ઈલાજ નથી કરાવી શકતાં. સાચો ઈલાજ દવાખાનામાં જ શક્ય છે. આ જ વ્યવસ્થા ન્યાયાધીશ, વેપારી, સૈનિક આદિ બધાંના વિષયમાં યથાયોગ્ય સમજી લેવી જોઈએ.*

એવંભૂતનય પ્રમાણે શબ્દ-પ્રયોગોને હજી વધારે સૂક્ષ્મતાથી સમજવા માટે, નય-દર્પણ, પાના નં. ૪૩૨-૪૩૪ ઉપર વ્યક્ત કરવામાં આવેલ નીચે લખેલ વિચાર દ્રષ્ટવ્ય છે -

**એટલું જ નહીં, આ નયનો તર્ક તો અહીંયાથી પણ આગળ**

નીકળી જાય છે. તે દ્વૈતનો સર્વથા નિરાસ (નિરાકરણ) કરવાવાળો છે. તેથી તેની સૂક્ષ્મદ્રષ્ટિમાં જ્ઞાન અને વાન્ - આ બે પદોને સમાવિષ્ટ કરીને એક 'જ્ઞાનવાન્' શબ્દ બનાવવો યુક્ત નથી. અથવા આત્મ અને નિષ્ઠ-આ બે પદોનો સમાસ કરીને એક 'આત્મનિષ્ઠ' શબ્દ બનાવવો યોગ્ય નથી. આત્મા એકલો આત્મા જ છે. આત્મામાં નિષ્ઠા પામવાવાળો-એવા વિશેષણ-વિશેષ્યભાવની શું જરૂર છે ? અર્થાત્ પ્રત્યેક શબ્દ એક જ અર્થનો દ્યોતક છે, સંયુક્ત અર્થનો નહીં.

જ્યાં પદોનો સમાસ પણ સહન નથી કરી શકાતો, ત્યાં અનેક શબ્દોના સમૂહરૂપ વાક્ય કેવી રીતે બોલી શકાય ? અર્થાત્ એવંભૂત-નયની દ્રષ્ટિમાં શબ્દ જ શબ્દ છે, વાક્ય નહીં.

એટલું જ નહીં, એક અસંયુક્ત સ્વતંત્ર શબ્દ કે પદ પણ વાસ્તવમાં કોઈ વસ્તુ નથી, કારણ કે તે પણ 'ઘ', 'ડો' આદિ અનેક વર્ણોને ભેળવવાથી ઉત્પન્ન થાય છે. બે વર્ણોને ભેળવવાથી તો આગળ-પાછળનો ક્રમ પડે છે. જેમ, ઘડા શબ્દમાં 'ઘ' પહેલાં બોલવામાં આવ્યો અને 'ડો' પાછળથી. જે દ્રષ્ટિ માત્ર એક ક્ષણગ્રાહી છે, ત્યાં આગળ-પાછળનો ક્રમ કેવી રીતે શક્ય થઈ શકે છે ? જ્યારે 'ઘ' બોલવામાં આવ્યો, ત્યારે 'ડો' નથી બોલવામાં આવ્યો અને જ્યારે 'ડો' બોલવામાં આવ્યો, ત્યારે 'ઘ' નથી બોલવામાં આવ્યો. તેથી 'ઘ' અને 'ડો' - આ બંનેય સ્વતંત્ર અર્થના પ્રતિપાદક રહ્યા છે, એનો સમાસ કે સંયોગ કરીને અર્થગ્રહણ કરવાની જરૂર નથી.

આ પણ હજુ દોષયુક્ત છે, કારણ કે અહીંયા પણ 'ઘ' આ વર્ણમાં 'ઘ્' અને 'અ' - આ બે સ્વતંત્ર વર્ણો (વ્યંજન અને સ્વર) નો સંયોગ છે. 'ઘ્' અને 'અ' ભેળવીને ઘ બને છે. તેથી 'ઘ' પણ કોઈ ચીજ નથી. 'ઘ્' અને 'અ' સ્વતંત્રરૂપથી રહેતા થકા જે કાંઈપણ પોતાના રૂપના વાચક હોય છે, તે જ એવંભૂતનયનું વાચ્ય છે.

સૂક્ષ્મથી સૂક્ષ્મતર અને ત્યાંથી પણ સૂક્ષ્મતમ દ્રષ્ટિમાં પ્રવેશ

**કરતો થકો આ નય, આ રીતે માત્ર એક અસંયુક્ત વર્ણ ને જ વાચક માને છે.**

**અહીંયા શંકા કરી શકીએ છીએ કે આ રીતે તો વાક્ય-વાચકભાવનો અભાવ થઈ જશે અને એવું થઈ જવાથી લોક-વ્યવહારનો તો અભાવ થઈ જ જશે, વળી (ઉપરાંત) એવંભૂતનયનો પણ સ્વયં અભાવ થઈ જશે, કારણ કે તે નય ગુંગા જેવો બની રહેવાને કારણે સ્વયં પોતાનું પણ પ્રતિપાદન કરવામાં સમર્થ નહીં થઈ શકે અને આવી અવસ્થામાં તે નામમાત્રનો જ નય કહેવાશે, પરંતુ તેનું સ્વરૂપ કાંઈ જ કહી નહીં શકાય.**

આ શંકાનો ઉત્તર, કષાયપાહુડ, પુસ્તક-૧, પાના નં.૨૪૩ ઉપર નીચે પ્રમાણે આપેલ છે -

**આ કોઈ દોષ નથી, કારણ કે અહીંયા એવંભૂતનયનો વિષય બતાવવામાં આવ્યો છે.**[1]

**સાત નયોમાં ઉત્તરોત્તર સૂક્ષ્મતા -**

આ રીતે આપણે જોઈએ છીએ કે ત્રણેય નય, ભાષાના પ્રયોગોને આવશ્યકતાનુસાર સુસંગતરૂપ પ્રદાન કરવાવાળા અને ઉત્તરોત્તર સૂક્ષ્મ વિષયવાળા છે. એ જ શા માટે, નૈગમાદિ બધાં સાત નય, અનુક્રમે ઉત્તરોત્તર સૂક્ષ્મ અને અલ્પ વિષયવાળા છે અને પૂર્વ-પૂર્વના નય, આગળ-આગળના નયોના હેતુ પણ છે. આ સાત નયોને ઉપરોક્ત ક્રમમાં રાખવાનું કારણ પણ એ જ છે. જેવું કે સર્વાર્થસિધ્ધિ, અધ્યાય-૧, સૂત્ર ૩૩ની ટીકામાં કહ્યું છે -

ઉત્તરોત્તર સૂક્ષ્મ વિષયવાળા હોવાને કારણે આમનો આ ક્રમ કહ્યો છે, પૂર્વ-પૂર્વના નય, આગળ-આગળના નયોના હેતુ છે, એટલા માટે પણ આ ક્રમ કહ્યો છે. આ રીતે આ નય, પૂર્વ-પૂર્વ વિરૂદ્ધ મહા

---

૧. નય દર્પણ, પાનું. ૪૩૨-૪૩૪

વિષયવાળા અને ઉત્તરોત્તર અનુકૂળ અલ્પ-વિષયવાળા છે.

નૈગમાદિ સાત નય, ઉત્તરોત્તર સૂક્ષ્મ વિષયગ્રાહી છે - આ તથ્ય આ ઉદાહરણથી સ્પષ્ટ થઈ જાય છે કે પક્ષી શહેરમાં, વૃક્ષ પર, ડાળી ઉપર, ઉપશાખા ઉપર, ઉપશાખાના એકભાગમાં, પોતાના શરીરમાં તથા પોતાના કંઠમાં બોલે છે. આ જ રીતે પ્રત્યેકનયનો વિષય ઉત્તરોત્તર આગળ વધતો થકો સૂક્ષ્મ થતો જાય છે.

આ સંદર્ભમાં પંડિત જયચંદજી છાબડા દ્વારા સર્વાર્થસિદ્ધિ વચનિકા પાના નં. ૧૧૧ પર કરવામાં આવેલ સ્પષ્ટીકરણ ધ્યાન આપવા યોગ્ય છે, જે આ પ્રમાણે છે-

**આ જ અનુક્રમથી આ નયોનું કથન જાણવું. નૈગમનયે તો વસ્તુના સત્-અસત્ બંને સ્વરૂપને કહ્યા. સંગ્રહનયે માત્ર સત્‌ને જ કહ્યું. વ્યવહારનયે સત્‌માં પણ એક ભેદ માત્ર કહ્યું. ઋજુસૂત્રનયે માત્ર વર્તમાન સત્‌ને જ કહ્યું. શબ્દનયે વર્તમાન સત્‌માં પણ ભેદ કરીને એક કાર્યને પકડ્યું. સમભિરૂઢનયે આ કાર્યના અનેક નામોમાંથી પણ એક નામને ગ્રહણ કર્યું. એવંભૂતનયે તેમાં પણ જે નામને ગ્રહણ કર્યું તે જ ક્રિયારૂપ પરિણમતા ભાવને ગ્રહણ કર્યો. આ રીતે જે કોઈ પદાર્થનું કથન કરવું હોય, તે બધાં ઉપર જ આ રીતે નયનો પ્રયોગ કરી લેવો જોઈએ.**

અહીંયા આ નયોનું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. આની વિસ્તૃત જાણકારી માટે તત્ત્વાર્થસૂત્ર ગ્રંથની સર્વાર્થસિદ્ધિ આદિ વૃત્તિઓ (ટીકાઓ) અને રાજવાર્તિક આદિ વાર્તિકો (ભાષ્યો) નો ઉંડાણથી અધ્યયન કરીને આત્મહિતમાં પ્રયત્નશીલ થવું જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. નૈગમાદિ સપ્તનયોનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં થકા લૌકિક જીવનમાં આનો પ્રયોગ કઈ રીતે જોવામાં આવે છે - સ્પષ્ટ કરો.
2. પ્રત્યેક નયની ઉત્તરોત્તર સૂક્ષ્મતા ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો.
3. કોઈ એક ઉદાહરણ ઉપર સાતેય નયોને ઘટાવો.
4. સાત નયોને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકમાં વિભાજીત કરો.
5. સાત નયોને શબ્દ-અર્થ-જ્ઞાનનયમાં ઘટાવો.

**સ્યાદ્વાદ-લક્ષ્મી મહલ કે, વશ મેં હુએ જો વર્તતે,**
**ઉન નય સમૂહો સે લખેં, અથવા લખેં પ્રમાણ સે.**
**તો ભી અનંતાનંત ધર્મ-સ્વરૂપ અપને આત્મ કો,**
**વે શુદ્ધ ચેતનમાત્ર કો હી, દેખતે નિજ મેં અહો.**

**- પ્રવચનસાર, કલશ-૧૯**

**સ્યાદ્વાદ સે જીવિત જિન-સિદ્ધાન્ત પદ્ધતિ હો જયવન્ત,**
**દુર્નિવાર નય-પુંજ વિરોધ-વિનાશક ઔષધિ કો વન્દન.**

**- પંચાસ્તિકાય, કલશ-૨**

## 17

# સુડતાલીસ નય

નયોના અનેક પ્રકારના ભેદ-પ્રભેદોના સમૂહના અંતર્ગત નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, શબ્દ-અર્થ, જ્ઞાનનય તથા નૈગમાદિ સપ્તનયોની ચર્ચા તો થઈ ગયેલ છે.

આચાર્ય અમૃતચંદ્રદેવે પ્રવચનસારના પરિશિષ્ટમાં આત્મામાં વિદ્યમાન અનંત ધર્મોમાંથી ૪૭ ધર્મોનું જ્ઞાન કરાવવાવાળા ૪૭ નયોનું વર્ણન કર્યું છે. આ ૪૭ નયો ઉપર પૂજ્ય ગુરૂદેવશ્રીએ વિસ્તૃત વિવેચન કર્યું છે, જે નય-પ્રજ્ઞાપન ગ્રંથમાં સંકલિત છે. પરમભાવપ્રકાશક નયચક્રમાં પણ આ ૪૭ નયો ઉપર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે; તેથી અહીંયા આ નયોના માત્ર મુખ્ય મુદ્દાઓ પર સંક્ષિપ્ત પ્રકાશ નાખવામાં આવી રહ્યો છે.

આત્માની ૪૭ શક્તિઓ તથા આત્માની અન્ય વિશેષતાઓની જેમ ૪૭ નય પણ આત્માના સ્વરૂપને જાણવા માટે તથા તેને પ્રાપ્ત કરવા અર્થાત્ સ્વાનુભૂતિ માટે અત્યંત ઉપયોગી છે. પ્રવચનસાર પરિશિષ્ટની શરૂઆતમાં જ આચાર્યદેવ સ્વયં કહે છે –

**આ આત્મા કોણ છે અને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે? એવો જો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર પહેલા જ કહેવાઈ ચૂક્યો છે, છતાં પણ અહીંયા ફરીથી કહીએ છીએ-પ્રથમ તો આત્મા વાસ્તવમાં ચૈતન્ય-સામાન્યથી વ્યાપ્ત અનંતધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય છે, કારણ કે તે અનંતધર્મોમાં વ્યાપ્ત થવાવાળા જે અનંત નય છે, તેમાં**

**વ્યાપ્ત થવાવાળું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ છે, તે પ્રમાણપૂર્વક સ્વાનુભવથી જ્ઞાત થાય છે, પ્રમેય થાય છે.**

ઉપરોક્ત ગદ્યાંશમાં સમાવિષ્ટ અનેક માર્મિક રહસ્ય ધ્યાન આપવા યોગ્ય છે, જે આ પ્રમાણે છે –

1. સમયસાર પરિશિષ્ટમાં જ્ઞાનને આત્માનું અસાધારણ લક્ષણ કહેવામાં આવ્યું છે અને અહીંયા આત્માને ચૈતન્ય-સામાન્યથી વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા કહેવામાં આવ્યો છે અર્થાત્ આત્મા અનંત ધર્માત્મક છે અને તેનો ચૈતન્ય-સ્વભાવ, અનંતધર્માત્મક આત્મામાં વ્યાપ્ત છે. તેથી આત્મા ચૈતન્યસ્વરૂપ સિદ્ધ થયો અને આ જ ચૈતન્ય અર્થાત્ જ્ઞાન, આત્માનું અસાધારણ લક્ષણ છે.

2. આત્મા પોતાના અંશરૂપ અનંત ધર્મોમાં વ્યાપ્ત ધર્મી છે અને શ્રુતજ્ઞાન પોતાના અંશભૂત અનંત નયોમાં વ્યાપ્ત પ્રમાણરૂપ છે. નયો દ્વારા એક ધર્મ જાણવામાં આવે છે અને શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવથી અનંત ધર્માત્મક ભગવાન આત્મા જાણવામાં આવે છે.

3. વિશેષ વાત એ છે કે જ્યાં ૪૭ શક્તિઓનું સ્વરૂપ માત્ર આત્માની પૂર્ણ નિર્મળ પર્યાયોથી સમજાવવામાં આવ્યું છે, તે જ ૪૭ નયોના અંતર્ગત આત્માના ૪૭ ધર્મોને વિકારી-અવિકારી સમસ્ત પર્યાયોથી સમજાવવામાં આવેલ છે. જો કે આ પ્રકરણમાં પણ આચાર્યદેવે સ્વાનુભવની ચર્ચા કરી છે, તેનું કારણ એ જ છે કે આત્માના આ સ્વરૂપનું સમ્યક્જ્ઞાન પણ સ્વાનુભૂતિના સમયે જ સાચું હોય છે.

આ ૪૭ નયોના નામ આ મુજબ છે –

૧. દ્રવ્યનય ૨. પર્યાયનય ૩. અસ્તિત્વનય ૪. નાસ્તિત્વનય ૫. અસ્તિત્વ-નાસ્તિત્વનય ૬. અવક્તવ્યનય ૭. અસ્તિત્વ-અવક્તવ્યનય ૮. નાસ્તિત્વ-અવક્તવ્યનય ૯. અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનય ૧૦. વિકલ્પનય ૧૧. અવિકલ્પનય ૧૨. નામનય

૧૩. સ્થાપનાનય ૧૪. દ્રવ્યનય ૧૫. ભાવનય ૧૬. સામાન્યનય ૧૭. વિશેષનય ૧૮. નિત્યનય ૧૯. અનિત્યનય ૨૦. સર્વગતનય ૨૧. અસર્વગતનય ૨૨. શૂન્યનય ૨૩. અશૂન્યનય ૨૪. જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનય ૨૫. જ્ઞાન-જ્ઞેય-દ્વૈતનય ૨૬. નિયતિનય ૨૭. અનિયતિનય ૨૮. સ્વભાવનય ૨૯. અસ્વભાવનય ૩૦. કાળનય ૩૧. અકાળનય ૩૨. પુરૂષકારનય ૩૩. દૈવનય ૩૪. ઈશ્વરનય ૩૫. અનીશ્વરનય ૩૬. ગુણીનય ૩૭. અગુણીનય ૩૮. કર્તૃનય ૩૯. અકર્તૃનય ૪૦. ભોક્તૃનય ૪૧. અભોક્તૃનય ૪૨. ક્રિયાનય ૪૩. જ્ઞાનનય ૪૪. વ્યવહારનય ૪૫. નિશ્ચયનય ૪૬. અશુદ્ધનય તથા ૪૭. શુદ્ધનય.

ઉપરોક્ત ૪૭ નયોની નામાવલી ઉપર ઉંડાણથી વિચાર કરવાથી જણાય છે કે નય ક્રમાંક ૩ થી ૯ સુધીના નય સપ્તભંગી સંબંધી છે તથા ૧૨ થી ૧૫ સુધી ચાર નિક્ષેપ સંબંધી છે. બાકીના ૩૬ નય પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થવાવાળા ધર્મોને વિષય બનાવવાવાળા ૧૮ ધર્મ-યુગલો ઉપર આધારિત છે. આ ધર્મ-યુગલોમાં નય ક્રમાંક ૨૦ થી ૨૫ સુધી ત્રણ ધર્મ-યુગલ જ્ઞાન-જ્ઞેય સંબંધી છે અને નય ક્રમાંક ૨૬ થી ૩૫ સુધી પાંચ યુગલ પાંચ સમવાય સંબંધીત છે.

અન્ય પ્રકારથી કહીએ તો પ્રારંભના ૧૫ નય આગમથી સંબંધિત, ૧૬-૨૩ સુધી ચાર યુગલ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સંબંધિત, ૨૪-૨૫નું એક યુગલ જ્ઞાન-જ્ઞેયથી સંબંધિત, ૨૬-૩૫ સુધી પાંચ સમવાયથી સંબંધિત, ૩૬-૪૧ સુધી ત્રણ યુગલ સાક્ષી ભાવથી સંબંધિત તથા ૪૨-૪૭ સુધી ત્રણ યુગલ અધ્યાત્મથી સંબંધિત છે.

આ ૪૭ નયો દ્વારા ભગવાન આત્માના ૪૭ ધર્મોને જાણીને બાકીના અનંત ધર્મોનું પણ અનુમાન કરવામાં આવી શકે છે તથા સમ્યક્ શ્રુતજ્ઞાન દ્વારા અનંતધર્માત્મક એક ધર્મી આત્માનો અનુભવ પણ કરી શકાય છે.

## સ્વભાવ, ગુણ, શક્તિ અને ધર્મ

૪૭ ધર્મોને જાણવાથી પૂર્વે સ્વભાવ, ગુણ, શક્તિ અને ધર્મના સ્વરૂપનો વિચાર કરવો જરૂરી છે. આની ચર્ચા આ જ પુસ્તકના તેરમા અધ્યાયના અંતમાં કરવામાં આવી છે, તેથી વાચકોને અનુરોધ છે કે તેઓ એ પ્રકરણને એકવાર જરૂર વાંચી લે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ મુજબ છે :-

**સ્વભાવ** - સ્વભાવનો વ્યાપક અર્થ છે, તે ગુણ, શક્તિ અને ધર્મ - ત્રણેયના અર્થમાં પ્રયુક્ત થાય છે.

**ગુણ** - દ્રવ્યની ત્રિકાળીક વિશેષતાઓને ગુણ કહે છે.

**શક્તિ** - દ્રવ્યના પ્રત્યેક ગુણમાં તેના સ્વરૂપ અનુસાર કાર્યની ઉત્કૃષ્ટતમ સામર્થ્યને શક્તિ કહે છે.

**ધર્મ** - પ્રત્યેક વસ્તુમાં પરસ્પર વિરોધી સ્વભાવોને મુખ્યપણે ધર્મ કહેવામાં આવે છે. અહીંયા ૪૭ નયોના પ્રકરણમાં પ્રત્યેક નયના વિષયને ધર્મ કહેવામાં આવ્યો છે. આની અંદર વિકારી-અવિકારી બધી અવસ્થાઓથી સંબંધિત યોગ્યતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

હવે ૪૭ નયોના સ્વરૂપ પર સંક્ષેપમાં વિચાર કરવામાં આવી રહ્યો છે.

### (1-2)

### દ્રવ્યનય અને પર્યાયનય

**તે અનંતધર્માત્મક આત્મદ્રવ્ય, દ્રવ્યનયથી પટમાત્રની જેમ ચિન્માત્ર છે અને પર્યાયનયથી તંતુમાત્રની જેમ દર્શન-જ્ઞાનાદિમાત્ર છે.**

આ સંબંધમાં નીચેના મુદ્દાઓના આધાર પર વિચાર કરી શકાય છે -

૧. જેમ, વસ્ત્રમાં અનેક તાણા-વાણા, રંગ-રૂપ તથા આકારાદિ

હોય છે, પરંતુ તેને ગૌણ કરીને માત્ર વસ્ત્રને જાણવું, દ્રવ્યનય છે તથા તેના રંગ-રૂપાદિ ભેદોને જાણવું, તે પર્યાયનય છે તે જ રીતે આત્મામાં માત્ર ચિત્સ્વભાવને જાણવો, તે દ્રવ્યનય છે તથા જ્ઞાન-દર્શનાદિ ભેદોને જાણવા પર્યાયનય છે.

૨. આત્મામાં દ્રવ્ય નામનો એક ધર્મ છે, જેનું સ્વરૂપ ચૈતન્ય માત્ર છે અથવા દ્રવ્યધર્મની અપેક્ષાએ આત્માનો ચૈતન્યસ્વભાવ, તેના સંપૂર્ણ ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત છે અને પર્યાયધર્મની અપેક્ષાએ તેમાં જ્ઞાન-દર્શનાદિ ભેદરૂપ રહેવાની યોગ્યતા છે.

૩. દ્રવ્યાર્થિકનય-પર્યાયાર્થિકનય અને દ્રવ્યનય-પર્યાયનયમાં ફરક છે. દ્રવ્યાર્થિકનયનો વિષય, સંપૂર્ણ સામાન્ય સ્વભાવરૂપ અભેદ છે, જ્યારે દ્રવ્યનયનો વિષય, અનંતધર્મોમાંથી એક ધર્મ છે. આ જ રીતે પર્યાયાર્થિકનયનો વિષય, વસ્તુનો વિશેષ સ્વભાવ છે, જ્યારે પર્યાયનયનો વિષય ભેદરૂપ રહેવાની વિશિષ્ટ યોગ્યતા છે. દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના અંતર્ગત પ્રમાણની વિષયભૂત સંપૂર્ણ વસ્તુ છે, જ્યારે દ્રવ્યનય અને પર્યાયનયનો વિષય વસ્તુના અનંત ધર્મોમાંથી માત્ર એક-એક ધર્મ છે.

આ બંને નયો, વસ્તુની અભેદ તથા ભેદરૂપ એક-એક યોગ્યતાને બતાવે છે. જરા ધ્યાન આપો કે 'અભેદ' શબ્દ પ્રાયઃ ઘણા અર્થોમાં પ્રયુક્ત થાય છે. તેમાંથી કેટલાંક પ્રયોગ નીચે મુજબ છે -

**અ. અભેદ અનુભૂતિ -** જ્યાં ધ્યાન-ધ્યાતા-ધ્યેયનો પણ વિકલ્પ નથી હોતો-એવી નિર્વિકલ્પ અનુભૂતિને અભેદ અનુભૂતિ કહે છે.

**બ. દ્રવ્યાર્થિક અથવા શુદ્ધનયનો વિષય -** જેમાં વસ્તુના બધાં ભેદોને ગૌણ કરીને અભેદ વસ્તુને વિષય બનાવવામાં આવે છે.

**ક. દ્રવ્યનયનો વિષય -** સમસ્ત ભેદોમાં વ્યાપ્ત રહેવાની એક

યોગ્યતા રૂપ અભેદધર્મ.

**ડ. અવિકલ્પનયનો વિષય -** ૪૭ નયોમાં ૧૧માં અવિકલ્પનયના વિષયભૂત અવિકલ્પધર્મ પણ વસ્તુના અખંડ સ્વભાવને બતાવે છે.

તેથી 'અભેદ' શબ્દ દ્વારા ક્યાં કયું વાચ્ય છે, તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

(3-4-5)

**અસ્તિત્વનય, નાસ્તિત્વનય તથા અસ્તિત્વ-નાસ્તિત્વનય**

**તે આત્મદ્રવ્ય, અસ્તિત્વનયથી લોહમય, દોરી અને ધનુષના મધ્યમાં સ્થિત, સંધાણદશામાં રહેલા, લક્ષ્યોન્મુખ બાણની જેમ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસ્તિત્વવાળો છે. નાસ્તિત્વ-નયથી અલોહમય, દોરી અને ધનુષના મધ્યમાં સ્થિત નથી, સંધાણદશામાં ન રહેતા થકા, અલક્ષ્યોન્મુખ તે જ બાણની જેમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ નાસ્તિત્વવાળો છે તથા અસ્તિત્વ-નાસ્તિત્વનયથી લોહમય તથા અલોહમય, દોરી અને ધનુષની મધ્યમાં સ્થિત તથા દોરી અને ધનુષમાં નહીં સ્થિત, સંધાણ-અવસ્થામાં રહેલા અને સંધાણ-અવસ્થામાં ન રહેલા અને લક્ષ્યોન્મુખ તથા અલક્ષ્યોન્મુખ તે જ બાણની જેમ અનુક્રમે સ્વ-પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસ્તિત્વ-નાસ્તિત્વવાળો છે.**

આ સંબંધમાં નીચેના મુદ્દાઓના આધાર પર વિચાર કરી શકાય છે -

1. આત્મા તથા બધી જ વસ્તુઓના અસ્તિત્વ અને નાસ્તિત્વને, અહીંયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આધાર પર સમજાવવામાં આવ્યાં છે.

2. સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ વસ્તુની સત્તા અથવા અસ્તિત્વ છે.

3. પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વસ્તુનું અસ્તિત્વ નથી અર્થાત્ ન+અસ્તિત્વ છે.

4. તેથી વસ્તુ, સ્વરૂપથી છે, પરરૂપથી નથી. આત્મા પણ પોતાના ચૈતન્યસ્વરૂપથી છે, શરીરાદિરૂપથી નથી. શરીરાદિ પરદ્રવ્યોની અપેક્ષાએ આત્માનું નાસ્તિત્વ છે અર્થાત્ અસ્તિત્વ નથી.

5. નાસ્તિત્વધર્મને સમજવામાં પરનો આધાર લેવો પડે છે, પરંતુ આત્માના નાસ્તિત્વધર્મની સત્તા આત્મામાં આત્માથી જ છે, શરીરમાં અથવા શરીરથી નહીં. આત્માના શરીરરૂપ ન થવાની યોગ્યતા અથવા આત્માનું અસ્તિત્વ, શરીરને કારણે ન હોવાની યોગ્યતા જ નાસ્તિત્વધર્મનું સ્વરૂપ છે.

6. પ્રત્યેક વસ્તુનું અસ્તિત્વ પોતાના ચતુષ્ટયથી છે, પર-ચતુષ્ટયથી નહીં. તેથી પ્રયોગ કરતા સમયે સાવધાની રાખવી જોઈએ કે શેમાં શેની નાસ્તિ કહેવામાં આવી રહી છે. શરીરની અપેક્ષાએ આત્માનું નાસ્તિત્વ છે-આ આત્માનો નાસ્તિત્વધર્મ છે અને આત્માની અપેક્ષાએ શરીરનું નાસ્તિત્વ હોવું-એ શરીરના નાસ્તિત્વધર્મની યોગ્યતા છે.

7. અસ્તિત્વધર્મમાં વસ્તુની સત્તાનો બોધ થાય છે અને નાસ્તિત્વધર્મમાં વસ્તુની અસત્તા અર્થાત્ પરથી ભિન્નતા, સ્વતંત્રતા અને પરથી અત્યંતાભાવની સિદ્ધિ થાય છે.

8. લૌકિક જીવનમાં પણ નાસ્તિત્વની અનુભૂતિના પ્રસંગ બને છે. કોઈ વિશિષ્ટ કાર્યક્રમમાં કોઈ વિશિષ્ટ વ્યક્તિનું ન હોવું, ઘણું બધું કહી જાય છે. જનસામાન્યમાં પણ અનેક પ્રકારની ચર્ચાઓ થવા લાગે છે.

9. **આજ પ્રવચનમાં ફલાણા વ્યક્તિ ન આવ્યા**, આ પ્રસંગમાં દ્રવ્યની નાસ્તિ છે. **હું જયપુર નથી જઈ રહ્યો**, આ પ્રસંગમાં ક્ષેત્રની

નાસ્તિ છે. **હું કાલે નહીં આવું,** આ પ્રસંગમાં કાળની નાસ્તિ છે અને **મને ભૂખ નથી,** આ પ્રસંગમાં ભાવની નાસ્તિ છે. આ પ્રકારના અનેક પ્રયોગ આપણા લોકજીવનમાં વ્યાપ્ત છે. કોઈ મોટા નેતા, કોઈ સંમેલનમાં ન ગયા, એમાં પણ ઘણા બધાં સંકેત સમજી લેવામાં આવે છે; તેથી અસ્તિ-નાસ્તિ બંને પક્ષોથી વસ્તુ-સ્વરૂપ સમજવામાં આવે છે.

10. જે વ્યક્તિ, આ અસ્તિ-નાસ્તિ ધર્મોને યથાર્થ જાણે છે, તે જ વ્યક્તિ જગતના બધાં પદાર્થોની પરસ્પર ભિન્નતાને ઘણી સારી રીતે સમજી શકે છે. એના જાણવાથી જ પરપદાર્થોથી એકત્વબુદ્ધિ ટૂટે છે, પરથી લાભ-ગેરલાભ માનવાની મિથ્યા માન્યતા છૂટે છે. આ રહસ્યને સમજવાનું સાચું ફળ તો એ જ છે કે બધાં પરપદાર્થોના આશ્રયની રૂચિ સમાપ્ત થઈને એક નિજ ભગવાન આત્માની જ રૂચિ જાગૃત થઈ જાય.

11. કાર્યોત્પત્તિમાં નિમિત્તની ઉપસ્થિતિ અનિવાર્ય છે અને કેટલાંય પ્રસંગોમાં અભાવરૂપ નિમિત્ત પણ હોય છે. સમુદ્રની નિસ્તરંગ અવસ્થામાં હવાનું ન ફરકવું, તથા આત્મામાં રાગાદિની અનુત્પત્તિમાં દ્રવ્યકર્મનો ઉદય ન હોવો આદિ અભાવરૂપ નિમિત્તના ઉદાહરણ છે. આ પ્રસંગોમાં પણ નાસ્તિધર્મની મહત્તા ઝલકે છે.

12. આચાર્ય સમંતભદ્રએ આપ્તમીમાંસામાં અભાવૈકાંતનું ખંડન કરીને અસ્તિત્વધર્મની અને ભાવૈકાંતનું ખંડન કરીને નાસ્તિધર્મની મહત્ત્વતા બતાવી છે.

13. અસ્તિત્વ-નાસ્તિત્વધર્મની વ્યાખ્યા બે રીતે કરી શકાય છે. (અ) બંને ધર્મોનું અનુક્રમે કથન કરવામાં આવી શકે છે. (બ) બંને વિરોધી ધર્મ વસ્તુમાં અવિરોધરૂપથી એકસાથે રહે છે-એવી યોગ્યતાને ત્રીજા ભંગ દ્વારા બતાવવામાં આવે છે. માટે વસ્તુ કથંચિત્ ઉભયરૂપ કહેવામાં આવે છે.

14. અસ્તિત્વ અને નાસ્તિત્વ-આ બંન્નેને ભેળવી દેવાથી ત્રીજો ભંગ બની ગયો-એવું નથી. ઉભયરૂપમાં રહેવાની યોગ્યતાવાળો ત્રીજો અલગ ધર્મ, વસ્તુમાં છે, જે ત્રીજા ભંગ (નય) દ્વારા કહેવામાં આવ્યો છે. આ જ રીતે બાકીના ચાર ભંગ પણ વસ્તુની જે-તે પ્રકારની યોગ્યતારૂપ સ્વતંત્ર ધર્મ છે. માત્ર બે ધર્મોનો વિસ્તાર નથી, કારણ કે સાત પ્રકારના ધર્મ છે, માટે સાત પ્રકારની જીજ્ઞાસાઓ હોય છે અને માટે સાત ભંગ છે.

15. જો બંને ધર્મો એક સાથે ન રહે તો વસ્તુની સત્તા સુરક્ષિત નહીં રહી શકે, તેથી ઉભયધર્મને જરૂરથી સ્વીકાર કરવો જોઈએ.

## (6)

## અવક્તવ્યનય

**લોહમય તથા અલોહમય, દોરી તથા ધનુષના મધ્યમાં સ્થિત તથા દોરી તથા ધનુષના મધ્યમાં નહીં સ્થિત, સંધાન-અવસ્થામાં રહેલા તથા સંધાન અવસ્થામાં ન રહેલા અને લક્ષ્યોન્મુખ તથા અલક્ષ્યોન્મુખ-આ રીતે તેવા જ બાણની જેમ-આત્મદ્રવ્ય, અવકતવ્યનયથી યુગપદ્ સ્વ-પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે.**

અવક્તવ્યનયનું સ્વરૂપ નીચેના મુદ્દાઓના માધ્યમથી સમજી શકાય છે -

1. બધાં ધર્મો અથવા અનેકના કથન એકસાથે નથી કરી શકાતા-આ અપેક્ષાથી વસ્તુ અવક્તવ્યરૂપ છે.

2. જો કે આમાં ભાષાની મજબૂરી હોવાથી ભાષાની અપેક્ષા આવે છે, પરંતુ વસ્તુ ધર્મોનું સંપૂર્ણરૂપથી કથન નથી કરી શકાતું-એવી યોગ્યતા વસ્તુમાં છે, જેને અવક્તવ્યનય દ્વારા જાણી/કહી શકાય છે.

3. વસ્તુને સર્વથા અવક્તવ્ય કહેવું પણ સ્વ-વચન બાધિત છે અર્થાત્ અવક્તવ્યરૂપ યોગ્યતાને તો કહેવામાં આવી જ રહ્યું છે, માટે તે કથંચિત્ અવક્તવ્ય છે, સર્વથા અવક્તવ્ય નહીં. અનેક ધર્મોના કથન અનુક્રમે કરી શકાય છે, તેથી વસ્તુ કથંચિત્ વક્તવ્યરૂપ પણ છે.

4. તીર્થંકરોના ગુણોનું વર્ણન અથવા આચાર્યો, જ્ઞાનીઓના ઉપકારનું સંપૂર્ણ વર્ણન અશક્ય છે-આ કથન પણ અવક્તવ્યનયનો જ પ્રયોગ છે.

5. ક્યારેક-ક્યારેક કાંઈ ન કહીને પણ ઘણું બધું કહી દેવાય છે. જેમ, બાળક જો ભૂલ કરે તો ગંભીર પ્રકૃતિના માતા-પિતા તેને ધમકાવવાને બદલે મૌન રહે છે. સમજદાર બાળક, તેમના મૌનથી જ તેઓની નારાજગી સમજી લે છે અને પોતાની ભૂલ અનુભવી લે છે. અહીંયા કાંઈ ન કહીને પણ ઘણુંબધું કહી દેવામાં આવ્યું છે.

6. શરૂઆતના ત્રણ ભંગો દ્વારા વસ્તુસ્વરૂપ કહેવામાં આવી રહ્યું છે, તેથી તે વ્યક્તપણાના વાચક છે. ચોથો ભંગ અવક્તવ્ય સંબંધી છે તથા અંતના ત્રણ ભંગ વક્તવ્ય-અવક્તવ્યથી મિશ્રિત છે.

(7-8-9)

## અસ્તિત્વ-અવક્તવ્ય નય, નાસ્તિત્વ-અવક્તવ્યનય તથા અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનય

**લોહમય, દોરી અને ધનુષની મધ્યે સ્થિત, સંધાનદશામાં રહેલા, લક્ષ્યોન્મુખ તથા લોહમય તથા અલોહમય, દોરી અને ધનુષની મધ્યે સ્થિત, દોરી અને ધનુષની મધ્યે ન સ્થિત, સંધાનદશામાં રહેલા તથા સંધાનદશામાં ન રહેલા તથા લક્ષ્યોન્મુખ અને અલક્ષ્યોન્મુખ-એવા તે જ બાણની જેમ આત્મદ્રવ્ય, અસ્તિત્વ-અવક્તવ્યનયથી સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વ-પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાન અવક્તવ્ય છે.**

**અલોહમય, દોરી અને ધનુષની મધ્યે ન સ્થિત, સંધાનદશામાં ન રહેલા, અલક્ષ્યોન્મુખ તથા લોહમય તથા અલોહમય, દોરી અને ધનુષની મધ્યે સ્થિત તથા દોરી અને ધનુષના મધ્યમાં નહીં સ્થિત, સંધાનદશામાં રહેલા તથા સંધાનદશામાં ન રહેલા અને લક્ષ્યોન્મુખ તથા અલક્ષ્યોન્મુખ - એવા તે જ બાણની જેમ આત્મદ્રવ્ય, નાસ્તિત્વ-અવક્તવ્યનયથી પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વ-પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાન-અવક્તવ્ય છે.**

**લોહમય, દોરી અને ધનુષની મધ્યે સ્થિત, સંધાનદશામાં રહેલા, લક્ષ્યોન્મુખ, અલોહમય, દોરી અને ધનુષની મધ્યે નહીં સ્થિત, સંધાનદશામાં ન રહેલા, અલક્ષ્યોન્મુખ; તેમજ લોહમય તથા અલોહમય, દોરી અને ધનુષની મધ્યે સ્થિત તથા દોરી અને ધનુષની મધ્યે નહીં સ્થિત, સંધાનદશામાં રહેલા અને સંધાન દશામાં ન રહેલા, લક્ષ્યોન્મુખ અને અલક્ષ્યોન્મુખ-એવા તે જ બાણની જેમ આત્મદ્રવ્ય, અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયથી સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વ-પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ-નાસ્તિત્વવાન અવક્તવ્ય છે.**

અવક્તવ્યનય પછી આ ત્રણ નયોની વિસ્તૃત વ્યાખ્યા દુર્લભ છે, કારણ કે આનો પ્રયોગ ખૂબ ઓછો જોવામાં આવે છે.

અસ્તિત્વ-અવક્તવ્યધર્મથી તાત્પર્ય છે કે આત્માનું અસ્તિત્વ બતાવવા છતાં પણ નાસ્તિત્વ તથા અન્ય નિત્ય-અનિત્યાદિ ધર્મ નથી કહેવામાં આવ્યા, તેથી તે અસ્તિત્વવાન્-અવક્તવ્યરૂપ યોગ્યતાવાળો છે, અર્થાત્ આ નય અથવા ભંગ એ બતાવી રહ્યો છે કે સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનું વર્ણન કરીને એ ન સમજવું જોઈએ કે સંપૂર્ણ વસ્તુનું વર્ણન થઈ ગયું.

આ જ રીતે નાસ્તિત્વ-અવક્તવ્યધર્મ પણ એ બતાવે છે કે પર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વની અપેક્ષાએ વસ્તુનું વર્ણન

કરવા છતાં પણ વસ્તુના ઘણા અંશ અવક્તવ્ય રહી જાય છે.

આ જ સ્થિતિ સાતમાં અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યધર્મના વિષયમાં પણ સમજવી જોઈએ. અનુક્રમે અસ્તિત્વ-નાસ્તિત્વ બંને ધર્મોનું વર્ણન કરવા છતાં પણ વસ્તુનું સંપૂર્ણ વર્ણન નથી થઈ શકતું, કારણ કે નિત્ય-અનિત્ય આદિ અન્ય ધર્મ-યુગલ તથા જ્ઞાનાદિ અનંતગુણ નથી કહેવામાં આવ્યા. કોઈપણ એક ધર્મયુગલથી વર્ણન કરવા છતાં પણ તે જ સમયે વસ્તુ અવક્તવ્ય પણ રહી જાય છે - આ જ યોગ્યતાનો વાચક સાતમો ભંગ છે.

આ જ રીતે સાતમો (ભંગ) એ પણ બતાવે છે કે વસ્તુના અનેક ધર્મ અનુક્રમે વક્તવ્ય તો છે, પરંતુ યુગપદ્ એક સાથે નથી.

આ સાત ભંગોનું વિસ્તૃત વર્ણન સપ્તભંગી સંબંધી અધિકારમાં પણ કરવામાં આવેલ છે.

## (10-11)

## વિકલ્પનય અને અવિકલ્પનય

**આત્મદ્રવ્ય, વિકલ્પનયથી બાળક, કુમાર તથા વૃદ્ધ-એવા એક પુરૂષની જેમ સવિકલ્પ છે અને અવિકલ્પનયથી એક પુરૂષમાત્રની જેમ અવિકલ્પ છે.**

આ સંબંધમાં નીચેના મુદ્દાઓથી વિચાર કરીએ છીએ -

1. અહીંયા વિકલ્પનો અર્થ ભેદ છે અને અવિકલ્પનો અર્થ અભેદ છે. જે રીતે એક જ પુરૂષ, બાળક, યુવાન અને વૃદ્ધ - આ અવસ્થાઓને ધારણ કરવાવાળો હોવાથી બાળક, યુવાન તથા વૃદ્ધ - એવા ત્રણ ભેદોમાં વિભાજીત કરવામાં આવે છે, તે જ રીતે ભગવાન આત્મા એક અભેદ થઈને પણ જ્ઞાન, દર્શનાદિ ગુણો તથા મનુષ્ય, તિર્યંચ, નારક, દેવાદિ અથવા બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા આદિ પર્યાયોના ભેદોમાં વિભાજીત કરવામાં આવે છે.

2. જે રીતે બાળક, યુવાન તથા વૃદ્ધ અવસ્થાઓમાં વિભાજીત થવા છતાં પણ તે પુરૂષ ખંડિત નથી થઈ જતો, રહે છે તો તે એક અખંડીત પુરૂષ જ, તે જ રીતે જ્ઞાન-દર્શનાદિ ગુણો તથા નરકાદિ અથવા બહિરાત્માદિ પર્યાયો દ્વારા ભેદને પ્રાપ્ત થવાં છતાં પણ ભગવાન આત્મા અખંડ જ રહે છે.

3. અહીંયા એ પ્રશ્ન થઈ શકે છે કે દ્રવ્યનય અને અવિકલ્પનય તથા પર્યાયનય અને વિકલ્પનયમાં શું તફાવત છે? એમ તો આ બંને જોડલાં એક જેવા જ લાગે છે, પરંતુ ઉંડાણથી વિચાર કરવાથી એવું લાગે છે કે દ્રવ્યનય, આત્માનો ચિન્માત્ર ધર્મ બતાવી રહ્યો છે અને અવિકલ્પનય આત્માની ગુણ-પર્યાયોમાં એક અભેદરૂપથી વ્યાપ્ત હોવાની યોગ્યતાને દર્શાવી રહ્યો છે અર્થાત્ તેના અભેદરૂપ ધર્મનો વાચક છે. આ જ રીતે પર્યાયનય, આત્માના જ્ઞાન-દર્શન ગુણોને બતાવે છે અને વિકલ્પનય, તેની પર્યાયરૂપ ભેદરૂપ યોગ્યતાને બતાવે છે.

આ રીતે સુજ્ઞ જનો દ્વારા આ પ્રકરણ વિચારણીય છે.

**(12-15)**

**નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય અને ભાવનય**

**આત્મદ્રવ્ય, નામનયથી નામવાળાની જેમ શબ્દબ્રહ્મને સ્પર્શ કરવાવાળો છે, સ્થાપનાનયથી મૂર્તિપણાની જેમ સર્વ પુદ્ગલોનું અવલંબન કરવાવાળો છે, દ્રવ્યનયથી બાળક-શેઠ અને શ્રમણ-રાજાની જેમ અનાગત અને અતીત પર્યાયરૂપ (ભૂત-ભવિષ્ય-પર્યાયરૂપ) થી પ્રતિભાસિત થાય છે તથા ભાવનયથી પુરૂષની સમાન પ્રવર્તમાન સ્ત્રીની જેમ, વર્તમાન પર્યાયરૂપથી પ્રતિભાસિત થાય છે.**

ઉપરોક્ત ચાર નિક્ષેપો સંબંધી નય, આત્મામાં વિદ્યમાન નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ધર્મોને બતાવે છે. આ ચારેય નયોનું સ્વરૂપ નીચેના મુદ્દાઓના આધારથી સ્પષ્ટ સમજી શકાય છે

**નામનય**

1. આત્મા, આત્મા શબ્દથી વાચ્ય હોવાની યોગ્યતા રાખે છે. આ યોગ્યતાને નામધર્મ કહે છે અને આને જાણવાવાળો નય, નામનય છે.

2. જો આત્મામાં વાણી દ્વારા વાચ્ય થવાની યોગ્યતા ન હોત તો તેના સ્વરૂપનું કથન કરવું, ગ્રંથ રચવા આદિ બધાં કાર્ય નિરર્થક થઈ જાત. આ જ રીતે બધાં પદાર્થોના સંબંધમાં સમજવું જોઈએ.

3. જો કે આત્મામાં વાણીનો અભાવ છે, છતાંપણ વાણીથી વાચ્ય હોવારૂપ ધર્મનો અભાવ નથી.

ભગવાન આત્મા પરમબ્રહ્મ છે અને તેને પ્રકાશિત કરવાવાળી વાણી શબ્દબ્રહ્મ છે. કહ્યું પણ છે -

**''શુદ્ધબ્રહ્મ પરમાત્મા, શબ્દબ્રહ્મ જિનવાણી.''**

**સ્થાપનાનય**

1. જે રીતે મૂર્તિમાં ભગવાનની સ્થાપના કરવામાં આવે છે, તે જ રીતે કોઈપણ પુદ્ગલપિંડમાં આત્માની સ્થાપના કરવામાં આવી શકે છે.

2. જે વસ્તુમાં જે વ્યક્તિની સ્થાપના કરવામાં આવે છે, તે વસ્તુને જોવાથી તે વ્યક્તિ ધ્યાનમાં આવે છે-આ રીતે તે વસ્તુ સ્થાપના દ્વારા તે વ્યક્તિનું જ્ઞાન કરાવી દે છે.

3. શરીરમાં ઉપચારથી જીવની સ્થાપના કરીને શરીરને જીવ કહેવામાં આવે છે. જેમ, મનુષ્ય જીવ, એકેંદ્રિય જીવ, ત્રસ જીવ આદિ. આ રીતે જીવમાં એવી યોગ્યતારૂપ ધર્મ છે કે તેની સ્થાપના, પુદ્ગલ-પિંડોમાં જાણી શકાય, કરી શકાય.

4. સ્થાપના, તદાકાર અને અતદાકારના ભેદથી બે પ્રકારની હોય છે. મૂર્તિમાં ભગવાનની સ્થાપનાના પ્રયોગ તો જગતમાં જોવામાં

આવે જ છે, જે તદાકાર સ્થાપના કહેવાય છે, કોઈકના દ્વારા ભેટમાં મળેલ ઘડીયાલ, રૂમાલ આદિ વસ્તુઓને જોઈને તે વ્યક્તિની યાદ આવે છે, તેથી એને પણ અતદાકાર-સ્થાપનાનો પ્રયોગ કહી શકાય છે. આ જ રીતે પૂજનના અષ્ટ દ્રવ્યોમાં નૈવેદ્ય, દીપ, ધૂપ, ફળ, પુષ્પની અતદાકાર સ્થાપના સમજવી જોઈએ.

**દ્રવ્યનય**

1. આત્માને તેની ભૂત-ભવિષ્યની પર્યાયોના રૂપમાં વર્તમાનમાં જોઈ શકાય-એવી યોગ્યતા તેનામાં છે, જેને દ્રવ્ય નામક ધર્મ કહે છે તથા આ યોગ્યતાને જાણવાવાળું જ્ઞાન, દ્રવ્યનય કહેવાય છે.

2. રાજાના પુત્રને રાજાના રૂપમાં જોવું (ભાવિદ્રવ્યનય) રાજા જો મુની થઈ જાય તો પણ તેને રાજાના રૂપમાં જોવું (ભૂતદ્રવ્યનય) તથા ઋષભાદિ તીર્થંકર ભગવંતોને સિદ્ધ થઈ જવાં છતાં પણ તીર્થંકરના રૂપમાં જોવાં (ભૂતદ્રવ્યનય)-આ બધાં દ્રવ્યનયના જ પ્રયોગ છે.

3. ૪૭ નયોમાં બે દ્રવ્યનય છે-પહેલો દ્રવ્યનય, આત્માને સામાન્ય ચૈતન્ય માત્ર જુએ છે અને આ ૧૪મો દ્રવ્યનય, આત્માને તેની ભૂત-ભવિષ્યની પર્યાયના રૂપમાં જુએ છે. પ્રથમ દ્રવ્યનયની સાથે પર્યાયનય કહેવામાં આવ્યો છે અને આ દ્રવ્યનયની સાથે ભાવનય કહેવામાં આવ્યો છે અથવા આ ૧૪મો દ્રવ્યનય ચાર નિક્ષેપોવાળો દ્રવ્યનય છે.

**ભાવનય**

1. આત્માને તેની વર્તમાન પર્યાયરૂપ જાણવામાં આવે-એવી યોગ્યતાને તેના ભાવ નામક ધર્મ કહેવામાં આવે છે તથા તેને જાણવાવાળો શ્રુતજ્ઞાનનો અંશ-ભાવનય કહેવામાં આવે છે.

2. જો કોઈ ડૉક્ટર પૂજા કરી રહ્યા હોય તો તેને ડૉક્ટર કહેવું

દ્રવ્યનય છે અને પૂજારી કહેવું ભાવનય છે.

સંક્ષેપમાં ઉપરોક્ત ચારે નયોને નિમ્નલિખીત સરળ ઉદાહરણો દ્વારા પણ સમજી શકાય છે -

- જિનેન્દ્ર નામના વ્યક્તિને જિનેન્દ્ર કહેવું, **નામનય** છે.
- અંતર્મુખી વીતરાગી પ્રતિમાને જિનેન્દ્ર કહેવું, **સ્થાપનાનય** છે.
- મુનીરાજને જિનેન્દ્ર કહેવું અથવા સિદ્ધોને તીર્થંકર કહેવું, **દ્રવ્યનય** છે.
- સાક્ષાત જિનેન્દ્ર ભગવાનને જિનેન્દ્ર કહેવું, **ભાવનય** છે.

આ વિવેચનથી એ સ્પષ્ટ થાય છે કે આત્મામાં વિદ્યમાન નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-આ ધર્મ જ્ઞેય છે તથા તેમને જાણવાવાળા ચારેય નય, શ્રુતજ્ઞાનાત્મક છે અને એના આધાર પર પ્રચલિત થવાવાળો લોકવ્યવહાર, નિક્ષેપ છે.

આ ચારેય નયોને જાણવાથી આત્માની વિશિષ્ટ યોગ્યતાઓનું જ્ઞાન થાય છે અને તેના પ્રતિપાદનની વિભિન્ન પદ્ધતિઓ દ્વારા જોવામાં આવતો વિરોધ ટળી જાય છે.

## (16-17)
## સામાન્યનય અને વિશેષનય

**આત્મદ્રવ્ય, સામાન્યનયથી હાર-માળા-કંઠીના દોરાની જેમ વ્યાપક છે અને વિશેષનયથી તેના એક મોતીની જેમ અવ્યાપક છે.**

1. આત્મામાં પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત થઈને રહેવાની યોગ્યતાને સામાન્ય ધર્મ કહે છે અને તેને જાણવાવાળું જ્ઞાન, સામાન્યનય કહેવાય છે.

2. જો દ્રવ્ય, પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત ન હોય તો આ ગુણ કે આ પર્યાય, આ દ્રવ્યની છે-એમ કયા આધારથી કહી

શકાશે? અર્થાત્ જ્ઞાન, આત્માનો ગુણ છે અને મતિજ્ઞાન આદિ તેની પર્યાયો છે - એવું નથી કહી શકાતું.

3. આત્મામાં એવી યોગ્યતા પણ છે, જેનાથી તેનો એક ગુણ કે પર્યાય, અન્ય ગુણો કે પર્યાયોમાં પ્રવેશ નથી કરી શકતા. પ્રત્યેક ગુણ, પોત-પોતાના સ્વભાવમાં અને પ્રત્યેક પર્યાય, પોત-પોતાના સ્વકાળમાં સત્રૂપથી વિદ્યમાન છે-આ યોગ્યતાને જ વિશેષધર્મ કહે છે અને આને જાણવાવાળા જ્ઞાનને વિશેષનય કહે છે.

4. આત્મા પોતાની મિથ્યાત્વ અને સમ્યક્ત્વ, બંને પર્યાયોમાં વ્યાપક છે અર્થાત્ તેમના સ્વકાળમાં તે પર્યાયરૂપમાં પરિણમન કરે છે, પરંતુ જો મિથ્યાત્વ પર્યાય, આગામી બધી પર્યાયોમાં વ્યાપક થઈ જાય તો મિથ્યાત્વનો અભાવ ક્યારેય નહીં થઈ શકે.

મિથ્યાત્વ પર્યાયનો નાશ થઈને સમ્યક્ત્વ પર્યાય પ્રગટ થવાથી જાણે સંપૂર્ણ આત્મા જ પલટાઈ ગયો છે-એવું પ્રતિભાસિત થાય છે. તેથી પર્યાય અપેક્ષાએ આત્મા અવ્યાપક ધર્મસ્વરૂપ પણ છે.

**પ્રશ્ન** : મિથ્યાત્વ તો અનાદિકાળથી છે અને ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત કાળ સુધી રહેશે તો પર્યાયો આટલી સુદીર્ઘ હોવાથી એક પર્યાયને બીજી પર્યાયોમાં વ્યાપક શા માટે ન માનવામાં આવે?

**ઉત્તર** : ઉપરોક્ત કથન પ્રવાહ અપેક્ષાએ કરવામાં આવ્યું છે. અનાદિ કાળથી શ્રદ્ધાગુણની પ્રત્યેક સમયની પર્યાયોમાં નવું-નવું મિથ્યાત્વ ઉત્પન્ન થઈ રહ્યું છે, પરંતુ પ્રવાહ અપેક્ષાએ તેને અનાદિનું કહેવામાં આવે છે. ક્ષાયિક સમ્યક્ત્વ પણ પ્રતિસમય અનંતકાળ સુધી નવું-નવું થતું રહેશે, તેથી તેને પણ પ્રવાહ અપેક્ષાએ જ અનંત કહેવામાં આવે છે. આ વાત અન્ય બધી પર્યાયોમાં પણ યથાયોગ્ય સમજી લેવી જોઈએ.

**પ્રશ્ન** : ભાવનય, દ્રવ્યનય અને સામાન્યનયમાં શું તફાવત છે?

**ઉત્તર :** આ ભગવાન આત્મા, ભાવનયથી વર્તમાનપર્યાયરૂપ પ્રતિભાસિત થાય છે, દ્રવ્યનયથી ભૂત-ભાવિપર્યાયરૂપ પ્રતિભાસિત થાય છે, જ્યારે સામાન્યનયથી ભૂત, વર્તમાન અને ભવિષ્ય - આ ત્રણેય કાળની પર્યાયોમાં વ્યાપ્ત પ્રતિભાસિત થાય છે.

સામાન્યનયથી અર્થાત્ દ્રવ્ય-અપેક્ષાએ આત્મા, સર્વ પર્યાયોમાં વ્યાપ્ત છે, પરંતુ વિશેષનયથી અર્થાત્ પર્યાય-અપેક્ષાએ આત્મા, સર્વ પર્યાયોમાં વ્યાપ્ત નથી; માટે એમ કહેવામાં આવે છે કે આ આત્મા, સામાન્યનયથી વ્યાપક છે અને વિશેષનયથી અવ્યાપક છે.

**પ્રશ્ન :** પ્રથમ દ્રવ્યનય અને આ સામાન્યનયમાં શું તફાવત છે?

**ઉત્તર :** પ્રથમ દ્રવ્યનય, આત્માને ચિન્માત્ર જુએ છે, ગુણ-પર્યાયોમાં વ્યાપકતા તેનો વિષય નથી, તે સામાન્યનયનો વિષય છે. એ જ રીતે પર્યાયનયનો વિષય ગુણ-પર્યાયના ભેદમાત્ર છે, તેની અવ્યાપકતા નહીં, તેમની પરસ્પર અવ્યાપકતા વિશેષનયનો વિષય છે.

## (18-19)

## નિત્યનય અને અનિત્યનય

**આત્મદ્રવ્ય, નિત્યનયથી નટ ની જેમ અવસ્થાયી છે અને અનિત્યનયથી રામ-રાવણ આદિના સ્વાંગોની જેમ અનવસ્થાયી છે.**

1. જેમ કોઈ કલાકાર, રામ-રાવણ કે પોલીસ-ગુનેગાર આદિ અનેક સ્વાંગ ધારણ કરવા છતાં પણ તે સ્વાંગરૂપ નથી થતો, તે વ્યક્તિ તો તેનો તે જ (રૂપ) રહે છે, તે જ રીતે ભગવાન આત્મા પણ નર-નારકાદિ સ્વાંગ ધારણ કરવા છતાં પણ નથી બદલાતો, આત્મા તો તેનો તે જ, તેવો જ રહે છે. આત્માની આ યોગ્યતા જ તેનો નિત્યધર્મ છે અને તેને જાણવાવાળું જ્ઞાન નિત્યનય છે.

આચાર્ય અમૃતચંદ્રદેવ વિરચિત નીચેની પંક્તિઓમાં આત્માની

નિત્યતા બતાવવામાં આવી છે –

**નવતત્ત્વગતત્વેઽપિ યદેકત્વં ન મુઞ્ચતિ** (સમયસાર કળશ ૭)

2. નિત્ય રહીને પણ આત્મા કોઈને કોઈ પર્યાયમાં (સ્વાંગમાં) જરૂર રહે છે, પરંતુ એ સ્વાંગ નિત્ય નથી, તે બદલાતા રહે છે. સ્વાંગ બદલવાની આ યોગ્યતા જ તેનો અનિત્ય ધર્મ છે અને તેને જાણવાવાળો જ્ઞાનાંશ જ અનિત્યનય છે. **આ અનિત્યધર્મરૂપ યોગ્યતા પણ આત્મામાં નિત્ય રહે છે.**

3. પ્રવચનસાર, ગાથા ૧૧૪ની ટીકામાં પણ આત્માની નિત્યતા અને અનિત્યતા સારી રીતે સમજાવવામાં આવી છે. ત્યાં પર્યાયો પરસ્પર ભિન્ન (અવ્યાપક) છે અને દ્રવ્ય, તેનાથી તત્કાલ તન્મય (અનન્ય) હોવાથી અલગ-અલગ (અન્ય-અન્ય) છે. આ રીતે દ્રવ્યને પર્યાયદ્રષ્ટિથી અનિત્ય કહેવામાં આવેલ છે.

4. આ જ રીતે પ્રવચનસાર, ગાથા ૧૧૬માં પણ કોઈ પર્યાય શાશ્વત નથી—એવું કહીને પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાયની અનિત્યતા બતાવવામાં આવી છે.

## (20-21)

## સર્વગતનય અને અસર્વગતનય

**આત્મદ્રવ્ય, સર્વગતનયથી ખુલ્લા નેત્રની જેમ સર્વવર્તી (બધાંમાં વ્યાપ્ત થવાવાળો) છે અને અસર્વગતનયથી બંધ નેત્રની જેમ પોતામાં રહેવાવાળો છે.**

1. નય ક્રમાંક ૨૦-૨૫માં જ્ઞાન અને જ્ઞેય સંબંધી ચર્ચા છે. જ્ઞાન લોકાલોકને જાણે છે. તેથી જાણવાની અપેક્ષાએ સર્વગત છે, પરંતુ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહે છે, માટે અસર્વગત પણ છે.

2. 'સકલ જ્ઞેય જ્ઞાયક તદપિ...' આ પંક્તિમાં સર્વગતનયનો સહજ પ્રયોગ થઈ ગયો છે તથા 'નિજાનંદ રસલીન' – આ શબ્દોમાં

અસર્વગતનયની ઝલક જોવામાં આવી શકે છે.

3. પોતાના અસંખ્ય પ્રદેશોમાં રહીને, લોકાલોકને જાણવાની યોગ્યતા સર્વગતધર્મ છે અને તેને જાણવાવાળું જ્ઞાન સર્વગતનય છે. લોકાલોકને જાણતા થકાં પણ તેનાથી ભિન્ન રહેવાની યોગ્યતા, અસર્વગતધર્મ છે અને તેને જાણવાવાળું જ્ઞાન, અસર્વગતનય છે.

4. અન્યમતમાં વિષ્ણુને સર્વવ્યાપી કહેવામાં આવે છે, પરંતુ આત્મા પોતાના જ્ઞાન દ્વારા લોકાલોકમાં વ્યાપ્ત થાય છે અર્થાત્ માત્ર જાણે છે - એ જ તેનો સર્વગતધર્મ છે. પ્રવચનસાર, ગાથા ૨૩માં પણ આ અપેક્ષાએ આત્માને સર્વગત કહેવામાં આવ્યો છે.

5. આ બંને નયોને જાણવાથી જ્ઞાનનું સ્વરૂપ જાણવામાં આવે છે કે તે સમસ્ત જ્ઞેયોને જાણતાં થકાં પણ પોતાના પ્રદેશમાં જ રહે છે.

## (22-23)

## શૂન્યનય અને અશૂન્યનય

**આત્મદ્રવ્ય, શૂન્યનયથી ખાલી ઘરની જેમ એકલો (અમિલિત) ભાસિત થાય છે અને અશૂન્યનયથી લોકોથી ભરેલા જહાજની જેમ (મિલિત) ભાસિત થાય છે.**

1. છેલ્લા જોડલા (યુગલ)માં જ્ઞાનની પ્રધાનતાથી કથન કરવામાં આવ્યું હતું અને અહીંયા જ્ઞેયોની પ્રધાનતાથી કથન કરવામાં આવ્યું છે.

2. સંપૂર્ણ જ્ઞેયોને જાણતાં હોવા છતાં પણ આત્મામાં કોઈપણ જ્ઞેયનો પ્રવેશ ન થાય - એવી યોગ્યતાને શૂન્યધર્મ કહે છે તથા તેને જાણવાવાળા જ્ઞાનને શૂન્યનય કહે છે.

3. જ્ઞાનમાં એવી યોગ્યતા છે કે તેમાં જ્ઞેય ઝલકે, આ યોગ્યતાને અશૂન્યધર્મ કહે છે અને આ જાણવાવાળું જ્ઞાન, અશૂન્યનય કહેવાય છે.

**કૈવલ્ય કલામેં ઉમડ પડા, સંપૂર્ણ વિશ્વ કા હી વૈભવ...** આ પંક્તિમાં અશૂન્યનયનો પ્રયોગ સ્પષ્ટ ઝલકી રહ્યો છે.

4. અશૂન્યનય જ્ઞાનમાં સમસ્ત જ્ઞેય ઝલકવાની યોગ્યતા બતાવે છે અને શૂન્યનય જ્ઞાનની જ્ઞેયોથી અત્યંત ભિન્નતા બતાવે છે.

(24-25)

## જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનય અને જ્ઞાન-જ્ઞેય-દ્વૈતનય

**આત્મદ્રવ્ય, જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનયથી મહાન ઈંધન (બળતણ) સમૂહરૂપ પરિણત અગ્નિની જેમ એક છે અને જ્ઞાન-જ્ઞેય-દ્વૈતનયથી પરના પ્રતિબિંબોથી સંયુક્ત દર્પણની જેમ અનેક છે.**

1. આત્મામાં એવી યોગ્યતા છે કે તે જ્ઞેયોને જાણીને, તેનાથી ભિન્ન રહીને પણ જ્ઞેયને જાણવાવાળી પર્યાય અર્થાત્ જ્ઞેયાકાર જ્ઞાનમાં તન્મય રહીને પરિણમે-આ યોગ્યતાને જ જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતધર્મ કહે છે અને તેને જાણવાવાળું જ્ઞાન, જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનય કહેવાય છે.

2. જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનયથી જ્ઞેયાકાર જ્ઞાનને જ ઉપચારથી જ્ઞેય કહીને આત્માને તેનાથી અભિન્ન કહેવામાં આવી રહ્યો છે.

**અ. જ્ઞેયાકાર જ્ઞાન મેં ભી કલાકાર જ્ઞાન હૈ.**

**બ. જો કુછ ઝલકતા જ્ઞાન મેં, વહ જ્ઞેય નહીં બસ જ્ઞાન હૈ.**

આ બંને પંક્તિઓમાં જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનયનો જ પ્રયોગ ઝલકી રહ્યો છે.

3. આત્મામાં એવી યોગ્યતા છે કે તેમાં જ્ઞેય પ્રતિબિંબિત થતાં થકા પણ તે જ્ઞેયોથી ભિન્ન રહે છે-આ યોગ્યતા જ જ્ઞાન-જ્ઞેય-દ્વૈતધર્મ કહેવામાં આવે છે તથા તેને જાણવાવાળું જ્ઞાન, જ્ઞાન-જ્ઞેય-દ્વૈતનય કહેવામાં આવે છે.

**'પ્રતિબિંબિત પૂરી જ્ઞેયાવલિ, પર ચિન્મયતા કો આઁચ નહીં' -**

આ પંક્તિના પૂર્વાર્ધમાં અશૂન્યનય અને ઉત્તરાર્ધમાં જ્ઞાન-જ્ઞેય-દ્વૈતનયનો પ્રયોગ ઝલકી રહ્યો છે.

જ્ઞાન-જ્ઞેય સંબંધી છયે નયોના સ્વરૂપ અને તેમને જાણવાથી થવાવાળા લાભના સંદર્ભમાં ડૉ. હુકમચંદજી ભારિલ્લ દ્વારા પરમભાવપ્રકાશક નયચક્ર, પાના નં. ૩૧૩ ઉપર વ્યક્ત કરવામાં આવેલ નીચે લખેલ વિચાર દ્રષ્ટવ્ય છે -

**''સંક્ષેપમાં કહી શકીએ છીએ કે આ ભગવાન આત્મા જ્ઞેયોને જાણે તો છે, પરંતુ ન તો જ્ઞાન જ્ઞેયોમાં જાય છે અને ન જ્ઞેય જ્ઞાનમાં ય આવે છે. બંને પોત-પોતાના સ્વભાવમાં સીમિત રહેવા છતાં પણ જ્ઞાન જાણે છે અને જ્ઞેય જાણવામાં આવે છે. જ્ઞાતા ભગવાન આત્મા અને જ્ઞેય લોકાલોકરૂપ સર્વ પદાર્થોનો આ જ સ્વભાવ છે.**

**જ્ઞાતા ભગવાન આત્માના ઉક્ત સ્વભાવનું પ્રતિપાદન કરવું જ ઉપરના છયે નયોનું પ્રયોજન છે.**

**જ્ઞેયોને સહજ ભાવે જાણવું, ભગવાન આત્માનો સહજ સ્વભાવ છે. તેથી ન તો આપણે પર-પદાર્થોને જાણવાની આકુળતા પણ કરવી જોઈએ અને ન તો ન જાણવાની હઠ પણ કરવી જોઈએ. પર્યાયગત યોગ્યતાનુસાર જે જ્ઞેય, જ્ઞાનમાં સહજભાવથી જ્ઞાત થઈ જાય, તેને વીતરાગભાવથી જાણી લેવું એ જ યોગ્ય છે, અન્ય કાંઈ વિકલ્પ કરવો યોગ્ય નથી, આકુળતાનું કારણ છે.**

**આત્માના આ સહજ જ્ઞાનસ્વભાવને જ આ છયે નય અભિ-વ્યક્તિ પ્રદાન કરે છે.''**

## (26-27)

## નિયતિનય અને અનિયતિનય

**આત્મદ્રવ્ય, નિયતિનયથી જેની ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે - એવી અગ્નિની જેમ નિયતસ્વભાવરૂપ ભાસિત થાય છે અને**

**અનિયતિનયથી જેની ઉષ્ણતા નિયતિ (નિયમ)થી નિયમિત નથી- એવા પાણીની જેમ અનિયતસ્વભાવરૂપ ભાસિત થાય છે.**

1. નય ક્રમાંક ૨૬ થી ૩૫ સુધીના ૫ નય-યુગલ દ્વારા કાર્યોત્પત્તિમાં કારણભૂત પાંચ સમવાયોનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

2. આ નય-યુગલ (જોડલા)માં દ્રવ્યસ્વભાવ અને પર્યાય-સ્વભાવના રૂપમાં સ્વભાવ નામક સમવાયનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

3. અગ્નિની ઉષ્ણતાની જેમ આત્મામાં એવી યોગ્યતા છે કે તે ત્રિકાળ એકરૂપ ચૈતન્યસ્વભાવમાં રહે-આ યોગ્યતાનું નામ નિયતિધર્મ છે અને આને જાણવાવાળું જ્ઞાન નિયતિનય છે. પરમપારિણામિક ભાવ આત્માનો નિયતસ્વભાવ હોવાથી શ્રદ્ધેય અને ધ્યેય છે. જો આત્મામાં એ નિયત-સ્વભાવ ન હોત તો તેનો સર્વનાશ થઈ જાત.

4. પાણીની ઉષ્ણતાની જેમ આત્મામાં એવી યોગ્યતા છે કે તે પર્યાયમાં કર્મોદયની સંન્નિધિમાં રાગાદિ વિકારરૂપ પરિણમન કરે અને કર્મોદયના અભાવમાં વિકારરૂપમાં પરિણમન ન કરે - આ જ યોગ્યતાને અનિયતિધર્મ કહે છે અને આને જાણવાવાળું જ્ઞાન અનિયતિનય છે.

5. એકમાત્ર પરમપારિણામિકભાવ જ આત્માનો નિયતસ્વભાવ છે તથા ઔપશમિકાદિ ચાર ભાવ અનિયતસ્વભાવરૂપ યોગ્યતાથી થાય છે, કારણ કે તે સદાય હંમેશા એક જેવા નથી રહેતા.

6. *આ અનિયત સ્વભાવ જ પાંચ સમવાયોમાં સ્વભાવ નામક સમવાય જાણવો જોઈએ. ત્રિકાળી સ્વભાવ સામાન્ય કારણ છે અને ક્ષણિક સ્વભાવ સમર્થ કારણ છે તથા ઔપશમિકાદિ ચાર ભાવ કાર્ય છે, જેઓને ભવિતવ્ય અથવા હોનહાર પણ કહી શકીએ છીએ.*

*તે પર્યાય, ત્રિકાળી પ્રવાહક્રમનો સમયવર્તી અંશ હોવાથી સ્વકાળ છે. તે પર્યાયોની ઉત્પત્તિમાં પ્રયુક્ત થવાવાળું વીર્ય, પુરૂષાર્થ છે તથા નિમિત્ત, અનુકુળ-બાહ્ય પદાર્થ છે.*

7. પર્યાયસ્વભાવને અનિયત કહેવાનો ઉદ્દેશ, પર્યાયોની પરિવર્તનશીલતાથી છે, નહીં કે તેના ક્રમની અનિશ્ચિતતાથી છે. પર્યાયોનો ક્રમ અર્થાત્ તેમનો પ્રગટ થવાનો સ્વકાળ તો સુનિશ્ચિત જ છે. તેમાં ક્યારે કેવું પરિવર્તન થશે? - એ બધું સુનિશ્ચિત છે. આ પ્રકારે અનિયતસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાયમાં કોઈ વિરોધ નથી.

**(28-29)**

## સ્વભાવનય અને અસ્વભાવનય

**આત્મદ્રવ્ય, સ્વભાવનયથી જેની અણી કોઈથી કઢાયેલી (ઘડાયેલી) નથી - એવા તીક્ષ્ણ કાંટાની જેમ, પ્રયત્નોને નિરર્થક કરવાવાળું છે અને અસ્વભાવનયથી, જેની અણી લુહાર દ્વારા પ્રયત્નો કરીને કાઢવામાં આવે છે - એવા તીક્ષ્ણ બાણની જેમ, પ્રયત્નોને સાર્થક કરવાવાળું છે.**

1. આત્માના ત્રિકાળી સ્વભાવમાં એવી યોગ્યતા છે, જેને સંસ્કારો અર્થાત્ પ્રયત્નો દ્વારા બદલી નથી શકાતો અર્થાત્ તે સંસ્કારોને નિરર્થક કરે છે-આ યોગ્યતાને સ્વભાવધર્મ કહે છે અને આને જાણવાવાળું જ્ઞાન, સ્વભાવનય કહેવાય છે.

2. આ જ રીતે આત્માના પર્યાયસ્વભાવની એવી યોગ્યતા છે કે તેને સંસ્કારિત કરી શકાય છે અર્થાત્ જે પર્યાય થવાવાળી છે તેના અનુકુળ પ્રયાસ પણ કરવામાં આવે છે-આ યોગ્યતાને અસ્વભાવધર્મ કહે છે અને આને જાણવાવાળું જ્ઞાનાંશ, અસ્વભાવનય કહેવાય છે.

3. કોઈપણ વસ્તુનો મૂળ સ્વભાવ બદલાવી શકાતો નથી. ચેતન ક્યારેય જડ નથી થઈ શકતું, જડ ક્યારે ચેતન નથી થઈ શકતું, ભવ્ય ક્યારે અભવ્ય નથી થઈ શકતા, અભવ્ય ક્યારેય ભવ્ય નથી થઈ શકતા. બુંદેલખંડમાં એક કહેવત પ્રસિદ્ધ છે – 'જાકૌ જાનૈ સ્વભાવ, જાય ના જી સે, નીમ ન મીઠી હોય, ખાઓ-ગુડ ઘી સે.'

4. મિથ્યાદ્રષ્ટિ, સમ્યક્દ્રષ્ટિ થઈને સિદ્ધ બની શકે છે-આ અસ્વભાવધર્મનું જ સ્વરૂપ છે.

5. અસ્વભાવ અર્થાત્ સંસ્કારોને સાર્થક કરવાવાળો ધર્મ-આ પણ પર્યાયગત યોગ્યતારૂપ હોવાથી સ્વભાવરૂપ છે, છતાં પણ ત્રિકાળી સ્વભાવથી ભિન્ન બતાવવા માટે આને અસ્વભાવધર્મ કહેવામાં આવેલ છે અર્થાત્ આ અસ્વભાવ નામક સ્વભાવ છે.

6. એક દ્રવ્ય ઉપર કોઈ અન્ય દ્રવ્યનો પ્રભાવ પડવાની વાત તો દૂર રહી. દ્રવ્યનો મૂળ સ્વભાવ પોતાની મલિન અને નિર્મળ પર્યાયોથી પણ પ્રભાવિત નથી થતો, આ જ સ્વભાવની યોગ્યતા છે.

7. પર્યાયોને સંસ્કારિત કરી શકાય છે-એનો અર્થ એ નથી કે તેમાં પરિવર્તન કરી શકાય છે, પર્યાયો તો પોતાના સુનિશ્ચિત ક્રમમાં જ થાય છે. જે પર્યાય જ્યારે થાય છે, ત્યારે તેને અનુરૂપ બાહ્ય પ્રયત્ન પણ થાય છે, જેને અહીંયા 'સંસ્કાર' શબ્દ દ્વારા કહેવામાં આવી રહ્યું છે.

## (30-31)

## કાળનય અને અકાળનય

**આત્મદ્રવ્ય, કાળનયથી ગરમીના દિવસો પ્રમાણે પાકવાવાળા આમ્રફળની જેમ સમય પર આધાર રાખવાવાળી સિદ્ધિવાળું છે અને અકાળનયથી કૃત્રિમ ગરમીમાં પકાવવામાં આવેલા આમ્રફળ સમાન, સમય પર આધાર ન રાખવાવાળી સિદ્ધિવાળું છે.**

1. ભગવાન આત્મામાં કાર્યની સિદ્ધિ સમય ઉપર આધારિત છે અર્થાત્ સમયની મુખ્યતાથી થાય-એવી યોગ્યતા છે, જેને કાળધર્મ કહે છે અને તે કાળ સિવાય અન્ય સમવાયોની પ્રધાનતાથી કાર્યસિદ્ધિની યોગ્યતાવાળો છે, જેને અકાળધર્મ કહે છે. આ બંને ધર્મોને જાણવાવાળો જ્ઞાનાંશ કાળનય અને અકાળનય કહેવાય છે.

2. કાળનય માટે ડાળી ઉપર પ્રાકૃતિકરૂપથી પાકવાવાળા આમ્રફળનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જો કે તેમાં પણ વૃક્ષને સીંચવું, ખાતર આદિ આપવું - ઈત્યાદિ પ્રયત્ન કરવામાં આવે છે, પરંતુ તેને ગૌણ કરીને કાળની મુખ્યતાથી કહેવામાં આવે છે કે આંબો, પોતાના સમયમાં જ પાક્યો છે.

3. અકાળનયને સમજવા માટે કૃત્રિમ ગરમીમાં રાખવામાં આવેલ આંબાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. કૃત્રિમ ગરમીમાં રાખવામાં આવેલ આંબા પણ એક સાથે નથી પાકતાં, આગળ-પાછળ પાકે છે. આનાથી સિદ્ધ થાય છે કે કૃત્રિમ ગરમી, બધાં આંબાને એક સરખી મળવા છતાં પણ પોત-પોતાની યોગ્યતા અનુસાર પોત-પોતાના સ્વકાળમાં બધાં આંબા પાકે છે. પરંતુ નિમિત્તને મુખ્ય કરીને અને કાળને ગૌણ કરીને કહેવામાં આવે છે કે આંબા ગરમીથી પાક્યા-આ જ અકાળનયનું કથન છે.

4. અકાળનો અર્થ સમયની પૂર્વે કાર્ય થઈ ગયું-એવું નથી. અન્ય સમવાયોને કાળથી ભિન્ન 'અકાળ' શબ્દથી સંબોધિત કરવામાં આવેલ છે. જરા વિચાર કરો! સમયથી પહેલાનો શું અર્થ છે? જ્યારે પણ કાર્ય થશે, ત્યારે કોઈને કોઈ સમય તો હશે જ. તો પછી તે સમય પર જ થયું શા માટે ન માનવામાં આવે? આપણે આપણી કલ્પનામાં તે કાર્યનો કોઈ સમય નિર્ધારિત કરી રાખ્યો હતો, તે અપેક્ષાથી આપણે તેને સમયથી પહેલા અથવા મોડેથી થયું એમ કહી દઈએ છીએ.

આ પ્રકરણ ઉપર વિશેષ જાણકારી માટે જ્ઞાનસ્વભાવ જ્ઞેય-સ્વભાવ, ક્રમબદ્ધપર્યાય, ક્રમબદ્ધપર્યાય નિર્દેશિકા આદિ ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ.

5. કોઈ કાર્ય, સ્વકાળમાં થાય અને કોઈ કાર્ય, આગળ-પાછળ થતા હોય-એવું નથી. એક જ કાર્યમાં કાળની મુખ્યતાથી કાળનય અને અન્ય સમવાયોની મુખ્યતાથી અકાળનય ઘટિત થાય છે.

## (32-33)

## પુરૂષકારનય અને દૈવનય

**આત્મદ્રવ્ય, પુરૂષકારનયથી જેને પુરૂષાર્થ દ્વારા લીંબુનું વૃક્ષ અથવા મધપૂડો પ્રાપ્ત થાય છે-એવા પુરૂષાર્થવાદી જેવા યત્નસાધ્ય સિદ્ધિવાળું છે અને દૈવનયથી જેને પુરૂષાર્થવાદી દ્વારા લીંબુનું વૃક્ષ અથવા મધપૂડો પ્રાપ્ત થયો અને તેમાંથી જેને વગર પ્રયત્ને જ અચાનક માણેક (ઝવેરાત) પ્રાપ્ત થઈ ગયા છે-એવા દૈવવાદીની જેમ અયત્નસાધ્ય સિદ્ધિવાળું છે.**

1. ભગવાન આત્માની દુઃખોથી મુક્તિ યત્નસાધ્ય છે કે અયત્નસાધ્ય - આ પ્રશ્નનો જવાબ આ નયો દ્વારા આપવામાં આવેલ છે.

2. ભગવાન આત્મામાં અંતર્મુખી પુરૂષાર્થ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરવાની યોગ્યતાને પુરૂષકારધર્મ કહે છે અને તે જ સમયે તેમાં કર્મક્ષયનું નૈમિત્તિક કાર્ય થવાની યોગ્યતા હોય છે, જેને દૈવધર્મ કહે છે. આ બંને ધર્મોને જાણવાવાળું જ્ઞાન અનુક્રમે પુરૂષકારનય અને દૈવનય કહેવાય છે.

3. જો કે અહીંયા આ બંને ધર્મોને જુદા જુદા ઉદાહરણોથી ઈષ્ટ સંયોગના સંદર્ભમાં સમજાવવામાં આવેલ છે, પરંતુ સિદ્ધાંતમાં એક

જ કાર્યમાં બંને નય ઘટિત થાય છે. ક્ષપકશ્રેણીના પુરૂષાર્થથી કેવળજ્ઞાન થાય છે-એમ કહેવું પુરૂષકારનયનું કથન છે અને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી કેવળજ્ઞાન થાય છે-એમ કહેવું દૈવનયનું કથન છે. આ સંદર્ભમાં નય પ્રજ્ઞાપન, પાના નં. ૨૧૫-૨૧૬ (ગુજરાતી) માં વ્યક્ત કરવામાં આવેલ પૂજ્ય ગુરૂદેવશ્રીનું ચિંતન ધ્યાન આપવા યોગ્ય છે -

''કોઈને પુરૂષાર્થથી મુક્તિ પ્રાપ્ત થાય અને કોઈને દૈવ (ભાગ્ય)થી-આ રીતે ભિન્ન-ભિન્ન આત્માઓની આ વાત નથી. પ્રત્યેક આત્મામાં આ બંનેય ધર્મ એકસાથે રહે છે, તેથી દૈવનયની સાથે અન્ય નયોની વિવક્ષાનું જ્ઞાન પણ હોવું જોઈએ, ત્યારે દૈવનયનું જ્ઞાન સાચું કહેવામાં આવશે.''

પુરૂષાર્થથી મુક્તિ થઈ-એમ ન કહીને કર્મોના નાશથી મુક્તિ થઈ અથવા દૈવથી મુક્તિ થઈ-એમ કહેવું દૈવનય છે, પરંતુ તેમાં પણ ચૈતન્યસ્વભાવના પુરૂષાર્થનો સ્વીકાર તો સાથે છે જ.

જે જીવને સ્વભાવ-સન્મુખતાનો પુરૂષાર્થ હોય છે, તેનું ભાગ્ય પણ તેવું જ હોય છે કે કર્મનો પણ નાશ થઈ જાય. કર્મોના નાશ કરવા માટે અલગથી પુરૂષાર્થ નથી કરવો પડતો. આ જ સ્થિતિમાં એ અપેક્ષા ગ્રહણ કરવી કે કર્મોના નાશથી મુક્તિ થઈ-દૈવનયનું કથન છે અને પુરૂષાર્થથી મુક્તિ થઈ-એ પુરૂષકારનયનું કથન છે.

4. જો કે અહીંયા મુક્તિરૂપી કાર્યની ચર્ચા છે, છતાં પણ બાહ્ય સંયોગ-વિયોગના વિષયમાં પણ આ નયોનો પ્રયોગ સમજવો જોઈએ. બાહ્ય સંયોગોની પ્રાપ્તિ માટે કરવામાં આવેલ યોગ-ઉપયોગાત્મક પ્રયત્નને વ્યવહારથી પુરૂષાર્થ કહે છે, પરંતુ તેનાથી ઈષ્ટ-સંયોગની પ્રાપ્તિ થવાનો કોઈ નિયમ નથી, કારણ કે સંયોગોની પ્રાપ્તિ ઉદયાધીન છે.

**પાપોદય મેં ચાહ વ્યર્થ હૈ, નહીં ચાહને પર ભી હો,**
**પુણ્યોદય મેં ચાહ વ્યર્થ હૈ, સહજપને મનવાંછિત હો.**

ઉક્ત પંક્તિઓમાં સંયોગ-વિયોગમાં કર્મોદયની પ્રધાનતા બતાવવામાં આવી છે.

*5. બાહ્ય પદાર્થોના સંયોગ-વિયોગમાં ઉપાદાન કારણ તો તે પદાર્થોની તત્સમયની યોગ્યતા જ છે, તેથી પુરૂષાર્થ પણ તે પદાર્થોનો, પોતામાં જ છે. આપણો પ્રયત્ન તો તે કાર્યોમાં નિમિત્ત માત્ર છે, જેને ઉપચારથી પુરૂષાર્થ કહે છે. આપણે તો માત્ર પોતાના પ્રયત્નરૂપ કાર્યનો વિકલ્પાત્મક પુરૂષાર્થ કરીએ છીએ.*

6. પદ્મપુરાણમાં શમ્બુકુમાર દ્વારા સૂર્યહાસ-ખડ્ગની પ્રાપ્તિ માટે કરવામાં આવેલ પ્રયત્નની ઘટનાનું વર્ણન છે. મંત્ર-સિદ્ધિ કરી શમ્બુકુમારે, પરંતુ તેનો પ્રયત્ન નિરર્થક થયો, પરંતુ લક્ષ્મણને વગર કોઈ પ્રયત્ને, વગર કોઈ ઈચ્છાએ તે ખડ્ગ પ્રાપ્ત થઈ ગયું અને તે જ ખડ્ગ (તલવાર), દુર્ભાગ્યવશ શમ્બુકુમારના મૃત્યુનું નિમિત્ત બન્યું. વર્તમાનમાં વર્ષ ૨૦૦૪માં ડૉ. મનમોહન સિંહ વગર કોઈ ઈચ્છા અને વગર કોઈ પ્રયાસે પ્રધાનમંત્રી બની ગયા અને પ્રબલ પ્રયત્ન કરવા-વાળા અનેક લોકો ન બની શક્યા.

7. વર્તમાન શુભાશુભભાવો દ્વારા બંધાયેલા પુણ્ય-પાપકર્મ આગામી સંયોગ-વિયોગમાં દૈવ અથવા ભાગ્ય બનીને ઉદયમાં આવે છે.

નય ક્રમાંક ૨૬ થી ૩૩ સુધી કહેવામાં આવેલ ચારે જોડલા (યુગલો)નું આત્મહિતમાં યોગદાનનું વિવેચન, માનનીય ડૉ. હુકમચંદ ભારિલ્લે પરમભાવપ્રકાશક નયચક્ર, પાના નં. ૩૨૪ ઉપર કર્યું છે, જે આ પ્રમાણે છે -

**“જ્યારે કાર્ય થાય છે, ત્યારે આ પાંચેય સમવાય નિયમથી**

**હોય જ છે અને તેમાં ઉપરોક્ત આઠ નયોના વિષયભૂત આત્માના આઠ ધર્મોનું યોગદાન પણ સમાન રૂપથી થાય જ છે. તાત્પર્ય એ છે કે આત્માની સિદ્ધિના સંપૂર્ણ સાધન આત્મામાં જ વિદ્યમાન છે, તેને પોતાની સિદ્ધિ માટે અહીંયા ત્યાં ડોકાવાની કે ભટકવાની જરૂરીયાત નથી.**

**વસ્તુસ્થિતિ એ છે કે જ્યારે પરમપારિણામિકભાવરૂપ નિયત-સ્વભાવના આશ્રયથી આ ભગવાન આત્મા, પોતાના પર્યાયરૂપ અનિયતસ્વભાવને સંસ્કારિત કરે છે, ત્યારે સ્વકાળમાં કર્મોનો અભાવ થઈને મુક્તિની પ્રાપ્તિ થાય જ છે. તાત્પર્ય એ છે કે પરમપારિણામિકભાવરૂપ ત્રિકાળી ધ્રુવ આત્માને કેન્દ્ર બનાવી, જ્યારે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પરિણમિત થાય છે, ત્યારે જ્ઞાનાવરણાદિક કર્મોનો અભાવ થઈને, અનંતસુખસ્વરૂપ સિદ્ધદશા પ્રગટ થઈ જાય છે અને તેમાં જ ઉપરોક્ત આઠ ધર્મ અથવા આઠ નય તથા પાંચ સમવાય સમાવિષ્ટ થઈ જાય છે.''**

## (34-35)
## ઈશ્વરનય અને અનીશ્વરનય

**આત્મદ્રવ્ય, ઈશ્વરનયથી જેમ ધાવ (માતા) ની દુકાન પર જેને દૂધ પીવડાવવામાં આવે છે, એવા મુસાફરના બાળકની જેમ, પરતંત્રતાને ભોગવવાવાળું છે અને અનીશ્વરનયથી હરણને સ્વછંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડીને ખાઈ જવાવાળા સિંહની સમાન સ્વતંત્રતાને ભોગવવાવાળું છે.**

1. આત્મામાં સ્વયં પરાધીનતા ભોગવવાની યોગ્યતા છે, જેને ઈશ્વરધર્મ કહેવામાં આવે છે અને તેમાં સ્વયં સ્વાધીનતા ભોગવવાની યોગ્યતા છે, જેને અનીશ્વરધર્મ કહે છે. આ બંને ધર્મોને જાણવાવાળા જ્ઞાનને ઈશ્વરનય અને અનીશ્વરનય કહે છે.

2. અહીંયા ઈશ્વર ધર્મનો પ્રયોગ ઘણો વિચિત્ર અને દુર્લભ

લાગે છે. 'ઈશ્વર' શબ્દનો અર્થ તો ઐશ્વર્યને ભોગવવાવાળો અથવા સર્વ શક્તિમાન સ્વાધીન સુપર પાવરના રૂપમાં જાણવામાં આવે છે, પરંતુ અહીંયા તેને પરાધીનતા ભોગવવાની યોગ્યતાના રૂપમાં કહેવામાં આવી રહ્યો છે. આમાં એ જ દ્રષ્ટિકોણ હોઈ શકે છે કે આ જીવ, સ્વયં પોતાના સ્વાધીન સ્વભાવને ભૂલીને પરાધીનતા ભોગવે છે અર્થાત્ પર-પદાર્થોને પોતાનો ઈશ્વર બનાવી લે છે, તેથી આવી પરાધીનતા થવાની યોગ્યતાને ઈશ્વરધર્મ કહે છે. કર્મ-નોકર્મ આદિ આત્માને પરાધીન નથી કરતાં-આ વાત ઈશ્વરધર્મથી સિદ્ધ થાય છે.

3. આ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે આત્મામાં સ્વયં પરાધીનતા ભોગવવાની યોગ્યતા છે, જેના કારણે તે પરાધીનતા ભોગવવામાં પણ સ્વતંત્ર છે. ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યોમાં એવી યોગ્યતા નથી.

4. ખરેખર તો કોઈ દ્રવ્ય પરાધીન થઈ જ નથી શકતું. આત્મા પણ પરાધીન નથી થતો, છતાં પણ પોતાના વિકારી પરિણમનમાં સ્વયં પરાધીનતા ભોગવે છે.

5. પરાધીન હોવાની યોગ્યતાથી સિદ્ધ થાય છે કે દ્રવ્યકર્મ જબરદસ્તી આત્માને વિકાર નથી કરાવતા, આ જીવમાં સ્વયં પરાધીન થઈને વિકાર કરવાની યોગ્યતા છે.

6. કેવો પણ સંયોગ હોય, કેવો પણ કર્મોદય હોય, આત્મા પોતાના સ્વરૂપનું લક્ષ્ય કરીને અતીન્દ્રિય આનંદ ભોગવવામાં સ્વતંત્ર છે. તે સ્વયં જ પોતાનો ઈશ્વર છે, અન્ય કોઈ તેનો ઈશ્વર નથી, માટે આ યોગ્યતાને અનીશ્વરધર્મ કહેવામાં આવ્યો છે.

7. ઈશ્વરનય અને અનીશ્વરનય, જ્ઞાની જીવ ઉપર કઈ રીતે લાગુ પડે છે, તેનું ઘણું સુંદર સ્પષ્ટીકરણ પૂજ્ય ગુરૂદેવશ્રી નય-પ્રજ્ઞાપન (ગુજરાતી), પાના નં. ૨૩૩ ઉપર આ પ્રકારે કરે છે -

**‘‘પર્યાયમાં રાગ-દ્વેષ હોવાથી જેટલી પરાધીનતા છે, તેનું જ્ઞાન ધર્મી જીવને રહે છે, પરંતુ તે જ સમયે અંતર્દ્રષ્ટિમાં આત્માની સ્વાધીન પ્રભુતાનું જ્ઞાન પણ રહે છે, કારણ કે ઈશ્વરનયના સમયે અનીશ્વરનયની અપેક્ષા પણ સાથે જ છે. જ્યાં પોતાના દ્રવ્યસ્વભાવની ત્રિકાળી ઈશ્વરતાથી ચૂક્યા વિના, માત્ર પર્યાયની પરાધીનતા સંબંધી ઈશ્વરતા ‘પર’ને આપે છે, ત્યાં તો ઈશ્વરનય સાચો છે, પરંતુ જે સ્વભાવની ઈશ્વરતાને ભૂલીને, માત્ર પરને જ ઈશ્વરતા પ્રદાન કરે, તે ઈશ્વરનય પણ સાચો નથી, તે તો પર્યાયમાં જ મૂઢ હોવાથી મિથ્યાદ્રષ્ટિ છે.’’**

## (36-37)

## ગુણીનય અને અગુણીનય

**આત્મદ્રવ્ય, ગુણીનયથી શિક્ષક દ્વારા શિક્ષા પ્રાપ્ત કરવાવાળા કુમાર સમાન ગુણગ્રાહી છે અને અગુણીનયથી શિક્ષક દ્વારા શિક્ષા પ્રાપ્ત કરવાવાળા કુમારને જોવાવાળા પ્રેક્ષક પુરુષની સમાન માત્ર સાક્ષી છે.**

1. ભગવાન આત્મામાં ઉપદેશ ગ્રહણ કરવાની યોગ્યતા છે, જેને ગુણીધર્મ કહે છે અને ઉપદેશથી પ્રભાવિત ન થઈને તેમાં માત્ર જાણવાની યોગ્યતા છે, જેને અગુણીધર્મ કહ્યો છે-આ બંને ધર્મોને જાણવાવાળા જ્ઞાનને, ગુણીનય અને અગુણીનય કહે છે.

2. આ બંને ધર્મ પણ ઉપદેશ-ગ્રહણ, કરવા અથવા ન કરવાની યોગ્યતા બતાવીને, આત્માની પર્યાયની સ્વતંત્રતાની ઘોષણા કરે છે. આપણે કોઈનો ઉપદેશ માનીએ કે ન માનીએ-એટલાં માટે આપણે સ્વતંત્ર છીએ, કોઈ આપણને બાંધી નથી શકતા.

3. ગુણીધર્મરૂપ યોગ્યતા આપણને હિતોપદેશ ગ્રહણ કરવાનો અવસર પ્રદાન કરે છે અને અગુણીધર્મરૂપ યોગ્યતા આપણને કુગુરૂ

આદિના ઉપદેશથી બચવાનો અવસર પ્રદાન કરે છે.

(38-39)

## કર્તૃનય અને અકર્તૃનય

**આત્મદ્રવ્ય, કર્તૃનયથી રંગારાની જેમ રાગાદિ પરિણામનો કર્તા છે અને અકર્તૃનયથી પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગારાને જોવાવાળા પુરૂષની જેમ માત્ર સાક્ષી છે.**

1. આત્મા પોતાના રાગાદિ પરિણામોને સ્વયં પોતાની યોગ્યતાથી કરે-એવી યોગ્યતાવાળો છે, જેને કર્તૃધર્મ કહે છે અને તે જ સમયે તેનો સ્વભાવ, રાગાદિરૂપ ન થવાની યોગ્યતા પણ રાખે છે જેને અકર્તૃધર્મ કહે છે-આ બંને ધર્મોને જાણવાવાળું જ્ઞાન, અનુક્રમે કર્તૃનય અને અકર્તૃનય કહેવાય છે.

2. સમયસારમાં રાગાદિમાં એકત્વબુદ્ધિને મિથ્યાત્વ કહ્યું છે, પરંતુ અહીંયા 'યઃ પરિણમતિ સ કર્તા' – આ વ્યાખ્યા પ્રમાણે જ્ઞાનીને પણ રાગનો કર્તા બતાવવામાં આવી રહ્યો છે, સાથે જ ભેદજ્ઞાન હોવાથી તે અકર્તા તો છે જ, તેથી એમ કહી શકાય કે જ્ઞાની, દ્રષ્ટિ (શ્રદ્ધા)ની અપેક્ષાએ રાગાદિ ભાવોનો અકર્તા છે અને જ્ઞાનની અપેક્ષાએ તેનો કર્તા. આ રીતે અલગ-અલગ અપેક્ષાઓથી બંને ધર્મ, એક સાથે સિદ્ધ થાય છે. જ્ઞાન-સ્વભાવ રાગાદિરૂપ નથી થતો, તેથી તેની અપેક્ષાએ આત્મા અકર્તા જ છે.

3. અજ્ઞાનીને પણ અલગ-અલગ અપેક્ષાઓથી કર્તા-અકર્તા જોઈ શકાય છે. જો કે અજ્ઞાનીને નય નથી હોતા, છતાં પણ જ્ઞાની તેને નયદ્રષ્ટિથી જાણે છે. તે રાગાદિરૂપ પરિણમે તો છે જ, એકત્વબુદ્ધિ પણ કરી રહ્યો છે, તેથી તે શ્રદ્ધા-જ્ઞાન બંને અપેક્ષાઓથી રાગાદિનો કર્તા છે, પરંતુ તે જ સમયે શુદ્ધનયની દ્રષ્ટિથી તેનો ત્રિકાળી સ્વભાવ, રાગાદિને સ્પર્શતો પણ નથી, તેથી તે પણ અકર્તા છે.

4. સમયસાર, ગાથા ૩૨૦માં આત્માને ચક્ષુ સમાન રાગાદિ બધી પર્યાયોનો અકર્તા અથવા માત્ર જ્ઞાતા કહ્યો છે, આ કથન ભિન્ન-ભિન્ન અપેક્ષાઓથી જ્ઞાની-અજ્ઞાની બધાં જીવો પર લાગુ થાય છે.

5. અગુણીનયમાં આત્માને માત્ર ઉપદેશનો સાક્ષી કહ્યો હતો. અહીંયા પોતાનામાં થવાવાળા રાગાદિનો સાક્ષી કહેવામાં આવ્યો છે અને અભોક્તૃત્વનયથી પોતાના સુખ-દુઃખનો સાક્ષી કહેવામાં આવ્યો છે. તાત્પર્ય એ છે કે આત્માનો સ્વભાવ તો બધાં પદાર્થોને સાક્ષીભાવથી માત્ર જાણવાનો જ છે.

## (40-41)

## ભોક્તૃનય/અભોક્તૃનય

**આત્મદ્રવ્ય, ભોક્તૃત્વનયથી હિતકારી-અહિતકારી અન્ન (અનાજ)ને રાખવાવાળા રોગી સમાન સુખ-દુઃખાદિનો ભોક્તા છે અને અભોક્તૃત્વનયથી હિતકારી-અહિતકારી અન્નને ખાવાવાળા રોગીને જોવાવાળા વૈદ્ય સમાન માત્ર સાક્ષી જ છે.**

1. ભગવાન આત્મામાં એવી યોગ્યતા છે કે તે પોતાની ભૂલથી પોતામાં ઉત્પન્ન થવાવાળા સુખ-દુઃખ તથા હર્ષ-શોકને ભોગવે અર્થાત્ વેદન કરે, જેને ભોક્તૃત્વધર્મ કહે છે અને એક એવી યોગ્યતા પણ છે, જેનાથી તે પોતાનામાં ઉત્પન્ન થવાવાળા સુખ-દુઃખ તથા હર્ષ-શોકને ભોગવતો નથી, માત્ર સાક્ષીભાવથી જાણે-દેખે છે. આ યોગ્યતાને અભોક્તૃત્વધર્મ કહે છે-આ બંને ધર્મોને જાણવાવાળું જ્ઞાન, અનુક્રમે ભોક્તૃત્વનય અને અભોક્તૃત્વનય છે.

2. કર્તૃત્વનય અને અકર્તૃત્વનયમાં ઘટિત થવાવાળી બધી વિવક્ષાઓ અહીંયા પણ સમજી લેવી જોઈએ, કારણ કે કર્તાપણું અને ભોક્તાપણું એકસાથે રહે છે. કહ્યું પણ છે - 'જે કરે, તે ભરે.'

3. જ્ઞાનીને પણ ચારિત્રની કમજોરીને કારણે પુણ્ય-પાપના

ઉદયમાં સુખ-દુઃખનું વેદન થવા છતાં પણ તે સુખ-દુઃખને પરાશ્રિત પરિણામ જાણીને પોતાના સ્વરૂપને તેનાથી ભિન્ન જ જાણે છે. આ ભેદજ્ઞાન જ સાક્ષીભાવ છે, જેના બળથી તે સુખ-દુઃખને ભોગવતા સમયે પણ તેનો જ્ઞાતા જ રહે છે.

4. ગુણી-અગુણી, કર્તૃ-અકર્તૃ તથા ભોક્તૃ-અભોક્તૃ-આ છયે નયોના માધ્યમથી આત્માના સ્વરૂપનું વર્ણન કરતા થકા ડૉ. ભારિલ્લ સાહેબ નયચક્ર, પાના નં. ૩૩૨ ઉપર લખે છે-'ભગવાન આત્મા, ગુણીનયથી ગુણગ્રાહી છે અર્થાત્ ઉપદેશને ગ્રહણ કરવાવાળો છે અને અગુણીનયથી ગુણગ્રાહી નથી, માત્ર સાક્ષીભાવથી જોવા-જાણવાવાળો છે. કર્તૃનયથી પોતાના આત્મામાં ઉત્પન્ન થવાવાળા રાગાદિભાવોનો કર્તા છે અને અકર્તૃનયથી તેનો કર્તા નથી, માત્ર સાક્ષીભાવથી જોવા-જાણવાવાળો છે. આ જ રીતે ભોક્તૃનયથી પોતામાં ઉત્પન્ન સુખ-દુઃખનો ભોક્તા છે અને અભોક્તૃનયથી પોતાનામાં ઉત્પન્ન સુખ-દુઃખનો પણ ભોક્તા નથી, માત્ર સાક્ષીભાવથી જાણવા-દેખવાવાળો છે.'

## (42-43)

## ક્રિયાનય અને જ્ઞાનનય

**આત્મદ્રવ્ય, ક્રિયાનયથી જેમ થાંભલા સાથે ભટકાવાથી માથું ફૂટી જવાથી દ્રષ્ટિ ઉત્પન્ન થઈને, જેને નિધાન મળી ગયું છે-એવા આંધળા (પ્રજ્ઞાચક્ષુ) સમાન અનુષ્ઠાનની પ્રધાનતાથી સાધવાવાળી સિદ્ધિવાળું છે અને જ્ઞાનનયથી, જેમ, મુઠ્ઠીભર ચણા આપી ચિંતામણી રત્ન ખરીદવાવાળા ઘરના ખૂણામાં બેઠેલા વેપારી સમાન, વિવેકની પ્રધાનતાથી સાધવાવાળી સિદ્ધિવાળું છે.**

1. ભગવાન આત્મામાં અનુષ્ઠાનપૂર્વક કાર્યસિદ્ધિની યોગ્યતા છે, જેને ક્રિયાધર્મ કહે છે, આ જ રીતે જ્ઞાન દ્વારા કાર્યસિદ્ધિની યોગ્યતા છે, જેને જ્ઞાનધર્મ કહે છે-આ બંનેને જાણવાવાળું જ્ઞાન,

અનુક્રમે ક્રિયાનય અને જ્ઞાનનય કહેવાય છે.

2. અહીંયા ક્રિયાનો ઉદ્દેશ જડની ક્રિયાથી નથી. અહીંયા સાધકદશામાં થવાવાળા શુભભાવને ક્રિયા કહેવામાં આવેલ છે, કારણ કે તે પ્રાયઃ વ્રત-શીલ-સંયમાદિ બાહ્ય ક્રિયામાં નિમિત્ત થાય છે. આ જ રીતે જ્ઞાનનો ઉદ્દેશ રત્નત્રયરૂપ શુદ્ધ પરિણતિથી છે, માત્ર બહિર્લક્ષી ક્ષયોપશમજ્ઞાનથી નહીં.

3. કોઈને શુભભાવથી મોક્ષ થાય છે અને કોઈને રત્નત્રયરૂપ શુદ્ધભાવથી - એવું નથી. સાધકને નિશ્ચય રત્નત્રયની સાથે યથાયોગ્ય શુભભાવ હોય જ છે; તેથી ક્રિયાનયથી અનુષ્ઠાન (શુભભાવ તથા મહાવ્રતાદિ ક્રિયા)ની પ્રધાનતાથી કથન થાય છે. આ સંબંધમાં નય-પ્રજ્ઞાપન (ગુજરાતી), પાના નં.૨૭૫ ઉપર પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

**'અહીંયા પ્રધાનતા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે એ બતાવે છે કે ગૌણરૂપથી બીજું કારણ પણ વિદ્યમાન (હાજર) છે. ક્રિયાનયમાં અનુષ્ઠાનની પ્રધાનતા કહી છે અર્થાત્ શુભભાવની પ્રધાનતા કહી છે, તેમાંથી પણ એ જ અર્થ નીકળે છે કે ગૌણરૂપથી તે જ સમયે સમ્યક્જ્ઞાનરૂપ વિવેક પણ વિદ્યમાન (હાજર) છે.**

**શુભરાગની પ્રધાનતાથી સિદ્ધ થાય છે-એવું ક્રિયાનયથી જ્યારે કહેવામાં આવે છે, ત્યારે તે જ સમયે આ જ્ઞાન પણ સાથે જ રહે છે અર્થાત્ તે જ કાળમાં ગૌણરૂપથી શુદ્ધતા પણ વિદ્યમાન છે-એવું જ્ઞાન અંતરમાં રહે, ત્યારે ક્રિયાનય સાચો કહેવામાં આવે છે.'**

(44-45)

### વ્યવહારનય અને નિશ્ચયનય

**આત્મદ્રવ્ય, વ્યવહારનયથી અન્ય પરમાણુની સાથે બંધાવાવાળા તથા તેનાથી છૂટવાવાળા પરમાણુ સમાન બંધ અને મોક્ષમાં દ્વૈતનું**

**અનુસરણ કરવાવાળો છે અને નિશ્ચયનયથી બંધ અને મોક્ષને યોગ્ય સ્નિગ્ધ અને રૂક્ષ ગુણરૂપથી પરિણમિત બધ્યમાન અને મુચ્યમાન પરમાણુ સમાન બંધ અને મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરવાવાળો છે.**

1. ભગવાન આત્મામાં એક એવી યોગ્યતા છે, જેનાથી તેની બંધ અથવા મોક્ષપર્યાયોને કર્મની સાપેક્ષતા (દ્વૈતભાવ) થી જોઈ શકાય–આ યોગ્યતાને વ્યવહારધર્મ કહે છે અને આનાથી વિરૂદ્ધ એક એવી યોગ્યતા પણ છે, જેનાથી તેની બંધ–મોક્ષપર્યાયોને કર્મથી નિરપેક્ષ (અદ્વૈતભાવના રૂપમાં) જોઈ શકાય. આ યોગ્યતાને નિશ્ચયધર્મ કહે છે–આ બંને ધર્મોને જાણવાવાળું જ્ઞાન, અનુક્રમે વ્યવહારનય અને નિશ્ચયનય કહેવાય છે.

2. અહીંયા બંધ અને મોક્ષ પર્યાયોને કર્મની સાપેક્ષતાથી કહેવી, તેને વ્યવહારનય કહેવામાં આવેલ છે. જો કે વ્યવહારનયની અન્યત્ર અનેક વ્યાખ્યાઓ મળે છે, છતાં પણ અહીંયા 'પરાશ્રિતો વ્યવહારઃ' અથવા **વ્યવહારનય, સ્વદ્રવ્ય–પરદ્રવ્યને તેના ભાવોને તથા કારણ–કાર્યાદિને કોઈને કોઈમાં ભેળવીને નિરૂપણ કરે છે**–આ વ્યાખ્યા ઘટિત થઈ રહી છે. આત્મા કર્મોથી બંધાયેલો છે અને કર્મોથી છૂટો છે (મુક્ત છે)–એમ કહેવામાં પરદ્રવ્યની અપેક્ષા આવે છે. તેથી બંને અવસ્થાઓમાં દ્વૈત ઉભો થઈ જાય છે.

3. જો કે અભેદ આત્મામાં બંધ–મોક્ષનો ભેદ કરવો પણ દ્વૈત છે, પરંતુ અહીંયા એ વિવક્ષા નથી. અહીંયા તો કર્મોથી બંધાવા અથવા છૂટવાને દ્વૈત કહેવામાં આવેલ છે.

4. ભગવાન આત્મા, સ્વયં પોતાની યોગ્યતાથી બંધાય અથવા મુક્ત થાય છે. પરમાણુની સ્નિગ્ધતા અને રૂક્ષતા સમાન આત્મામાં પણ બંધાવા કે છૂટવાની યોગ્યતા છે, તેને બંધ અથવા મુક્તિમાં કર્મની અપેક્ષા નથી. આ રીતે બંધ–મોક્ષને સ્વાધીન જોવાં, નિશ્ચયનય છે. પ્રવચનસાર, ગાથા ૧૬માં આત્માને સંસાર અથવા મુક્ત

અવસ્થામાં સ્વયંભૂ કહ્યો છે.

5. બંધ-મોક્ષમાં આત્મા સ્વાધીન છે-આ કથનમાં તેની પર્યાયોની સ્વતંત્રતાની ઘોષણા કરવામાં આવી છે. અહીંયા દ્રષ્ટિના વિષયભૂત ત્રિકાળી ધ્રુવ આત્માની વાત નથી. આ સંબંધમાં પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા નય-પ્રજ્ઞાપન (ગુજરાતી), પાના નં. ૩૧૨ ઉપર વ્યક્ત કરવામાં આવેલ વિચાર દ્રષ્ટવ્ય છે -

**''અહીંયા જે એમ કહેવામાં આવી રહ્યું છે કે નિશ્ચયનયથી આત્મા બંધ-મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરવાવાળો છે, તેમાં આત્માનો ત્રિકાળી સ્વભાવ, જે દ્રષ્ટિનો વિષય છે, તે ના લેશો. અહીંયા તો બંધ-મોક્ષપર્યાયમાં એકલો આત્મા જ પરિણમે છે-એ રીતે એકલા આત્માની અપેક્ષાએ (અદ્વૈત) બંધ-મોક્ષ પર્યાયને લક્ષમાં લેવાની વાત છે.**

**બંધ-પર્યાયમાં પણ એકલો આત્મા પરિણમિત થાય છે અને મોક્ષપર્યાયમાં પણ એકલો આત્મા જ પરિણમિત થાય છે-આ રીતે બંધ-મોક્ષ પર્યાય, નિરપેક્ષ છે, માટે આત્મા બંધ તથા મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરવાવાળો છે-એવો ભગવાન આત્મામાં એક ધર્મ છે.''**

6. જો કે અહીંયા બંધ અને મોક્ષ પર્યાયમાં દ્વૈત અને અદ્વૈત ધર્મ ઘટિત કર્યા છે, છતાં પણ જીવાદિ સાત તત્ત્વોમાં પરની સાપેક્ષતાથી દ્વૈતપણું અને પરની નિરપેક્ષતાથી અદ્વૈતપણું ઘટિત થઈ શકે છે.

## (46-47)

## અશુદ્ધનય અને શુદ્ધનય

**આત્મદ્રવ્ય, અશુદ્ધનયથી ઘડા અને રામપાત્રથી વિશિષ્ટ માટી માત્રની જેમ સોપાધિ (ઉપાધિસહિત) સ્વભાવવાળો છે અને શુદ્ધનયથી માત્ર માટીની જેમ નિરૂપાધિ (ઉપાધિરહિત) સ્વભાવવાળો છે.**

1. ભગવાન આત્મામાં ઔપાધિક (વિકારી) ભાવરૂપ પરિણમિત થવાની યોગ્યતા છે, જેને અશુદ્ધધર્મ કહે છે, પરંતુ વિકારી ભાવરૂપ પરિણમન હોવા છતાં પણ સદાય એકરૂપ રહેવાની યોગ્યતા છે, જેને શુદ્ધધર્મ કહે છે-આ બંને ધર્મોને જાણવાવાળા જ્ઞાનને અનુક્રમે અશુદ્ધનય અને શુદ્ધનય કહે છે.

2. અશુદ્ધધર્મ પર્યાયગત યોગ્યતા છે, જેને ક્ષણિક ઉપાદાનની યોગ્યતા કહી શકીએ છીએ. આ યોગ્યતા જ આત્માના વિકારી પરિણમનને દ્રવ્યકર્માદિ પરપદાર્થોથી નિરપેક્ષ અને સ્વતંત્ર સિદ્ધ કરે છે. જો પર્યાયમાં વિકારી ભાવરૂપ પરિણમવાની યોગ્યતા ન હોત તો અનંત પર-પદાર્થો પણ આત્મામાં વિકાર ઉત્પન્ન ન કરાવી શકત.

3. રાગાદિ ભાવ, આત્માનો ત્રિકાળી સ્વભાવ ન હોવા છતાં પણ તે પરના કારણે ઉત્પન્ન નથી થતાં. આત્મામાં તેને ધારણ કરવાની યોગ્યતા છે અર્થાત્ અશુદ્ધનયથી આત્માનો એવો જ સ્વભાવ છે. આ સંબંધમાં પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા નય-પ્રજ્ઞાપન (ગુજરાતી), પાના નં. ૩૨૧ ઉપર કરવામાં આવેલ સ્પષ્ટીકરણ આ પ્રકારે છે -

**''જો આ પ્રકારનો ધર્મ ભગવાન આત્મામાં સ્વયંનો ન હોત તો અન્ય અનંત પરદ્રવ્ય એકત્ર થઈને પણ આત્મામાં વિકાર ઉત્પન્ન ન કરી શકત. નિગોદથી લઈને ૧૪માં ગુણસ્થાન સુધી જે ઉપાધિભાવ-વિકારભાવ-ઉદયભાવ-સંસારભાવ થાય છે, તેને આત્મા સ્વયં જ ધારણ કરી રહે છે (રાખે છે), કારણ કે અશુદ્ધનયથી આત્માનો એવો જ સ્વભાવ છે.''**

4. અહીંયા રાગાદિની ઉત્પત્તિમાં આત્માના પર્યાયગત સ્વભાવને કારણ કહ્યું છે અર્થાત્ આ યોગ્યતા જ સ્વભાવ નામક સમવાય છે.

5. ક્ષણિક પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં પણ આત્માનો સ્વભાવ નિરૂપાધિક અને વિકારરહિત છે, તેની આ યોગ્યતા શુદ્ધનયનો

વિષય છે.

6. અહીંયા વિકાર થવાની યોગ્યતાની સામે ત્રિકાળી સામાન્ય સ્વભાવરૂપ રહેવાની યોગ્યતાને લીધી છે. નિર્મળ પર્યાયોની યોગ્યતાના વિષયમાં અહીંયા કોઈ ચર્ચા નથી કરવામાં આવી. આ રીતે આત્મા એક સાથે શુદ્ધ અને અશુદ્ધ બંને ધર્મોને ધારણ કરે છે.

આ રીતે અહીંયા અનંત ધર્માત્મક આત્મામાં વિદ્યમાન ૪૭ ધર્મોનું કથન કર્યું. શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને દ્રષ્ટિમાં લેવો એ જ આ બધાં ધર્મોને જાણવાનું ફળ છે અને એ જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. ૪૭ નયોમાં તે નયો ઉપર વિશેષ પ્રકાશ નાખો, જે આત્માના ત્રિકાળી અભેદ સામાન્ય દ્રવ્યસ્વભાવની સિદ્ધિ કરે છે.

2. ૪૭ નયોમાં તે નયો ઉપર વિશેષ પ્રકાશ નાખો, જેનાથી આત્માની પર્યાયમાં વિકારી ભાવરૂપ પરિણમિત થવાની યોગ્યતા સિદ્ધ થાય છે.

3. ૪૭ નયોના સ્વરૂપ તથા ઉપયોગિતા ઉપર એક સમીક્ષાત્મક નિબંધ લખો.

4. ૪૭ નયોમાં પાંચ સમવાય સંબંધી નયો ઉપર પ્રકાશ નાખો.

5. સપ્તભંગી નયોને એક અન્ય ઉદાહરણ ઉપર ઘટાવો.

6. સાક્ષીભાવને બતાવવાવાળા નયોની જોડીયો ઉપર ટિપ્પણી લખો.

7. દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક અને દ્રવ્ય-પર્યાયનયમાં શું તફાવત છે?

8. જ્ઞાન-જ્ઞેય સંબંધી નયો ઉપર પ્રકાશ નાખો.

**પ્રત્યક્ષ શિવમય સદા જો, ઉસ આત્મા મેં હૈ નહીં,**
**ધ્યાનાવલી કિંચિત્ અહો! યે શુદ્ધનય કહતા યહી,**
**ધ્યાનાવલી હૈ આત્મા મેં, વચન યહ વ્યવહાર કા,**
**યહ તત્ત્વ જો જિનવર કથિત, હૈ ઈન્દ્રજાલ અહો મહા.**
**(-નિયમસાર કળશ, ૧૧૯)**

# 18
# અનેકાંત-સ્યાદ્વાદ

**અનન્તધર્મણસ્તત્ત્વં, પશ્યન્તી પ્રત્યગાત્મનઃ,**

**અનેકાન્તમયી મૂર્તિઃ, નિત્યમેવ પ્રકાશતામ્.**

*ધર્મ અનન્તમયી વસ્તુ જો, રહે સર્વદા પર સે ભિન્ન,*

*સદા પ્રકાશિત અનેકાન્તમય, મૂર્તિ કરે નિત અવલોકન.*

જૈન શાસનમાં પ્રત્યેક વસ્તુ અનેકાંતમયી અર્થાત્ અનંત ધર્માત્મક કહેવામાં આવી છે. અનેકાંતમયી વસ્તુને સ્યાદ્વાદ પદ્ધતિથી બતાવવાવાળી જિનવાણીને પણ અનેકાંત-મૂર્તિ કહેવામાં આવે છે. તેથી આચાર્ય અમૃતચંદ્રદેવે સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ ટીકામાં સમયસારસ્વરૂપ ભગવાન આત્માને નમસ્કાર કર્યા પછી અનેકાંત-મૂર્તિ જિનવાણીને નમસ્કાર કર્યા છે.

અનંત ધર્માત્મક વસ્તુમાં પરસ્પર વિરોધી સ્વભાવવાળા સત્-અસત્, નિત્ય-અનિત્ય આદિ અનંત ધર્મયુગલ પણ ત્રિકાળ વિદ્યમાન રહે છે. એક વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મોને જોવાવાળી દ્રષ્ટિ, જૈનદર્શનની મૌલિક દ્રષ્ટિ છે. અનેકાંતમયી વસ્તુ અને સ્યાદ્વાદમયી પદ્ધતિની ચર્ચા જિનાગમ સિવાય અન્યત્ર ક્યાંય પણ નથી. જો કે પરમભાવપ્રકાશક નયચક્રમાં ડૉ. હુકમચંદ ભારિલ્લે આ વિષય ઉપર સંપૂર્ણ પ્રકાશ નાખ્યો છે, છતાં પણ અહીંયા પ્રશ્નોત્તર શૈલીના માધ્યમથી આ વિષયને સરળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, કારણ કે આ પ્રકરણની ચર્ચા વિના નયોની ચર્ચા કળશ-વગરના શિખર સમાન છે.

**પ્રશ્ન** 1 : અનેકાંત કોને કહે છે?

**ઉત્તર** 1 : આત્મખ્યાતિ ટીકાના પરિશિષ્ટમાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે–'જે વસ્તુ તત્ છે, તે જ અતત્ છે, જે એક છે, તે જ અનેક છે. જે સત્ છે, તે જ અસત્ છે; જે નિત્ય છે, તે જ અનિત્ય છે–આ રીતે એક વસ્તુમાં વસ્તુત્વની ઉત્પાદક (નિષ્પાદક) પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશિત થવું, **અનેકાંત** છે.'

**પ્રશ્ન** 2 : સ્યાદ્વાદ શું છે?

**ઉત્તર** 2 : આપ્તમીમાંસા, કારિકા ૧૦૪માં આચાર્ય સમંતભદ્ર કહે છે–'સર્વથા એકાંતનો ત્યાગ કરીને, કથંચિત્ વિધાનનું નામ સ્યાદ્વાદ છે. તે સાત ભંગો અને નયોની અપેક્ષા રાખે છે તથા હેય-ઉપાદેય ભેદને બતાવે છે.'

**પ્રશ્ન** 3 : અનેકાંત અને સ્યાદ્વાદમાં પરસ્પર શું સંબંધ છે?

**ઉત્તર** 3 : **આચાર્ય અમૃતચંદ્રના (કહેવા) પ્રમાણે, 'સ્યાદ્વાદ, બધી વસ્તુઓના સ્વરૂપને સિદ્ધ કરવાવાળા અર્હંત સર્વજ્ઞનું અસ્ખલિત (નિર્બાધ) શાસન છે. તે કહે છે કે અનેકાંત સ્વભાવવાળી હોવાથી બધી વસ્તુઓ અનેકાંતાત્મક છે.'** આ પ્રકારે અનેકાંત અને સ્યાદ્વાદમાં દ્યોત્ય-દ્યોતક સંબંધ છે.'

**પ્રશ્ન** 4 : 'અનેકાંત' શબ્દનો શું અર્થ છે?

**ઉત્તર** 4 : 'અનેકાંત' શબ્દ અનેક + અંત–આ બે શબ્દોથી બને છે. અનેક અર્થાત્ એકથી વધારે અને અંત અર્થાત્ ધર્મ. 'એકથી વધારે' ના બે થી અનંતની વચ્ચે અનેક અર્થ શક્ય છે. જો અનેકનો અર્થ અનંત કરવામાં આવે તો અનેકાંતનો અર્થ અનંત ગુણાત્મક વસ્તુ થશે અને અનેકનો અર્થ બે કરવામાં આવે, ત્યારે અનેકાંતનો અર્થ 'પરસ્પર' વિરૂદ્ધ પ્રતીત થવાવાળી દ્વયધર્માત્મક-વસ્તુ થશે.

**પ્રશ્ન 5** : 'સ્યાત્' શબ્દનો પ્રયોગ ક્યાં અને શા માટે કરવામાં આવે છે?

**ઉત્તર 5** : સ્યાત્ શબ્દનો પ્રયોગ ધર્મોની સાથે કરવામાં આવે છે, ગુણોની સાથે નહીં. આત્મા કથંચિત્ સત્‌રૂપ છે અને કથંચિત્ અસત્‌રૂપ છે-એવો પ્રયોગ તો થાય છે, પરંતુ આત્મા કથંચિત્ જ્ઞાનરૂપ છે, કથંચિત્ દર્શનરૂપ છે-એવો પ્રયોગ મુખ્યત્વે નથી થતો, કારણ કે ગુણોમાં પરસ્પર વિરોધ નથી, માટે તેને સ્વીકાર કરવામાં કોઈને આપત્તિ નથી હોતી, પરંતુ સત્-અસત્ આદિ ધર્મ પરસ્પર વિરોધી પ્રતીત થાય છે, તેથી તેમને સ્યાદ્વાદી જ સ્વીકાર કરી શકે છે. અન્ય લોકો, કોઈ એક ધર્મને જ ગ્રહણ કરીને પક્ષપાતી થઈ જાય છે, તેથી અનેકાંતની વ્યાખ્યામાં પરસ્પર વિરૂદ્ધ શક્તિઓના પ્રકાશન ઉપર વિશેષ બળ આપવામાં આવે છે.

**પ્રશ્ન 6** : સત્-અસત્ આદિ ધર્મ પરસ્પર વિરૂદ્ધ તો છે જ, તેથી એમ શા માટે કહેવામાં આવે છે કે તે પરસ્પર વિરોધી પ્રતીત થાય છે?

**ઉત્તર 6** : એનું સ્વરૂપ તો પરસ્પર વિરૂદ્ધ છે જ, પરંતુ એ અલગ-અલગ અપેક્ષાઓથી એક જ વસ્તુમાં એક સાથે રહે છે, તેથી તેમાં **સહ-અવસ્થાન વિરોધ નથી**. આ અવિરોધ બતાવવા માટે 'પરસ્પર વિરોધી પ્રતીત થવાવાળા' - આ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

**પ્રશ્ન 7** : સ્યાદ્વાદ પદ્ધતિની આવશ્યકતા શા માટે હોય છે?

**ઉત્તર 7** : પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ છે. શબ્દોની શક્તિ મર્યાદિત હોવાથી બધાં ધર્મોને એક સાથે નથી કહી શકતા, તેથી કોઈ એક ધર્મની મુખ્યતાથી વસ્તુનું વર્ણન કરવામાં આવે છે, પરંતુ જે સમયે કોઈ એક ધર્મને મુખ્ય કરવામાં આવે છે, તે સમયે તેનો વિરોધી ધર્મ અથવા બાકીના અન્ય ધર્મ સ્વયં ગૌણ થઈ જાય છે અર્થાત્ તેના

વિષયમાં કાંઈપણ નથી કહેવામાં આવતું.

આ મુખ્યતા અને ગૌણતા વક્તાની ઈચ્છાનુસાર વાણી (ભાષા) અને જ્ઞાનમાં હોય છે, વસ્તુમાં નહીં. જે ધર્મ મુખ્ય કરવામાં આવે છે, તેને વિવક્ષિત અથવા અર્પિત કહે છે અને શેષ ધર્મોને અવિવક્ષિત અથવા અનર્પિત કહે છે. વસ્તુમાં બધાં ધર્મ અનાદિ-અનંત ત્રિકાળ વિદ્યમાન રહે છે.

**પ્રશ્ન 8 :** સ્યાદ્વાદ પદ્ધતિમાં કથન કરવાથી 'પણ' અને 'જ' નો પ્રયોગ શા માટે અને કઈ રીતે કરવામાં આવે છે?

**ઉત્તર 8 :** (૧) મુખ્ય ધર્મનું કથન કરતાં થકા ગૌણ ધર્મોની સત્તાનું જ્ઞાન કરાવા માટે 'પણ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ, આત્મા નિત્ય પણ છે-એવું કથન કરવામાં આવે તો એનો અર્થ એ થશે કે આત્મા નિત્ય તો છે જ, તે અનિત્ય પણ છે, સાથે-સાથે તેમાં અન્ય અનંત ધર્મ પણ છે.

આનાથી એ સિદ્ધ થાય છે કે 'પણ'-આ શબ્દ સમન્વયનો સૂચક નથી, પરંતુ અનુક્ત (અકથિત) ધર્મોની સત્તાનો સૂચક છે.

(૨) જો અપેક્ષા સ્પષ્ટ ન કરવામાં આવે તો 'પણ' નો પ્રયોગ જરૂરી હોય છે. જેમ, આત્મા નિત્ય 'પણ' છે, પરંતુ જો અપેક્ષા સ્પષ્ટ કરવામાં આવે તો 'જ' નો પ્રયોગ જરૂરી થઈ જાય છે. જેમ, દ્રવ્યદ્રષ્ટિથી આત્મા નિત્ય 'જ' છે. આ રીતે 'જ' હઠ અથવા દુરાગ્રહનું પ્રતીક નથી, પરંતુ દ્રઢતા અથવા સ્પષ્ટ અપેક્ષાનું પ્રતીક છે, કારણ કે જે અપેક્ષાથી વાત કહેવામાં આવી રહી છે, તે અપેક્ષાએ વસ્તુ તેવી 'જ' છે.

(૩) 'પણ' નો અર્થ કદાચ અથવા શક્યતા નથી, કારણ કે આ શબ્દ અજ્ઞાનતાનો સૂચક છે. જ્યારે 'પણ' શક્યતાનો સૂચક થઈને, અનુક્ત ધર્મોની સુનિશ્ચિત સત્તાનો સૂચક છે. સ્યાદ્વાદ,

સંભાવનાવાદનો પર્યાયવાચી નથી, પરંતુ નિશ્ચયાત્મક જ્ઞાન હોવાથી પ્રમાણભૂત છે.

(૪) લૌકિક પ્રયોગ શૈલીમાં ક્યારેક-ક્યારેક 'પણ' પોતાની વાત ઉપર જોર (ભાર) આપવાનું કામ પણ કરે છે. જેમ, અમે પણ દુનીયા જોઈ છે, અમે પણ શાસ્ત્ર વાંચ્યા છે-ઈત્યાદિ વાક્યોમાં પોતાની તત્સંબંધી વિશેષતાઓ પર જોર દેવામાં આવી રહ્યું છે.

(૫) અપૂર્ણ અથવા અંશ કથનને પૂર્ણતઃ ન સમજી લેવામાં આવે, તેથી 'પણ' નો પ્રયોગ કરવામાં આવે છે. એક ધર્મનું પણ કથન અંશનું જ કથન છે.

(૬) શ્લોકવાર્તિક, અધ્યાય ૧, સૂત્ર ૬, શ્લોક ૫૩ પ્રમાણે વાક્યોમાં 'જ' શબ્દનો પ્રયોગ અનિષ્ટ અર્થની નિવૃત્તિ અને દ્રઢતા માટે કરવો જ જોઈએ, અન્યથા ક્યાંક-ક્યાંક તે વાક્ય નથી કહ્યું એમ સમજવામાં આવશે.

(૭) 'જ' અને 'પણ' ના પ્રયોગોની આવશ્યકતા પ્રતિપાદિત કરતાં થકા પંડિત કૈલાશચંદ્રજી સિદ્ધાંતાચાર્ય, જૈન ન્યાય, પાના નં. ૩૦૦ ઉપર લખે છે -

''આ જ રીતે વાક્યમાં એવકાર (જ) નો પ્રયોગ ન કરવા છતાં પણ સર્વથા એકાંતને માનવો પડશે, કારણ કે તે સ્થિતિમાં અનેકાંતનું નિરાકરણ અવશ્યંભાવી (જરૂરી) છે. જેમ 'ઉપયોગ લક્ષણ જીવનું જ છે,'-આ વાક્યમાં એવકાર (જ) હોવાથી એ સિદ્ધ થાય છે કે ઉપયોગ લક્ષણ અન્ય કોઈનું લક્ષણ ન હોઈને જીવનું જ છે, તેથી જો એમાંથી 'જ' ને કાઢી નાખવામાં આવે તો ઉપયોગ અજીવનું પણ લક્ષણ થઈ શકે છે.

પ્રમાણવાક્યમાં માત્ર 'સ્યાત્' પદનો પ્રયોગ થાય છે. પરંતુ નયવાક્યમાં 'સ્યાત્' પદની સાથે સાથે 'એવ' (જ) નો પ્રયોગ પણ

જરૂરી છે. 'જ'-આ શબ્દ સમ્યક્ એકાંતનું સૂચક છે અને 'પણ' સમ્યક્ અનેકાંતનું સૂચક છે.''

**પ્રશ્ન** 9 : 'સ્યાત્' પદનો પ્રયોગ શું સૂચિત કરે છે?

**ઉત્તર** 9 : 'સ્યાત્' પદના પ્રયોગથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જે કથન કરવામાં આવી રહ્યું છે, તે અંશના સંબંધમાં છે, પૂર્ણ વસ્તુના સંબંધમાં નહીં. આ સંદર્ભમાં પુરૂષાર્થસિદ્ધઉપાય, ગાથા-૨માં જન્માંધ વ્યક્તિઓ દ્વારા હાથીના વિષયમાં વિવાદ કરવાનો ઉલ્લેખ કર્યો છે, જે આ પ્રકારે છે -

'જેમ, એક હાથીને અનેક જન્માંધ વ્યક્તિ સ્પર્શ કરીને જાણવાનો પ્રયત્ન કરે અને જેના હાથમાં હાથીના પગ આવી જાય, તે હાથીને થાંભલા જેવો, પેટ પર હાથ ફેરવવાવાળો દીવાલ જેવો, કાન પકડવાવાળો સૂપડા જેવો અને સૂંઢ પકડવાવાળો કેળાના સ્તંભ જેવો કહે તો તે બધાં વાક્યો હાથીના વિષયમાં સાચા નહીં હોય, કારણ કે જોયો છે અંશને અને કહેવામાં આવ્યો છે સર્વાંશને.

જો અંશ જોઈને અંશનું જ કથન કરીએ તો ખોટું ન ગણાય. જેમ, જો એમ કહેવામાં આવે કે હાથીના પગ થાંભલા જેવા છે, કાન સૂંપડા જેવા છે, પેટ દીવાલ જેવી છે, તો કાંઈ ખોટું નથી, કારણ કે આ કથન સાપેક્ષ છે અને સાપેક્ષ નય સત્ય હોય છે. માત્ર પગ હાથી નથી, પરંતુ પેટ પણ હાથી નથી. આ જ રીતે કોઈપણ એકલું અંગ, અંગીને પૂર્ણતઃ વ્યક્ત નથી કરી શકતું.'

**પ્રશ્ન** 10 : અનેકાંતમાં પણ અનેકાંત કઈ રીતે ઘટિત થાય છે?

**ઉત્તર** 10 : જો કોઈ અન્યમતી, જૈનમતીને પૂછે કે તમો કથંચિત્ અનેકાંતવાદી છો કે સર્વથા અનેકાંતવાદી? તે આના જવાબમાં કહે કે અમે તો સર્વથા અનેકાંતવાદી છીએ તો એ પણ એકાંત થઈ જશે, કારણ કે તેમાં અનેકાંતના બીજા પક્ષ એકાંતનો સર્વથા નિષેધ થઈ

રહ્યો છે. જો તે કહે કે અમો કથંચિત્ અનેકાંતવાદી છીએ-તો એનાથી એ સ્વયં સિદ્ધ થઈ ગયું કે તેઓ કથંચિત્ એકાંતવાદી પણ છે. એમાં કોઈ દોષ પણ નથી, કારણ કે જૈનમતને સર્વથા એકાંત અસ્વીકૃત છે, કથંચિત્ એકાંત નહીં.

ખરેખર તો જૈનદર્શન ન તો સર્વથા એકાંતવાદી છે અને ન સર્વથા અનેકાંતવાદી. તે કથંચિત્ એકાંતવાદી છે અને કથંચિત્ અનેકાંતવાદી, કારણ કે તેમાં પ્રમાણ અને નય દ્વારા વસ્તુનો નિર્ણય કરવામાં આવે છે. આ પ્રકરણની ચર્ચા અધ્યાય બે માં વિસ્તારથી કરવામાં આવી છે, તેથી વાચકોને અનુરોધ છે કે તેને એકવાર જરૂરથી વાંચી લે.

આ સંબંધમાં કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૨૬૧માં કહેવામાં આવ્યું છે -

**જં વત્થુ અણેયંતં, એયંતં તં પિ હોદિ સવિપેક્ખં,**
**સુયણાણેણ ણએહિં ય, ણિરવેક્ખં દીસદે ણેવ.**

અર્થાત્ જે વસ્તુ અનેકાંતરૂપ છે, તે જ સાપેક્ષ દ્રષ્ટિથી એકાંતરૂપ છે. શ્રુતજ્ઞાન (પ્રમાણ)ની અપેક્ષાએ અનેકાંતરૂપ છે અને નયોની અપેક્ષાએ સમ્યક્ એકાંતરૂપ છે. વગર અપેક્ષાએ (નિરપેક્ષ) વસ્તુનું સ્વરૂપ નથી જોઈ શકાતું.

ખરેખર તો અનેકાંત અને એકાંત, સમ્યક્ અને મિથ્યાના ભેદથી બે-બે પ્રકારના છે. આનું સ્વરૂપ આ પ્રમાણે છે -

1. **સમ્યક્ એકાંત**-અન્ય ધર્મોને ગૌણ કરીને એક ધર્મની મુખ્યતાથી કથન કરવું. જેમ, વસ્તુ કથંચિત્ નિત્ય છે.

2. **મિથ્યા એકાંત**-અન્ય ધર્મોનો સર્વથા નિષેધ કરીને એક ધર્મનું કથન કરવું. જેમ, વસ્તુ સર્વથા નિત્ય જ છે.

3. **સમ્યક્ અનેકાંત**-સમ્યક્ એકાંતોનો સમૂહ સમ્યક્ અનેકાંત છે. જેમ, વસ્તુ નિત્યાનિત્ય છે.

4. **મિથ્યા અનેકાંત**-મિથ્યા એકાંતોનો સમૂહ મિથ્યા અનેકાંત છે. જેમ, વસ્તુ સર્વથા નિત્ય પણ છે અને સર્વથા અનિત્ય પણ છે.

**આચાર્ય સમંતભદ્ર મિથ્યા અનેકાંતને ઉભયૈકાંત પણ કહે છે.**

આ રીતે જૈનદર્શન વસ્તુને અનેકાંતરૂપ તો કહે જ છે, એકાંતરૂપ પણ કહે છે. તે પ્રમાણને અનેકાંતરૂપ અને નયને એકાંતરૂપ કહે છે.

**પ્રશ્ન** 11 : શું પ્રત્યેક વાક્યમાં 'સ્યાત્' પદ લગાવવું અનિવાર્ય (જરૂરી) છે?

**ઉત્તર** 11 : જો વક્તાના અભિપ્રાયમાં સ્યાત્ પદની વિવક્ષા હોય તો દરેક વાક્યમાં 'સ્યાત્' પદનો પ્રયોગ અનિવાર્ય નથી. ભાષામાં (વાણીમાં) વારંવાર 'સ્યાદ્' પદ લગાવવો ભાષાના પ્રવાહની દ્રષ્ટિથી પણ યોગ્ય નથી માનવામાં આવ્યું. એક બાળક પોતાની માતાને વારંવાર 'મારી માતા... મારી માતા' ન કહીને માત્ર 'માતા' કહે છે અને બધાં લોકો સમજી જાય છે કે તે પોતાના તરફથી જ તેની માતાને માતા કહી રહ્યો છે, અન્ય કોઈને પણ નહીં અને અન્યની અપેક્ષાએ પણ નહીં. આ જ રીતે 'સ્યાત્' પદ ન કહેવામાં આવવા છતાં પણ કહેવામાં આવેલ છે એમ સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન** 12 : શું આત્મામાં બધાં ધર્મ એક સાથે રહે છે?

**ઉત્તર** 12 : અનેકાંતની વ્યાખ્યામાં આચાર્ય અમૃતચંદ્રએ 'એક વસ્તુમાં વસ્તુત્વને નિપજાવવાવાળી'-આ પદનો પ્રયોગ કર્યો છે અર્થાત્ સત્-અસત્, એક-અનેક, નિત્ય-અનિત્ય આદિ પરસ્પર વિરોધી ધર્મ હોવાથી વસ્તુ કાયમ રહે છે, અન્યથા વસ્તુના નાશ થઈ જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, પરંતુ જે ધર્મોનો એક સાથે રહેવામાં સર્વથા

વિરોધ છે, જો તે વસ્તુમાં એક સાથે રહેશે તો વસ્તુ જ નષ્ટ થઈ જશે. જરા વિચારો કે આત્મા જડ પણ હોય અને ચેતન પણ હોય તો આત્માનું સ્વરૂપ શું હશે? તેથી આત્મામાં ચેતનત્વ અને અચેતનત્વ- આ બંને ધર્મ, એક સાથે નથી રહી શકતા, તેમાં ચેતનાની અસ્તિ અને અચેતનાની નાસ્તિ જ હોઈ શકે છે.

**પ્રશ્ન** 13 : શું સ્યાદ્વાદ બધાં ધર્મોનો સમન્વય કરે છે?

**ઉત્તર** 13 : સ્યાદ્વાદનો અર્થ છે-કોઈ અપેક્ષાથી કથન કરવું, તેથી વસ્તુમાં વિદ્યમાન પરસ્પર વિરોધી ધર્મોને સાપેક્ષ દ્રષ્ટિથી કહેવું એ જ બધાં ધર્મોનો સમન્વય છે.

*દુર્ભાગ્યવશ આજકાલ સ્યાદ્વાદના નામ પર વસ્તુના ધર્મોની સિદ્ધિ કરવાની બદલે બધાં સંપ્રદાયોને સાચા માનવાની ફેશન ચાલી રહી છે. અનેક વિદ્વાન ઘણા ગૌરવની સાથે કહે છે કે પોત-પોતાની અપેક્ષાએ બધાં ધર્મ સાચા છે. કેટલાંક લોકો તો એ કહેવામાં પણ સંકોચ નથી રાખતા કે બધાં ધર્મોને મેળવી (ભેળવી) દો-જૈન ધર્મ બની જશે, પરંતુ આ બધું પલ્લવગ્રાહી પાંડિત્યનું પરિણામ છે.*

*જરા વિચારો, શું સો અસત્ય મળીને સત્ય બની શકે છે? શું સર્વથા એકાંતવાદી ૩૬૩ મતોને ભેળવીને જૈનધર્મ બન્યો છે કે જૈન શાસનમાં કહેલ વસ્તુ-વ્યવસ્થાના એક-એક પક્ષને સર્વથા ગ્રહણ કરીને તે મિથ્યામત જન્મ્યા છે? જો બધી માન્યતાઓ કોઈ અપેક્ષાએ સત્ય છે તો સત્ય અને અસત્યમાં શું ફરક છે-એ વિચારણીય થઈ જાય છે. શું રાગી અને વીતરાગી, બંને આદર્શ થઈ શકે છે? રાગ અને વીતરાગ, બંનેને ધર્મ માનવા, શું વિષ અને અમૃતનો સમન્વય કરવા સમાન નથી? તેથી અસત્યોનો સમન્વય કરવા કરતાં વીતરાગ-સર્વજ્ઞ કથિત વસ્તુ-સ્વરૂપ તથા મોક્ષમાર્ગનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ.*

**પ્રશ્ન 14 : પોતાના મતને સાચો અને અન્યમતને જૂઠો કહેવો ક્યાં સુધી યોગ્ય છે? શું એ પક્ષપાત નથી?**

**ઉત્તર 14 :** સત્ય-અસત્યનો નિર્ણય, પોતાના-પારકાના આધાર ઉપર નહીં, પરંતુ સર્વજ્ઞકથિત પ્રમાણ અને નયો દ્વારા કરવો જોઈએ. આપણે જે પરંપરામાં જન્મ્યા છીએ, તેને જ પોતાનો ધર્મ અથવા મત સમજી રહ્યા છીએ. જો આવતા ભવમાં બીજી પરંપરામાં જન્મ થઈ જશે તો તેને પોતાનો માનવા લાગશું. જુઓ! ધર્મનું પ્રયોજન તો આત્મહિત કરવાનું છે, તેથી આત્માનું સ્વરૂપ જ સત્ય છે અને તેની અનુભૂતિ જ ધર્મ છે. આ વસ્તુનું સ્વરૂપ છે, કોઈ વ્યક્તિવિશેષનું નહીં. જન્મના આધાર પર કોઈ મતને પોતાનો માનવો અને કોઈને પારકો-આ માન્યતા બરાબર નથી. માટે પૂજ્ય ગુરૂદેવશ્રી વારંવાર કહે છે કે **'જૈનધર્મ વાડો નથી, સંપ્રદાય નથી. આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલું વસ્તુનું સ્વરૂપ છે.'**

**પ્રશ્ન 15 : શું નિશ્ચય-વ્યવહારનયોના કથનોમાં સ્યાદ્વાદ પધ્ધતિનો અને સ્યાદ્વાદ પધ્ધતિના કથનોમાં નિશ્ચય-વ્યવહારનયનો પ્રયોગ થઈ શકે છે?**

**ઉત્તર 15 :** *સ્યાદ્વાદ પદ્ધતિ અને નિશ્ચય-વ્યવહારનયોમાં મુખ્ય તફાવત એ છે કે સ્યાદ્વાદ પદ્ધતિ અત્યંત વ્યાપક છે, તેની અંતર્ગત બધાં પ્રકારના નય, પ્રમાણ આદિ અંતઃગર્ભિત થઈ જાય છે; જેમ, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય આદિ આગમ પદ્ધતિના નય, નિશ્ચય-વ્યવહાર આદિ અધ્યાત્મ પદ્ધતિના નય, ત્રિ-નય, સપ્ત નય, ૪૭ નય, સપ્તભંગી, પ્રમાણ સપ્તભંગી, નય સપ્તભંગી, બધાં પ્રકારના પ્રમાણ, ચાર નિક્ષેપ આદિ બધાંનો અંતર્ભાવ સ્યાદ્વાદમાં થઈ જાય છે, જ્યારે નિશ્ચય-વ્યવહારનય, તે સ્યાદ્વાદના નય નામક અંગના અંતર્ગત એક પ્રકારના ભેદ છે. આના પ્રયોગોમાં અત્યંત સાવધાની રાખવાની જરૂરીયાત છે.*

*સ્યાદ્વાદ પદ્ધતિનો પ્રયોગ, મુખ્યપણે સર્વથા એકાંત મતોનું ખંડન કરતા થકા વસ્તુના અનેકાંત સ્વરૂપની સિદ્ધિ માટે કરવામાં આવે છે અને નિશ્ચય-વ્યવહારનયોનો પ્રયોગ, વસ્તુના યથાર્થ અને ઉપચરિત સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કરવામાં આવે છે.*

જો કે બંને પદ્ધતિઓમાં સાપેક્ષ કથન કરવામાં આવે છે, નિરપેક્ષ કથન, મિથ્યા-એકાંતરૂપ હોય છે. 'સ્યાત્' શબ્દનો અર્થ 'કથંચિત્' અર્થાત્ 'કોઈ અપેક્ષાથી' થાય છે, તેથી નિશ્ચય-વ્યવહારનયના કથન પણ કોઈ અપેક્ષાથી કરવામાં આવે છે. તેથી તેમાં પણ 'કથંચિત્' શબ્દનો પ્રયોગ કરવામાં કોઈ સિદ્ધાંતિક વિરોધ નથી આવતો, છતાંપણ બંને પદ્ધતિઓના પ્રયોગોને એકબીજામાં ભેળવવામાં અડચણ થવા લાગે છે.

અહીંયા આ પ્રકારના પ્રયોગના કેટલાંક ઉદાહરણોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે -

બૃહદ્દ્રવ્યસંગ્રહમાં આત્માને નિશ્ચયથી અમૂર્તિક તથા વ્યવહારથી મૂર્તિક કહેવામાં આવ્યો છે. સ્યાદ્વાદ પદ્ધતિમાં એ જ કહેવામાં આવશે કે આત્મા કથંચિત્ અમૂર્તિક છે અને કથંચિત્ મૂર્તિક છે.

અહીંયા સ્યાદ્વાદ પદ્ધતિમાં આત્માને કથંચિત્ મૂર્તિક કહેવામાં લોકોને સંકોચ થાય છે, કારણ કે ઘણું કરીને લોકો કથંચિત્નો અર્થ અડધો-અડધો કે કેટલાંક ટકા સમજે છે, પરંતુ 'કથંચિત્' નો અર્થ કેટલાક ટકા જરાપણ નથી. 'કથંચિત્' શબ્દનો અર્થ 'કોઈ અપેક્ષાથી' થાય છે. વ્યવહારનય પણ સંયોગની અપેક્ષાએ આત્માને મૂર્તિક કહે છે, તેથી 'આત્મા કથંચિત્ મૂર્તિક છે'-એમ કહેવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ.

સ્યાદ્વાદ પદ્ધતિમાં આત્માને કથંચિત્ નિત્ય અને કથંચિત્

અનિત્ય કહેવામાં આવે છે, પરંતુ એમ કહેવું અસત્ય છે કે આત્મા નિશ્ચયથી નિત્ય છે અને વ્યવહારથી અનિત્ય. અનિત્યતા પણ નિત્યતાની જેમ વસ્તુનો સ્વભાવભૂત ધર્મ છે. અભેદ, એક, સત્ આદિની જેમ ભેદ, અનેક, અસત્ આદિ પણ વસ્તુના સ્વભાવભૂત ધર્મ છે, તેથી તેને વ્યવહાર અર્થાત્ ઉપચરિત કેવી રીતે કહી શકાય?

હા, જો અહીંયા ઉપરોક્ત ઉદાહરણમાં આપણે નિશ્ચય-વ્યવહારનયની જગ્યાએ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયનો પ્રયોગ કરીએ તો સ્યાદ્વાદનો સાર્થક પ્રયોગ થશે અર્થાત્ આત્મા દ્રવ્યાર્થિક-નય અથવા દ્રવ્યદ્રષ્ટિથી નિત્ય છે અને પર્યાયાર્થિકનય અથવા પર્યાયદ્રષ્ટિથી અનિત્ય છે. આ રીતે બધી નય દ્રષ્ટિઓમાં કથંચિત્‌નો પ્રયોગ તો શક્ય છે, પરંતુ સર્વત્ર કથંચિત્‌ની જગ્યાએ અલગ-અલગ નયદ્રષ્ટિઓ, પ્રમાણદ્રષ્ટિઓ આદિ લાગુ થાય છે.

આ જ રીતે એક મહિલાને પિતા, પુત્ર અને પતિની અપેક્ષાએ અનુક્રમે કથંચિત્ પુત્રી, કથંચિત્ માતા અને કથંચિત્ પત્ની કહેવામાં આવશે, પરંતુ શું તે કેટલાક અંશોમાં માતા અને કેટલાક અંશોમાં પત્ની કે પુત્રી આદિ કહી શકીએ છીએ? નહીં! તે જે અપેક્ષાએ માતા છે, તે અપેક્ષાએ સંપૂર્ણ માતા જ છે. આ જ રીતે તે પિતા અને પતિની અપેક્ષાએ સંપૂર્ણ પુત્રી અને સંપૂર્ણ પત્ની જ છે. તે સ્ત્રીના માતા, પુત્રી આદિ ધર્મોમાં નિશ્ચય-વ્યવહારનયોનો પ્રયોગ કરીને શું એમ કહેવું યોગ્ય છે કે તે નિશ્ચયથી માતા છે અને વ્યવહારથી પુત્રી આદિ? પરંતુ એવો પ્રયોગ તો યોગ્ય નથી, કારણ કે **કોઈ દ્રવ્ય-ભાવનું નામ નિશ્ચય અને કોઈ દ્રવ્ય-ભાવનું નામ વ્યવહાર-એવું નથી, પરંતુ એક જ દ્રવ્યના ભાવને તે સ્વરૂપમાં નિરૂપિત કરવું, તે નિશ્ચય છે અને અન્ય સ્વરૂપમાં નિરૂપિત કરવું તે વ્યવહાર છે.**

આ ઉદાહરણમાં આપણે એમ તો કહી શકીએ છીએ કે નિશ્ચયથી તો કોઈ કોઈની માતા, પત્ની, બહેન આદિ હોતાં જ નથી, પરંતુ

વ્યવહારમાં એક જ સ્ત્રીને તેના પુત્રની અપેક્ષાએ માતા, પતિની અપેક્ષાએ પત્ની, ભાઈની અપેક્ષાએ બહેન વગેરે કહેવામાં આવે છે.

*આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે આત્મહિતની દ્રષ્ટિથી આત્મામાં વિદ્યમાન પરસ્પર વિરોધી ધર્મોમાં દ્રવ્યગત ધર્મોને મુખ્ય કરીને નિશ્ચય અને પર્યાયગત ધર્મોને ગૌણ કરીને વ્યવહાર કહેવામાં આવે છે. સમયસાર, ગાથા ૧૧માં આ જ પદ્ધતિ અપનાવી છે અને પૂજ્ય ગુરૂદેવશ્રીએ પોતાના પ્રવચનોમાં આનું ઘણું સરળ અને વિસ્તૃત વિવેચન કરતાં થકાં વારંવાર કહ્યું છે કે પર્યાયોનો સર્વથા નિષેધ ન સમજવો જોઈએ, તેને ગૌણ કરીને અભૂતાર્થ કહેલ છે.*

આ બંને પદ્ધતિઓને પણ કથંચિત્ એક અને કથંચિત્ અલગ કહી શકીએ છીએ. સાપેક્ષ કથનની દ્રષ્ટિથી આમાં સમાનતા છે અને વિષયવસ્તુની દ્રષ્ટિથી ભિન્નતા છે. સ્યાદ્વાદનો પ્રતિપાદ્ય વિષય, વસ્તુમાં વિદ્યમાન ધર્મ છે અને નિશ્ચય-વ્યવહારનયનો વિષય, વસ્તુનું યથાર્થ અને ઉપચરિત સ્વરૂપ છે.

આ બંને પદ્ધતિઓના વિવેચનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે નિશ્ચય-વ્યવહાર અને સ્યાદ્વાદ શૈલીમાં વિદ્યમાન સમાનતા અને તફાવતને યથાર્થ સમજીને, કોઈ આગ્રહ રાખ્યા વિના યથાયોગ્ય પ્રયોગ કરીને વસ્તુનું સ્વરૂપ સમજવું જોઈએ.

આ વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે આ બંને પદ્ધતિઓમાં નિશ્ચય-વ્યવહારનો પ્રયોગ ઘણું કરીને મોક્ષમાર્ગના નિરૂપણમાં કરવામાં આવે છે, જ્યાં સ્યાદ્વાદનો પ્રયોગ અટપટો લાગે છે અને સ્યાદ્વાદનો પ્રયોગ અનેકાંત સ્વરૂપના નિરૂપણમાં કરવામાં આવે છે, જ્યાં નિશ્ચય-વ્યવહારની બદલે તે ધર્મ સંબંધી નયોનો પ્રયોગ કરવામાં આવે છે. ૪૭ નયોમાં આ જ પ્રકારના પ્રયોગ કરવામાં આવ્યા છે.

બધાં લોકોએ સ્યાદ્વાદ પદ્ધતિથી અનેકાંતસ્વરૂપ વસ્તુનો નિર્ણય કરીને, નિશ્ચય-વ્યવહાર રત્નત્રયની પ્રાપ્તિ કરવી એ જ શ્રેયસ્કર છે.

## અભ્યાસ-પ્રશ્ન

1. અનેકાંત-સ્યાદ્વાદના પરસ્પર સંબંધને બીજા કયા-કયા નામોથી કહી શકાય છે?
2. 'અનેકાંત' શબ્દની શાબ્દિક વ્યુત્પત્તિઓ કરો.
3. 'સ્યાદ્વાદ' શબ્દની વ્યાખ્યા કરો.
4. અનેકાંતમાં અનેકાંતથી શું તાત્પર્ય છે?
5. શું સ્યાદ્વાદ દ્વારા બધાં ધર્મોનો સમન્વય શક્ય છે?

**વસ્તુ-સ્વરૂપ વ્યવસ્થા દ્વારા, નિજ કો સ્થાપિત કરતા,**
**ઈસ પ્રકાર યહ અનેકાન્ત, જિનશાસન સિદ્ધ અલંઘ્ય હુઆ.**

**- સમયસાર કળશ, ૨૬૩**

**સ્યાદ્વાદ દ્વારા પ્રદીપ્ત જો, જગમગ કરતા જિસકા તેજ,**
**શુદ્ધ સ્વભાવરૂપ મહિમામય, મુજમેં હુઆ પ્રકાશ ઉદય.**
**બન્ધ-મોક્ષ-પથ મેં પડનેવાલે ભાવોં સે મુજકો ક્યા,**
**નિત્ય ઉદિત રહને વાલા યહ, પરમ સ્વભાવ મુજે પ્રગટા.**

**- સમયસાર કળશ, ૨૬૯**

## 19

# સપ્તભંગ

જે રીતે નય, જૈનદર્શનના મૌલિક ચિંતનનું પ્રતિફલન (ફલશ્રુતિ) છે, તે જ રીતે સપ્તભંગ, અનેકાંત અને સ્યાદ્વાદ પણ જૈનદર્શનના મૌલિક ચિંતનના પરિચાયક (પરિચય કરાવનાર) છે. અન્ય દર્શનોમાં આ ચિંતન સર્વથા અનુપલબ્ધ છે. અહીંયા સપ્તભંગી પ્રકરણ ઉપર સંક્ષેપમાં વિચાર કરવામાં આવી રહ્યો છે.

વસ્તુસ્વરૂપને સમજાવવા માટે આ સપ્તભંગ અત્યંત ઉપયોગી છે. સપ્તભંગી તરંગિણી, તત્ત્વાર્થશ્લોકવાર્તિક, આપ્તમીમાંસા, સ્યાદ્વાદ મંજરી, પંચાસ્તિકાય, પ્રવચનસાર આદિ ગ્રંથોમાં આ વિષયની વિસ્તૃત ચર્ચા ઉપલબ્ધ થાય છે, તેથી આ ગ્રંથોનું ગહન અધ્યયન-મનન જરૂરથી કરવું જોઈએ.

ઉપરોક્ત ગ્રંથો સિવાય જૈન કાવ્ય જગતમાં પણ આ પ્રકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કવિવર દ્યાનતરાયજી દેવ-શાસ્ત્ર-ગુરૂ પૂજનની જયમાલામાં લખે છે—

**સો સ્યાદ્વાદમય સપ્તભંગ, ગણધર ગૂંથે બારહ સુઅંગ.**

આ જ રીતે કવિવર ભાગચંદ્રજી જિનવાણી સ્તુતિમાં લખે છે -

**સપ્તભંગ જહેँ તરંગ ઉછલત સુખદાની,**
**સંત-ચિત્-મરાલ-વૃંદ, રમેં નિત્ય જ્ઞાની.**

આપણા લોક-જીવનમાં જેટલી ઉંડાઈથી નય-પદ્ધતિનો પ્રયોગ

જેટલો સ્પષ્ટ જોવામાં આવે છે, સપ્તભંગનો પ્રયોગ એટલો સ્પષ્ટરૂપથી ભાસિત નથી થતો. વિધિ-નિષેધ અથવા અસ્તિ-નાસ્તિની શૈલી તો જન-જીવનમાં વ્યાપ્ત છે. ત્રીજા-ચોથા ભંગનો પ્રયોગ પણ અહીંયા-ત્યાં (ક્યારેક) જોવામાં આવે છે, પરંતુ છેલ્લા ત્રણ ભંગોનો પ્રયોગ થતો જોવામાં નથી આવતો. આ પ્રકરણની ચર્ચા ૪૭ નયોના અંતર્ગત સપ્તભંગી સંબંધી નયોમાં કરવામાં આવી છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લે પરમભાવપ્રકાશક નયચક્રમાં અનેક ગ્રંથોના આધારથી આ વિષય ઉપર ખૂબ જ સરળ તથા વ્યવસ્થિત સ્પષ્ટીકરણ કર્યું છે. અહીંયા પ્રશ્નોત્તર પદ્ધતિમાં આ વિષયની સંક્ષિપ્ત ચર્ચા કરવામાં આવી રહી છે, જેથી આ વિષયના પ્રમુખ મુદ્દાઓ વાચકોને હૃદયંગમ થઈ શકે –

**પ્રશ્ન** 1 : સપ્તભંગી શું છે?

**ઉત્તર** : વિભિન્ન ગ્રંથોમાં સપ્તભંગીની વ્યાખ્યાઓ નીચે મુજબ જોવા મળે છે –

**1. નયોના કથન કરવાની પધ્ધતિને જ સપ્તભંગી કહે છે. અહીંયા ભંગ શબ્દ વસ્તુના સ્વરૂપ-વિશેષનો જ પ્રતિપાદક છે, આનાથી એ સિદ્ધ થયું કે સાત ભંગોના સમૂહને સપ્તભંગી કહે છે.**

– ન્યાયદીપિકા, તૃતીયપ્રકાશ, પાનું ૧૨૭

**2. પ્રશ્ન પ્રમાણે એક વસ્તુમાં પ્રમાણથી અવિરૂદ્ધ વિધિ-પ્રતિષેધ ધર્મોની કલ્પના સપ્તભંગી છે**

– રાજવાર્તિક, પ્રથમ અધ્યાય, પાનું. ૩૩

3. પ્રમાણવાક્ય અથવા નયવાક્યથી એક જ વસ્તુમાં અવિરોધરૂપથી જે સત્-અસત્ આદિ ધર્મોની કલ્પના કરવામાં આવે છે, તેને સપ્તભંગી કહે છે.

– પંચાસ્તિકાય, ગાથા ૧૪, તાત્પર્યવૃત્તિ

**પ્રશ્ન** 2 : સપ્તભંગી પદ્ધતિનો પ્રયોગ કરવાની શા માટે જરૂર પડે છે?

**ઉત્તર** : કોઈપણ વસ્તુનું પ્રતિપાદન કરતાં સમયે સર્વપ્રથમ એ પ્રશ્ન ઉભો થાય છે કે વસ્તુ-સ્વરૂપનું કથન શક્ય છે કે નહીં? કારણ કે જિનાગમમાં અનેક જગ્યાએ ભગવાન આત્માને વચનાતીત, વિકલ્પાતીત કહેવામાં આવેલ છે.

શ્રીમદ્ રાજચંદ્ર 'અપૂર્વ અવસર' કાવ્યમાં લખે છે -

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

જો વસ્તુ-સ્વરૂપ કહેવામાં જ નથી આવી શકતું તો તેના વિષયમાં કહેવું-સાંભળવું, વાંચવું-લખવું બધું વ્યર્થ છે, પરંતુ ભગવાન સર્વજ્ઞની વાણીમાં વસ્તુ-સ્વરૂપ કહેવામાં આવેલ છે અને ગણધર ભગવંતોએ તેને દ્વાદશાંગમાં ગૂંથ્યુ છે, તેથી વસ્તુસ્વરૂપ સર્વથા અવક્તવ્ય નથી, કથંચિત્ વક્તવ્ય પણ છે.

ફરી પ્રશ્ન ઉભો થાય છે કે જો વસ્તુ-સ્વરૂપ કહી શકાય છે તો તેના વિષયમાં શું કહી શકાય છે? કેવી રીતે કહી શકાય છે? અને શું નથી કહી શકાતું?

સપ્તભંગી પદ્ધતિ આ જ પ્રશ્નનો જવાબ આપે છે કે વસ્તુમાં હાજર અનંત ધર્મોને વિધિ-પ્રતિષેધની પદ્ધતિથી ત્રણ પ્રકારથી કહી શકાય છે તથા ન કહી શકવાના સંદર્ભમાં ચાર સ્થિતિઓ બને છે.

વસ્તુના અસ્તિત્વના વિષયમાં વક્તવ્ય અને અવક્તવ્યના સંબંધમાં કુલ સાત પરિસ્થિતિઓ જ થાય છે. તેમાંથી કહી શકવાના સંદર્ભમાં ત્રણ સ્થિતિઓ નીચે મુજબ છે -

(૧) અસ્તિત્વ કહેવામાં આવી શકે છે.

(૨) નાસ્તિત્વ કહેવામાં આવી શકે છે અને

(૩) ક્રમથી અસ્તિત્વ-નાસ્તિત્વ બંને કહેવામાં આવી શકે છે.

આ જ રીતે, ન કહેવામાં આવી શકવાના સંદર્ભમાં ચાર સ્થિતિઓ નીચે મુજબ થાય છે -

૧) એક સાથે બંને ધર્મો નથી કહી શકાતા.

૨) અસ્તિત્વ તો કહેવામાં આવી શકે છે, પરંતુ તે સમયે સંપૂર્ણ વસ્તુ નથી કહી શકાતી.

૩) નાસ્તિત્વ તો કહેવામાં આવી શકે છે, પરંતુ તે સમયે સંપૂર્ણ વસ્તુ નથી કહી શકાતી.

૪) અસ્તિત્વ-નાસ્તિત્વ બંને અનુક્રમે કહેવામાં આવી શકે છે, પરંતુ એક સાથે સંપૂર્ણ વસ્તુને કહી શકાતી નથી.

આ રીતે ત્રણ ભંગ વક્તવ્ય સંબંધી અને ચાર ભંગ અવક્તવ્ય સંબંધી - કુલ મળીને અસ્તિત્વ-નાસ્તિત્વ સંબંધી સાત ભંગ થઈ જાય છે, જેને આપણે કથંચિત્ શબ્દ લગાડી આ રીતે વ્યક્ત કરીએ છીએ -

(૧) કથંચિત્ ઘડો છે (૨) કથંચિત્ ઘડો નથી (૩) કથંચિત્ ઘડો છે પણ અને કથંચિત્ ઘડો છે પણ નહીં (૪) કથંચિત્ ઘડો અવક્તવ્ય છે (૫) કથંચિત્ ઘડો છે અને અવક્તવ્ય છે (૬) કથંચિત્ ઘડો નથી અને અવક્તવ્ય છે અને (૭) કથંચિત્ ઘડો છે, નથી અને અવક્તવ્ય છે.

**પ્રશ્ન** 3 : ભંગ સાત જ શા માટે હોય છે, ઓછા કે વધુ શા માટે નહી?

**ઉત્તર** : સપ્તભંગી તરંગિણીમાં આ પ્રશ્નનો જવાબ આ રીતે આપવામાં આવ્યો છે -

'પ્રતિપાદ્ય પ્રશ્નોના સાત પ્રકાર હોવાથી સાત જ ભંગ હોય છે.'

**પ્રશ્ન** : પ્રશ્ન સાત જ શા માટે હોય છે?

**ઉત્તર** : કારણ કે જિજ્ઞાસાઓ સાત પ્રકારની હોય છે.

**પ્રશ્ન** : જિજ્ઞાસાઓ સાત જ પ્રકારની શા માટે હોય છે?

**ઉત્તર** : કારણ કે સંશય પણ સાત પ્રકારના જ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન** : સંશય સાત પ્રકારના શા માટે ઉત્પન્ન થાય છે?

**ઉત્તર** : સંશયના વિષયભૂત ધર્મ પણ સાત પ્રકારના હોય છે.

ઉપરોક્ત સાત ભંગોમાં પહેલો, બીજો અને ચોથો-આ ત્રણ એકલ ભંગ છે અને શેષ ચાર સંયોગી ભંગ છે, જે એકલ ભંગોના સંયોગથી બને છે. આ રીતે અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય અસંયોગી મૂળ ભંગ છે, અસ્તિ-નાસ્તિ, અસ્તિ-અવક્તવ્ય અને નાસ્તિ-અવક્તવ્ય-આ ત્રણ દ્વિ-સંયોગી ભંગ છે અને અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય-આ એક ત્રિ-સંયોગી ભંગ છે.

**પ્રશ્ન** 4 : એક જ દ્રવ્ય સાત ભંગરૂપ કેવી રીતે હોઈ શકે છે?

**ઉત્તર** : આચાર્ય જયસેન, પંચાસ્તિકાય, ગાથા ૧૪ની ટીકામાં આ જ રીતે આ પ્રશ્ન ઉભો કરી, તેનું સમાધાન નીચે મુજબ કરે છે -

'જે રીતે એક જ દેવદત્ત નામક પુરૂષ, મુખ્ય અને ગૌણ વિવક્ષાથી અનેક પ્રકારનો થઈ જાય છે, પુત્રની અપેક્ષાએ પિતા, પિતાની અપેક્ષાએ પુત્ર, મામાની અપેક્ષાએ ભાણેજ, ભાણેજની અપેક્ષાએ મામા, પત્નીની અપેક્ષાએ પતિ અને બહેનની અપેક્ષાએ ભાઈ કહેવામાં આવે છે. શત્રુની અપેક્ષાએ શત્રુ અને મિત્રની અપેક્ષાએ મિત્ર કહેવામાં આવે છે. આ જ રીતે એક દ્રવ્ય, વિભિન્ન અપેક્ષાઓથી સાત ભંગવાળો થઈ શકે છે. તેના સાત ભંગરૂપ થવામાં કોઈ દોષ નથી.

આ તો સામાન્ય કથન છે, સૂક્ષ્મ વ્યાખ્યાનમાં સત્, એક, નિત્ય-આદિ ધર્મોમાંથી પ્રત્યેક ધર્મમાં ભિન્ન-ભિન્ન સપ્તભંગી લગાવવી જોઈએ.

**કઈ રીતે ?**

સ્યાદ્ અસ્તિ, સ્યાદ્ નાસ્તિ, સ્યાદ્ અસ્તિ-નાસ્તિ, સ્યાદ્ અવક્તવ્ય, આદિની જેમ સ્યાદ્ એક, સ્યાદ્ અનેક, સ્યાદ્ અવક્તવ્ય વગેરે. સ્યાદ્ નિત્ય, સ્યાદ્ અનિત્ય, સ્યાદ્ નિત્ય-અનિત્ય, સ્યાદ્ અવક્તવ્ય વગેરે.

**આ વાતને કયા દ્રષ્ટાંતથી સમજીએ ?**

આને પણ તે જ દેવદત્તના દ્રષ્ટાંતથી સમજી શકાય છે. જેમ, તે જ દેવદત્ત સ્યાદ્ પુત્ર, સ્યાદ્ અપુત્ર, સ્યાદ્ પુત્ર-અપુત્ર ઈત્યાદિ રૂપ છે.'

તાત્પર્ય એ છે કે વિભિન્ન અપેક્ષાઓથી દેવદત્ત પુત્ર પણ છે, પિતા પણ છે, મામા પણ છે, ભાણેજ પણ છે, ભાઈ પણ છે, પતિ પણ છે, શત્રુ પણ છે, મિત્ર પણ છે. આ તો ઠીક, પરંતુ તે દેવદત્તના આ વિભિન્ન રૂપોમાંથી પ્રત્યેક રૂપ પર સાત-સાત ભંગ ઘટિત થઈ શકે છે. જેમ કે તે પુત્ર પણ છે, અપુત્ર પણ છે, પુત્ર-અપુત્ર પણ છે, વગેરે. મામા પણ છે, અમામા પણ છે, મામા-અમામા પણ છે, વગેરે. પિતા પણ છે, અપિતા પણ છે, પિતા-અપિતા પણ છે, વગેરે.

આ રીતે પ્રત્યેક દ્રવ્યમાં પરસ્પર વિરૂદ્ધ પ્રતીત થવાવાળા નિત્ય-અનિત્ય, એક-અનેક, ભાવ-અભાવ આદિ જેટલાં પણ ધર્મ-યુગલ છે, તે બધામાં સાત ભંગ અવતરિત થાય છે.

**પ્રશ્ન** 5 : પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ હોય છે તો અનંત ભંગ શા માટે નથી કહેવામાં આવતાં? સાત ભંગ જ શા માટે કહેવામાં આવે છે?

**ઉત્તર** : પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ હોવાને કારણે અનંત ભંગ હોય છે, પરંતુ આ અનંત ભંગ, વિધિ અને નિષેધની અપેક્ષાથી પ્રત્યેક સાત-સાત થઈ જાય છે અર્થાત્ અનંત સપ્તભંગિઓ થઈ જાય છે, પરંતુ આને આપણે અનંત ભંગી ન કહી શકીએ.

**પ્રશ્ન** 6 : સપ્તભંગી કેટલા પ્રકારની હોય છે?

**ઉત્તર** : અભિપ્રાયના આધાર પર સપ્તભંગી, પ્રમાણ સપ્તભંગી અને નય સપ્તભંગીના ભેદથી બે પ્રકારની હોય છે. આ જ રીતે

અજ્ઞાનીને દુર્નયાત્મક અને દુષ્પ્રમાણાત્મક સપ્તભંગી પણ કહી શકાય છે.

**પ્રશ્ન** 7 : પ્રમાણ અને નય સપ્તભંગીમાં શું તફાવત છે?

**ઉત્તર** : નીચે આપેલા કોષ્ટક દ્વારા આ તફાવત સ્પષ્ટ સમજમાં આવી શકે છે -

| પ્રમાણ સપ્તભંગી | નય સપ્તભંગી |
|---|---|
| ૧. પ્રમાણના માધ્યમથી સંપૂર્ણ વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન થાય છે. | ૧. નયના માધ્યમથી એકદેશ વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન થાય છે. |
| ૨. સાત ભંગો જ્યારે સકલાદેશી થાય છે, ત્યારે પ્રમાણ સપ્તભંગી કહેવામાં આવે છે. | ૨. સાતેય નય જ્યારે વિકલાદેશી થાય છે, ત્યારે નય સપ્તભંગી કહેવામાં આવે છે. |
| ૩. એક ધર્મ દ્વારા બધી વસ્તુને અખંડરૂપથી ગ્રહણ કરવું પ્રમાણ છે, આને સકલાદેશ કહે છે. | ૩. એક ધર્મને મુખ્ય કરીને અન્ય ધર્મોને ગૌણ કરવો નય છે, તેને વિકલાદેશ પણ કહે છે. |
| ૪. 'સ્યાદસ્તિ'-આ પ્રમાણ વાક્ય સંપૂર્ણ વસ્તુનો બોધ કરાવે છે. | ૪. સ્યાદસ્ત્યેવ દ્રવ્યમ્ - આ નયવાક્ય, વસ્તુના એક ધર્મનો બોધ કરાવે છે. |
| ૫. આમાં 'પણ'નો પ્રયોગ કરવામાં આવે છે. જેમ, વસ્તુ કથંચિત્ અસ્તિરૂપ પણ છે. | ૫. આમાં 'જ'નો પ્રયોગ કરવામાં આવે છે. જેમ, સ્વચતુષ્ટયની અપેક્ષાએ વસ્તુ અસ્તિરૂપ જ છે. |
| ૬. અપેક્ષા સ્પષ્ટ ન કરીએ તો સ્યાત્ અથવા કથંચિત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ, વસ્તુ સ્યાત્ અસ્તિરૂપ છે. | ૬. અપેક્ષા બતાવીને તે ધર્મની મુખ્યતાથી કથન થાય છે. જેમ, સ્વચતુષ્ટયની અપેક્ષાએ વસ્તુ અસ્તિરૂપ છે. |

(આધાર - પંચાસ્તિકાય, ગાથા ૧૪ ની ટીકા)

**પ્રશ્ન 8 :** પ્રમાણ-વાક્ય અને નય-વાક્યની ઓળખાણ કેવી રીતે થઈ શકે છે?

**ઉત્તર :** ઘણું કરીને પ્રમાણ-વાક્યમાં સ્યાત્ પદનો પ્રયોગ અને નય-વાક્યમાં એવકારનો પ્રયોગ થાય છે, પરંતુ આ સંબંધમાં પંડિત દેવકીનંદનજી સિદ્ધાંત શાસ્ત્રીના વિચાર અત્યંત ઉપયોગી છે. તેમના દ્વારા લખેલ મહત્ત્વપૂર્ણ અંશ આ પ્રકારે છે -

**'વાક્ય બે પ્રકારના હોય છે-પ્રમાણ-વાક્ય અને નય-વાક્ય. આમ તો સાધારણપણે પ્રમાણવાક્ય અને નયવાક્યનું વિશ્લેષણ કરવું મુશ્કેલ છે, કારણ કે આ બધાં વક્તાની વિવક્ષા પર નિર્ભર કરે છે. ઘણા વિદ્વાન ધર્મીવચનને પ્રમાણ-વાક્ય અને ધર્મ-વચનને નય-વાક્ય કહે છે. પરંતુ ધર્મી, ધર્મ વિના અને ધર્મ, ધર્મી વિના જોવામાં આવતો નથી, માટે એવો ભેદ કરી શકાતો નથી. આ રીતે જ્યારે વાક્યના બે પ્રકાર હોય છે તો સપ્તભંગી પણ બે પ્રકારની થઈ જાય છે.'**

**પ્રશ્ન 9 :** સપ્તભંગીમાં પ્રયુક્ત સાતેય ભંગ વસ્તુના કયા-કયા ધર્મના વાચક છે?

**ઉત્તર :** આ સાત ભંગોમાંથી પ્રથમ ભંગમાં પ્રધાનરૂપથી સત્ત્વધર્મ (અસ્તિત્વ)ની પ્રતીતિ થાય છે. બીજા ભંગમાં પ્રધાનરૂપથી નાસ્તિત્વ-ધર્મની પ્રતીતિ થાય છે. ત્રીજા ભંગમાં ક્રમથી પ્રમુખતાને પ્રાપ્ત થયેલ ઉપરોક્ત બંને ધર્મની પ્રતીતિ થાય છે. ચોથા ભંગમાં એક સાથે બંને ધર્મની પ્રધાનતા હોવાથી અવક્તવ્યરૂપ ધર્મની પ્રતીતિ થાય છે. પાંચમાં ભંગમાં સત્ત્વધર્મ વિશિષ્ટ અવક્તવ્યધર્મની પ્રતીતિ થાય છે. છઠ્ઠા ભંગમાં નાસ્તિત્વ વિશિષ્ટ અવક્તવ્યધર્મની પ્રતીતિ થાય છે અને સાતમા ભંગમાં ક્રમથી પ્રમુખતાને પ્રાપ્ત થયેલ અસ્તિત્વ અને નાસ્તિત્વ વિશિષ્ટ અવક્તવ્યધર્મની પ્રતીતિ થાય છે.

**પ્રશ્ન 10 :** માત્ર પહેલા અને બીજા ભંગને વસ્તુનો ધર્મ માનવો

જોઈએ, બાકીના ભંગોને નહીં, કારણ કે તે તો માત્ર અનુક્રમે અથવા યુગપદ્ કથનની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે?

**ઉત્તર** : જે રીતે 'પટ' શબ્દ 'પ' અને 'ટ'-આ બંને વર્ણોથી ભિન્ન અર્થનો વાચક છે, તે જ રીતે તૃતીય-ચતુર્થાદિ ભંગ ભિન્ન-ભિન્ન અર્થોનો વાચક છે.

**પ્રશ્ન 11** : ત્રીજા અને ચોથા ભંગમાં કોઈ ફરક નથી, કારણ કે ક્રમ અને અક્રમનો ભેદ શબ્દોના આધારથી થાય છે, વસ્તુના આધારથી નહીં.

**ઉત્તર** : ત્રીજા ભંગમાં અસ્તિત્વ-નાસ્તિત્વ ઉભયરૂપ ધર્મની પ્રધાનતા છે, જ્યારે ચોથા ભંગમાં તે બંને ધર્મને એક સાથે નથી કહી શકતા-એમ કહેવામાં આવ્યું છે. આ જ બંનેમાં ફરક છે. જે રીતે શરબતમાં દહીં, ગોળ, એલચી, કાળા મરી, નાગ-કેસર આદિના સ્વાદની અપેક્ષાએ વિલક્ષણ સ્વાદ હોય છે, પરંતુ તેને કહી નથી શકાતો, તે જ રીતે તદુભયધર્મ (તૃતીય) થી અવક્તવ્યધર્મ (ચતુર્થ) વિલક્ષણ છે.

**પ્રશ્ન 12** : જે રીતે અવક્તવ્યધર્મને અલગથી સ્વીકાર કરવામાં આવે છે, તે જ રીતે શું વક્તવ્યધર્મને પણ અલગરૂપથી માની શકાય છે?

**ઉત્તર** : અસ્તિ, નાસ્તિ તથા ઉભયધર્મોના માધ્યમથી વસ્તુ વક્તવ્ય જ છે, તેથી સામાન્યરૂપથી વક્તવ્યધર્મ અલગ નથી માનવામાં આવ્યો. જો કદાચિત્ વક્તવ્ય નામનો ધર્મ સ્વતંત્રરૂપથી માનવામાં પણ આવે તો વિધિ અને નિષેધરૂપથી વક્તવ્ય અને અવક્તવ્યધર્મની સ્વતંત્ર સપ્તભંગી પ્રાપ્ત થશે.

**પ્રશ્ન 13** : સપ્તભંગીનો પ્રયોગ પરસ્પર વિરૂદ્ધ ધર્મોમાં જ થાય છે કે અન્યત્ર પણ થઈ શકે છે?

**ઉત્તર** : આ સંદર્ભમાં તત્ત્વાર્થરાજવાર્તિક, અધ્યાય-૧, સૂત્ર ૬ના વાર્તિકમાં આચાર્ય અકલંકદેવ લખે છે -

આ રીતે આ સપ્તભંગી જીવાદિ બધાં પદાર્થોમાં અને સમ્યક્દર્શનાદિ બધી પર્યાયોમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકની વિવક્ષાથી લગાવવી જોઈએ.

જો કોઈ કહે કે અનેકાંત ઉપર ઉપરોક્ત સપ્તભંગી ઘટિત ન થવાથી અવ્યાપ્તિ દોષ થશે તો તેનું એમ કહેવું યોગ્ય નથી, કારણ કે અનેકાંત ઉપર પણ ઉપરોક્ત સપ્તભંગી ઘટિત થાય છે.

આના પર જો કોઈ કહે કે સપ્તભંગી સંબંધી વિધિ-નિષેધની કલ્પના, 'અનેકાંત' પર ઘટિત નથી થઈ શકતી, કારણ કે જો અનેકાંતની નાસ્તિ (નિષેધ) સ્વીકાર કરીશું તો એકાંતનો દોષ આવશે અને અનવસ્થા દોષ પણ આવશે. માટે અનેકાંતમાં સપ્તભંગી વ્યાપ્ત નથી થતી.

તેને કહેવામાં આવે છે કે અનેકાંત પર સપ્તભંગી આ પ્રમાણે ઘટિત થાય છે - ''કથંચિત્ એકાંત છે, કથંચિત્ અનેકાંત છે, કથંચિત્ એકાંત તથા અનેકાંત બંને છે, કથંચિત્ અવક્તવ્ય છે, કથંચિત્ એકાંત અને અવક્તવ્ય છે, કથંચિત્ અનેકાંત અને અવક્તવ્ય છે તથા કથંચિત્ એકાંત, અનેકાંત અને અવક્તવ્ય છે.''

**પ્રશ્ન 14** : દુર્નય સપ્તભંગી અને દુષ્પ્રમાણ સપ્તભંગી કોને કહે છે?

**ઉત્તર** : ખરેખર તો દુર્નય સપ્તભંગી, સપ્તભંગી જ નથી. તે તો સપ્તભંગીનો આભાસમાત્ર છે. જ્યારે સર્વથા એકાંતરૂપ અભિપ્રાયથી 'સ્યાદ્' ના પ્રયોગ વિના જો સપ્ત ભંગોનો પ્રયોગ કરવામાં આવે તો દુર્નય સપ્તભંગી કહી શકાય છે.

પંચાસ્તિકાય, ગાથા ૧૪ની ટીકામાં આચાર્ય જયસેન લખે છે -

'દ્રવ્ય છે' - આ દુષ્પ્રમાણ વાક્ય છે અને 'દ્રવ્ય છે જ' - આ દુર્નય વાક્ય છે.

તેથી એ સ્પષ્ટ સમજવું જોઈએ કે નય-સપ્તભંગી, સમ્યક્ નયરૂપ છે અને દુર્નય-સપ્તભંગી, નયાભાસ છે તથા પ્રમાણ-સપ્તભંગી સમ્યક્ પ્રમાણરૂપ છે અને દુષ્પ્રમાણ-સપ્તભંગી પ્રમાણાભાસ છે, કારણ કે વસ્તુસ્વરૂપનો નિર્ણય પ્રમાણ અને નયથી થાય છે, પ્રમાણભાસ અને નયાભાસથી નહીં.

ઉપર્યુક્ત સંપૂર્ણ વિવેચનથી સ્પષ્ટ છે કે વસ્તુસ્વરૂપ સમજવા-સમજાવવામાં આ સપ્તભંગ અત્યંત ઉપયોગી છે. આના માધ્યમથી વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જાણીને, આત્મહિત કરી શકાય છે.

### અભ્યાસ-પ્રશ્ન

1. સપ્તભંગી વિષય ઉપર સાંગોપાંગ નિબંધ લખો.

### અંતિમ નિવેદન

દ્રવ્યસ્વભાવ પ્રકાશ કરી, પરમ ભાવ પરકાશ,
નિજ પરિણતિમાં નિત્ય રહે, નય-રહસ્યનો વાસ.
પંચ-પ્રભુની કૃપા થકી, ગ્રંથ થયો આ પૂર્ણ,
ભૂલ-ચૂક જો રહી ગઈ તો, સુજ્ઞ કરજો સંપૂર્ણ.
પ્રાપ્ત થયો જેના થકી, મુક્તિ-માર્ગ મહાન,
વિનય-સહિત વંદના સદા, ગુરૂવર શ્રી કહાન.

❖❖❖

# પાંચ સમવાય

## (સોરઠ)

પ્રથમ ચાર સમવાય, ઉપાદાન કી શક્તિ હૈ,
અરૂ પંચમ સમવાય, હૈ નિમિત્ત પરવસ્તુ હી.

## (વીરછંદ)

ગુણ અનંતમય દ્રવ્ય સદા હૈ, જો હૈ ઉસકે સહજ સ્વભાવ,
જૈસે ગુણ હોતે હૈ, વૈસે કાર્યો કા હો પ્રાદુર્ભાવ.
જૈસે તિલ મેં તેલ નિકલતા, જડમય પરિણતિ હો જડ સે,
ચેતન કી પરિણતિ ચેતનમય, જડમય પરિણતિ હો જડ સે.

સબ દ્રવ્યોં મેં વીર્ય શક્તિ સે, હોતા હૈ પ્રતિપલ પુરૂષાર્થ,
અપની પરિણતિ મેં દ્રવતા હૈ, ઉસમેં તન્મય હોકર અર્થ,
નિજ સ્વભાવ સન્મુખ હોના હી, સાધ્ય-સિદ્ધિ કા સત્પુરૂષાર્થ,
પર-આશ્રિત પરિણતિ મેં હોતા, બંધ ભાવ દુઃખમય જો વ્યર્થ.

અપને-અપને નિશ્ચિત ક્ષણમેં, પ્રતિપલ હોતી હૈ પર્યાય,
હૈ ત્રિકાળ રહતી હૈ સ્વકાળ મેં, કહતે પરમ પૂજ્ય જિનરાય,
હૈ પદાર્થ યદ્યપિ પરિણમતા, ઈસીલિયે કર્તા હોતા,
કિંતુ કભી કભી પર્યાયો કા, ક્રમ વિચ્છેદ નહીં હોતા.

ઉભય હેતુ સે હોને વાલા, કાર્ય કહા જિસકા લક્ષણ,
વહ ભવિતવ્ય અલંધ્ય શક્તિમય, જ્ઞાની અનુભવતે પ્રતિક્ષણ.
જૈસે જાના સર્વજ્ઞો ને, વૈસા હોતા હૈ ભવિતવ્ય,
અનહોની હોતી ન કભી ભી, જો સમજે વહ નિશ્ચિત ભવ્ય.

પ્રતિ પદાર્થ મેં હૈ પુરૂષાર્થ, સ્વભાવ કાળ લબ્ધિ અરૂ કાર્ય,
કાર્યોત્પત્તિ સમય મેં જો, અનુકૂલ વહી નિમિત્ત સ્વીકાર.
ઉપાદાન કી પરિણતિ જૈસી, વૈસા હોતા હૈ ઉપચાર,
સહજ નિમિત્તરૂ નૈમિત્તિક, સંબંધ કહા જાતા બહુબાર.

**પરિણતિ માં પ્રગટ્યો શુભભાવ, તેથી થયો આ સહજ બનાવ,**
**શ્રુતસેવન નો અલ્પ પ્રયાસ, સ્વાનુભૂતિ ફળની છે આશ.**

## લેખક દ્વારા રચાયેલ અન્ય કૃતિઓ

### સ્વતંત્ર ગદ્ય રચનાએં

☆ ક્રિયા, પરિણામ અને અભિપ્રાય ☆ ક્રમબદ્ધ પર્યાય નિર્દેશિકા

### સ્વતંત્ર પદ્ય રચનાએં

☆ પ્રતિમા પ્રક્ષાલ પાઠ ☆ પંચ બાલયતિ
☆ ચોબીસ તીર્થંકર સ્તવન ☆ બીસ તીર્થંકર સ્તવન
☆ ભક્તિ સરોવરમેં સંકલિત લગભગ પચાસ આધ્યાત્મિક ગીત

### સંસ્કૃત/પ્રાકૃત ગ્રંથો કા પદ્યાનુવાદ

☆ આત્માનુશાસન ☆ લઘુ તત્ત્વસ્ફોટ
☆ પંચાસ્તિકાય ☆ કાર્તિકેયાનુપ્રેક્ષા
☆ ભગવતી આરાધના ☆ પદ્મનંદી પંચવિંશતિકા
☆ પુરૂષાર્થસિદ્ધયુપાય ☆ રત્નકરંડ શ્રાવકાચાર
☆ ઉપદેશ સિદ્ધાંત રત્નમાલા ☆ દશભક્તિ સંગ્રહ
☆ પ્રવચનસાર કલશ ☆ સમયસાર કલશ
☆ નિયમસાર કલશ ☆ પંચાસ્તિકાય કલશ
☆ પ્રવચનસાર ☆ તત્ત્વાર્થ સૂત્ર
☆ દ્રવ્યસંગ્રહ ☆ અધ્યાત્મ રહસ્ય

### ગુજરાતી પ્રવચનો/કાવ્યો કા હિન્દી અનુવાદ

☆ અદ્વિતીય ચક્ષુ ☆ અધ્યાત્મ રત્નત્રય
☆ દ્રષ્ટિ કા નિધાન ☆ સમવશરણ-સ્તુતિ
☆ ગુરૂદેવ-સ્તુતિ ☆ શ્રીમદ્ રાજચંદ્ર કૃત ક્ષમાપના

### સંપાદિત કૃતિયાઁ

☆ ઈન્દ્રધ્વજ વિધાન ☆ કલ્પદ્રુમ વિધાન
☆ પંચ પરમેષ્ઠી વિધાન ☆ બીસ તીર્થંકર વિધાન
☆ ૧૭૦ તીર્થંકર વિધાન ☆ પંચમેરૂ-નંદીશ્વર વિધાન
☆ અષ્ટપાહુડ વિધાન ☆ પ્રવચનસાર વિધાન
☆ સમયસાર વિધાન ☆ નિયમસાર વિધાન